# પ્રકરણ ૪

# 'સાગર'ની કવિતા

# મૂલ્યાંકન

વિભાગ ૨. Chap-4

પ્રકરણ - ૪.

# 'સાગર'ની કવિતા: મૂલ્યાંકન.

'સાગર'ની કવિતા 'થાકેલું હૃદય', 'દીવાને સાગર' દફતર ૧ અને 'દીવાને સાગર' દફતર ૨માં સંગ્રહાયેલી છે. 'દીવાને સાગર' દફતર ૧ ત્રણ તબક્કાઓમાં વહેંચાયેલું છે:

| | |
|---|---|
| પહેલો તબક્કો | ઇ.સ. ૧૯૦૧-૦૮ |
| બીજો તબક્કો | ઇ.સ. ૧૯૦૮-૧૩ |
| ત્રીજો તબક્કો | ઇ.સ. ૧૯૧૩-૧૬ |

'પ્રારંભકાળની કવિતા'ના પ્રકરણમાં 'દીવાને સાગર' દફતર ૧ના પહેલા તબક્કાની ઇ.સ. ૧૯૦૮ સુધીની કવિતાનો સર્વાંગી અભ્યાસ રજૂ કર્યો છે.

'સાગર'ના આત્મસાધનાકાલ દરમ્યાન 'દીવાને સાગર' દફતર ૧ની ઇ.સ. ૧૯૧૩ સુધી રચાયેલી બીજા તબક્કાની કવિતાની વિચારદેહની દૃષ્ટિએ કરેલી સમીક્ષા બીજા પ્રકરણ 'હૃદયમંથન'માં રજૂ કરી છે. તેમજ 'આત્માનુભવ'ના ત્રીજા પ્રકરણમાં 'દીવાને સાગર' દફતર ૧ ના ત્રીજા તબક્કાની ઇ.સ. ૧૯૧૩-૧૫ તેમજ 'દીવાને સાગર' દફતર ૨ (ઇ.સ. ૧૯૧૬- ૩૬)ની કવિતાનું ભાવદૃષ્ટિએ મૂલ્યાંકન કર્યું છે.

પોતાના નાનાભાઇ કવિ 'કુંજ' શ્રી. ચિમનલાલ દા. ત્રિપાઠીને ૯ મી ફેબ્રુઆરી, ૧૯૦૭ ના દિને એમની કવિતારચનાની પ્રવૃત્તિના સંદર્ભમાં લખેલા એક પત્રમાં દર્શાવેલો અભિપ્રાય આ પ્રમાણે છે:

૨

"કવિતા બહુ સમર્થ અને ઉચ્ચસ્થિત દેવી છે, પણ આપણાં હાલનાં કંગાળ અને અનેક પ્રકારની લાલચોમાં લોભાતાં ક્ષુદ્ર જીવોને હમણાં જેની જરૂર છે તે કવિતાદેવી નથી, તેમ જ કવિતા આપણા નિદાન અને ઉપયોગની સમાનાર્થક પણ નથી, અને એટલા માટે જ એનાથી ઘટતે અંતરે દૂર રહેવામાં હું આપણું શુભ સમજું છું. એ હવે તમે કદાચ જોઇ શકશો。 આપણા જીવનનો ક્ષાર અને મલિનતા આપણે કવિતા લખવાના કામથી કદીયે ધોઇ શકીએ નહીં જ. હું જે કવિતાને લાભપ્રદ કહેવા ધારું છું તે કવિતા રચવાના કામને નહીં, પણ, કવિતાના અભ્યાસને હિતકર્તા ધારું છું. ... એક ભવભૂતિનો કે એક શૈલીનો જ જો આપણે બરાબર અભ્યાસ કરીએ તો આપણા તિમિરમય જીવનનો લાંબો કાળ વ્યતીત થઇ જાય અને આપણે અખંડ પ્રકાશ પામીએ. કવિતા રચવા કરતાં આવા અભ્યાસની કિમ્મત અને જરૂર મને બહુ જ વધારે લાગે છે!"[1]

કવિતાનો અભ્યાસ એટલે કે તેના જીવનમાં દૃઢતાપૂર્વકના આચરણનો મહત્ત્વ આપનાર સાગરે તા: ૧૦ મી જાન્યુઆરી, ૧૯૦૭ ના દિને કવિ 'કુન્જ'ને સંબોધીને રચેલા 'અજ્ઞાન સહોદરને' કાવ્યમાં પણ પોતાના કૃપણ અન્ધકારમય હૃદયને કવિતા દેવીના ચરણ ચૂમવાનો પણ અધિકાર નથી એમ કહી ઉર્ધ્વગામી જીવન, કવિતાનો ઉચ્ચ આદર્શ છે એવું પ્રતિપાદન કર્યું છે.

તારાં - મારાં જીવન હજી તો અન્ધકારે નથી શું.?
તેને હૈવી કવિત-સરિતાના વિધાતા થવાનું!
તારાં - મારાં કૃપણ ઉર કયાં? રે! લઘુતા ભરેલાં!
ને, કયાં હૈવી કવિ જગતના પ્રેમ ભકિત પ્રણેતા?

...........

૧. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૮૯,૯૦

૨. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૮ (દ્વિતીય આવૃત્તિ)

ઉચ્ચ આદર્શ આપી જીવનને ઉન્નત માર્ગે લઇ જવાનું કવિતાનું કાર્ય હોઇ કવિનું કાર્ય ઇશ્વરદૂત- પયગમ્બરનું મહાકાર્ય છે. પોતે હજુ એ માટે અધિકારી નથી એવું નમ્રતાયુકત નિવેદન કરતાં 'સાગર' કહે છે:

દેવી, જયોતિ પ્રણયી હૃદયો જ્યોતિથી સાધનારી
ને કૈં દૈવી નિયમન કઇ, વિશ્વ દીપાવનારી
એ દેવીના ચરણ ચૂમવા, રંક ત્યાં લોટવાને,
પૂરો હું તો અધિકૃત નવા આશિષો પામવાને

પ્રભુ વાણી કવિતા છે: કવિ ઇશ્વરદૂત છે.
બાળકો રંક હું જેવાં, તેમનાં દીન ભકત છે.[3]

કવિતાનો જીવન સાથેનો અવિભાજય સંબંધ દર્શાવતું અંગ્રેજી વિવેચક હડસનનું વિધાન આ સંદર્ભમાં ટાંકવું ઉચિત ગણાશે.

"Poetry is made out of life, belongs to life and exists for life."[4]

ઇ.સ. ૧૯૦૯માં શ્રી.[6] કલાપીના જીવન વિશે કવિશ્રી. કાન્તે અમદાવાદમાં આપેલા વ્યાખ્યાનમાં રજૂ કરેલા વિચારોમાંથી થોડાંક અવતરણ આ સંદર્ભમાં ટાંકવા જોઇએ.

...........

[3] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૯

[4] An Introduction to the study of English literature - P. 121. W.H. Hudson.

૪

"કવિઓ તે પયગમ્બરો છે, એ વાત આપણા ઘણાં બંધુઓ સમજતા નથી. કવિઓ દૂરના ઊંચા મિનારા પરથી પ્રકાશ લાવી આપણાં બન્ધુઓને તે પ્રકાશનાં દર્શન કરાવે – પ્રકાશ આપી શકે છે .....'કલાપી' એ ગુજરાતના હૃદયને પોષણ આપ્યું છે. જે બીજો કોઇ કવિ આપી શકે તેમ નથી.'કલાપી' કવિ નથી પણ સ્નેહી છે એમ કહેવામાં કેટલાકો મારો દુરાગ્રહ માને છે. હકીકત એ છે કે, જે કવિતાઓ લખે તે કવિ એમ નથી. કવિતા એ જેની ઝિન્દગીનો સર્વોપરિ સ્નેહ હોય તે જ કવિ હોઇ શકે. કવિ કવિતાનો જ હંમેશા દાસ છે. કવિ કવિતામાં જ હંમેશા આનંદ માને છે. અને બીજું બધું તેને મન સર્વદા ગૌણ હોય છે. તેના હૃદયમાં હંમેશા કવિતા જ હોય છે. કવિનું દિલ કવિતામાં એટલું બધું લાગેલું હોય છે કે તેમાંથી પુષ્કળ વહ્યા કરે, અને એ રીતે જોતાં રમણભાઇ, 'લલિત' હું વગેરે કોઇ કવિ નથી.[૫] 'કલાપી' અને તેની કવિતા" ના બુધ્ધિ પ્રકાશમાં પ્રગટ થયેલા વિવેચન લેખમાં સાગરે 'કલાપીને સ્નેહી તરીકે બિરદાવી 'કાન્ત' ના વિચારોને અનુરૂપ મંતવ્ય રજૂ કર્યું છે. તે માને છે કે જીવનની મુખ્ય પ્રવૃત્તિ – પ્રધાનરસ કવિતા હોય તે જ સાચા અર્થમાં કવિ. જેનું જીવનસાધ્ય કવિતા હોય તે કવિ." જુઓ:

"જે કવિતામાં જીવન હોય, પ્રાણ હોય ને હલાવનારું ચૈતન્ય હોય, તે જ કવિતા સફળ કવિતા છે. એ જ કવિતા જનસમાજની સેવા કરી શકે છે. જનસમાજને દોરી શકે છે."[૬]

"કવિતાનું મુખ્યબિન્દુ પોતાનું કરીને લખનાર જ્યારે વાઙ્મય રેખાઓ ઇચ્છાપૂર્વક દોરે છે, ત્યારે તે અવશ્ય કવિ જ છે. પણ 'કલાપીમાં

............

૫ 'કલાપીનો કેકારવ'સં. 'સાગર' આમુખ, પૃ. ૧૫-૧૯.

૬ "કલાપી' અને તેની કવિતા" સાગર, પૃ. ૮

૫

તેમ નથી. પોતાનું મધ્યબિન્દુ કવિતાનું નહી, પણ સ્નેહનું છે. કવિ થવા કરતાં સ્નેહી રહેવામાં એનું આર્દ્ર હૃદય વધારે વાસ્તવિક રીતે વધારે માન સમજે છે. કવિ થવાનું નહી, પણ સ્નેહી રહેવાનું જ એને પરમકર્તવ્ય ગમે છે. એનાં કાવ્યો કવિતાના મૂલ તત્ત્વ ઉપર રચાયેલાં નથી, પણ એની કવિતાનો મૂળ આધારભૂત પાયો (Base) તો સ્નેહ જ છે. .. .. .. એ સ્નેહ તે ઇશ્વરી સ્નેહ (Divine love) છે. અને સ્નેહનો ધર્મ સેવા કરવાનો છે. 'કલાપીની પ્રભુતા જ સ્નેહમાં છે, સ્નેહ એ જ એનો પ્રભુ છે. એ જ એનું જીવન છે. અને એ જ એની કવિતા છે.[૮] એ સ્નેહી છે કવિ નથી. 'કલાપીની કવિતા કવિની કવિતા નથી, પણ સ્નેહજીવનના ક્રમમાંથી પ્રાદુર્ભૂત થયેલા પ્રાસંગિક કાવ્યો છે.[૯]

'દીવાને સાગર, દફતર ૧ તેમજ 'થાકેલું હૃદય'ની કવિતાનું મૂલ્યાંકન કરતાં પૂર્વે 'સાગર'ની કવિતારચના પરત્વે કવિશ્રી 'લલિત'નો અભિપ્રાય પણ અહી નોંધવો જોઇએ.

'દીવાને સાગર'ના બે દફતરોમાંના ગીત-ગઝલોના તે એક અલમસ્ત કવિ હતા, પરંતુ તેથી વધારે તો તે ગેબના મુસાફર હતા- છે તેનાથી વિશેષ જોવાના અને અનુભવવાના તેના ખ્યાલ હતા. .. .. .. કવિશ્રી 'સાગર' મહારાજે સાહિત્ય ઉપાસના કરેલી તે સાધન તરીકે, તેથી જ જે સ્વરૂપ 'કલાપીજી આજે સદેહે સાધી શકયા હોત તેવું જ સ્વરૂપ પોતે સાધ્યું ને સુર ગુરુ સંતથી સવાયા નીવડયા. સાક્ષરયોગની સંસિધ્ધિ એવા કોઇ વિરલ સાક્ષરને જ વરે છે. .. .. .. કવિશ્રી 'સાગર' મહારાજે તો કવિશ્રી 'કલાપીના કેકારવની નવીન આવૃત્તિમાં દર્શાવ્યું છે તેમ એ સદ્ગત રાજયોગીના જીવનવિગ્રહની

...........

[૮] એજન, પૃ. ૧૯

[૯] એજન, પૃ. ૩૨

તપસિધ્ધિ એમણે તો ઝીલીને આલેખી છે. પાર્થિવ દેહમાં વસેલો અપાર્થિવ રસાત્મા તો કલાસિધ્ધ થઇ ઉડી જાય છે ત્યારે, તેના પગલે પગલામાં અને બોલે બોલમાં તેની પુણ્યોજ્જવલતા પ્રકાશી રહે છે. તેવા જ બન્ને કવિ શ્રી. 'કલાપી' તથા કવિ શ્રી 'સાગર' મહારાજ હતા.[10]

'દીવાને સાગર', દફતર -૧

'સાગર'ની કવિતાના પ્રેરકબળોના સંદર્ભમાં વિચારીએ તો 'દીવાને સાગર'ની દફતર -૧ તેમજ 'થાકેલું હૃદય' ઇ.સ. ૧૯૧૩ સુધીની 'સાગર'ની કવિતા માટે એમના નાનાભાઇ કવિ 'કુન્જ'ને લખેલા એક અપ્રસિધ્ધ પત્રનું, એમનું આ અવતરણ નોંધવું ઉચિત થશે" મારી કવિતા કવિતા નથી, પણ મારું કાવ્ય જીવનચિત્ર છે" કવિતાને પોતાના હૃદયની માનસદશાના નિરુપણ માટે આવશ્યક સાધન ગણતા 'સાગર'ની કવિતાના પ્રેરક બળો સૌ પ્રથમ તપાસવા જોઇએ. પિતાનો અચાનક દેહાન્ત, સમાજની જડ રૂઢિ પ્રત્યેનો તિરસ્કાર અને જગતના વ્યવહારોમાંથી ચલિત થતી શ્રધ્ધા તેમજ લગ્નજીવનની નિષ્ફળતાને પરિણામે હૃદયમાં પ્રગટેલી નિર્વેદવૃત્તિ 'સાગર'ની પ્રારંભકાળની કવિતાનાં પ્રેરકબળો છે. ઇ.સ. ૧૯૧૦ સુધીની 'સાગર'ની ત્રણ વિભિન્ન પ્રવૃત્તિઓ સાહિત્ય, સમાજસુધારણા અને અધ્યાત્મજીવન એમ ત્રણ વિભિન્ન ક્ષેત્રોમાં વહેંચાયેલી હતી, પરંતુ આપણે જોઇ ગયા છે તેમ સ્વામી રામાનંદ અને સ્વામી સ્વયંપ્રકાશના સમાગમ દ્વારા જ્ઞાનમાર્ગી સંતપરંપરા તેમજ વેદાન્તી કવિ અખાના અભ્યાસને પરિણામે તેમજ કલાપી દ્વારા પ્રેમયોગની દીક્ષા લીધા પછી જગતભરના પ્રેમચિંતકોના અભ્યાસને પરિણામે હૃદયનું વહેણ માત્ર આધ્યાત્મિક જીવનની પૂર્ણતા તરફ બદલાયું. જો કે તે પૂર્વે પણ ઇ.સ. ૧૯૦૧ માં માત્ર સોળ વર્ષની વયે રચાયેલી 'દીવાને સાગર', દફતર-૧ ની પ્રથમકૃતિ 'ઉદ્ગાર'ગઝલમાં પણ પરમાત્મપ્રાપ્તિની તીવ્ર અભિલાષા

...........

[10]"સાગર' જીવન અને કવન", પૃ. ૪૬૦ - યોગીન્દ્ર જ. ત્રિપાઠી

૭

અને જગત પ્રત્યેની નિર્વેદવૃત્તિનું દર્શન થાય છે.

"જૂઠો આ દમ્ભ સૌ ભાસે, નથી વિશ્વાસ વ્યવહારે;
ભ્રમણ વમળે ચઢું શાને. પ્રભુ વિણ કોણ છે મહારે?"[૧૨]

રાગ અને ત્યાગની વચ્ચે ઝૂલતા પ્રવાસી 'સાગર'ને 'કલાપી' દ્વારા સ્નેહયોગનો માર્ગ પ્રાપ્ત થતાં તેમના હૃદયમાં જાગેલો પરમાત્મા પ્રત્યેનો અનન્ય પ્રેમ, અડગ શ્રધ્ધા અને માર્ગમાં આગળ વધવાનો દૃઢ નિશ્ચય તેમજ પુરુષાર્થ હોવાને કારણે તે આધ્યાત્મિક જીવનની પૂર્ણતા સુધી પહોંચી જાય છે. એમના હૃદયના આ પરિવર્તનો સળંગ ક્રમ – જીવનચિત્ર 'દીવાને સાગર' દફતર ૧ માં સ્પષ્ટ જોઇ શકાય છે.

'દીવાને સાગર', દફતર ૧ ના ત્રીજા તબકકામાં 'સાગર'ની હિમગિરિ નિવાસની તપશ્ચર્યા, સાધનાક્રમ અને ધ્યેયપ્રાપ્તિનો ઉલ્લાસ પણ અભિવ્યક્ત થયેલો દૃષ્ટિગોચર થાય છે. પ્રથમ તબકકાનાં 'દીવાને સાગર', દફતર ૧ નાં આત્મવિશ્લેષણાત્મક કાવ્યો 'શાશ્વતી શાંતિ આપો!', 'અંતઃશ્રુતિ', 'દિજ જીવનની દિશા'-ઇ.સ. ૧૯૦૮ સુધીની 'સાગર'ની માનસદશાનું યથાર્થ પ્રતિબિંબ રજૂ કરે છે. 'દીવાને સાગર', દફતર ૧ ના બીજા તબકકાનાં આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં પરમાત્મપ્રાપ્તિની પ્રબળ ઝંખના, અધ્યાત્મમાર્ગમાં આગળ વધતાં મુમુક્ષુએ કરેલી ભૂલો તેમજ સ્ખલનો અને તે માટે હૃદયનું આક્રંદ અને પશ્ચાત્તાપ, હરિવિરહની વેદના, આંતરવિગ્રહ અને માનસદશાનું નિરુપણ થયું છે. 'સાગર'ના હૃદયનો ક્રમિક વિકાસ આલેખ રજૂ કરતાં બીજા તબકકાના છંદોબધ્ધ કાવ્યોમાં "હોળી" "બુધ્ધિ અને હૃદય" "અશ્રુયોગ" "નિર્જહૃદયને" "દિજજીવનને દ્વારે" "મૂર્છના" અને "એક મહાન ભૂલ" સવિશેષ નોંધપાત્ર ગણાવી શકાય તેવાં છે.

...........

[૧૨] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૦

૮

પોતાના નિશ્ચિત જીવનધ્યેયના સંદર્ભમાં 'કલાપી' દ્વારા પ્રેમધર્મની દીક્ષા પ્રાપ્ત કર્યા પછી સાગરે પોતાના તખલ્લુસથી કાવ્યરચનાપ્રવૃત્તિ ચાલુ રાખેલી. પોતાનું આ તખલ્લુસ પોતાના નિશ્ચિત ધ્યેયના સંદર્ભમાં જ પ્રયોજેલું એ હકીકત પાછળથી ઇ.સ. ૧૯૨૬ માં પ્રગટ થયેલી 'સનાતન વિચારણા' પુસ્તિકાની પ્રસ્તાવનામાં આ પ્રમાણે દર્શાવી છે. "સત્ય એ પણ વિજ્ઞાત છે કે શ્રી. 'કલાપી'ની ગેબી વેદવિધ્યા દ્વારા દીક્ષિત થતાં જ 'સાગર' એવું નામ પ્રસ્થિત શિષ્ય, તરીકે નીચે સહી કરનારે ધારણ કરેલું. .. .. .. 'સાગર' એટલે મન્વતીત – માનવ પર એકતાનું પંચપાત્ર આવો અર્થ પિંડ બ્રહ્માંડ નિમિત્તે કિંવા 'સાગર' એટલે સમાનતાનો સિંધુ, આવો અર્થ મહાર્તવિરાટ નિમિત્તે, આ ફારસી જબાન અને ગિર્વાણ સંસ્કૃતવાણીમાં 'સાગર' શબ્દના જે અર્થ થાય છે તેને અનુલક્ષીને આંતર કલેવર સમેત સંજ્ઞામાત્ર 'સાગર' પ્રસિધ્ધિ અર્થે જ."[13]

'દીવાને સાગર', દફતર ૧ માં 'સાગર'નું ઐહિક જીવન તેમજ આધ્યાત્મિકજીવનની પૂર્ણતા સુધીનું – પિંડ બ્રહ્માંડની એકતાનું ગાન પણ સ્પષ્ટ સંભળાય છે. 'દીવાને સાગર' દફતર ૨ માં તો એ એકતાના સ્વાનુભવનો ઉલ્લાસ જ નિરૂપાયો છે. આત્મમંથનકાળની 'દીવાને સાગર', દફતર ૧ ની કવિતા હવે વિગતે જોઇએ.

'દીવાને સાગર', દફતર ૧ નું વર્ગીકરણ ગઝલ, અંજની ગીતો, છંદોબધ્ધ રચના તેમજ ન્હાનાલાલ શૈલીનાં ઊર્મિગીતો એમ ચાર વિભાગમાં સ્વાભાવિક રીતે થઇ શકે.

ગઝલ તેમજ અંજની ગીતોનું મૂલ્યાંકન પ્રારંભકાળની કવિતાના પ્રકરણમાં આપણે વીગતે કર્યું હોઇ પ્રથમ બે તબક્કાનાં છંદોબધ્ધ કાવ્યો તેમજ ન્હાનાલાલ શૈલીના ઊર્મિ ગીતોમાં 'સાગર'નું પ્રદાન સૌ પ્રથમ તપાસીએ.

...........

[13] 'સનાતન વિચારણા', બીજી આવૃત્તિ, પૃ. ૨

<u>છંદોબધ્ધ કાવ્યો</u>:

૧. <u>વિષય સ્વરૂપ</u>: 'હૃદય મંથન' પ્રકરણમાં આત્મવિશ્લેષણાત્મક કાવ્યોના વિચાર દેહની વિસ્તારપૂર્વક સમીક્ષા કરી છે. હરિવિરહનું દર્દ અને રુદન પશ્ચાત્તાપ, સ્નેહયોગના જીવન સિધ્ધાંતનું નિરુપણ, હૃદયનો આંતર વિગ્રહ અને મનોદશા અભિવ્યકિત કરતા છંદોબધ્ધ કાવ્યોમાં 'અંત:શ્રુતિ', 'દ્વિજ જીવનની દિશા', 'હોળી', 'બુધ્ધિ અને હૃદય', 'અશ્રુયોગ', 'નિજહૃદયને', 'દ્વિજજીવનને દ્વારે', 'મૂર્છના' અને 'એક મહાન મૂલ સોપાન' ચિહ્ન ગણી શકાય તેવાં છે.

કવિશ્રી 'કાન્તે' મોકલેલી પંકિત 'મને તું ચાહે છે' ઉપરથી રચાયેલું કાવ્ય 'અંત:શ્રુતિ' આપણી કવિતા સમૃધ્ધિની પ્રથમ આવૃત્તિમાં શ્રી. બ.ક.ઠાકોરે પસંદ કર્યું હતું. આ કાવ્યમાં જગત અને હરિ બન્ને એકરૂપ હોવા છતાં જગત પ્રત્યે હૃદયમાં જાગેલી નિર્વેદ વૃત્તિનું કારણ ન સમજી શકનાર કમનસીબ કવિ પોતાની અંત:શ્રુતિથી પરિચિત હોવા છતાં તે પ્રમાણે વર્તી શકતા નથી તેનો અનુશોચ વ્યકત કર્યો છે:

તું ચાહે છે સૌને, વળી જગત આ તું મય બધું —
છતાં, હું અજ્ઞાની! તુજ જગતને ચાહી ન શકું.[૧૪]

શ્રી. બ.ક.ઠાકોરે આપણી કવિતા સમૃધ્ધિ (પ્રથમ આવૃત્તિ) ના સંપાદનમાં આ કાવ્યના વિવરણમાં ગુજરાતી કવિતામાં કવિ 'સાગર'ના પ્રદાન વિશે પોતાનું મંતવ્ય આ પ્રમાણે રજૂ કર્યું છે:

...........

[૧૪] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૯

આમ છતાં, શ્રી. બ. ક. ઠાકોરે બીજી આવૃત્તિમાં 'સાગર', 'મણિલાલ', તેમજ બીજા કેટલાક કવિઓના કાવ્યોને સ્થાન આપ્યું નહિ તે હકીકત શ્રી. બ.ક.ઠાકોરના દૃઢાગ્રહી માનસનું ધ્યોતક બની રહે છે. 'અંત:શ્રુતિ' કાવ્યમાં પ્રયોજાયેલા 'કમનસીબ' શબ્દને બદલીને બીજો શબ્દ મૂકવાના સૂચનનો સાગરે સ્પષ્ટ ઇન્કાર કર્યો હતો તેને પરિણામે શ્રી. બ.ક.ઠાકોરે આ નિર્ણય લીધો હશે એમ લાગે છે.

શ્રી. બ.ક.ઠાકોરનું 'સાગર'ની 'દીવાને સાગર' દફતર ૧ ની કવિતા માટેનું વિધાન યથાર્થ છે. પરંતુ કવિને અન્યાય ન થાય તે માટે એટલું ઉમેરવું જોઇએ કે મુમુક્ષુના હૃદયની આ માનસ દશાનું જ નિરુપણ કરતાં કાવ્યોમાં વિષયવિચારનું પુનરાવર્તન હોય એ બહુ સ્વાભાવિક છે. આ આત્મવિશ્લેષણાત્મક કાવ્યો વિષય વસ્તુની દૃષ્ટિએ એક જ થયેલી જોઇ એક જ પ્રકારના હોઇ વસ્તુની અભિવ્યક્તિ પણ એક જ ઘાટીએ થયેલી જોઇ શકાય છે. કવિની આ મર્યાદા 'દીવાને સાગર' દફતર ૧ ના બન્ને તબક્કા તેમજ થાકેલું હૃદયના સંદર્ભમાં યોગ્ય ઠરે છે.

'અર્વાચીન કવિતા'માં 'દીવાને સાગર', દફતર ૧ નું મૂલ્યાંકન કરતાં શ્રી. સુન્દરમે રજૂ કરેલું મંતવ્ય પણ આ સંદર્ભમાં ટાંકવું યોગ્ય લેખાશે.

'દીવાને સાગર'ના ૭૦૦ પૃષ્ઠના બે ભાગમાં 'સાગર'ની અનેક પ્રકીર્ણ કૃતિઓ સંગ્રહાયેલી છે. એમાંની 'કલાપી'ની ઢબે લખાયેલી નાની મોટી કૃતિઓનું મુખ્ય લક્ષણ છે તેમની અસાધારણ શિથિલતા. એક નાનકડી ઊર્મિ કે વિચારની આસપાસ પાનાનાં પાનાં લેખક ભરે છે.

તેમની કવિતાનો મોટોભાગ, સાહિત્ય પ્રધાન કૃતિઓનો છે. પણ તેમની આધ્યાત્મક સંસ્પર્શવાળી મસ્તીભરી થોડીક કૃતિઓ તેના કરતાં વિશેષ

ગુણવાળી છે. આ આંતરિક મસ્તીમાં રહેતા કવિઓમાં, મણિલાલની અપવાદ સિવાય, બુધ્ધિનું જાગરૂક તત્ત્વ બહુ ઓછું જોવામાં આવે છે, અને તેનો સૌથી વધુ અભાવ 'સાગર'માં દેખાય છે.

પોતાનું ઐહિક જીવન પરમાત્મપ્રાપ્તિનાં અટલ ધ્યેય માટે જ જીવવાનો દૃઢ નિશ્ચય – દ્વિજ જીવનની દિશામાં પ્રમાણ કરવાનો દૃઢઆગ્રહ 'સાગર' 'દ્વિજજીવનની દિશામાં' કાવ્ય દ્વારા આ પ્રમાણે રજૂ કરે છે.

ઓ બ્રહ્મબાલ! દ્વિજ મન્ત્ર જરા સુણી લે.
ને ફેરવી જીવન ઇશ્વરમાં જીવી લે!

o o o

છેદીશ કૃત્રિમ બધા પડદા નકામા,
ને, હું જઇશ દ્વિજજીવનની દિશામાં.[17]

ઇ.સ. ૧૯૦૮માં રચાયેલું બીજા તબકકાનું પ્રથમ કાવ્ય 'ઝાંખી'માં સાગરે સ્નેહયોગના માર્ગે ગતિ કરતા પોતાના હૃદયનું ચિત્ર આ પ્રમાણે રજૂ કર્યું છે.

બધાં વૈવિધ્ય હવે વિલાય
અને કાર્પણ્ય બધાં લય થાય!

યોગ મુજ સ્નેહયોગ વિરચાય,
એ જ મુજ અન્તિમ હો ઇચ્છાય![18]

પોતાની અહંતાનો લય અને હૃદયમાં સ્નેહના સામ્રાજ્યનું જ રટણ આવશ્યક છે એ વિના બીજો માર્ગ નથી. માર્ગમાં પોતાની દૃઢતાનું નિરુપણ કરતાં 'કિં બહુના!' કાવ્યમાં પણ 'સાગર' આ જ સિધ્ધાન્ત રજૂ કરે છે:

...........

[17] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૭૨, ૭૩

[18] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૮૦

એ સ્થૂલતા! અધમતા! સ્વપણું વિલાતું!
છે સ્નેહ સત્ય: ઉર એ જ પ્રતીત થાતું![19]

'હોળી' કાવ્યમાં હૃદયના અંતરઅગ્નિને પ્રજવલિત કરી પોતાનું સર્વસ્વ સમર્પણ કરવા લાક્ષણિક રૂપક શૈલીમાં દેવી હુતાશનીને કવિની પ્રાર્થના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં જુદી જ ભાત પાડે છે.

મારી અને જગતની જુજવી જ હોળી!
હું તો યજ્ઞ ઉરનો મુજ અન્તરગ્નિ

o o o

દેવિ હુતાશની! હવે તું પ્રસાર જ્વાલા!
ઓ હોલિકે! કર હવે મુજ સર્વ સ્વાહા![20]

સ્નેહયોગના આત્મસમર્પણના સિધ્ધાંતનું આવું સચોટ નિરુપણ 'સાગર'ની સ્વાનુભવયુકત અભ્યાસનિષ્ઠાનું જ પરિણામ છે એ સ્પષ્ટ જોઇ શકાય છે.

બુધ્ધિ અને હૃદયના કાલ્પનિક સંવાદ દ્વારા જીવન વૃક્ષનો મૂળ પાયો - સ્નેહનો આધાર સ્થંભ હૃદય હોઇ, જગતના વ્યવહાર કે તર્કયુકત દલીલને એમાં અવકાશ નથી. એ સમજાવતાં 'બુધ્ધિ અને હૃદય' કાવ્યમાં સાગરે સ્નેહ સાથેના હૃદયના સંબંધનું નિરૂપણ આ રીતે કર્યું છે:

બુધ્ધિજાનિત નથી જીવન વૃક્ષ સુપ્યું
છે સ્નેહ એ જીવનવૃક્ષ જરૂર બાપુ!
છે બુધ્ધિ પ્રકૃતિ, ચલિત ચલા કહે છે,
છે. અન્તરાજ્ઞ અધિકારી પુરુષ એ છે.[21]

...........

[19] એજન, પૃ. ૮૭
[20] એજન, પૃ. ૮૮
[21] એજન, પૃ. ૯૯

૧૯૦૯ના કાવ્યોમાં 'અશ્રુયોગ' અવાત્યનું સીમાચિહ્ન છે. પ્રેમયોગના પ્રવાસીના વિભિન્ન મુકામોનું આલેખ અશ્રુયોગમાં પ્રતિબિંબિત થાય છે. દાંપત્યસ્નેહનો આદર્શ સ્થૂલ સંબંધના સંદર્ભમાં કદાપિ સિધ્ધ કરી શકાય નહીં, વાસ્તવમાં આવાં સંસાર અંગનોનો કશો જ અર્થ નથી.

સ્વામિત્વ પત્નીપતિનું જહીં સ્થૂલ માત્ર,
સંબંધ જ્યાં સુધી ટકે, ઉપભોગી ગાત્ર.[22]

પરમાત્મયોગનું વિશિષ્ટ લક્ષણ સ્થૂલની પ્રબળ ઉપેક્ષા દ્વારા પરમાત્મ-પ્રેમની પ્રાપ્તિને સાગર જીવનધ્યેય તરીકે સ્વીકારે છે.

જો હોય સ્થૂલ શરીરોની કરી ઉપેક્ષા
ને સત્ય પ્રેમ પ્રભુદર્શનની અપેક્ષા
ને જીવ જો તુંહી તુંહી રટતો વિજોગ
તો છે સદા સફલ આ પરમાત્મયોગ[23]

'સાગર' પોતાનો સ્નેહયોગનો આદર્શ આ પ્રમાણે રજૂ કરે છે.

સર્વોપરિ પ્રણયમાં મુજ લીનતા હો,
આત્મા સમર્પિત યદિ પ્રણયે થતો હો,
ને સ્થૂલ હોય સહુ હોમી દીધેલ ભોગ,
તો આ પરાત્પર સનાતન સ્નેહયોગ.[24]

...........

[22] એજન, પૃ. ૧૦૩

[23] એજન, પૃ. ૧૦૪

[24] એજન, પૃ. ૧૦૫

રૂપકશૈલીમાં શુધ્ધ પશ્ચાત્તાપ અને હૃદયની વિશુધ્ધિ - અશ્રુયોગ વ્દારા સ્નેહયોગનો આદર્શ સિધ્ધ થઇ શકે એવું સ્વાનુભવયુકત કથન છેલ્લી બે પંકિતઓમાં છે:

અહા! બે શુધ્ધ આંસુમાં, બીજાં બે આંસુ રેડતાં,
ધન્ય! સંયોગ આંસુનો, જન્મે છે બાલકૃષ્ણ જયાં.[૨૫]

'નિજ હૃદયને' કાવ્યમાં 'સાગર' પ્રણયી હૃદયના વિભિન્ન ભાવસ્પદનોનું આલેખન કરતાં જગતના કટુપ્રહારો સહન કરવાનો પોતાનો ઉપદેશ આપે છે.

વેઠી લેજે જગત સહુના ક્ષારને કંટકો તું,
ને, ઓ બાપુ! નિજ હૃદયહો! ગીત રો દર્દનાં તું.[૨૬]

પ્રેમસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ સ્વાર્પણ વિના શકય નથી, એ સનાતન સિધ્ધાંતનું નિરૂપણ સાગરે આ પ્રમાણે કર્યુ છે.

મન્ત્ર એક કહું, બાપુ! પ્રભુ પ્રેમસ્વરૂપ છે.
હોમો પોતાપણું પ્રેમે: પ્રેમ સ્વાર્પણ એ જ છે.[૨૭]

ઇ.સ. ૧૯૧૦ ના ઓકટોબરની ૧૧ મી તારીખે રચાયેલું "દિવ્યબાળક નો જન્મદિવસ" માં સાગરે દર્શાવેલો પ્રેમયોગનો સિધ્ધાંત 'સાગર' ના હૃદયની આંતરદશાના સંદર્ભમાં અનુભવાત્મકરૂપ ધારણ કરે છે.

પણ, 'મારૂં તારૂં' નથી ભેદ પ્રેમના દેશે
જયાં આત્મતત્વ બ્રહ્માંડ એક વિલસે છે.[૨૮]

...........

૨૫ એજન.

૨૬ એજન, પૃ. ૧૦૮

૨૭ એજન, પૃ. ૧૦૯

૨૮ એજન, પૃ. ૨૨૨

'સાગર'ની અહંતાનો ધીમેધીમે પ્રેમાગ્નિ વ્દારા લય થતો જાય છે, અને અંદરની દશાની "દિવ્યબાલકનો જન્મદિવસ" વ્દારા સહજ અભિવ્યકિત થઇ જાય છે.

છે પ્રેમ અગ્નિ અદ્‌ભુત - અહં મમ બાળે,
એ એ જ અજબ રવિ જયોતિ જગત અજવાળે[૨૯]

'સાગર'નો કવિતા રચનાનો ઉત્સાહ છેક જ અદૃશ્ય થઇ જાય છે અને 'સાગર'ની કવિતા છંદોબધ્ધ કાવ્યોને 'અલ વિદા' કરીને પ્રેમયોગની અંતિમ દશાના સ્વાનુભવને યોગ્ય પદ, ભજન કે ગઝલના સ્વરૂપ તરફ પ્રયાણ આદરે છે. 'દીવાને સાગર' દફતર ૨ વ્દારા આત્માનુભવી સંતની કોટિના સુફી વેદાન્તી ભજનિક સંત કવિ તરીકેના સાહિત્યિક આદર માટેની પૂર્વભૂમિકા આ રીતે, આ વર્ષોમાં સર્જાય છે.[૩૦] 'સાગર'ની પોતાની અપ્રસિધ્ધ ડાયરીની ૧૫ મી ઓકટોબર, ૧૯૧૦ ની આંતરનોંધ 'સાગર'ના આ હૃદયપરિવર્તનનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે. એમનાં હૃદયની બદલાયેલી દશાનું ચિત્ર એમના જ શબ્દોમાં જોઇએ.

"બહુ રમણીયતા અને મનોહરતાની અંદર ઝાંખી થતી જાય છે. અને આનંદ સિવાય અત્યારે તો કશું લાગતું નથી. .. .. ..
મારા આશ્રમનું વાતાવરણ શરાબો સિવાય બીજા કશાથી છોવાય નહીં એની હું પુરતી કાળજી રાખતો, અને પ્રભુની પ્રાર્થના અંદરના તાન સાથે હર્વકત કરતો. નરસિંહ મીરાં, ભોજો, અખો, પ્રીતમ, દયારામ, હાફેઝ, બાલાશંકર, મણિશંકર મણિલાલ અને સુરસિંહ વગેરે હૃદયોમાંથી આવેલી પ્રાર્થનાઓ પણ હું સમભાવથી ઉચ્ચારતો અને એના ભાવો જેમ મ્હારા હૃદયમાં આલેખાતા તેમ સામેની ભીત ઉપર અને આસપાસના આકાશમાં તેના પડઘા અને પ્રતિબિંબ પણ જળવાઇ રહેતાં

...........

[૨૯]એજન પૃ. ૨૨૩

[૩૦]જુઓ 'હૃદયોદ્‌ગાર' - મણિભાઇ દા. ત્રિપાઠી 'પ્રસ્તાવના' પ્રો. અનંતરાય રાવળ 'અર્વાચીન કવિતા' 'સુંદરમ્' પૃ. ૧૯૮-૨૦૨

અને એમ આંતરબાહ્ય વાતાવરણ ઘણું પવિત્રતામય જામતું. .. .. ..

અમુક હૃદયમાં અને અમુક વાતાવરણમાં અમુક ચિત્ર સ્થાપવા માટે એ પ્રભુએ સૂચવેલું અને એ ઇશ્વરી આજ્ઞાના એ ગીતો છે .. .. .. આનંદ વધતો ચાલ્યો અને એ દશામાંથી "દિવ્ય બાલકના જન્મ દિવસે" એ લાવણ્યમયી કંઇક લઇને અંદરથી આવી. .. .. .. કશું લખવું ગમતું નથી. મારી કવિતા મને રુચતી નથી. ઉર્દુ ગઝલો મને બહુ સારી લાગે એ એ મારો સ્વભાવ પણ કોણ જાણે કેમ બદલાઇ ગયો. કવિતા તરફ પ્રીતિ કે રુચિ જ થતી નથી. .. .. .. ઉંચામાં ઉંચી કવિતા પણ આનંદમાં વધારો કરતી નથી પણ નરભેરામનો એક સાદો છપ્પો રસવૃધ્ધિની મઝા ઉમેરે છે. કોણ જાણે આ બધું શું છે! ભવ્ય અને આલંકારિક જણાતી સાહિત્યની ઉંચી વસ્તુની કદર કરવાની શકિત ઘસાતી જાય છે, એવો હંમેશનો હવે અનુભવ થતો ચાલે છે .. .. .. પ્રભો! મારે શાયરી નથી જોઇતી. શાયરીના દરખત મારા ચોગાનમાં જેટલા હોય તે બધામાં હવે તો ખારાઇ જ મિલાવવી મુનાસિબ છે. એ દરખત બધું જ ખાતર ખાઇ જાય તો આશકને બહુ જલદી ખોટ જાય પણ એ વિચાર માલેકને કરવાનો છે હું શા માટે કરું.[૩૧]

આમ, ઇ.સ. ૧૯૧૦ પછીની 'સાગર'ની કવિતા આત્મસાધનાના માર્ગે આગળ ગતિ કરતા સાગર ના હૃદયપરિવર્તન પછીની દશાનું ચિત્ર રજૂ કરે છે, એટલે પણ અભ્યાસક્ષમ બની રહે છે.

ખંડકાવ્યની શૈલીમાં રચાયેલા બે કાવ્યો 'વાનપ્રસ્થ અગ્નિહોત્રી' અને 'જંગલનો મહેમાન'માં પણ રૂપક શૈલીમાં સ્વપ્નના દૃશ્યોનો વિનિયોગ કરી પોતાના સ્નેહયોગના સિધ્ધાન્તો સમજાવ્યા છે.

...........

[૩૧]'સાગર' ની આંતરનોંધ તા: ૧૫ ઓકટોબર ૧૯૧૦ અપ્રસિધ્ધ

'સ્વાર્પણ-વિચાર' કાવ્યમાં કવિ-હૃદયની પ્રણય-પ્રભુમાં દૃઢ થતી જતી શ્રધ્ધાનું નિરૂપણ આ પ્રમાણે થયું છે.

પૂરેપૂરી આશા પ્રણય-પ્રભુમાં છે હૃદયને
અશ્રધ્ધા છે ના/ના ભ્રમિત પણ શ્રધ્ધાળુ ઉરને.[32]

પરમ-સતમાં સ્વાર્પણ કરવાની કવિની ભાવના આ કાવ્યમાં રજૂ થઇ છે.

છતાં, ઇચ્છા હો તો પરમ સતમાં સ્વાર્પણ કરો,
અને તેમાં - તેમાં વિગત-સ્પૃહ થૈ તલ્લીન રહો.[33]

ઇ.સ. ૧૯૧૧ નું સૌથી વિશેષ નોંધપાત્ર આત્મવિશ્લેષણાત્મક કાવ્ય 'મૂર્છના' માં સાગર ના આશક હૃદયની પારાવાર વેદના ચરમ-સીમાએ પહોંચે છે.

લખું છું- શું લખું? રે! રે! ક્યાં છે, રે! ઉર-ચેતના!
લખી ના જાય એવી આ પ્રેમેની ઉર-વેદના.[34]

પરમાત્મદર્શનની ઝાંખીનું ચિત્ર કવિએ આ રીતે રજૂ કર્યું છે.

તે તે જ તેજ સહુ તારું જ વિસ્તરેલું
ઓ બ્રહ્મમૂર્તિ! તુજ બિમ્બ અગાધ ફેલ્યું
જોવું વિરાટરૂપ તારું છતાં ન સહેલું
જ્યાં નેત્ર પામર જ પાણીથી હા! ભરેલું.[35]

...........

[32]એજન, પૃ. ૩૦૬

[33]એજન, પૃ. ૩૦૭

[34]એજન, પૃ. ૨૫૫

[35]એજન, પૃ. ૨૬૦

૧૮

પરમાત્મદર્શનની આ ઝાંખીનું ચિત્ર અદૃશ્ય થતાં આશક મૂર્ચ્છના પ્રાપ્ત કરે છે.

એ ઝાંખી! જ્યોતિ-સ્મૃતિ ક્યાં? સ્મૃતિ જાગતામાં,
હા! હાય! હાય! ઢળતો ફરી મૂર્છનામાં.[૩૬]

પોતાના પ્રેમયોગનું ધ્યેય-સનમના સ્વરૂપનું લાક્ષણિક શૈલીમાં નીચેની પંક્તિઓ દ્વારા વર્ણન કર્યું છે.

માશૂક મારી નથી કેવળ કલ્પનાની,
ના વા હવાઇ મુજ પૂતળી ભાવનાની,
જ્યેશ્ર તિષ્ઠતી ભગવતી મુજ વિશ્વરૂપા:
શી ભવ્યતા, નીરખતાં, અહ. થાય મૂછાં![૩૭]

'સાગર'ની બીજા તબકકાની કવિતાનું આ પ્રેરક બળ – હરિવિરહની વેદના 'અશ્રુયોગ'નો કવિએ પોતે જ કાવ્યની છેલ્લી પંક્તિઓમાં સ્વીકાર કર્યો છે.

પ્રિયે! પાસે ન કો તોયે કવિતા મુજ પ્રેરણા,
રોતી લ્હોતી બિચારી શી રડે આ મુજ મુર્છના![૩૮]

'સાગર'ના છંદોબધ્ધ કાવ્યોમાં બીજા તબકકાનું :ઇ.સ. ૧૯૧૩: અંતીમ કાવ્ય 'એક મહાન ભૂલ' સાગરની અધ્યાત્મસાધનાના સ્નેહયોગના સિધ્ધાંતનું વિશદ નિરૂપણ કરતું અગત્યનું સીમાચિહ્ન છે. કાવ્યના પ્રારંભમાં અધ્યાત્મમાર્ગના

...........

[૩૬] એજન, પૃ. ૨૭૦

[૩૭] એજન, પૃ. ૨૬૬

[૩૮] એજન, પૃ. ૨૭૦

પ્રવાસીએ પોતાની ભૂલ- સ્ખલન સ્વીકારી લઇને આગળ વધવાનો દૃઢ નિશ્ચય કરવો જોઇએ. પોતાના આ અનુભવાત્મક વિચારનું નિરૂપણ આ પ્રમાણે કર્યું છે.

છો બ્રહ્માંડ સહુ ત્યજે: ન પરવા રાખી ન વા રાખવી,
પોતાના ઉર દંશની જ પરવા પૂરેપૂરી રાખવી,
ના ના ભૂલ કબૂલતાં શરમ ના, ના ક્ષુબ્ધતા માનવી,
પોતાની જ કબૂલ ભૂલ કરતું ઉંચે જતું માનવી.[૩૯]

પૂર્ણતાના માર્ગમાં આગળ વધવા માટે ભકત હૃદયની પ્રબળ ઝંખના-યાચના નીચેની પંકિતઓ દ્વારા લાક્ષણિક રીતે અભિવ્યકત થઇ છે.

પ્રભુકૃપા! ત્યાં બસ પૂર્ણતા હો:
હું તો રહીશ: તુજમાં મુજ લીનતા હો![૪૦]

'સાગર' પોતાની મહાન ભૂલનો એકરાર કરતાં પોતાના હૃદયનું ચિત્ર આ પ્રમાણે રજૂ કરે છે:

સાચી જો ફકીરી હતી જ ઉરમાં, તો કા ન માયા શમી?
ને, જોગી જનવાસમાં, રહી શકયો કાં વાનપ્રસ્થાશ્રમી?
સંસારીજન સાથ જોગી હૃદયે કાં મિત્રતા પાલવી!
ને સંબન્ધ અરે! પ્રપંચી જગના શાને રહ્યો સાચવી![૪૧]

...........

[૩૯] એજન, પૃ. ૩૦૯

[૪૦] એજન, પૃ. ૩૧૦

[૪૧] એજન, પૃ. ૩૧૩

પ્રભો! માફી દે વા અધિક અધિકી ભક્તિ ભરવા-
પ્રતીતિ દે જીવું જીવિત મુજ સૌ તારૂં કરવા-
નથી આશા દીપ્તિ, તરણબલ હૈયે નથી, પ્રભો!
છતાં, શ્રધ્ધા તુંમાં - તુજ પ્રભુકૃપા સર્વ મુજ હો![42]

સ્નેહયોગના પ્રવાસીને તો હૃદય અને બુધ્ધિની એકવાક્યતા જીવન-વ્યવહારમાં પદે પદે આવશ્યક છે. એ વિચાર સિધ્ધાંતમાં દૃઢતાપૂર્વક આચરતા સાગર નીચેની પંક્તિઓ દ્વારા રજૂ કરે છે.

હૈયું ને બુધ્ધિ બે જુદાં, ત્યાં ચોખ્ખો વ્યભિચાર છે,
એ બેના ઐક્યમાં સાચા સ્નેહનો સહચાર છે.[43]

પોતાની વાસનાઓનો ક્ષય થતાં પ્રવાસીનો આગળનો માર્ગ ખુલ્લો થઇ જાય છે અને પ્રેમપ્રભુકૃપા અનુભવાય છે.[44]

જીવાત્મા દોડતો, કિન્તુ, માર્ગો બન્ધ પ્રવાસના —
છૂપેલી સૂક્ષ્મ સૃષ્ટિમાં, જ્યાં સુધી કોઇ વાસના.[45]

બાહ્યત્યાગની અનાવશ્યકતા સિધ્ધાન્તમાં સ્વીકારતા સાગર છંદોબધ્ધ કાવ્યોમાં પ્રથમવાર અજાતવાદનો સિધ્ધાંત રજૂ કરે છે.

...........

[42]એજન, પૃ. ૩૧૪

[43]એજન, પૃ. ૩૧૬

૪૪

[45]એજન, પૃ. ૩૨૧

વસ્તુમાં કલ્પના માયા, હેયોપાદેય કૈં નથી,
છતાં, જો માર્ગે રોધે તો, જોગીને ત્યાજ્ય સૌનકી[૪૬]

o o o

બાહ્યરૂપ બનાવોનું હૈયાની સૂક્ષ્મ ભાવના—
તેમાં યે પ્રભુનો હેતુ, જીવાત્માની સુધારણા[૪૭]

વિશુધ્ધ હૃદયે પશ્ચાતાપ થતાં પરમાત્મા પોતે આત્મસાધનાના માર્ગમાં આગળનો મુકામ બતાવે છે. કાવ્યની છેલ્લી પંક્તિઓમાં અધ્યાત્મ જીવનની પૂર્ણતા તરફ ગતિ કરતા `સાગર'નું માનસચિત્ર આ પ્રમાણે રજૂ થયું છે.

રોતાનાં આંસુડા ચોખ્ખા, પ્રભુનો હસ્ત લૂછતો,
જાતે જોગીની નાડીમાં, પ્રાણ કુમ્ભક પૂરતો[૪૮]

`દીવાને સાગર', દફતર ૧ ના પહેલા અને બીજા તબકકાના ઇ.સ. ૧૯૧૨ સુધીના છંદોબધ્ધ કાવ્યોમાં અધ્યાત્મસાધનાના માર્ગે પ્રયાણ કરતાં `સાગર'ના મુમુક્ષુ હૃદયના વિભિન્ન મુકામોનું ચિત્ર રજૂ થયું છે. કવિ સાગરે પોતે કહ્યું છે તેમ એમની કવિતા એમનું જીવનચિત્ર હોઇ ઇ.સ. ૧૯૧૨ પછીની `સાગર'ની આત્માનુભવસભર કવિતાની પશ્ચાદભૂમિકા માટે પણ અભ્યાસક્રમ બની રહે છે. `મૂર્છના' અને `એક મહાન ભૂલ' માં સવિશેષ હરિવિરહનું રુદન પશ્ચાત્તાપ અને મિલનની પ્રબળ ઝંખના ચરમસીમાએ પહોંચે છે.

...........

[૪૬]એજન, પૃ. ૩૨૪

[૪૭]એજન, પૃ. ૩૨૫

[૪૮]એજન, પૃ. ૩૨૭

૨. છંદ પ્રભુત્વ:

'સાગર'ના 'દીવાને સાગર' દફતર ૧ ના પ્રથમ બે તબકકાની છંદોબધ્ધ રચનાઓ વિવિધ પ્રકારના છંદોમાં રચાયેલી છે. સાગરે મુખ્યત્વે મંદાક્રાન્તા, શિખરિણી વસંતતિલકા, શાર્દૂલવિક્રીડિત, ત્રોટક અને અનુષ્ટુપ છંદનો વિનિયોગ કર્યો છે, 'સાગર'ની પ્રારંભકાળની કવિતાના છંદોનું સ્વરૂપ ખૂબ શિથિલ છે. 'પિતૃવિરહ' 'નિવાપંજલિ' અને 'સ્વર્ગે વસેલા પ્રિયજનકને' કાવ્યોમાં અનુક્રમે શાર્દૂલવિક્રીડિત શિખરિણી અને ત્રોટક છંદો પ્રયોજાયેલા છે. 'પિતૃવિરહ' અને 'નિવાપંજલિ'માં પિતાના પુણ્યોજ્જવલ જીવનને અંજલિ આપીને કવિએ પોતાના હૃદયના પરિતાપનું નિરૂપણ કર્યું છે. છંદના સુઘટ્ટ સ્વરૂપના તેમજ છંદોચિત શબ્દવિન્યાસના અભાવને કારણે લાગણીની પ્રબળ અભિવ્યકિત થઇ શકી નથી. 'સાગર'ની આ મર્યાદા ઇ.સ. ૧૯૦૪ ની કૃતિઓમાં સવિશેષ જોઇ શકાય છે, જુઓ:

હા! હા! શૂન્ય દિસે મને જગત આ, ચાલી પિતાજી ગયા![૪૯]

રે! રે! તાત પ્રમાણ આપ સ્મરતાં નાનો કશી સ્વસ્થતા[૫૦]

ગણે મૂઢો એવું, વિબુધજન એ ભેદ ન ગણે[૫૧]

મહાકર્તવ્યેથી દૃઢ ચિત્ત ખસ્યુ ના પણ તસુ.[૫૨]

ઇ.સ. ૧૯૦૪ નું 'શાશ્વતી શાંતિ આપો' કાવ્ય પોતાના હૃદયની જડતા અનુશોચ પશ્ચાતાપના ભાવને ઉચિત શબ્દની આયોજના અને ભાવાનુકૂલ છંદરચના

............

[૪૯] દીવાને સાગર દફતર ૧ પૃ. ૨૦

[૫૦] એજન, પૃ. ૨૧

[૫૧] એજન, પૃ. ૩૪

[૫૨] એજન, પૃ. ૩૫

પરત્વેની સભાનતા અને કવિકૌશલનો પરિચય કરાવે છે. પોતાના ચિત્તની મનોદશા મંદાકાન્તા છંદમાં ઉચિત રીતે વ્યકત કરતી નીચેની પંક્તિઓ ભાવોચિત છંદરચના અને કલાસૂઝની પ્રતીતિ કરાવે છે.

હે સ્વામી! મેં! પિશુન મતિથી કાર્ય કીધાં નૃશંસ–
ને મારામાં પ્રચૂર જડતા, ક્રૂરતા છે ભરેલી. [૫૩]

કાવ્યના સમગ્ર ભાવને રજૂ કરતી કાવ્યની અંતિમ પંક્તિઓ પણ હૃદગત મનોભાવોને યથાર્થ રીતે વ્યકત કરવામાં કેવી સહાયભૂત નીવડી છે તેનો પરિચય આપે છે.

થાકેલો હું શરણ ગ્રહીને માગું પાપક્ષમાઓ!
યાચુ છું હું સરળ હૃદયે શાશ્વતી શાન્તિ આપો!

ગુજરાતી ભાષા પ્રત્યુકિતમાં કવિએ ગુર્જરી ગિરા પ્રત્યેનું પોતાનું ઋણ અદા કર્યું છે. કદાચ આ પ્રકારના એકમાત્ર કાવ્ય લેખે પણ ગુજરાતી ભાષા સાહિત્યના ઇતિહાસમાં આદરણીય ઉલ્લેખનો પાત્ર બને છે. વસંતતિલકા સાથે અનુષ્ટુપનો છંદોમેળ સાધીને છેલ્લી બે પંકિતઓમાં ભાવોચિત છંદ પલટા દ્વારા કુશળતાપૂર્વક કવિએ કરેલી આયોજના આ કાવ્યમાં ખાસ ધ્યાન ખેંચે છે. કાવ્યનો આરંભ આ પ્રમાણે છે:

ભાષા! ત્વદીય સુત! માતા! તને પ્રણામુ–
તારા વિના સુખ કહીં જગમાં ન પામું.

............

[૫૩] એજન, પૃ. ૨૨

પોતાની માતૃભાષાને યથાશકિત અર્ઘ્ય આપવાની વસંતતિલકામાં વ્યક્તિ કરેલી કવિની અભિલાષા-

પૂજોપહાર યદિ ષોડશ દિવ્ય લાવું,
પૂજા કરી નવલ પુષ્પ વડે વધાવું.[૫૬]

પરંતુ પોતાની એ અભિલાષા સિધ્ધ થશે? પોતાની મર્યાદાઓને કારણે હર્મ્યસ્વપ્નની કલ્પનાને પોતે મૂર્તિમંત સ્વરૂપ આપી શકશે નહી આ ભાવને અભિવ્યકત કરતી અનુષ્ટુપની છેલ્લી બે પંકિતઓમાં ભાવોચિત છંદરચનાના કવિકૌશલનો પણ પરિચય થાય છે, જુઓ:

છું મન્દ બુધ્ધિ! ઉરબધ્ધિત આશ પાસે—
છે હર્મ્યસ્વપ્ન પણ પર્ણકુટી ન પાસે![૫૭]

'અરે હિન્દુઓ, ઘેલા થયા' માં ઉધોર છંદનો વિનિયોગ હિંદુસમાજની જડરૂઢિ પરત્વે કવિના તીવ્ર પ્રહારો તેમજ ધિક્કારની લાગણીને વાચા આપે છે. દલપતશૈલીનો આ નમૂનો કવિની વિષયપ્રરત્વેની મર્યાદાનું દર્શન કરાવે છે. મૌલિક વિચારણા કે અભિવ્યકિતના અભાવને કારણે છંદોવિધાનના કવિકૌશલનું પ્રયોજન સિધ્ધ થતું નથી. જુઓ:-

સાચામાં બહુ શરમ જણાયા
ખોટામાં ના આવે લાજ!
રૂઢી આગળ સહુ લાચાર—
વાહ વાહ રે ડહાપણ દારા![૫૮]

...........

[૫૬] એજન, પૃ. ૩૭

[૫૭] એજન,

[૫૮] એજન, પૃ. ૪૦

શિખરિણી અને મંદાક્રાન્તાનો છંદોમેળ સાધતું 'કોઇ ચાલી ન દેશે' કાવ્ય બન્ને છંદોપરનું કવિનું પ્રભુત્વ તેમજ ભાવોચિત છંદપરિવર્તનની કવિસૂઝનો નમૂનો આપે છે. બુધ્ધિ અને હૃદયના મૂળભૂત તફાવતને કારણે સંકુચિત માનસ ધરાવતા પોતાના મિત્રને સમાનભૂમિકા ઉપર લાવવાના પોતાના પ્રયત્નો નિષ્ફળ જતાં પ્રગટેલી લાગણીને વાચા આપતું આ કાવ્ય સાગરના જીવનસિધ્ધાંત તેમજ માનસદશાના ભાવનિરૂપણ માટે પણ અગત્યનું છે. નીચેની બે પંકિતઓમાં પોતાના મિત્ર સાથેનો પોતાનો વિરોધ રજૂ કરવા માટે સ્વાભાવિક રીતે શિખરિણી છંદનો વિનિયોગ કર્યો છે:

તમે કૂંડાળામાં રહી 'મુજ' કહો અલ્પસરખું.
અને મારા યત્નો જગત-પ્રભુ બે એક ગણવા![૫૯]

અને કાવ્યની અંતિમ પંકિતઓમાં મિત્રને આપેલો બોધ મંદાક્રાન્તામાં સફળ રીતે નીરૂપાયો છે.

રે! રે! ભાઇ! અવર જનકો કાંઇ કયાંથી કહેશો?
થાકેલાંના ચરણ દુ:ખતાં કોઇ ચાલી ન દેશે.[૬૦]

શિખરિણી અને મંદાક્રાન્તાનો આવો સુમેળ બન્ને છંદો પરની કવિનો પ્રભુત્વશકિતનો અચ્છો નમૂનો બની રહે છે.

મંદાક્રાન્તા છંદ પરની કવિની પકડનો બીજો નમૂનો 'અતિથિ દેવદૂતને' માંથી જોઇએ.

...........

[૫૯] એજન, પૃ. ૪૧

[૬૦] એજન,

કવિ પોતાના દેહની ઝૂંપડીમાં ફરી પુનિત પગલાં પાડી જગતની સ્થૂલતાનો પદાર્થપાઠ આપી પોતાની આંતરદૃષ્ટિ ઉઘાડવા માટે 'અતિથિ દેવદૂતને' તાવને વિનંતી કરે છે. પોતાને ગંભીરતાના પાઠ શીખવવા માટે આભાર પણ વ્યકત કરે છે.

હું શીખ્યો કે અહીં અમરતા સ્થૂલને કયાંય છે ના!
જયાં મૂર્તિ ત્યાં ક્ષણિક સ્થિરતા ત્યાં ઉધામા શું મિથ્યા?[૬૧]

'અંત:શ્રુતિ' કાવ્ય શિખરિણી અને અનુષ્ટુપના સુમેળ દ્વારા ભાવાર્થ ને ઉચિત અભિવ્યકિતના ઉત્તમ નમૂના લેખે નોંધવું જોઇએ. હૃદયનો આંતર વિગ્રહ રજૂ કરવા માટે શિખરિણીનો કુશળતાપૂર્વક કવિએ કરેલો પ્રયોગ ખાસે ધ્યાન ખેંચે છે. જુઓ:-

'ચહું' શે સ્વામીને, કયમ નવ ચહું. આ જગતને?
નથી એ બે જુદાં, જગત-હરિ બે એકરૂપ છે!
અને શી આજ્ઞાઓ, પરમ પ્રભુની શબ્દ શ્રુતિએ-!
સ્મૃતિએ છે તો યે કમનસીબ પાળી નવ શકું.[૬૨]

અનુષ્ટુપની બે પંકિતઓમાં પોતાની અંત:શ્રુતિ પિછાનતા કવિની આંતરવેદનાને ઉચિત શબ્દદેહ અપાયો છે.

અંત:શ્રુતિ પિછાનું છું. અરેરે! ખેદ થાય છે.
પ્રભુને ચાહું કહેવાથી, હૈયુ જાતે ઠગાય છે.[૬૩]

...........

[૬૧] એજન, પૃ. ૪૩

[૬૨] એજન, પૃ. ૪૮

[૬૩] એજન,

'અજ્ઞાન સહોદરને' કાવ્યમાં સાગરે પોતાના કવિતા વિષયક વિચારોને મંદાક્રાન્તા અને અનુષ્ટુપ બે છંદો દ્વારા વાચા આપી છે. સાગરે કવિતાને ઉચ્ચસ્થિત પૂજ્ય દેવી ગણાવી વિશ્વને દિવ્યપ્રકાશનું દર્શન કરાવનાર, જીવનને ઉન્નતમાર્ગે લઇ જનાર પ્રભુવાણી તરીકે તેમજ કવિનો ઇશ્વરના દૂત તરીકે ઉલ્લેખ કર્યો છે. પોતે એ દેવીનાં ચરણ ચૂમવા માટે પણ અધિકારી નથી એ ભાવ પણ સચોટ રીતે મંદાક્રાન્તા દ્વારા નિરૂપાયો છે.

એ દેવીના ચરણ ચૂમવા, રંક ત્યાં લોટવાને-
પૂરો હું, તો અધિકૃત નંવા આશિષો પામવાને.[૬૪]

'પોતાને પગે ચાલજે' કાવ્ય પણ વસંતતિલકા અને અનુષ્ટુપના ભાવોચિત છંદોમેળ માટે નોંધપાત્ર બની રહે છે. પોતાના ઉન્નત વિચારોને તેમજ વિશ્વનાં પ્રલોભનોથી દૂર રહેવાની પોતાની ઝંખનાને અભિવ્યકત કરવા માટે કવિએ કુશળતાપૂર્વક છંદપરની કવિની પ્રભુત્વશક્તિની પ્રતીતિ થાય છે.

"છે કામમાં ન પુરૂષ ત્વ, અસુરતા છે,
ને ભિન્ન વિશ્વથી થવું, મુજ કામના એ—
આ વિશ્વમાં તું વસજે. મુજને ન પર્વા-
તારી ય વિશ્વની, ન વિશ્વની કીર્તિની વા—
સાથે રહીશ, પણ હું ન હવે ભળીશ —
જૂઠાં પ્રલોભન વિશે ન હવે ફૂલીશ."[૬૫]

...........

[૬૪] એજન, પૃ. ૫૦

[૬૫] એજન, પૃ. ૪૯

કાવ્યની છેલ્લી પંક્તિઓમાં પોતાના જીવનસિદ્ધાંત પ્રમાણે આચરણનો દૃઢ આગ્રહ તેમજ અટલ નિશ્ચય અનુષ્ટુપના છંદ પલટી દ્વારા ઉચિત રીતે સધાયો છે. ભાવોચિત છંદપલટાનું આ ઉત્તમ દૃષ્ટાંત બની રહે છે.

બધાં છે તેમ તું યે છે, મારો પન્થ નહીં ફરે,
વધવું હોય સાથે તો, પોતાને પગે ચાલજે.[૬૬]

પુરુષ અને પ્રકૃતિની અભિન્નતા અભિવ્યક્ત કરતું પ્રકૃતિસૌંદર્યનું કાવ્ય 'કુદરતનું શિક્ષણ' માં વંશસ્થ-વન્દ્રવ્રજા છંદ ઔચિત્યપૂર્વક પ્રયોજાયો છે. કુદરતની સૃષ્ટિમાં સત્ય, સ્નેહ, દયા અને ઔદાર્યનું કવિને થતું દર્શન તેમજ પ્રકૃતિના સુરમ્ય વાતાવરણમાં પરમાત્માની ભવ્યતાનું દર્શન સચોટતાપૂર્વક નિરૂપવામાં છંદની ઉપકારકતા ખાસ ધ્યાન ખેંચે છે.

કુદરતે સત્ય, સ્નેહ ઉભરાય —
દયા, ઔદાર્ય, સમ્પ સૂચવાય!
નીલું આ મૃદૂતમ ચારુ ઘાસ—
વાસ મૃદુતાનો ચારે પાસ![૬૭]

'સ્વર્ગે વસેલાં પ્રિય જનકને' કાવ્યમાં પિતાને આપેલી પ્રણાયાંજલિ તેમજ પોતાના જીવનઆદર્શનું નિરૂપણ છે તો 'નવું વર્ષ' માં હૃદયની જડતા દૂર કરવા માટે ત્રોટક છંદની આયોજનાના બે સુન્દર નમૂના જોઇએ.

પ્રતિમા તુજ એ પૂજતાં પૂજતાં —
તુજ જીવનપન્થ અનુસરતા —
પડતાં પડતાં —
ઉઠતાં ઉઠતાં —

તુજરૂપ [illegible] —
ભવસાગર આ ભમતાં ભમતાં —
ડૂબતા ડૂબતા —
ડૂબતા તરતાં —

...........

[૬૬]એજન,

[૬૭]એજન, પૃ. ૩૯

અવલમ્બન તારું વળી મળતાં— પ્રિયા!આખર આવી મળીશ હું ત્યાં.[૬૮]
હિત, સ્નેહ, દયા ભણતા ભણતાં- મૃતપ્રાય પડયા પ્રભુ . પ્રાણ ફૂંકો—

અમને બળ દે
પ્રભુ! તું ચઢવા!
અમ દૃષ્ટિ તણો—
તું નિયામક થા!
હૃદયે તમ વાસ વિદૂર કરો!
નવવર્ષે વિશે નવું જીવન દો.

મૃતપ્રાય પડયા પ્રભુ પ્રાણ ફૂંકો—
સહુમાં રસચેતન, તાત. મૂકો![૬૯]

બ્રહ્મત્વપૂર્ણ દ્વિજજીવનની દિશા વાંચ્છતા કવિહૃદયનો અટલ નિશ્ચય અને આંતર-વિગ્રહ રજૂ કરતા, આ મહત્વના આત્મવિશ્લેષણાત્મક કાવ્ય દ્વિજ જીવનની દિશામાં પ્રયોજાયેલો વસંતતિલકા છંદ સાગરના પ્રભુત્વનો ઉત્તમ નમૂનો છે.

ઓ બ્રહ્મબાલ! દ્વિજમન્ત્ર જરા સુણી લે!
ને ફેરવી જીવન ઇશ્વરમાં જીવી લે!
આવું ઘણું હૃદય આ સૂચવ્યા કરે છે,
ને, બન્ધ, તોડી ઉડવાનું ઊંચે ચહે છે.[૭૦]

છેલ્લી બે પંક્તિઓમાં પ્રયોજાયેલા અનુષ્ટુપ દ્વારા પોતાના હૃદયની ભાવદશાને અભિવ્યકત કરવા માટે છંદની ઉપકારકતા ખાસ ધ્યાન ખેંચે છે.

છેદીશ કૃત્રિમ બધા પડદા નકામા—
ને હું જઇશ દ્વિજજીવનની દિશામાં[૭૧]

'કોઇ ચાલી ન દેશે,' મને અતિથિ દેવદૂતને' માં શિખરિણી અને મંદાક્રાન્તા તેમજ 'અંતશ્રુતિ' અને 'અજ્ઞાન સહોદરને' માં અનુક્રમે તે બન્ને છંદોનો અનુષ્ટુપ સાથેનો

............

[૬૮]એજન, પૃ. ૫૫
[૬૯]એજન, પૃ. ૭૧
[૭૦]એજન, પૃ. ૭૨ [૭૧]એજન, પૃ. ૭૩

સુમેળ 'સાગર'ની છંદ પ્રભુત્વશક્તિનો યથાર્થ પરિચય કરાવે છે. પોતાને પગે ચાલજે અને દ્વિજ જીવનની દિશા માં વસંતતિલકા સાથે અનુષ્ટુપના છંદોમેળ દ્વારા ભાવપોષિત નિરૂપણ થયું છે.

'સાગર'ના વિચારશૈલી કે અનુભવમાં નવીનતા નથી વળી બેચાર વિચારણા એને રોમેરોમ એવી વ્યાપેલી કે ગમે તે વિષય ઉપાડે તેમાં તે આવ્યા જ કરે છે.[72] શ્રી. બ.ક.ઠાકોરે આપણી કવિતાસમૃધ્ધિના સંપાદનમાં પ્રગટ કરેલા કાવ્ય અંત:શ્રુતિની ટીકામાં 'સાગર'ની કવિતા વિશે દર્શાવેલું આ મંતવ્ય બીજા તબક્કામાં છંદોબધ્ધ કાવ્યો માટે તદ્દન વાજબી ઠરે છે. 'ઝાંખી', 'કિં બહુના?' 'રોવું', 'અશ્રુયોગ', 'નિજહૃદયને', 'મકાનને સલામ', 'જીવનમંથન જેવાં આ તબક્કાના કાવ્યોમાં હરિવિરહનું રુદન અને મુમુક્ષુ હૃદયની જ અભિવ્યક્ત થયાં હોઇ વિષય વિચારના વૈવિધ્યના અભાવની કવિ મર્યાદાની સાથે ભાવાભિવ્યક્તિ પણ એક જ પ્રકારે થયેલી હોઇ કવિની છંદોસૂઝ – પ્રભુત્વશક્તિનો લાભ કાવ્યોને મળી શક્યો નથી. માત્ર લાગણીશીલતામાં સરી જતા આ તબક્કાના કાવ્યો માટે બુધ્ધિના જાગરુક તત્વના અભાવની શ્રી. 'સુન્દરમ'ની ટીકા પણ યથાર્થ ઠરે છે.

ગદ્યાળુ બાની તેમજ વિષયવિચાર પરત્વે લાગણીની પ્રબળતાના અભાવને કારણે છંદની શિથિલતા પણ અનુભવાય છે તેનું એક દૃષ્ટાંત 'ઝાંખી' કાવ્યમાંથી જોઇએ.

> હૃદયના સૂર નહીં સમજાય–
> સ્નેહને મોહ અભિન્ન જણાય,
> શુક્રનો તારો કદી દેખાય–
> ચન્દ્ર ગણી મનમાં મકલાવાય!
> સ્મરણ એ થાય. આંસુ ઉભરાય
> અરેરે! છેક જ રોઇ જવાય[73]

વસંતતિલકામાં રચાયેલા કિં બહુના કાવ્યમાં પણ તાત્વિક સિધ્ધાંતના નિરૂપણની અભિવ્યક્તિ શિથિલ છે, પરિણામે છંદની ઉપકારકતા સધાતી નથી.

...........

[72]પ્રસ્થાન – આપણી કવિતાસમૃધ્ધિ લેખમાળા વર્ષ ૪ અંક ૮ જેઠ ૧૯૭૫ પુ. ૮ અંકર અને આપણી કવિતાસમૃધ્ધિ પ્રથમ આવૃત્તિ સંપાદક: શ્રી.બ.ક. ઠાકોર – 'અંત:શ્રુતિ'ની ટીકા [73] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૭૯

આ વિશ્વમાં ઉર વિચિત્ર જનો અરેરે!
પોતાની બુધ્ધિથી અસંખ્ય ભ્રમો રચે છે!
વસ્તુ અવસ્તુ ગણી વાદ વૃથા બદે છે!
રે રજ્જુ જોઇ ઉર સર્પ થકી ડરે છે![૭૪]

હૃદયની લાગણીની તીવ્રતા છે ત્યાં ભાવાભિવ્યકિતમાં છંદ ઉપકારક નીવડયો છે તેનો આ કાવ્યમાંથી જ એક નમૂનો જોઇએ.

એ સ્થૂલતા! અમમતા! સ્વપણું વિલાતું!
છે સ્નેહ સત્યઃ ઉર એ જ પ્રતીત થાતું.[૭૫]

ભાવાનુંસારી શબ્દરચના સધાઇ છે ત્યાં છંદ પણ ઔચિત્યપૂર્વક પ્રયોજાયેલો જોઇ શકાય છે. વસંતતિલકામાં રચાયેલા હોળી કાવ્યની નીચેની પંકિતઓ જુઓ:

દેવિ હુતાશનિ! હવે તું પ્રસાર જવાલા!
ઓ હોલિકે! કર હવે મુજ સર્વ સ્વાહા!
તે તે જ રંક ઉરની ભરી પૂર્ણ ઝોળી!
તારા જ અગ્નિ તણી, જો! ઉર ખાક ચોળી[૭૬]

હૃદયની માનસદશાનું યથાર્થ નિરૂપણ કરવામાં છંદની ઔચિત્યપૂર્વકની આયોજના ખાસ ધ્યાન ખેંચે છે, જુઓ:

ઇચ્છા જળી જવું, ખપી જવું છેક એવી,
વેઠાય છે ન તું જ તાપ તથાપિ દેવી!
કે કીમિયો? સખી! થવું તુજમાં અભિન્ન,
વા ક્રૂપલાવી પડવું? નથી માર્ગ અન્ય![૭૭]

............

૭૪એજન, પૃ. ૮૧

૭૫એજન, પૃ. ૮૨

૭૬દીવાનેસાગર, દફતર/૧ પૃ. ૮૮

૭૭એજન,

અનુષ્ટુપમાં રચાયેલું કાવ્ય 'રોવું' તેમજ વસંતતિલકા છંદમાં રચાયેલા 'બુધ્ધિ અને હૃદય' કાવ્યમાં પણ 'સાગર'ની ગધ્યાળુ બાનીની મર્યાદાઓને કારણે કવિની છંદપ્રભુત્વશકિતનો લાભ મળી શકયો નથી.

વાણે તાણો મળે ત્યારે અશ્રુવસ્ત્ર વણાય છે
અને એ અશ્રુથી અંતે આત્મયોગ ભણાય છે. [૭૮]
હવે કર્તવ્યને જ્ઞાન, દયા ને હિત, અજ્ઞને
પ્રબોધો, અન્તરાત્મા! ઓ! પ્રબોધો પ્રેમપન્થને [૭૯]

કવિ 'કલાપી'ને આપેલી અંજલિનું કાવ્ય 'શ્રી. સુરસિંહજી' પણ કવિની અનુષ્ટુપછંદ પરની પ્રભુત્વશકિત માટે નોંધપાત્ર બની રહે છે.

ના તો જેને મુખે નહોતી એવા શ્રી. સુરસિંહજી
લાદીની ગાદીએ રાજા દેવતાઇ થઇ ગયા
સ્નેહી, યોગી, કહો રાજા, મહાત્મા, ભકત કે કવિ –
પ્રકારો ભિન્ન છે: તો યે, પૂજા સો સુરસિંહની [૮૦]

હૃદયના પ્રેમભાવને અભિવ્યકિત કરતી આ પંકિતઓ પણ ભાવોચિત છંદરચનાના સારા નમૂના લેખે નોંધવી જોઇએ.

સ્નેહની – સ્નેહજ્યોતિની સાચેરી પ્રતિમા હતી –
જતાં એ આ જ આ દીઠી ઝાંખી પ્રેમપ્રતિકૃતિ:
ચહાવું, સહેવું અને સહેવું ચહાવું તો યે અનન્તમાં –
મહા મોંઘુ, મહાત્મા! તેં ભણાવ્યું ગુજરાતમાં. [૮૧]

'સાગર'ની છંદપ્રભુત્વશકિત અને મર્યાદા ઉભયના દૃષ્ટાંતો આપતું જીવન સિધ્ધાંતના નિરૂપણ અને આશકના હૃદયની માનસદશાના સંદર્ભમાં આ તબકકાનું અગત્યનું કાવ્ય 'અશ્રુયોગ' છે.

...........

[૭૮] એજન, પૃ. ૯૦

[૭૯] એજન, પૃ. ૯૮

[૮૦] એજન, પૃ. ૧૦૧ [૮૧] એજન, પૃ. ૧૦૦

તારૂં, અહા! સ્મરણ કોઇ દિને ન ભૂલ્યો,
જાણું ન કે કઇ પળે તુજને સ્મરૂ ના;
તો યે થતાં સ્મરણ આજ નથી ખમાતું,
આ કોઇ એવી જ પળે રડતા લખાતું.[૮૨]

આ કાવ્યમાંથી જ સિધ્ધાંતનિરૂપણમાં વસંતતિલકા છંદની ઉપકારકતાના કેટલાક નમૂનાઓ જોઇએ.

સ્વામિત્વ પત્નીપતિનું જહી સ્થૂલ માત્ર,
સંબંધ જયાં સુધી ટકે ઉપભોગી ગાત્ર!
આશા કશી ય બસ ઐહિક રાખવી ના,
તે ન્યાયની ગરજ વિશ્વની માનવી ના.[૮૩]

'સાગર'ના સ્નેહયોગના સિધ્ધાંતોનું સચોટ નિરૂપણ તેમજ વસંતતિલકા છંદ પરની કવિની પ્રભુત્વશકિતના કેટલાક ઉત્તમ નમૂનાઓ જુઓ:

જો હોય સ્થૂલ શરીરોની કરી ઉપેક્ષા,
ને સત્ય પ્રેમપ્રભુદર્શનની અપેક્ષા,
ને જાવ જો તુંહી તુંહી રટતો વિજોગ,
તો છે સદા સફલ આ પરમાત્મયોગ.[૮૪]

સર્વોપરિ પ્રણયમાં મુજ લીનતા હો,
આત્મા સમાર્પિત યદિ પ્રણયે થતો હો,
ને સ્થૂલ હોય સહુ હોમી દીધેલ ભોગ,
તો આ પરાત્પર સનાતન સ્નેહયોગ.[૮૫]

...........

૮૨એજન, પૃ. ૧૦૨

૮૩એજન, પૃ. ૧૦૩

૮૪દીવાને સાગર, દફતર ૧, પૃ. ૧૦૪

૮૫એજન, પૃ. ૧૦૫

નેત્રો! વિના પ્રણય અન્ય કશું ન જોશો,
આદર્શ ઉચ્ચ સહુ હો પ્રણયાનુરાગી.[૮૬]

ભાવને અનુરૂપ છંદરચના કૌશલના અભાવની 'સાગર'ની મર્યાદાને પરિણામે આ છંદના બંધનની શિથિલતા નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ જોઇ શકાય છે.

સંસાર લગ્ન વ્યભિચાર સમોવડાં છે
ને તેથી આ પશુ મનુષ્યરૂપે પડયા છે.[૮૭]

પરંતુ કાવ્યની અંતિમ પંક્તિઓનો અનુષ્ટુપ ભાવાભિવ્યક્તિના કાર્યને કેવો વેગ આપે છે તે જુઓ:

અહા! બે શુધ્ધ આંસુમાં, બીજા બે આંસુ રેડતાં—
ધન્ય સંયોગ આંસુનો, જન્મે છે બાલકૃષ્ણ જ્યાં.[૮૮]

'વહાલું ફૂલ', 'સરિતાને', 'જીવનમંથન', 'પરમાત્માને પ્રાર્થના' અને 'ભાવી' કાવ્યોમાં પ્રયોજાયેલા ત્રોટક છંદ પરનું સાગરનું પ્રભુત્વ છંદોબધ્ધ કાવ્યોમાં વિશિષ્ટ પ્રકારની છાપ ઉપસાવે છે. હૃદયનો આંતરવિગ્રહ રજૂ કરતાં જેમ છંદોબધ્ધ કાવ્યોમાંનુ જીવન મંથનમાંથી આ છંદ પરની કાવની પ્રભુત્વશક્તિનું એક દૃષ્ટાંત:

પરિતાપ નથી, ઉત્કલાન્તિ નથી
નથી શાન્તિ નથી, નથી સ્વાસ્થ્ય નથી
તજીને જડતા— સહુ સુન્દરતા, નવતા, પ્રભુતા,
ભૂલીને ભીરૂતા— દ્વિજ જીવનસાર બધો વહતા,
ભરીને શુન્યતા— સૂરનાદ અલૌકિક શ્રૂત થતા,
પૂજીને મૃદુતા— ઇહ જીવન સંસ્કૃતિ શી કરતા!

...........

૮૬એજન,
૮૭એજન, પૃ. ૧૦૪
૮૮એજન, પૃ. ૧૦૬
૮૯એજન, પૃ. ૧૧૭

ભાવના વેગ માટે ત્રોટક છંદનો ઔચિત્યપૂર્વક વિનિયોગ 'વહાલુ ફૂલ' માંથી જોઈએ:

રમતાં મરતાં, તરતાં તરતાં,
સરિતા રસમાં ડૂબતાં ડૂબતાં,
જળમાં હું ઘૂમ્યો,
ઉર હોંશ ભર્યો.[90]

ફૂલ એ પૂજવા કંઈ યત્ન કર્યો!
ફૂલ સુન્દર દૂર તણાતું હતું!
ઉર આ અધીરું અધીરું શું થતું!

કાવ્યની પંક્તિને તોડી નાંખીને પ્રાસ મેળવી વેગના આરોહ અવરોહમાં ઉપકારકતા આણવાનો આ છંદ દ્વારા કવિએ કુશળતાપૂર્વક કરેલો પ્રયોગ ખાસ નોંધપાત્ર છે, જુઓ:

ફૂલ સુન્દર એ –
ફૂલ કોમલ એ –
પ્રભુતા સમરૂપ એ
શું નિર્મલ એ![91]

'ચાંદલો ચ્હોડવા ચ્હાનારને' કાવ્યમાં ખૂબ સાહજિક રીતે પ્રયોજાયેલા અનુષ્ટુપ છંદને લીધે નીચેની પંક્તિઓ ભાવની અસરકારક અભિવ્યક્તિનો ઉત્તમ નમૂનો બની રહે છે.

ચાંદલો શું કરે, બાપુ. નકામી તકલીફ એ!
જવા દે! તું રહેવા દે. ચાંદલો ના ખપે મને.
વિધાત્રી ચન્દ્રિકાનો જ્યાં, ઉરે સૌભાગ્યચન્દ્રક,
આવા શું ત્યાં ખપે તારા, મિથ્યા કુંકુમચન્દ્રક![92]

...........

[90] એજન, પૃ. ૧૦૭

[91] એજન,

[92] 'દીવાનેસાગર', દફતર ૧, પૃ. ૧૧૮

'દિવ્યજીવનને દ્વારે' માં દ્વિજ જીવનની દિશાના સંદર્ભમાં રચાયેલા આ કાવ્યની ભાવનાને અભિવ્યકત કરવા માટે પ્રયોજેલો હરિણી છંદ કવિની છંદ પરત્વેની સભાનતાનો યથાર્થ પરિચય કરાવે છે, જુઓ:

સહુ સ્થૂલ તણી બાંધી બાંધી હવા થકી છૂટવા,
હૃદય શઢને ચીરી ચીરી ભરી પવને નવા.[૯૩]

હૃદયની ભાવનાને આકાર આપવામાં કવિએ પ્રયોજેલા હરિણી છંદનું ઔચિત્ય માટે બીજા બે નમૂનાઓ આ જ કાવ્યમાંથી જુઓ:-

રમણીયપણું રૂડું રૂડું નિહાળી શકું નવું-
કૃપણ ઉર આ ત્યાગી ત્યાગી અતીત હવે થવું.
નિજપણ બધું હોમી હોમી પતંગ બની જવું,
હૃદયદ્યુતિમાં પ્રેમે પ્રેમે પરાત્પર પહોંચવું.
શરીરમયતા ગાળી ગાળી તહી સમરૂપવું,
બહુબહુપણું ટાળી ટાળી નવું ફરી જન્મવું.[૯૪]

રોળા વૃત્ત પરની કવિની પ્રભુત્વશકિતનું દર્શન કરાવતી 'મકાનને સલામ' ની નીચેની પંકિતઓ જુઓ:

છું હું માનવ ઓર! આંસુમાં ઓર ડૂબેલો—
ઉર ઉછરંગ, તરંગ, રંગ મસ્તીથી ભરેલો.[૯૫]

'સોરઠી સોમનાથ' ના દર્શને જતાં પ્રગટેલા હૃદયભાવને રોળા વૃત્ત દ્વારા શબ્દદેહ આપતું 'સોરઠી સોમનાથ' કાવ્ય પણ આ છંદના વિલક્ષણ પ્રયોગ લેખે નોંધપાત્ર ગણવું જોઇએ.

...........

[૯૩] એજન, પૃ. ૧૧૯

[૯૪] એજન, પૃ. ૧૨૦

[૯૫] એજન, પૃ. ૧૧૨

પ્રભુ નથી એકાંત સ્થાનમાં કયાંય છૂપેલો,
જયાં ઉર પ્રેમસ્વાન્ત, દૃશ્ય ત્યાં વિભુ વસેલો.[૯૬]

વર્ણનાત્મક કાવ્યના ઉત્તમ નમૂના લેખે અનુષ્ટુપ છંદમાં રચાયેલા 'રીબાતુ કુરંગ'માંથી છંદપ્રભુત્વનું એક દૃષ્ટાંત જુઓ:-

દયાલુ દેવ! ઓ! મારી એટલી નમ્ર યાચના—
ક્ષમો! શાન્તિ સુધા સિંચો! પામો આ મૃગચેતના![૯૭]

તત્ત્વજ્ઞાનના નિરૂપણ માટે કવિએ લીધેલા પ્રકૃતિના અવલંબનને કારણે વિશિષ્ટ ભાત પાડતું 'હાલા પહાડને' કાવ્ય મંદાક્રાન્તા છંદનો ઉત્તમ નમૂનો છે કવિએ હાલા પહાડને પ્રણયતપસ્વીની ઉપમા આપી પોતાના હૃદય સાથેનો સમરૂપતાનું દર્શન કરાવ્યું છે.

બોલી દે તું! તુજ ઉર વિશે ભીતિ શંકા કશી છે?
કે, પ્રેમીને ઝૂરવું, તપવું એ જ મીઠું ગમે છે?[૯૮]

'વાનપ્રસ્થ અગ્નિહોત્રી', 'ખોવાયેલું બાળક' અને 'જંગલનો મહેમાન' ખંડકાવ્ય શૈલીના અનુસરણ લેખે નોંધપાત્ર કાવ્યો છે. 'વાનપ્રસ્થ અગ્નિહોત્રી' કાવ્યની સાગરે લખેલી અપ્રસિદ્ધ ટીકામાં આ કાવ્યના વસ્તુ વિશે આ પ્રમાણે કહ્યું છે "વસ્તુ નથી પૌરાણિક, નથી ઐતિહાસિક અથવા નથી કેવળ ઉપજાવી કાઢેલું સત્ય, કલ્પના અને શાસ્ત્રાન્વેષણ એ ત્રણમાંથી ત્રણ અસમાન ભાગોના મનસ્વી મિશ્રણથી આ ખંડ બન્યો છે. કવિના શરીરનું હાડપિંજર શાસ્ત્રાન્વેષણમાંથી ને

...........

[૯૬]એજન, પૃ. ૧૬૯

[૯૭]એજન, પૃ. ૧૭૮

[૯૮]એજન, પૃ. ૧૬૪

રુધિરમાંસાદિ કલ્પનામાંથી ને પ્રાણ સત્વમાંથી એ રીતે આ વસ્તુની ઉત્પત્તિ છે. અંદરના સામ્રાજયનું નિયંત્રણ અજબ છે, અને આ વાનપ્રસ્થ અગ્નિહોત્રી એ જ પ્રદેશના કોઇ સાધેના ભાગમાંથી આવે છે. વાનપ્રસ્થ જો ચાહે તો અગ્નિહોત્ર ટકાવી શકે એ શ્રુતિ અને સ્મૃતિમાં છે."[૯૯] વાનપ્રસ્થ અગ્નિહોત્રીની ભાવના રજૂ કરતા આ કાવ્ય દ્વારા અંતરમાં સમારોપિત પ્રેમાગ્નિને પ્રજ્જવલિત રાખવાનો દૃઢનિશ્ચય વસંતતિલકા, અને અનુષ્ટુપના છંદોમેળ દ્વારા સધાયો છે. બે દૃષ્ટાંત જુઓ:

સંસારી અધૂરી દૃષ્ટિ, આભિમાનિકી આથડે-
અન્તર્મર્મ પ્રદેશોની સાચી ના ગતિ સાંપડે[૧૦૦]

તું બ્રહ્મ યજ્ઞ કર, યજ્ઞ મહાન એ છે,
તું સોમયજ્ઞ કર, યજ્ઞ સમર્થ એ છે,
તું થા તપસ્વી, તપ સાત્વક બ્રહ્મરૂપ,
ઇચ્છાનુસાર કર જીવનસિદ્ધિ પ્રાપ્ત.[૧૦૧]

વર્ષો એક વર્ષે તેવો, કૈંક કાલ વહી જશે,
કરાશે કોક દિ અગ્નિ, સમારોપિત અન્તરે.[૧૦૨]

ખોવાયેલા બાળકના સમાચાર પ્રાપ્ત થતાં માતાને થયેલા દુઃખનું નિરૂપણ તેમજ તે પછી દૈવી પ્રેમામૃત દ્વારા બાળક સુરક્ષિત હોવાના પિતાને મળેલા સમાચારથી મળતી શાંતિ - આનંદનું મધુર ચિત્ર કવિએ ખોવાયેલું બાળક દ્વારા ઉપસાવ્યું છે. છેલ્લી બે પંક્તિઓમાં ભાવને ઉચિત અનુષ્ટુપ છંદ દ્વારા

...........

[૯૯] કેટલાક કાવ્યો પરની સાગરની ટીકા- અપ્રસિધ્ધ

[૧૦૦] દીવાને સાગર, દફતર ૧, પૃ. ૧૩૦

[૧૦૧] એજન પૃ. ૧૩૧

[૧૦૨] એજન પૃ. ૧૩૩

કવિએ રૂપક શૈલીમાં સચોટતાથી કાવ્યનું રહસ્ય સમજાવ્યું છે. જુઓ:

માતાના પ્રેમનું બચ્ચુ, બાલ તાત મનુષ્યનો.
જશોદા નન્દનો કહાનો, કિન્તુ શ્રીકૃષ્ણ વિશ્વનો.[૧૦૩]

કાવ્યનો પ્રારંભ ગાભરી દુ:ખી માતાનું કરુણ-રસ યુકત ચિત્ર આલેખતી અનુષ્ટુપની પંકિતઓથી થયું છે.

ઓ ચિન્તા દુ:ખથી માતા, બાપડી ગાભરી બની-
સુણેલી આંખમાંથી શી અશ્રુરેલ વહ્યાં જતી.[૧૦૪]

હૈયાની આર્દ્રતા વિના પ્રેમનાં દર્દને કોઇ પિછાની શકે નહીં. કાવ્યના આ વિચારને અભિવ્યકિત કરવા માટે પ્રયોજાયેલો અનુષ્ટુપ ભાવોચિત છંદરચનાનો ઉત્તમ નમૂનો છે.

ભાવોચિત છંદરચનાનો ઉત્તમ નમૂનો છે:

પ્રેમનાં દર્દની ના ના બુધ્ધિગમ્ય પરિસીમા-
પિછાને સંભવે ના ના હૈયાની આર્દ્રતા વિના.[૧૦૫]

પુત્રના શોકથી ઢળી પડતી માતાનું ચિત્ર ~~[illegible]~~ નીચેની પંકિતઓ દ્વારા સચોટ રીતે નિરૂપાયું છે:-

મૃદુ ઉરે દર્દ વધી પડે છે.
સુકોમલાંગી ન સહી શકે છે.

...........

[૧૦૩] એજન, પૃ. ૨૦૦

[૧૦૪] એજન, પૃ. ૧૯૬

[૧૦૫] એજન, પૃ. ૧૯૬

ના ચિત્રમાં ભાન કશું રહે છે,
ઢળી પડે છે ધરણી પરે એ.[૧૦૬]

દંપતિના પ્રેમનું પ્રતીક- ખોવાયેલા બાળકના વિરહનું દુ:ખ બન્નેને એક સરખું થાય એ સ્વાભાવિક છે. કરુણરસની પરાકાષ્ઠાનો અનુભવ કરાવવતી નીચેની પંકિતઓ પણ કવિની છંદપ્રભુત્વ શકિતનો યથાર્થ પરિચય કરાવે છે.

એ દીન આકૃતિ દીસે ગમગીન કેવી!
જાણે દયાભરી વિરાજિત અશ્રુદેવી!
નિ:શબ્દ દુ:ખદ અવાચ્ય દશા જુવે છે!
કાન્ત યુવાન ઉર છેક હવે ખૂવે છે!

'વહાલા! તમે' પણ વધુ ન વદી શકે છે
અસ્વસ્થ દમ્પતી ઉરે ભડકા ઉઠે છે.[૧૦૭]

ખંડકાવ્યની શૈલીનું ત્રીજુ મહત્વનું કાવ્ય 'જંગલનો મહેમાન' પણ મુમુક્ષુ હૃદયના અશ્રુયોગના મુકામને વાચા આપતું રૂપકકાવ્ય છે. નિર્જન ભયંકર જંગલમાં વૃક્ષના થડ નીચે પડેલો એક એકાકી વનવાસી બાલ તેમજ આંતરિક તાપ સહન કરતો હતો. આ જંગલમાંથી કદીક પસાર થતા લાકડાના વેપારી અથવા લખોટા લઇને જતા કાસદો કદીક ઔદાર્ય દાખવતા; પરંતુ વનવાસીના હૃદયના દર્દથી તેઓ અજાણ હતા. આ સૂની સ્મશાનભૂમિમાં સ્વદેશમાંથી આવતા સ્નેહાળ અતિથિનું ચિત્ર કવિએ ઉપજાતિ છંદ દ્વારા આ પ્રમાણે રજૂ કર્યું છે:

...........

[૧૦૬] એજન, પૃ. ૧૯૮

[૧૦૭] એજન, પૃ. ૧૯૯

આવે અહો! દૂર સ્વદેશમાંથી,
ત્યાં, ગૃહે હેતભર્યો અતિથિ,
ત્યાં એ ગૃહો જંગલમાં જ એ – એ!
વા હેલિનામાં તપતો હતો ત્યાં! [૧૦૮]

વનવાસી જોગીરાજને પ્રિય એવો આ અતિથિ જોગીના પ્રણયપાત્ર વિષે કશા સમાચાર લઇને આવ્યો નહોતો, તેમછતાં વનવાસી પ્રત્યેનું અતિથિનું પ્રેમાળ હૈયું જ પ્રેમના ભેખધારીને માટે પૂરતું હતું. સ્નેહનો સિધ્ધાંત સમજાવતી અનુષ્ટુપની નીચેની પંકિતઓ જુઓ:

લાગણીથી બળે હૈયું, પોચું, પ્રેમભર્યું, ભલું
પ્રેમના ભેખધારીને, ઘણું છે ઘણું એટલું! [૧૦૯]

આ પછીની પંકિતઓમાં સ્નેહયોગનો મહત્વનો સિધ્ધાન્ત પણ અનુષ્ટુપ દ્દારા સચોટ રીતે અભિવ્યકત થયો છે.

જેટલું સ્વપણું સ્નેહે, તેટલો સ્નેહ સ્નેહના,
અર્પવું વા ખપી જવું, માગે સેવક સ્નેહના. [૧૧૦]

જવાની તૈયારી કરતા અતિથિને થોડોક સમય રોકાઇ જવાની વનવાસી યાચના કરે છે ત્યાં જ જંગલમાં દાવાગ્નિ પ્રગટી નીકળે છે, અને અતિથિ રોકાઇ જાય છે. દવમાં પડેલા કુરંગને બચાવી પોતાનો સ્નેહઅર્પતા અતિથિનું ચિત્ર જુઓ:-

...........

[૧૦૮] એજન, પૃ. ૨૦૨

[૧૦૯] એજન, પૃ. ૨૦૩

[૧૧૦] એજન, પૃ. ૨૦૩

કુરંગ ક્રો એ દવમાં પડ્યું હતું–
વાચા વિના દર્દ પૂકારતું હતું–
ગરીબડું છેક ધવાયેલું હતું–
ઠેર્યો અતિથિ શું ઉગારવા પશુ! [111]

તેજ રાત્રે શોકાર્ત વનવાસની અને મિજમાનને અશ્રુદેવીનાં થયેલાં દર્શન અને તે દ્દારા સાંપડેલી વિશુધ્ધિનું ચિત્ર નીચેની પંક્તિઓ દ્દારા ઉપજાતિ અને અનુષ્ટુપ છંદ દ્દારા રજૂ થયું છે.

વિચિત્ર આ જંગલનો નિવાસી,
કોઇ નવા દેશ તણો પ્રવાસી,
ઉપાસના જેની હતી સદાની,
તે અશ્રુદેવી જ પ્રસન્ન થાતી! [112]

જંગલી એ પ્રવાસીનાં આંસુથી અતિથિ રડે
રોતાં રોતાં ઉરે એને વિશુધ્ધિ નવી સાંપડે. [113]

કવિએ સમજાવેલું સનાતન સત્ય પણ અનુષ્ટુપની નીચેની પંક્તિઓ દ્દારા રજૂ થયું છે.

જિંદગી અલ્પ છે, એમાં કમાવું સત્ય જીવવું.
આંસુથી પ્રેમના પૂરા પ્રભેદો પારખી જવું. [114]

...........

[111] એજન, પૃ. ૨૦૫

[112] એજન, પૃ. ૨૦૬

[113] એજન, પૃ. ૨૦૭

[114] એજન,

તપસ્વીની રજા લઇ અશ્રુપૂર્ણ હૃદયે અતિથિ પોતાના વતન તરફ પ્રયાણ આદરે છે. આ આખું સ્વપ્ન અદૃશ્ય થતાં કવિ આ સ્વપ્નનો, અશ્રુદેવીનો, અતિથિનો અને યજમાનનો વિચાર કરે છે, અને કવિને જાગૃત અવસ્થામાં સાંપડેલું સત્ય અનુષ્ટુપની નીચેની પંક્તિઓ વ્દારા ઔચિત્યપૂર્વક નિરૂપાયું છે.

હું, તું ને વિશ્વ આખું યે, જંગલે મિજમાન છે,
માર્ગ દૃષ્ટા, સૌ. તેમાં, અશ્રુદેવીની લહાણ છે.[115]

'સાગર'ની વિશિષ્ટ ભાવનાને અભિવ્યકત કરતાં ત્રણે કાવ્યોમાં પ્રયોજાયેલા વસંતતિલકા, અનુષ્ટુપ, મન્દાક્રાન્તા, ઉપજાતિ, ઉપેન્દ્ર વજ્રા અને શાર્દૂલવિક્રીડિત છંદ પરની કવિની પ્રભુત્વશકિતનું દર્શન થાય છે.

બીજા તબકકાના મહત્વના સોમાચિહ્ન 'મૂર્છના' કાવ્યમાં વસંતતિલકા અને 'એક મહાન ભૂલ' માં શાર્દૂલવિક્રીડિત ઉપરાંત અનુષ્ટુપ સાથેનો છંદોમેળ કવિની છંદ પરની પકડ તેમજ ભાવને અનુરૂપ છંદોરચનાના કવિકૌશલનો યથાર્થ પરિચય કરાવે છે. થોડાંક દૃષ્ટાંતો જોઇએ. વસંતતિલકા છંદમાં ચંદ્રની ચંદ્રિકાનું રસપાન કરાવતું મધુર ચિત્ર જુઓ:-

જાણે પિયુકર વડે, મદિરા પીધેલી
ભૂલેલી ભાન પણ છેક જ - છેક ઘેલી -
ઉન્મત્ત ગાતી ફરતી સખી ચાન્દ્રકા કાં-
જાણે જ રાજ્ય નિ જ શાશ્વત સાર્વભૌમ.[116]

પ્રેમમાર્ગમાં આશકના હૃદયની વિરહવેદનાનું ચિત્ર ઉપસાવવામાં વસંતતિલકા છંદની ઉપકારકતાનો બીજો એક નમૂનો:

...........

[115]એજન, પૃ. ૨૦૯

[116]એજન, પૃ. ૨૫૭

રોયો છું ખૂબ જ ! અને રડતાં રહું છું:
નેત્રત્વ ઝાંખુ થયું, તોય રડયાં કરું છું:
રોયો હું મારી પણ પ્યારી બીમારી શોઉ
રે પ્રેમી! પ્રેમ પૂજતાં નથી કોણ રોયું?[૧૧૭]

પરમાત્મદર્શનની ઝાંખી અદૃશ્ય થતાં મૂર્છના પ્રાપ્ત કરતા આશકનું ચિત્ર પણ મનોરમ છે.

પ્રેમાશ્રુનું સ્મરણ તો ય જિવાડનારું—
જ્યોતિ પરાત્પરની ઝાંખી ટકાવનારું—
એ એ જ પુણ્ય સ્મૃતિએ ઉર આ સ્મરે છે—
જે જ્યોતિથી જ જગ આ જીવતું દિસે છે.[૧૧૮]

આશકની માશુક હાડચામની પૂતળી નથી પરંતુ સમસ્ત વિશ્વની સૂક્ષ્મમમ સત્તા –સ્વયં પરબ્રહ્મ જ છે. 'સાગર'ના સ્નેહયોગના જીવનસિદ્ધાંતનું નિરૂપણ પણ ભાવવાહી વસંતતિલકા દ્વારા સચોટરીતે થયું છે, જુઓ:

માશુકા ના નથી જ પ્રાકૃત દેહધારી,
વા સ્થૂલ નેત્રતણું માત્ર ન લક્ષ્ય થાતી,
એ મૂર્તિ સૂક્ષ્મતમ વિશ્વ બધાંની સત્તા!
માશૂક એ પ્રભુ! અનુભવું જે પ્રભુતા.[૧૧૯]

...........

[૧૧૭] એજન, પૃ. ૨૫૯

[૧૧૮] એજન,

[૧૧૯] એજન, પૃ. ૨૬૬

એક મહાન ભૂલ કાવ્યમાં સાગરે પોતાના હૃદયની નિર્બળતાનું ચિત્ર ઉપસાવ્યું છે. પોતાની મૂર્છના આ કારણનું અન્વેષણ કરતાં સાગરે ઔચિત્યપૂર્વક પ્રયોજેલા શાર્દૂલવિક્રીડિત છંદનો એક ઉત્તમ નમૂનો જુઓ:

સાચી જો ફકીરી હતી જ ઉરમાં, તો કાં ન માયા શમી?
ને, જોગી જનવાસમાં રહી શક્યો કાં વાનપ્રસ્થાશ્રમી?
સંસારી જન સાથ જોગી હૃદયે કાં મિત્રતા પાલવી?
ને સંબન્ધ અરે! પ્રપંચી જગના શાને રહ્યો સાચવી![120]

ગોપી જેવી દૃઢ ભકિત વિના કૃષ્ણભકિતનો કશો જ અર્થ નથી. એ સિધ્ધાંતનું અનુષ્ટુપની નીચેની ભાવવાહી પંકિતઓ દ્વારા થયેલું નિરૂપણ કવિની અનુષ્ટુપના છંદોવિધાનના પ્રભુત્વનો ઉત્તમ નમૂનો છે.

રોપી ધ્યેય ઉરે ગોપી જાણે સંસાર વ્યર્થ છે.
એવું ગોપી બન્યા વિના કૃષ્ણભકિત નિરર્થ છે.[121]

વાસનાક્ષય થતાં સાગર પરમાત્મકૃપા પ્રાપ્ત કરે છે. પોતાનો સ્વાનુભવ વ્યકત કરતી અનુષ્ટુપમાં રચાયેલી કાવ્યની અંતિમ પંકિતઓ આ પ્રમાણે છે:

રોતાનાં આંસુડા ચોખ્ખા, પ્રભુનો હસ્ત લૂછતો,
જાતે જોગીની નાડીમાં, પ્રાણ કુમ્ભક પૂરતો.[122]

શાર્દૂલવિક્રીડિતમાં આત્મવિશ્લેષણ દ્વારા કવિને પ્રાપ્ત થતાં જીવન-સિધ્ધાંતનું નિરૂપણ નીચેની પંકિતઓ દ્વારા થયું છે.

છો બ્રહ્માંડ સહુ ત્યજે. ન પરવા રાખી ન વા રાખવી-
પોતાના ઉરદેશની જ પરવા પૂરેપૂરી રાખવી,

...........

[120] એજન, પૃ. ૩૧૩

[121] એજન, પૃ. ૩૧૮

[122] એજન, પૃ. ૩૨૭

ના ના ભૂલ કબૂલતાં શરમ ના, ના ક્ષુબ્ધતા માનવી,
પોતાની જ કબૂલ ભૂલ કરતું ઉંચે જતું માનવી.[123]

'મૂર્છના' અને 'એક મહાન ભૂલ' કાવ્યોમાં ક્યાંક ગધ્યાળું બાનીને સંસ્કૃતમય શૈલી દીર્ઘ ઉ કારની જોડણી અને સિધ્ધાંત નિરૂપણને કારણે ભાવની અભિવ્યક્તિમાં કવિની છંદ પ્રભુત્વશક્તિ ઉપકારક બનતી નથી.

૩. ભાષાશૈલી:

'પિતૃવિરહ' અને 'નિવાપાંજલિ' અંજલિ કાવ્યોમાં સંસ્કૃત પ્રચૂર શૈલીને પરિણામે તેમજ સામાસિક શબ્દો, લોકબોલીના પ્રયોગો, કેવળ પ્રયોગી અવ્યયોના પ્રયોગને કારણે લાગણીની અભિવ્યક્તિ ઉત્કટ રીતે થઇ હતી. 'વિદ્યોપાશનકાર્ય', 'વચનવિબુધો' 'વિધ્યાભ્યાસ' જેવા સામાસિક શબ્દો કે 'ચાલી પિતાજી ગયા' 'આજે ન બાપાં થયાં' જેવા પ્રયોગો તેમજ 'હા! હા! હા!' 'રે! રે!' 'તા ત', 'અરેરે', 'ના બોલે' જેવા ઉદગારો વ્દારા કવિની બાનીનું પોત ફીકકું પડી જાય છે.

'અરે! હિંદુઓ ઘેલા થયા' માં ભાષામાં પ્રવેશેલી કૃત્રિમતા અને ગદ્યાળુતા કવિની શૈલીની ખૂબ નબળી કડી છે. જુઓ:

રૂઢિઓને વળગી રહ્યા આર્ય મટીને 'હિંદુ' થયા—
અરે! અબુધ! એ ક્યાંનો ન્યાય જેવું વાવ્યા તેવું લણાય.[124]

'પોતાને પગ ચાલજે' માં પણ ગદ્યાળુતાને કારણ કાવ્યના આંતરસૌન્દર્યને હાનિ પહોંચે છે, જુઓ:

...........

[123] ગેજન,

[124] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૯, ૪૦

કર્તવ્ય એ જ મુજ નિશ્ચિત મેં કર્યું છે!
તારા તને ય બહુ પાર કહી દીધું છે:
શ્રધ્ધા હશે હૃદયમાં, સુખ તો ઘણું છે:
દુઃખી થવાની નહી તો સ્વતંત્રતા છે.[૧૨૫]

ભાવને અનુરૂપ શબ્દરચનાનો અભાવ તેમજ સંસ્કૃતમય શૈલીનો કવિપ્રિયદિ। 'સ્વર્ગે વસેલા પ્રિય જનકને' માં પણ દૃષ્ટિગોચર થાય છે જુઓ:

તરૂ થોક થતાં કંઇ કાળ જશે
પણ કાર્ય અમર્ત્ય નહી મરશે.[૧૨૬]

'કુદરતનું શિક્ષણ' જેવું પ્રકૃતિસૌન્દર્યનું કાવ્ય પણ આ મર્યાદામાંથી ઉગારી શક્યું નથી.

અમે સહુ જગજન્તુ બેભાન –
કુટિલ ક્રૂર, મૂઢ કૃપણ નાદાન.[૧૨૭]

'ઝાંખી' કાવ્યની સંસ્કૃતમય બાની મનોરમ ચિત્રનો લોપ કરી દે છે જુઓ:

હૃદયથી દૂર થતું કંઇ ધ્યાન –
તો ય હું નથી સ્વસ્થ કે શાન્ત –
ઘોરતું નગર બધું નિદ્રસ્થ –
એકલો ઊભો અહીં અસ્વસ્થ.[૧૨૮]

...........

[૧૨૫] એજન, પૃ. ૫૦

[૧૨૬] એજન, પૃ. ૫૩

[૧૨૭] એજન, પૃ. ૬૯

[૧૨૮] એજન, પૃ. ૮૦

કિં બહુના? કાવ્યમાં પણ ભાવોચિત શબ્દરચનાનો અભાવ તેમજ ગદ્યાળુતા 'સાગર'ની શૈલીની ગંભીર મર્યાદા હોઇ અભિવ્યક્તિમાં સચોટતા સાધી શકાઇ નથી.

ઝાંખુ કંઇક પ્રતિબિમ્બ ઉરે પડે છે!
તેની કરું નકલ શી નહીં શક્તિ યે છે!

મોજું સમુદ્રતણું અબ્ધિ થકી અભિન્ન,
એ કેમ જાણી શકશે ઉર બોધ હીન,[૧૨૯]

'રોવું' અને 'બુદ્ધિ અને હૃદય' કાવ્યોમાં પ્રયોજાયેલી સંસ્કૃતપ્રચૂર બાની- 'વહ્નિ, જ્વાલા,' 'અશ્રુપૃથક્કૃતિ' 'હૃદત્પ્રદેશ,' 'બુદ્ધિજનિત' જેવા સંસ્કૃત શબ્દો કે તત્ત્વજ્ઞાનની પરિભાષાના વિક્ષિપ્ત ચિત્ત, અધિકારી, આત્મયોગ જેવા શબ્દો ભાવની સરળ સચોટ અભિવ્યક્તિમાં આડખીલીરૂપ બને છે. 'અશ્રુયોગ' કાવ્યમાં 'ચિદાત્મયોગ,' 'પ્રેમાગ્નિ,' 'પ્રેમયોગ' જેવા શબ્દોની આયોજના 'વ્યભિચાર,' 'અશ્રુઉદધિ' 'પ્રેમપ્રતિબિંબ,' 'પ્રણયભઠ્ઠી' જેવા શબ્દોનો વિનિયોગ તેમજ 'દિલ કોમલ રેસનારા' 'વેપારી આ સકલ વિશ્વ,' 'હોમાયલા પ્રણય ભઠ્ઠી વિશે,' 'દીન થઇ જયમ સિંહ વેઠે' જેવા પ્રયોગો કાવ્યના રસતત્ત્વને હાનિ પહોંચાડે છે. કવિની ભાષાશૈલીમાં ગદ્યાળુતાની આ મર્યાદા ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

'અશ્રુયોગ' કાવ્ય કવિના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં વિચારોની સચોટ અભિવ્યક્તિ સાધતી કાવ્યબાની માટે પણ નોંધપાત્ર બની રહે છે.

કવિની શક્તિ અને મર્યાદા ઉભયનું દર્શન કરાવતી આ કૃતિ આત્મ-વિશ્લેષણાત્મક કાવ્યોમાં અગત્યનું સીમાચિહ્ન બની રહે છે. હૃદયની ઉર્મિના આવેગની પ્રબળતા, ભાવને ઉચિત છંદની સાહજિક આયોજના અને ભાષા–

............

[૧૨૯] યોજન, પૃ. ૮૧

પ્રભુત્વને કારણે વિચારોની સચોટ અભિવ્યક્તિ - 'સાગર' નો કાવ્યબાનીમાં આ વિશિષ્ટલક્ષણો દર્શાવતા થોડાક નમૂનાઓ જોઇએ:

આશા કશીય બસ ઐહિક રાખવી ના-
ને ન્યાયની ગરજ વિશ્વની માનવીના![130]

સત્તા જ એક પ્રિયની ઉર એક એક -
સંસારભાવ લય આખર થાય છેક[131]

સર્વોપરિ પ્રણયમાં મુજ લીનતા હો-
આત્મા સમર્પિત યદિ પ્રણયે થતો હો-
ને સ્થૂલ હોય સહુ હોમી દીધેલ ભોગ-
તો આ પરાત્પર સનાતન સ્નેહયોગ[132]

'વહાલુ ફૂલ' માં કવિને થયેલા પ્રકૃતિદર્શનનું મનોરમ ચિત્ર નીચેની પંક્તિઓ દ્વારા જાણે અડધું તો ભૂંસાઇ જાય છે.

કણું આંખ તણું નીકળી જ ગયું.
પૂંજું એ પ્રભુતા! પૂંજુ એમ થયું!
ઉર ઘેલું! અધીરૂં
થયું જ થયું![133]

કવિની ભાષાશૈલીનો એક સુંદર નમૂનો આ કાવ્યમાંથી જોઇએ:

...........

[130] એજન, પૃ. ૧૦૩

[131] એજન, પૃ. ૧૦૪

[132] એજન, પૃ. ૧૦૫

[133] એજન, પૃ. ૧૦૭

શુચિ સુંદરતા સમરૂપ હતું.
મુજ ઉર તણી કવિતા બનતું
પ્રભુતા તણું ભાન કરે ઢળતું
ઉરમાં નવું સ્નેહસુધા ભરતું.[134]

આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં સવિશેષ નોંધપાત્ર કાવ્ય 'નિજહૃદયને' માં કવિહૃદયની માનસદશાની અભિવ્યક્તિમાં ઉપકારક ભાષાશૈલી પ્રયોજાઇ છે આ કાવ્યની બાનીમાં ન્હાનાલાલની શૈલીની પ્રબળ અસર સ્પષ્ટ વર્તાય છે. આ કાવ્યના વિચારોની અભિવ્યક્તિમાં ઉપકારક ભાષાશૈલી જુઓ:-

સાચું છે કે તુજ પ્રભુ કંઇ કોસના કોસ છેટે,
ને તું આંહી તપતું રડતું, આમ બાપુ. ઝૂરે છે.
સાચું છે કે તુજ રૂદનનાં ગીત કે આસુડાંથી
આ સૌ તારાં પરિજન તણી આંખ ભીની ન થાતી.[135]

'જીવનમન્થન'કાવ્યમાં કવિની સંસ્કૃતપ્રચુર બાની અભિવ્યક્તિમાં બહુ ઉપકારક બનતી નથી પરંતુ ત્રોટક છંદની પંકિતના ખડકો પાડી અનુપ્રાસ સાધવાનો કવિપ્રયત્ન ભાવાભિવ્યક્તિ માટે છંદની ઔચિત્યપૂર્ણ આયોજનાને કારણે સફળ બની રહે છે. કવિએ સંસ્કૃતપ્રચુર શૈલીની મર્યાદાની અસરમાંથી પણ આ કાવ્યને બચાવી લીધું છે, જુઓ:

પરિતાપ નથી, ઉર કલાન્તિ નથી
નથી શાન્તિ નથી નથી સ્વાસ્થ્ય નથી
ગિરિગહ્વરમાં ફરતાં ફરતાં -
સરને સરિતા સરતાં સરતાં -

...........

[134]એજન, પૃ. ૧૦૬

[135]એજન, પૃ. ૧૦૮

ગુરૂ માની પદે પડતાં પડતાં –
કંઇ લોભનમાં ફસતાં ફસતાં –
ભમતાં ભમતાં –
ડરતાં ડરતાં-

કંઇ કાળ વહ્યો રડતાં રડતાં-
હું ભળયો બહુમાં જગ માનવમાં –
હું બળયો જ બળયો. સળગ્યો દવમાં -
ગિરિમાં જડતાં –
સૂકલી સરિતા –
ગુરૂ સ્થૂલ હતા –
ન દીઠી મૃદુતા.[૧૩૬]

'ચાંદલો ચહોડવા ચહાનારને' કાવ્ય કવિની ભાષાશકિતનો યથાર્થ પરિચય કરાવે છે. એકાદ પ્રસંગનું નિરૂપણ કરતું આ કાવ્ય કવિની અસાધારણ કાવ્યમય બાનીનો આવિષ્કાર છે. બાહ્ય આચારની અનિવાર્યતા પર તીવ્ર પ્રહાર કરતું આ કાવ્ય કવિની વિશિષ્ટ પ્રકારની ધાટી માટે પણ નોંધપાત્ર બની રહે છે.

આ કાવ્યમાં કવિએ પ્રયોજેલો સંવાદ તેમજ બોલચાલની ભાષા દ્વારા વિચારોની સચોટ અભિવ્યકિત થઇ છે. કવિની ભાષાશૈલીમાં ઔચિત્ય અને પ્રભુત્વ દર્શાવતા બે ઉત્તમ નમૂનાઓ જોઇએ.

ચાંદલો કરનારી કો, પ્રેમોદ્ભુત વિભૂતિ છે
હંમેશા અન્તરે ચાહુ, એ અદ્દભુત ગુલામીને

...........

[૧૩૬]એજન, પૃ. ૧૧૫, ૧૧૬

પાછી બાપુ, લઇ જા તું, સ્થૂલ આ કુંકુમાવટી:
રહેવા દો જવા દે તું! ચાંદલો ચહોડવો નથી:
વિધાત્રી ચન્દ્રકાનો જ્યાં ઉરે સૌભાગ્યચન્દ્રક:
આવા શું ત્યાં ખપે તારા, મિથ્યા કુંકુમચન્દ્રક![137]

'સાગર'ના આત્મવિશ્લેષણાત્મક કાવ્ય 'દ્વિજજીવનને દ્વારે'માં પણ પુનરાવર્તન દ્વારા ભાવાભિવ્યક્તિમાં સચોટ આણવાનો કવિપ્રયત્ન ભાષા શૈલીની 'સાગર'ની લાક્ષણિકતાની પ્રતીતિ કરાવે છે. હરિણી છંદની ઉપકારકતા તેમજ અર્થાનુસારી શબ્દરચનાનું કવિકૌશલ કાવ્યની બાનીમાં સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે, જુઓ:

ઉર અટવીમાં ઊંડું ઊંડું તપોવન સ્થાપવું,
અજબ ધૂનીએ છૂપું છૂપુ નવું તપ તાપવું,
તિમિર ગઢ આ તોડી તોડી નવું ડગ માપવું,
નવીન થઇ જ્યાં ઝાંખી ઝાંખી, તહીં જ પ્રમાણવું.
સહુ સ્થૂલ તણી બાંધી બાંધી હવા થકી છૂટવા—
હૃદય શઢને ચીરી ચીરી ભરી પવને નવા![138]

કાવ્યની નીચેની પંક્તિઓ કવિની સંસ્કૃતમય છતાં સચોટ કાવ્યમય બાનીનો ઉત્તમ નમુનો છે.

દ્વિજ જીવનના સાચા સાચા ઉરે અભિલાષ જ્યાં—
હૃદય રસ છે જ્યાં જ્યાં ત્યાં ત્યાં કહીં શમણાં ફળયાં.[139]

...........

[137] એજન, પૃ. ૧૧૮

[138] એજન, પૃ. ૧૧૯

[139] એજન, પૃ. ૧૨૧

'વાનપ્રસ્થ અગ્નિહોત્રી' તેમજ 'જંગલનો મહેમાન' કાવ્યોમાં કવિએ સ્વપ્નભૂમિનાં દૃશ્યો દ્વારા લાક્ષણિક રીતે પોતાને અભિપ્રેત જીવન-સિધ્ધાંતનું નિરૂપણ કર્યું છે કાવ્યનો ભાવાર્થ સમજવામાં ઉપકારક કવિની જીવનસાધના તેમજ સિધ્ધાંતની પશ્ચાદ્ભૂમિકા વગર આ કાવ્યોનો રસાસ્વાદ માણી શકાય એમ નથી.

તાત્ત્વિક સિધ્ધાંતો સમજાવવા માટે પ્રયોજેલી આ વિશિષ્ટ શૈલી કવિના ખંડકાવ્યોની લાક્ષણિકતા છે. 'વાનપ્રસ્થ અગ્નિહોત્રી' કાવ્યની ટીકામાં કવિએ આ કાવ્યની ભાવના વિગતે સમજાવી છે.[૧૪૦]

અનુષ્ટુપ છંદની પ્રવાહીતા કુશળતાપૂર્વક સાધીને કવિએ આ કાવ્યનો પ્રારંભ કર્યો છે.

> પ્રાર્થના મંત્ર ઉચ્ચારે આરાધે અગ્નિદેવતા,
> સ્વરો એ શાન્ત આકાશે, પહોંચતા પડ ભેદતા[૧૪૧]

વાનપ્રસ્થ અગ્નિહોત્રી આશ્રમમાં યજ્ઞ વિધિના મંત્રો ઉચ્ચારે છે. દેવોને પણ આ યજ્ઞમાં ભાગ લેવાને માટે નિમંત્રણ આપ્યું છે. યજ્ઞના હોત્રી નારદ, શ્રીકૃષ્ણ, રૂક્મિણી અને સરસ્વતીનું પૂજન કરે છે. આ આશ્રમ દક્ષની પુરાણી પુરી જેવો લાગે છે.

> अजो नित्यः शाश्वतोऽयं पुराणो ।
> भ. गी.

આત્માના એ સ્વરૂપ ઉપરથી એને પ્રદેશકલ્પીને કવિએ આ રૂપક આપ્યું છે. શ્રીકૃષ્ણ અને રૂક્મિણી સાથે પ્રેમના દેવતા પ્રકટ અગ્નિરૂપ પ્રધ્યુમ્ન અને કૌમારવ્રત ધારક દેવતાઓ તરીકે નારદ અને સરસ્વતીને ગણાવ્યાં છે.

...........

[૧૪૦] આ પ્રકરણની પાદટીપ, ૯૯

[૧૪૧] 'દીવાને સાગર', દફતર ૧, પૃ.

વસંતતિલકા અને અનુષ્ટુપ છંદોના સુમેળ દ્વારા કવિએ હૃદયભાવોની સચોટ અભિવ્યકિત કરી છે. સંસારીઓની આભિમાનિકી અધુરી દૃષ્ટિ આંતરની ભેદી ભૂમિની પિછાન પામી શકતી નથી. અગ્નિહોત્રીનું એક વર્ષ આ રીતે વ્યતીત થઇ જાય છે. શાસ્ત્રવિધિ પ્રમાણે ઉપનયન સંસ્કાર પછી જ હોત્રી અગ્નિહોત્ર માટે અધિકારી ગણાય છે.

> કરી સંપ્રાપ્ત હોતાએ સંસ્કૃતિ ઉપનેત્રની,
> અગ્નિહોત્રાર્થ શોધી એ ભૂમિકા તીર્થક્ષેત્રની.[૧૪૨]

વસ્તુત: આંતરસવિતોપાસનાર્થે પાત્રતા જોઇએ તે પાત્રતા બાહ્યદૃષ્ટિની સંસ્કૃતિ સિવાય પ્રાપ્ત થઇ શકે નહીં. એટલે વાનપ્રસ્થ અગ્નિહોત્રી પોતાની સંસારી અધુરી આભિમાનિકી દૃષ્ટિમાંથી બહાર નીકળીને અંતરનો પ્રેમાગ્નિ પ્રગટાવે તો બ્રહ્મયજ્ઞ દ્વારા અંતરના પ્રદેશની સાચી પિછાન કરી શકે. કાવ્યનો આ વિચાર સમજાવતી વાનપ્રસ્થ અગ્નિહોત્રીની અંતિમ પંકિતઓ કવિની ભાષા શૈલીનો યથાર્થ પરિચય કરાવે છે, જુઓ:

> વર્ષ એક બહું તેવો, કૈંક કાલ વહી જશે,
> કરાશે કોક દિ અગ્નિ સમારોપિત અન્તરે.[૧૪૩]

'ખોવાયલું બાળક' અને 'જંગલનો મહેમાન' કાવ્યોમાં કવિની બાનીનું સ્વરૂપ બદલાય છે. કવિએ રૂપક શૈલીમાં નિરૂપેલા સિધ્ધાન્તોની અભિવ્યકિત માટે સંવાદશૈલીનો પણ વિનિયોગ કર્યો છે. ભાવને ઉચિત શબ્દરચના કૌશલ તેમજ સરળ મધુર બાની અભિવ્યકિતમાં સચોટતા સાધવામાં ઉપકારક બની રહે છે, જુઓ:

...........

[૧૪૨] એજન,

[૧૪૩] એજન, પૃ. ૧૩૩

પ્રેમના દર્દની ના ના બુદ્ધિગમ્ય પરિસીમા–
પિછાને સંભવે ના ના હૈયાની આર્દતા વિના[144]

તાજી તાજી, અહો. તાજી રાખવી આંસુની સ્મૃતિ
મોંઘેરી પ્રેમની ઉંડી એ છે દુર્લભ ફિલસૂફી[145]

દર્દના અનભિજ્ઞાની! છતાં ઔદાર્ય દાખતાં
ઉંડા ત્યાં સ્નેહનાં સત્વો પ્રભેદાન્તરમાં ખરાં.[146]

કવિએ પોતાનો સ્નેહયોગનો સિધ્ધાન્ત સરળ સચોટ વાનીમાં જંગલનો મહેમાન' કાવ્યની નીચેની પંકિતઓ દ્વારા અભિવ્યકત કર્યો છે.

જેટલું સ્વપણું સ્નેહે, તેટલો સ્નેહ સ્નેહના,
અર્પવું વા ખપી જવું, માગે સેવક સ્નેહના.[147]

જિંદગી અલ્પ છે, એમાં કમાવું સત્ય જીવવું,
આંસુથી પ્રેમના પુરા પ્રભેદો પારખી જવું.[148]

આ કાવ્ય દ્વારા નિરૂપાયેલા ભાવનો નિષ્કર્ષ પણ નીચેની પંકિતઓ દ્વારા સચોટ રીતે રજૂ થયો છે.

હું, તું ને વિશ્વ આખું યે, જંગલે મિજમાન છે,
માર્ગદૃષ્ટા સખે! તેમાં અશ્રુદેવીની લહાણ છે.[149]

...........

[144]એજન, પૃ. ૧૯૬

[145]એજન, પૃ. ૨૦૦

[146]એજન, પૃ. ૨૦૨

[147]એજન, પૃ. ૨૦૩

[148]એજન, પૃ. ૨૦૭

[149]એજન, પૃ. ૨૦૯

'નંદનક્ષેત્ર' કાવ્યમાં કવિની સંસ્કૃતપ્રચુર શૈલી તેમજ ગદ્યાળુ બાની ભાવાભિવ્યક્તિમાં ઉપકારક બનતી નથી કવિની આ મર્યાદાનાં બે દૃષ્ટાંતો જુઓ:

માટું ગણિત તણું જ્ઞાન ઘણું જ કાચું,
પૂરી ભણ્યો ન અધરી હજી બાદબાકી,
ત્યાં આ જ આ નવીન ગણિતી શીખવે છે
અદ્ભુત વસ્તુગણિતે નવું ગુણવાને.[૧૫૦]
o o o

સ્વર્ગીય શાસક નિયન્ત્રણ જ્યાં જડે છે.
કાર્પણ્ય ક્યાં કશું ય ત્યાં કદીયે નડે છે?[૧૫૧]

'હાલા પહાડને' કાવ્ય ગદ્યાળુ બાનીને કારણે ઉત્તમ કોટિનું પ્રકૃતિકાવ્ય બની શકતું નથી. જુઓ:

વાંચેલું મેં સમજણ વિના નામ ભૂગોળશાસ્ત્રે
વાંચ્યાં તારાં સ્મરણ કંઇ છે વિક્રમો ઇતિહાસે
હાલા. તું થી બહુ અવિધી હતો રે! વિરોધી વિજાતિ
અફઘાનો, ને તુરક બલૂચી આરબોને ઇરાની[૧૫૨]

પ્રકૃતિમાં માનવભાવોનું કવિએ કરેલું આરોપણ તેમજ તેની અભિવ્યક્તિમાં ઉપકારક સચોટ કાવ્યબાની આ કાવ્યને કાવ્યદેહ અર્પે છે.

............

[૧૫૦] એજન, પૃ. ૧૫૩

[૧૫૧] એજન, પૃ. ૧૫૦

[૧૫૨] એજન, પૃ. ૧૬૩

કિન્તુ, હાલા! તુજ સ્વરૂપ તો જોઉં છું થાકી જેવું!
જાણે કોઇ પ્રણયતાપસી બાળતો દેહ એવું!
વહાલા હાલા! વિજન વનમાં મૌન ધારી ઉભેલો!
ભાસે થાકી હૃદય દુઃખિયું! ભાર શો છે ભરેલો![153]

બોલી દે તું! તુજ ઉર વિશે ભીતિ શંકા કશી છે?
કે પ્રેમીને ઝૂરવું, તપવું એ જ મીઠું ગમે છે.[154]

'સોરઠી સોમનાથ' કાવ્ય પણ કવિની વિશિષ્ટ પ્રકારની લાક્ષણિક શૈલીની છાપ ઉપસાવે છે, જુઓ:

મદમદિરા આસકત યાદવો સહુ સ્વચ્છન્દી!
સ્વમત, સ્વમાન, સ્વસકત, ક્ષિપ્તઉર, દુર્બલ, દમ્ભી!
કૃષ્ણચન્દ્ર! તુજ ગાન, યાદવોને ન ગમ્યું કાં?
તું યદુકુલનો ભાણ! છતાં કયમ તિમિર રહ્યું ત્યાં?[155]

<u>ખંડકાવ્યોની ભાષાશૈલી</u>:

'વાનપ્રસ્થ અગ્નિહોત્રી' માં કવિએ અનુષ્ટુપ વસંતતિલકા અને મન્દાક્રાન્તા છંદોનો ઔચિત્યપૂર્વક વિનિયોગ કર્યો છે. ખોવાયેલું બાળક માં કવિએ વસંતતિલકા

............

૧૫૩એજન,

૧૫૪એજન, પૃ. ૧૬૪

૧૫૫એજન, પૃ. ૧૬૬

અને અનુષ્ટુપ સાથે ઉપજાતિ અને ઉપેન્દ્રવજ્રા તેમજ 'જંગલનો મહેમાન' કાવ્યમાં શાર્દૂલવિક્રીડિત, અનુષ્ટુપ, ઉપજાતિ અને વસંતતિલકાનો ઔચિત્યપૂર્વક વિનિયોગ કર્યો છે.

ત્રણે ખંડકાવ્યોની ભાષાશૈલી એક જ ઘાટીની છે. આ ખંડકાવ્યોમી શૈલીનું વિશિષ્ટ લક્ષણ કવિએ પ્રયોજેલા શાસ્ત્રાનુસારો પ્રતીકો અને રૂપકોનો વિનિયોગ તાત્ત્વિક પરિભાષાયુકત સંસ્કૃતપ્રચુર શૈલીની કવિની મર્યાદાનું પણ ત્રણેય ખંડકાવ્યોમાં દર્શન થાય છે. 'વાનપ્રસ્થ અગ્નિહોત્રી' અને 'જંગલનો મહેમાન' કાવ્યોમાં તાત્ત્વિક સિધ્ધાંતો સમજાવવા માટે કાવ્યમાં રજૂ થયેલા સ્વપ્નદૃશ્યોની લાક્ષણિક શૈલીને કારણે કવિ પોતાના સિધ્ધાન્ત-નિરૂપણની અભિવ્યકિતમાં સચોટતા સાધી શકયા છે. સૈધ્ધાંતિક વિચારો અને હૃદયંગમ ભાવોને અભિવ્યકત કરવા માટે કવિએ શબ્દરચનાકૌશલ અને ભાવાનુસરી વૃત્તોનો વિનિયોગ કરી સચોટ રીતે સાધેલી અભિવ્યકિત તેમના ખંડકાવ્યોનું વિશિષ્ટ લક્ષણ બની રહે છે. કવિએ પ્રયોજેલા પ્રતીકો રૂપકો અને સ્વપ્નદૃશ્યોને અનુરૂપ કાવ્યમય બાની આ કાવ્યોની વિશેષતા છે. કવચિત સંસ્કૃતપ્રચુર બાની અને તાત્ત્વિક પરિભાષાને કારણે કાવ્યનો ભાવ સહેલાઇથી ગ્રહણ થઇ શકતો નથી. કાવ્યના રસાસ્વાદની દૃષ્ટિએ કવિની ભાષાશૈલીની એ કદાચ સૌથી વિશેષ મર્યાદા બની રહે છે.

'સાગર'ના આધ્યાત્મિક જીવનના અને હૃદયના વિકાસને સમજવામાં ઉપકારક આ ખંડકાવ્યોના અર્થગ્રહણ માટેની પૂર્વભૂમિકા સમજાવની આવશ્યકતા રહે છે. કવિએ પોતે 'વાનપ્રસ્થ અગ્નિહોત્રી' કાવ્યની ટીકામાં કહ્યું છે તેમ કવિતા શરીરનું હાડપિંજર શાસ્ત્રાન્વેષણમાંથી ને રૂધિરમાંસાદિ કલ્પનામાંથી ને પ્રાણ સત્યમાંથી એ રીતે આ વસ્તુની ઉત્પત્તિ છે. 'સાગર'ના સ્નેહયોગના સિધ્ધાન્તોની સચોટ અભિવ્યકિતને કારણે કવિની મર્યાદાને સહૃદયી ભાવક

અતિક્રમી શકે. કવિ 'સાગર'ના કાવ્યો માટે કેટલાક વિવેચકોએ સામાન્ય જનસમાજને 'સાગર'ના કાવ્યો સ્પર્શી શક્યાં નથી એવો અભિપ્રાય દર્શાવ્યો છે તે આ સંદર્ભમાં સમજી શકશે.

'ખોવાયેલું બાળક'માં કવિની સંસ્કૃતપ્રચુર શૈલીની મર્યાદા પણ અદૃશ્ય થતાં શબ્દરચના કૌશલ, ભાવાનુસારી છંદોવિધાન અને સચોટ અભિવ્યકિતના ત્રિવેણીસંગમનો સુમેળ કાવ્યને ઉત્તમ કોટિના ખંડકાવ્ય તરીકે ચિરંજીવ સ્થાન અપાવે છે. ચિત્રાત્મકતા અને સંવાદશૈલી દ્વારા કવિએ નિરૂપેલા પ્રસંગોની સચોટ અભિવ્યકિત કવિની ભાષાશૈલીની અપૂર્વ સિધ્ધિ છે.

બીજા તબક્કાનું કાવ્યમય બાનીમાં હરિણી છંદમાં વ્યકત કરતું આ જ ભાવના વ્યકત કરતું આત્મવિશ્લેષણાત્મક કાવ્ય 'દિદજીવનને દ્વારે' વિગતે જોઈએ. પોતાનો અધ્યાત્મ આદર્શ સિધ્ધ કરવા માટે 'સાગર' પરમાત્માને હૃદયપૂર્વક યાચના કરે છે, જુઓ:

> પુરુષ! પ્રભુ! હો! રોતો લહોતો હું પ્રકૃતિ પામવા,
> દિદજીવનનું માગું માંગુ તું દ્વારા ઉઘાડવા![156]

પોતાના જીવનનો આદર્શ પ્રાપ્ત કરવા માટે કવિએ પ્રેમમાર્ગ સ્વીકાર્યો છે. ગ્રીક પુરાણના પરમાત્મપ્રેમના પ્રતિક તરીકે સ્વીકારાયેલી અમર શિશુની ભાવનાનો વિનિયોગ કરતાં કવિ કહે છે કે:

> અમર શિશુની ઓથે ઓથે નવું કંઇ ચાલવું:
> નયન નમણું મીચી મીચી, નવીન ઉઘાડવું.[157]

............

[156]એજન, પૃ. ૧૧૯

[157]એજન,

માર્ગમાં આગળ વધવા માટે સાગર કૃતનિશ્ચયી બન્યા છે. એમનો પ્રબળ પુરુષાર્થ દર્શાવતી તેમજ માર્ગમાં આગળ વધવાની તીવ્ર ઝંખનાને ઉચિત શબ્દદેહ આપતી નીચેની પંક્તિઓ પણ અહીં નોંધવી જોઇએ.

ઉર અટવીમાં ઊંડુ ઊંડુ તપોવન સ્થાપવું
અજબ ધૂનીએ છૂપું છૂપું નવું તપ તાપવું
તિમિરગઢ આ તોડી તોડી નવું ગ્રગ માપવું
નવીન થઇ જયાં ઝાંખી ઝાંખી, તહીં જ પ્રમાણવું

સહુ સ્થૂલ તણી બાંધી બાંધી હવા થકી છૂટવા
હૃદયશઢને ચીરી ચીરી ભરી પવને નવા.[૧૫૮]

સાગરના પ્રેમયોગના બે મહત્વના લક્ષણો આત્મસમર્પણ અને દેહાધ્યાસનો ત્યાગ સાગરે નીચેની પંક્તિઓમાં દર્શાવ્યો છે. શબ્દપુનરાવર્તનની વિશિષ્ટ શૈલી દ્વારા દ્વિજ જીવનની ભાવના સચોટ રીતે અભિવ્યક્ત કરતી નીચેની પંક્તિઓ જુઓ:

રમણીયપણું રૂડું રૂડું નિહાળી શકું નવું,
કૃપણ ઉર આ ત્યાગી ત્યાગી અતીત હવે થવું.[૧૫૯]

શરીરમયતા ગાળી ગાળી તહીં સમરૂપવું,
બહુ બહુપણું ટાળી ટાળી નવું ફરી જન્મવું.[૧૬૦]

...........

[૧૫૮] એજન,

[૧૫૯] એજન, પૃ. ૧૨૦

[૧૬૦] એજન,

'સાગર'ની માનસિક ભૂમિકા સચોટરીતે કાવ્યમય બાનીમાં અભિવ્યકત કરતું આ કાવ્ય 'દ્વિજજીવનને દ્વારે' આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં મહત્વનું સીમાચિહ્ન બની રહે છે.

'સાગર'ના બીજા તબકકાના કાવ્યો માટે કવિ શ્રી. સુન્દરમે એક જ પ્રકારના વિષય અને વિચારનું પુનરાવર્તન-એવી ટીકા કરી છે. પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટેની સાગરની ઝંખના ઉત્કટ વેદનામાં પરિણમે છે. 'સાગર'ની આ સમયની કવિતામાં મુખ્યત્વે વિશુધ્ધ હૃદયે પરમાત્મકૃપાની યાચના, પોતાના હૃદયની પામર દશા માટેનો અનુશોચ અને હરિવિરહનું રૂદન જ હોય એ સ્વાભાવિક છે. પોતાના અશ્રુયોગના ઉદ્ગારોમાં ઉર્મિની સંવેદનાને ઉચિત શબ્દદેહ દ્વારા કવિ અભિવ્યકિત કરી શકયા નથી. પરિણામે ભાવોચિત શબ્દરચનાનો અભાવ અને ગદ્યાળુ બાનીની કવિ મર્યાદાએ આ પ્રકારનાં કાવ્યોમાં વિસ્તૃત રૂપ ધારણ કર્યું છે.

કૃત્રિમ આડંબરયુકત સંસ્કૃતમય બાની અને કવચિત ગધ્યાળુતાનો સદંતર અભાવ વર્તાય છે ત્યાં કાવ્યમય બાની અભિવ્યકિતમાં સચોટતા સાધવા માટે ઉપકારક બને છે. સચોટ અભિવ્યકિતના બે નમુના આ જ કાવ્યમાંથી જોઇએ.

પૂરો પ્રેમપ્રતાપ, સાફ દિલ વિના જડે ના,
પ્રેમશૌર્યનો તાપ, પાત્ર વિણ સહી શકે ના.
ગૂજરાતી છું ગરીબ, ગીત ગરવાં શાં ગાવાં!
રાખે પ્રભુને રીત, પ્રીતમાં રહેવું, વહાલાં![૬૧]

...........

[૬૧] એજન, પૃ. ૧૭૧

કવિની કાવ્યમય બાનીના બે નમુના 'સાથી છું સર્વદા, બન્ધુ!' કાવ્યમાંથી જુઓ:

કવિકો પ્રેમનાં ચિત્રો, સવોગો ના રચી શકે;
પ્રેમના રંગ તો પ્રેમી, જાતે માત્ર અનુભવે.[૧૬૨]

પ્રેમના પ્રભુના આવા, સાચા સૌ અભિલાષમાં
સાથી છું સર્વદા, બન્ધુ! તારા પ્રેમપ્રવાસમાં.[૧૬૩]

'પ્રાસંગિક' કાવ્યમાં કવિની હૃદયભાવનાનું મનોહર છતાં આબાદ ચિત્ર કવિએ ઉપસાવ્યું છે, જુઓ:

વિપથ-પગને ગોઠેલાને - તસુ ન ઉપાડવો
પ્રણયપ્રભુમાં શ્રધ્ધા રોપી પ્રવાસ વધારવો

પ્રણયરવિનું જયો તિરશ્મિ અનિર્વચનીય જે
પ્રકટ, પ્રભુ ઓ. કીધું હૈયે, હવે પથરાવજે.[૧૬૪]

કવિશ્રી. સુંદરમે 'અર્વાચીન કવિતા' માં દીવાને સાગર દફતર એકના કાવ્યોની ભાષાશૈલીની મર્યાદા પરત્વે આ પ્રમાણે પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે.

'દીવાને સાગર'ના ૭૦૦ પૃષ્ઠના બે ભાગમાં 'સાગર'ની અનેક પ્રકીર્ણ કૃતિઓ સંગ્રહાયેલી છે. એમાંની 'કેલાપી'ની ઢબે લખાયેલી નાની

...........

[૧૬૨] એજન, પૃ. ૧૭૪

[૧૬૩] એજન, પૃ. ૧૭૬

[૧૬૪] એજન, પૃ. ૧૭૭

મોટી કૃતિઓનું મુખ્ય લક્ષણ છે તેમની અસાધારણ શિથિલતા. એક નાનકડી ઊર્મિ કે વિચારની આસપાસ પાનાનાં પાનાં લેખક ભરે છે. આ બધામાંથી ચાર પાંચ જ સઘન ગંભીર કાવ્યો હાથ આવે તેમ છે.[૧૬૫]

શ્રી.સુન્દરમ્‌ની આ ટીકા કવિ 'સાગર'ના આત્મવિશ્લેષણાત્મક છંદોબધ્ધ કાવ્યો માટે સવિશેષ યથાર્થ ઠરે છે.

'રિબાતુ કુરંગ', 'ખોવાયેલું બાળક' અને 'જંગલનો મહેમાન' કવિની આ મર્યાદામાંથી ઉગરી ગયેલાં હોઇ તેમાં કવિની કાવ્યમય બાનીનો ઉત્તમ આવિષ્કાર થયેલો જોઇ શકાય છે 'રિબાતું કુરંગ' માંથી બે દૃષ્ટાંત જોઇએ.

દાઝતું, દોડતું દુઃખી. ધીખતી ધરતી પરે,
બિચારાથી બને તેવી ફલંગો દૂબળું ભરે;
તૃષા લાગેલી છે, વળી ન ડગલાં યે ઉપડતાં,
હવે થાકી સૂતું જમીન પર લાંબુ લથડતાં.

દયાલું દેવ! ઓ મારી, એટલી નમ્ર યાચના—
ક્ષમા! શાંતિસુધા સિંચો! પામો આ મૃગ ચેતના.[૧૬૬]

સંવાદાત્મક સાદી સરળ અને સચોટ શૈલી કવિની બાનીની આ લાક્ષણિકતાનું દર્શન કરાવતાં કેટલાક દૃષ્ટાંતો 'ખોવાયેલું બાળક' અને 'જંગલનો મહેમાન' કાવ્યોમાંથી જોઇએ.

ઓ ચિન્તા દુઃખીથી માતા, બાપડી ગાભરી બની,
સુણેલી આંખમાંથી શી અશ્રુરેલ વહ્યાં જતી.[૧૬૭]

...........

[૧૬૫] 'અર્વાચીન કવિતા', 'સુંદરમ્', પૃ. ૧૯૮

[૧૬૬] 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૧૭૮

[૧૬૭] એજન, પૃ. ૧૯૬

આ શું? અરે! વહી જતી યુવતી ત્વરાથી,
ચાંપે પિયુથી નિજ હાંફ ચડેલ છાતી
વહાલા તમે- પણ વધુ ન વદી શકે છે,
અસ્વસ્થ દમ્પતી ઉરે ભડકા ઉઠે છે.[૧૬૮]

કુરંગ કો એ દવમાં પડયું હતું,
વાચા વિના દર્દ પૂકારતું હતું,
ગરીબડું છેક ઘવાયેલું હતું,
ઠેર્યો અતિથિ શું ઉગારવા પશુ?[૧૬૯]

તપસ્વીના અશ્રુ ચૂમી લઇને,
એથી અજાણ્યું નિજમાં ભરીને,
હવે અતિથિ પ્રતિપાણ ચહાતો,
દે છે રજા જંગલનો દીવાનો![૧૭૦]

'મહાત્મા કલાપીના પ્રેમયોગી હૃદયને'માં કવિએ પ્રયોજેલી ડોલનશૈલી કવિને ન્હાનાલાલના સફળ અનુકરણકાર તરીકેનો યશ સહેજે પ્રાપ્ત કરાવી આપે એવી સમૃધ્ધ છે. ડોલનશૈલીની શકિત- મર્યાદા ઉભયનું વિસ્તૃત રૂપ આ કાવ્યમાં જોઇ શકાય છે. કેટલાક નમુનાઓ જોઇએ:

ઓ સુર હૃદય! કયાં ફૂલડે પૂંજું તુંને?
સોના રૂપાનાં તો ખપે નહીં:
ને કદાપિ હાથ લાધે હીરા માણેકનાં,
તો ય વધાવા દે નહીં: ત્યારે? [૧૭૧]

...........

[૧૬૮] એજન, પૃ. ૧૯૯

[૧૬૯] એજન, પૃ. ૨૦૫

[૧૭૦] એજન, પૃ. ૨૦૭

[૧૭૧] એજન, પૃ. ૧૩૩

આંસુનું તો હૈયું હિમાયતી છે.
પૂજું છું પણ આંસુડાંને જ ફૂલડે,
ને અર્પણ લાવ્યો છું તોય એવું જ.
એ તો દેવે દીધાં, લાધ્યાં, આજ જ પૂજાજોગ થયાં.[૧૭૨]

o o o

આંસુડાનો મહિમા મોટેરો છે.
આંસુડા તો અમર રસનાં બિન્દુડાં;
આંસુડાંમાં તો સન્તાકૂકડી રમતાં રવિરશ્મિ:
ખોળી કાઢે સ્નેહનાં કોઇ હોય સાધુ સાધ્વી તો
આંસુ તો પ્રભુજીની પરમ બક્ષિસ,
મોંઘેરી ને દુર્લભ.[૧૭૩]

o o o

ઓ આંસુના ઉપાસક! સફલ ઉપાસક!
તને આંસુનું નમન.
આંસુના ઉપાસકને આંસુનું જ.
આંસુના તે શાશ્વત સ્મિતનાં.
ને આંસુના તે જ લોહીનાં.
તેં આંસુના સાગર ઉલટાવ્યા
તું આંસુનો ઉપાસક મીમાંસક નહીં![૧૭૪]

...........

[૧૭૨] એજન, પૃ. ૧૩૪

[૧૭૩] એજન, પૃ. ૧૩૫

[૧૭૪] એજન, પૃ. ૧૩૬

આ અર્પણ છે.
એક તરંગમાલિકા છે
આંસુડે આંસુડે ગૂંથેલી છે.
રસ નથી સુષ્ઠુત્વ નથી તેમાં:
નથી એ કુસુમમાલા કે કવિની કવિતા.
ઊણા - અધૂરા હૈયાનું કોઇ આછેરું ચિત્ર છે.[૧૭૫]

'થાકેલું હૃદય' કથાકાવ્યના આ અર્પણપત્ર દ્વારા સંક્ષિપ્ત સૂત્રાત્મક શૈલીમાં મનોહર પંક્તિઓ દ્વારા ડોલનશૈલીમાં રજૂ કરેલાં કેટલાંક સનાતન સત્યો આ પ્રમાણે છે:

સ્વર્ગનો નિવાસી તે દેવ:
સ્નેહથી અધિકું સ્વર્ગ નહીં.
ભર્ગપુરીમાંથી શાશ્વત વચનો તે દેવનાં:
સ્નેહનો સહચારી તે દેવ
ને અસહચારી તે અસુર.[૧૭૬]
પ્રેમ પોતે પ્રભુ છે.
પ્રેમ એટલે સ્વાર્પણ:
આન્તર બાહ્ય સર્વસ્વ સમર્પણ:
પ્રેમ પ્રેમાસ્પદને પ્રેમી
ધ્યાન, ધ્યેય ને ધ્યાતા:
એ પ્રવાહ પોતે પ્રભુ છે.[૧૭૭]

'સાગર'ની રુચિર, મનોહર પ્રૌઢ શૈલીનો પરિચય કરાવતા આત્મ-વિશ્લેષણાત્મક કાવ્ય 'મૂર્છના'માંથી કવિની કાવ્યમય બાનીનું દૃષ્ટાંત જોઇએ:

...........

[૧૭૫] એજન, પૃ. ૧૩૭

[૧૭૬] એજન, પૃ. ૧૩૮

[૧૭૭] એજન, પૃ. ૧૪૩

રે! પ્રેમી કોણ કદીયે, અહ! પ્રેમ ભૂલ્યું?
કોણે પીધું વિષ નસેનસમાં ન ફેલ્યું! [१७८]

કવિની સનમ(પ્રિયા) સ્વરૂપની વિભાવના સમજાવતી નીચેની પંક્તિઓ પણ કવિની સમર્થ ભાષાશૈલીનો યથાર્થ પરિચય કરાવે છે.

માશૂક• મારી નથી કેવળ કલ્પનાની,
ના વા હવાઇ મુજ પૂતળી ભાવનાની,
જ્યોતિષ્મતી ભગવતી મુજ વિશ્વરૂપા:
શી ભવ્યતા! નીરખતાં, અહ! થાય મૂર્છા.

માશૂક ના નથી જ પ્રાકૃત દેહધારી
વા સ્થૂલ નેત્ર તણું માત્રનલક્ષ થાતી,
એ મૂર્તિ સૂક્ષ્મતમ વિશ્વ બધાંની સત્તા-
માશૂક એ પ્રભુ! અનુભવું જે પ્રભુતા. [१७९]

એક સફરજનને કાવ્યમાં અભિવ્યકત થયેલો જીવનસિદ્ધાંત પણ કવિની કાવ્યમય બાનીની પ્રતીતિ કરાવે છે.

ના ના જોવાય હું થી આ, તું યે જાણે અમી ઝરે,
ના ના સત્ય ફરે કિન્તુ, આંસુડે પ્રશ્ન વિસ્તરે. [१८०]

એક પ્રસ્તાવના કાવ્યમાં પણ સિદ્ધાન્ત નિરૂપણની અભિવ્યકિતમાં ભાષાશૈલીની ઉપકારકતા ખાસ ધ્યાન ખેંચે છે.

...........

[१७८] એજન, પૃ. २६०

[१७९] એજન, પૃ. २६६

[१८०] એજન, પૃ. १३३

જ્ઞાનના જાણનાર એ, જ્ઞાનવાદે સુખી થવું,
સ્નેહના સ્નેહીને મારે, મૂર્ખતામાં મહાલવું.[૧૮૧]

મળે ના જ્ઞાન ત્યાં સુધી, વહાલી છે ઉરશૂન્યતા,
અને, એથી વધુ વહાલી અત્યારે મુજ મુર્ખતા.[૧૮૨]

વહે છે લોહીમાં મારા, પ્રેમધર્મની ચેતના
જીવતાં મરતાં મારી, એની એ આત્મઘોષણા[૧૮૩]

'સ્વાર્પણવિચાર' ની નીચેની પંકિતઓ પણ ઊર્મિના પ્રબળ આવેગને ઉચિત કવિના શબ્દરચનાકૌશલની પ્રતીતિ કરાવે છે.

મારો પ્રેમ મને રક્ષે, તમે ક્ષુબ્ધ થશો નહીં,
હું કાજે કોઇયે વહાલાં, અર્પણો કરશો નહીં.[૧૮૪]

'એક મહાન ભૂલ' બીજા તબકકાનું છેલ્લું મહત્વનું આત્મવિશ્લેષણાત્મક કાવ્ય છે. કવિના હૃદયગત ભાવોને ઉચિત ભાષાશૈલી દ્વારા કાવ્યદેહ અપાયો હોઇ આ કાવ્ય કવિની માનસદશા તેમજ સ્નેહયોગનો કવિનો જીવનસિધ્ધાંત સમજવામાં ખૂબ ઉપકારક બની રહે છે. જુઓ:

ના ના ભૂલ કબૂલતાં શરમ ના, ના ક્ષુબ્ધતા માનવી,
પોતાની જ કબૂલ ભૂલ કરતું ઊંચે જતું માનવી.[૧૮૫]

...........

[૧૮૧]એજન, પૃ. ૩૦૦

[૧૮૨]એજન, પૃ. ૩૦૧

[૧૮૩]એજન, પૃ. ૩૦૪

[૧૮૪]એજન, પૃ. ૩૦૬

[૧૮૫]એજન, પૃ. ૩૦૯

અજબ પ્રભુકૃપાની ભવ્યમૂર્તિ પ્રાતાપી
વિમળ સુર વિભૂતિ હૈયું ચંપાઇ ચાંપી
હૃદયપટ ઉઘાડી બ્રહ્મમૂર્તિ બતાવી,
ગહન વિધિ વડે તે મોક્ષની આપી ચાવી.[૧૮૬]

જ્ઞાનીને પ્રભુથી જુદું ના ના વિશ્વ જ સંભવે,
જોગીને જગની સાથે ના ના સંબન્ધ પાલવે.[૧૮૭]

એક મહાન ભૂલ કાવ્ય હૃદયની ઊર્મિના પ્રબળ આવેગને કારણે તેમજ હૃદયની માનસિક ભૂમિકામાંથી પસાર થતા મુમુક્ષુના અનુભવભંડારના જીવનમૌકિતકોની અભિવ્યકિત માટે કવિએ છંદોવિધાનમાં દાખવેલી કુશળતા તેમજ ઔચિત્યને કારણે નોંધપાત્ર બની રહે છે. આ કાવ્યમાં નિરૂપાયેલા વિચારોની અભિવ્યકિતમાં ભાષાશૈલીની ઉપકારકતા ખાસ ધ્યાન ખેંચે છે.

સંસ્કૃતપ્રચુર ગધ્યાળુ બાનીના અભાવને કારણે કવિના વિચાર સંભારને મનોહર કાવ્યદેહ પ્રાપ્ત થાય છે. સાગર ની કાવ્યમય બાનીના કેટલાક ઉત્તમનમુનાઓ જોઇએ.

નથી આશાદીપ્તિ, તરણબલ હૈયે નથી, પ્રભો!
છતાં, શ્રધ્ધા તુંમાં- તુજ પ્રભુકૃપા સર્વ મુજ હો![૧૮૮]

હૈયું ને બુધ્ધિ બે જુદાં , ત્યાં ચોખ્ખો વ્યભિચાર છે,
એ બેનાં ઐકયમાં સાચા સ્નેહનો સહચાર છે.[૧૮૯]

...........

[૧૮૬] એજન, પૃ. ૩૧૨

[૧૮૭] એજન, પૃ. ૩૧૪

[૧૮૮] એજન,

[૧૮૯] એજન, પૃ. ૩૧૬

પૂજે કૃષ્ણપ્રભુ કોઇ, હું પૂજું મુજ રાધિકા,
સંજ્ઞા તદપ્રભુની મારી શાશ્વતી કૃષ્ણકારિકા.[૧૯૦]

રોપી ધ્યેય ઉરે ગોપી જાણે સંસાર વ્યર્થ છે.
એવું ગોપી બન્યા વિના કૃષ્ણભકિત નિરર્થ છે.

જનોની, જનસ્નેહીની મર્યાદા સર્વ લોપીને,
એકમાં, સૌ જુવે વિશ્વો, એનું નામ જ ગોપી છે.[૧૯૧]

જીવાત્મા દોડતો, કિન્તુ, માર્ગો બન્ધ પ્રવાસના,
છૂપેલી સૂક્ષ્મ સૃષ્ટિમાં, જયાં સુધી કોઇ વાસના,[૧૯૨]

મીંચું છું નેત્ર બસ! છેલ્લું જ જોઇ જોઇને,
ઓ જીવ! તું પ્રભુ વિના ન ભજીશ કોઇને.[૧૯૩]

રોતાના આંસુડાં ચોખ્ખાં, પ્રભુનો હસ્ત લૂછતો
જાતે જોગીની નાડીમાં પ્રાણ કુમ્ભક પૂરતો.[૧૯૪]

...........

[૧૯૦]એજન, પૃ. ૩૧૭

[૧૯૧]એજન, પૃ. ૩૧૮

[૧૯૨]એજન, પૃ. ૩૨૧

[૧૯૩]એજન,

[૧૯૪]એજન, પૃ. ૩૨૭

૪. અભિવ્યક્તિ:

વિષયવસ્તુ - વિચાર સંભાર, છંદોવિધાન અને ભાષાશૈલી દ્વારા કવિએ અર્પેલો કાવ્યદેહ હવે તપાસીએ.

સૌ પ્રથમ વિષયદૃષ્ટિએ વર્ગીકરણ કરીને મૂલ્યાંકન કરવાનો ક્રમ ઉચિત માન્યો છે.

૧. અંજલિકાવ્યો:

'પિતૃવિરહ', નિવાપંજલિ અને 'સ્વર્ગે વસેલા પ્રિય જનકને' કાવ્યોમાં કવિએ પોતાના સદ્ગત પિતાના જીવન કાર્યને અંજલિ અર્પી છે.

કૃત્રિમ આડંબરયુક્ત ગદ્યાળુ બાની, સંસ્કૃતપ્રચુર શૈલી, છંદોવિધાનમાં શિથિલતા અને શબ્દરચનાકૌશલના અભાવને લીધે કવિ વિષયવસ્તુની અભિવ્યક્તિમાં સચોટતા લાવી શકયા નથી. આ ત્રણ કાવ્યોમાંથી ભાગ્યે બે ત્રણ સઘન પંક્તિઓ હાથ લાગે તેમ છે. જુઓ:

ખરે સાચી પાડી, અધિક અધૂરું પૂર્ણ કરવા,  
ગયો જાણે જાતે, પરમ હરિ પ્રત્યક્ષ યજવાં.[૧૯૫]

આ પંક્તિઓમાં થયેલી ભાવની સચોટ અભિવ્યક્તિ ખાસ ધ્યાન ખેંચે છે.

હૃદયની ઊર્મિ - વ્યથાને ઉચિત કલાદેહ અર્પતી આ પંક્તિઓ પણ અહીં નોંધવી જોઇએ.

છે ચક્ષુ પરિપૂર્ણ અશ્રુ ભરીઆં, સાલે સ્થિતિ દુઃખદા  
શી રીતે વરણાય આ કલમથી! હા!હા! અનિર્વાચ્યતા[૧૯૬]

...........

[૧૯૫] 'દીવાને સાગર' દફતર ૧, પૃ. ૩૫

[૧૯૬] એજન, પૃ. ૨૧

સ્વર્ગે વસેલા પ્રિય જનકને કાવ્યમાં ત્રોટક છંદની પંક્તિઓના પંડકોનો અનુપ્રાસ મેળવી લાક્ષણિક રીતે ભાવની અભિવ્યક્તિમાં સચોટતા સાધવાની કવિની યુક્તિ આ કાવ્યને કરુણ પ્રશસ્તિઓમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરાવી આપે છે:

પ્રતિમા તુજ એ પૂજતાં પૂજતાં,
તુજ જીવનપન્થ અનુસરતાં,
પડતાં પડતાં,
ઉઠતાં ઉઠતાં,
અવલમ્બન તારું વળી મળતાં,
હિત, સ્નેહ, દયા ભણતાં ભણતાં,
તુજ રૂપ થવા રટતાં રટતાં,
ભવસાગર આ ભમતાં ભમતાં,
ડૂબતાં ડૂબતાં
ડૂબતાં તરતાં
પ્રિય! આખર આવી મળીશ હું ત્યાં.[૧૯૭]

૨. <u>પ્રકૃતિ વિષયક કાવ્યો</u>:-

સાગરના પ્રકૃતિવિષયક કાવ્યોની લાક્ષણિકતા - તાત્વિક અર્થઘટન માટે પ્રકૃતિના તત્વોના અવલંબન માટે 'કુદરતનું શિક્ષણ', 'વહાલું ફૂલ' 'સરિતાને' 'અજાણ્યું ઝરણું' અને 'હાલા પહાડને' કાવ્યો નોંધપાત્ર બની રહે છે.

...........

[૧૯૭] એજન, પૃ. ૫૫

મુંબઇથી પુના જતાં કવિએ માણેલા પ્રકૃતિ સૌન્દર્ય દ્વારા કવિને પ્રાપ્ત થતું કુદરતનું શિક્ષણ સચોટ રીતે નિરૂપાયું છે. કવિની મનોહર કલ્પનાનું એક દૃષ્ટાંત જુઓ:

અહો! શા સુન્દર અડગ, ઉદાર,
ગૂઢ, પચરંગી, પરમ વિશાળ
શૈલશૃંગે લીલુડા શૃંગાર;
દેવનો દિસે ગુપ્ત દરબાર.[૧૯૮]

અન્ત્યાનુપ્રાસના વિનિયોગ દ્વારા કવિના શબ્દરચના કૌશલની પ્રતીતિ કરાવતી નીચેની પંક્તિઓ જુઓ:

નીલુ આ મૃદુતમ ચારુ ઘાસ
વાસ મૃદુતાનો ચારે પાસ

કરૂણતમ સુન્દર, દિવ્ય તમામ !
ક્લેશ, કાર્પણ્ય લેશ નહીં નામ.[૧૯૯]

કુદરતમાં રહેલી આર્દ્રતા અને વિશાળ સ્નેહદૃષ્ટિ તેમજ પોતાનામાં રહેલી મૂઢતા અને સંકુચિત રાગના વૈષમ્યને સચોટ રીતે અભિવ્યક્ત કરતી આ પંક્તિઓમાં કવિની કાવ્યમય બાનીની પ્રતીતિ થાય છે.

...........

૧૯૮ એજન, પૃ. ૬૮

૧૯૯ એજન, પૃ. ૬૯

કુદરતે વહે કૃપાનાં પૂર!
હૃદયમાં પૂરો નવું નવું નૂર!
મૂઢ હું માયામાં ચકચૂર!
માન, મન, રાગભર્યાં ભરપૂર![200]

'વ્હાલું ફૂલ'માં કવિએ સુન્દર મૃદુ પુષ્પને જોઇને પોતાના હૃદયમાં ઉદ્ભવેલા વિચારોને શબ્દદેહ આપ્યો છે. ત્રોટક છંદની કુશળતાપૂર્વકની આયોજના અભિવ્યકિતની સચોટતા સાધવામાં ઉપકારક બને છે. જુઓ:

રમતાં રમતાં, તરતાં તરતાં,
સરિતા રસમાં દ્રવતાં દ્રવતાં,
　　જળમાં હું ઘૂમ્યો
　　ઉર હોંશભર્યો![201]

આ પુષ્પને નદીમાં તણાતું જોઇને તેને પ્રાપ્ત કરવાનો કવિ પ્રયત્ન કરે છે. આ પ્રયત્નમાં સફળ થતાં કવિને થયેલા આનન્દની અભિવ્યકિત આ પ્રમાણે થઇ છે.

મળ્યું આખર એ મળ્યું ફૂલ મને
પૂજું એ પ્રભુતા, બસ શાં જતને
ટકશે અહીં કે નહીં જાણું હું એ![202]

...........

[200] એજન, પૃ. ૭૦

[201] એજન, પૃ. ૧૦૭

[202] એજન,

આ આખુંયે કાવ્ય રૂપકશૈલીમાં લખાયું છે. કવિએ પોતાની પ્રણય — મીમાંસાના સંદર્ભમાં કરેલું અર્થઘટન આ કાવ્યની લાક્ષણિકતા છે.

'સરિતા'ને કાવ્યમાં પણ કવિએ પોતાના હૃદયભાવોને વ્યકત કરવા માટે રૂપક શૈલી દ્વારા પ્રકૃતિનું અવલંબન લીધું છે.

આ વિશિષ્ટ પ્રકારની શૈલી 'સાગર' ના પ્રકૃતિકાવ્યોની લાક્ષણિકતા છે. આ કાવ્યો દ્વારા સાગરને અભિપ્રેત અર્થઘટન આ પ્રમાણે કરી શકાય. કવિને અભિપ્રેત સરિતા તે સ્નેહસરિતા. કવિતાએ સ્નેહનું ગાન. કવિનું સ્નેહપાત્ર તે પુષ્પ.

કવિની અભિવ્યકિતની આ લાક્ષણિક શૈલી દ્વારા આ કાવ્યનું રહસ્ય સમજી શકાશે. 'સરિતા'ને કાવ્યમાં કવિએ ત્રોટક છંદના ઔચિત્યપૂર્ણ વિનિયોગ દ્વારા સચોટ રીતે સરિતાને ઉદ્બોધન કર્યું છે.

જુઓ:

પ્રભુતા વહતી
વિભુની વિભૂતિ!
જડમાં નવું ચેતન તું પૂરતી![૨૦૩]

કવિની રૂપકશૈલીનો પરિચય કરાવતી નીચેની પંકિતઓ જુઓ:

કવિતા હૃદયે મુજ એક જ એ,
સરિતા કાવતા!
ફૂલડું કવિતા.!
મુજ સ્નેહ બધો મુજ એ કવિતા.
કવતી કવિતા તું અનંત, સખિ!
સુણવા અધિકાર હતો ન જરી! ૨૦૪

...........

૨૦૩ એજન, પૃ. ૧૧૩
૨૦૪ એજન, પૃ. ૧૧૪

'અજાણ્યું ઝરણું' કાવ્ય પણ કવિની રૂપક શૈલીનું લાક્ષણિક દૃષ્ટાંત છે. ઝરણાના ઉદ્ભવસ્થાનમાં અને પોતાના પ્રણયપંથમાં કવિ સામ્ય નિહાળે છે. જુઓ:

પ્રભુના – પ્રેમીના, પ્રિયતમ છબિના સ્મરણમાં,
હશે કૈં કે સામ્ય પ્રણયપથને આ ઝરણમાં ?
વિચારે। એવામાં ઝરણ ભાગી નિ:શબ્દ પગલે,
જતો કાંઠે કાંઠે અતિશય હું આતુર નજરે! [205]

પ્રકૃતિના અવલંબન દ્વારા પ્રેમયોગના સિધ્ધાન્તોની અભિવ્યકિત માટે નોંધપાત્ર કાવ્ય 'વ્હાલા પહાડને' માં ઉપમા શૈલી દ્વારા પ્રણય યોગી 'સાગરે' વ્હાલા પહાડ સાથેનું પોતાનું સામ્ય દર્શાવ્યું છે. કવિના પ્રકૃતિ વિષયક કાવ્યોમાં સિધ્ધાન્ત નિરૂપણની સચોટતા માટે કવિએ પ્રયોજેલી લાક્ષણિક રૂપક શૈલીને કારણે આ કાવ્ય નોંધપાત્ર બની રહે છે, જુઓ:

બોલી દે તું! તુજ ઉર વિશે ભીતિ, શંકા કશી છે?
કે, પ્રેમીને ઝૂરવું, તપવું એ જ મીઠું ગમે છે. [206]

કિન્તુ, વ્હાલા! તુજ સ્વરૂપ તો જોઉં છું થાકી જેવું.
જાણે કોઇ પ્રણયતપસી બાળતો દેહ એવું!

પ્રેમયોગી માટે તો પોતાની કુટિલ નારકી નિજતા નો પ્રણયતપશ્ચર્યા દ્વારા લય કરવાનું જ જીવનકાર્ય પોતાને આદરવાનું છે એ સિધ્ધાન્તની મન્દાક્રાન્તા છંદની ઔચિત્યપૂર્ણ આયોજના દ્વારા કવિએ સચોટ અભિવ્યકિત કરી છે, જુઓ:

...........

[205] એજન પૃ. ૧૧૪

[206] એજન પૃ. ૧૬૪

હું એકાકી નથી નથી, સખે! માનું તો ભ્રાંતિ છે એ:
એકાકીના પ્રણયપુરી કો પામતું ભર્ગ દેશે:
એકાકી તો કુટિલ નિજતા નારકી માત્ર, વહાલા!
ઓ ભસ્મા ંગી! પરમય થતો તું તપે! ધન્ય હાલા![207]

આમ, પ્રકૃતિ વિષયક કાવ્યોમાં પોતાના સ્નેહયોગના સિધ્ધાન્તોને અનુરૂપ અર્થઘટન માટે પ્રયોજાયેલી ઉપમા કે રૂપક શૈલી તેમજ પ્રકૃતિનું અવલંબન કવિની લાક્ષણિકતા છે. એ દૃષ્ટિએ આ કાવ્યો વિશિષ્ટ પ્રકારની છાપ ઉપસાવે છે.

3. <u>પ્રાસંગિક કાવ્યો</u>:

પ્રથમ તબકકાનાં પ્રાસંગિક કાવ્યોમાં 'કોઇ ચાલી ન દેશે', 'અતિથિ દેવદૂતને', 'પોતાને પગ ચાલજે' અને 'નવું વરસ' કાવ્યોનો ઉલ્લેખ કરવો અનિવાર્ય બની રહે છે. બીજા તબકકાનાં પ્રાસંગિક કાવ્યો લેખે 'ઇ.સ. ૧૯૦૯ નવું વરસ' 'હોળી' 'મકાનને સલામ' 'ચાંદલો ચહોડવા જહાનારને' 'નંદનક્ષેત્ર' 'ધારામતીને' 'સોરઠી સોમનાથ', 'રિબાતુ કુરંગ' અને 'ખોવાયેલું બાળક' વિગતે તપાસવાં જોઇએ.

'કોઇ ચાલી ન દેશે' કાવ્ય બુધ્ધિપૂજા કરનાર સંકુચિત માનસ ધરાવતાં પોતાના મિત્રને ઉદ્દેશીને રચાયું છે. મન્દાક્રાન્તા અને શિખરિણી છંદોનો સુમેળ, બંને છંદો પરનું કવિનું પ્રભુત્વ, ભાવોચિત છંદ પરિવર્તનની સૂઝ અને મનોહારી ભાષા શૈલી દ્દારા સચોટ અભિવ્યકિતને કારણે આ કાવ્ય નોંધપાત્ર બની રહે છે. કાવ્યની અંતિમ પંકિતઓમાં કવિએ પ્રબળ પુરુષાર્થ દ્દારા જીવનના માર્ગમાં આગળ વધવાનો અનુરોધ કર્યો છે, જુઓ:

...........

207 એજન,

રે! રે! ભાઇ અવર જનકો કોઇ કયાંથી કહેશે?
થાકેલાંના ચરણ દુ:ખતાં કોઇ ચાલી ન દેશે.[૨૦૮]

જીવનની ક્ષણિકતાનું ભાન કરાવતાં અતિથિદેવ કવિના દેહની ઝૂંપડીમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે રચાયેલું કાવ્ય 'અતિથિ દેવદૂતને'માં કવિએ જીવનની ક્ષણિકતા વિશે ગંભીર ચિંતન રજૂ કર્યું છે.

હું શીખ્યો કે, અહીં અમરતા સ્થૂલને કયાંય છે ના!
જયાં મૂર્તિ ત્યાં ક્ષણિક સ્થિરતા! ત્યાં ઉધામા શું મિથ્યા?[૨૦૯]

મન્દાક્રાન્તા પરનું કવિનું પ્રભુત્વ દર્શાવતી કાવ્યની નીચેની પંકિતઓમાં જગતની સ્થૂળતાનો પદાર્થપાઠ આપતા અને તે દ્વારા કવિની અંતરદૃષ્ટિ ઉઘાડી પ્રાણશુધ્ધિ માટે પ્રેમયોગની અનિવાર્યતાની પ્રતીતિ કરાવતા અતિથિનેતાવને કવિ સ્નેહભર્યું આમંત્રણ આપે છે. જીવનસિધ્ધાંતની સચોટ લાક્ષણિક અભિવ્યક્તિ માટે આ કાવ્ય નોંધપાત્ર બની રહે છે. જુઓ:-

આવજો, આવજો દેવ! અહીં દેહ પ્રદેશમાં,
પધારી, પ્રાણશુધ્ધિનાં પ્રેમસૂત્ર પઢાવજો.
સિધાવો, અતિથિદેવ! આવજો હાં! પુન: પુન:
પ્રેરવા કૈં નવું પુણ્ય અન્તદૃષ્ટિ ઉઘાડવા.[૨૧૦]

પોતાની પત્ની સાથેના સૈધ્ધાંતિક મતભેદનું નિરૂપણ કરતા પ્રાસંગિક કાવ્ય 'પોતાને પગ ચાલજે'માં પોતાના હૃદયની દશા અને જીવન સિધ્ધાંતની સચોટ અભિવ્યકિત માટે વસંતતિલકા અને અનુષ્ટુપ છંદોનો સુમેળ સધાયો છે.

...........

[૨૦૮] દીવાને સાગર, દફતર ૧, પૃ. ૪૧

[૨૦૯] એજન, પૃ. ૪૩

[૨૧૦] એજન, પૃ. ૪૪

કવિના હૃદયભાવને કલાદેહ અર્પતી નીચેની પંક્તિઓ જીવન સિધ્ધાંત પ્રમાણે દૃઢપાલન – આચરણ અને જગતની સ્થૂલ જડતા પ્રત્યેની અરુચિ–કવિના વ્યકિતત્વના આ લાક્ષણિક ગુણોનો યથાર્થ પરિચય કરાવે છે, જુઓ:

આ નાશવન્ત સુખ સર્વ મને ગમે ના!
રે સ્થૂલ. સ્થૂલ તણી પાશવતા રુચે ના.[૨૧૧]

કવિના જીવન સિધ્ધાંતનું કાવ્યમય બાનીમાં સચોટ નિરૂપણ કરતી નીચેની પંક્તિઓ જુઓ:–

છે કામમાં ન પુરુષત્વ, અસુરતા છે:
ને ભિન્ન વિશ્વથી થવું, મુજ કામના એ:
આ વિશ્વમાં તું વસજે, મુજને ન પર્વા,
તારી ય વિશ્વની, ન, વિશ્વની કીર્તિની વા.[૨૧૨]

ભાવોચિત છંદ પલટા દ્વારા અનુષ્ટુપની નીચેની પંક્તિઓમાં 'સાગર' પોતાનો દૃઢ નિર્ણય સચોટ રીતે અભિવ્યકત કરી પોતાની પત્નીને માર્ગમાં આગળ વધવા માટે જાતે પુરુષાર્થ આદરવાનો બોધ આપે છે.

બધાં છે તેમ તું યે છે: મારો પન્થ નહીં ફરે,
વધવું હોય સાથે તો પોતાને પગ ચાલજે.[૨૧૩]

ઇ.સ. ૧૯૦૮ ની ૧ લી જાન્યુઆરી એ ત્રોટક છંદમાં રચાયેલું કાવ્ય 'નવું વર્ષ' પ્રાસંગિક છે. કવિએ આ કાવ્યમાં પોતાના હૃદયની લઘુતા ગ્રંથિને દૂર કરી પોતાને સાચા માનવી બનાવવાની ભાવના રજૂ કરી છે. જીવનના

...........

[૨૧૧] એજન, પૃ. ૫૦

[૨૧૨] એજન,

[૨૧૩] એજન.

વિકટ માર્ગમાં આગળ પ્રયાણ કરવા માટે બળ આપવા તેમજ નિયામક થવા માટે પરમાત્માને વિનંતી કરી છે. ત્રોટક છંદ પરનું કવિનું પ્રભુત્વ તેમજ ભાવને ઉચિત શબ્દરચનાને લીધે આ કાવ્ય કવિના પ્રાર્થનાગીતોમાં વિશિષ્ટ ભાત પાડે છે:

અમને બળ દે,
પ્રભુ! તું ચડવા!
અમ દૃષ્ટિ તણો
તું નિયામક થા!
મનુબાલ યથાર્થ મનુષ્ય બને,
હિત જાત તણું દિલમાં ન ચહે,
હૃદયે લઘુતા નહીં લેશ રહે,
પ્રભુ! વ્યક્તિ સમષ્ટિ જ કાજ જીવે!
હૃદયે તમવાસ વિદૂર કરો!
નવ વર્ષ વિશે નવું જીવન દો![૨૧૪]

સમાજ સુધારણાના એક માત્ર ધ્યેયને માટે નિષ્પક્ષ રીતે મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ માટે પોતાના તંત્રીપદે સાગરે મોઢ બ્રાહ્મણ તેમજ મોઢ બ્રાહ્મણ શુભેચ્છક માસિક ચલાવતા હતા. એમની આ પ્રવૃત્તિ પાછળ રહેલી ભાવના તેમજ સમાજવિરોધી તત્ત્વો સાથે પોતાના ધ્યેયમાં મક્કમ રહેવાનો દૃઢ નિર્ણય રજૂ કરતું સત્યવિજય કાવ્ય સાગરના વ્યક્તિત્વનો યથાર્થ પરિચય કરાવે છે. સમાજ સુધારણાની પ્રવૃત્તિ માટેનો અદમ્ય ઉત્સાહ, કર્તવ્યપાલનમાં દૃઢ શ્રધ્ધા, નિષ્ઠા અને સત્ય નીતિ તેમજ પ્રામાણિકતાયુક્ત જીવન સાગરના આ વિશિષ્ટ ગુણોનું ભાવવાહી હરિગીતમાં સચોટ દર્શન કરાવતી નીચેની પંક્તિઓ જુઓ:

...........

[૨૧૪] એજન, પૃ. ૭૧

છોને અનેકાનેક તલ્વારો ઝઝૂમે શિરપરે,
છોને બુરાઇ માનીને મિત્રો બધા વેરી બને;
છોને દયાહીન દુશ્મનો બહુ ઝુલ્મી લશ્કર મોકલે,
તો યે,ડરે ના જે કલમ, હિત, સત્ય, સ્નેહ અનુસરે.[૨૧૫]

ઇ.સ. ૧૯૦૮ ની સાગરની ત્રણ વિભિન્ન ક્ષેત્રોની પ્રવૃત્તિ- સમાજ સુધારણા, સાહિત્યિક અને આધ્યાત્મિક - અંગેની સત્યવિજય માં દર્શાવેલી આ ભાવના સાગરનું જીવન સૂત્ર હતી. સાગરનું આ જીવન સૂત્ર તેમનું દૃઢ મનોબળ, સત્યનિષ્ઠા અને સમસ્ત વિશ્વના હિતની પ્રબળ ભાવનાનું દર્શન કરાવે છે.

બીજા તબક્કાના પ્રાસંગિક કાવ્યોમાંનુ પ્રથમ કાવ્ય ઇ.સ. ૧૯૦૯ નવુ વરસ - માં નવા વર્ષે કવિએ વ્યકત કરેલી હૃદય ભાવના અને પરમાત્મ કૃપાની યાચનાનો મનોરમ ભાવ નિરૂપાયો છે. જીવનમાં નવુંચેતન અર્પવા તેમજ પોતાની આંતર દૃષ્ટિનો વિકાસ કરવાની યાચના પણ આ કાવ્યમાં વ્યકત થઇ છે. પરમાત્માના સ્નેહનું અમીઝરણું જોવાનો અધિકાર પોતાને પ્રાપ્ત થાય અને તે દ્વારા પોતે આંતરબાહ્ય અભિન્નતા અનુભવી શકે એવી હૃદયગંમ ભાવનાની અભિવ્યકિતમાં એની પંકિતઓ દ્વારા કાવ્યમય બાનીમાં થઇ છે, જુઓ:

પ્રભુ! હો! તુજ સ્નેહ અમીઝરણું,।
વહતું વણમાંગ્યું અનન્તગણું ।
અધિકાર વધાર, વિલોકી શકું!
પ્રભુ આન્તર બાહ્ય અભિન્ન બહું![૨૧૬]

...........

[૨૧૫] એજન, પૃ. ૭૩

[૨૧૬] એજન, પૃ. ૮૬

પ્રાસંગિક કાવ્ય 'હોળી' માં રૂપક શૈલી દ્વારા કવિએ પોતાની દૃષ્ટિએ હોળીના પર્વનું રહસ્ય સમજાવ્યું છે. કવિએ કરેલા તાત્વિક રહસ્યયુકત અર્થઘટનના સંદર્ભમાં, આ કાવ્ય સવિશેષ નોંધપાત્ર બની રહે છે. રૂપક શૈલી દ્વારા લાક્ષણિક બાનીમાં પોતાના હૃદયની દશા અભિવ્યકત કરતા આ આત્મવિશ્લેષણાત્મક કાવ્યની પ્રારંભની પંકિતઓમાં જ કવિના વ્યકિતત્વની વિશિષ્ટ છાપ જોઇ શકાય છે, જુઓ:

હોળી કરી જગત ઉત્સવ ઉજવે છે,
ને સ્થૂલ અગ્નિ ભડકા કરીને સમાપ્તે
મારી અને જગતની જુજવી જ હોળી
હું તો યજ્ઞ ઉરનો મુજ અંતરગ્નિ.[૨૧૭]

પોતાના હૃદયની અહંતાને ઓગાળી નાંખવા હુતાશનિ દેવીને કવિએ હૃદયપૂર્વક પ્રાર્થના કરી છે.

દેવી હુતાશનિ! હવે તું પ્રસાર જવાલા!
ઓ હોલિકે! કર હવે મુજ સર્વ સ્વાહા!.[૨૧૮]

પોતાના પ્રેમયોગમાં સિધ્ધાન્ત અનુસાર પ્રેમાગ્નિમાં સર્વસ્વનું - હૃદયની પામરતા, કુટિલતા અને જડતાનું બલિદાન કરવાની ભાવનાની કાવ્યમય બાની દ્વારા કવિએ સાધેલી સચોટ અભિવ્યકિત માટે પણ નીચેની પંકિતઓ નોંધવી જોઇએ.

ઇચ્છા જળી જવું, ખપી જવું છેક એવી,
વેઠાય છે ન તુજ તાપ તથાપિ દેવી![૨૧૯]

...........

[૨૧૭] એજન, પૃ. ૮૭

[૨૧૮] એજન, પૃ. ૮૮

[૨૧૯] એજન૧.

રૂપક શૈલી દ્વારા સચોટ અભિવ્યક્તિ સાધતું આત્મવિશ્લેષણાત્મક કાવ્ય 'હોળી' પ્રાસંગિક કાવ્યોમાં જુદી જ ભાત પાડે છે.

હરિણી છંદનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ તેમજ હૃદયભાવની અભિવ્યક્તિ માટે કવિએ પ્રયોજેલી રૂપક શૈલીને કારણે પ્રાસંગિક કાવ્યોમાં 'મકાનને સલામ' કાવ્ય વિશિષ્ટ ધ્યાન ખેંચે છે. આ કાવ્યની અપ્રસિધ્ધ ટીકામાં કવિએ આ રૂપક આ પ્રમાણે સમજાવ્યું છે.'

"લક્ષ્યાર્થે મકાનને - જે પ્રેમમંન્દિરમાં - હૃદયમાં સ્નેહની પુણ્યભાવનાનો આદિ ઉદ્ભવ થયેલો તે ભાવનાનિવાસી જિગરને ઉદ્દેશીને છે. એ મકાનને અહીં સલામ કરવામાં આવે છે. તે છેલ્લી સલામ નથી. નમન માત્ર જ છે. પ્રવાસીની ગતિ જ્યારે આગળ વાધતી જાય ત્યારે આગળ ડગલું ભરનાર પાછળની ભૂમિકાને ઉપકૃત હૃદયે નમે તેમ. આ કાવ્ય એ ઉપકૃતિનો મધુરભાવ દર્શાવવાને છે."[220]

આ ટીકાના સંદર્ભમાં કવિની કાવ્યમય બાનીનો ઉત્તમ આવિષ્કાર પામેલી નીચેની પંક્તિઓનો ભાવ અનુભવી શકાશે:

સ્વર્ગવિસર્ગની ઝાંખી, જિગર ઓ! તેં જ કરાવી!
ઝોળી ખાકી તણી ખાલી આ તેં જ ભરાવી!
તારો ચિર સંબંધ! લાડમેં તને લડાવ્યા!
ગીતો આંસુ તણાં, વાલ્હલના શાં ગવરાવ્યાં!
લખ્યા લેખના લેખ, લલાટે- તારી દીવાલે!
વાંચી લેશે કોક, હેત-હૈયાની ઝાળે![221]

...........

[220] સાગરની કેટલાક કાવ્યો પરની અપ્રસિધ્ધ ટીકા

[221] એજન, પૃ. ૧૧૧

ભાવને ઉચિત હરિણી છંદની આયોજનામાં કવિનું છંદ પ્રભુત્વ તેમજ હૃદયભાવની સચોટ અભિવ્યક્તિનો બીજો નમુનો જુઓ:

છું હું માનવ ઓર! આંસુમાં ઓર ડૂબેલો!
ઉર ઉછરંગ, તરંગ, રંગ મસ્તીથી ભરેલો!
તોયે, આ મુજ પ્રાણ, ઝૂકેલો તું થી-તું થી!
વાલિ! મિત્ર મકાન, સલામ જ તું ને મીઠી,
હજી તને હું મળીશ. મળું નહીં તો ય હવે શું?
હરદમ હૈયે તું જ, અશ્રુથી છે જોડાયું!
આભારી તુજ મિત્ર, દીન, ગમગીને કીધી
સલામ આ સ્વીકાર, સ્નેહીસાગરની મીઠી.[222]

રેલ્વે સ્ટેશનો પર મુસાફરોને શુકનો મનાવવાને ચાંદલા કરવાનો ધંધો હાલના બ્રાહ્મણો ચલાવે છે એ જાણીતી હકીકત છે. એવા એક ધંધાદાર - ભાઇબંધને ઉદ્દેશીને આ પંક્તિઓ લખાયલી. ચાંદલો ચ્હોડવા ચ્હાનારને કવિ ચાંદલો ચ્હોડવાની સાફ ના પાડે છે.

"ચાંદલો શું કરે, બાપુ! નકામી તકલીફ એ
જવા દે જ્યારે તું રહેવા દે! ચાંદલો ના ખપે મને![223]

એનું કારણ પણ સચોટ રીતે નિરૂપીને કવિ સ્પષ્ટ કહે છે કે આ સ્થૂલ ચાંદલાથી કશો હેતુ સરશે નહિ. મેં તો લાલ ગુલાલનો ચાંદલો અંતરમાં કર્યો છે. અને ચાંદલો કરનાર સ્વયં પ્રેમસ્વરૂપ પરમાત્મા છે.

...........

[222] એજન, પૃ. ૧૧૨

[223] એજન, પૃ. ૧૧૮

ચાંદલો કરનારો કો, હસ્ત શાશ્વત બાલનો
અન્તરે ચાંદલો કીધો, ઓર લાલ ગુલાલનો.[૨૨૪]

ગ્રીક પુરાણની માન્યતા અનુસાર અમર બાલકના રૂપક દ્વારા પ્રેમસ્વરૂપ પરમાત્માનો જ નિર્દેશ કવિએ કર્યો છે. શાશ્વત બાલ - પ્રેમનું રૂપક છે. તો લાલ ગુલાલ પણ પ્રેમના જ પ્રતીક તરીકે નિરૂપાયું છે. ભાવની સચોટ અભિવ્યકિતનું બીજું દૃષ્ટાંત જુઓ:

ચન્દ્રિકા! જ્યોત્સ્નિકા! કોને તન્દ્ર આ ઉરહસ્તક!
સુકાની એ થતાં બીજા વ્યર્થ સૌ સ્થૂલ ચન્દ્રક![૨૨૫]

કવિએ પોતે ટીકામાં આ પંકિતઓ સમજાવતાં કહ્યું છે કે: ચન્દ્રિકા! જ્યોત્સ્નિકા! મીઠો- મધુરો આશ્વાસક પ્રેમ પ્રકાશ હૃદયમાં ભરનારી પ્રેમોદ્ભુત અમર બાલિકાનું એ સમ્બોધન છે.

આમ, આ પંકિતઓ દ્વારા સ્થૂલ ચન્દ્રકની અનાવશ્યકતા પણ સચોટ રીતે રજૂ થઇ છે.

સચોટ સંવાદાત્મક અભિવ્યકિતનું બીજું એક દૃષ્ટાંત જુઓ:

પાછી, બાપુ! લઇ જા તું, સ્થૂલ આ કુંકુમાવટી
રહેવા દે! જવા દે તું! ચાંદલો ચહોડવો નથી.[૨૨૬]

............

૨૨૪એજન.

૨૨૫એજન.

૨૨૬એજન.

સદ્ભાગ્યની નિર્ણાયિકા દેવીનો પ્રેમ પ્રકાશિકા, અમરપાલિકા તરીકે નિર્દેશ કરી મિથ્યા કુંકુમચન્દ્રકને બદલે પોતાને તો સૌભાગ્યચન્દ્રકની જ અમૂલ્ય પ્રાપ્ત થઈ છે એ ભાવ પણ સચોટ રીતે નીરૂપાયો છે.

વિશ્વયંત્રી ચન્દ્રિકાનો જ્યાં, ઉરે સૌભાગ્યચન્દ્રક
આવા શું ત્યાં ખપે તારા, મિથ્યા કુંકુમચન્દ્રક[૨૨૭]

સ્થૂલ ચંન્દ્રકનો ઇન્કાર કરતી આ પંકિતઓમાં ભાવની અસરકારક રજૂઆત ખાસ ધ્યાન ખેંચે છે.

રહેવા દો! રહેવા દો! ચાંદલો ના મને કરો,
ભકત ખાલી શકુનોનાં કપાલો ચાંદલે ભરો.[૨૨૮]

કવિની ભાવનાને કાવ્યમય બાનીમાં ભાવવાહી અનુષ્ટુપમાં સચોટરીતે અભિવ્યકત કરતું આ કાવ્ય ઉત્કૃષ્ટ કોટિનું પ્રાસંગિક કાવ્ય બની રહે છે.

સાગરે પોતાના આધ્યાત્મિક જીવનની પૂર્ણતા માટે આત્મમંથન કાળનો કેટલોક સમય એમના અનન્ય મિત્ર શ્રી. હરિલાલ મથુરાંદાસ મશર - 'મસ્તાન'ના તે સમયના નિવાસસ્થાને અમદાવાદથી થોડેક દૂર આવેલા ચાંદખેડા - ચંદનક્ષેત્રમાં વીતાવ્યો હતો. 'સાગર' ચંદનક્ષેત્રની ભૂમિને - વાતાવરણને ઉદ્દેશીને રચેલા આ કાવ્ય 'ચન્દ્રનક્ષેત્ર'માં પોતાના હૃદયની દશાનું ચિત્ર પણ રજૂ કર્યું છે.

આતિથ્ય પામી બહુરંગી ગૃહી જનોનું
ઠેર્યું અહીં જિગર ચન્દનક્ષેત્ર વચ્ચે.[૨૨૯]

...........

[૨૨૭] એજન.

[૨૨૮] એજન.

[૨૨૯] એજન, પૃ. ૧૪૮

કવિએ આ કાવ્યમાં પોતે અનુભવેલું સ્વપ્નદર્શન પણ રજૂ કર્યું છે. પરમાત્મકૃપા દ્વારા કવિના હૃદયમાં સર્વત્ર પ્રભુતાનું તેજ વ્યાપી જાય છે. વાતાવરણની પવિત્રતાનું ચિત્ર પણ મનોરમ વાણીમાં કવિએ અભિવ્યકત કર્યું છે.

અદ્‌ભુત શી પ્રભુદયા અહીં ઉતરે છે!
સૌને પ્રભુમય થવા પ્રભુ નોતરે છે!
વહેંચે પ્રહર્ષ ભર્યું પ્રકૃતિ મિષ્ટ લ્હાણું,
ત્યાંથી જ કૈં ગરીબ આ ઉર આજ પામ્યું![230]

પ્રકૃતિના સુરમ્ય વાતાવરણમાં કવિહૃદય પણ પ્રકાશ પ્રાપ્ત કરે છે. પોતાના હૃદયનો એ ઉલ્લાસ ઉપરની પંકિતઓ દ્વારા કવિએ રજૂ કર્યો છે. પ્રકૃતિમાં કવિને થયેલું પ્રભુતાનું દર્શન ચિત્રાત્મક રીતે કવિએ નિરૂપ્યું છે. આ પંકિતઓ કવિના પ્રકૃતિ દર્શનનું સચોટ, મનોહારી, દિવ્ય ભાવનાયુકત ચિત્ર રજૂ કરે છે.

ને, પ્રાણપોષક હતી ગગને પ્રભા શી
શી દિવ્ય વાયુલહરી ઉર ચુમ્બતી તી
શાં છત્રચામર કરે રસરૂપ દેવો!
ને દેવીઓ સકલ મંગલ ધોળ ગાતી![231]

કવિને યમુના કિનારે પુરાણપુરીમાં ભવ્ય દર્શન થાય છે. એનો ઉલ્લેખ નીચેની પંકિતઓમાં કર્યો છે. આ કાવ્યની ટીકામાં દર્શાવ્યા પ્રમાણે કવિએ અનાદિ પરમાત્માની માયાને જમુનાનું રૂપક આપ્યું છે. શ્રીકૃષ્ણનો યમુના વિહાર એટલે પ્રકૃતિ અને પુરુષની સહચારિતા :જુઓ શબ્દકોશ દીવાને સાગર દફતર ૧ પૃ. ૪૯૯

...........

૨૩૦ એજન, પૃ. ૧૪૮

૨૩૧ એજન પૃ. ૧૪૯

આત્માના એ સ્વરૂપ ઉપરથી એને પ્રદેશ કલ્પીને અપાયેલું રૂપક તે પુરાણપુરી. 'સાગર' પ્રકૃતિ અને પુરુષની સહચારિતાના દર્શનને આત્માની આંતરભૂમિકામાં અનુભવે છે. એ અનુભવનું નંદનક્ષેત્રનું દર્શન – નીચેની પંક્તિઓ દ્વારા રજૂ થયું છે.

> તે રમ્ય, સુન્દર, મનોરમ, દિવ્ય લાગે,
> તે તે પુરાણપુરીમાં યમુનાકિનારે,
> તે ધન્ય દર્શન અજાયબ ઉર પામ્યું.
> હા! ભાગ્યશાલી અહા. શાશ્વત પદ્મ કેરું[232]

કવિનું અનુભવદર્શન સમજવા માટે તત્ત્વચિંતનની યોગ્ય પૂર્વ ભૂમિકા સમજવાની આવશ્યકતા રહે છે. કવિએ પ્રયોજેલી સ્વપ્નશૈલી તેમજ રૂપકો પણ સહેલાઇથી સમજી શકાય તેમ નથી. કવિની આ મર્યાદાને રસાસ્વાદમાં અવરોધરૂપ ન ગણીએ તો આ કાવ્ય કવિની આધ્યાત્મિક પ્રગતિનો વિકાસ-આલેખ રજૂ કરતું હોઇ તે દૃષ્ટિએ પણ અભ્યાસક્ષમ બની રહે છે. આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં પણ આ કાવ્ય અગત્યનું સીમાચિહ્ન બની રહે છે.

પશ્ચાત્તાપ, તપશ્ચર્યા અને આત્મસમર્પણની ભૂમિકાઓ પસાર કર્યા પછી જ પોતાની અહંતાનો –સ્થૂલ જગત પ્રત્યેની વાસનાઓ રૂપી આવરણોનો લય કર્યા પછી જ પોતાને નન્દનક્ષેત્રનું દર્શન થયું. એ આવરણો માટે નીચેનું પ્રતીક રજૂ કરી બે જ પંક્તિઓ માં સચોટ રીતે પોતાના સ્વાનુભવની અભિવ્યક્તિ કરી છે.

> ગંભીર શાન્ત નવસ્તોત્ર ગજાવવાને,
> ભીંતો ય ચૂર્ણ કરી ગાળી બધી પીવાને.[233]

...........

232 એજન .

233 એજન, પૃ. ૧૫૧

પ્રભુતાના આ દર્શન માટે કૃપણતા - સ્થૂલતાનો લય કર્યા વિના અન્ય માર્ગ નથી. સાચો અધિકારી જ પ્રભુતાનું ઉદાર લ્હાણું અનુભવી શકે છે. નીચેની પંકિતઓ દ્વારા પોતાની અધ્યાત્મ સાધનાનો માર્ગ પણ કવિએ આબાદ રીતે સમજાવ્યો છે. જુઓ:

કિન્તુ, પ્રભુની પ્રભુતાનું ઉદાર લહાણું,
જોઇ શકે કૃપણ શું જનનેત્ર નહાનું,
ટેવાયેલું જ સ્થૂલતા ગ્રહવા લઘુતા,
લોભાઇને શબથી પ્રાણ ઉપેક્ષવાને.[૨૩૪]

અનુષ્ટુપના નીચેની પંકિતઓ દ્વારા કવિ પોતાનું અનુભવાત્મક દર્શન પૂર્ણ કરે છે.

ચન્દનક્ષેત્ર છે આ કે? છે શું નન્દનક્ષેત્ર આ?
રમે છે દાસ જયાં સ્નેહે, નગ્ન સૌ ઉર દેવતા![૨૩૫]

પોતાના મિત્ર મસ્તાનું પ્રેમાળ હૃદય અને એમની સાથેનો સ્નેહભર્યા સંબંધનો ઉલ્લેખ કરતું બીજું કાવ્ય નન્દનક્ષેત્રના પંખીડાને માંની નીચેની પંકિતઓ પણ નોંધવી જોઇએ.

તમારા આર્દ્ર છે હૈયાં, પ્રેમનું બિમ્બ ત્યાં પડે
હાયહાય! હજી વહાલાં, વજ્ર છે દિલમાહરાં
પુણ્યથી, તપથી, બાપુ! તમારી દિવ્યતા વડે,
વિશુદ્ધિ ભરજો, વહાલાં. જો આ પથ્થર કૈં દ્રવે.[૨૩૬]

...........

[૨૩૪] એજન.

[૨૩૫] એજન, પૃ. ૧૫૭

[૨૩૬] એજન, પૃ. ૨૧૬

હરિગીત છંદમાં રચાયેલા કાવ્ય ધ્વારામતીને નો પણ પ્રાસંગિક કાવ્ય લેખે અહીં નિર્દેશ કરવો જોઇએ. દ્વારિકાના ગૌરવવંતા ઇતિહાસની ગાથા ગાતા આ કાવ્યમાં કવિશ્રીએ શ્રીકૃષ્ણના જમાનાની દ્વારિકાની પવિત્રતા, સુંદરતા અને ધાર્મિકતાનો નિર્દેશ કર્યો છે. પરંતુ આજે ધ્વારામતીનું પહેલાનું વાતાવરણ પલટાઇ ચૂકયું છે. પ્રારંભમાં જ કવિએ પોતે ધ્વારામતીની વર્તમાન સ્થિતિનું વર્ણન કર્યું છેઃ

દેવી! અહો ધ્વારામતી, હતી પ્રેમ પુણ્ય પ્રભાવતી!
શી આજ, હા! સાગર તટે તુજ દામણી મૂર્તિ ખડી![237]

ઐતિહાસિક સ્થાનની ભવ્યતા ગાતું આ કાવ્ય એક પાઠ્યપુસ્તકમાં પણ પસંદ કરવામાં આવ્યું હતું.

ગુજરાતી કવિતામાં આ પ્રકારનાં ગણ્યાંગાંઠયા ઐતિહાસિક કાવ્યોમાં આ કાવ્ય વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે તેવું છે. ઐતિહાસિક પાટનગર ધ્વારામતીનાં જેવું જ બીજું કાવ્ય સોરઠી સોમનાથ પણ ધ્યાન ખેંચે તેવું છે.

પ્રભાસ પાટણનું મહમદ ગોઝનીના હાથે પતન થયું અને સોમનાથની સુંદરતા, ભવ્યતા અને ઉત્કર્ષ અપકર્ષમાં પલટાઇ ગયા. સોમનાથના પતન પછીનું હ્રદયદ્રાવક ચિત્ર કવિએ રોળા છંદની ઔચિત્યપૂર્ણ આયોજના દ્વારા રજૂ કર્યું છે.

એક સમે ઉત્કર્ષ હતો શો, પ્રભાસ તારો
તેનો આ અપકર્ષ! હર્ષનો હવે ઉધારો![238]

...........

[237] એજન, પૃ. ૧૬૧

[238] એજન, પૃ. ૧૬૬

આ ઐતિહાસિક સ્થળના પતનનું કારણ કદાચ યાદવોનું સ્વચ્છન્દી આચરણ હશે. સંસ્કૃતપ્રચુર શૈલીમાં કવિએ પોતાનો અભિપ્રાય આ પ્રમાણે વ્યકત કર્યો છે:

મદમદિરા આસકત યાદવો સહુ સ્વચ્છન્દી,
સ્વમત, સ્વમાન, સ્વસકત, ક્ષિપ્ત ઉર, દુર્બલ! દમ્ભી![239]

સંસ્કૃતપ્રચુર શૈલી અને ગઝલની બાનીની મર્યાદા નહોતતો આ પ્રકારનાં કાવ્યોમાં 'સાગર' ની ઉત્તમ કૃતિ તરીકે આ કાવ્ય સહેલાઇથી સ્થાન પ્રાપ્ત કરી શકે તેવું છે.

કલા તણું મન્દિર! અરેરે! બગાડી દીધું,
કર્મ વિકર્મ જ વીર હૃદયને અયોગ્ય કીધું.

સુન્દરતાનું ખૂન. ખરે! અપરાધ જ મોટો!
નથી આલમે માફ, કોઇ પયગમ્બર બોલ્યો.[240]

મહમદ ગીઝનીનો નિર્દેશ કરતાં પોતાના ઇસ્લામી કાનૂન પ્રમાણે ફના - ફિલ્લાહ નું સ્વાર્પણ સુત્ર શીખીને જો મહમદશાહ આવ્યો હોત તો એણે જે ક્રૂરતા આચરી પ્રભાસ પાટણનું પતન કર્યું તે ન કર્યું હોત.

આવ્યો હોત જ શાહ, હકીકત ભરેલ હૈયે,
ઇસ્લામી કાનૂનઃ 'ફનાફિલ્લાહ' પઢીને.[241]

મહમદશાહને ઉપાલંભ આપતી નીચેની પંકિતઓની સચોટ અભિવ્યકિત જુઓ:

...........

[239] એજન.

[240] એજન, પૃ. ૧૬૭

[241] એજન પૃ. ૧૬૮

હતો કીર્તિનો લોભ! થોભ ત્યાં રહી શકયો ના!
ઉરમાં કંઇ યે ક્ષોભ, બિરાદર, તું ને થયો ના!
જુદો નથી માલેક ખલ્કનો ખોટો રસ્તો—
હિંદુ – મુસલ્મિન એક: નેક છે એ જ શિરસ્તો![242]

સોમનાથનું રક્ષણ કરતાં પોતાના જીવનનું બલિદાન આપનાર હમીરજી ગોહેલ અને મહમદશાહના જીવન કાર્યમાં રહેલો અસાધારણ વિરોધ દર્શાવી હમીરજીને નીચેની પંકિતઓ દ્દારા આપેલી અંજલિ આ કાવ્યની યાદગાર પંકિતઓ છે:

સુતો આંહી હમીરજી! વીર હનુમાન હુંકરે!
પ્રેમશૌર્યની વીર ગર્જના કરે હજુ યે!

ધન્ય! ધન્ય! વીરમાત! ધન્ય તુજ ધાવણ, દેવી
શીખ્યો સ્વાર્પણ સૂત્ર, પુત્ર તુજ પ્રેમ તપસ્વી.[243]

સોમેશ્વર તુજ સોમ-સ્નેહરસ પાન પીધેલું
સહર્ષ જાતે હોમ! સત્રમાં બલિ બનેલું.[244]

પરમાત્મા કોઇ એકાંત સ્થાનમાં પત્થરમાં છૂપેલો નથી પરંતુ હૃદયની સાચી પ્રેમભાવના વડે તેનું દર્શન થઇ શકે અને આ ભૂમિ પ્રેમ સ્વાર્પણની ગાથા ગાય છે. હમીરજી ગોહેલના બલિદાનનો નિર્દેશ કરી કવિ નીચેની પંકિતઓ દ્દારા પોતાની હૃદય ભાવનાને અનુરૂપ સનાતન સત્યનો સિધ્ધાન્ત સચોટ રીતે અભિવ્યકત કરે છે:

...........

[242] એજન.

[243] એજન.

[244] એજન પૃ. ૧૬૯

પ્રભુ નથી એકાન્ત સ્થાનમાં ક્યાંય છૂપેલો,
જ્યાં ઉર પ્રેમસ્વાન્ત, દ્રશ્ય ત્યાં વિભુઃ વસેલો.[૨૪૫]

પોતાના જીવન સિધ્ધાન્તની સચોટ અભિવ્યક્તિ માટે નીચેની પંક્તિઓ પણ અહીં નોંધવી જોઇએ.

પૂરો પ્રેમ પ્રદીપ, સાફ દિલ વિના જડે ના,
પ્રેમ શૌર્યનો તાપ, પાત્ર વિણ સહી શકે ના.[૨૪૬]

પ્રેમ એ જ મુજ ધર્મ: ધ્યાન ઉર એક ધરું છું
સ્નેહ, જ્ઞાન, હિતમર્મ અન્તરે સ્મર્યા કરું છું.[૨૪૭]

કવિના હૃદયની માનસિક ભૂમિકા સમજાવતી તેમજ જીવન સિધ્ધાન્તને વાચા આપતી કાવ્યની અંતિમ પંક્તિઓ પણ ગુજરાતી કવિતામાં ચિરંતન સ્થાન ધરાવે તેવી છે:

જાગે વૃત્તિ અખંડ, પંથમાં આગળ વાધે,
પ્રેમ શૂરત્વ અનંત, હૃદયમાં સમાધિ સાધે;
ગૂજરાતી છું ગરીબ! ગીત ગરવાં શા ગાવાં!
રાખે પ્રભુ તે રીત, પ્રીતમાં રહેવું વહાલાં![૨૪૮]

સાથી છું સર્વદા બન્ધુ! અને પ્રાસંગિક કાવ્યોમાં સાગરે પોતાના સ્નેહયોગના સિધ્ધાન્તો રજૂ કર્યા છે. સાગરની ગાંધીજી બાનીની મર્યાદામાંથી બંને કાવ્યો ઉગરી શક્યા નથી. સાથી છું સર્વદા બન્ધુ. કાવ્યની પ્રારંભની

...........

૨૪૫ એજન.

૨૪૬ એજન, પૃ. ૧૭૧

૨૪૭ એજન.

૨૪૮ એજન.

પંકિતઓમાં સાગરે કવિ અને સ્નેહી વચ્ચેના મૂળભૂત ભેદ અંગેનું પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે.

કવિ કો પ્રેમનાં ચિહ્નો સવાંગીના રચી શકે,
પ્રેમનાં રંગતો પ્રેમી, જાતે માત્ર અનુભવે.[૨૪૯]

સાગરે પોતાની પ્રણયતપશ્ચર્યાનો પણ નિર્દેશ કર્યો છે. પ્રણયનો માર્ગ અનેક મુશ્કેલીઓથી ભરેલો છે. આધીનતા પ્રેમનાં હૃદયનું મુખ્ય લક્ષણ છે. પ્રેમનું રાજ્ય ઉપયોગોનું રાજ્ય છે, ઉપભોગોનું નહીં, સ્વીડનબોર્ગનું આ સૂત્ર સ્વીકારતા 'સાગર' પોતાનો સ્નેહયોગનો સિધ્ધાન્ત આ કાવ્યમાં આ પ્રમાણે રજૂ કરે છે:

છે રાજ્ય પ્રેમતણું અદ્ભુત ભર્ગવ્યાપી,
સાંખી શકે ન ઉપભોગ જરા કદાપિ,
સામ્રાજ્ય સ્નેહતણું સેવક સર્વ છે જ્યાં,
આત્માર્પણે જ ઉપયોગ બધા ચહે ત્યાં.[૨૫૦]

પોતાના એક મિત્રને ઉદ્દેશીને રચાયેલા આ કાવ્યમાં પ્રેમ-પ્રભુના સાચા અભિલાષમાં - પ્રેમ-પ્રવાસમાં પોતે સર્વદા સાથી બની રહેશે એવી ભાવના વ્યકત કરી છે:

પ્રેમના પ્રભુના આવા, સાચા સૌ અભિલાષમાં——
સાથી છું, સર્વદા, બન્ધુ! તારા પ્રેમ પ્રવાસમાં![૨૫૧]

...........

૨૪૯ એજન, પૃ. ૧૭૪

૨૫૦ એજન, પૃ. ૧૭૫

૨૫૧ એજન, પૃ. ૧૭૬

'પ્રાસંગિક' કાવ્યમાં કવિએ સ્નેહયોગના પોતાના માર્ગમાં પ્રાપ્ત થયેલી પ્રભુકૃપાનો નિર્દેશ કર્યો છે:

પ્રણયી ઉરના સંકલ્પો સૌ બલિષ્ઠ પ્રભુ કરે!
કશી કુટિલતા સાધુતાને કદાપિ નહી નડે[૨૫૨]

પ્રેમયોગ દ્વારા પોતાનું સ્વપણું - અહંતાનો વિલય થાય છે. પ્રણયતપમાં સ્હેજ પણ હું પણાની સ્વાર્થી ભાવના - અહમહમિકા રહી જાય નહિ તેની કાળજી આશકે ખાસ રાખવી પડે. પોતાનો સ્વાનુભવ વ્યકત કરતી આ પંકિતઓ પ્રાસંગિક હોવા છતાં એમાં સનાતન સત્ય જ છૂપાયેલું છે.

અહમહમિકા, પાપી માયા રહી જહીં જેટલી,
ઉર અનુભવે આપત્તિઓ તહીં તહીં તેટલી.
પ્રણય તપમાં ખામીઓ જયાં રહે અહીં જેટલી -
તહીં જ ભયને પ્રાપ્તવ્યે ત્યાં અસિધ્ધિ જ તેટલી[૨૫૩]

'રિબાતુ કુરંગ' કાવ્યમાં પોતાના ગતજન્મના વિકર્મોનું પ્રતિફલ ભોગવી રહેલા પ્રખર તાપમાં તૃષાને કારણે રિબાતા કુરંગનું હૃદયદ્રાવક ચિત્ર રજૂ થયું છે. કવિની ચિત્રાત્મક શૈલી તેમજ વર્ણનશકિતનો સુંદર નમૂનો પ્રખર તાપથી ગભરાયેલા કુરંગના ચિત્ર દ્વારા પ્રારંભની પંકિતઓમાંથી પ્રાપ્ત થાય છે.

નાનકા કુમળા અંગે, ઉની લૂ અથડાય છે.
કૂણું હૈયું બિચારાનું, અરેરે! ગભરાય છે.[૨૫૪]

...........

[૨૫૨] એજન.

[૨૫૩] એજન.

[૨૫૪] એજન, પૃ. ૧૭૮

તૃષાતુર કુરંગ આગળ વધી શકતું નથી અને આખરે જમીન પર લથડી પડે છે. કવિનું હૃદય દ્રવી ઉઠે છે. પોતાના હૃદયભાવને ઉચિત શબ્દો દ્વારા કવિ નિરૂપે છે. એના ગત જન્મની કર્મોનું આ પ્રતિફળ હોવું જોઇએ, એવું આશ્વાસન પણ કવિ પ્રાપ્ત કરી લે છે.

દાઝતું, દોડતું દુઃખી. ધોખતી ધરતી પરે-
બિચારાથી બને તેવી, ફલંગો દૂબળું ભરે.

તૃષા લાગેલી છે, વળી ન ડગલાં યે ઉપડતાં,
હવે થાકી સૂતું જમીન પર લાંબુ લથડતાં.
વિકર્મો શાં કીધાં. પ્રતિફલ શું આ સર્વ નડતાં ?
બિચારાનું બેલી અરર! નથી શું કોઇ અહીંયા?[૨૫૫]

કવિએ રિબાતા મૃગને ચેતના આપવા માટે પ્રભુને કરેલી યાચના કાવ્યની અંતિમ પંકિતઓ દ્વારા સચોટ રીતે નિરૂપાઇ છે.

દયાલુ દેવ ઓ! મારી, એટલી નમ્ર યાચના -
ક્ષમો. શાન્ત સુધા સિંચો! પામો આ મૃગચેતના.[૨૫૬]

આ પ્રસંગનું સમગ્ર ચિત્ર સચોટ રીતે ઉપસાવતી કવિની શૈલી તેમજ કવિ હૃદયની અનુકંપા અને સહાનુભૂતિને કાવ્યમય બાનીમાં આકાર આપતી સચોટ અભિવ્યકિત 'સાગર'ની ઉત્તમ કવિત્વશકિતનું દર્શન કરાવે છે. આ પ્રકારનાં કાવ્યો સંખ્યાબળની દૃષ્ટિએ વિશેષ નથી તેમ છતાં 'દીવાને સાગર' દફતર એકનાં બધાં કાવ્યો માટે શ્રી. સુંદરમે કરેલી ટીકા યથાર્થ નથી, એની પ્રતીતિ થાય છે.

...........

[૨૫૫] એજન,

[૨૫૬] એજન,

'સાગર'ની ઉત્તમ કવિત્વશક્તિનો પરિચય કરાવતું બીજું કાવ્ય 'એક સફરજનને' જોઇએ. એક સફરજનને જોઇને કવિને ઉદ્ભવેલા વિચારો તેમજ તેના સંદર્ભમાં પોતાના જીવનસિધ્ધાન્તોનું કવિએ કરેલું કલ્પનાટસભર નિરૂપણ આ કાવ્યની લાક્ષણિકતા છે.

કવિ સફરજનને જોઇને પ્રશ્ન પૂછે છે:

સુરવાટિકામાંથી અથવા સાક્ષાત પ્રભુના હસ્તનો સ્પર્શ પામીને તું આવ્યું છે. તારો આ લાલ રંગ પ્રભુની જાણે લ્હાની હોય એવો તે લાગે છે. અથવા પ્રભુએ પોતે તને રમાડ્યું છે. અને તેને કારણે પ્રભુના હાથની લાલી તારા પર દેખાય છે. કવિએ પ્રારંભમાં આવી કલ્પના રજૂ કરી છે. સફરજન કવિના પ્રશ્નોનો જવાબ આપતું નથી એટલે કવિ પોતે પોતાના વિચારો રજૂ કરે છે. કવિની કલ્પના રજૂ કરતી કાવ્યની પ્રારંભની પંક્તિઓ જુઓ:

પ્રભુની લ્હાનીશું જાણે, શોભીતું શું રત્નમહું -
દિવ્યદેહી દિસે, પ્યારા! આવ્યું કયાંથી તું મીઠડું?
પ્રભુના હાથની લાલી જાણે તું પર દિસતી
પોતે શું પ્રભુએ તું ને રમાડ્યું ઘડી બે ઘડી?[૨૫૭]

પરમાત્મદર્શનની પોતાની ~~અભિલાષા~~ રસાભિપ્સા પૂર્ણ થશે નહિ માટે અશ્રુયોગનો જ મહિમા સ્વીકારતા 'સાગર' અશ્રુયોગ દ્વારા પોતાના હૃદયની જડતા દૂર કરવાનો જાણે નિર્ધાર કરે છે, તે વિના અન્ય માર્ગ જ નથી. એ પરમાત્મકૃપાની યાચના કરતાં કવિહૃદયના ઉદગારો જુઓ:

..........

[૨૫૭] એજન, પૃ. ૨૭.

પ્રભુ તણાં સુન્દર નેત્રમાંથી,
બે બે સુધાબિન્દુ સ્વયં વહ્યાથી,
બ્રહ્માંડ આ સર્વ શકે જિવાડી
તો કાં બને શુષ્ક તું બ્રહ્મવાદી ?

ના ના જોવાય હું થી આ, તું યે જાણે અમી ઝરે
ના ના સત્ય કરે કિન્તુ, આંસુડે બ્રહ્મ વિસ્તરે. [૨૫૮]

આ પંકિતઓ અશ્રુયોગ દ્વારા અધ્યાત્મ સાધનાના માર્ગમાં ગતિ કરતાં સ્નેહયોગી 'સાગર'ના હૃદયની ભાવદશાનું ચિત્ર સચોટ રીતે નિરૂપાયું છે.

પ્રાસંગિક કાવ્યોમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરતું આ અંતિમ કાવ્ય કવિની કલ્પનાશકિત, ભાવોચિત કાવ્ય બાની અને સચોટ લાક્ષણિક અભિવ્યકિતની પ્રતીતિ કરાવે છે.

'નવસંવત્સરે હરિચરણે' કાવ્યમાં સાગરે વિક્રમ સંવત ૧૯૬૬ ના નવા વર્ષના પોતાના સંકલ્પો - આદર્શોને કાવ્યમય બાનીમાં અભિવ્યકત કર્યાં છે. સંસ્કૃત પ્રચુર શૈલીથી કાવ્યનો પ્રારંભ થાય છે.

વાજતું ગાજતું આવે, નવું વિક્રમસંવત્સર
ભરો ભર્ગ વરેણ્યે આ અમારાં, હરિ હૃત્સર
નવું વાહાંણુ હવે વાતુ, તું એ શાશ્વત સ્થાપજે,
દશા બ્રાહ્મી થવા, બ્રહ્મન્! તું બ્રાહ્મી શકિત આપજે. [૨૫૯]

...........

[૨૫૮] એજન, પૃ. ૨૭૧

[૨૫૯] એજન, પૃ. ૨૨૫

આધ્યાત્મિક જીવનની પુર્ણતા માટે કટિબધ્ધ થવા બળ અર્પવા[1] સાગરે પરમાત્માને હૃદયપૂર્વક યાચના કરે છે.

જીવવા, તાત! તારામાં, હવે તું કર તત્પર,
માયા મૂકી જુવે બ્રહ્મ, બ્રાહ્મણો સૌ પરાત્પર[૨૬૦]

પોતાના પ્રણયયોગના મહત્વના સિધ્ધાન્તો સચોટ રીતે કાવ્યમય બાનીમાં સાગરે રજૂ કર્યાં છે. સાગરનાં આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં પણ એ દૃષ્ટિએ આ કાવ્ય મહત્વનું સીમાચિહ્ન બની રહે છે, જુઓ:

દમ્ભથી, નાથ! ના રીઝો, રીઝો ના શુષ્ક કર્મથી,
રીઝો પોતાતણું ત્યાગે, યોગે વા પ્રેમધર્મથી
સંસ્કારો સ્થૂલથી માત્ર ના ના બ્રહ્મત્વ સાંપડે
ખરે તો ચક્ર અન્તરનું આખું ફેરવવું પડે
બ્રહ્મ જન્મ નવો જન્મ, મનુએ સત્ય શીખવ્યું
જૂઠું છે, બાપ જૂઠું છે, બધું આ બાહ્ય જીવવું.[૨૬૧]

આવા બ્રહ્મદેશના પ્રવાસીને માટે તો કલા કે કવિતાને સ્થાન જ ક્યાંથી હોય? એનું સાધ્ય તો અનન્તાદ્વૈતનો સ્વાનુભવ છે. પોતાના હૃદયોદગારો વ્યક્ત કરવા માટે કવિતા તો માત્ર સાધન જ છે. સાધ્ય નહીં. પોતાનો આ સિધ્ધાન્ત સાગરે નીચેની પંક્તિઓ દ્વારા રજૂ કર્યો છે. આ પંક્તિઓ પણ કવિની સંસ્કૃતપ્રચુર છતાં સચોટ કાવ્યમય બાનીનો ઉત્તમ નમુનો છે.

...........

૨૬૦ એજન,

૨૬૧ એજન, પૃ. ૨૨૬

બ્રહ્મદેશના પ્રવાસીને કલા વા કવિતા કશી!
અનન્તાદ્વૈતમાં, સ્વામી! કાલની ગણના ય શી![262]

'સાગર'ના હૃદયની ભાવના વ્યક્ત કરતું આ પ્રાસંગિક કાવ્ય એમના સ્નેહયોગનો સિધ્ધાંન્ત સમજવા માટે પણ ખૂબ મહત્વનું છે એમાં શંકા નથી.

૪. આત્મવિશ્લેષણાત્મક કાવ્યો:-

માત્ર ૨૧ વર્ષની વયે ઇ.સ. ૧૯૦૪ માં મંદાક્રાન્તા છંદમાં રચાયેલું કાવ્ય 'શાશ્વતી શાન્તિ આપો' 'સાગર'ના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં પ્રથમ છે. સંસ્કૃતપ્રચુર શૈલીમાં પોતાની માનસદશાનું સચોટ સહૃદયી ચિત્ર સાગરે રજૂ કર્યું છે. હૃદયની લાગણીઓને ભાવવાહી મંદાક્રાન્તામાં આકાર આપતું આ કાવ્ય સાગરના અધ્યાત્મમાર્ગની પૂર્વભૂમિકા સમજવામાં ઉપકારક બની રહે છે. પોતાની ભૂલનો હૃદયપૂર્વક સ્વીકાર અને એકરાર એ માટે અફાટ રૂદન અને પશ્ચાતાપ અને માર્ગમાં આગળ વધવા માટે પ્રબળ ઝંખના અને પરમાત્મકૃપાની યાચના - આ કાવ્યમાં 'સાગર'ના વ્યક્તિત્વના આ ગુણોનું દર્શન થાય છે. જે અધ્યાત્મમાર્ગમાં આગળ વધવા માટે કોઇપણ અધિકારી મુમુક્ષુમાં હોવા અનિવાર્ય છે. કાવ્યની પ્રારંભની પંક્તિઓમાં પોતાના હૃદયની દશાનું ચિત્ર સચોટ રીતે કવિએ ઉપસાવ્યું છે.

હે સ્વામી મે પિશુન મતિથી કાર્ય કીધાં નૃશંસ,
ને મારામાં પ્રચુર જડતા, ક્રૂરતા છે ભરેલી
હું સ્વૈરીની ચિકુર મતિને, નાથ! વેગે વિદારો
આપો સ્નેહે કરૂણ વિભુ હે! સન્મતિ શ્રેયકારી.[263]

'સાગર'ના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં સાચા ભક્ત હૃદયની આર્તવેદનાને શબ્દદેહ આપતું આ કાવ્ય સહૃદયી, નિખાલસ, સત્યનિષ્ઠ, નમ્ર, દીન, ભક્ત 'સાગર'ના વ્યક્તિત્વનો યથાર્થ પરિચય કરાવવામાં પણ ઉપકારક બની રહે છે.

...........

૨૬૨ એજન, પૃ. ૨૨૭
૨૬૩ દીવાને સાગર, દફતર ૧, પૃ. ૨૨

'સાગર'નાં આત્મલક્ષી કાવ્યોમાં હૃદયની પ્રબળ ઉર્મિની ઉત્કટ અભિવ્યક્તિને કારણે પણ આ કાવ્ય 'સાગર'ની કવિતામાં ચિરંતન સ્થાન પ્રાપ્ત કરે તેવું છે.

કાવ્યની અંતિમ પંક્તિઓ એની પ્રતીતિ કરાવે છે:

થાકેલો હું શરણ ગ્રહીને માગું પાપ ક્ષમાઓ—
ચાચું છું હું સરળ હૃદયે શાશ્વતી શાંતિ આપો.[૨૬૪]

'પ્રભુને તું ચાહે છે?'પંક્તિ કાન્તે 'સાગર'ને ઇ.સ. ૧૯૦૬ માં ડીસેમ્બરમાં મોકલી હતી. આ પંક્તિ ઉપરથી રચાયેલું કાવ્ય 'અંતઃશ્રુતિ' આપણી કવિતા સમૃધ્ધિમાં (પ્રથમ આવૃત્તિ) સંપાદક શ્રી. બ.ક.ઠાકોરની પસંદગીને પાત્ર ઠર્યું હતું. પરમાત્મા સર્વત્ર વિલસી રહ્યો છે. આ જગતમાં પણ સર્વત્ર છે. જગત અને હરિ બન્ને એકરૂપ છે એવું અંતરથી હું માનું છું. પરમાત્મને ચાહું છું છતાં જગતને ચાહી શકતો નથી. અંતરનો અવાજ સારીરીતે જાણું છું છતાં એ પ્રમાણે વર્તી શકતો નથી અને એટલે પ્રભુને હું ચાહું છું એ હૃદયપૂર્વક ચાહું છું એમ કહી શકું નહીં. જો એમ કહું તો તે આત્મવંચના ગણાય. આ ભાવ આ કાવ્યમાં શિખરિણી છંદમાં સચોટ રીતે નિરૂપાયો છે.

હૃદયના આંતરવિગ્રહને સચોટ રીતે અભિવ્યકત કરતી નીચેની પંક્તિઓ જુઓ:

દીઠી ત્હારી સ્નેહી, કરુણ સમદૃષ્ટિ સહુ પરે,
અણુ એ ના ખાલી, નિરખું વિભુને વ્યાપ્ત સઘળે,
તું ચાહે છે સૌને, વળી જગત આ તુંમય બધું,
છતાં હું અજ્ઞાની, તુજ જગતને ચાહી ન શકું

...........

[૨૬૪] એજન, પૃ. ૨૨

ચહું જો સ્વામીને, કયમ નવ ચાહું આ જગતને?
નથી એ બે જુદાં, જગતહરિ બે એક-રૂપ છે.[૨૬૫]

પોતાની અંતઃશ્રુતિ પ્રમાણે પોતે જીવનમાં આચરી શકતા નથી એનું દુઃખ વ્યકતકકરવા માટે ઉચિત રીતે કવિએ અનુષ્ટુપ પ્રયોજ્યો છે. હૃદયભાવને ઉત્કટ રીતે નિરૂપતી આ પંકિતઓ 'સાગર'ની કવિસૂઝની પ્રતીતિ કરાવે છે.

અંતઃશ્રુતિ પિછાનું હું: અરેરે, ખેદ થાય છે
'પ્રભુને ચાહું' કહેવાથી, હૈયું જાતે ઠગાય છે.[૨૬૬]

અંગત માન્યતાને લીધે કાવ્યમાં પોતાની અશકિત- લઘુતાનો સ્વીકાર કરવાને બદલે ભાગ્ય ઉપર દોષારોપણ કરતાં સાગરે પ્રયોજેલો.

શ્રી. બ.ક.ઠાકોરે આપણી કવિતા સમૃધ્ધિમાં પ્રથમાવૃત્તિમાં 'સાગર'નું અંતઃશ્રુતિ કાવ્ય પસંદ કર્યું હતું. આ કાવ્યની ટીકા એમણે આ પ્રમાણે કરી છે.

વિષય: ભકત કે પ્રભુપ્રેમી કોણ તેની દરેક અંતઃકરણમાં સાબીત-કસોટી આ લેખકોનો ગઝલો અને કેટલીક સંગીત રચનાઓ ઉપર સારો કાબુ છે.

વૃત્ત શિખરીણી - છેલ્લો અનુષ્ટુપ

અર્થ: ૧. અંતકઃરણમાંથી સવાલ ઉઠયો તેને પ્રભુનો અંતર્યામિનો પ્રશ્ન, ભણકાર આદિ કહ્યો છે તે યોગ્ય છે. શ્રુતિ ૧. કામ ૨. પ્રભુવાકય - વેદવાકય

ધર્મ તો પાળવાનો જ એવો આદેશ - પ્રથમ તો એ સવાલ મને બેહુદો જ લાગ્યો

...........

[૨૬૫] એજન, પૃ. ૪૮

[૨૬૬] એજન.

૩. મુજ મન સ્થિર કરીને મેં એ પ્રશ્નને વિચાર્યો અને મારી પોતાની નાલાયકી સાથે મ્હારા દંભના વાસ્તવિક દર્શન થતાં – અંધારી ભ્રાંતિઓ– દંભો. ૬. ચાહુ છું , ચાહું છું એમ શબ્દો બકયાં કરું છું પણ પ્રેમનો ઉરધર્મ: તે કયાં. નથી જ. જગત પર મ્હારો પ્રેમ હોય તો જ ઇશ્વર ઉપર પ્રેમ છે એવો દાવો કરું છું તે દંભ છે અને જેમ એ દાવો વધારે વાર કરું છું તેમ હું વધારે પતિત છું એ જ સાચી વાત છે.

૭. કમનસીબ – આ આખી કૃતિમાં આ શબ્દ સૌથી વધારે નબળો અને ખોટો છે પણ પોતાની પતિતતા નસીબ ઉપર કે બીજા કોઇ ઉપર ઢોળી દેવાની આપણી હિંદીઓની બુરી લત હજારો વર્ષોથી જામી ગયેલી છે.

ચારિત્ર્યહીન એટલે ચારિત્ર્યહીન જોઇએ– કમનસીબ નહીં – પતિતતાનો એકરાર આ એક શબ્દથી પાછો અર્ધ તો ભુંસાઇ જાય છે."

અંત:શ્રુતિ કાવ્યના કવિ તરીકે સાગરનો પરિચય આપતાં આપણા કવિતા સમૃધ્ધિમાં ગુજરાતી કવિતામાં સાગરના પ્રદાન વિશે શ્રી. બ.ક.ઠાકોરે પોતાનો અભિપ્રાય આ પ્રમાણે આપ્યો છે.

"આ લેખકનો ગઝલો અને કેટલીક સંગીતરચનાઓ ઉપર સારો કાબુ છે પણ એના વિચારશૈલી કે અનુભવમાં નવીનતા નથી. વળી બે ચાર વિચારણા એને રોમેરોમ એવી વ્યાપેલી કે ગમે તે વિષય ઉપાડે તેમાં તે આવ્યા જ કરે છે.

એની કૃતિઓ છેક જ ભુલાઇ જાય તે પહેલાં એમાંથી થોડી વાચક વર્ગમાં વધારે જાણીતી કરવાની જરૂર હોવાથી એવી એક અહીં સંગ્રહી છે.

'કલાપી' વિશે લાગણીભરી કવિતાઓ લખનારામાંના એક લેખે તથા સૂફીવાદ ફારસી ઉર્દૂશૈલી અને ફારસી ઉર્દૂ શબ્દો ગુજરાતી કવિતામાં ઘણા વધારે દાખલા કરવા મથનારા લેખે ગુજરાતી કવિતાના વીશમી સદીના

પ્રથમ પાયાના ઇતિહાસમાં એનું નામ ટકાશે."[૨૬૮]

આપણી કવિતા સમૃધ્ધિની બીજી આવૃત્તિ વેળાએ શ્રી. બ.ક.ઠાકોરે 'અંતઃશ્રુતિ'કાવ્યમાંના કમનીય શબ્દને બદલીને બીજો શબ્દ મૂકવા અંગે 'સાગરે'ને સુચન કર્યું હતું પરંતુ આ સુચન સાગરે ગ્રાહ્ય રાખ્યું નહી. કદાચ આને પરિણામે જ શ્રી. બ.ક.ઠાકોરે બીજી આવૃત્તિમાં એ કાવ્યને સ્થાન આપ્યું નહી. એમણે પોતે કબુલ્યું છે તેમ " આ કવિનો કેટલીક સંગીતરચનાઓ અને ગઝલો ઉપર સારો કાબુ છે" 'સાગરે'નું પ્રારંભિક દશાનું કાવ્ય હોવા છતાં 'અંતઃશ્રુતિ' કાવ્ય પ્રથમાવૃત્તિમાં પ્રગટ થયું હતું એ પછીના દીવાને સાગર દફતર ૧, ૨ ના સાગર ને કવિ તરીકે યશ અપાવે તેવાં કાવ્યોમાંથી પસંદગી કરીને અર્વાચીન યુગના મસ્તરંગના કવિઓમાં એક તરીકે પણ સાગરની પ્રતિનિધિ કૃતિને સ્થાન આપી યોગ્ય સાહિત્ય-આદર આપવાનું કર્તવ્ય શ્રી. બ.ક.ઠાકોરે બજાવ્યું હોત તો સંપાદક તરીકેની જવાબદારી યથાર્થ રીતે અદા કરી ગણાત. બીજી આવૃત્તિમાં 'સાગર', મણિલાલ અને બીજા કેટલાક કવિઓની કૃતિઓને સ્થાન આપ્યું નથી એ એમની આ સંપાદનની ી મોટી મર્યાદા છે.

કવિ 'સાગરે'ના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોની સૌથી મ્હોટી મર્યાદા છે. અસાધારણ શિથિલતા વિચારોની અભિવ્યકિતમાં શિથિલતા અને બુધ્ધિના જાગ્રુક તત્વનો અભાવ 'ઝાંખી', 'કિં બહુના', 'રોવું', 'પરમાત્માને પ્રાર્થના', 'ભાવિ', 'ઉદાસી અને રુદન' જેવાં કાવ્યોમાં સ્પષ્ટ જોઇ શકાય છે.

...........

[૨૬૮] વર્ષ ૪:અંક ૮ જેઠ ૧૯૮૫ પુ. ૮ અંક ૨ 'આપણી કવિતા સમૃધ્ધિ'-લેખમાળા :૫: 'બાલ-સાગર' આપણી કવિતા સમૃધ્ધિ - સંપાદક બ.ક.ઠાકોર(પ્રથમ આવૃત્તિ.)

'બુદ્ધિ અને હૃદય' કાવ્યમાં સંવાદશૈલી દ્વારા સાગરે સ્નેહના હૃદય સાથેના સંબંધનું પ્રતિપાદન કર્યું છે. વિક્ષિપ્ત ચિત્તને એકાગ્ર કરી પ્રેમ દ્વારા પરમાત્મપ્રાપ્તિ થઇ શકે એટલે પરમાત્માનો સીધો સંબંધ હૃદય સાથે છે, બુદ્ધિ સાથે નહિ. બુદ્ધિ અને હૃદય વચ્ચેના આ સંવાદમાં બુદ્ધિ પક્ષે મુખ્ય દલીલ એ છે કે આખા જગતનો તે જનેતા છે. બુદ્ધિ વિના જગતમાં સર્વત્ર અંધકાર છે. વળી બધાં શાસ્ત્રોની પ્રણેતા પણ બુદ્ધિ જ છે. પરંતુ હૃદયની દલીલ ખૂબ સચોટ છે. તે કહે છે કે માર્ગમાંથી ચલિત કરનાર વિક્ષિપ્ત ચિત્ત બુદ્ધિ છે અને તે પોતાને પરમાત્માના નિવાસસ્થાન તરીકે ઓળખાવે છે. અંતરનો અવાજ પણ હૃદયની જ તરફદારી કરે છે. કવિ આ બંનેનો ન્યાય તોળે છે. જીવનવૃક્ષનો મૂળ પાયો સ્નેહ છે જે બુદ્ધિજનિત નથી. સ્નેહનો સંબંધ હૃદય સાથે છે. વળી ચલિત પ્રકૃતિ બુદ્ધિનો સ્વભાવ છે. હૃદય અવિકારી પુરુષનું પ્રતીક ગણાવાય છે. જુઓ:

બુદ્ધિ જનિત નથી જીવનવૃક્ષ સ્થાપ્યું,
છે સ્નેહ એ જીવનવૃક્ષ જરૂર, બાપુ.
છે બુદ્ધિ પ્રકૃતિ, ચલિત, ચલા કહે છે
છે અન્તરાત્મ અવિકારી પુરુષ એ છે.[૨૬૯]

કાવ્યની અંતિમ પંક્તિઓમાં કવિ પોતાનું મંતવ્ય રજૂ કરી પ્રેમાત્માના હાથમાં જ ચુકાદો આપવાનું કાર્ય સોંપી દે છે.

............

[૨૬૯] દીવાને સાગર દફતર, ૧ પૃ. ૯૯

આંતરપ્રેરિત સ્નેહ મનુષ્યોકૃત કાયદા
વધારે યોગ્ય શું છે એ પ્રેમાત્મા પૂર્ણ જાણતા[૨૭૦]

દયારામની 'લોચનમનનો ઝઘડો' નું સ્મરણ કરાવતા આ કાવ્યની સંવાદાત્મક શૈલી દ્વારા અભિવ્યકિતમાં લાક્ષણિકતા આણવાનો કવિ-પ્રયત્ન સ્તુત્ય બની રહે છે.

હરિવિરહનું રૂદન અને પરિતાપ ચરમસીમાએ પહોંચે છે એવા કાવ્યોમાં 'કલાપી'ની પ્રબળ અસર વર્તાય છે. લાગણીની પ્રબળ અભિવ્યકિત 'અશ્રુયોગ' કાવ્યનું વિશિષ્ટ લક્ષણ છે. આ કાવ્યમાં 'કલાપી'ની શૈલીનું જ ઉત્તમ આવિષ્કરણ થયેલું જોઇ શકાય છે. 'સાગર'ની આત્મલગ્નની ભાવનાની અભિવ્યકિતમાં પ્રેમધર્મના ચિંતકોના એમણે કરેલા અભ્યાસની સવિશેષ અસર પડી હોય એમ લાગે છે. જુઓ:

વિશ્વાસુ પ્રેમી ઉર એ વિભુની વિભૂતિ,
એ સત્યનું પ્રણયીમાં પ્રકટે જ જ્યોતિ,
એ સત્ય ભવ્ય, પણ દૃષ્ટિ ન સ્થૂલ દેખે,
પૂજે શરીર પશુઓ, હૃદયો ઉવેખે.[૨૭૧]

આ જ કાવ્યમાં 'સાગરે' દેહલગ્નનું સ્વરૂપ નીચેની બે પંકિતઓમાં સચોટ રીતે સમજાવ્યું છે. જુઓ:

...........

[૨૭૦] એજન.

[૨૭૧] એજન, પૃ. ૧૦૩

સ્વામિત્વ પત્નીપતિનું જહીં સ્થૂલ માત્ર,
સંબન્ધ જયાં સુધી ટકે ઉપભોગી ગાત્ર[૨૭૨]

આવા લગ્નનો કશો જ અર્થ નથી. દંપતી સ્નેહનો સાચો આદર્શ આત્મલગ્નનો છે.

આત્મલગ્ન વ્દારા પરાત્પર સનાતન સ્નેહયોગ વ્દારા પરમાત્મપ્રાપ્તિના ધ્યેય સુધી દંપતિ પહોંચી શકે. સૂફીવાદની પરિભાષામાં કહીએ તો ઇશ્કે મજાઝી વ્દારા ઇશ્કે હકીકી સુધી સહેલાઇથી જઇ શકાય તેવું મંતવ્ય સાગરે આ કાવ્ય વ્દારા સચોટ રીતે રજૂ કર્યું છે. ઇ.સ. ૧૯૦૯ સુધીની સાગરની સ્નેહની ફિલસુફીનો નિષ્કર્ષ આ કાવ્યની નીચેની પંકિતઓ વ્દારા પામી શકાય છે.

જો હોય સ્થૂલ શરીરોની કરી ઉપેક્ષા,
ને સત્ય પ્રેમ પ્રભુ દર્શનની અપેક્ષા,
ને જીવજો તુંહી તુંહી રટતો વિજોગ
તો છે સદા સફલ આ પરમાત્મ યોગ[૨૭૩]

આત્મા સમર્પિત યદિ પ્રણયે થતો હો,
ને સ્થૂલ હોય સહુ હોમી દીધેલ ભોગ,
તો આ પરાત્પર સનાતન સ્નેહયોગ.[૨૭૪]

...........

[૨૭૨] એજન, પૃ. ૧૦૩

[૨૭૩] એજન, પૃ. ૧૦૪

[૨૭૪] એજન, પૃ. ૧૦૫

કાવ્યના આંતરસૌ-દર્યની સમૃધ્ધિને ઝાંખી પાડતી 'સાગર'ની ગધ્યાળુ બાનીની મર્યાદાનું આ કાવ્યમાં પણ દર્શન થાય છે, જુઓ:

વેપારી આ સકલ વિશ્વ. શું સ્નેહ જાણે?
કે ગૂઢ સ્નેહ તણી ભકિત શું એ પિછાને?

શા નામધારી પતિપત્ની મથે નિભાવા?
જૂઠા જ શું જગપતિ સુણશે ય દાવા?[૨૭૫]

સંસારનાં લગ્ન વ્યભિચાર સમોવડાં છે,
ને તેથી આ પશુ મનુષ્યરૂપે પડયાં છે.
જૂઠે જ પ્રેમી હૃદયો પ્રતિ પ્રેમભોગ,
પામે જ પ્રેમી ઉર શાશ્વત પ્રેમયોગ.[૨૭૬]

સાગરના હૃદયની દર્દીલું ચિત્ર ઉપસાવતું તેમજ તેમના જીવન સિધ્ધાંતને સચોટ કાવ્યમય બાનીમાં કલાદેહ અપતું આ કાવ્ય મહત્વનું સીમાચિહ્ન બની રહે છે. 'નિજહૃદયને' અને 'ઉર્મિ પ્રલાપ' કાવ્યો સાગરના આશક હૃદયની વિરહ વેદનાને મૂર્ત સ્વરૂપ આપે છે. 'નિજ હૃદયને' કાવ્યમાં જગત પ્રત્યેના મોહમાં હૃદય ઠગાય નહિ તે માટે સાવચેતી રાખવાની સૂચના સાથે વિશુધ્ધ હૃદયે પશ્ચાતાપ પણ છે, જુઓ:

આશા બીજી કૃપણ ઉરમાં, કાંઇ રાખે રખે તું,
ને રાખે તો રુદન કરતાં, લેશ થાકે રખે તું.[૨૭૭]

...........

૨૭૫એજન, પૃ. ૧૦૩

૨૭૬એજન, પૃ. ૧૦૪

૨૭૭એજન, પૃ. ૧૦૮

પોતાના હૃદયની જડતા- પામરતાનો હજુ લય થયો નથી. સ્થૂલતામાં આથડતા હૃદયને આશક ઉપાલંભ આપે છે. અંતરગ્નિ દ્વારા સ્થૂલતાનો લય કરી - પ્રેમસ્વાર્પણ દ્વારા પ્રણયવિભુને પ્રાપ્ત કરવા આશક નિજ હૃદયને ઉદબોધન કરે છે. જુઓ:

સાચું છે કે પ્રણય પ્રભુ છે: અન્તરગ્નિ, અહો! એ
જ્યોતિ પ્રેરે મનુજ શિશુને દેવ થાવા સદાયે
કિન્તુ, બાપુ! જડ વ્યયન સૌ, સ્થૂલમાં આથડે છે.
તારું તેથી નિજ હૃદય હો! એ જ થાવું ઘટે છે.[૨૭૮]

આશક પોતાના હૃદયનું આત્મવિશ્લેષણ કરતાં પોતાની હૃદયદશાની વિભિન્ન અવસ્થાઓનો યથાર્થ પરિચય પ્રાણ કરાવે છે.

ચહાવું, સહેવું, તપવું, રડવું તોય ચહાવું અહો એ
મીઠાં, બાપુ. પ્રણયી ઉરનાં રોજનાં લક્ષણો છે.[૨૭૯]

તારા આંસુ. ઝરણ મૂલ એ શોધ જે શોધજે તું,
એ આંસુના પ્રતિકણ તણા તત્વને પામજે તું.[૨૮૦]

આ પંકિતઓમાં આશક વિશુધ્ધ હૃદયના પશ્ચાતાપનું મૂલ્ય સચોટરીતે સમજાવે છે.

...........

૨૭૮ એજન.

૨૭૯ એજન.

૨૮૦ એજન, પૃ. ૧૦૯

હૃદયની ભાવનાને આકાર આપતી અનુષ્ટુપની છેલ્લી પંકિતઓમાં સ્નેહયોગના મહામૂલા સિધ્ધાન્તનું સાગરે સચોટ રીતે આલેખન કર્યું છે.

મંત્ર એક કહું બાપુ! પ્રભુ પ્રેમસ્વરૂપ છે.
હોમો પોતાપણું પ્રેમે. પ્રેમ સ્વાર્પણએ જ છે. [૨૮૧]

'નિજ હૃદયને કાવ્ય આશકની હરિવિરહની ઉત્કટ વેદના, અને વિશુધ્ધ હૃદયે પશ્ચાતાપ સ્નેહયોગી'સાગરના બે વિશિષ્ટ ગુણોનું ભાવવાહી શૈલીમાં દર્શન કરાવે છે. સ્થૂલતાનો લય કરી પ્રેમસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ પ્રેમયોગ દ્વારા થઇ શકે. વિશ્વનું નિર્વાહક તત્વ પ્રેમ જ છે. 'ઉર્મિ પ્રલાપમાં સાગરે સ્નેહયોગનો આ સિધ્ધાન્ત પણ સચોટ રીતે અભિવ્યકત કર્યો છે.

વિશ્વમાં- વિશ્વવાસીમાં, જયાં જયાં સ્થૂલ પ્રધાન છે
ભૂમિના સૂક્ષ્મ ભેદોની, સાચી ત્યાં ન પિછાન છે.
પિંડ બ્રહ્માંડમાં છૂપો, પ્રેમ દેશ મહાન છે
વિશ્વના વિશ્વનો જેમાં આત્યન્તે અભિરામ છે. [૨૮૨]

સૂફીવાદની વિચારધારાની પ્રબળ અસર આ પંકિતઓમાં વરતાયા વિના નથી રહેતી. કાવ્યની અંતિમ પંકિતઓમાં કવિ પ્રેમ બ્રહ્મ કૃપા દ્વારા પોતાની ડોલતી જીવનનૌકા પોતાના નિશ્ચિત ધ્યેયને પ્રાપ્ત કરે એવી આ વિશ્વાત્માને હૃદયપૂર્વક યાચના કરે છે. કવિના 'ઉર્મિ-પ્રલાપ' પ્રભુભકિતમાં દૃઢશ્રધ્ધા અને વિશ્વાસ રાખતા સાચા ભકતના જીવનમાં અનુભવાતી શ્રધ્ધા, સ્વસ્થતા અને શાંતિના અનુભવોદ્ગારમાં પરિણમે છે. જુઓ:

...........

[૨૮૧] એજન.

[૨૮૨] એજન, પૃ. ૧૯૫

સમુદ્રે ભરતી ઓટે, સ્વભાવે ઉર્મિ ઉછળે,
પ્રવાસી નાવ ડોલે ત્યાં, કોઇ એ શું કરી શકે,
પ્રેમ બ્રહ્મ કૃપાના ત્યાં વાયરા સર્વદા વહો,
ડોલતું દરિયા વચ્ચે, મુકામે નાવ પહોંચજો.[૨૮૩]

સાગરે 'દિવ્ય બાલકનો જન્મ દિવસ'માં પોતાના હૃદયની આંતરદશાનું નિરૂપણ કર્યું છે. પોતાનો સ્નેહયોગનો સિધ્ધાન્ત સમજાવતાં 'સાગર' કહે છે કે પ્રેમના દેશમાં મ્હારૂં ત્હારૂં એવા ભેદ નથી. સચ્ચિદાનંદમાં વસ્તુત: પિંડ અને બ્રહ્માંડ એવા ભેદ નથી.

પણ, મારૂં – તારૂં. નથી ભેદ પ્રેમના દેશે,
જયાં આત્મતત્વ બ્રહ્માંડ એક વિલસે છે,
બ્રહ્માંડ – પિંડ નથી ભિન્ન સચ્ચિદાનંદે,
મારૂં – તારૂં ત્યાં કશું. શબ્દ જૂઠા બે.[૨૮૪]

પ્રેમનો અદ્દભુત અગ્નિ જીવાત્માની અહંતા – જડતા બાળી નાંખે છે. જગત પણ એ જ રવિજયોતિથી પ્રકાશમાન છે. જુઓ:

છે પ્રેમ અગ્નિ અદ્દભુત – અહંમમ બાળે,
એ એ જ અજબ રવિ જયોતિ જગત અજવાળે[૨૮૫]

...........

૨૮૩એજન, પૃ. ૧૯૫

૨૮૪એજન, પૃ. ૨૨૨

૨૮૫એજન, પૃ. ૨૨૩

'સાગર'ની આ ઊણપ ના આ કાવ્યમાં પણ જોઇ શકાય છે. પરીણામે કાવ્યના ભાવને કવિ અસરકારક રીતે રજૂ કરી શક્યા નથી. એમની આ સૌથી મોટી મર્યાદા છે.

વાચું છું વદને લેખ. ભેખના ભેદ બધા એ ખોલે,
શંકર સરખા અદ્વૈતબ્રહ્મલીન બની અનલહકક બોલે[૨૮૬]

'સાગર'નો ઇ.સ. ૧૯૧૧ પછીનો સમય સ્નેહયોગની અધ્યાત્મસાધનાની ઉચ્ચતર ભૂમિકાનો છે. 'દિવ્ય બાલકનો જન્મદિવસ' અને 'નિમજ્જન' બંને કાવ્યોમાં રૂપક શૈલી પ્રયોજી સાગરે પોતાનો આંતરદશાનું જ પ્રતિબિંબ રજૂ કર્યું છે. આ કાવ્યમાં સાગરે 'વાનપ્રસ્થ અગ્નિહોત્રી'ની માફક પોતાના હૃદયમાં પ્રલયયજ્ઞ માટેના સંકલ્પ સાથે તપશ્ચર્યા કરતા ઋષિનું ચિત્ર દોર્યું છે.

ત્યાગી, વિરાગી પ્રભુરાગી ઋષિ વનસ્થ,
સંકલ્પ કૈંક યુગનો ઉર પ્રલયયજ્ઞ[૨૮૭]

પરંતુ આ જોગી પ્રેમાનુશાસિત સનાતન ધર્મમાર્ગી છે પ્રેમ એ જ એમનો જીવનધર્મ છે. 'સાગર' પોતાનો સ્નેહયોગનો સિધ્ધાન્ત આ પ્રમાણે સમજાવે છે.

પ્રેમીને પ્રેમ બે વચ્ચે પ્રભુ પોતે પ્રવાહ છે:
પ્રકૃતિ - પુરુષ જેવો અખંડિત વિવાહ છે.[૨૮૮]

પ્રેમના અમરબાલકની ગ્રીક ભાવનાનો પણ સાગરે કાવ્યમાં નિર્દેશ કર્યો છે. તેની સુન્દર મધુર છતાં અગમ્ય વાણી પણ તે સાંભળે છે.

...........

૨૮૬ એજન, પૃ. ૨૨૪

૨૮૭ એજન, પૃ. ૨૪૭

૨૮૮ એજન,

પરંતુ અચાનક જોગીને નિમન્ત્રણ આપતી સિન્ધુની વાણી સંભળાય છે. અને તપસ્વી વિશ્વને ભૂલીને સિન્ધુની તળિયે જઇ પહોંચે છે. આ દૃશ્ય અદૃશ્ય થઇ જાય છે. 'સાગર' આ દૃશ્ય દ્વારા જાણે પોતાની જ હૃદયદશા વ્યકત કરતા ન હોય. કાવ્યની આ પછીની પંકિતઓમાં સાગરે આ દૃશ્યનું રહસ્ય સમજાવ્યું છે, જુઓ:

હુંમાં તું છે- તું માં હું છું: હું જોગી છું અનન્તનો
અનન્તાનન્તનું - તું છે: ત્યારે શો ભ્રમ આવડો.[૨૮૯]

પૂર્ણતાના પ્રવાસી માટે પ્રણયાર્પિત જિન્દગાની સિવાય બીજા કશાની આવશ્યકતા નથી એ રહસ્ય પોતાની વિશિષ્ટ શૈલી દ્વારા સાગરે આ બન્ને કાવ્યોમાં સમજાવ્યું છે.

'શ્રીમતી સરસ્વતી' કાવ્ય દ્વારા લાક્ષણિક શૈલીમાં 'સાગરે' સરસ્વતીને શ્રીમતી તરીકે ઉદ્બોધન કર્યું છે. પોતાના મંતવ્યને સમજાવતાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે: જગત ત્હને કુમારિકા તરીકે જુએછે પણ મારી દૃષ્ટિ તો તને પ્રેમને માટે તપશ્ચર્યા કરતી તાપસી તરીકે જ જુએ છે: જુઓ:

આકૃતિ માત્ર માટીમાં, આંખડી જગની જુવે.
એકાકી છે - કુમારી છે, એવું તેથી જ સૌ લવે.[૨૯૦]

પ્રેમાર્થે તાપસી તાપે, પૃથ્વીમાં આવતી સતી-
સદેહે પ્રકૃતિરૂપે, સ્વર્ગ ત્યાગી સરસ્વતી.[૨૯૧]

...........

૨૮૯ એજન, પૃ. ૨૪૮

૨૯૦ એજન, પૃ. ૨૫૦

૨૯૧ એજન, પૃ. ૨૫૦

કૃશાંગી તપસ્વીબાલા સરસ્વતીનું વર્ણન નીચેની પંક્તિઓ દ્વારા કવિએ સચોટ કાવ્યમય બાનીમાં કર્યું છે, જુઓ:

રેખા જણાય સ્ફુટ - અસ્ફુટ શી કપાલે!
ભાલે ત્રિપુંડ અનિલ કર્યું હોય જાણે,
કેવી અજાયબ કૃશાંગી તપસ્વી બાલા!
શી વિપ્ર યોગિની જલામ્બર ધારિણી આ![292]

'સાગરે' આ કાવ્યનું રહસ્ય નીચેની ચાર પંક્તિઓ દ્વારા સચોટ રીતે સમજાવે છે.

પ્રીતિ તો નિર્ગુણી જ્યોતિ, આત્મદૃષ્ટાંત આપતી
પ્રકૃતિ પર તું, દેવિ! શ્રીમતી ઓ સરસ્વતી.
તત્વાર્થ, ભૌતિક પવિત્ર કુમારિકા તું
એકાકી આન્તર નિગૂઢ વિવાહિતા તું![293]

'સાગર'નો સ્નેહયોગનો સિધ્ધાન્ત લાક્ષણિક શૈલીમાં આ કાવ્ય દ્વારા અભિવ્યક્ત થયો છે એટલે આ કાવ્ય એ દૃષ્ટિએ નોંધપાત્ર બની રહે છે.

ભગવદ્ગીતામાં નિરૂપાયેલી દ્વિજજીવનની - બ્રહ્મજીવનની ભાવના તરફ પ્રયાણ કરવાનો પોતાનો જીવન આદર્શ 'દ્વિજજીવનની દિશા' કાવ્ય દ્વારા કવિએ રજૂ કર્યો છે. મનુસ્મૃતિમાં બીજા અધ્યાયમાં :૧૪૬, ૧૪૮, ૧૭૦ શ્લોકોમાં: દ્વિજજીવનની ભાવના અભિવ્યક્ત થઇ છે. 'સાગરે' દ્વિજજીવનને શ્રીરે કાવ્યની

...........

૨૯૨ એજન.

૨૯૩ એજન, પૃ. ૨૫૧

ટીકામાં દ્વિજ શબ્દ આ રીતે સમજાવે છે.

जन्मना जायते शूद्रः સંસ્કારાત્ द्विज उच्यते।
भ.गी.

બીજી વાર જન્મેલો તે દ્વિજ, નવું જીવન પ્રાપ્ત થાય ત્યારે જ દ્વિજ થવાય.

દ્વિજજીવન Regenerated life = New life
જન્મથી મળેલું પહેલું જીવન તે પ્રાકૃત જીવન. તેમાં આધ્યાત્મિક સંસ્કાર પ્રેરાય અને તે નવજીવન થાય. તેજ દ્વિજજીવન અથવા બ્રહ્મજીવન

ब्रह्म जन्म हि विप्रस्य ---- शाश्वतम्।

મનુસ્મૃતિ અ૦૨. ૧૪૬

उत्पादयति सावित्र्या सा सत्या साजरामरा।

અ. ૨. ૧૪૮

तत्र यद् ब्रह्म जन्मास्य ...... माता सावित्री।

અ. ૨. ૧૭૦

સવિતા ભગવાનની સ્તુતિ - સાવિત્રી - તે દ્વિજ જન્મની માતા: સાવિત્રીનું ધાવણ ધાવે તે હૃદય દ્વિજજીવન પ્રાપ્ત કરી શકે.[૨૯૪]

માત્ર બ્રાહ્મણ વર્ણમાં જન્મ લેવાથી બ્રાહ્મણ થવાતું નથી પરંતુ જીવનના વ્યવહારિક ક્ષેત્રમાં પણ પરમાત્માને સાચા અર્થમાં ઓળખીને બ્રાહ્મીજીવન જીવવું જોઇએ. પોતાના હૃદયની ભાવના વ્યકત કરતાં 'સાગર' દ્વિજજીવનની

...........

[૨૯૪] સાગરની અપ્રસિધ્ધ ટીકા

દિશાનો માર્ગ આ પ્રમાણે દર્શાવે છે.

આ વિશ્વમાં સમજ તારું ન કાંઇ લેણું
તારે સદાય સહુને તુ જ ઋણ દેવું.[૨૯૫]

સ્થૂળ જગતનો અને પોતાનો માર્ગ ભિન્ન છે પરંતુ જગત સાથેના વ્યાવહારિક માયાવી સંબંધો નો લય કરવાનો પોતાનો દૃઢ નિર્ધાર પણ સચોટ રીતે નિરૂપ્યો છે.

કિન્તુ, નીચે જગ રહ્યું ઉડવા ન દે છે,
પોતાનો પેઠ કરવા સહુને મથે છે!
ઉડુ જરાક, તહીં પિંજર માં પૂરે છે.
સંયોગ-સાંકળ વડે જકડી દમે છે.[૨૯૬]

શુધ્ધ હૃદયે પ્રાયશ્ચિત કરીને પ્રાયશ્ચિતતા અશ્રુરૂપી શસ્ત્ર દ્વારા જગતના સ્થૂળતાના પડદાઓ ચીરી નાંખવાનો 'સાગર'નો મક્કમ નિર્ધાર પણ ઉચિત શબ્દોમાં અભિવ્યકત થયો છે.

છેદીશ કૃત્રિમ બધા પડદા નકામા,
ને, હું જઇશ ચિદજીવનની દિશામાં[૨૯૭]

...........

૨૯૫ દીવાને સાગર દફતર, ૧, પૃ. ૭૨

૨૯૬ એજન.

૨૯૭ એજન, પૃ. ૭૩

વસંતતિલકા અને અનુષ્ટુપનો છંદોમેળ તેમજ બન્ને છંદો પરનું કવિનું પ્રભુત્વ પણ ખાસ ધ્યાન ખેંચે છે. 'સાગરે'ના હૃદયની ભાવનાનું દ્યોતક હોઇ 'સાગરે'ની અધ્યાત્મ વિચારણાના મૂળભૂત વિચારો પણ આ કાવ્યમાં સચોટ રીતે નિરૂપાયેલા જોઇ શકાય છે.

'સાગરે'ના ઇ.સ. ૧૯૧૧-૧૨ ના વર્ષો પૂર્ણતાની દશામાં આગળ વધતા મુમુક્ષુના હૃદયની વ્યથા સંઘર્ષ આંતર મંથન અને મનો વિગ્રહને યથાર્થ રીતે સમજવામાં ખૂબ જ ઉપકારક હોઇ આ વર્ષોમાં રચાયેલા 'મૂર્છના' અને 'એક મહાનભૂલ' કાવ્યો સૌથી વિશેષ મહત્વના છે સાધક 'સાગર'ના ચિત્તની આંતર દશાનું ચિત્ર આ બંને કાવ્યોમાં નિરૂપાયું છે. હરિવિરહનું સદર ચરમ સીમાએ મુર્છનાની ભાવદશામાં પરીણમે છે. પરમાત્માની જયોતિની ઝાંખી 'સાગરે' અનુભવી શકે છે પરંતુ એ અનુભવ સતત ટકી શકતો નથી એની અપાર વેદના ના સ્વાનુભવનું આ કાવ્યમાં સચોટ હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે. પ્રેમીની ઉરવેદનાના ચિત્રની પશ્ચાદ્ભૂમિકા ઝાંખી ભાવિ' 'ઊર્મિ પ્રલાપ' અને 'દિવ્ય બાલકનો જન્મ દિવસ'માં પણ જોઇ શકાય છે. પોતાના હૃદયનું ચિત્ર આલેખતા 'સાગર' 'મૂર્છના'માં પોતાના જીવનમાં સહઅસ્તિત્વ ધરાવતા પરસ્પર વિરોધી ગુણોનું નિરાકરણ શોધે છે. એના ઉકેલની ચિંતા કવિના હૃદયની ઉરવેદનાનું કારણ છે.

વા, પ્રેમ છે મધુર, તો કયમ આ કટુતા!<br>
ને, પ્રેમને શરણ, તો કયમ આ ભીરૂતા!<br>
આનન્દ વા પ્રણય, તો શી વિડંબના આ!<br>
છે શાન્તિ પ્રેમ, કયમ સ્વાસ્થ્ય મને મળે ના![૨૯૮]

...........

૨૯૮ એજન, પૃ. ૨૫૬

ચંદ્રિકાનું આ મનોરમ ચિત્ર કવિની સચોટ બાની અને અભિવ્યક્તિ માટે ખાસ નોંધવું જોઇએ.

જાણે પિયુ કર વડે મદિરા પીધેલી,
ભૂલેલી ભાન પણ છેક જ છેક ઘેલી-
ઉન્મત્ત ગાતી ફરતી સખી ચન્દ્રિકા કાં?
જાણે જ રાજ્ય નિજ શાશ્વત સાર્વભૌમ![299]

પ્રકૃતિમાં તેમ જીવનમાં પણ કશાનું અસ્તિત્વ સનાતન શાશ્વત નથી એવો ભાવ કવિ હૃદયમાં પ્રગટે છે. પ્રકૃતિના મનોરમ ચિત્ર દ્વારા કુદરતના ક્રમનું સચોટ રીતે સાગરે દર્શન કરાવ્યું છે.

આકાશમાં રવિ નવી નવી લાલી લાવે,
એ રક્તિમા પૃથિવીને ય નવી બનાવી,
શું વ્યોમ તે જ અતિભવ્ય! છતાં ન સ્થાપી,
રાત્રિ શું કામ થતી! ક્યાં જતી વહાલી લાલી![300]

પોતાના હૃદયની જડતાને પોતાના શુધ્ધ અને સ્નેહાશ્રુ દ્વારા ઓગાળવાનો પોતાનો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો છે, એનું દુઃખ વ્યક્ત કરતા 'સાગર' પોતાના જીવનમાં અશ્રુલેખની અનિવાર્યતા સ્વીકારે છે.

આંસુ પ્રવાહી, પણ પૃથ્વી ન કાં પલાળે?
ઓગાળી ધોઇ ન શકે જડની જડિમ્ના?[301]

...........

299 એજન, પૃ. ૨૫૭

300 એજન, પૃ. ૨૫૬

301 એજન, પૃ. ૨૫૭

જગતને જોવાની પોતાની દૃષ્ટિનો લય થતાં પ્રભુકૃપા દ્વારા પ્રભુપ્રેમ અનુભવી શકાય છે.

યાત્રાળુ આ હૃદય ભિક્ષુકને પ્રભુ છે:
જયોતિ અવાચ્ય, સખિ! દાસ અનુભવે છે.
સૌન્દર્યનું ઝરણ મૂળ જરાક પીતાં-
બીબાં બધાંય જગનાં બદલાઈ જાતાં.[302]

'સાગર'ની કવિતામાં પશ્ચાતાપના આંસુ અને વિરહનો અગ્નિ પ્રજવલિત હોય છે. 'સાગર'ની કવિતાનું આ પ્રેરક બળ આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં સવિશેષ જોઈ શકાય છે.

ગાતુ પડે ઉર મસ્ત બની કવિતા,
ત્યાં યે છૂપી સરિત આગનની આંસુની વા![303]

મુમુક્ષુ 'સાગર'ના હૃદયનું ચિત્ર અશ્રુયોગની માફક આ કાવ્યમાં પણ સચોટ રીતે આલેખાયેલું છે. પરમાત્મપ્રાપ્તિનો માર્ગ વિરહના અને પશ્ચાતાપના અગ્નિથી છવાયેલો હોય છે. આ માર્ગના દરેક મુસાફરના હૃદયને ચોકકસ સ્થિતિઓ ભાવદશાઓમાંથી અવશ્ય પસાર થવું પડે છે. અશ્રુયોગ દ્વારા જ પ્રેમી માર્ગમાં આગળ વધી શકે. હાર્દવિરહની વેદના ઉત્કટ રીતે અનુભવાય નહીં ત્યાં સુધી મુમુક્ષુ આગળ વધી શકે નહીં. પોતાના હૃદયની દશાનું આ ચિત્ર પણ નીચેની પંકિતઓ દ્વારા રજૂ થયું છે.

...........

[302] એજન, પૃ. ૨૫૮

[303] એજન, પૃ. ૨૫૯

રોયો છું પૂજ્ય! અને રડતાં રહું છું!
નેત્રત્વ ઝાંખુ થયું, તોય રડયાં કરું છું!
રોયો હું મારી પણ પ્યારી બીમારી રોઉં!
રે. પ્રેમી પ્રેમ પૂજતાં નથી કોણ રોયું!
એકાકી સાક્ષી હૃદયાશ્રુ જ ઇશ્કમાં છે,
ને આંસુના તહીં શું પ્યાર રહી શકે છે![304]

પ્રેમાશ્રુના સ્મરણ દ્વારા જ ભકતહૃદય પોતાનું જીવન ટકાવી શકે, વિરહની વેદના દ્વારા સાધક પ્રભુકૃપા પ્રાપ્ત કરતાં પરમાત્મ જ્યોતિની ઝાંખીનો સ્વાનુભવ પણ કરે છે, જુઓ:

પ્રેમાશ્રુનુ સ્મરણ તોય જિવાડનારૂં,
જ્યોતિ પરાત્પરની ઝાંખી ટકાવનારૂં,
એ એ જ પુણ્ય-સ્મૃતિ એ ઉર આ સ્મરે છે,
જે જ્યોતિથી જ જગ આ જીવતું દિસે છે.[305]

'ઝાંખી' કાવ્યની માફક આ કાવ્યમાં પણ પરમાત્મકૃપા દ્વારા 'સાગર' પરમાત્મ-જ્યોતિની પોતાને થયેલી ઝાંખીનું દર્શન - સ્વાનુભવનો નિર્દેશ કરે છે.

પીધું સુદર્શન-સુધાનું અમોલું પ્યાલું
લાખો શરીર બદલાઇ જતાં ન ભૂલું![306]

...........

[304]એજન.

[305]એજન.

[306]એજન, પૃ. ૨૬૦

પાતાલ જાઉં યદિ જાઉં રસાતલે હું,
છો સ્વર્ગમાં નરકમાં જીવું કે મરું હું!
ભૂલાવી કોઇ શકે પણ નૂર પીધું!
લાલિત્ય, માર્દવ દયાભર્યું, જ્યોતિ મોટું![307]

"સાગરને થયેલા આ દર્શનની ઝાંખીનો સ્વાનુભવ સતત રહેતો નથી. ટકતો નથી. કવિને એનું અપાર દુઃખ છે, પોતાની એ કરુણતાનું ચિત્ર સચોટ રીતે સાગરે ઉપસાવ્યું છે.

ક્યાં તે ઘડી પરમ દર્શનની ગઇ ક્યાં!
વાણી વિના નવલ વેદ ઋચા ભણ્યો હું

ઉત્ફુલ્લ દર્શન! અહા! ઘડી સ્વર્ગની એ
રે! તેથી મોંઘી! ઉપમા કશી ભર્ગની તે![308]

પરમાત્મ-મિલનની ઝાંખીનુ આ દૃશ્ય પણ સાગરે સચોટ બાનીમાં અભિવ્યકત કર્યું છે. હૃદયની વિરહ-વેદના પરમાત્મ કૃપા દ્વારા શમી જાય છે અને પરમાત્મ દર્શનની ઝાંખીનો અનુભવ કરાવે છે. જીવનની આ ધન્ય ક્ષણોનું દર્શન કરાવતું "મૂર્છના" કાવ્ય સ્વાનુભવી ભકતના સત્યનિષ્ઠ ઉદ્ગારો હોઇ એ દૃષ્ટિએ પણ મહત્વના છે.

તે ભવ્ય દર્શન દીધુંજી નથી કલ્પના એ.
ના ઇન્દ્રજાલ, નથી વ્યર્થ વિચારણા એ![309]

...........

[307] એજન, પૃ. ૨૬૦

[308] એજન, પૃ. ૨૬૧

[309] એજન, પૃ. ૨૬૩

તે રકત પૂર્યું નવલું મુજ દીન હૈયે,
તે તે જ જીવન નિરન્તર આ ચલાવે,
હા! પાંગળો નીરખી હું દીધી પાંખ શી તે!
આ દાસ પામર ઉડયો બસ મેરુ ટોચે![310]

'સાગર'ની કવિતાનો પ્રવાહ 'મૂર્છના' અને એક મહાન ભૂલ' કાવ્યોમાં સાધક માંથી સંત દશામાં જીવનની પૂર્ણતાનો સ્વાનુભવ પ્રાપ્ત કરતા 'સાગર'ના હૃદયની નિર્મળ છબીનું ચિત્ર સચોટ કાવ્યમય બાનીમાં નિરુપાયેલું જોઇ શકાય છે. એ દૃષ્ટિએ પણ આ કાવ્યનું મૂલ્ય ઓછું નથી. પોતાના જીવન-ધ્યેયની ઝાંખી કરાવતા 'સાગર' પોતાની માશુકનું ચિત્ર પણ ઉચિત શબ્દ-દેહ દ્વારા સચોટ રીતે આલેખે છે.

માશુક મારી નથી કેવળ કલ્પનાની,
ના વા હવાઇ મુજ પૂતળી ભાવનાની,
જ્યોતિષ્મતી ભગવતી મુજ વિશ્વરૂપા:
શી ભવ્યતા! નીરખતાં અહા થાય મૂર્છા![311]

'માશુક' ના નથી જ પ્રાકૃત દેહધારી,
વા સ્થૂલ નેત્ર તણું માત્ર ન લક્ષ્ય થાતી,
એ મુર્તિ સૂક્ષ્મતમ વિશ્વ બધાની સત્તા!
માશૂક એ પ્રભુ! અનુભવું જે પ્રભુતા![312]

...........

[310] એજન.

[311] એજન, પૃ. ૨૬૬

[312] એજન.

'સાગર' પોતાના ધ્યેયના દર્શનની ઝાંખી અદૃશ્ય થતાં મૂર્છનામાં ઢળી પડે છે. પોતાની અચેતન દશાનું ચિત્ર પણ સચોટ રીતે નીચેની પંક્તિઓ દ્વારા રજુ કર્યું છે.

કયાં આત્મ વૈભવ મુજ! કયાં પ્રિય પ્રાણ પ્યારો!
અફસોસ કયાં દુ:ખ ભરી સ્થિતિ આવી મારી!
એ ઝાંખી જયોતિ સ્મૃતિ કયાં. સ્મૃતિ જાગતામાં,
હા! હાય હાય. ઢળતો ફરી મૂર્છનામાં[313]

પોતાની આવી માનસિક દશામાં કવિતા જ એક માત્ર પ્રેરણા બની રહે છે.

પ્રિયે! પાસે ન કો તોયે કવિતા મુજ પ્રેરણા
રોતી લ્હોતી બિચારી શી રડે આ મુજ મૂર્છના.[314]

'મૂર્છના' ની માફક 'એક મહાન ભૂલ' પણ આત્મ-વિશ્લેષણાત્મક કાવ્યોમાં સીમાચિહ્ન છે. પોતાના આત્મવિશ્લેષણ દ્વારા 'સાગર' 'એક મહાન ભૂલ' કાવ્યમાં સ્પષ્ટ સ્વીકારે છે કે જગતના સ્થૂલ પદાર્થો પ્રત્યેનો પ્રેમ એ મોહ - માયા છે. પોતાની એ મહાન ભૂલનો સ્વીકાર કરતાં 'સાગર' પરમ કૃપાળુ પરમાત્માને માફી આપવા વિનંતી કરે છે. પોતાના પામર હૃદયની દશાનું ચિત્ર રજૂ કરતાં 'સાગર' સિધ્ધાન્તમાં સ્વીકારે છે કે:

ના ના ભૂલ કબૂલતાં શરમ ના, ના લુબ્ધતા માનવી,
પોતાની જ કબૂલ ભૂલ કરતું ઉંચે જતું માનવી.[315]

...........

૩૧૩એજન, પૃ. ૨૭૦

૩૧૪એજન.

૩૧૫એજન, પૃ. ૩૦૯

વિશુધ્ધ હૃદયે પશ્ચાતાપ કરતા સાગર પ્રભુકૃપા પ્રાપ્ત કરે છે અને પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી પણ અનુભવે છે.

સર્વદા સર્વને રહે, કૃપા એ પ્રભુની ખરે!
પરંતુ, ભકતને કાજે, ઇષ્ટ તો, અવતાર લે.[૩૧૬]

સ્વીકારું છું પ્રભો! હું તો કૃપા તારી અપાર છે
અકકેકા અણુની ઓઠે, અકકેકો અવતાર છે.[૩૧૭]

પરંતુ પોતાના હૃદયની મોહવિવશ દશાને કારણે પરમાત્મકૃપાની પોતે અવહેલના કરી અને પરિણામે તે વૃત્તિની લીનતા રાખી શકયા નહીં. પોતાની એ ભૂલનો સ્વીકાર કરતાં સાગરે સ્પષ્ટ એકરાર કરે છે કે:

જયારે ત્હારી કૃપા, પ્રભો! મુજ પરે વર્ષી અતિ વૃષ્ટિશી,
ત્યારે હા! અવહેલના કરી, પ્રભો! સ્વચ્છન્દથી - ગર્વથી,
રાખે તું, પ્રભુ! યત્ન રહિત છતાં શી મારી એ ધૃષ્ટતા!
ના તું માં - તુજયત્નમાં રહી શકી ના વૃત્તિની લીનતા[૩૧૮]

જગતની સ્થૂલ વૃત્તિઓમાં આથડતા મુમુક્ષુને પોતાના જીવનની સિધ્ધિ પ્રાપ્ત થઇ શકે નહીં. પોતાના હૃદયનો આંતરવિગ્રહ રજૂ કરતાં સાગરે પોતાની એક મહાન ભૂલનો નીચેની પંકિતઓમાં નિર્દેશ કરે છે.

...........

[૩૧૬]એજન, પૃ. ૩૧૧

[૩૧૭]એજન.

[૩૧૮]એજન, પૃ. ૩૧૩

સાચી જો ફકીરી હતી જ ઉરમાં, તો કાં ન માયા શમી?
ને, જોગી જનવાસમાં રહી શકયો શું વાનપ્રસ્થાશ્રમી?
સંસારી જન સાથ જોગી હૃદયે કાં મિત્રતા પાળવી?
ને સંબંન્ધ અરે! પ્રપંચી જગના શાને રહ્યો સાચવી?[૩૧૯]

પરમાત્મામાં દૃઢ શ્રધ્ધા અને પ્રભુકૃપા વ્દારા માર્ગમાં આગળ વધવાનો દૃઢ નિર્ણય પણ 'સાગર' સચોટ રીતે રજૂ કરે છે:

જ્ઞાનીને પ્રભુથી જુદું ના ના વિશ્વ જ સંભવે,
જોગીને જગની સાથે ના ના સંબંધ પાલવે
પ્રભો. માફી દે વા અધિક અધિકી ભકિત ભરવા-
પ્રતીતિ દે જીવું જીવિત મુજ સો તારું કરવા;
નથી આશાદીપ્ત, તરણબલ હૈયે નથી, પ્રભો!
છતાં, શ્રધ્ધા તું માં - તુજ પ્રભુકૃપા સર્વ મુજ હો![૩૨૦]

પોતાના સ્નેહયોગનો સિધ્ધાન્ત સમજાવતા 'સાગર' બુધ્ધિ અને હૃદયની એક વાકયતામાં જ સાચા સ્નેહનો સહચાર જુએ છે:

હૈયું ને બુધ્ધિ બે જુદાં, ત્યાં ચોખ્ખો વ્યભિચાર છે
એ બેના ઐકયમાં સાચા સ્નેહનો સહચાર છે.[૩૨૧]

............

૩૧૯ એજન.

૩૨૦ એજન, પૃ. ૩૧૪

૩૨૧ એજન પૃ. ૩૧૬

'બુધ્ધિ અને હૃદય', 'અશ્રુયોગ', 'નિજ હૃદયને', 'જીવન મંથન', 'નિમજ્જન', 'મૂર્છના' 'એક પ્રસ્તાવના', 'સ્વાર્પણ-વિચાર' અને 'એક મહાન ભૂલ' જેવાં ઉચ્ચ કોટિના કાવ્યો પણ 'સાગર'ની ગદ્યાળુ બાની અને અસાધારણ શિથિલતાની મર્યાદામાંથી પૂર્ણપણે ઉગારી શકયાં નથી. કેટલાક કાવ્યોમાં વિચારને અનુરૂપ ભાષાશૈલીનો અભાવ વરતાય છે તો કેટલાક કાવ્યોમાં એક જ વિષય વિચારના પુનરાવર્તનને કારણે અભિવ્યકિતમાં કલાના જીવંત સ્પર્શનો - તાઝગીનો અભાવ તરત જ ધ્યાન ખેંચે છે. તો કેટલાક કાવ્યોમાં કાવ્યમય બાનીના અભાવને કારણે - માત્ર પદ્યદેહે આકાર પામતા વિચારોને લીધે કવિ અભિવ્યકિતમાં અસરકારકતા - સચોટતા સાધી શકયા નથી 'સાગર' ના આ પ્રકારના છંદોબધ્ધ કાવ્યોની આ મર્યાદાનો નિર્દેશ શ્રી. બ.ક. ઠાકોરે નીચે પ્રમાણે કર્યો છે.

"એના વિચાર-શૈલી કે અનુભવમાં નવીનતા નથી. બળી બે ચાર વિચારણા એને રોમે રોમ એવી વ્યાપેલી કે ગમે તે વિષય ઉપાડે તેમાં તે આવ્યા જ કરે છે."[૩૨૨]

'દીવાને સાગર' ની બાજી આવૃત્તિની પ્રસ્તાવનામાં ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ 'દીવાને સાગર' ના પહેલા અને બીજા તબકકાનાં કાવ્યો માટે દર્શાવેલો અભિપ્રાય પણ આ સંદર્ભમાં નોંધવો જોઇએ:

જીવનમાં નકકી કરેલા આદર્શ મુજબ કોઇપણ ભોગે જીવન જીવી જવાની તમન્ના - કવિ-સુલભ લાગણીભર્યું હૃદય - સત્યની ખાતર ગમે તેટલા ભોગ સહી લેવાની તૈયારી અને જગતનાં અસત્યો સામે વિગ્રહ મચાવીને ઝૂઝતું હૃદય અને એ વિરોધી તત્વોની સામે થતાં સત્યપ્રિય હૃદયને થતું પારાવાર દુ:ખ- પારાવાર વેદના દર્દ અને રૂદન એ બધું એમનાં કાવ્યોમાં મોટેભાગે સહૃદયી વાચકને પ્રતીત થશે.

"'દીવાને સાગર'ના કાવ્યોમાં પણ પહેલા અને બીજા તબકકા સુધીની શ્રી.'સાગર' ની કવિતામાં મોટે ભાગે દર્દ અને રૂદન જણાશે. જીવન સાધનાના માર્ગે આવી પડતી મુશ્કેલીઓ અને સ્ખલનો માટે પશ્ચાતાપ અને પરિતાપ એમનાં નિજ હૃદયને :પૃ. ૧૦૮:, મૂર્છના :પૃ. ૨૫૫: અને 'એક મહાન ભૂલ' :પૃ. ૩૦૯: જેવાં કાવ્યોમાં પ્રબળ રીતે જણાશે. કહેવાની ભાગ્યે જ જરૂર રહેશે કે સાહિત્ય-સર્જનને શ્રી. સાગરે કદી જીવનનું ધ્યેય માન્યું નહોતું. એમના જીવનની તમન્ના તો પ્રબળ પુરુષાર્થ દ્વારા પ્રભુપ્રાપ્તિ અનુભવવાની હતી. આમ, શ્રી.'સાગર' ની જીવન-પ્રતિભા તે કવિ-જીવનની પ્રતિભા નહિ પણ સંત-જીવનની પ્રતિભા છે."

" એમના કાવ્યો એ પ્રબળ વિરાગી અને પ્રભુપ્રેમી હૃદયની જીવન સફરનાં મહત્વના મુકામો છે."[323]

" 'સાગર'ની કવિતા એમના અધ્યાત્મપ્રવાસની હૃદયપૂર્વક સત્યનિષ્ઠ અને પ્રમાણિકપણે લખાયેલી પ્રવાસ-નોંધ જેવી છે. એ પ્રવાસમાં આગળ વધનાર દરેક મુમુક્ષુને માટે ભોમિયાની - આત્માનુભવી સદ્ગુરુની ગરજ સારે તેમ છે. અને એમાં જ 'સાગર'ના આ આત્મવિશ્લેષણાત્મક કાવ્યોની સિદ્ધિ રહેલી છે. 'દીવાને સાગર' ના ત્રીજા તબકકાના તેમજ 'દીવાને સાગર' દફતર ૨ ના આત્માનુભવનું બળ તેમજ સચોટ અભિવ્યકિતને કારણે સાગરની ઉત્તમ કવિત્વશકિતનો પરિચય કરાવે છે. આ કાવ્યોમાં જેમ વિકટ મુસાફરી પુરી કરનાર પ્રવાસીને તે પૂર્ણ થતાં જે આનંદ થાય તેવો પ્રબળ પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત પ્રભુપ્રાપ્તિનો ઉલ્લાસ નિરૂપાયો છે. 'સાગર'ની અધ્યાત્મસાધનાની પૂર્ણતાનો અનુભવ એમના ઉત્તમ કાવ્ય-સર્જનમાં અભિવ્યકત થયો છે એ સમજવા માટે જીવન-સાધનાના માર્ગમાં એમને પડેલી મુશ્કેલીઓ સ્ખલનો અને પોતાની

...........

323 'દીવાને સાગર' દફતર -૧ દ્વિતીયાવૃત્તિ પ્રસ્તાવના પૃ. ૪-૫

ભૂલને માટેનો સાધકનો વિશુધ્ધ હૃદયે કરેલો પશ્ચાતાપ, વેદના અને હરિ-વિરહ નું રુદન 'સાગર' ની અધ્યાત્મ-સાધનાની પૂર્વભૂમિકા સમજવા માટે પણ આવશ્યક છે. એટલે એ દૃષ્ટિએ પણ આ આત્મવિશ્લેષણાત્મક કાવ્યો પ્રભુપ્રેમી હૃદયની જીવનસફરના મહત્ત્વના મુકામ તરીકે પણ અભ્યાસક્ષમ છે. અવશ્ય પ્રસ્તાવનામાં ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ કહ્યું છે તેમ "એક કાવ્યના પુસ્તક કરતાં દીવાને સાગરનું મહત્વ વાચક જનતાને ધર્મપુસ્તક તરીકે જીવન નિયામક અને જીવનપ્રેરક પુસ્તક તરીકે વધુ જણાશે. જેમ કોઇ સાહસિક મુસાફર કોઇ અજાણ્યા પ્રદેશની મુસાફરી કરતાં કરતાં પોતાની નોંધ લખતો જાય અને એ નોંધની જે કિંમત એ જ માર્ગે ગતિ કરનારા બીજા મુસાફરને લાગે તે પ્રકારનાં સાગરના કાવ્યો છે. પ્રભુપ્રાપ્તિને માર્ગે ગતિ કરનાર મુમુક્ષુ જીવાત્માઓ, સંભવિત છે કે એના વચનમાંથી આત્મબળ પ્રાપ્ત કરી શકે."[324]

અર્વાચીન કવિતામાં શ્રી. સુન્દરમે કહ્યું છે તેમ: "દીવાને સાગરના ત્રીજા તબકકામાં પ્રણયી હૃદયનો તરફડાટ કે દર્દ, પ્રબળ ઉર્મિ અને પરિતાપ વાચકને કવચિત જ નજરે પડશે. એ તબકકામાં તો સાગરે પોતાની અધ્યાત્મ સાધનાની પૂર્ણતાનો આનંદ જ અભિવ્યકત કર્યો છે."[325]

હો તેને વિશ્વ હો, અસ્તુ. માહે તો વિશ્વ છે નહીં;
પ્રભો! આ આપણી સૃષ્ટિ, હું - તું બેની બની રહી.
છો હોય વિશ્વ, પણ યોગી હવે ન જોશે;
એકાકી અદ્‌ભુત વિધિથી નિજાત્મ ધોશે!
સંબન્ધ માત્ર જગના સહુ યે ઉપાધિ
હો સર્વને નમન! સાધીશ હું સમાધિ[326]

...........

[324]એજન.

[325]અર્વાચીન કવિતા સુન્દરમ્, પૃ.

[326]એજન, પૃ. ૩૧૯

પોતાના હૃદયનું સૂક્ષ્મ પૃથ્થકરણ કરતાં 'સાગર' સ્વીકારે છે કે:

જીવાત્મા દોડતો, કિન્તુ, માર્ગો બન્ધ પ્રવાસના,
છૂપેલી સૂક્ષ્મ સૃષ્ટિમાં, જ્યાં સુધી કોઇ વાસના[327]

પોતાની ભૂલ પછી 'સાગર' પ્રભુમય જીવન જીવવાનો દૃઢ નિર્ધાર કરે છે. માર્ગમાં આગળ વધવાની દૃઢતાનું દર્શન કરાવતી આ પંક્તિઓ જુઓ:

થાક્યો છું વિશ્વ સહુ સુન્દર મોહી મોહીને,
રોયો છું લોહી વહી આંખ ફરીથી લોહીને,
મીચું છું નેત્ર બસ! છેલ્લું જ જોઇ જોઇને.
ઓ જીવ! તું પ્રભુ વિના ન ભજીશ કોઇને.[328]

'સાગરના' જીવનનો આધાર એકમાત્ર બ્રહ્મકૃપા જ છે.

પ્રિયા! પ્રેમી! પિતા! માતા! મારું બ્રહ્માંડ તું જ તું:
સૌમાં, બ્રહ્મકૃપા! તું તું! ના ના કોઇ મને બીજું.[329]

સગુણ દ્વારા નિર્ગુણ બ્રહ્મની પોતાની ઉપાસના પણ સાગરે આ કાવ્ય દ્વારા નિરૂપી છે.

પોતાના પ્રેમની આદર્શ મૂર્તિનું ચિત્ર પણ નીચેની પંક્તિઓ દ્વારા રજૂ કર્યું છે.

...........

327 એજન, પૃ. ૩૨૧

328 એજન.

329 એજન.

પૂજે કૃષ્ણ પ્રભુ કોઇ, હું પૂજું મુજ રાધિકા,
સંજ્ઞા તદ્બ્રહ્મની મારી શાશ્વતી કૃષ્ણકારિકા.
ઓંકાર શબ્દ મુજ માશૂકની જ મૂર્તિ
ને કૃષ્ણમાં ભગવતી મુજ મૂલ શક્તિ,
એવી નવી વિધિથી ગોપલીલા ભણું છું
સંમિશ્ર સ્થૂલ ઇતિવૃત્ત સહુ ગણું છું.[330]

'સાગર'ના સ્નેહયોગના બે વિશિષ્ટ લક્ષણો વૃત્તિની અનન્યતા અને દૃઢશ્રધ્ધાની અનિવાર્યતા દર્શાવી પોતાનો સ્નેહયોગ નીચેની પંક્તિઓ દ્વારા સમજાવ્યો છે પોતાના જીવન-સિધ્ધાન્તની સચોટ અભિવ્યક્તિ માટે પણ આ પંક્તિઓ ટાંકવી જોઇએ.

ગોપી ધ્યેય, ઉરે ગોપી જાણે સંસાર વ્યર્થ છે,
એવું ગોપી બન્યા વિના કૃષ્ણભક્તિ નિરર્થ છે,

જનોની, જનસ્નેહોની, મર્યાદા સર્વ લોપીને,
એકમાં સૌ જુવે વિશ્વો, એનું નામ જ ગોપી છે.
અસ્તુ!એ આત્મજ્ઞાનાર્થે, ભક્તિની લીનતા વડે,
ઉદાસીન અને યોગી, ગોપી જેવું થવું પડે[331]

એક-માત્ર વિશ્વાત્માના દર્શન માટે વિશ્વને જોવાની દૃષ્ટિનો લય કરવો જોઇએ. સાચા પ્રેમયોગીને માટે તો વિશ્વનું અસ્તિત્વ જ નથી. એ સિધ્ધાન્ત પણ નીચેની પંક્તિઓ દ્વારા સોટ રીતે અભિવ્યક્ત થયો છે.

...........

[330] એજન, પૃ. ૩૧૭

[331] એજન, પૃ. ૩૧૮

પ્રભો! તું અણલિંગીને લિંગ ભેદે જ કલ્પતાં,
શકું રોઇ, પ્રભો. પ્રીતિ. તને, માશૂક . જલ્પતાં.
સર્વાતીત છતાં સૌમાં વ્યાપ્ત તું સર્વદા, વિભો!
છતાં, તે દીધી જે ઝાંખી તે પ્રેમ બ્રહ્મ ઝંખતો[332]

'સાગરે'ની આરાધ્યમૂર્તિનું ચિત્ર પણ મનોહર અને ભવ્ય છે.

લાખો ઇસામસીહ જ્યાં કદમે ઝુકે છે
જ્યાં કોટિ કૃષ્ણ ચરણો ચૂમવા મથે છે
ને જ્યાં રહે સતત જોગીની લીનવૃત્તિ
તે પ્રેમરૂપ મુજ માશૂક બ્રહ્મમૂર્તિ[333]

પોતાની આ બ્રહ્મમૂર્તિનો જ સત્યાંક ગણાવતાં સાગરે તાત્ત્વિક સિધ્ધાન્તની સચોટ અભિવ્યકિત કરી છે.

અવિદ્યા-શૂન્ય ભાસે છે- લીલા બ્રહ્મપ્રણીત એ:
એક સત્યાંક! બાકી સૌ મિથ્યા અંકગણિત છે.[334]

અજાતવાદી 'સાગર' સિધ્ધાન્તમાં સ્વીકારે છે કે જગતનો બાહ્યત્યાગ આવશ્યક નથી તેમ છતાં માર્ગમાં અવરોધરૂપ હોય તે સર્વનો ત્યાગ કરવાનો પણ તે અનુરોધ કરે છે.

...........

[332] એજન, પૃ. ૩૨૨

[333] એજન.

[334] એજન.

વસ્તુમાં કલ્પના માયા, હેયોપાદેય કૈં નથી,
છતાં, જો માર્ગ રોધે તો, જોગીને ત્યાજ્ય સૌ નકી.[335]

અનન્યભકિત વ્દારા પ્રભુકૃપા પ્રાપ્ત કરવાનો એક જ આબાદ ઇલાજ છે એ વિના અન્યમાર્ગ નથી.

અચલ યોગ વિના નથી ભકિત, તે
સતત ભકિત જ યોગ નિદાન છે,
બસ અનન્ય તને, પ્રભુ! ચિન્તવે
પ્રભુકૃપા ઉર તો જ અનુભવે[336]

વિશુધ્ધ હૃદયે પશ્ચાતાપ વ્દારા માર્ગમાં આગળ વધતા સાગરની હૃદયદશાનું ચિત્ર 'એક મહાન ભૂલ'ની અંતિમ પંકિતઓમાં સચોટ રીતે આલેખાયું છે.

રોતાનાં આંસુડાં ચોખ્ખાં, પ્રભુનો હસ્ત લૂછતો,
જાતે જોગીની નાડીમાં, પ્રાણ કુમ્ભક પૂરતો[337]

'એક મહાન ભૂલ' પછીની 'સાગર'ની ઇ.સ. ૧૯૧૩ થી ઇ.સ. ૧૯૩૬ સુધીની કવિતામાં પરમાત્મા સાથેની એકતાનો સ્વાનુભવ જીવન-સાફલ્યના આનંદમા ઉદગારો હોઇ 'સાગર'ના આત્મમંથન કાળનું આ અંતીમ કાવ્ય છે. 'સાગર'ના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં પણ આ કાવ્ય આ દૃષ્ટિએ મહત્વનું સીમાચિહ્ન બની રહે છે.

...........

335 એજન, પૃ. ૩૨૪

336 એજન, પૃ. ૩૨૫

337 એજન, પૃ. ૩૨૭

૫. ___ખંડકાવ્યો:

વિષયવસ્તુની દૃષ્ટિએ અંજલિ કાવ્યો, પ્રકૃતિ વિષયક તેમજ પ્રાસંગિક કાવ્યોના મૂલ્યાંકન પછી ખંડકાવ્યોની શૈલીનાં ત્રણ કાવ્યો ૧.'વાનપ્રસ્થ અગ્નિહોત્રી' ૨.'જંગલનો મહેમાન' અને ૩.'ખોવાયેલું બાળક' તપાસવાનું ઉચિત લાગે છે. સાગરે પોતાના તાત્ત્વિક સિધ્ધાન્તો સમજાવવા માટે આ ત્રણે કાવ્યોમાં વિશિષ્ટ પ્રકારની શૈલી પ્રયોજી છે.

પ્રથમ કાવ્ય'વાનપ્રસ્થ અગ્નિહોત્રી'માં વ્યક્ત થયેલી પૌરાણિક ભાવના સમજાવતી કવિની પોતાની અપ્રસિધ્ધ ટીકામાં દર્શાવ્યું છે તેમ'વાનપ્રસ્થ અગ્નિહોત્રી'કાવ્યનું વસ્તુ નથી પૌરાણિક, નથી ઐતિહાસિક અથવા નથી કેવળ ઉપજાવી કહાડેલું. સત્ય, કલ્પના અને શાસ્ત્રાન્વેષણ એ ત્રણમાંથી ત્રણ અસમાન ભાગોના મનસ્વી મિશ્રણથી આ ખંડ બન્યો છે.[૩૩૮] આ કાવ્યમાં ખંડકાવ્યની શૈલીનું અનુસરણ છે. શાસ્ત્રીય સિધ્ધાન્તોની પશ્ચાદ્ભૂમિકા વગર આ કાવ્યોમાં અનુસ્યૂત અર્થ સમજવામાં મુશ્કેલી પડે છે. આ કાવ્યોની આ સૌથી મોટી મર્યાદા છે. વાનપ્રસ્થ અગ્નિહોત્રી કાવ્ય દ્વારા અભિવ્યક્ત થયેલી વિભાવનાનો આસ્વાદ માણ્યાં પછી કવિની મધુર પ્રાસાદિક બાનીનું યથાર્થ દર્શન થાય છે.

સાગરે પોતાના અંતરમાં સમારોપિત પ્રેમાગ્નિને અંદરનો અગ્નિ - પ્રેમપ્રલ.[૩૩૯]

પ્રજ્વલિત રાખવાનો દૃઢ નિશ્ચય વસંતતિલકા અને અનુષ્ટુપના છંદોમેળ

............

[૩૩૮] જુઓ, પાદટીપ ૪૯

[૩૩૯] દીવાને સાગરનો શબ્દકોષ - જુઓ,'અગ્નિહોત્રી' શબ્દ ની ટીકા પૃ. ૪૮૧

વ્દારા સાધ્યો છે. કાવએ પ્રારંભમાં વાનપ્રસ્થ અગ્નિહોત્રીનું શબ્દચિત્ર દોર્યું છે. અગ્નિહોત્ર (વિધિપૂર્વક બલિદાન અર્પીને અગ્નિદેવની ઉપાસના કરનાર અગ્નિહોત્રી) ના બે પ્રકાર છે. નિત્ય અગ્નિહોત્ર તો જીવને કાયમનો છે અને કામ્ય કામનાની સિધ્ધિ માટે જ છે. નિત્ય, અગ્નિહોત્ર એ શબ્દ જ એના રહસ્યનો પ્રજ્ઞાનાગ્નિનો, આંતરજીવનનો, બ્રહ્મજન્મનો, ખરા દ્વિજત્વનો વિચાર કરાવે છે. અગ્નિહોત્ર એ પણ યજ્ઞ છે.

'સાગર' મહારાજે પોતાના આધ્યાત્મિક જીવનની પૂર્ણતા પ્રાપ્ત કર્યા પછી આર્યઋષી જીવનની ધાર્મિક પ્રણાલિકાને અનુસરીને આજીવન અગ્નિહોત્રનું વ્રત ધારણ કર્યું હતું. બાહ્યાભ્યંતર અગ્નિહોત્રી 'સાગરે' ઇ.સ. ૧૯૨૫-૨૬ માં પોતાના પુત્રની, કેળવણી અંગે સરખેજમાં તેમજ ઇ.સ. ૧૯૩૦-૩૧ માં 'કલાપી'ના કેકારવ તેમજ પત્રધારાના સંપાદન અંગે લાઠી તેમજ રાજકોટ મહિનાઓ સુધી દુધ- ફળ પર જ રહ્યા હતા.

સામાજિક પ્રસંગોમાં પોતે અલિપ્ત રહી શકે એ ગૌણ હેતુ પણ આ વ્રત પાછળ છૂપાયેલો હતો.[340]

અગ્નિહોત્રી યજ્ઞમાં ભાગ લેવા માટે શ્રીકૃષ્ણ રૂક્મિણી, પ્રધ્યુમ્ન, નારદ અને સરસ્વતીને આમંત્રે છે. યજ્ઞના હોત્રી આ દેવોનું પૂજન કરે છે. આ આશ્રમ દક્ષની પુરાણી પુરી જેવો લાગે છે. 'સાગર' આ દેવોને અપાયેલા નિમંત્રણનો

પૂજનનો હેતુ આ કાવ્યની અપ્રસિધ્ધ ટીકામાં આ પ્રમાણે સમજાવે છે.

...........

340 શ્રી. ન્હાનાલાલ અં. યાજ્ઞિકની મુલાકાતને આધારે

આત્માના એ સ્વરૂપ ઉપરથી એને પ્રદેશ કલ્પીને કવિએ આ રૂપક આપ્યું છે.[341] શ્રીકૃષ્ણ રુક્મિણી સાથે પ્રેમના દેવતા પ્રગટ અગ્નિરૂપ પ્રદ્યુમ્ન અને કૌમારવ્રત ધારક દેવતાઓ તરીકે નારદ અને સરસ્વતીને ગણાવ્યા છે. અગ્નિહોત્રના સુરમ્ય -ચિત્ર દ્વારા કવિએ કાવ્યનો પ્રારંભ કર્યો છે.

પ્રાર્થનામન્ત્ર ઉચ્ચારે, આરાધે અગ્નિ દેવતા,
સ્વરોએ શાન્ત આકાશે પહોંચતા પડ ભેદતા.[342]

સંસારીઓની આભિમાનિકી અધૂરી દૃષ્ટિ આંતરની ભેદી ભૂમિનો પાર પામી શકતી નથી. સચોટ કાવ્યમય વાનીમાં અગ્નિહોત્ર માટે રજૂ કરેલો સિધ્ધાન્ત સાગરની પોતાની જ ભાવદશાનું પ્રતિબિંબ હોઇ, કાવ્યની પૂર્વભૂમિકા રજૂ કરે છે.

સંસારી અધૂરી દૃષ્ટિ, આભિમાનિકી આથડે-
અન્તર્મર્મ પ્રદેશોની, સાચી ના ગતિ સાંપડે [343]

શાસ્ત્રવિધિ પ્રમાણે ઉપનયન સંસ્કાર પછી જ હોત્રી અગ્નિહોત્ર માટે અધિકારી ગણાય છે. વસ્તુતઃ આંતરસવિતોપાસનાર્થે પાત્રતા જોઇએ તે પાત્રતા બાહ્યદૃષ્ટિની સંસ્કૃતિ સિવાય પ્રાપ્ત થઇ શકે નહી, એટલે વાનપ્રસ્થ અગ્નિહોત્રી પોતાની સંસારી અધૂરી આભિમાનિકી દૃષ્ટિમાંથી બહાર નીકળીને અંતરનો પ્રમાગ્નિ પ્રગટાવે તો પ્રલયજ્ઞ દ્વારા અંતરના પ્રદેશની સાચી પિછાન કરી શકે.

...........

341 સાગરનાં કાવ્યોની અપ્રસિધ્ધ ટીકા
342 દીવાને સાગર દફતર ૧, પૃ. ૧૨૫
343 એજન.

કરી સંપ્રાપ્ત હોતાએ, સંસ્કૃતિ ઉપનેત્રની,
અગ્નિહોત્રાર્થ શોધ્યોએ, ભૂમિકા તીર્થક્ષેત્રની[344]

અગ્નિહોત્રીએ અગ્નિહોત્ર માટે શોધેલી તીર્થક્ષેત્રની ભૂમિકા સાગરે નીચેની પંક્તિઓ દ્વારા સમજાવી છે.

વહેતું જતું ઝરણ ત્યાં, હતું છેક જૂનું,
ખંડેર જેવું શિવમન્દિર ગેરૂરંગી
અદભુત એક હતી ત્યાં હનુમાન મૂર્તિ-
આશ્ચર્ય, એ જનપદે ન ભૂમિ વટાતી.[345]

કાવ્યની અપ્રસિધ્ધ ટીકામાં તીર્થક્ષેત્રનું વાતાવરણ રૂપક શૈલીમાં 'સાગર' આ પ્રમાણે સમજાવે છે.

બાલ્યમાં ઝરણુંને યુવામાં નદ દેખાય ને છેવટે સિન્ધુસમાન થતાં અનંત મહાસાગરમાં ભળી જાય એ કાળના ઝરણાનો અનંતક્રમ છે. દૃષ્ટિને ખંડેર જણાતું છેક જૂનું ગેરૂરંગી શિવમંદિરનો પ્રભુભક્તિમાં લીન અગ્નિહોત્રીના અંદરના આત્મપ્રદેશના પ્રતીક તરીકે દર્શાવ્યું છે. હૃદયના પ્રેમ, વિશુધ્ધિ અને તીવ્રતાના ગુણો માટે પૂજન્યોગ્ય ગણાયેલી હનુમાનની મૂર્તિનો પ્રેમ અને આસ્થાના પ્રતીક તરીકે ઉલ્લેખ કર્યો છે. આવા આ પ્રદેશને અગ્નિહોત્રના તીર્થસ્થાનને યોગ્ય ગણાવ્યું છે.

આ તીર્થસ્થાનની આજુબાજુની પરિસ્થિતિનું અંદરની ભૂમિકાનું રૂપક શૈલી દ્વારા નીચેની ચાર પંક્તિઓમાં વર્ણન કર્યું છે.

............

344 એજન, પૃ. ૧૨૬

345 એજન.

ત્યાં આસપાસ કૃષિકાર કૃષિ કરે છે,
અજ્ઞાનીઓ કંઇ પ્રમાદની શાન્તિમાં છે,
ભૂમિ રસાલ પણ ધાન્ય બધાં ન પાકે,
યજ્ઞાર્થ વ્રીહિ, યવ, તિલ થતા હતા ત્યાં.[૩૪૬]

અજ્ઞાનીઓ પ્રમાદની શાંતિમાં છે અને રસાલ ભૂમિ હોવા છતાં બધાં ધાન્ય પાકતાં નથી એ ભાવ દ્વારા શાંતિનો આભાસ માત્ર લાગતી પરિસ્થિતિનું અંદરની ભૂમિકાનું વર્ણન છે. સાગર કાવ્યની અપ્રસિધ્ધ ટીકામાં અંદરની ભૂમિકા આ પ્રમાણે સમજાવે છે.

આંતર અને બાહ્યમાં સંપૂર્ણ સહકાર તે જ્ઞાન એવો એખલાસ જાગતો નથી ત્યારે પણ શાંતિનો જે આભાસ લાગે છે તે દશા પ્રમાદની શાન્તિની હોય છે. વસ્તુના અજ્ઞાનની જાણે શાપિત જિંદગી હોય એવી એ સુસ્તીની કમબખ્તી છે. આ સંદર્ભમાં જ કવિ કહે છે કે:

ભૂમિ રસાલ પણ ધાન્ય બધાં ન પાકે

શાન્ત હૃદયાકાશમાં બ્રહ્મજન્માર્થ હેતુથી દ્વિજજીવન માટે સવિતા ભાવનાની સ્તુતિનાં વચનો ઉચ્ચારતો અગ્નિહોત્રી બ્રાહ્મણ તેમજ આંતર: અગ્નિદેવતાની સ્તુતિ કરે છે. ઋષિ અધ્વર્યુએ રચેલી વેદીમાં વૈશ્વાનર સ્તવન હોમ કરે છે. અને ત્યાં કોકિલ અને મયૂર પણ ગાન ગાતા દર્શનાર્થે આવી ચઢે છે. હૃદયની સુન્દરતા- મીઠાશ અને અશારીરિતા અને કલાનાં પ્રતીકો તરીકે કવિએ આ બંને પંખીઓ સંભાર્યાં છે. મનુસ્મૃતિમાં અગ્નિહોત્રીને અપાયેલી આજ્ઞા પાખંડી, શઠ, બકભકત વગેરેનો સંગ સર્વથા દૂષિત છે એ પૂર્ણ પણે પળાતી નથી.

...........

૩૪૬ એજન.

શાસ્ત્રાજ્ઞા:- અગ્નિહોત્રીને, પાખંડી, શઠ, હેતુક
વિકર્મી બક ભકતોનો સર્વથા સંગ દૂષિત [૩૪૭]

મોર અને ઢેલનું એક જોડું પણ યજ્ઞના દર્શને આવે છે. અગ્નિહોત્રીને એક દેવશિશુ ગ્રીક પુરાણમાં દર્શાવેલી અમર શિશુની ભાવના) તેમજ એક પક્ષી -( હુમા )-પ્રભુકૃપાની આગાહી આપનાર પક્ષી:-નું દર્શન થાય છે. આ દર્શન થયા પછી અગ્નિહોત્રીનું હૈયું કર્મકાંડની વિધિમાં પૂર્ણપણે પરોવાયેલું રહેતું નથી કવિ અગ્નિહોત્રીને થયેલા આ દર્શનને સ્વપ્નદર્શન તરીકે ઓળખાવે છે. જુઓ:

ઋત્વિજો હવિ હોમે છે, ઉતેજે વિધિથી ઋષિ
પરંતુ એ હવે હૈયું, પૂર્ણ એ વિધિમાં નથી
અદૃશ્ય બાલ થયું, પંખી ઉડી ગયું છે,
એ હોત્રીનું હૃદય ત્યાં જ હજી ઠર્યું છે
એ [illegible] નેત્ર પણી દૃષ્ટિ કશું ન દેખે
એ ચિત્ર! સ્વપ્ન. કંઇ એ નજરે તરે છે![૩૪૮]

આ સ્વપ્નદર્શન અદૃશ્ય થતાં બાહ્ય દૃષ્ટિ કશું જોઇ શકતી નથી. પરંતુ અગ્નિહોત્રીના હૃદયમાંથી હજુ એ ચિત્રના સંસ્કારો ભૂસાયા નથી. ફરી પાછું પંખી પૃથ્વી ઉપર આવી ચડે છે. થોડીક ક્ષણો તરફડે છે અને વળી પાછું ગીત ગાતું ઉડી જાય છે. ત્યાં સ્વર્ગમાંથી એક ધવલ ગાય પણ યજ્ઞદર્શન કરી પાછી ચાલી જાય છે. અગ્નિહોત્રીનું ચિત્ત આ સ્વપ્નદર્શનમાં પરોવાયેલું હોવાથી તે હૃદયપૂર્વક યજ્ઞની વિધિ કરતો નથી. તેનું હૃદય તો હજુ સ્વપ્નદર્શનમાં જ નિમગ્ન છે. જુઓ:

...........

[૩૪૭] એજન, પૃ. ૧૨૭

[૩૪૮] એજન, પૃ. ૧૨૮

યજ્ઞમાં સૌ સમર્પે છે, આજ્ય, દૂધ દધિ,મધુ,
હોત્રનું હૈયું તો પેલા, સ્વપ્નદર્શનમાં ઢળ્યું.[૩૪૯]

અગ્નિહોત્રી કલ્યાણ-મંત્રોથી વાતાવરણને સચેતન કરે છે અને હોમમાં સતત આહુતિ અર્પે છે. અગ્નિના કુન્ડમાંથી શ્યામ ધૂમ્રગોટા ચારે દિશામાં પ્રસરી જાય છે અને એમાંથી એક દિવ્ય જ્યોતિ પ્રગટે છે. આ જ્યોતિમાંથી યજ્ઞકુમારી દેવી સાથે એક દિવ્ય બાળક પણ પ્રગટેલો દૃષ્ટિગોચર થાય છે. અગ્નિહોત્રીનું મન સંભ્રમમાં પડી જાય છે. એ આ સ્વપ્ન-દૃશ્ય અંગે કશું વિચારી શકતો નથી અને સુને હૈયે એ યજ્ઞની પુર્ણાહુતિ કરી દે છે પણ એના હૃદયમાંથી હજુ સ્વપ્નદર્શનનો વિચાર થતો અદૃશ્ય થતો નથી, જુઓ:

એ દેવી! એ જ શિશુ! સ્વપ્ન સદા સ્મરે છે
આભો બન્યો, દ્રવિત એ ઋષિ આથડે છે
એ દેવી! એ શિશુ જપે તપતો જીવે છે,
હોત્રાગ્નિ એ સતત સાચવતો સ્તવે છે.[૩૫૦]

આ સ્વપ્નદર્શનનો ભેદ પામવા માટે આતુર ઉદાસીન અગ્નિહોત્રીનું શબ્દચિત્ર જુઓ:

ત્યજે છે સંગ ને રંગ, પિતૃયાણે પરિત્યજે
અગ્નિહોત્રી ઉદાસીન ઝંખતો સ્વપ્નભેદને.[૩૫૧]

વાનપ્રસ્થ અગ્નિહોત્રીની તપશ્ચર્યા ફળતાં એને કોઇ મંત્રદૃષ્ટાનું દર્શન થાય છે અને તે સ્વપ્નનું રહસ્ય સમજાવે છે.

...........

૩૪૯એજન.

૩૫૦એજન, પૃ. ૧૨૯

૩૫૧એજન, પૃ. ૧૩૦

સાચી છે સ્વપ્નની દેવી, વિધાત્રી તુજ ભાગ્યની,
બાલ એ તાત યજ્ઞોનો, જાણી એ સત્ય લે જીવી ૩૫૨

સ્વપ્નની દેવી અગ્નિહોત્રીને સોમયજ્ઞ વા પ્રલયયજ્ઞ કરવાનો ઉપદેશ આપે છે. વેદીના બાહ્યઅગ્નિને બદલે હૃદયમાં અંતરગ્નિ સમારોપિત કરીને પ્રેમ જ્ઞાન યોગ દ્વારા પ્રલરૂપ સાત્વિક તપસ્વી જીવનદ્વારા ઇચ્છાનુસાર જીવનસિધ્ધિ પ્રાપ્ત કરી લેવાનો અનુરોધ કરે છે. સ્વપ્નદર્શન જેવા જગતના માયાવી સંબંધોનો લય કરીને પોતાની અહંતા – હું પણાનો પ્રલયયજ્ઞમાં લય કરવાનો દેવી અગ્નિહોત્રીને ઉપદેશ આપે છે. નીચેની પંકિતઓ દ્વારા સાગરે પોતાનો અજાતવાદનો મનોનાશનો સિધ્ધાન્ત સમાજાવવા માટે પશુના પ્રતીકનો ઉચિત વિનિયોગ કર્યો છે જુઓ:

તું સોમયજ્ઞ કર, ને પશુ હવ્ય હોમી,
તું ગા સહુ સ્તવન, મંગલ સામવેદી;
વા, પ્રલયજ્ઞ કર, હોત્ર ઉરે સમાવી–
ઇચ્છાનુસાર કર જીવનસિધ્ધિપ્રાપ્તિ.[૩૫૩]

સ્વપ્નની આ વિધાત્રીદેવીના દર્શનને ઘડીક સત્ય માનતો અને ફરી વિચારતાં એને અને પોતાને–બધાને એ સ્વપ્ન માને છે. જગતનું સ્વરૂપ પણ આ સ્વપ્નદર્શન જેવું ગણીને આંતરજ્યોતિને પ્રકાશિત કરી પ્રલયજ્ઞ દ્વારા જીવનમાં પૂર્ણતા પ્રાપ્ત કરવાનો આદર્શ અગ્નિહોત્રી દૃઢતાપૂર્વક નક્કી કરે છે. પોતાનો આ આદર્શ સિધ્ધ કરવા તત્પર બનેલા અગ્નિહોત્રીનું –અને તે દ્વારા પોતાની માનસ દશા નું કવિએ મનોરમ ચિત્ર રજૂ કર્યું છે.

.............
૩૫૨ એજન પૃ.૧૩૧
૩૫૩ એજન

અન્ય સંદેહ ત્યાગીને, સ્વપ્ન સત્ય પ્રમાણતો,
અને એ સ્વપ્ન સ્વપ્નું તો, પોતાને સ્વપ્ન માનતો[૩૫૪]

ખાતો પીતો તદપિ ખાધુ ન ખાધું ખાતો
ઘેલો ન પૂર્ણ પણ તેમજ છે ન ડાહ્યો
જીવે તથાપિ હજી જીવ્યું ન જીવ્યું જીવે
હા. અગ્નિહોત્રી મૂર્દુએ ઉર વાનપ્રસ્થ.[૩૫૫]

પોતાના અહંતારૂપી પશુનું બ્રહ્મયજ્ઞમાં બલિદાન આપીને અંતરગ્નિ સ્થાપીને જીવનસિધ્ધિ પ્રાપ્ત કરવાનો વાનપ્રસ્થ અગ્નિહોત્રીનો આદર્શ સાગરે નો જીવન આદર્શ છે એ કવિના જીવનના આધ્યાત્મિક વિકાસ પરથી સ્પષ્ટ જોઇ શકાય છે. કવિના આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં તેમજ ગુજરાતના ખંડકાવ્યોમાં વાનપ્રસ્થ અગ્નિહોત્રી કાવ્ય અગત્યનું સીમાચિહ્ન બની રહે છે. જગતનું માયાવી સ્વરૂપ સમજાવવા માટે કવિએ પ્રયોજેલું સ્વપ્નદૃશ્ય, રૂપક શૈલી તેમજ પ્રતીકનો વિનિયોગ અને વેદાન્ત તત્વજ્ઞાન અને કર્મકાંડ – બંનેમાં વેદાન્તની શ્રેષ્ઠતા સાબિત કરવા માટે પ્રયોજેલા પારિભાષિક શબ્દો- બ્રહ્મયજ્ઞ અને સોમયજ્ઞ દ્વારા અભિવ્યક્તિમાં કવિએ સાધેલી સચોટતા આ કાવ્યને લાક્ષણિક શૈલીના ઉત્કૃષ્ટ ખંડકાવ્યોમાંના એક તરીકેનું સ્થાન સહેજે પ્રાપ્ત કરાવી આપે છે.

<u>૨. જંગલનો મહેમાન</u>:

બુધ્ધિ દ્વારા હૃદયના અંદરના પ્રદેશને સમજી શકાય નહીં. પ્રેમની દૈવી દુર્લભ ફિલસૂફી સમજવામાં આંસુની સ્મૃતિ જ સહાયભૂત થઇ શકે છે. એ સિધ્ધાન્ત અભિવ્યક્તિ કરતા આ ખંડકાવ્યમાં પણ વાનપ્રસ્થ અગ્નિહોત્રી

...........

૩૫૪ એજન, પૃ. ૧૩૨

૩૫૫ એજન, પૃ. ૧૩૩

કાવ્યની લાક્ષણિક શૈલીનો જ કવિએ વિનિયોગ કર્યો છે. જુઓ:

> તાજી તાજી અહો! તાજી રાખવી આંસુની સ્મૃતિ
> મોંઘેરી પ્રેમની ઊંડી એ છે દુર્લભ કિલ્લુકી[૩૫૬]

પોતાની પામરતા પિછાની સ્ફૂર્તિની પુણ્યવૃત્તિનો ઉદય થતાં મુમુક્ષુ હૃદયને વિશુધ્ધિ પ્રાપ્ત થઇ શકે છે. એક પ્રચંડ જંગલમાં રહેતો વનવાસી જાણે ઉજ્જડ હેલિનાના ટાપુ ઉપર રહેતો ન હોય. લાકડાના વેપારીઓ કે સંદેશો લઇ જતા કાસદો સિવાય ભાગ્યે જ કોઇ આ વેરાન જંગલમાં પગ મૂકતું. એક દિવસ આ જંગલમાં વનવાસીના દેશમાંથી એક હેતભર્યો અતિથિ ત્યાં આવી ચડે છે. વનવાસી જોગીરાજના હૃદયમાં આ અતિથિ પ્રત્યે પ્રેમ અને સદભાવ જન્મે છે. એનું કારણકવિ સચોટ રીતે નીચેની પંકિતઓ દ્દારા રજૂ કરે છે:

> આ વિશ્વમાં એ જ મળી શકે ના,
> મળે કદી કિન્તુ ટકી શકે ના,
> બની બનાવી બનતી ન પ્રીતિ,
> ને તેથી વહાલો ઉરૂએ અતિથિ[૩૫૭]

કવિનો સ્નેહયોગનો જીવન સિધ્ધાન્ત સર્વસ્વ સમર્પણની પ્રેમયોગની ભાવના કવિએ સચોટ રીતે સમજાવતી ભાવાભિવ્યકિતને ઉચિત શબ્દરચના કૌશલની પ્રતીતિ કરાવતી નીચેની પંકિતઓ જુઓ:

> જેટલું સ્વપણું સ્નેહે, તેટલો સ્નેહ સ્નેહીના,
> અર્પવું વા ખપી જવું, માગે સેવક સ્નેહના.[૩૫૮]

...........

૩૫૬ દીવાને સાગર દફતર ૧, પૃ. ૨૦૦

૩૫૭ એજન, પૃ. ૨૦૩

૩૫૮ એજન,

પોતાના અતિથિમિત્રને પાછા ફરવાનો સમય થતાં વનવાસી યાચના કરે છે.

યાચે છે વનવાસી એ, આગન્તુક અતિથિને,
ના જજે - ના જજે આજે બને તો વધુ ઠેરજે.[૩૫૯]

જંગલમાં દાવાગ્નિ પ્રગટે છે અને પશુપંખી ત્રાસી ઉઠે છે અને એટલે તે દાવાગ્નિમાં પડેલા કુરંગને બચાવતો થોભી જાય છે. બીજે દિવસે વનવાસી અને મિજમાનને દેવીનાં દર્શન થાય છે, જુઓ:

ઉપાસના જેની હતી સદાની,
તે અશ્રુદેવી જ પ્રસન્ન થાતી.[૩૬૦]

વનવાસી અને મિજમાન વચ્ચે અતૂટ પ્રેમની ગાંઠ બંધાઇ ચૂકી છે અને ત્યાં તો વિરહ દશાનો અનુભવ થવાની ઘડી- વિદાય વેળા આવી પહોંચે છે. કવિ આ પ્રસંગે જીવનનો મહામૂલો સિધ્ધાન્ત નીચેની પંકિતઓ દ્વારા સમજાવે છે.

આ વિશ્વ છે કાયમનું ન થાણું,
માપેલ વખતે જ ઉડી જવાનું,
ધીમે ધીમે લઇ બધાં જવાનાં,
લાખો કરોડો નથી ગાળવાનાં![૩૬૧]

...........

[૩૫૯] એજન, પૃ. ૨૦૪

[૩૬૦] એજન, પૃ. ૨૦૬

[૩૬૧] એજન, પૃ. ૨૦૭

અશ્રુયોગ દ્વારા હૃદયને વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે અને જંગલનો દીવાનો અતિથિને રજા આપે છે.

તપસ્વીનાં અશ્રુ ચૂમી લઇને,
એથી અજાણ્યું નિજમાં ભરીને,
હવે અતિથિ પ્રતિપાણ ચહાતો,
દે છે રજા જંગલનો દીવાનો[૩૬૨]

આ આખું સ્વપ્નાવસ્થાનું દૃશ્ય કવિની દૃષ્ટિ સમક્ષ ખડું થાય છે.

સલામો કરતાં સ્નેહે, અતિથિ, યજમાન એ
ત્યાં તો આ આંખ મીચેલી, ઓચિન્તી ખુલ્લી થાય છે.

અદૃશ્ય એ સ્વપ્ન થયું મધુરૂં
આ નેત્રથી કૈંક પડ્યું વિખૂટું
છે સ્વપ્નભાવો પણ એ ન જૂતા
તાજાં ચિત્ર હંમેશ એ ખડાં.[૩૬૩]

પોતાનો જીવનસિદ્ધાન્ત સમજાવવા માટે વનવાસી અને મહેમાનનો અનન્યપ્રેમ અને ઉભયની ઉત્કટ વિરહવેદનાની પ્રતીતિ કરાવતા અશ્રુદેવીના પ્રતીક દ્વારા કવિ આપણને સમજાવે છે કે આ સર્વ – વિશ્વ સઘળું જંગલના મહેમાન જેવું – સ્વપ્ન સૃષ્ટિની કલ્પના જેવું છે. જગતની પરમોચ્ચ પ્રીતિ પણ એ મોહન સ્વપ્ન જેવા જગતની જ સૃષ્ટિનું પ્રતિબિંબ છે. એટલે પરમાત્મપ્રેમ અને પ્રભુકૃપા વિનાનું સર્વ અધ્યાત્મમાર્ગમાં સહેજ પણ ઉપયોગી નથી. સાચા સ્નેહના સહચારી થવાની વસ્તુબોધ કવિને આ સ્વપ્નદૃશ્ય

...........

[૩૬૨] એજન, પૃ. ૨૦૬

[૩૬૩] એજન, પૃ. ૨૦૮

દ્દારા પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં દૃશ્યમાન થયેલી અશ્રૂદેવીની એ મહામૂલી ભેટ છે. કવિ ખંડકાવ્યનું આ રહસ્ય નીચેની પંક્તિઓ દ્દારા સચોટ રીતે અભિવ્યક્ત કરે છે, જુઓ:

હું, તું ને વિશ્વ આખું યે જંગલે મિજમાન છે
માર્ગદૃષ્ટા, સખે! તેમાં, અશ્રુદેવીની લહાણ છે.[૩૬૪]

વાનપ્રસ્થ અગ્નિહોત્રી ની માફક સ્વપ્નદૃશ્યના ઔચિત્યપૂર્ણ વિનિયોગ દ્દારા જીવન સિધ્ધાન્તની સચોટ સ્વાનુભવ યુક્ત અભિવ્યકિત સાધતી કવિની વિશિષ્ટ શૈલીને કારણે આ ખંડકાવ્ય પણ ઉત્કૃષ્ટ કોટિનું નોંધપાત્ર ખંડકાવ્ય બની રહે છે.

૩. ખોવાયેલું બાળક:

ખોવાયેલું બાળક ખંડકાવ્યમાં ખોવાયેલા બાળક માટે દંપતીએ કરેલું કરુણ આક્રંદ - વિરહ-વેદનાનું ચિત્ર રજૂ થયું છે. હૈયાની આર્દ્રતા વિના પ્રેમના દર્દનો સ્વાનુભવ થઇ શકે નહીં એ સમજાવતી નીચેની પંકિતઓમાં અનુષ્ટુપ છંદ પરના કવિનું પ્રભુત્વ તેમજ ભાવને અનુરૂપ શબ્દ-રચના કૌશલ દ્દારા કવિ સચોટ અભિવ્યકિત સાધી શક્યા છે.

વસંતતિલકા છંદની કુશળતાપૂર્વકની આયોજના દ્દારા શોકાર્ત માતાને સાન્ત્વના આપનાર તાત પણ કરૂણ કલ્પાંત કરી મૂર્ચ્છિત થઇ ધરણી ઉપર ઢળી પડે છે. એ ચિત્ર નીચેની પંકિતઓ દ્દારા સચોટ રીતે કવિએ ઉપસાવ્યું છે.

...........

[૩૬૪] એજન, પૃ. ૨૦૯

રોનારનું હૃદય છેક ગળી ગયેલું
લહોનાર જોઇ ન શકે બહુ વાર એવું,
હૈયે ધૃતિ બધી યુવાન ગુમાવી દે છે,
કમ્પિત, મૂર્ચ્છિત થતાં ધરણી ઢળે છે.[૩૬૫]

ઉભયના સ્નેહના પ્રતીકસમ બાળક ખોવાતાં માતાનું આક્રંદ ચરમસીમાએ પહોંચે છે. દેવનું નિર્માણ કદાપિ મિથ્યા થતું નથી. એ આ દંપતી જાણતું હોવા છતાં વિરહનું દર્દ ઉત્કટ બની જાય છે અને બન્ને એક બીજાને આશ્વાસન આપે છે,

વસંતતિલકાની નીચેની પંક્તિઓ વ્દારા કવિએ દોરેલું શોકાર્ત દંપતીનું ચિત્ર જુઓ:

સાડી સજેલ નવરંગ વડે પિયુનાં,
લૂછે સખી નયન પ્રેમથી અશ્રુભીનાં,
બેભાન જોઇ પ્રિયને નિજતા ભૂલે છે,
ઉનુ શરીર શરીરે સખી દાબી દે છે.[૩૬૬]

મૂર્ચ્છિત તન્દ્રિત ઉરે પ્રણયાર્દ્રતાની,
પહોંચે બલિષ્ઠ અતિહૂંફ, અહો. પ્રિયાની:
ચૈતન્ય સ્પર્શિત થતાં પિયુને જગાડે,
નિઃશ્વાસ દીર્ઘ અતિ આર્દ્ર યુવાન નાખે.[૩૬૭]

...........

[૩૬૫] એજન, પૃ. ૧૯૬

[૩૬૬] એજન, પૃ. ૧૯૬

[૩૬૭] એજન, પૃ. ૧૯૭

પરંતુ બાળકનો પિતા માતાને આશ્વાસન આપી જ્ઞાનબોધનાં વચનો દ્વારા શોકનો કારી ઘા રૂઝવવાનો પ્રયત્ન કરે છે. ખંડકાવ્યના આ રહસ્યયુકત બોધવચનોની સચોટ અભિવ્યકિત ખાસ ધ્યાન ખેંચે છે.

સ્વામી સમર્થ, સખિ.રક્ષક ત્યાં શી હાનિ?
ચિન્તા ઘટે ન પ્રભુ પાલક ત્યાં કશાની.[૩૬૮]

પોતાના પ્રણયીના સ્નેહપૂર્ણ - જ્ઞાનયુકત બોધવચનોમાં અડગશ્રધ્ધા રાખતી અને પોતાના સર્વસ્વનું પ્રિયહૃદયમાં બલિદાન અર્પનારી- પતિનું સર્વ પ્રિયપૂજ્ય સ્વીકારનારી પ્રેમદેવીના ચિત્ર દ્વારા દંપતીના શુધ્ધસ્નેહ અને સ્નેહયોગના કવિના જીવનસિધ્ધાન્તની વસંતતિલકા પરના પ્રભુત્વ દ્વારા કવિએ સાધેલી સચોટ અભિવ્યકિત નીચેની પંકિતઓમાં જોઇ શકાય છે.

શ્રધ્ધા પિયુ-વચનમાં નિજ રોપનારી,
સર્વસ્વનું પ્રિય ઉરે બલિ હોમનારી,
વહાલાનું સર્વપ્રિય પૂજ્ય સ્વીકારનારી,
એ પ્રેમદેવી ઉર જ્યોતિ પ્રકાશનારી[૩૬૯]

દૈવી પ્રેમામૃત પીધેલું દંપનીનું શિશુ સુરક્ષિત હોવાના સમાચાર પ્રાપ્ત થતાં શોકનું વાતાવરણ હર્ષમાં પલટાઇ જાય છે. કવિ છેલ્લી પંકિતઓમાં પ્રેમના ઉચ્ચતમ સિધ્ધાન્તનું નિરૂપણ કરતાં પ્રેમ સ્વરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણ સમસ્ત વિશ્વના તાત હોવા છતાં જશોદા માતા માટે તો એ નંદનો કહાન જ છે એ ઉત્કટ વાત્સલ્ય-ભાવની પ્રતીતિમાં કવિ વિરમે છે, જુઓ:

............

[૩૬૮] એજન.

[૩૬૯] એજન, પૃ. ૧૯૮

માતાના પ્રેમનું બચ્ચુ, બાલ તાત મનુષ્યનો,
જસોદા નન્દનો કહાનો, કિન્તુ, શ્રીકૃષ્ણવિશ્વનો.[370]

વિશિષ્ટ કાવ્યમય બાનીને લીધે આ કાવ્ય 'કાન્ત' અને 'કલાપી'ના ખંડકાવ્યની હરોળમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે, એમાં કશી શંકા નથી.

<u>થાકેલું હૃદય:-</u>

'સાગર'ની પ્રથમ કૃતિ 'થાકેલું હૃદય' લગભગ સો પૃષ્ઠનું લાંબુ કથાકાવ્ય છે. ઇ.સ. ૧૯૦૪ માં રચાયેલું આ કથાકાવ્ય ઇ.સ. ૧૯૦૯ માં પુસ્તકાકારે પ્રગટ થયેલું તે પૂર્વે શ્રી. રમણભાઇ નીલકંઠે 'જ્ઞાનસુધા'માં આખું કાવ્ય પ્રગટ કરી તેની તલસ્પર્શી સમક્ષા પણ કરી હતી 'થાકેલું હૃદય'ના પ્રકાશનમાં એમના લઘુબંધુ શ્રી. મણિભાઇ દામોદરદાસ ત્રિપાઠીએ રસપૂર્વક જહેમત ઉઠાવી હતી. 'થાકેલું હૃદય'ની બીજી આવૃત્તિ શ્રી. રમણભાઇ નીલકંઠના 'જ્ઞાનસુધા'માં જૂન ૧૯૧૧ ના ૨૫ મા પુસ્તકના છઠ્ઠા અંકમાં પ્રગટ થયેલા અવલોકન સાથે હરગોનદાસ બુકસેલર, અમદાવાદ દ્વારા પ્રગટ થઇ હતી.

<u>કથાવસ્તુ:</u>

'મહાત્મા કલાપીના સ્નેહયોગી હૃદયને એ આખું યે કાવ્ય સ્નેહભાવે અર્પણ થયેલું છે. કાવ્યનું કથાવસ્તુ પણ આ અર્પણપત્ર દ્વારા સૂચવવાનો કવિનો ઉદ્દેશ હોય એવું લાગે છે. અર્પણપત્રમાં સાગર કલાપીની કવિતાનો નિર્દેશ કરતાં કહે છે:

કલાપીની કવિતા તે આંસુની જ કવિતા
આંસુનું તો હૈયું હિમાયતી છે.

...........

[370] એજન. પૃ. ૨૦૦

પૂજું છું પણ આંસુડાને જ ફૂલડે
ને અર્પણ લાવ્યો છું તે એવું જ
એ તે દેવે દીધાં, લાધ્યાં, આજ પૂજા જોગ થયાં
કોણ સ્વીકારે બીજું તે એવું?
થાય પણ કોને આંસુનું સમર્પણ?

આ અર્પણ છે
એક તરંગ માલિકા છે,
આંસુડે આંસુડે ગુંથેલી છે
રસ નથી સુષ્ઠુત્વ નથી તેમાં!

નથી એ કુસુમમાલા કે કવિની કવિતા.
ઊણા અધૂરા હયાનું કોઇ આછેરું ચિત્ર છે.[૩૭૧]

ચિતરનારની પિંછી કમકુનેહ,
આડા પાછા આંસુડાના પડ:

હૈયાના સૂનકારમાંથી એ તો આવે છે:
ને કલાનું સૌન્દર્ય નથી.[૩૭૨]

ઓ સ્વાર્પણમૂર્તિ! ઓ પ્રેમસ્વરૂપ!
તુંને સમર્પણ આ થાકેલું હૃદય!
એ વિરમેલું છે મહાત્મન!
પ્રણય પામેલું છે, દયાળું!

...........

[૩૭૧] થાકેલું હૃદય અર્પણ-પત્ર પૃ. ૬

[૩૭૨] એજન.

સંસિધ્ધ એ સિધ્ધાર્થ થવા ચાહે છે. દેવ![૩૭૩]

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં કવિએ જણાવ્યું છે તેમ આ કાવ્યચિત્ર સને ૧૯૦૪ ની આખરે અમુક પ્રકારના સંજોગોમાં આલેખાયેલું. કવિ આ કાવ્યની પ્રસ્તાવનામાં જીવનની સત્ય હકીકત - ઘટના ઉપરથી આ કાવ્ય રચાયેલું એવો સ્પષ્ટ એકરાર પણ કરે છે. ૩૭૪

આલેખ્યું છે અસલ પરથી ચિત્રકો માનવીના
થાકેલા ના હૃદય તણું એ કોઇ સ્વાનુભવીના
જે જોવાયું સહૃદય તણા હૃત્સરે ચિત્ર ઝાંખુ
પાડી લીધું કંઇ કંઇ અહીં આ પ્રતિબિંબ ત્હેનું[૩૭૫]

'થાકેલું હૃદય'નું વસ્તુ કાવની સાથી પહેલી ઉર્મિનું અથવા પ્રથમ વિવર્તનું છે. કવિ પોતે કહે છે તેમ જીવનના અનંત કાવ્યમાં પણ ભિન્ન ભિન્ન વૃત્તોનું ભિન્ન ભિન્ન ગીત સંગીતોનું અને ભિન્ન ભિન્ન વિવર્તોનું આવર્તોનું અને ભિન્ન ભિન્ન ખંડોનું પ્રસંગે પ્રસંગે દર્શન થાય.[૩૭૬]

કાવ્યની પૂર્વભૂમિકા સમજાવતાં 'સાગર' થાકેલું હૃદયે ને સ્થિર વિચારોની ન્યૂનતા અને પરિપકવતાની ખામી માટે જાણીતા જીવનના આરંભના સમય આત્મમંથનકાળની શરૂઆતમાં આ કાવ્ય રચાયેલું છે, તે સમયના વિવિધ પ્રકારના આંતર-વિગ્રહોના અજાણ્યા વાતાવરણ વચ્ચે પસાર થતા બાલક હૃદયના અવ્યવસ્થિત ભાવોદ્ગાર આવું જ કોઇ સ્વરૂપ ગ્રહણ કરે છે, એમ કહે છે.[૩૭૭]

...........

૩૭૩ એજન.

૩૭૪ એજન્ પ્રસ્તાવના, પૃ. ૧૭

૩૭૫ એજન્ પૃ. ૩૪

૩૭૬ એજન્ પૃ. ૨૦

૩૭૭ એજન્ પૃ. ૧૭

કવિએ પોતે સ્વીકાર્યું છે તેમ મુગ્ધ હૃદયના ઉદગારોમાં કવિતા કલા કે સત્યના બલવાન અંશો બહુ જ આછા થોડા અને ઘણી મુશ્કેલીથી પારખી શકાય તેમ રહેલા હોય છે. હૃદયની આ સ્થિતિ ખાસ કરીને લાગણીના જીવનની હોય છે, અને એમાં ઉચ્ચ રસિકતાના દર્શન કરતા દર્દના જબરા ઉછાળા ઉતારેલા પ્રાયશ: જોવાય છે.[૩૭૮] કવિએ કાવ્યના કથા વસ્તુ માટે પ્રસ્તાવમાં જ કહ્યું છે તેમ:

જે છે તે છે, દુ:ખી હૃદયના ઉભરા ઠાલવેલા.[૩૭૯]

આ કથા કાવ્યનું શીર્ષક થાકેલું હૃદય પણ પરોક્ષ રીતે કથા વસ્તુનું જ સૂચન કરે છે. કવિએ પોતાના જીવનની કેટલીક સત્યઘટનાનો દોર કલ્પના દ્વારા આગળ ચલાવ્યો છે.

કવિના થાકેલા દુ:ખી હૃદયનું ચિત્ર આમાં રજૂ થયું હોઇ આપણને આ કાવ્ય કરુણરસની ચરમ સીમાએ પહોંચાડે છે. પોતાના સ્નેહયોગના વિચારોને અભિવ્યકત કરવા માટે કવિએ એક આછા પાતળા કથાતંતુનો આશ્રય લીધો છે. પોતાના સ્નેહયોગના વિચારોની અભિવ્યકિત કવિને મન મુખ્ય બાબત હોઇ આ કાવ્યમાં કથાનું તત્વ ખૂબ ગૌણ બની રહે છે. કથાનું વસ્તુ વાસ્તવિક જીવનની સત્ય ઘટનાપર આધારિત છે. કવિ પોતે કથાના નાયક સાથે પોતાના થાકેલા હૃદયની સમરૂપતા પણ નિહાળે છે. કદાચ કથાનાયકની મનોદશા તેમજ વિચારો કવિના વાસ્તવિક જીવનની જ સત્યઘટના હોવાના પુરતા સંભવનો નિર્દેશ પણ થઇ શકે.

...........

૩૭૯એજન, પૃ. ૧૭    ૩૭૮એજન, પૃ. ૧૭

 

કથાનું વસ્તુ આ પ્રમાણે છે.

સંધ્યા સમયે માર્ગમાં આગળ વધતા બે યુવાનોમાંનો એક ચિંતાગ્રસ્ત છે. પ્રકૃતિસૌંદર્યનો આનંદ લૂંટી શકે એવી મનની શાંતિ એણે ગુમાવી છે. એનો મિત્ર એના શોકનું કારણ દુ:ખી હૃદયે પૂછે છે. જગત પ્રત્યે નિર્વેદભાવ હૃદયમાં પ્રગટાવે છે. પહેલાંના જેવી હૃદયની શાંતિ હવે રહી નથી. ભાગ્યવશાત પોતાના સ્નેહી હૃદયથી વિખુટો પડેલો યુવક પોતાના હૈયાની વેદના વ્યકત કરે છે. પોતાના ગમગીન હૈયાનો આથી વિશેષ ખુલાસો એ આપી શકતો નથી અને મોડી રાત્રે બંને સ્વસ્થાને પાછા ફરે છે. એ યુવાન થોડાક દિવસો શોકગ્રસ્ત અવસ્થામાં વીતાવે છે. પરંતુ વિરહની વેદના ઘટતી નથી. પોતાના સ્નેહીના સંસ્મરણોરૂપી પત્રોને આંસુથી ભીંજાવતો ગમગીન યુવાન જગતને છોડી દેવાનો નિર્ણય કરી બેસે છે. એને આ દશામાં દિલાસો આપનાર કોઇ નથી. વેદના ચરમસીમાએ પહોંચતા પોતાના જીવનદીપ ઓલવી નાંખવાનો ક્ષણિક વિચાર પણ હૃદયમાં પ્રગટે છે. વિશ્વમાં વાસ્તવિક રીતે તો કશું જ દુ:ખ નથી, આ બધું મનનું જ કારણ છે. એવી તાત્વિક ફિલસુફી પણ એને શાંતિ આપી શકતી નથી. પ્રણયના વિરહમાં દુ:ખી હયું સહનશકિત ગુમાવે છે. અને વિરહવેદના અશ્રુરૂપે વહ્યે જાય છે. અસ્વસ્થ અને અસ્થિર ચિત્તના આ યુવાનના હૃદયોદગારો દ્વારા એના જીવનની કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે. બાળલગ્નની કુરૂઢિનો પોતે ભોગ બન્યો છે. પોતાના સ્નેહના સિધ્ધાંતને અનુરૂપ પાત્ર મળયું નથી. એની વેદનાને કારણે સમાજના આ જડ રિવાજ પરત્વે એને ભારોભાર તિરસ્કાર છે અને પોતાના હૃદયના સ્નેહને યોગ્ય પાત્ર પાપ્ત કહી થવાનો અનુશોચ પણ એના ઉદગારો દ્વારા વ્યકત થાય છે. આ થાકેલા હૃદયની મનોદશા વ્યકત કરતા યુવાનના ગીત દ્વારા વિશેષ માહિતી પ્રાપ્ત થાય છે. પોતાના વિચારોને અનુરૂપ પાત્ર પણ આ યુવાન શોધી શકયો છે. પરંતુ પોતે વિવાહિત હોઇ સમાજ

પુનઃલગ્નની અનુજ્ઞા આપે નહીં એ પણ સ્પષ્ટ જ છે. ગીતનો આ ગૂઢાર્થ સ્વીકારીએ તો યુવાનનું હૃદય સહેલાઇથી પામી શકાય.છે. ઝૂરી મરે તું જે વિના ત્હને ય તે નહીં મળે.

વ્યર્થ વિશ્વમાં વસી તું કેમ હવે ટળવળે.
રડ ભલે. તું મર ભલે. ભલે. તું દેહ છોડી દે.

તોય તારું ઇચ્છ્યું ત્હને અહીં હવે નહીં મળે.
જે મળ્યું ત્હને નહીં તું આશ એની છોડી દે;
તોય તારું ઇચ્છ્યું ત્હને અહીં હવે નહીં મળે
જે મળ્યું ત્હને નહીં તું આશ એની છોડી દે
જંગલે જઇ હવે તું હાથ માંહી ઝોળી લે. ઉઠ તું.[૩૮૦]

પોતાના સ્નેહયોગને અનુરૂપ પાત્રની શોધમાં સફળતા પ્રાપ્ત કરી હોવા છતાં પોતે સમાજના બંધનને કારણે જીવનસાથી તરીકે સ્વીકારી શકે એમ નથી. અને યુવાન નું હૃદય આજ કારણે અત્યંત દુઃખ અનુભવે છે. પોતાના એ પ્રિય પાત્રની પ્રાપ્તિ હવે આકાશકુસુમવત બની ગઇ છે, એટલે યુવાન પ્રણયયોગી બની પ્રણય તપશ્ચર્યા માટે જંગલમાં જવાનો દૃઢનિર્ધાર કરે છે. બધા નગરજનો ગાઢ નિદ્રામાં પડયા છે ત્યારે શાંત છતાં ભયાનક વાતાવરણમાં યુવાન ફકીરનો વેશધારણ કરીને જંગલની દિશામાં ધીમા પણ મકકમ પગલાં ભરી રહ્યો છે. કવિએ યુવાનના આ શાન્ત સન્યાસનું ચિત્ર પણ રજૂ કર્યું છે.

આ વેળાએ, અચરજ સમું! આ અજાણ્યા અરણ્યે
થાકેલું કો હૃદય ભટકે શાંત અત્યન્ધકારે.
શું ધારીને બધું ય બધું ય ત્યજીને, ત્હેં લીધી આ ફકીરી?[૩૮૧]

...........

[૩૮૦] થાકેલું હૃદય, પૃ. ૨૯

[૩૮૧] થાકેલું ... પૃ. ...

ક્યાં સુધી આ નિર્ભય શકરો શાન્ત સન્યાસ ત્હારો? ૩૮૧

સ્નેહી વિનાનું જીવન વ્યર્થ છે, ભલે લોકો તેને એકમાર્ગી - તરંગી કહે પણ વનવાસમાં જ તેને સાચું સુખ પ્રાપ્ત થશે. એવાં બોધવચનો પણ કવિ યુવાનને સંભળાવે છે. વનમાં આગળ વધતો યુવાન એક મંદિર પાસે આવી પહોંચે છે. બાજુમાં ક્ષયા નદીના શાંત નીર પણ વહી રહ્યાં છે. મૂશળધાર વરસાદમાં પણ યુવાન સમાજની જડ રૂઢિને દોષ દેતો બેસી રહ્યો છે. થોડીવાર પછી ફરીવાર આકાશ નિરભ્ર બને છે અને ચંદ્ર પ્રકાશે છે. યુવાન માર્ગમાં આગળ વધે છે, માર્ગમાં આગળ વધતાં કોઇના દુ:ખી કરૂણ વિલાપ યુવાનના કર્ણપટ પર અથડાય છે અને એ દુ:ખી વ્યકિતને મદદ કરવા અવાજની દિશા તરફ આગળ વધે છે. કોઇ ત્રાસ પામેલી દુ:ખી અબળાના આ ઉદગારો હોવાનું તે નકકી કરી શકે છે. નદીમાં ઝંપલાવી જીવનનો ભોગ આપવાની તૈયારી કરતી એક અનાથ યુવતીને તે અટકાવે છે અને તેને અપઘાત કરવાનું કારણ પૂછે છે. પોતાના હૃદયનું દુ:ખ યુવતી વ્યકત કરી શકતી નથી અને મૂર્છિત બની જાય છે. મૂર્છાના શમતાં યુવતી પોતાના હૃદયની કથા યુવાન સમક્ષ રજૂ કરે છે. કવિએ હેતુપૂર્વક આ કથાભાગ વર્ણવ્યો નથી પરંતુ યુવાન યુવતીને પોતાના જેવી જ સમદુ:ખી ગણાવે છે એના હૈયાની દશામાં એ પોતાનું જ પ્રતિબિંબ જુએ છે. સમદુ:ખી યુવક યુવતી બન્ને પરસ્પર એક બીજાનાં હૃદયને પિછાની લેતા યુવક વિચારે છે કે:

અરેરે આમ છે તો કાં સત્કારૂં સ્નેહને નહી?
જીવાડી પ્રેમ બાલાને મ્હારે કાં જીવવું નહી? ૩૮૨

અને બંને સાચા સ્નેહલગ્નથી જોડાવાનો દૃઢ નિર્ણય કરે છે. એક બીજા પ્રત્યેના સ્નેહનો એકરાર કરે છે. વનમાં અવધૂત જેવા જોગી આવી ચઢે છે

...........
૩૮૧ યોજન, પૃ ૩૨.
૩૮૨ થાકેલું હૃદય, પૃ. ૭૮

અને સ્નેહસાધુ યુવાન અને સ્નેહની સેવિકા યુવતી બંનેને પોતાના આશ્રમમાં લઇ જાય છે અને બંનેને પ્રેમલગ્ન કરાવી આપે છે.

કાવ્યની અંતિમ પંક્તિઓમાં કવિ પ્રેમયોગ દ્વારા પરમાત્મકૃપા પ્રાપ્ત કરી દંપતીઅનંતસ્થાન તરફ પ્રયાણ કરશે એવી સદભાવના સાથે કાવ્ય વિરમે છે.

આકાશે કરૂણા હો જો અન્ત દ્વારે ઉઘાડવા,
પ્રભુની પાંખ પામીને અનન્ત સ્થાનમાં જવા.[383]

'થાકેલું હૃદય' કથાકાવ્યના આ વસ્તુમાં વાચકને વાર્તારસમાં જકડી રાખે એવા જોશીલા વાર્તાપ્રવાહનો અભાવ સ્પષ્ટ વરતાય છે.

“'સાગર' જીવન અને કવનમાં” 'થાકેલું હૃદય'ને ખંડકાવ્ય તરીકે ગણાવ્યું છે “યુવાવસ્થામાં આરંભમાં લખાયેલું પ્રથમ ખંડકાવ્ય તે થાકેલું હૃદય.”[384]

પરંતુ 'થાકેલું હૃદય'ની વસ્તુ નિરૂપણપધ્ધતિ તેમજ સ્વરૂપ તપાસતાં સ્પષ્ટ થાયછે કે 'થાકેલું હૃદય' કથાકાવ્ય છે પરંતુ કથાતંતુ મૂળજ નબળો હોઇ 'થાકેલું હૃદયનું' કથાકાવ્યનું સ્વરૂપ પણ શિથિલ છે. કવિએ નિશ્ચિત ધ્યેય નજર સમક્ષ રાખ્યું હોઇ એ દૃષ્ટિએ પણ 'થાકેલું હૃદય'ને કથાકાવ્ય કે ખંડકાવ્ય ન કહેતાં ભાવનાપ્રધાન કાવ્ય જ કહેવું વધારે ઉચિત ગણાશે. કવિએ પોતે પણ ખંડકાવ્ય કે કથાકાવ્ય તરીકે 'થાકેલું હૃદય'નો નિર્દેશ કર્યો નથી. પહેલી આવૃત્તિની પ્રસ્તાવનાના પ્રારંભમાં જ તેમણે કહ્યું છે તે યથાર્થ છે.

"આ કાવ્યચિત્ર સને ૧૯૦૪ ની આખરે અમુક પ્રકારના સંજોગોમાં આલેખાયેલું લાગણીઓ નોંધવાના ક્રમમાં જ આ ચિત્રદર્શન આ પ્રમાણે ઉદભવેલું

...........

૩૮૩ એજન, પૃ. ૧૦૬

૩૮૪ 'સાગર' જીવન અને કવન' યોગી- જ. ત્રિપાઠી, પૃ. ૩૨૩

હવે- અસલ રૂપમાં જ એ રજૂ કરવામાં આવ્યું છે.[૩૮૫]

૨. છંદો વિધાન

'થાકેલું હૃદય' મહાત્મા કલાપીના પ્રેમયોગી હૃદયને અર્પણ કરાયેલું છે આ અર્પણ પત્ર ન્હાનાલાલની ડોલન શૈલીમાં લખાયેલા આ અર્પણપત્રે ન્હાનાલાલના સફળ અનુકરણકાર તરીકેનો યશ પણ સહેજે પ્રાપ્ત કરાવી આપ્યો છે. કેટલાક ઉત્તમ નમુનાઓ જોઇએ.

સ્વર્ગનો નિવાસી તે દેવ;
સ્નેહથી અધિકુ સ્વર્ગ નહીં.[૩૮૬]

સ્નેહનો સહચારી તે દેવ,
સ્નેહનો અસહચરી તે અસુર.[૩૮૭]

પ્રભુ પોતે કવિ છે,
કુદરત એની અનંત કવિતા છે.[૩૮૮]

પ્રેમ પોતે પ્રભુ છે,
પ્રેમ એટલે સ્વાર્પણ.

આન્તરબાહ્ય સર્વસ્વ અર્પણ.
પ્રેમ પ્રેમાસ્પદ ને પ્રેમી—
ધ્યાન ધ્યેય ને ધ્યાતા—
એ પ્રવાહ પોતે પ્રભુ છે.[૩૮૯]

...........

૩૮૫ 'થાકેલું હૃદય' - 'સાગર' પ્રથમ આવૃત્તિ પૃ. ૧

૩૮૬ થાકેલું હૃદય' અર્પણ પત્ર, પૃ. ૭

૩૮૭ એજન, પૃ.૮

૩૮૮ એજન, પૃ. ૧૨

૩૮૯ એજન, પૃ. ૧૩

આ અર્પણપત્રમાં પ્રયોજાયેલી ન્હાનાલાલની ગદ્યશૈલી પરત્વે શ્રી. રમણભાઇ નીલકંઠે પોતાનું મંતવ્ય રજૂ કરતાં 'થાકેલું હૃદય'ના મૂલ્યાંકનમાં કહ્યું છે તેમ "ગદ્યકાવ્યની આવી શૈલી ગ્રહણ કરવાથી ભાવ પ્રવાહના અસંબધ્ધ કકડા પડી જાય છે. વળી આવી શૈલીમાં કવિત્વમય ભાવ સાથે વાતચીતની સાધારણ (Prosaic) ઉકિતઓ, કહેવતો તથા માર્મિક વચનો પણ કાવ્યની ક્ષતિ કરે છે."[૩૯૦] 'સાગર'આ શૈલી માટે કાવ્યને અંતે આપેલી ટીકામાં કાદંબરીની ગદ્યશૈલીનું દૃષ્ટાંત આપે છે. પરંતુ શ્રી. રમણભાઇ કહે છે તેમ આ શૈલીનું ગદ્ય એ પ્રકારનું નથી. આ શૈલીમાં ગદ્યને પદ્ય સરખું રૂપ આપવા સારું ગદ્ય વાકયોના કકડા કરવામાં આવે છે. અને તેથી સાધારણ વચનોને પ્રવેશ કરવાનો અવકાશ મળે છે.[૩૯૧]

ભાવને અનુરૂપ છંદરચના થાકેલું હૃદયની વિશિષ્ટતા છે. હરિગીત અનુષ્ટુપ, શિખરિણી, વસંતતિલકા, મંદાક્રાન્તા, મોટક, ઉપજાતિ, માલિની લલિત, શાર્દૂલવિક્રીડિત, ઇન્દ્રવજ્રા, દોહરો, ઉધોર વગેરે છંદોનો કવિએ થાકેલું હૃદયમાં યથોચિત વિનિયોગ કર્યો છે. મંદાક્રાન્તા, શિખરિણી વસંતતિલકા, શાર્દૂલવિક્રીડીત, અને અનુષ્ટુપ છંદોની કવિની અસાધારણ પ્રભુત્વશકિત'થાકેલું હૃદય'નું વિશિષ્ટ લક્ષણ બની રહેશે. છંદોવિધાનમાં પણ કવિની કુશળતા ખાસ ધ્યાન ખેંચે છે. ભાવોચિત છંદપરિવર્તન કવિની છંદો અંગેની સૂઝની પ્રતીતિ કરાવે છે. 'થાકેલું હૃદય' કાવ્યનો પ્રારંભ સૂર્યાસ્તના મનોરમ વર્ણન સાથે કર્યો છે. સૂર્યાસ્તના આ રુચિર વર્ણન માટે તેમજ માર્ગમાં બે બાજુ શસ્ત્ર સજીને મુસાફરોના રક્ષણ માટે ઊભેલા સૈનિકોના જેવી વૃક્ષોની હારનું કલ્પનાયુકત વર્ણન કરવા માટે સાગરે ઉચિતરીતે હરિગીત છંદ પ્રયોજ્યો છે, જુઓ:

...........

[૩૯૦] એજન, પૃ. ૨૯-૩૦

[૩૯૧] એજન,

સન્ધ્યા સમે પશ્ચિમમાં ઓછી કરી રવિ ઉગ્રતા,
દેખાય થાકેલો ઉભો નાગરાજ પર છેટે જઇ.
બે બાજુ વિધ વૃક્ષ હાર દિસતી, સંરક્ષવા પન્થીઓ
જાણે શસ્ત્ર સજી ઉભા કુદરતી કે દિવ્ય એ સૈનિકો.[૩૯૨]

કથાનાયક પોતાના મિત્રને પોતાના ગમગીન હૃદયનું કારણ વિશદતા પૂર્વક જણાવી શકતો નથી. અને સૂર્યાસ્ત થતાં મિત્રો પાછા ફરે છે. સૂર્યાસ્તનું હરીગીત છંદમાં બે જ પંકિતઓમાં સચોટ રીતે વર્ણન થયું છે. છંદ્ધરની કવિની પ્રભુત્વશકિત ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

તોયે ન્હણે રવિબિમ્બ જે આછો પ્રકાશ નભ વિષે
અદ્દશ્ય થઇ તે લાલ ગોળે બંધ કીધી હાજરી.[૩૯૩]

ઘનઘોર રાત્રીની ભયાનકતાનું ચિત્ર રજુ કરી તે દ્દારા નાયકના હૃદયની વ્યગ્રતા મંથન અને અશાંતિની વધારે ઘેરી કરવામાં કવિ કુશળતા -પૂર્વક સફળ થયા છે. વાતાવરણની પશ્ચાદ્દભૂમિકા દ્દારા નાયકના હૃદયની વ્યથાનું આલેખન કરવા માટે પણ કવિએ હરિગીત છંદનો ઔચિત્યપૂર્વક કરેલો વિનિયોગ ખાસ ધ્યાન ખેંચે છે. યુવાન અંધારી ભયાનક રાત્રિમાં મંદિર પાસે આવી પહોંચે છે તથા મંદિરમાંથી સંભળાતા ઘંટ તેમજ બીજા વાજીંત્રોના અવાજો ઓચિંતા બંધ થઇ જાય છે એટલે યુવક મંદિરની બહાર જ ઉભો રહે છે.

મૃદંગ ભેરી ઘંટનાદ દુદુંભિ વીણા તણા-
બધાય દિવ્ય ઘોષ બંધ ત્યાં અચિંતવ્યા થતા.[૩૯૪]

...........

[૩૯૨]'થાકેલું હૃદય' પૃ. ૧

[૩૯૩]એજન, પૃ. ૫

[૩૯૪]એજન, પૃ. ૪૧

અનુષ્ટુપની આ પંક્તિઓ પછી રાત્રિની શૂન્યતા સાથે હૃદયની શોકાર્ત દશાનું નિરૂપણ કરવા માટે કવિએ કુશળતાપૂર્વક લલિત છંદનો વિનિયોગ કર્યો છે. જે નાયકના ચિત્તપર થયેલી ઘેરી કરુણ અસર સચોટ રીતે ઉપસાવે છે.

નિશિ સમે બધું શૂન્ય તો હતું,
પણ વળી થયું, આથી એ વધુ,
હૃદય એ હતું શોકમાં ક્યું,
કુદરતી થતું કાંઇ ત્યાં નવું.[૩૯૫]

કરુણતાની પૂર્વભૂમિકા દ્વારા રાત્રિની ભયાનકતાનું ચિત્ર ઉપસાવવા માટે હરિગીતનો કવિએ કરેલો વિનિયોગ જુઓ:

ગંભીરતા વારિદ ત્યજી ગડડાટ ગગને બહુ કરે,
સામર્થ્ય આસુરી ધારીને ઉગ્ર માત્રનો ત્રાસ જ કરે,
અધ્ધર હવામાં વ્યોમમાં કંઇ દ્રશ્ય થાય ન થાયને
સૌદામિની સરરાટ સરતી ને તરત ચાલી જતી.[૩૯૬]

વિજળીના ગડગડાટ શાન્ત ગંભીર સ્મશાનદી અને વાતાવરણની ભયાનકતાનું બિહામણું છતાં મનોરમ ચિત્ર કવિએ હરિગીત છંદ દ્વારા સચોટ રીતે ઉપસાવ્યું છે. ધીમે ધીમે વાતાવરણમાં પરિવર્તન થાય છે અને સર્વત્ર ઉલ્લાસની લાગણી પ્રકટે છે. આકાશમાં ચંદ્ર પણ ફરી દૃશ્યમાન થાય છે. માલિની છંદ કવિ દ્વારા નીચેની પંક્તિઓમાં આ ઉલ્લાસિત વાતાવરણમાં પણ છુપાયેલી ગમગીનીનું યથાર્થ ચિત્ર રજૂ કરે છે.

...........

[૩૯૫]એજન, પૃ. ૪૨

[૩૯૬]એજન

ગગનમહીં પ્રકાશ્યો દિવ્ય રૂપેરી ગોળો,
શીતળ સરસ રંગે થઈ જેવો રૂપાળો,
રજનીપતિ છતાં એ આજ ફિક્કો જણાતો,
સભય વિધુ હશે એ. કેમ મેઘે લપાતો.[૩૯૭]

નાયકના હૃદયના આંતરવિગ્રહના નિરૂપણ માટે કે નાયકના વિચારોની અભિવ્યક્તિ માટે અથવા જીવનસિધ્ધાંતના નિરૂપણ માટે સાગરે અનુષ્ટુપ છંદનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. અનુષ્ટુપ સાથે વસંતતિલકા, શાર્દૂલવિક્રીડીત મંદાક્રાન્તા, શિખરિણી છંદો સાથેનો સુમેળ પણ 'સાગર' ઔચિત્યપૂર્વક કરી શક્યા છે. 'થાકેલું હૃદય'ના છંદોવિધાન પરત્વે 'સાગર'ની વિશેષતા છે. ભાવને અનુરૂપ છંદોરચનામાં થોડાક દૃષ્ટાંતો જોઈએ.

નાયકના મિત્રોને ઉદ્દેશીને કવિ પોતાના મિત્રનું દર્દ પોતે સ્નેહી બન્યા વિના સ્નેહીનું દર્દ પિછાની શકાય નહીં.

દર્દીના દર્દની પીડા, દર્દીઓ જ પિછાનતા;
વિના દર્દી એ કાંઈ કોઈએ સમજી શકે?[૩૯૮]

નાયકના પૂર્વજીવનની દશાનું ચિત્ર પણ અનુષ્ટુપમાં રજુ થાય છે.

હતો હા! એક દી એવો, વિશ્વમાં રમતો હતો
હતો આનંદમાં કેવો, નચિન્તે હું મહાલતો.[૩૯૯]

...........

૩૯૭ એજન, પૃ. ૪૩
૩૯૮ એજન, પૃ. ૨
૩૯૯ એજન, પૃ. ૩

શબ્દોદ્વારા દિલાસો આપતા મિત્રને ઉદ્દેશીને કવિ યોગ્ય જ કહે છે.

કહે કે ના કહે, ભાઇ! દિલાસો ન દઇ શકે,
શબ્દો સ્થૂલ વડે દર્દો સૂક્ષ્મનાં શમતા હશે.[400]

'થાકેલું હૃદય'ના ઊર્મિગીતો:

-હાનાલાલની શૈલીનાં કેટલાંક ઊર્મિગીતોમાં પણ અનુષ્ટુપનો ઔચિત્યપૂર્વક કરેલો વિનિયોગ ખાસ ધ્યાન ખેંચે છે, જુઓ:

જગ કરતાં જગદીશમાં, પૂર્ણ પ્રતીતિ આપ।
દરબારે ખાવિન્દમાં, નેક પાક ઇન્સાફ।
સહનશીલ રહેવું ઘટે, ભલે તૂટતું આભ,
ઇશનિયમ હિતકર સદા, વિમાસવું- વિણ લાભ.[401]

અનુષ્ટુપ પરના કવિના પ્રભુત્વ માટે નીચેની પંક્તિઓ પણ નોંધવી જોઇએ.

પ્રેમનાં - પ્રભુનાં - ત્યારે પ્રતિબિમ્બ પ્રકાશતાં,
થાકેલાં હૃદયો જયારે થાકતાં જ પૂરેપુરાં[402]

પ્રેમમાં મળેલી નિષ્ફળતાને કારણે યુવાન સ્નેહી હૃદયમાં જન્મતા લાગણીના ભિન્નભિન્ન ઉદ્રેકોને કાવ્યમાં ગૂંથવા માટે એક આછા પાતળા કથા તંતુનો કવિએ આશ્રય લીધો છે. એટલે કથાનું વિશેષ મહત્વ આ કાવ્યમાં નથી એ તો સ્પષ્ટ જ છે. પરંતુ લાગણીના ભિન્નભિન્ન આવર્તોને અભિવ્યકત કરવા માટે કવિએ પ્રયોજેલા વિભિન્ન છંદો પરની કવિની અસાધારણ પ્રભુત્વશકિતને લીધે સફળરીતે નિરૂપાયો છે એ કવિની આગવી સિધ્ધિ છે નાયકના હૃદયના

...........

400 એજન, પૃ. ૫

401 એજન, પૃ. ૧૭

402 એજન, પૃ. ૯૭

ઉદગારો અભિવ્યકત કરવા માટે કવિએ ઉધોર છંદનો પણ વિનિયોગ કર્યો છે નાયકની સ્વગતોકિત વ્દારા જડ રૂઢિ પરનો તિરસ્કાર અને સમાજના આવા કુરિવાજો પ્રત્યેની બંડખોર વૃત્તિનું પણ દર્શન કરાવ્યું છે. દીવાને 'સાગર' દફતર ૧ ના 'અરે! હિન્દુઓ! ઘેલા થયા! 'કાવ્યની પંકિતઓ 'થાકેલું હૃદયમાં નાયકના ઉદ્દગારો રૂપે રચાઇ હતી. આ કાવ્યની 'થાકેલું હૃદય'માંની આ પંકિતઓમાં [illegible] દોહરાવેલા ઉધોરનો લાક્ષણિક પ્રયોગ નોંધપાત્ર છે. નાયકના વિચારોમાં કવિનું પોતાનું જ પ્રતિબિંબ સ્પષ્ટ જોઇ શકાય છે.

સાચામાં બહુ શરમ જણાય,
ખોટામાં ના આવે લાજ,
રૂઢિ આગળ સહુ લાચાર,
વાહ વાહ રે! ડહાપણ દાર![૪૦૩]

ઉધોરમાં રચાયેલી નીચેની પંકિતઓમાં પણ રૂઢિની ક્રૂરતાને કારણે પોતે અનુભવેલી વિરહ વેદનાને કવિએ સચોટ રીતે નિરૂપી છે.

અરે! ક્રૂર ઓ રૂઢિ ખરે,
હું હાર્યો છું ત્હારા બળે,
ત્હેં લજવ્યો સઘળો સંસાર,
કહાડયો મુજને વન મોઝાર![૪૦૪]

...........

[૪૦૩] એજન, પૃ. ૪૯

[૪૦૪] એજન, પૃ. ૪૫

શાન્ત વાતાવરણનું સુરમ્ય ચિત્ર ઉપસાવવા માટે આકાશમાં વાદળાંને વિખેરીને તારાઓ સાથે પ્રકાશતા શીતળ ચંદ્રમાનું કવિએ ઉચિત રીતે માલિની છંદ દ્વારા વર્ણન કર્યું છે. ભાવને ઉચિત છંદરચનાના કવિ કૌશલની પ્રતીતિ કરાવતી નીચેની પંક્તિઓ જુઓ:

શીતળ શશી પ્રકાશ્યો વાદળાંને વિખેરી
નિજ સહ લઇ આવ્યો તારલા સૈનિકોને!
ભૂપતિ અતિ વિવેકી ભવ્ય તખ્તે વિરાજી,
ધવલ નવલ સાડી ભેટ આપે ધરાંને.[૪૦૫]

યુવાનના હૃદયમાં રહેલો અજંપો અને ઉત્કટ વેદનાને અભિવ્યક્ત કરવા માટે પણ માલિની છંદ ઔચિત્યપૂર્વક પ્રયોજ્યો છે.

હૃદયગત નિસાશા સુણશે કો હમારા?
હૃદય નહીં કળાશે હાલ શા છે હમારા?
હૃદય હૃદય સાથે મેળવો જો હમારા,
હૃદય તરત કહેશે ચાહ ન્યારા હમારા![૪૦૬]

યુવનાના હૃદયમાં એકાએક લાગણીના પૂર ધસી આવે છે અને પોતાના સ્નેહીપાત્રના પત્રો જોવા માટે એ દોડી જાય છે. ભાવની ગતિશીલતા બતાવવા માટે પણ કવિએ આ છંદ ઔચિત્યપૂર્વક પ્રયોજ્યો છે.

...........

[૪૦૫]એજન, પૃ. ૩૨

[૪૦૬]એજન, પૃ. ૯

તરત મનન માટે મેજમાં જે મૂકેલા —
પ્રણય ધરી લખેલા સ્નેહીના પત્ર જોયા.[407]

કરૂણની ઘેરી અસર ઉપસાવતી નીચેની પંક્તિઓ પણ જુઓ:

ઘડી ઘડી ઘડી જોતો, પત્ર સ્હામે વિચારો,
વળી વળી વધુ રોતો! આંસુ લ્હોતો બિચારો!
બહુ બહુ બની ઘેલો, આમ બોલે વિચારો!
નથી નથી કંઇ, ભાઇ! આ દુ:ખીને દિલાસો.[408]

યુવકના હૃદયનો આંતરવિગ્રહ અભિવ્યકત કરતી કેટલીક પંક્તિઓમાં કવિએ પોતાના જ હૃદયની વ્યથાનું આલેખન કર્યું છે. બાળલગ્નની રૂઢિ સામે ફરિયાદ કરતાં નાયકને લગ્નના વિષયમાં કાંઇ દુ:ખ છે અને એટલે પોતે સંન્યાસીનો વેષ ધારણ કરી નગર બહાર નિકળી પડે છે. નાયકના હૃદયનો આંતરવિગ્રહ નિરૂપવા માટે કવિએ કેટલીક પંકિતઓ અધૂરી રાખી છે અને ટૂકડીઓથી શેશ ભાગ સુચવ્યો છે. નાયકનું વૃત્તાન્ત અસ્પષ્ટ રાખવા માટે આ પંકિતઓમાં પ્રયોજાયેલો માલિની છંદ જુઓ:

હૃદય પ્રણય ચાહે .. .. .. .. ..
.. .. .. કોણ ઝીલે તથાપિ?
.. .. .. હોલવે કોણ વહ્નિ?[409]

શાન્ત વાતાવરણનું મનોરમ ચિત્ર પણ નીચેની પંકિતઓ દ્વારા કવિએ સચોટ રીતે ઉપસાવ્યું છે. માલિની છંદ પરનું કવિનું પ્રભુત્વ જુઓ:

...........

[407]એજન,

[308]એજન, પૃ. ૧૩

[309]એજન, પૃ. ૨૫

નગરજન હતા સૌ, ગાઢ નિદ્રાસ્થ શાન્ત,
ગગનતલ હતું સૌ, શ્યામ મેઘે છવાયું,
અનિલ પણ ગયો ક્યાં અંધકારે છુપાઇ?
શશી શ્રમ કરી ત્યારે શું ગયો શાન્તિ લેવા?[૪૧૦]

નાયકના હૃદયની શોકાર્ત દશાનું નિરૂપણ કરવા માટે ઔચિત્યપૂર્વક પ્રયોજાયેલો લલિતછંદ કાવ્યના કરૂણ રસની અસર ખૂબ ઘેરી બનાવવામાં સહાયભૂત થાય છે, જુઓ:

નિશિ સમે બધું શૂન્ય તો હતું,
પણ વળી થયું, આથી એ વધુ,
હૃદય એ હતું શોકમાં, ડર્યું!
કુદરતી થતું કાંઇ ત્યાં નવું![૪૧૧]

યુવકના અસ્વસ્થ હૃદયનું ચિત્ર પણ સચોટરીતે ઉપસાવવામાં કવિએ કુશળતાપૂર્વક લલિતનો વિનિયોગ કર્યો છે, જુઓ:

ગમ્યું નહીં કંઇ આથડયા કર્યું,
કંઇ કંઇ લખ્યું, વાંચીઉ કંઇ,
ઉપર એ ગયો, સ્તબ્ધ થૈ ઉભો,
હૃદયને છતાં ચેન ના પડે[૪૧૨]

યુવાનના હૃદયના ઉદગારોને વાચા આપવા માટે કવિએ ત્રોટક છંદ પણ વાપર્યો છે. વિરહની વેદના ઉત્કટ બનતાં નાયક આગળ ઉચ્ચારી શકતો નથી

...........

[૪૧૦] એજન, પૃ. ૩૧

[૪૧૧] એજન, પૃ. ૪૨

[૪૧૨] એજન, પૃ. ૭

નાયકના ગમગીન હૈયાનું ચિત્ર સચોટ રીતે ઉપસાવવા માટે કવિએ આ છંદ પાસેથી કુશળતાપૂર્વક કામ લીધું છે, જુઓ:

કહું હું વિધિ તું સુખનિધિ અરે
કર એક, તરાવ, ડુબાડ ન બે
ત્રકડાવ નહીં દીન પામરને,
ન સહી શકશે ઉર કષ્ટ હવે.[૪૧૩]

ત્રોટક છંદની પંકિતના બે ખંડક કરી પ્રાસ મેળવીને ભાવના નિરૂપણમાં પ્રવાહિતા આણવા માટે છંદના લયનો વિનિયોગ 'સાગર'ની આ છંદની વિશેષતા છે. જુઓ:

રડતો દુ:ખમાં—
લવતો મનમાં,
ઘડીમાં ઉઠતો,
ઘડીમાં ફરતો![૪૧૪]

શાન્ત વાતાવરણનું ચિત્ર ઉપસાવવા માટે પણ ત્રોટકનો ઉપયોગ ખાસ ધ્યાન ખેંચે છે, જુઓ:

કંઈવાર થઇ. બદલાયું બધું!
ઘડીમાં નભ સર્વ નિરભ્ર થયું!
ગગને શીત ઇન્દુ વિરાજી રહ્યો!
ગણ સૈનિક સાથ પ્રકાશી રહ્યો![૪૧૫]

...........

૪૧૩ એજન, પૃ. ૪

૪૧૪ એજન, પૃ. ૪૯

૪૧૫ એજન,

યુવક પોતાના પૂર્વજીવનની કથા યુવતી સમક્ષ ખુલ્લા દિલે રજૂ કરી દે છે. યુવાનના હૃદયોદગારની સચોટ અભિવ્યકિતમાં ત્રોટક છંદની ઉપકારકતા જુઓ:

કથવું, પ્રિય! કાંઇ નવું ય નથી,
અવિદિત ત્હને, પ્રિય, કાંઇ નથી.[૪૧૬]

"પરિતાપ નથી—
ઉર કલાન્તિ નથી—
નથી શાન્તિ, સખિ!
નથી સ્વાસ્થ્ય નથી,
પ્રિય આયુ વ્યતીત કર્યું સઘળું!
મુજ જીવન દીઠું બધું નબળું![૪૧૭]

ત્યજીને જડતા—
ભૂલીને ભીરૂતા—
ભરીને શુચિતા —
પૂજાને મૃદુતા[૪૧૮]

ત્રોટક છંદમાં રચાયેલી આ પંકિતઓ 'દીવાને સાગર' દફતર ૧ માં પ્રગટ થયેલા 'જીવનમંથન' કાવ્યની છે.

શિખરિણી, મંદાક્રાન્તા, ને વસંતતિલકા છંદોનો થાકેલું હૃદયની કથાના આલેખનમાં બહોળા પ્રમાણમાં ઉપયોગ થયો છે. શાર્દૂલવિક્રીડિત, ઉપજાતિ અને બીજા કેટલાક છંદો પણ સાગરે વાપર્યા છે.

...........

[૪૧૬] એજન, પૃ. ૯૧

[૪૧૭] એજન, પૃ. ૯૨

[૪૧૮] એજન, પૃ. ૯૫

'કોઇ ચાલી ન દેશે,' 'અતિથિ,' 'દેવદૂતને' 'અંતઃશ્રુતિ,' 'અજ્ઞાન સહોદરૂને' જેવા કાવ્યોમાં શિખરિણી અને મંદાક્રાન્તા છંદોપરનું કવિનું પ્રભુત્વ 'થાકેલું હૃદયમાં પણ સ્પષ્ટ જોઇ શકાય છે. મંદાક્રાન્તામાં રચાયેલું 'શાશ્વતી શાંતિ આપો' થાકેલું હૃદયમાં પણ છે. કાવ્યના પ્રારંભમાં જ નાયકના હૃદયની વેદના વિષે જાણવા આતુર મિત્રની સ્નેહાર્દ્ર પંકિતઓ મંદાક્રાન્તા દ્વારા રજૂ થઇ છે.

બન્ધુ ત્હારૂં વદન નિરખું આજ શોકે છવાયું!
તે આ મ્હારા દીન હૃદયને દુઃખ ભારે કરે છે!
આપે છે તું હૃદય સઘળું સ્નેહથી રે! મ્હને તો-
કયાં સુધી તું પ્રિય મુજ ત્નખે.રાખશે રે અજાણ્યો![૪૧૯]

પ્રાતઃકાળની શાંતિનું ચિત્ર પણ મંદાક્રાન્તા દ્વારા સચોટરીતે અભિવ્યકત થયું છે.

જાગ્યું જયારે જગત સઘળું ઉંઘ આલસ્ય ત્યાગી,
એકાંતે આ યુવક રહતો કાંઇ ઘેલું વદીને,
સાધુ સંતો વિમલ હૃદયો ગાય મીઠાં પ્રભાતે,
થાકેલું આ હૃદય પણ કૈં ગાય ભિન્ન પ્રભાતે![૪૨૦]

માલિની છંદ દ્વારા ગાઢનિદ્રામાં સુતેલા નગરજનો તેમજ એવા શાન્ત વાતાવરણનું ચિત્ર રજૂ કરી તરત જ આવી નિરવ શાંતિમાં પણ રસિક પ્રેમી હૃદયો તો પ્રણયરસમાં જ લીન હતાં એ ભાવની અભિવ્યકિત માટે કુશળતાપૂર્વક મંદાક્રાન્તા છંદ પ્રયોજયો છે, જુઓ:

...........

[૪૧૯]એજન, પૃ. ૨

[૪૨૦]એજન, પૃ. ૨૯

આ રાત્રિમાં નગર સઘળું ઉંઘતું તું નિરાંતે,
કો કો સ્થાને રસિક હૃદયો પ્રેમિલાં જાગતાં તા;
ડૂબી ઝાઝાં પ્રણયરસમાં, લીન શાં મ્હાલતાં તા,
માની લેતાં સકળ સુખએ સ્વર્ગ તું પામતાં તાં.[૪૨૧]

નાયકની સ્વગતોક્તિઓ વ્દારા આ છંદનો ઔચિત્યપૂર્વક વિનિયોગ કર્યો છે. મંદાક્રાન્તા છંદની 'સાગર'ની પ્રભુત્વશક્તિના થોડા ઉત્તમ નમૂનાઓ જુઓ:

ચાલો. જોવા નગર તજીને બહારની કાંઇ લીલા
ભાસે કેવું વિમલ જલ જો. જે સરિતા તણું આ
ને આ કેવાં રૂદન કરતાં બોલતાં જો શૃગાલો!
જો ધીમે આ સમીર કરતો સૃષ્ટિ સૌન્દર્ય વૃધ્ધિ[૪૨૨]

સંસારી છું. સ્મરણ કરતું, વારસામાં મળ્યું શું
નિમર્યો તું સુખદુઃખ તણો સાથી કોટુમ્બિકોને —
કિન્તુ ત્હારૂં હૃદયસુખ તું સર્વથી મોંઘું માને,
તેથી શું તું ફરજ વિસરી આથડે આ અરણ્યે?[૪૨૩]

ત્હેં માન્યું છે, અરુચિમય આ વિશ્વ આંખુ અકારૂં
ત્હે માન્યું છે, જીવન સઘળું વ્યર્થ સ્નેહી વિનાનું
ને તેથી તું વિરહી થઇને સર્વ સંબન્ધીઓથી
ત્હે માનેલા પ્રણય દુઃખમાં આથડે આ અરણ્યે![૪૨૪]

...........

૪૨૧ એજન, પૃ. ૩૧

૪૨૨ એજન, પૃ. ૩૨

૪૨૩ એજન, પૃ. ૩૩

૪૨૪ એજન, પૃ. ૩૪

છોને કહેતા જગજન ત્હને એકમાર્ગી - તરંગી
હું ઇન્સાફી કંઇ નવ કહું ધૃતિથી મૌન રાખું
સાચું જોશે સહૃદયપણે ન્યાયદૃષ્ટિ કદાપી
અત્યારે તો તુજ સુખ ભલે! શોધી લે આ અરણ્યે.[૪૨૫]

જાણું છું હું. નથી સ્વપ્નનું ભાન બેભાન કંઇ ના!
નશામાં હું નથી તો યે નિશામાં શું જણાય આ?[૪૨૬]

નાયક પોતાના મનને ઉપાલંભ આપે છે અને સ્થિર ચિત્તે રાગદ્વેષ ત્યાગીને આગળ વધવાનું ઉદબોધન કરે છે, જુઓ:

ધીમે જાજે, વિમલ હૃદયે, પ્રશ્રયાર્થી યુવાન!
ચાલ્યો જાજે! નિડર થઇને રાગવિદ્વેષ ત્યાગી!
તું ઓત્સુકયે શિથિલ ન થતો રાખજે ધૈર્યધારી-
લાગે છે કે અવનવું ત્હને પ્રાપ્ત આજે થશે કૈં.[૪૨૭]

રે! સંસ્કારી! ધીરજ ધરજે, ભ્રાન્તિ સૌ દૂર થાશે,
ને ત્હારા સૌ તિમિર પડદા સદ્ય ભેદાઇ જાશે,
રે. ભોળા જો કાદ કંઇ ત્હને આજ જુદું મળે તો -
તું વિચારી સ્થિર મન કરી ખુબ જોજે વિચારી.

રે ઉદ્વેગી. ચલિતમન ઓ ઉદભ્રમી હે યુવાન
ચિન્તા ત્હારી વિપ્રલય થશે, પામશે તું પ્રમીતિ!
બાપુ, ત્હારી સહુ અબુધતા આજ વિલાઇ જાશે
ને થાકેલાં, શ્રમ તું જ બધો ઉતરી આજ જાશે.[૪૨૮]

...........

[૪૨૫] એજન

[૪૨૬] એજન, પૃ. ૩૮

[૪૨૭] એજન, પૃ. ૩૯

[૪૨૮] એજન.

યુવક પોતાના હૃદયની દશાનું ચિત્ર પોતાના મિત્ર સમક્ષ રજૂ કરે છે વ્યથિત હૃદયના ઉદગારોને અનુરૂપ શિખરીણી છંદ પણ સાગરે ઔચિત્યપૂર્વક યોજ્યો છે.

મ્હને તું પૂછે છે! દિલ કયમ દુઃખી? તું પ્રિય સખા!
દુઃખી હું શાને છું? ખબર મુજને તે નવ પડે;
તથાપિ જાણું છું જગત ગમતુ આ નથી હવે-
બતાવું શી રીતે, હૃદય મુજબ ખોલી તુજ કને?[૪૨૯]

યુવાનના હૃદયની સરળતા - ઋજુતાનું કવિએ દોરેલું શબ્દ ચિત્ર પણ ભાવાનુસાર છંદ રચનાનો અચ્છો નમુનો છે.

બીચારો આ કેવો સરળ દિલનો યુવક ભલો,
અજાણ્યા જે છે તે હૃદય કયમ એ જોઇ શકશે ?
જનો તે શું જાણે, હૃદય ભડકો આ યુવકનો?
નિહાળે જયાં સુધી દિલ-દુઃખ વિના આંસુ નયને![૪૩૦]

સંધ્યાનું કવિએ કરેલું વર્ણન પણ સાગરની છંદ્ પરની પ્રભુત્વશકિતનું જ દ્યોતક બની રહે છે.

રૂડી શોભે સંધ્યા વન ઉપવને શાંતિ પ્રસરી,
અહા!. પંખીડાં શાં મધુર ગીતડાં એ કલકલે!
દિસે કેવાં પુષ્પો!, ભરપુર પરાગે નવનવાં
ભમે ભોગી રંગી મધુપ તહીં મ્હાલે મનગમ્યું![૪૩૧]

...........

૪૨૯ એજન, પૃ. ૩

૪૩૦ એજન, પૃ. ૫

૪૩૧ એજન, પૃ. ૧૬

નાયકને સાન્ત્વન આપતાં કવિના બોધવચનો પણ શિખરિણી પરની કવિની પ્રભુત્વશક્તિની પ્રતીતિ કરાવે છે.

નિવારીશ, ત્હારૂં હૃદયદુ:ખ તું, વત્સ! રડ ના
નિરાંતે રે ભાઇ! વધુ વધુ બધું તુ રડી જ લે![432]

યુવકના પોતાના ઉદગારોમાં પણ કવિ છંદની પ્રવાહિતા સાધી શક્યા છે.

"નિરાશામાં આજે જીવન મુજ આ શું અનુભવે?.
નિશાશાએ આશા બુધ જન જતાં એમ જ કહે.[433]

'સાગર'ના સ્નેહયોગના સિદ્ધાન્તોની સચોટ અભિવ્યક્તિ માટે 'અશ્રુયોગ' કાવ્ય મહત્વનું સીમાચિહ્ન છે. આ કાવ્યમાં પણ થાકેલું હૃદયમાં સમાવિષ્ટ છે યુવક અને યુવતીને ઋષિ સ્નેહલગ્ન કરાવે છે એમના અમરાત્મ લગ્ન દ્વારા અધ્યાત્મયોગની ભાવનાનું સચોટ નિરૂપણ વસંતતિલકા છંદની કવિની પ્રભુત્વ શક્તિનો ઉત્તમ નમુનો છે. જુઓ:

જો હોય સ્થૂલ શરીરોની કરી ઉપેક્ષા,
ને, સત્ય પ્રેમ પ્રભુ દર્શનની અપેક્ષા-
ને, શુધ્ધ હૈયું પ્રિયના હૃદયે નિમગ્ન-
તો આપણું જ પ્રિય આ અમરાત્મ લગ્ન.[434]

...........

432 એજન,

433 એજન, પૃ. ૨૧

434 એજન, પૃ. ૧૦૦

અધ્યાત્મ-યોગ જહીં જીવ જ એક એક,
ને સંસ્કૃતિ પુરુષ પ્રજ્ઞ તણો વિવેક
શિવસ્વરૂપ પરિપ્રાજ્ઞ સુભદ્ર પૂર્ણ
હો આ અનન્વમય અદ્‌ભુત બ્રહ્મલગ્ન! ૪૩૫

ભાવારોપણની અસત્યતા (Pathetic Fallacy) નો દોષ કુદરતના ચિત્રઆલેખનોમાં રુચિરતાની ક્ષતિ કહે છે. કવિએ પોતે એનો પ્રસ્તાવનામાં જ સ્વીકાર કર્યો છે. આ દોષારોપણ થઇ શકે એવી પંકિતઓમાં વસંતતિલકા છંદ પરની કવિની પ્રભુત્વ શકિતના ઉત્તમ નમૂનાઓ છે, જુઓ:

રે, શ્યામ તું તિમિર ઘોર તણી જનેતા!
રે ક્રૂર આ દુ:ખી તજી થઇ કયાં છુપાવા?
સૌજન્ય લેશ પણ ના તુજમાં અરે શું?
શાને છુપાય. ગતિ કેમ કરે ત્વરાથી?[૪૩૬]

રે નિર્દયા! પ્રકટતાં રવિરાજ સ્હામે
યુદ્ધે પ્રવર્તી છુપતી, રવિને નસાડયો!
પૈશાચી વૃત્તિ થઇ પૂર્ણ ન તોય ત્હારી!
સંધ્યા તણા સરસ તેજને ભક્ષ્ય કીધું
રે રાણી, શાણી બની, શાંતિ ધરી નભે જો!
ન્હાસે ફિકાં મુખ કરી તું જ સૈનિકો જો!
અસ્તિત્વ ત્હારૂં નિભવાનું ન ચિરકાલ
સામર્થ્ય ત્હારૂં પણ રે પ્રબલા! ક્ષણિક! ૪૩૭

...........

૪૩૫એજન, પૃ. ૧૦૧

૪૩૬એજન, પૃ. ૨૬

૪૩૭એજન, પૃ. ૨૭

'દીવાને સાગર' દ. ૧ ની 'ખરેખર ભૂલચે મારી'! 'હમારી પરેશાની' 'હું શું લખું' અને 'પડધમ' જેવી ગઝલો પણ 'થાકેલું હૃદય'ના સંબદર્ભમાં જ ઉદભવી છે, તો 'ચંદ્રમા', 'મ્હારા આંસુંના ભેદ' 'પોઢો પ્રેમની પારાવાર' અને 'જગાવો જયોતિઓ' 'જગનાથ' જેવાં મનોરમ ગીતો પણ થાકેલું હૃદય ના જ આવર્તો છે. 'દીવાનેસાગર' દફતર ૧ ના બીજા કાવ્યો 'બુધ્ધિ અને હૃદય' 'અરે! હિન્દુઓ ઘેલા થયા' 'રોવું જીવન મંથન' કહું વાત કોને વિશ્વમાં? શાશ્વતિ શાન્તિ આપો મહાત્મા કલાપીનો પ્રેમયોગી હૃદયને 'ઝાંખી' અને 'અનુયોગ' કાવ્યો પણ થાકેલું હૃદયમાંથી જ જૂદાં પ્રગટ કરવામાં આવ્યા છે.

<u>થાકેલું હૃદયનાં ઉર્મિગીતો</u>:

અર્વાચીન કવિતામાં થાકેલું હૃદયનું મૂલ્યાંકન કરતાં શ્રી. સુંદરમે પોતાનું મંતવ્ય આ પ્રમાણે રજૂ કર્યું છે.

“ પોતાના પહેલા સંગ્રહ થાકેલું હૃદયમાં તે ન્હાનાલાલની અસરમાં પણ ખેંચાયેલા લાગે છે. ન્હાનાલાલના બીજા કોઇ અનુકરણકાર કરતાં સાગરે વધારે સફળતા મેળવેલી છે. છતાં તે મોટેભાગે કલાપીની ઢબે જ કલાપીના જેવા વિષયો લઇને વધારે લખે છે. પણ ક્રમે ક્રમે તેમનાં કાવ્યો આધ્યાત્મિક પ્રેમની મસ્તી ગાવા તરફ વળી જાય છે.

થાકેલું હૃદય એક સળંગ કથાકાવ્ય છે. તેમાં જે ઘણી એક કચાશ છે તેનો લેખકે પોતે સ્વીકાર કરી લીધો છે. કલાપીના ગુણો અને દોષો બંનેએ આમાં વિસ્તૃત રૂપ લીધું છે. વસ્તુનું નિરૂપણ કલાપીના જેવું જ પ્રાસાદિક અને સ્પષ્ટ છે. વચ્ચે વચ્ચે સૂત્રાત્મક કડીઓ પણ લેખક મૂકે છે. પણ દરેક પ્રસંગમાં કે ભાવમાં શિથિલતા અને દીર્ઘસૂત્રતા હદ બહારનાં વધી ગયેલા છે છતાં ગમે ત્યાંથી વાંચતા કાવ્યના છૂટક અંશો આનંદ આપે તેવાં છે.

આખા કાવ્યનું ઉત્તમ અંગ વચ્ચે વચ્ચે મુકેલાં ગીતો છે.[438]

ન્હાનાલાલની શૈલીના સફળ અનુકરણકાર લેખે થાકેલું હૃદય ના ઉત્તમ અંગરૂપ ઉર્મિ ગીતોનું મૂલ્યાંકન જુદા વિભાગ વ્દારા કર્યું છે. એટલે એની અહીં ચર્ચા કરી નથી. શ્રી. રમણભાઇ નીલકંઠે થાકેલું હૃદયના અવલોકનમાં કવિની વર્ણનશકિત, ગીતમાધુર્ય તેમજ ભાવની આકર્ષકતાનાં કવિના ગુણોની પ્રશંસા કરી છે અને થાકેલુ હૃદય કથાકાવ્યમાં આ રૂચિર વર્ણનો અને ગીતોને આકર્ષક અંગ ગણાવ્યું છે. જુઓ:

કાવ્યમાં જે કંઇ વિશેષતા છે તે કથાભાગમાં નથી પણ લેખકે પ્રગટ કરેલા ભાવોમાં અને રચેલા વર્ણનોમાં છે.

આ પ્રમાણે લેખકના ભાવમાં આકર્ષકતા છે અને વર્ણનોમાં રુચિરતા છે.[439]

૩. ભાષા-શૈલી:

થાકેલું હૃદયના અર્પણપત્રમાં ન્હાનાલાલની ડોલનશૈલી નું અનુસરણ છે શ્રી. રમણભાઇ નીલકંઠે આ ગદ્યકાવ્યની શૈલી પરત્વે ટીકા કરતાં પોતાનું મંતવ્ય દર્શાવ્યું છે કે "આ શૈલીમાં ગદ્યવાકયના કટકા કરવામાં આવે છે અને તેથી સાધારણ વચનોને પ્રવેશ કરવાનો અવકાશ મળે છે. થાકેલું હૃદય ની શૈલી પરત્વે સાગરે પોતે જણાવ્યું છે તેમ ગેય હોય તે જ કાવ્ય એવો મત હવે ફરતો થાય છે. અને બાણભટ્ટની કાદમ્બરી સંસ્કૃતમાં તથા રા.રા. ન્હાનાલાલ કવિનાં કાવ્યો એ ગુજરાતીમાં તેનાં દૃષ્ટાંતો છે. જર્મન મહાકવિ ગેટે(Goethe) એ લખેલું (Werther વર્થરનું વૃત્તાન્ત[440] નોંધપોથીની તવારીખના પત્રોમાં છતાં એક સુરસ કાવ્ય છે.

...........

438 એજન પૃ. ૧૯૮

439 એજન, પૃ. ૨૯-૩૦

440 એજન, પૃ. ૧૦૭

શ્રી. રમણભાઇ નીલકંઠ ન્હાનાલાલની આ શૈલી પરત્વે પોતાનું મંતવ્ય દર્શાવતાં સ્પષ્ટ કહે છે કે કાદમ્બરી સરખી રચનાઓમાં ગદ્યની શૈલી અખંડ ચાલુ રહે છે. શૈલીના ગૌરવમાં વધઘટના પ્રસંગો આવતા નથી, શૈલીની પ્રૌઢતા એકધારી રહે છે અને તેમાં કવિત્વમય ભાવને જ અવકાશ મળે છે. સાધારણ વચનોને તેમાં અવકાશ મળતો નથી. ડી. કિવન્સી, મિસીસ ઓલિવ સ્ક્રીનર, વગેરેનાં ગધ્ય કાવ્યોમાં આ પ્રમાણે ગદ્ય વાકયરચનાનું શુધ્ધરૂપ જળવાયાથી સાધારણતાના અંશથી તે મુકત છે. ૪૪૧

અર્પણપત્રમાં સાગરે પ્રયોજેલી ગદ્યશૈલીની મર્યાદા દર્શાવતું શ્રી. રમણભાઇ નીલકંઠનું આ મંતવ્ય સર્વથા યોગ્ય છે. જુઓ, "આવી શૈલીમાં કવિત્વમય ભાવ સાથે વાતચિતની સાધારણ (Prosaic) ઉકિતઓ, કહેવતો તથા માર્મિક વચનો (Epigrams) કેવાં દાખલ થઇ કાવ્યની ક્ષતિ કરે છે તે પણ આ ઉદાહરણથી સમજાશે. કાવ્ય છન્દમાં રચાયું હોય તો રચનારને રચતી વેળા જ પ્રત્યક્ષ થાય કે કવિત્વમય ભાવ અને સાધારણ ઉકિતઓ, કહેવતો તથા માર્મિક વચનો વચ્ચે ઘણું અંતર છે અને તેમનું સંમિશ્રણ સુઘટિત થતું નથી." ૪૪૨

સાગર થાકેલું હ્રદય દ્વારા પ્રસ્તાવમાં જણાવે છે તેમ સારી કવિતા લખવાનું કવિનું ધ્યેય નથી, એટલે છંદ અલંકાર કે ભાષા શૈલી વચ્ચે કવિએ પોતે સ્વીકાર્યું છે તેમ તેમણે બુધ્ધિની જાગરૂકતા - સભાનતા રાખી નથી, જુઓ:-

મમતાભરી બુધ્ધિ નથી, છે તો ન બુધ્ધિથી લખ્યું
અકકલવડે યુકિત કરીને, ચિત્ર આ નથી ચીતર્યું. ૪૪૩

..........

૪૪૧ એજન, પૃ. ૩૨

૪૪૨ એજન, પૃ. ૩૧

૪૪૩ એજન, પૃ. ૩૫

વૃત્ત કે અલંકાર કાલ્પનિક રસ ચિત્ર આલેખન કે બુધ્ધિયુકત કલ્પનાવિહારને આ કાવ્યમાં અવકાશ નથી પરંતુ આ કાવ્યરચનાનો હેતુ નીચેની પંકિતઓ દ્વારા સાગર આ પ્રમાણે દર્શાવે છે:

આલેખ્યું છે અસલ પરથી ચિત્ર કો માનવીના
થાકેલાના હૃદય તણું એ કોઇ સ્વાનુભવીના
જે જોવાયું સહૃદયતણા હસ્તરે ચિત્ર ઝાંખું
પાડી લીધું કંઇ કંઇ અહીંયા પ્રતિબિમ્બ ત્હેનું

જેવું દીઠું અસલ હૃદયે ત્હેવી કીધી પ્રસિધ્ધિ
ભેગી કીધી દુ:ખી હૃદયની ઊર્મિઓ ઠાલવેલી

હૃદયાબ્ધિની જે ઊર્મિઓ આવી તણાતી લહરમાં
તે સંકલિત કરી સર્વને અધિકારી જનને સોંપીએ
દરિયાવ છે ખારો હમારો તો ય રત્નો આપશે
ગભરાય ના ખારાશથી તે કંઇક મીઠું પામશે. [૪૪૪]

નિખાલસપણે પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં સાગર કાવ્યના કેટલાક દોષોનો સ્વીકાર કરે છે એમણે સ્પષ્ટ સ્વીકાર્યું છે કે ઘણા વર્ણનોમાં અને કુદરતના ચિત્ર આલેખનમાં રુચિરતાની ક્ષતિ કરનારા આરોપણ થયેલાં છે. કેટલીક પંકિતઓ ભાવારોપણની અસત્યતા ખુલ્લી જણાય છે.[૪૪૫] કવિએ પોતે બીજી આવૃત્તિમાં પણ કશો ફેરફાર કર્યો નથી એનું કારણ પણ એમણે દર્શાવ્યું છે તેમ

...........

[૪૪૪] એજન,

[૪૪૫] એજન, પૃ. ૧૮

"વસ્તુના મૂળ સ્વરૂપમાં વિચાર અને કાવ્યગુણતાનો પરસ્પર સંબન્ધ અખંડિત સાચવી રાખવાની એષણાથી એ ઉચિત ફેરફાર પણ અહીં કર્યો નથી. [446]

કાવ્યના ભાવપ્રવાહ સાથે કથાનો સુમેળ-રુચિર મિશ્રણ થાય તે કથા-કાવ્યના પ્રાણભૂત તત્ત્વનું સદંતર અભાવ પણ વર્તાય છે. શ્રી.ગોવર્ધનરામ ત્રિપાઠીની સ્નેહમુદ્રાની શૈલીની તેમજ વિચારોની પ્રબળ છાપ થાકેલું હૃદય પર પડી છે. રૂઢિની જડતા પરત્વે શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠી સાથેના વિચારોની સમરૂપતા કવિએ પોતે તેમાંથી અવતરણો ટાંકીને દર્શાવી છે. એમની આ નિખાલસતાના વખાણ પણ શ્રી. રમણભાઇ નીલકંઠે અવલોકનમાં કર્યા છે. શ્રી. સુંદરમે ન્હાનાલાલના સફળ અનુકરણકાર તરીકે સાગરને બિરદાવ્યા છે. થાકેલું હૃદયની શૈલી પરત્વે શ્રી. સુંદરમે દર્શાવેલો અભિપ્રાય પણ અહીં નોંધવો જોઇએ.

"થાકેલું હૃદય એક સળંગ કથાકાવ્ય છે. કલાપીના ગુણો અને દોષો બંનેએ આમાં વિસ્તૃત રૂપ લીધું છે. વસ્તુનું નિરૂપણ કલાપીના જેવું જ પ્રાસાદિક અને સ્પષ્ટ છે. આખા કાવ્યનું ઉત્તમ અંગ વચ્ચે વચ્ચે મૂકેલાં ગીતો છે." [447]

કલાપીના જેવી મનોરમ શૈલી ન્હાનાલાલની શૈલીના ઉર્મિગીતો તેમજ સૂત્રાત્મક પંક્તિઓ કથાવસ્તુનું પ્રાસાદિક અને સ્પષ્ટ નિરૂપણ તેમજ રુચિર વર્ણનોને લીધે કાવ્ય આસ્વાદ્ય બની રહે છે. સંઘર્ષયુક્ત જોશીલા વાર્તાપ્રવાહનો અભાવ તેમજ ભાવમાં કે પ્રસંગનિરૂપણમાં શિથિલતા અને દીર્ઘસૂત્રતા તેમજ ભાવારોપણની અસત્યતા જેવા કાવ્યદોષો ન હોત તો થાકેલું હૃદયનું સ્થાન પ્રથમ પંક્તિના કથાકાવ્યોમાં અવશ્ય ગણાવી શકાત, તેમાં કશી શંકા નથી. આ મર્યાદાઓ હોવા છતાં શ્રી. સુંદરમે કહ્યું છે તેમ ગમે ત્યાંથી વાંચતાં કાવ્યના છૂટક અંશો આનંદ આપે તેવાં છે. [448]

...........

[446] એજન

[447] અર્વાચીન કવિતા: સુંદરમ્ પૃ. ૧૯૮

[448] એજન

શ્રી. રમણભાઇ નીલકંઠે થાકેલું હૃદયના અવલોકનમાં (જ્ઞાનસુધા પુસ્તક ૨૫ અંક ૭ જૂન, ૧૯૧૧) માં મૂલ્યાંકનને અંતે જણાવ્યું છે તેમ "એકંદરે કાવ્ય ગુણવાળું છે અને હૃદયાવિધની ઊર્મિઓ સંકલીત કરવાનું કવિનું ધ્યેય મહદઅંશે સફળતાપૂર્વક પાર પડયું છે, એમાં કશી શંકા નથી."[૪૪૯]

<u>થાકેલું હૃદયમાંના વર્ણનો</u>

વસ્તુના નિરૂપણમાં પ્રાસાદિકતા આણવા માટે કવિએ વાતાવરણની પશ્ચાદ્ભૂમિકા પણ રજૂ કરી છે. કાવ્યના પ્રારંભમાં સંધ્યા સમયે માર્ગમાં આગળ વધતાં બે યુવકોનું ચિત્ર રજૂ કર્યું છે. પરંતુ કાવ્યનો પ્રારંભ ઔચિત્યપૂર્વક સૂર્યાસ્તના વર્ણન દ્વારા કર્યો છે. કવિની ઉત્તમ વર્ણનશકિતના દર્શન કરાવતી કાવ્યની પ્રારંભની પંકિતઓમાં સૂર્યાસ્તનું મનોરમ શબ્દચિત્ર રજૂ થયું છે, જુઓ:

સંધ્યા સમે પશ્ચિમમાં ઓછી કરી રવિ ઉગ્રતા
દેખાય થાકેલો ઉભો નગરાજ પર છેટે જઇ
છાંટી જતો કંઇ કેસરી કંઇ રકતરંગી કર થકી
ને વ્યોમમાં ચળકાવતો મનહર ગુલાબી તેજને[૪૫૦]

મુસાફરોનું રક્ષણ કરવા માટે શસ્ત્ર સજીને ઉભેલા દિવ્ય સૈનિકોની કલ્પના પણ મનોરમ છે. માર્ગની બન્ને બાજુ રહેલા હારબંધ વૃક્ષો જાણે સૈનિકો ન હોય! સજીવારોપણ અને ઉત્પ્રેક્ષા અલંકાર દ્વારા છટાયુકત ચિત્ર રજૂ થયું છે. નીચેની બે પંકિતઓમાં પણ સૂર્યાસ્તના વર્ણનનું શબ્દચિત્ર રજૂ થયું છે.

તો યે પ્હણે રવિબિમ્બ જે આછો પ્રકાશે નભ વિષે
અદૃશ્ય થઇ તે લાલ ગોળે બન્ધ કીધી હાજરી.[૪૫૧]

...........

૪૪૯ થાકેલું હૃદય અવલોકન શ્રી. રમણભાઇ નીલકંઠ, પૃ. ૩૨

૪૫૦ થાકેલું હૃદય પૃ. ૧

૪૫૧ એજન, પૃ. ૫

**મૂલ્યાંકન:-**

સાગરના આત્મમંથન કાળ દરમ્યાન રચાયેલા આ કથાકાવ્યમાં એમણે પોતાના હૃદયના આંતર વિગ્રહનું ચિત્ર સચોટ રીતે રજૂ કર્યું છે. 'સાગર' જીવન અને કવનમાં થાકેલું હૃદયના વસ્તુ પરત્વે કહ્યું છે તેમ આ કથાકાવ્યની કેટલીક પંક્તિઓ વાચકના હૃદયને હલાવી મૂકે એવી છે.[452] સાગરના આત્મલગ્નની ભાવના વ્યકત કરતી કેટલીક સૂત્રાત્મક પંક્તિઓ પણ એમના હૃદયભાવનું આબેહુબ ચિત્ર જ ઉપસાવે છે.

સ્નેહ સત્યોનું પણ સત
જગત શું જાણશે રે.[453]

બીજું જ્ઞાન બધું ય અસત
કહ્યું કોણ માનશે રે.[454]

આંતર પ્રેરીત સ્નેહ મનુષ્યો કૃત કાયદા
વધારે યોગ્ય શું છે એ પ્રેમી ઉર વિચારતાં
મંત્ર એક કહું બાપુ! પ્રભુ પ્રેમ સ્વરૂપ છે.
પ્રેમે પોતાપણું હોમો. પ્રેમ સ્વાર્પણ એ જ છે.[455]

પ્રેમયોગ દ્વારા પરમાત્મ યોગ સાધવાનો સાગરનો પોતાનો જીવન આદર્શ પણ થાકેલું હૃદયમાં અભિવ્યકત થયો છે.

............

૪૫૨ સાગર જીવન અને કવન યો.જ. ત્રિપાઠી પૃ. ૩૨૬

૪૫૩ થાકેલું હૃદય પૃ. ૭૧

૪૫૪ એજન, પૃ. ૮૩

૪૫૫ એજન, પૃ. ૯૮

જો હોય સ્થૂલ શરીરોની કરી ઉપેક્ષા
ને, સત્ય પ્રેમ પ્રભુ દર્શનની અપેક્ષા
ને, શુધ્ધ હૈયું પ્રિયના હૃદયે નિમગ્ન
તો, આપણું જ પ્રિય આ અમરાત્મલગ્ન

મ્હારું બધુંય યદિ ત્હારું કરી શકું હું
જીવું ફકીરી તુજમાં જ, મનોરમે. હું
જુદા શરીર પણ અન્તર જો અભેદ
તો, આપણું જ અહીં ત્યાં સહુકાલ લગ્ન.[૪૫૬]

જગતભરના પ્રેમચિંતકોના અભ્યાસનો નિષ્કર્ષ તે સાગરનો સ્નેહયોગ સાગરે પોતાના આત્મલગ્નના સિધ્ધાન્તો સમજાવવા માટે યુવક અને યુવતીનું આત્મલગ્ન તપોવનમાં ૠષિના હાથે યોજ્યું છે. સરસ્વતી ચંદ્રનો નિર્દેશ કરીને પોતાના વિચારોને અનુરૂપ જીવન જીવતા યુવકના પાત્રનું આલેખન પણ ન્હાનાલાલની શૈલી તેમજ વિચાર ભાવોનું જ પ્રતિબિંબ પાડે છે.

સંસાર સ્નેહ વિષે કહી સ્નેહાંશીઓ જડતા નથી.
ઉરને સરસ્વતીચન્દ્ર જેવામાં કશી શ્રધ્ધા નથી.[૪૫૭]

કલ્પનાના ઉડ્ડયનો તેમજ ભાવને વિશદ અભિવ્યકિત માટે સરળ ભાષા અને વસ્તુને અનુરૂપ રૂચિર વર્ણનો, ખાસ ધ્યાન ખેંચે છે. થાકેલું હૃદયની બીજી લાક્ષણિકતામાં સૂત્રાત્મક પંકિતઓ તેમજ વચ્ચે વચ્ચે મુકેલાં મનોરમ ગીતો પણ નોંધપાત્ર છે. સાગર જીવન અને કવનમાં થાકેલું હૃદયનું મૂલ્યાંકન કરતાં શ્રી. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ દર્શાવેલો એક અભિપ્રાય પણ અહીં નોંધવો જોઇએ.

...........

[૪૫૬] એજન પૃ. ૧૦૦

[૪૫૭] એજન પૃ. ૯૦

યુવાવસ્થાના આરંભમાં લખાયેલું પ્રથમ ખંડકાવ્ય તે થાકેલું હૃદય.

આવા અનેક રુચિર વર્ણનોથી આખું ખંડકાવ્ય વિભૂષિત થયેલું છે, તેમજ કાવ્યના અંતરંગમાં પણ પ્રેમનો ઉચ્ચતમ ભાવ ભરેલો છે, જે આધ્યાત્મિક ઉન્નતિનો નિર્દેશ કરે છે. આખા કાવ્યમાં માનવહૃદયના વિવિધ ભાવોનું કલામય નિરૂપણ છે, પ્રસંગો અને સ્થળોનું આકર્ષક, રુચિર વર્ણન છે અને છંદો વૈવિધ્યને લીધે એ રુચિરતા વિધ્ધિ પામે છે.[૪૫૮]

એક યુવાન હૃદયના નિષ્ફળ પ્રેમમાંથી જન્મતી ભિન્નભિન્ન લાગણીઓનાં સ્પંદનોને ગૂંથવા માટે એક આછા પાતળા કથાતંતુનો કવિએ આશ્રય લીધો છે. કાવ્યના પ્રારંભથી જ કરુણ રસના આલંબન ભાવને પોષક ગમગીન ઉદાસ વાતાવરણનું ચિત્ર કવિ રજૂ કરે છે. ભાવને ઉચિત વિભિન્ન પ્રકારના છંદોની આયોજના વ્દારા તેમજ ભાવને અનુરૂપ લાક્ષણિક ભાષા શૈલિ કવિ પોતાના હૃદયભાવની અભિવ્યકિત કુશળતાપૂર્વક કરી રહ્યા છે. કવિએ પોતે કહે છે એમ લાગણીઓને સંકલીત કરવાનું કાર્ય જ એમણે કર્યું હોઇ કથાવસ્તુનું ખાસ મહત્વ રહ્યું નથી. વળી એક જ ભાવના આલેખનમાં દીર્ઘસૂત્રતા અને વિસ્તાર સ્વતંત્રપણે વિહાર કરે છે. પોતાના હૃદયના નિરાશા વ્યકત કરતાં ઉદગારો પશ્ચાતાપની પંકિતઓ જડ રૂઢિ પ્રત્યેનો તીરસ્કાર દર્શાવતા ઉદગારો નગરનો ત્યાગ કરવા માટેનો નિર્ણય લેતા યુવકના હૃદયનું આંતરમંથન વ્યકત કરી પંકિતઓ - સ્વગતોકિતઓ, ભારતનું તત્કાલીન ચિત્ર રજૂ કરતી પંકિતઓ, યુવતીના હૃદયોદગારો વગેરેનો બેહદ વિસ્તાર ખંડકાવ્ય કે કથા કાવ્યની દૃષ્ટિએ રસક્ષતિ કરે છે.

પ્રારંભમાં જ કરુણ રસને અનુરૂપ વાતાવરણ તેમજ પ્રકૃતિનું ચિત્ર કવિએ દોર્યું છે. ભાવારોપણની અસત્યતાને કાવ્યદોષ ન ગણાવીએ તો કવિની વર્ણનશકિત તેમજ કલ્પના વ્દારા ભાવને અનુરૂપ ચિત્ર સૃષ્ટિનું સર્જન કરવાની

...........

[૪૫૮] સાગર જીવન અને કવન પૃ. ૩૨૪-૩૨૮

લાક્ષણિક શૈલી કાવ્યના કરૂણરસના ઉધ્દીપનમાં સહાયભૂત બને છે. પોતાના હૃદયની આન્તરવ્યથા વ્યકત કરતાં યુવક અને યુવતીના હૃદયોદગારોમાં કરૂણરસ ચરમસીમાએ પહોંચે છે. ભાવની અસરકારક અભિવ્યકિત માટે માલિની, લલિત જેવા છંદોનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ કવિની કુશળતાની પ્રતીતિ કરાવે છે. બન્નેના અમર આત્મલગ્ન ધ્વારા કવિ શાન્તરસમાં કાવ્ય પૂર્ણ કરે છે. કવિના હેતુને ઠીક સાધી આપતું આ કાવ્ય વિચારભાવને અનુરૂપ સરળ ઋજુભાની, કલ્પનાયુકત રુચિર વર્ણનો, મનોરમ ગીતો, તેમ જ કવિના પોતાના હૃદયનું ચિત્ર - માનસદશા તેમ જ આત્મલગ્નની ભાવનાની સચોટ અભિવ્યકિત માટે પણ નોંધપાત્ર બની રહે છે.

અપ્રસિધ્ધ કાવ્યો : મૂલ્યાંકન :-

'સાગર'ની પ્રારંભકાળની કવિતા - : ઇ.સ. ૧૯૦૩ થી ઇ.સ. ૧૯૧૨ : જૈન હિતેચ્છુ, વૈશ્યપત્રિકા, બુધ્ધિપ્રકાશ, જ્ઞાનસુધા, સમાલોચક, સુદર્શન, વીસમી સદી, મોઢ બ્રાહ્મણ વગેરે માસિકોમાં પ્રગટ થઇ હતી. 'દીવાને સાગર' દફતર ૧. કાવ્યસંગ્રહ (ઇ.સ. ૧૯૧૬) ની પ્રસિધ્ધિ સમયે સાગરે કાવ્યોની પસંદગી માટે ચોક્કસ ધોરણ નક્કી કર્યું હતું. સાગરે પોતાની માનસદશા સમજાવતું હોય, અથવા જીવનના કોઇ સિધ્ધાન્તનું નિરૂપણ કરતું હોય એવા કાવ્યને જ પસંદ કરવું, એ સિવાયના કાવ્યોને સંગ્રહમાં સ્થાન આપવું નહીં, એવી માન્યતાને કારણે આધ્યાત્મિક જીવનની ઉન્નતિ માટેનો પોતાનો પ્રવાસ - ભૂમિકા સમજાવતા હોય તેવા જ કાવ્યોને 'દીવાને સાગર' દફતર ૧માં સ્થાન આપ્યુ હોવાનો ઉલ્લેખ અપ્રસિધ્ધ ડાયરીમાં કર્યો છે. 'સાગર'નો આ દૃષ્ટિકોણ પસંદગી માટે યોગ્ય

લાગતો નથી. તે સમયના બીજા કાવ્યોની સરખામણીમાં કાવ્યની દ્રષ્ટિએ ચડિયાતા અંજની ગીતો, છંદોબધ્ધ કાવ્યો, ગઝલો તેમ જ ભજનો પણ સાગરે પ્રસિધ્ધ કર્યાં નથી. આ અપ્રસિધ્ધ કાવ્યો પ્રાપ્ત કરી પરિશિષ્ટ ૬ ધ્વારા પ્રથમવાર પ્રકાશમાં આણ્યા છે.

'ફળોનો સંવાદ' અને 'વેશ્યા અને મદિરા' ઇ.સ. ૧૯૦૩માં વૈશ્ય પત્રિકા અને જૈન હિતેચ્છુ માસિકમાં પ્રગટ થયા હતાં. તે જ અરસામાં 'માતૃચરણ નમન' અને 'ન્હાની કીકીનું પારણું' કાવ્યો બુધ્ધિપ્રકાશમાં પ્રગટ થયા હતાં. પ્રારંભકાળના કાવ્યોમાં વિષય ખાસ ધ્યાન ખેંચે તેવા આ ચાર કાવ્યો ગ્રન્થસ્થ થયા નહીં તેની પાછળ કોઇ ચોક્કસ હેતુ રહેલો હોય એવું લાગતું નથી. 'કાન્ત'ની પ્રબળ અસર હેઠળ લખાયેલાં અંજની ગીતો 'નિરૂપાય', 'અદ્ભુત વિભૂતિ', 'એક ચિંતા', 'એ પળ', 'શાંતિ કયાં ?', 'શું નિત્ય સ્મરે હેયું ?', 'અધૂરી શિક્ષા', 'તું મને રડવા દે !', 'આંસુના લ્હોશો', 'ડૂબતી નૌકા', 'છાનું માનું રો' વગેરેમાં હૃદયની ઉર્મિની સચોટ ભાવવાહી બાનીમાં અભિવ્યકિત થઇ છે, જે 'સાગર'ની માનસદશાને સમજવામાં ખુબ ઉપયોગી છે.

દ્રષ્ટાન્તશૈલી ધ્વારા ભાવની સચોટ અભિવ્યકિત માટે 'નિરૂપાય' અને 'અધૂરી શિક્ષા'માંથી બે નમૂનાઓ જુઓ :

આભ તૂટે ટેકો કયાં ટકશે ?
વાડ ગળે ફળ ત્યાં શું બચશે ?
જાત તૂટયે જન કયાં જઇ ઠરશે ?
કોને શું કહેવું ?

..... ..... .....

અગ્નિ ચોપાસે સળગાવ્યો !
ખાણીને તેમાં ગડકાવ્યો!
તે પર મારો ઠીક ચલાવ્યો!
યોગ્ય થઇ શિક્ષા.

પોતાના પ્રિયપાત્રના સ્મરણો માટે પોતાનો હૃદયભાવ વ્યક્ત કરતાં કાવ્યમય બાનીમાં કવિ 'શું નિત્ય સ્મરે હૈયું' ગીતમાં કહે છે કે :

વાતો પેલી છાની છાની
ને નિશાની આંસુડાની—
ચૂમી ગાલે ચૂમી પાની—
નિત્ય સ્મરે હૈયું,
તહીં શું નિત્ય સ્મરે હૈયું !

હૃદયની ભાવદશાના ઉત્કટ આલેખન માટે 'અદ્ભૂત વિભૂતિ,' 'એક ચિંતા' અને 'એ પળ' અજની ગીતો પણ નોંધપાત્ર છે.

હૃદયની પ્રણયદશાનું સચોટ નિરૂપણ 'અદ્ભૂત વિભૂતિ'માં થયું છે.' એક ચિંતા' અને 'એ પળ'માંથી હૃદયની ભાવદશાના સચોટ કાવ્યમય નિરૂપણ તેમ જ માનસદશાને સમજવામાં સહાયભૂત થાય એવા બે નમૂનાઓ જોઇએ :

હાય ! કઠોર હૂં થાઉં વધુ વધુ !
વ્હાલય દે પ્રભુ તેમ વધુ વધુ !
ભાર વધે ઉર રંક વધુ ! વધુ !
હૂં થી ન વેઠાવું !
પ્રભો ! ઓ ! ભાર ત્હને સોંપું !

..... ..... .....

ઘેલુડી આંખ્યે માંડયું મટકું,
ચાખ્યું ફરી રસરંગનું ચટકું,
દિલડું ગરીબડું છેક જ ફટક્યું,
ઓઉં, હસું ! હો ! હા !
પરન્તુ એ પળ અજબ ! અહા !

ડોલનશૈલીમાં રચાયેલા કાવ્યોમાં 'વરરાજાને આશીવચન' 'એક સભા' અને 'એક પત્ર' ન્હાનાલાલની શૈલીના સફળ અનુકરણની દૃષ્ટિએ નોંધપાત્ર બની રહે છે.

પોતાના લઘુબંધુ શ્રી મણિભાઇ દા. ત્રિપાઠીના લગ્નપ્રસંગે ડોલનશૈલીમાં રચાયેલી કૃતિ 'વરરાજાને આશીવચન' સૂત્રાત્મકતા, સચોટતા અને શબ્દલાલિત્ય માટે ખાસ ધ્યાન ખેંચે છે. લગ્ન વિષયક વિચારોમાં ન્હાનાલાલની અસર દેખાય છે:

લગ્ન એટલે જ પ્રેમયોગ
યોગ એટલે એકીકરણ
ચાહવું નહીં ચાહતાંને એ નરક
ચાહતાંને ચાહવું એ મનુષ્યલોક
ને ન ચાહતાંને પણ ચાહવું જ એ સ્વર્ગ.

હળવી શૈલીમાં લખાયેલા 'એક પત્ર' ની લાક્ષણિક અભિવ્યક્તિનો એક નમુનો જોઇએ :

પત્ર લખૂં કે પત્રિકા લખૂં ?
હાથથી લખૂં કે હૈડાથી ?
હૈડૂં હાલે છે પણ લખતૂં નથી.
મગર હાથ લખે ને હૈયૂં લખાવે.
હક તો અનલહક એક જ છે !
ને બીજું બધું જ નાહક છે !

સૂરજનો બહિષ્કાર કરવા માટે ભરાયેલી ધૂવડોની એક સભાનું ચિત્ર રૂપકશૈલીમાં કટાક્ષયુક્ત વાનીમાં સમાજના દંભી માણસો પર સખ્ત પ્રહારરૂપે રજૂ થયું છે :

સભા ભરાતી હતી.
ને ઇન્સાફ ચૂકવવાનો હતો.
વખ્ત બે વખ્ત હતો.
સન્ધ્યાકાળ પછીનો સમો હતો.
મ્હોં મ્હોંને સૂઝે નહીં તેવો.
સુરજની ગેરહાજરીનો ઠરાવેલો હતો.

પ્રતિવાદી સૂરજ ગેરહાજર હોવાને કારણે ઇન્સાફ આ પ્રમાણે ચૂકવાયો :

ડર્યો છે ! ડર્યો છે !
જતો કેવો રહ્યો બ્હીને ! સભાની વાત જાણીને
હાઞ્જ જ ગગડી ગયા.
તહોમતદાર ગેરહાજર
ને તેથી એનો દાવો બરતરફ
આફતાબનો ઇન્કાર
નૂરનો ઇન્કાર
ને ફેસલો બધો પાર !
..... ..... .....
ત્યારે પ્રકાશથી સર્વોપરિ છે ધૂવડો,
ને આંધળા તમામ.
બોલો, કોઇ કબૂલશો ?
કે હજીપણ નહીં ?

'ભૂલી નવ શકું પ્યારી તુજને,' 'એક પરિચિત સખીને,' 'એક સીતાફળ જોતાં,' 'પરિચિત મહાત્માને,' 'રોષાર્ત સખાને,' અને 'ત્હારા પત્રો' જેવા છંદોબધ્ધ કાવ્યો કવિના છંદોપ્રભુત્વ, ભાષા-શૈલી તેમ જ માનસદશાને સમજવામાં ઉપકારક અભિવ્યક્તિ માટે પણ આસ્વાધ બની રહે છે.

ઇશ્કેમજાઝીની ભૂમિકા પરથી રચાયેલી કેટલીક ગઝલો બંધારણની દ્રષ્ટિએ શુધ્ધપ્રકારની છે. રદીફકાફિયા પણ જાળવ્યા છે. આવી શુધ્ધ ગઝલનું એક ભાષાશૈલી, છંદોપ્રભુત્વ અને લાક્ષણિક અભિવ્યક્તિની દ્રષ્ટિએ છંદોબધ્ધ કાવ્યોમાંથી કેટલાક નમૂનાઓ જોઇએ :

સખિ, આ દ્રષ્ટિતો તુજ હ્રદયને યોગ્ય જ નથી,
નથી હૈયૂં મ્હારૂં તુજ નજરને લાયક હજુ ;
નથી ત્હારે માટે પ્રિય ! હજી હું પૂરૂં તપ તપ્યો ;
હજી અશ્રુનો આ હ્રદયઉદધિ છે ન ઉલટયો.

..... ..... .....

ચાહે તૂ તે ચાહૂ છૂ હું, અન્ય છે અભિલાષ ના
પ્રેમાગ્નિમાં જળૂ છૂ હા ! વધારે ઉચરાય ના !

..... ..... .....

પ્રેમ કે પ્રેમભક્તિથી પ્રભુ ભિન્ન નથી ! નથી !
રાખજે સર્વદા ત્હારે પ્રેમને શરણે, સખિ !

..... ..... .....

લલાટ પર હસ્ત બે નયન પાસ નિહાળીને
અને, વદન આકૃત્તિ ભવ્ય પ્રિયબાલનું જોઇને
સૂતું શિશુ પ્રશાન્તિમાં પ્રણયયોગી શૂ પાલણે
રાહુ નિરખતાં ઉરે અજબ ઉર્મિઓ ઉદ્ભવે !

ઇશ્કેમજાઝીની ભૂમિકા પરથી રચાયેલી કેટલીક ગઝલો બંધારણની દષ્ટિએ શુધ્ધ પ્રકારની છે. આ ગઝલોમાં રદીફકાફિયા પણ જાળવ્યા છે. આવી શુધ્ધ ગઝલનું એક દષ્ટાન્ત જુઓ :

ચહે છે હક અગર તું ગમ ! બરાબર બોલ ઓ દુશ્મન !
ગમે બેહિશ્ત કે જહાન્નમ ? બરાબર બોલ ઓ દુશ્મન !

ઇ.સ. ૧૯૦૯-૧૦ના અરસામાં રચાયેલી બીજી ગઝલોના સંદર્ભમાં કાવ્યત્વની દષ્ટિએ તપાસતાં 'સાગર' ની આ અપ્રસિધ્ધ ગઝલો -'રાહુએ ઘેરેલી ચન્દ્રિકા,' 'બરાબર બોલ, ઓ દુશ્મન !,' 'હવે તૂ બોલ, શૂં કરવૂં ?', 'જિગરની સફર,' 'ભવોભવની હું ત્હારી છું,' 'જવા દે જગલે ચાલ્યો,' 'દેવીની મૂર્તિને,' 'સન્ધ્યા સમે,' 'ઉગારી લે મ્હને સખે !,' 'મિત્ર મસ્તાનને પ્રાર્થના,' અને 'દર્દે દિલ' બેશક ઉચ્ચ કક્ષાની ગણી શકાય તેવી છે. આ ગઝલોમાં 'સાગર' ની પ્રણય મસ્તી, વિરહી દશા તેમ જ ઇશ્કેમજાઝીની ભૂમિકાનું આલેખન થયું છે. ભવોભવની હું ત્હારી છું, જવા દે જગલે ચાલ્યો, અને 'દેવીની મૂર્તિને' ગઝલોમાં આશક 'સાગર' ની પ્રણયપાત્ર સાથેના મિલનની આરઝૂ, પ્રણયતપશ્ચર્યા માટેનો દઢ નિર્ણય તેમ જ આશક જિગરની મનોદશાનું ઉત્કટ આલેખન થયું છે. કાવ્યત્વની દષ્ટિએ આ ગઝલો બાલાશંકર, મણિલાલની ગઝલો સાથે બેસી શકે તેવી છે.

દુન્યવી પ્રેમની ભૂમિકા ઉપરથી આ ગઝલો રચાયેલી હોવાથી તે દષ્ટિએ 'સાગર' ને આ ગઝલો પ્રકાશનાર્હ લાગી નહીં હોય.

'હવે તૂ બોલ ! શૂં કરવૂં ?' ગઝલમાંથી શબ્દ લાલિત્ય અને સચોટ અભિવ્યકિતના બે નમૂનાઓ જોઇએ :

ભરીને તરબતર લાલી, શરાબે ઇશ્કની પ્યાલી,
લઇ હાજર થઇને વ્હાલી, મજલ કાપી ઘણી લાંબી.

..... ..... .....

ચુમીને જામ એ ધરતાં, છૂપાં ચશ્મે જિગર ખૂલતાં !
જિગરે જિગરે ઝૂકી પડતાં, નૂરે બેહિશ્ત હૈં ભરતાં !

બીજી એક ગઝલમાં 'સાગર'ના પ્રેમની મસ્તીનું નિરૂપણ જુઓ :

ખુદાઇ હુશ્નનું પ્યાલૂં ન લાઝિન છે, મ્હને ધરવૂં ;
નથી જીવવૂં ; નથી મરવૂં ; હુકમ તુજ તે અદા કરવું !

સંવાદાત્મક અભિવ્યક્તિ દ્વારા સચોટતા સાધતી ગઝલ 'ભવોભવની હું ત્હારી છું' માં સાગરે પોતાની ધ્યેયમૂર્તિ (Beau Ideal) સાથેના પ્રણયનું આલેખન કર્યું છે. જુઓ :

નથી ઇચ્છા, નથી તૃષ્ણા, અશ્રધ્ધા કે નથી ભીતિ ;
ઉરે છે એક, ઓ ત્હાલા ! "ભવોભવની હું ત્હારી છું".

... ... ... ...

કહે તો સજ્જ છું સંગે ! કહે તું તો રડી રહેવું
ફકીરણ પ્રેમની ત્હારા, "ભવોભવની હું ત્હારી છું".

.... .... ....

લખ્યૂંના કે મળ્યૂં કદિંના ! થયું શૂં તોય, ઓ વ્હાલા !
હું જાણું છું, તું મારો ને ભવોભવ હું જ ત્હારી છું.

..... ..... ....

શરીર કબજે પડ્યૂં, વ્હાલા જીવે કે એ મરે તો શૂં ?
પરન્તુ, પ્રેમની દાસી ભવોભવની હું ત્હારી છું.

..... ..... ..... .....

'સાગર'ની મસ્તીનું દર્શન કરાવતી પંક્તિઓ જુઓ :

સીસો ભર્યો તર ! લઇ મયખાનેથી હું નીકળયો, સનમ !
પીધેલ હાલતમાં મગર, ગૂમરાહ હું રઝળયો ! સનમ !

'સાગર'ની ઇશ્કેમજાઝીની ભૂમિકા સ્થૂળ ભૂમિકા કરતાં વધારે ઉંચી, વધારે ઉન્નત કક્ષાની – આત્મપ્રેમની છે. જિગરની સફર ગઝલમાં 'સાગર' પોતાના પ્રેમનું સ્વરૂપ સચોટશૈલીમાં આ પ્રમાણે દર્શાવે છે :

હવે ઝખ્મી જિગર પર આ ફિદા કોઇ થશો ! ના ! ના !
પરાયૂ એ ધવાયૂ છે હરાયૂ એ હવે ! ના ! ના !

.... ..... ..... ....

શરીઅતમાં પૂરાયેલાં ત્હને ન પિછાનશે, મહબૂબ !
મગર ઝાંખી મ્હને, વ્હાલી ! સનમ ! તુજ હુસ્ન આબેહૂબ !

ઇ.સ. ૧૯૧૦ની 'સાગર'ની માનસદશાનું ચિત્ર સચોટરીતે ઉપસાવતી 'જવા દે જગલે ચાલ્યો' ગઝલની અંતિમ પંક્તિઓમાં પ્રણયત્રિપરિચર્યા માટેનો 'સાગર'નો દઢ નિર્ણય તેમ જ ઇશ્કે હકીકીની ભાવનાનું નિરૂપણ થયું છે :

અજબ સૌંદર્ય ત્હારામાં દીઠૂં પ્રત્યક્ષ, ઓ દેવિ !
મીઠૂં તુજ હેત હૈયાનું થતૂં અપરોક્ષ, ઓ દેવિ !

... ... ... ...

સજાદે યા રજા દેતૂં : વિશુધ્ધિ પાળવા દેવિ !
જવા દે જગલે ચાલ્યો, પ્રણયત્રિપતાપવા દેવિ !

'દેવીની મૂર્તિને' ગઝલમાં પણ 'સાગર'ની ઇશ્કેમજાઝીની ઉચ્ચકક્ષાનું જ નિરૂપણ થયું છે :

વૈવિધ્ય ચેતનનાં દીઠાં તુજ મૂર્તિમાં દેવિ !
લીધાં આકાશ આકાશે મિલાવી મીઠડાં દેવિ !

... ... ... ...

ન ચાહું મૂર્તિપૂજા કે નહીં ખૂબસૂરતી, દેવિ !
પૂજું છું તે છૂપેલી છે, સૂરતમાં મૂર્તિ, ઓ દેવિ !

અપ્રસિધ્ધ કાવ્યોમાં સવિશેષ નોંધપાત્ર ગણી શકાય તેવાં ન્હાનાલાલની શૈલીનાં ગીતોનાં લાક્ષણિક ગુણો – શબ્દ લાલિત્ય, સંગીતક્ષમતા, અને નાટ્યાત્મક ઉપાડનાં થોડાક નમૂનાઓ જુઓ :

પધારો ! પધારો ! રસલાલ
નમણું સેવકનૂં સ્વીકારજો !

. . . . . . . . .

હૈડામાં હૈડૂં ગૂથાણું રસલાલ !
જાતે હૈડાથી નિહાળજો !

. . . . . . . . .

પાલવ પકડયો ! તે પકડયો !
પ્રિયે ! પણ પાલવ પકડયો ! તે પકડયો !

. . . . . . . . .

રહું વિરહદવે ભલે સળગ્યો !
પ્રિયે ! પણ પાલવ પકડયો ! તે પકડયો !

. . . . . . . . .

પેલે પનઘટ તીરે તે પકડયો !
પ્રિયે ! તહીં પકડયો ! તે પાલવ પકડયો !

સ્વદેશભક્તિ પર રચાયેલું યુધ્ધગીત –'યુધ્ધ મંત્રણાની ગઝલ'માં પ્રજાનાં ઉત્સાહ, ખમીર અને સ્વદેશભક્તિને ઉચિત બાનીમાં અભિવ્યક્ત કર્યાં છે. સ્વદેશભક્તિનું'સાગર' નું આ એકમાત્ર કાવ્ય હોઇ તે દ્રષ્ટિએ પણ ખાસ ધ્યાન ખેંચે છે :

કરોડોનું ખડું લશ્કર –
વફા જયાં હર જિગર હાજર –
અગર ચોક્કસ કહે સાગર
પ્રજા સુખમાં વિજય નિશ્ચય
ચલો ! જી ! ઓમ્મ ! હર ! હર ! હર !

'સાગર'ના શિષ્યા શ્રી લલીતાબેન મંગળભાઇ જાની – (માતાજી ઓમકારેશ્વરી)ના પિતાશ્રી સંત શ્રી મંગળભાઇને ઉદ્દેશીને રચાયેલાં ત્રણ કાવ્યો 'ગુરુ ગુરુદેવ જય મંગલ,' 'ગુરો મંગલ ! ગુરો મંગલ !', અને 'ભવનુ ભવ ધ્વાર અન્દરનું'માં સાગરે આત્મસાધના માટે એમના ઋણનો હૃદયપૂર્વક સ્વીકાર કર્યો છે.

'સાગર'ના અપ્રસિધ્ધ કાવ્યોમાં 'સાગર'ના આત્માનુભવની સચોટ, વેધક અભિવ્યકિતને કારણે "હાલો ! હાલો ! જઇએ રે !" ભજન ઉત્કૃષ્ટ કોટિનું ગણાવી શકાય તેવું છે. ગુરુના પરમધામમાં કાયમનો મુકામ પ્રાપ્ત કરતાં 'સાગર'ની સ્વાનુભવ વાણી સાથે અપ્રસિધ્ધ કાવ્યોનું મૂલ્યાંકન પૂર્ણ કરીએ :

ગુરુ ઘરથી સન્તો ! ગુરુઘરમાં લખીઓ છે કાયમ મુકામ
અધબાડું કેવું આરામે ! જાગે અલખ ગુરુ રામ રે !
હા ! નામો રામો નટડી રે, ચેતન ચિત્ત ચઢીએ! હાલો હાલો.
સબરસ ભોજન પાવે નિત્યે ગાવે નવે રસે ગાન,
થાપ્યા સેતુ મહાસાગરીએ પોતે પુરુષ પુરાણ રે –
આ નૌતમ લીલા નિરખી રે દત્ત દિગંબર એ.

### ૩. 'સાગર'નાં ઊર્મિ ગીતો : ઇ.સ. ૧૯૦૮ – ૧૯૧૩ :

ન્હાનાલાલની શૈલીનાં 'સાગર'નાં ઊર્મિગીતો મુખ્યત્વે 'દીવાને સાગર' દફતર ૧ના બીજા તબક્કામાં છે. મીરાંબાઇ, કબીર, દયારામ, કબીર અને ન્હાનાલાલની 'સાગર'નાં ઊર્મિગીતો

ના બાહ્યસ્વરૂપ પરત્વે થયેલી અસર સ્પષ્ટ જોઇ શકાય છે.

'સ્નેહનો સંદેશો' જેવા પદનો ઢાળ 'આસો માસો શરદ પુનમની રાત જો' જેવા લોકગીતના ઢાળ પરથી લીધો છે. 'સ્નેહનો સંદેશો' અને 'ઇશ્કે અનલહક બોલો' પદમાં કબીરની બાહ્ય તેમ જ આંતર સ્વરૂપ પરત્વે થયેલી અસર સ્પષ્ટ જોઇ શકાય છે. 'દિલચમનને' ગરબો ન્હાનાલાલની શૈલીનું અનુસરણ છે. મીરાંબાઇના 'બોલ મા ! બોલ મા ! બોલ મા રે !' પદના ઢાળ પર રચાયેલું 'પ્રેમની બલિહારી' પદ જુઓ :

પ્રેમની, પ્રેમની, પ્રેમની રે –
બલિહારી ! બલિહારી પ્રેમનામની ![૪૫૯]

આમ, બાહ્યસ્વરૂપ પરત્વે મીરાંબાઇની પ્રબળ અસર સ્પષ્ટ વરતાય છે.

'ઘેલી ગોપી' પદ હિંદી વ્રજ ભાષાના મિશ્રણને કારણે દયારામના પદ સાથે સરખાવી શકાય તેમ છે :

પ્રેમ ભરી તોરી દગ પીચકારી
ભીંજી ભીતર ! ફટી–ચોલી ![૪૬૦]

નીચેના પદનો ઢાળ પણ ન્હાનાલાલની શૈલીનું અનુસરણ છે :

ઉમ્બર ઓળંગું ? ઓ રાજ !
સ્વામી ! સત્કારશો !
બાંધું છું પ્રેમકેરી પાજ !
સ્નેહી ! સંભાળશો ![૪૬૧]

---

૪૫૯. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૮૬
૪૬૦. એજન, પૃ. ૨૪૧
૪૬૧. એજન, પૃ. ૮૮

'સ્નેહનો સંદેશો'માં રજૂ થયેલો ભાવ 'કલાપી'ની આંતર સ્વરૂપ પરત્વે થયેલી અસર સૂચવે છે :

ચહાવું તો સહેવું ! એ મન્ત્ર નવો નથી ![462]

કવિ ન્હાનાલાલના 'જયા-જયંત' નાટકના પ્રારંભના પદ 'પરમ પ્રેમ પરબ્રહ્મ' સાથે 'સાગર'નું 'પીડા પ્રેમની પારાવાર' પદ ભાવની દૃષ્ટિએ સરખાવી શકાય તેવું છે :

પરાત્પર પ્રેમ જ બ્રહ્મ સ્વરૂપ !
જગત શું જાણશે રે ![463]

સાગરે ઉર્મિકાવ્યો દ્વારા સ્નેહયોગના સિધ્ધાન્તોનું કરેલું નિરૂપણ આન્તર સ્વરૂપ પરત્વે 'કલાપી'ની તેમ જ કબીરની સ્પષ્ટ અસર દર્શાવે છે.

ન્હાનાલાલની ડોલનશૈલીનું અનુસરણ કરતાં "મહાત્મા કલાપી ના પ્રેમયોગી હૃદયને" અંજલિ આપતા પદનો ભાવ જુઓ :

પ્રેમ પોતે પ્રભુ છે ! પ્રેમ એટલે સ્વાર્પણ !
આન્તર બાહ્ય સર્વસ્વ સમર્પણ ![464]

<u>ઊર્મિકાવ્યોની ભાષા : નવા શબ્દોનું આયોજન :</u>

સાગરે પોતાના જીવન સિધ્ધાન્તના નિરૂપણ માટે કેટલાક નવા શબ્દોનું આયોજન કર્યું છે. એમણે પ્રયોજેલા નવા શબ્દો ચોક્કસ વિચાર, ભાવ કે અર્થનો સંદર્ભ દર્શાવે છે. 'શબ્દકોષ'માં આવા શબ્દોનો એમને અભિપ્રેત અર્થ પણ સાગરે સમજાવ્યો છે. કેટલાક શબ્દો જુઓ :

---

૪૬૨. એજન, પૃ. ૮૨
૪૬૩. એજન, પૃ. ૯૧
૪૬૪. એજન, પૃ. ૧૪૩

૨ વિસર્ગ (પૃ. ૨૩૦), સ્નેહસદન (પૃ. ૮૩), પ્રેમ જમાત, ૩ બ્મા ભર્ગ (પૃ. ૮૩), પ્રેમદેવી (પૃ. ૧૯૮), પ્રેમ બ્રહ્મ કૃપા (પૃ. ૧૯૫), શરાબી ધરમ (પૃ. ૨૪૨), પ્રેમ સમાધિ (પૃ. ૧૭૩), પ્રેમધર્મ (પૃ. ૨૨૬), અનન્તાદ્વૈત (પૃ. ૨૨૭).

આ યાદી વિસ્તૃત થઇ શકે.

૩ ઊર્મિગીતોમાં અભિવ્યક્તિ :-

શબ્દાનુપ્રાસ અને શબ્દપુનરાવર્તન ધ્વારા અભિવ્યક્તિમાં સચોટતાનું એક દૃષ્ટાન્ત 'જગાવો જ્યોતિ, ઓ જગનાથ !' ગીતમાંથી જુઓ :

કમ્પિત, મૂર્છિત, ભ્રમિત, ભર્યું આ, ભોળું, ઘેલડું દિલ !
પામ્યું પતંગ ન પ્રેમદીવડો, ઢૂંઢયું વિશ્વ અખિલ !
જગાવો જ્યોતિ, ઓ જગનાથ ! [૪૬૫]

અંતર તિમિર અતિ સદનન્તર, હૃદય અપૂર્ણ અનાથ ;
એકલ હૈયું ભવાટવીભ્રમણે, સ્નેહી નથી સંગાથ !
જગાવો ! જ્યોતિ, ઓ જગનાથ ! [૪૬૬]

રૂપકશૈલી ધ્વારા અભિવ્યક્તિ સાધવાની કવિની કુશળતાનું એક દૃષ્ટાંત જુઓ :

મારા ભીતરમાં ભાવનાની ભીંતો ખડી !
હજી અન્તરની આંખ મેં આણી નથી
મારાં આંસુના ભેદ ! [૪૬૭]

વળી પુનરાવર્તનની યુક્તિ ધ્વારા પણ પ્રબળ ઊર્મિનું સચોટ આલેખન થઇ શકે તેની પ્રતીતિ કરાવતું બીજું એક દૃષ્ટાંત જુઓ :

---

૪૬૫. એજન, પૃ. ૯૫
૪૬૬. એજન, પૃ. ૯૪
૪૬૭. એજન, પૃ. ૯૦

રંગ સુરંગ સે ચિત્ત ચુરાકે,
રસ રસમેં રગદોલી ! [468]

કથચિતવ્યમાં સચોટતાના આ તો બે જ નમૂના ! ઊર્મિગીતોમાં રજૂ થયેલા ભાવોની અભિવ્યક્તિનું આકર્ષક અંગ છે શબ્દલાલિત્ય જુઓ :

આહા ! ગિરિવર પર હિ ચડાયો !
સખિ ! મોકો સુન્દર દરસ હિ પાયો ! [469]

ઉપમા, રૂપક કે દષ્ટાન્ત ધ્વારા ભાવની રજૂઆત 'સાગર'ની અભિવ્યક્તિનું લાક્ષણિક અંગ છે.

બાહ્ય ઇન્દ્રિયોના રૂપક ધ્વારા અનન્યપ્રેમની વિરહવૃત્તિની અભિવ્યક્તિનું ઉત્તમ દષ્ટાન્ત 'બંસીધરને' પદમાંથી જુઓ :

ઝાંખ વળે, કહાના ! આંખે ન દેખું ! કાન ફૂટયા !
એમ જીવીએ ! [470]

અભિવ્યક્તિની લાક્ષણિક છટાનું બીજું એક દષ્ટાન્ત –

નેત્ર ફૂટયા વિણ નેત્ર ન પ્રેમ પૂજી શકે,
અંતરના અંતર પર ભગવો ભેખ જો –

અંતર પર ભગવો ભેખ – ભાવને ઉચિત રૂપક પ્રયોજ્યું છે. [471]

'દિલદેવળમાં વેણુ વાગે' ગીતમાં પણ 'સાગર' રૂપકશૈલી ધ્વારા સચોટરીતે અભિવ્યક્તિ સાધી શકયા છે :

જો ! જો ! જો ! અંદર આધે ! વેણુ વાગે !
દિલ-દેવળમાં વેણુ વાગે ! [472]

---

૪૬૮. એજન, પૃ. ૨૪૦
૪૬૯. એજન, પૃ. ૨૩૪
૪૭૦. એજન, પૃ. ૨૨૮
૪૭૧. એજન, પૃ. ૮૩
૪૭૨. એજન, પૃ. ૨૩૦

અભિવ્યક્તિની લાક્ષણિક છટા રજૂ કરતો બીજો એક નમૂનો જુઓ :

રસનો દોર વણી વણી નેહે, આત્માનો આધાર ;
રસરૂપ વિશ્વરસી દૃગદેખુ, પામું સાક્ષાત્કાર !
પ્રભુજી ! રસનો સાક્ષાત્કાર ! જગાવો જ્યોતિ,જગદાધાર ![૪૭૩]

દૈહિક ઇચ્છાઓના શમન માટે – મનશમન માટે 'સુન્દર દરસ હિ પાયો' પદમાં રૂપક ધ્વારા સાગરે રજૂ કરેલી અભિવ્યક્તિની લાક્ષણિકતા જુઓ :

બહુત બસુર હિ બોલત તો તો !
મૂગો મૂગો બનવાયો !
સખિ ! મોકો સુન્દર દરસ હિ પાયો ![૪૭૪]

હૃદયની મલિન ભાવનાઓને સમજાવવા માટે 'કાળી વાદળી'નું રૂપક પ્રયોજ્યું છે. અભિવ્યક્તિનું આ લાક્ષણિક તત્વ રજૂ કરતું એક દૃષ્ટાંત જુઓ :

એક કાળી કાળી હતી વાદળી !
અન્ધારું કીધું આકાશ ;
કીધી નકામ મારી આંખડી ![૪૭૫]

'પ્રેમનું નિમંત્રણ'માં પણ પ્રેમયોગનું લક્ષણ આત્મસમર્પણનો મહિમા સમજાવવા માટે ઉચિત રૂપક પ્રયોજ્યું છે. જુઓ :

અગ્નિના ભડકામાં નકતોનું આંગણું, હૈયું પતંગિયું બનાવજો રે !
લગની લગાડી તો સારી જહાં ને મોતીડું ઝાકળનું માનજો રે !
સહુ પ્રેમનાં પૂજારી પધારજો ![૪૭૬]

---

૪૭૩. એજન, પૃ. ૯૫ : ૪૭૪. એજન, પૃ. ૨૩૪
૪૭૫. એજન, પૃ. ૧૦૯ : ૪૭૬. એજન, પૃ. ૨૮૯

પ્રેમરૂપી મધનાં પીપોનાં પીપો પીવડાવવા માટે સાકીને વિજ્ઞપ્તિ કરતા સાગરે 'સા–સા–સા' પદમાં મસ્તી ભરી બાનીમાં લાક્ષણિક છટા રજૂ કરે છે.

આય દિયો ! આય દિયો ! આય દિયો ! જી !
પીપોં કે પીપોં પીલાય દિયો ! જી ![477]

સચોટ અભિવ્યક્તિનાં દષ્ટાંતો હિંદી વ્રજ ભાષાની છાંટવાળા પદોમાંથી પણ આપી શકાય ! જુઓ :

પ્રેમ કે સાગર છાંડ ચહું કહો ? બહમા ભયા વૃ[illegible]રાઇ !
સૈયાં ! મોહે ઘૈઘટ ભંગ પીલાઇ ![478]

'શરાબી ધરમ'માં પણ અભિવ્યક્તિની લાક્ષણિક છટાનું દર્શન થાય છે.

કરના ખરાબી વ ખુદી ખતમ ! સિતમ હઝમ !
જી ! સિતમ – ખતમકા શરાબી ધરમ ! શરાબી ધરમ ![479]

સૂફી તત્ત્વજ્ઞાનની પરિભાષા :–

'શરાબી ધરમ' પદમાં 'સનમ સાકી'નો નિર્દેશ તેમ જ 'હાં ! હાં ! જરી દારૂ !' અને 'સુન્દર દરસ હિ પાયો' પદમાં પ્રેમરૂપી મધ અને મુ[illegible]નો નિર્દેશ ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ :

સાકી કે હાથોં સે ખુલ્તા ભરમ ! સનમકી રહમ ![480]
... ... ... ...
તુજ દારૂને હર ટીપે, ઇશ્ક અનવિ મહબૂબ !
આબેહયાતીનું વહે, પૂર નૂર ખૂબખૂબ ![481]

---

૪૭૭. એજન, પૃ. ૨૪૪ : ૪૭૮. એજન, પૃ. ૨૮૪
૪૭૯. એજન, પૃ. ૨૪૩ : ૪૮૦. એજન, પૃ. ૨૪૨
૪૮૧. એજન, પૃ. ૧૭૩

'સા ! સાં ! સા !' અને 'ઘેલા જોગી' પદોમાં 'સાકી'નો પણ 'સાગર' નિર્દેશ કરે છે :

સાકી મિલા પીલાનેવાલા ! ઘેલા હાલ બનાયા !
સુરસિંહ ગુરુરાજ રહમસે, સાગર ! ડૂબ ગઇ માયા ![482]

સાકી અજબ છિપ્ઠડાય દિયો ! જી ! –
કુંકુમ સનમકા બજાય દિયો જી ! –
પીપોંકે પીપોં પીલાય દિયો જી ![483]

"મહાત્મા 'કલાપી'ના પ્રેમયોગી હૃદયને"માં 'લયલત ઉલ્ કાદર,' 'પ્રેમનું નિમંત્રણ'માં 'ફના', અને 'દિવ્યબાલકનો જન્મદિવસ'માં 'અનલહક્ક'ની ભાવનાનું નિરૂપણ થયું છે.

હજારો મહિનાની ઝિંદગાની બરબાદ છે
એક લયલત – ઉલ – કાદર સિવાય.[484]

મુલ્કે મહોબ્બતે નગરી ફનાની ! આંખો મીચી હાં !
ચલાવજો રે ![485]

વાચું છું વદને લેખ ! ભેખના ભેદ બધા એ ખોલે !
શંકર સરખા અદ્વૈત બ્રહ્મલીન બની અનલહક્ક બોલે.[486]

સાગર ના ઊર્મિગીતોમાં પણ સૂફી તત્વજ્ઞાનની પરિભાષાના શબ્દો –'સાકી', 'સનમ', 'દારૂ', 'લયલત – ઉલ – કાદર,' 'અનલહક્ક,' 'ફના' વગેરે શબ્દો 'સાગર'ની સૂફીવાદી વિચારધારાનું પ્રતિબિંબ પાડે છે. પોતાની કવિતામાં સૂફીવાદની પરિભાષા ધ્વારા સાગરે પોતાના જીવનસિધ્ધાન્તો રજૂ કર્યા છે. મસ્તરંગના આધુનિક

---

૪૮૨. એજન, પૃ. ૨૪૪ : ૪૮૩. એજન, પૃ.
૪૮૪. એજન, પૃ. ૧૪૦ : ૪૮૫. એજન, પૃ. ૨૮૯
૪૮૬. એજન, પૃ. ૨૨૪

કવિઓમાંના એક 'સાગર' ની કવિતા પર સૂફી તત્વજ્ઞાનની તેમ જ સૂફી પરિભાષાની દૃષ્ટિએ સૌથી વિશેષ અસર પડી છે.

ડૉ. છોટુભાઇ નાયકે પોતાના ગુજરાતી પર અરબી-ફારસીની અસર ભાગ ૨ માં સૂફીવાદની વિભિન્ન ભાવનાઓ ગુજરાતમાં રજૂ કરનારાઓમાં 'સાગર' નો પણ નિર્દેશ કર્યો છે. સૂફીવાદની ભાવનાઓનું ગુજરાતમાં અવતરણ કરનારા પૈકી 'સાગર' નું મહત્વનું સ્થાન નિર્દિષ્ટ કરતું ડૉ. છોટુભાઇ નાયકનું મંતવ્ય અહીં નોંધવું જોઇએ :

"મસ્તરંગના કવિઓ બાલાશંકર, મણિલાલ, 'કલાપી', ત્રિભુવન પ્રેમશંકર અને 'સાગર' - એ સર્વે એ ફારસી શબ્દોનો નવો ભંડાર મેળવ્યો તેથી આધુનિક યુગની શરૂઆતની ભાષા સમૃધ્ધ થઇ અને સંપૂર્ણ સ્વરૂપ પામતી ચાલી". [૪૮૭]

અદ્વૈત તત્ત્વજ્ઞાનની પરિભાષા :-

અદ્વૈત તત્ત્વજ્ઞાનની પરિભાષાની અસર પણ 'સાગર' ની કવિતા પર સવિશેષ થઇ છે. 'સાગર' ની કવિતા પર સૂફીવાદની માફક તત્ત્વજ્ઞાનની વિચારધારાની પ્રબળ અસર થયેલી જોઇ શકાય છે.

નવ સંવત્સરે હરિ ચરણે માં 'સાગર' સ્પષ્ટ કહે છે :

શંકરે શીખવેલું કે, મનોબુધ્ધિ અહં નથી,
બ્રાહ્મણોએ અમે તો યે ના શોધ્યો બ્રહ્મસાર થિ. [૪૮૮]

બ્રહ્મદેશ પ્રવાસીને કલા વા કવિતા કશી !
અનન્તાદ્વૈતમાં ! સ્વામી ! કાલની ગણના ય શી ! [૪૮૯]

---

૪૮૭. 'ગુજરાતી પર અરબી-ફારસીની અસર' - ભાગ ૨, ડૉ. છોટુભાઇ નાયક, પૃ. ૫૫૯

૪૮૮. એજન, પૃ. ૨૨૬ : ૪૮૯. એજન, પૃ. ૨૨૨

'દિવ્ય બાલકનો જન્મદિવસ' માં પણ સાગર અદ્વૈત તત્ત્વજ્ઞાન સમજાવતાં કહે છે.

બ્રહ્માંડ પિંડ નથી ભિન્ન સચ્ચિદાનન્દે.[૪૯૦]

'ઉર્મિપ્રલાય' માં પણ સાગરે રજૂ કરેલો ભાવ અદ્વૈત તત્ત્વજ્ઞાનની પરિભાષા દ્વારા વ્યકત થયો છે :

હું પ્રેમનો બ્રહ્મ નથી થયેલો,
ના ફિલસૂફી પૂર્ણ નથી પીધેલો.[૪૯૧]

'સ્નેહનો સંદેશો' માં ગાયત્રીમંત્રનો મહિમા વર્ણવતાં તે કહે છે :

નહાવું ઉષ્માત્મર્ગ વડે પ્રેમાબ્ધિમાં ;
ઉરસાગરમાં કરવો પૂર્ણ પ્રભાત જો.[૪૯૨]

'દિલચમનને' માં રજૂ થયેલ ભાવ —

'અયમાત્મા પર પ્રેમાસ્પદ' — પ્રીતિલતા
પંચદશીનું એ રસભર વેદાન્ત જો[૪૯૩]

અદ્વૈત વેદાન્તની પરિભાષા દ્વારા જ વ્યકત થયો છે. આમ 'સાગર'ની કવિતા પર સૂફીવાદ અને અદ્વૈત તત્ત્વજ્ઞાનની પ્રબળ અસર થયેલી જોઇ શકાય છે.

સાગરે પોતાની ભાવનાઓ સમજાવવા માટે પ્રણાલિકાગત પ્રતીકો પણ વાપર્યાં છે. સર્વ સમર્પણની — ફનાની ભાવના સમજાવવા માટે પણ પ્રતીકો યોજયાં છે.

<u>નાટયાત્મક ઉપાડ — વેગ :-</u>

'બંસીધરને' પદનો ઉપાડ નાટયાત્મક છે. જુઓ :

બંસી બદલ કરીએ !
કનૈયા ! સૈંયા ! બંસી બદલ કરીએ !
અદલ — બદલ કરીએ,
કનૈયા ! સૈયાં ! બંસી બદલ કરીએ ![૪૯૪]

---

૪૯૦. એજન, પૃ. ૨૨૨ : ૪૯૧. એજન, પૃ. ૧૯૪ : ૪૯૨. એજન, પૃ. ૮૩
૪૯૩. એજન, પૃ. ૨૮૭ : ૪૯૪. એજન, પૃ. ૨૨૭

'દીવાની પદ' જુઓ :

સૈયાં ! મૈં દીવાની ! દીવાની ફિરૂંગી !
કનૈયાકો અબહુ ન કબહુ મિલૂંગી ![૪૯૫]

ઘેલી ગોપી પદનો ઉપાડ પણ નાટયાત્મક વેગના સંસ્પર્શથી મુક્ત છે.

ઘેલી ! ગોવાલન ભોલી !
પિયા ! મૈં તો ઘેલી ! ગોવાલન ભોલી ![૪૯૬]

સા - સા - સા પદનો પ્રારંભ જુઓ :

આપ દિયો ! આપ દિયો ! આપ ! દિયો ! જી !
પીપોં કે પીપોં પીલાવ દિયો ! જી ![૪૯૭]

દિલ દેવળમાં વેણુ વાગે માં સંવાદપ્રધાન નાટયાત્મક ઉપાડ છે. જુઓ :

જો ! જો ! જો ! અંદર આધે ! વેણુ વાગે !
'દિલ-દેવળમાં વેણુ વાગે ![૪૯૮]

<u>શૃંગારની પરિભાષા</u> :-

સાગરે શૃંગારની પરિભાષાનો પણ ઉપયોગ કર્યો છે તેની પાછળ પરમાત્મપ્રેમની અનન્યવૃત્તિ અને આત્માનુભવનું બળ - અનુસ્યૂત હોઇ સૂક્ષ્મ શૃંગારની પરિભાષા ધ્વારા તે અભિવ્યકિતમાં સચોટતા સાધી શકયા છે. શૃંગારની પરિભાષા સૂક્ષ્મતા પણ પ્રાપ્ત કરે છે. સચોટતા અને અર્થગાંભીર્ય-સાગર ની આ લાક્ષણિકતા છે.

સાગરે પ્રેમવશ ગોપી ની દશાનું વર્ણન સચોટરીતે કર્યું છે. જુઓ :

હાલ ચકાચક ચિત્ત બનાકે, બહુત સી બવરી બનાઇ !
સૈયાં મોહે ઘેઘટ ભંગ પીલાઇ ![૪૯૯]

---

૪૯૫. એજન, પૃ. ૨૫૧ : ૪૯૬. એજન, પૃ. ૨૪૦
૪૯૭. એજન, પૃ. ૨૪૪ : ૪૯૮. એજન, પૃ. ૨૩૦
૪૯૯. એજન, પૃ. ૨૮૫

'ઘેલીગોપી' પદમાં પણ સચોટ અભિવ્યક્તિ માટે સાગરે પ્રયોજેલી શૃંગારની પરિભાષા જુઓ :

નયનના જાદૂસે છતિયન ચીરી ।
ચીરકી ભગી કરચોલી ।
રંગ સુરંગ સે ચિત્ત ચુરાકે,
રસ રસમેં રગદોલી ।[૫૦૦]

કેટલીકવાર વિચારપુનરાવર્તન કે યોગ્ય શબ્દોના અભાવને કારણે સાગર ની બાનીમાં ગદ્યાળુતા પ્રવેશ કરે છે. 'સાગર' ની આ મર્યાદાનું દર્શન કરાવતું એક દષ્ટાંત જુઓ :

પ્રેમશાસ્ત્ર વિશે બહુ ભેદ ।
જગત શું જાણશે રે ?
પણ પ્રેમ અને મોક્ષ અભેદ ।
કહ્યું કોણ માનશે રે ।[૫૦૧]
પીડા પ્રેમની પારાવાર –

સંગીતક્ષમતા :–

'સાગર' નાં ઊર્મિગીતોનું વિશિષ્ટ લક્ષણ છે. સંગીતક્ષમતા શબ્દ કે વર્ણપુનરાવર્તન ધ્વારા, યોગ્ય શબ્દોની મનોહર ગોઠવણી ધ્વારા, શબ્દલાલિત્ય અને અર્થગાંભીર્યના સુમેળ ધ્વારા કવિ સંગીતક્ષમ રચના બનાવી શકે છે. 'સા સા સા', 'પ્રેમની બલિહારી', 'સુંદર દરસહિ પાયો', 'નૈમિત્તિક પ્રાર્થના', 'ઘેલીગોપી', 'દીવાની', 'ઇશ્કે અનલહક બોલો' જેવાં પદો સંગીતક્ષમતાના ઉત્તમ દષ્ટાંતો છે.

---

૫૦૦. એજન, પૃ. ૨૪૦
૫૦૧. એજન, પૃ. ૬૩

ગીતોના પદબંધની રચના દ્વારા પણ કવિ સચોટતા સાધી શકે છે. કથયિતવ્યમાં સચોટતા લાવવાના સફળ પ્રયત્ન લેખે 'નૈમિત્તિક પ્રાર્થના' માંથી એક દૃષ્ટાંત –

બાંધી છે પ્રેમ કેરી પાજ,
હૈડાં હરખાવજો !
સાગર સુહાવજો !
ઉમ્બર ઓળંગુ ? ઓ રાજ ![૫૦૨]

સંગીતક્ષમતાનાં થોડાંક દૃષ્ટાંતો જોઇએ :

વર્ણાનુપ્રાસ દ્વારા સંગીતક્ષમતાનું દૃષ્ટાંત જુઓ :

સાકીને સૂરહિ સુનાય દિયો ! જી !
આમ દિયો ! આમ દિયો ! આમ દિયો ! જી ![૫૦૩]

શબ્દનુપ્રાસ દ્વારા સંગીતક્ષમતાનું દૃષ્ટાંત 'પ્રેમની બલિહારી' માંથી જોઇએ :

આધિ ઉપાધિ લય પામી સમાધિમાં !
લીધી ફકીરી આઠ પામની રે !
બલિહારી ! બલિહારી પ્રેમ–નામની ![૫૦૪]

'ઘેલી ગોપી' પદમાં વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસના મિશ્રણ દ્વારા સાધેલી સંગીતક્ષમતાનું ઉત્તમ દૃષ્ટાંત છે.

પ્યાલી પીલાઇ ! જલાઇ ! ઝુલાઇ !
લગાઇ જુદાઇકી ગોલી !
પિયા ! મૈં તો ઘેલી ! ગોવાલન ભોલી ![૫૦૫]

---

૫૦૨. એજન, પૃ. ૧૮૯ : ૫૦૩. એજન, પૃ. ૨૪૪
૫૦૪. એજન, પૃ. ૨૮૬ : ૫૦૫. એજન, પૃ. ૨૪૧

વર્ણાનુપ્રાસ અને શબ્દપુનરાવર્તન ધ્વારા સંગીતક્ષમતાનું ઉત્તમ દૃષ્ટાંત ઇશ્કે અનલહક બોલો । પદમાંથી જોઇએ :

બંસી બજાવત બાલ અમર પ્રભુ ।
સૂર સૂની સૂની ડોલો । સખિરી મોરી ।[૫૦૬]

શબ્દપુનરાવર્તન ધ્વારા સુંદર દરસ હિ પાયો । પદમાં પણ કવિ સંગીતક્ષમતા સાધી શકયા છે. જુઓ :

પાંખ ભરી ભરી પ્રેમકે પંખી,
સ્વર્ગકો ભર્ગ ચૂમાયો ।
સખિ । મોકો સુન્દર દરસ હિ પાયો ।[૫૦૭]

ચિત્રાત્મકતા :-

'સાગર'નાં ઊર્મિગીતોમાં ચિત્રાત્મકતા અગત્યનું અંગ બની રહે છે. સાગરે પોતાની લાક્ષણિક અને ભાવવાહી હૃદયંગમ શબ્દચિત્રો દોર્યાં છે. ચિત્રાત્મક અભિવ્યક્તિની વિભિન્ન છટાઓ રજૂ થઇ છે તેવાં થોડાંક દૃષ્ટાંતો જોઇએ :-

'ઘેલી ગોપી' પદમાંથી કૃષ્ણનો રાધા પ્રત્યેનો પ્રેમભાવ રજૂ કરતું ચિત્ર જુઓ :

પ્રેમભરી તેરી દગ પીચકારી ।
ભીંજી ભીતર । ફરી । ચોલી ।
... ... ...
નયનન જાદૂસે છતિયન ચીરી ।
ચીરકી લગી કરચોલી ।
... ... ...
પ્યાલી પીલાઇ । જલાઇ । રુલાઇ ।
લગાઇ જુદાઇકી ગોલી ।[૫૦૮]

---
૫૦૬. એજન, પૃ. ૧૬૦ : ૫૦૭. એજન, પૃ. ૨૩૪
૫૦૮. એજન, પૃ. ૨૪૦-૨૪૧

'પ્રેમવશ ગોપી' પદમાં પ્રેમની મસ્તીની દશાનું ગોપીનું ચિત્ર જુઓ :

ભંગા પિયાકી પીઇ ! દીઇ લાલી ! જોબન દીયો લૂટાઇ !
સૈયાં ! મોહે ઘેઘટભંગ પીલાઇ ![૫૦૯]

ગોપીની વિરહી દશાનું ચિત્ર રજૂ કરતાં 'દીવાની' પદનું એક દષ્ટાંત જોઇએ :

સૈયાં ! મૈં દીવાની ! દીવાની ફિરુંગી !
કનૈયાકો અબહુ ન કબહુ મિલુંગી ![૫૧૦]

આપણે વિગતે જોઇ ગયા કે 'સાગર' ના ઊર્મિગીતોના બાહ્યસ્વરૂપ પરત્વે મીરાંબાઇ, દયારામ, ન્હાનાલાલ અને કબીરની અને આંતરસ્વરૂપ પરત્વે 'કલાપી', ન્હાનાલાલ અને કબીરની સ્પષ્ટ અસર પડેલી દેખાય છે.

'દીવાને સાગર' દફતર ૧ – ત્રીજો તબક્કો તેમ જ દફતર ૨ની કવિતા :-

'સાગર' ના છંદોબધ્ધ કાવ્યો, 'થાકેલું હૃદય' કથાકાવ્ય તેમ જ ન્હાનાલાલની શૈલીનાં ઉર્મિગીતો પછી 'દીવાને સાગર' દફતર એકના ત્રીજા તબક્કાની તેમ જ દફતર બેની સાગર ની કવિતાનું વર્ગીકરણ કરી પ્રત્યેક વિભાગનું કલાદષ્ટિએ મૂલ્યાંકન કરીએ.

મધ્યકાળના સાહિત્યપ્રકારો માં ડો. ચન્દ્રકાન્ત મહેતાએ તેમ જ મધ્યકાલીન સાહિત્યનાં પદ્યસ્વરૂપ માં ડો. મંજુલાલ ર. મજમુદારે મધ્યકાલીન યુગના સાહિત્યપ્રકારોની વિગતે ચર્ચા કરી છે. 'સાગર' ની કવિતાનું આ દષ્ટિએ વર્ગીકરણ કરતાં સ્પષ્ટ થાય છે કે સાગરે ગરબા, ગરબી, પ્રભાતિયાં – પદો, ભજનો, ગઝલો તેમ જ

૫૦૯. એજન, પૃ. ૨૮૪
૫૧૦. એજન, પૃ. ૨૫૧

સાખી, કાફી, તિથિ, ધોળ, વાર, કક્કા, મહિના અને આરતી – એમ વિભિન્ન કાવ્યપ્રકારોમાં પોતાની કૃતિઓ રચી છે.

મધ્યકાળના સાહિત્યપ્રકારો માં ડો. ચન્દ્રકાન્ત મહેતાએ પ્રભાતિયાં – પદો અને ભજનો તેમ જ ગરબા – ગરબીના સ્વરૂપ લક્ષણની ચર્ચા કરી છે. એમણે દયારામના સમય સુધી ગરબી અને પદો વચ્ચે ખાસ ભેદ નહોતો અને અમુક પ્રકારનાં પદો ગરબી કહેવાતાં હોવાં જોઇએ એવું મન્તવ્ય દર્શાવ્યું છે.[૫૧૧]

ગરબીના અંતર્ગત તત્વોમાં ડો. ચન્દ્રકાન્ત મહેતાએ ઊર્મિગીતને અનુરૂપ સંક્ષિપ્તતા, અત્યંત સુશ્લિષ્ટ બંધારણ અને રચના, એક જ વિચાર, એક જ ઊર્મિ, એક જ કથનનું કે પ્રસંગનું આલેખન તેમ જ સંઘ નૃત્ય માટે તાલ અને સૂર બરાબર સાચવવા માટેની અનુકૂળતા આવશ્યક ગણાવ્યાં છે.[૫૧૨]

ગરબા અને ગરબી વચ્ચેનો તાત્ત્વિક ભેદ તેમ જ બન્નેના સ્વરૂપલક્ષણો દર્શાવતાં શ્રી નરસિંહરાવ દિવેટિયા કહે છે કે : "ગરબો અને ગરબી એ બે વચ્ચે વળી ભેદ છે. ગરબો સ્થૂલ સ્વરૂપનો લાંબો, અને વિષયની સંક્ષિપ્ત એકતા સાધવાની આવશ્યકતા વિનાનો અને ગરબી તે ગરબા કરતાં વધારે નાજુક, સૂક્ષ્મસ્વરૂપની સંક્ષિપ્ત અને વિષયમાં સુશ્લિષ્ટ એકતા સાધનારી".[૫૧૩]

ડો. મંજુલાલ ર. મજમુદાર ગરબીનું અનિવાર્ય લક્ષણ આ પ્રમાણે ગણાવે છે : "લાંબા વર્ણનાત્મક ગરબાઓની સરખામણીમાં, ગરબી એ એકધારી, ટૂંકી અને ભાવપ્રધાન રચના છે ; વળી ઉર્મિગીતનું

---

૫૧૧. 'મધ્યકાળના સાહિત્યપ્રકારો' – ડો. ચન્દ્રકાન્ત મહેતા, પૃ. ૫૯
૫૧૨. એજન, પૃ. ૨૪૪
૫૧૩. 'મનોમુકુર' ભાગ ૩ – શ્રી નરસિંહરાવ દિવેટિયા પૃ. ૩૦૮

તત્ત્વ પણ એમાં વધારે હોય છે. થોડામાં થોડા શબ્દે જે સચોટ ભાવના જગાડે, જેનો રણકાર કાનમાંથી ખસે નહિ, જેમાં શબ્દની વધઘટ સહન કરી શકાય નહિ એવી મીઠી પદાવલી તે ગરબી. ... ... ... ગરબી મુખ્યત્વે કરીને ભાવાત્મક હોય છે. ગરબા કરતાં ટૂંકી, એકત્રિત રસની અને ભાવપ્રધાન એવી દેશી સંગીતની રચના તે ગરબી". [૫૧૪]

શ્રી કેશવલાલ હ. ધ્રુવ ગરબામાંથી ટૂંકી એકત્રિત રસની ગરબી પ્રગટી એમ કહે છે. [૫૧૫] શ્રી કનૈયાલાલ મુન્શી નાની ગરબીમાં એક વિશુધ્ધ અનુભવનું સરળ કથન સહેલાઇથી થઇ શકે છે. એથી વ્યાખ્યા આપી ગુજરાતમાં ગરબી એ ઊર્મિગીતનું સુંદરમાં સુંદર સ્વરૂપ છે એવું મન્તવ્ય દર્શાવે છે. [૫૧૬]

ડૉ. ચન્દ્રકાન્ત મહેતા ગરબા – ગરબી વચ્ચેના સ્વરૂપ લક્ષણોની ચર્ચા સમેટતાં કહે છે કે : "ગરબામાં ભાવની ઘનતા કરતાં વર્ણનનું તત્ત્વ વિશેષ હોય છે. મનના ઊંડા ભાવો કરતાં કથનાત્મક તત્ત્વ વિશેષ હોય છે. વળી ગરબો લાંબો હોવાને લીધે એમાં એકત્વ રહી શકાતું નથી". [૫૧૭]

"અમુક કૃતિ ગરબો હોવાનું આંતર પ્રમાણ મળે છે. જ્યારે ગરબીમાં એવું આંતરપ્રમાણ મળતું નથી. ગરબો લાંબો હોવાથી એ વધારે સ્થૂલ, વિસ્તારિત (formal) રૂપ લે છે. આથી એને મંગળાચરણ, ફળશ્રુતિ વગેરે હોય છે, અને ફળશ્રુતિમાં એ કૃતિ ગરબો છે એવું આંતરપ્રમાણ મળે છે". [૫૧૮]

---

૫૧૪. 'મધ્યકાલીન સાહિત્યનાં પદ્યસ્વરૂપ' ડૉ. મંજુલાલ ર. મજમુદાર, પૃ. ૫૪૪
૫૧૫. 'સાહિત્ય અને વિવેચન' ભાગ ૨ – શ્રી કેશવલાલ હ. ધ્રુવ, પૃ. ૩૧૮
૫૧૬. 'થોડાંક રસદર્શનો' – શ્રી કનૈયાલાલ મુનશી, પૃ. ૨૪૨
૫૧૭. 'મધ્યકાળના સાહિત્યપ્રકારો' – ડૉ. ચન્દ્રકાન્ત મહેતા, પૃ. ૨૩૫
૫૧૮. એજન, પૃ. ૨૨૮

પુરુષ ગાતા તે ગીતો અને સ્ત્રીઓ ગાય તે ગીતોનો ભેદ દર્શાવવાને પણ ગરબો - ગરબી શબ્દ વપરાતા હોય એવું પણ જણાય છે. છતાં, એમાં ચોક્કસ શું છે તે સમજાતું નથી". [૫૧૯]

ગરબા - ગરબી વચ્ચેના સ્વરૂપનો તફાવત દર્શાવતાં શ્રી કે. કા. શાસ્ત્રી કહે છે તેમ : "લાંબા કડવાં, ટૂંકા એ પદો, આ પાછલાં પદોએ ગરબી અને લાંબા કડવાં એ ગરબા આ સમજ આપણને બહુ મોડી આવે છે". [૫૨૦]

'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણોમાં' શ્રી રા. વિ. પાઠકે ગરબા - ગરબીના સ્વરૂપ નિર્ણય અંગે દર્શાવેલું મંતવ્ય જોઈએ : "અત્યારે પણ ગરબો - ગરબી રાસ-રાસડો કોને કહેવો અને કોને ન કહેવો એ સંબંધી અતંત્રતા છે. સાહિત્ય અને સંગીત બન્નેમાં" [૫૨૧]

દયારામના સમય સુધી ગરબા પદથી ભિન્ન લેખવામાં આવતી નહોતી. ડૉ. ચન્દ્રકાન્ત મહેતાએ જણાવ્યું છે તેમ પદ, ગરબો, ગરબીએ બધા સમાનાર્થ શબ્દો હતા. ગરબો અને ગરબી એકબીજાના પર્યાય શબ્દો તરીકે વપરાતા હોવા છતાં એટલું તો સ્પષ્ટતઃ દષ્ટિએ પડે છે કે ગરબીમાં રસ ધન સ્વરૂપમાં હોય છે જયારે ગરબામાં વ્યસ્ત હોય છે. વળી, ગરબીની ઉત્પત્તિ વિશે એમણે પોતાનો અભિપ્રાય આ પ્રમાણે દર્શાવ્યો છે : "શરૂઆતમાં પદો હશે અને પછી સમય જતો લાંબું પદ તે ગરબો અને ટૂંકું પદ તે ગરબી એમ રૂઢ થયું હશે. જો કે નરસિંહમાંથી પણ આપણને ઘણાં પદો મળે છે કે જેની

---

૫૧૯. એજન, પૃ. ૨૪૯

૫૨૦. 'ગુજરાતી ગરબીનું મૂળ', ગુજરાતી દીપોત્સવી અંક, ૧૯૯૫, પૃ. ૭૮

૫૨૧. 'અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો' - શ્રી રા. વિ. પાઠક

ગેયતા, જેની હલક સંઘનૃત્યમાં ગાઇ શકાય તેવી રચના એનો તાલ એ સઘળું એ આ પદોને ગરબીની હરોળમાં મૂકે છે".[૫૨૨]

નરસિંહ મહેતા, મીરાંબાઇ, પ્રીતમ, રાજે, વલ્લભ ભટ વગેરે ઘણાં કવિઓએ પદો લખ્યાં છે જેને ગરબી કહેવામાં આવે છે. અથવા જેના રાગને ગરબી કહેવામાં આવે છે.[૫૨૩]

અમુક કૃતિને પદ કહેવું કે ગરબી એ અંગે ડો.ચન્દ્રકાન્ત મહેતાએ પોતાનું મંતવ્ય આ પ્રમાણે દર્શાવ્યું છે : "ગરબી વિષે આપણને આન્તર પ્રમાણ ન મળતું હોવાને લીધે અમુક કૃતિ ગરબી છે કે નહિ તેનો, કે એ પદ છે, કે ગરબી, તેનો નિર્ણય આપણાથી સહેલાઇથી થઇ શકતો નથી".[૫૨૪]

શ્રી બ.ક.ઠાકોરે 'લિરિક' માં ઊર્મિકાવ્યની વ્યાખ્યા આપી છે. તે પરથી જે પદો વિશેષ ગેય હોય, જેમાં વર્ણમાધુર્ય પર પૂરતું લક્ષ અપાયું હોય, શબ્દ પસંદગી રંજકતાની દષ્ટિએ થઇ હોય, અને જે સમૂહમાં ગાવાને વિશેષ અનુકૂળ હોય, તે પદો ગરબી કહેવાનાં હશે, એવું અનુમાન આપણે બાંધી શકીએ. અર્વાચીન ઉર્મિકાવ્ય અને મધ્યકાલીન યુગનું પદ - ગરબી તેના વસ્તુતત્ત્વની દષ્ટિએ ભિન્ન નથી. પદનું ઉત્પત્તિસ્થાન પણ ઉર્મિ છે. પાલગ્રેવની ઊર્મિકાવ્યની વ્યાખ્યા પ્રમાણે નરસિંહ, મીરાં કે દયારામનાં પદોમાં પણ ઉર્મિનો પ્રબળ આવેગ હોવાથી જ એ પદો આપણે અસરકારક, ચોટદાર અને રસભર્યા લાગે છે. ડો.ચન્દ્રકાન્ત મહેતાએ ઉત્તમ પદનું લક્ષણ આ પ્રમાણે દર્શાવ્યું છે : "ઊર્મિ જેટલી પ્રબળ તેટલી કાવ્યની ઉત્તમતા વિશેષ".[૫૨૫]

---

૫૨૨. 'મધ્યકાળના સાહિત્યકારો' - ડો.ચન્દ્રકાન્ત મહેતા, પૃ.૨૪૨
૫૨૩. એજન, પૃ.૨૪૨
૫૨૪. એજન, પૃ.૨૨૯
૫૨૫. એજન, પૃ.૬૧

પ્રેમલક્ષણાભક્તિના નાયક-નાયિકાના પ્રેમની વિભિન્ન અવસ્થાઓનું નિરૂપણ પદલેખકનો મુખ્ય વિષય હોઈ લાગણીની વત્તીઓછી ગહનતા - તેની પ્રબળ સચોટ અભિવ્યક્તિ પર તેની કાવ્યમયતાનો સવિશેષ આધાર રહેલો છે. પદલેખક ગોપીભાવને જેટલા પ્રમાણમાં આત્મસાત કરી શકે - અનુભવી શકે અને કાવ્યમય બાનીમાં અભિવ્યક્ત કરી શકે તેટલા પ્રમાણમાં તેને કાવ્યસિદ્ધિ વરે છે. મધ્યકાલીન યુગના કવિઓનાં પદો પાછળ જીવનાનુભવનો સાચો રણકાર - આત્માનુભૂતિનું બળ અનુસ્યૂત હોઈ અભિવ્યક્તિ સચોટ-વેધક બની છે. ડૉ.ચન્દ્રકાન્ત મહેતા પોતાનું મંતવ્ય દર્શાવતા કહે છે કે : "પદનો રચનાર જેટલે અંશે ગોપીભાવમાં તદ્રૂપ થયો હોય, તેટલે અંશે ગોપીભાવમાં કે વેધકતા આવતી".[૫૩૦]

પદોમાં શૃંગાર, વીર, શાંત અને અદ્ભુત રસોનું નિરૂપણ થતું હોય છે. પ્રેમલક્ષણા ભક્તિનાં પદોમાં શૃંગાર, જગત પ્રત્યેની લાપરવાહી અને વૈરાગ્ય તેમ જ જ્ઞાન વિષયક પદોમાં શાંત, અવળવાણીનાં પદોમાં અદ્ભુત અને કેટલાંક ભક્તિવિષયક રૂપક કાવ્યોમાં વીરરસનું પણ આલેખન થાય છે. પરંતુ પદોનો મુખ્ય વિષય પ્રેમલક્ષણા ભક્તિ હોઈ શૃંગારરસનું પ્રાધાન્ય હોય છે. શૃંગારના બંને પ્રકારો - સંભોગ અને વિપ્રલંભનું આલેખન પદો ધ્વારા થયું હોય છે. ડૉ.ચંદ્રકાંત મહેતા પોતાનું મંતવ્ય આ પ્રમાણે દર્શાવે છે : "આપણા મધ્યકાલીન કવિઓએ કૃષ્ણની ગોપીભાવે ભક્તિ કરેલી હોવાથી, પદમાં શૃંગાર વિશેષ પ્રમાણમાં આલેખાયો છે. પોતાને ગોપીમાની, આપણા કવિઓ, પોતાની શ્રીકૃષ્ણ પ્રત્યેની પ્રેમની લાગણી, પ્રણયક્રીડા, કામાકર્ષણ એ સઘળું રસપૂર્વક આલેખતા. આમ

---

૫૩૦. એજન, પૃ. ૭૧

હોવાથી સ્ત્રી પુરુષના પ્રેમની લાગણીમાં, જેટલું પ્રસંગોનું અને નિરૂપણનું વૈવિધ્ય હોઇ શકે, તે મધ્યકાલીન શૃંગારરસના પદોમાં છે. એ પદોમાં શૃંગારના બન્ને પ્રકારો – સંભોગ અને વિપ્રલંભ આલેખાયા છે".[૫૩૧]

પોતાની ઊર્મિની અભિવ્યક્તિમાં સચોટતા સાધવા માટે પદલેખક લોકજીવનમાંથી ઉપમા, રૂપક, દૃષ્ટાંત કે પ્રતીકોનો પણ વિનિયોગ કરતો, અને એ રીતે વિષયનું કાવ્યમય નિરૂપણ કરવામાં અલંકાર અને પ્રતીકશૈલીને કારણે પદો લોકપ્રિય બન્યાં છે.[૫૩૨]

'અર્વાચીન ભક્તિગીતો' લેખમાં શ્રી 'સુન્દરમ' ભક્તિનાં ઉત્તમ કાવ્ય માટેનો માપદંડ આ પ્રમાણે આપે છે : "અનુભૂતિ સાચી હોય તો પણ તેનું ઉત્તમ કાવ્ય બને જ એવું નથી હોતું અને વળી પ્રભુની બાબતમાં તો અનુભૂતિ કેવી છે, કેટલી છે, કેટલા સત્વવાળી છે એ પણ વિશેષ ગૂંચવણ ભરેલો પ્રશ્ન રહે છે. જયાં જયાં પ્રભુ શબ્દ આવે ત્યાં પ્રભુની સાથે કાંઇ સીધી આપલે હોય જ છે એવું નથી હોતું અને એવે વખતે કાવ્ય પ્રભુ શબ્દની સાથેની રમત જેવું બની જાય છે; એટલે સાચી સઘન અનુભૂતિ અને તેને માટેનો સમુચિત કાવ્ય પ્રતિભાથી ઘડાયેલો શબ્દદેહ એ બેનું જયારે મિલન થાય ત્યારે સાચી ભક્તિનું ગીત જન્મે".[૫૩૩] પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 'વિવેચના'માં 'ભજનસાહિત્યમાં પ્રતિરૂપો' લેખમાં કહે છે તેમ : "જૂના ભજન-સાહિત્યના મોટાભાગને સાચી કવિતા બનાવનારમાં ભાવ છે તે પ્રભુ અને ભક્તિની વચ્ચે ગોપી-કૃષ્ણનો. ... ... જૂના ભજન સાહિત્યને કવિતા બનાવનારું આ સામાન્ય, ચલણી પ્રતિરૂપ કે પ્રતીક હોય છે".[૫૩૪]

---

૫૩૧. એજન, પૃ. ૭૦-૭૧ ; ૫૩૨. એજન, પૃ. ૬૮-૬૯
૫૩૩. 'અર્વાચીન ભક્તિગીતો' સુંદરમ – રેડિયો વાર્તાલાપ આકાશવાણીના સૌજન્યથી
૫૩૪. 'વિવેચના' – શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પૃ. ૨૨૧

પ્રભાતિયાં અને પદો કરતાં ગરબા અને ગરબીના સ્વરૂપમાં થોડોક તફાવત છે. શ્રી નરસિંહરાવ દિવેટિયા દયારામને ગરબીના પિતા ગણાવે છે. પરંતુ નરસિંહ મહેતા, મીરાંબાઇ અને અખાના કેટલાંક પદોનું બાહ્ય સ્વરૂપ ગરબીથી ભિન્ન પ્રકારનું નથી એટલે ડો. ચન્દ્રકાન્ત મહેતા કહે છે તેમ : "ગરબી સિવાય અન્ય કોઇ સ્વરૂપમાં ડોલ ન આવે એમ આપણે માનીએ તો એ દ્રષ્ટિએ ગરબીનાં મૂળ આપણે નરસિંહના પદોમાં પણ જોઇ શકીએ."[૫૩૫] ગરબીના આવશ્યક લક્ષણોની ચર્ચા કરતાં ડો. ચન્દ્રકાન્ત મહેતા કહે છે તેમ : "ગરબીમાં પંકિતને છેડે એની ગેયતામાં વૃધ્ધિ કરતું અને સમૂહમાં ગાવાને અનુકૂળ એવું ડોલ આપે છે. ... ... ગરબીની એ વિશેષતા છે".[૫૩૬]

ગરબીનું બીજું આવશ્યક લક્ષણ તેનું માધુર્ય અને શબ્દલાલિત્ય છે. ડો. ચન્દ્રકાન્ત મહેતા કહે છે તેમ : "વર્ણમાધુર્ય, રજકતાની દ્રષ્ટિએ શબ્દ પસંદગી અને ગેયતાનું તત્વ વિશેષ પ્રમાણમાં હોય તેમ જ સંઘનૃત્યમાં ગાવાની અનુકૂળતા જે પદોમાં હોય તે પદો ગરબી કહેવાતાં હશે".[૫૩૭]

પદો અને ભજનો વચ્ચે પણ ખાસ કશો મૂળભૂત તફાવત નથી. 'જૂઇ અને કેતકી' માં શ્રી વિજયરાય વૈધ જીવાત્મા અને પરમાત્માનાં અગમ્ય રહસ્યની આત્માનુભવસભર અભિવ્યકિતને ભજનનું મુખ્ય લક્ષણ ગણાવે છે : "ભજનોનો રચનાર ભકતકવિ સ્થૂલને વીંધી સફળતાથી તેની પાર જઇ જડને ચેતનરસ કરી જાણે છે. ભગવાનના સાન્નિધ્યમાં સદાય અનંત ઓચ્છવ માણે છે. એ ખરોખરો તાદ્દશીજન

---

૫૩૫. 'મધ્યકાળના સાહિત્યપ્રકારો' - ડો. ચન્દ્રકાન્ત મહેતા, પૃ. ૫૮
૫૩૬. એજન, : ૫૩૭. એજન, પૃ. ૫૯

બને છે. તત્ જે પરમાત્મા તેનો સંદેશ આ જીવાત્મા બની જાય છે અને એ પોતાના અદ્દભુત સંવેદનને - એ પ્રભુદર્શનને, અને તેના મહિમાને, મહિમાની પ્રોજ્જ્વલતાના પ્રમાણમાં તો ઓછી અધૂરી છતાંયે, કલાત્મક વાણીમાં અવતારવા એ મથે છે. એવા મંથનમાંથી તે પ્રવાહવતી પદ્યકૃતિઓ તેને હાથે રચાય એને જ આપણે ભજનો કહેવા જોઇએ. માગણીઓનો અભાવ એ ભજનનું એક મહત્વનું લક્ષણ છે". ૫૩૮

પ્રભાતિયાં, પદો, ગરબો, ગરબી, પદો અને ભજનો તેમ જ સાકી, કાફી વગેરે કાવ્યપ્રકારો વસ્તુતઃ ભક્તિથી અમર ચુંદડીના તાણાવાણા છે. 'સોરઠી સંતવાણી' માં શ્રી મેઘાણીએ ઊર્મિકાવ્યના વિભિન્ન દેખાતાં છતાં વસ્તુતઃ વિષય દૃષ્ટિએ એક જ ગણી શકાય તેવા આ પ્રકારો વિશે કહ્યું છે કે : "ભજનવાણી એકદેશીય નથી. તેમાં નોખા સંતોની જુદીજુદી વિચારપ્રણાલીનું સમુચ્ચય - સ્વરૂપ છે. એ શબ્દોમાં સમષ્ટિમાં આત્મમંથનો સાકાર બન્યાં છે. મહાવૃક્ષની જુજવી ડાળીઓ : સર્જનહારનાં સ્તોત્રો: ગુરુ શરણાગતિનાં અને ગુરુ - પ્રશસ્તિનાં પદો: ગુરુવિરહ, પ્રભુવિરહના પ્રેમ લક્ષણાત્મક ભક્તિપુકારો: આત્માને ચેતવનારાં ભજનો : મનાખાદેહનાં મૂલ્ય દાખવતાં પદો, યોગસાધનામાં, વૈરાગ્યનાં, બ્રહ્માનંદ-મસ્તીનાં, આગમનાં, અવળવાણીનાં, એ બધાં એક જ ચૂંદડીના તાણાવાણા છે. તેમાંથી ઉઠતો વણાટ ભાતીગળ ભક્તિ-ચૂંદડીનો છે". ૫૩૯

સંતકવિ ભજન દ્વારા પોતાની અનુભૂતિ જ ગાય છે. એનો સ્વાનુભવ જ એ પોતાના ભજનો દ્વારા વ્યક્ત કરે છે. આચાર્ય

---

૫૩૮. 'જૂઇ અને કેતકી' - શ્રી વિજયરાય વૈદ્ય - પૃ. ૨૮૨
૫૩૯. 'સોરઠી સંતવાણી', સંપાદક શ્રી ઝવેરચંદ મેઘાણી, પ્રસ્તાવના, પૃ. ૭

આનંદશંકર ધ્રુવ 'સાહિત્યવિચાર'માં કહે છે તેમ : " ભજન અને દર્શન વચ્ચે તાત્ત્વિક વિરોધ નથી, ભક્ત જે ભજે છે તે જ જુવે છે. અને જુવે છે એ જ ભજે છે". ૫૪૦

ડો. મંજુલાલ ર. મજમુદાર ભજનની વ્યાખ્યા આપતાં ભજનમાં નિરૂપાતા વિષય પરત્વે પોતાનું મંતવ્ય આ પ્રમાણે દર્શાવે છે : " ભજન એટલે આત્માર્પણનું ગીત આવા ભજનથી હૃદયને જે સહજ તૃપ્તિ મળે છે અને આત્માના ઉંડા તારોનાં આંદોલનો મનને જે પ્રફુલ્લતા અર્પે છે તે જડ બુધ્ધિના હજારો વાદોથી મળી શકતી નથી. સંતજનો જેમનો બ્રહ્માનંદનો અપૂર્વ આસ્વાદ લીધો છે તેનો, જડ બુધ્ધિજીવને પણ અનુભવ કરાવવા, ભજનગીતોમાં પોતાના હૃદયની લગની રેડે છે અને 'દુઃખદરિયા સંસાર'નો પાર પામવા તેને ઉદબોધન આપીને પ્રભુનો શુધ્ધ મારગ બતાવે છે. ભજનોનો રસ અને આનંદ જડબુધ્ધિથી નહીં પણ શ્રધ્ધા અને હૃદયની ઉત્સુકતાથી જ આરોગી શકાય છે". ૫૪૧

સાહિત્યિક માપદંડની દષ્ટિકોણથી તપાસતાં કાવ્યોનું પદો, ભજનો, ગરબા, ગરબી આવું વર્ગીકરણ કેટલે અંશે યોગ્ય ગણાય એ વિવાદાસ્પદ પ્રશ્ન બાજુએ મૂકીને 'સાગર'ની કવિતામાં કાવ્યતત્ત્વનું પ્રમાણ કેટલે અંશે છે તે દષ્ટિએ – કલાદષ્ટિએ પ્રભાતિયાં, ગરબા – ગરબી, પદો–ભજનો, ગઝલો તેમ જ અન્ય કૃતિઓનું મૂલ્યાંકન હાથ ધરીએ.

---

૫૪૦. 'સાહિત્યવિચાર', શ્રી આનંદશંકર ધ્રુવ, પૃ. ૪૨૮
૫૪૧. 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો – મધ્યકાલીન પદ્યસ્વરૂપ' – ડો. મંજુલાલ ર. મજમુદાર, પૃ. ૪૮૮

: ૪ : <u>પ્રભાતિયાં</u> :–

'દીવાને સાગર' દફતર એક અને બેના વિભિન્ન કાવ્યપ્રકારોમાં પ્રભાતિયાંની રચના સંખ્યાબળની દ્રષ્ટિએ લગભગ નહિવત્ હોવા છતાં સવિશેષ ધ્યાન ખેંચે છે. 'દીવાને સાગર' દફતર એકના ત્રીજા તબક્કામાં સાત પ્રભાતિયાં છે. : ૧ : 'સનમના ઘરનું પ્રભાત', : ૨ : 'દ દદ', : ૩ : 'સવિતાનું પ્રભાત', : ૪ : 'તમારૂં ઘર', : ૫ : 'રામની રમ્યતા છે,' : ૬ : 'ભક્તિ રાણી' અને : ૭ : 'હરિનું હેત.'

આપણી ભક્તિ-કવિતાના જૂના પ્રવાહ સાથે પોતાનું અનુસંધાન સાધનાર સાગર ના પ્રભાતિયાંના બાહ્યસ્વરૂપ તેમ જ આંતરસ્વરૂપ પરત્વે નરસિંહ મહેતા અને અખાની પ્રબળ અસર થઇ છે.

પ્રભાતિયાના બાહ્ય સ્વરૂપની તેમ જ ભાવની દ્રષ્ટિએ નરસિંહ મહેતાની અસર ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ :

પિંડ બ્રહ્માંડ આ એકનો મૂલમાં –
સ્થૂલમાં રૂપ જૂજવું જણાતું. [૫૪૨]

... ... ...

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ,
જૂજવે રૂપે અનંત ભાસે ! [૫૪૩]

ચિદાનંદ કેરાં સ્વરૂપ, દષ્ટ પદારથ આપે ભૂપ
અખિલ ભુવનમાં રહયો પરવરી ; નિત્યાનંદ આપે કરે હરિ
સદાસર્વદા છે અવિનાશ, અખા નિરંતર સર્વાવાસ. [૫૪૪]

---

૫૪૨. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૫૦
૫૪૩. 'નરસિંહ મહેતાનાં ભજનો' – સંપાદક શ્રી હરસિધ્ધભાઇ દીવેટિયા, પૃ. ૫૬
૫૪૪. 'અખાના છપ્પા' – સંપાદક શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૮૨

ભાવદૃષ્ટિએ નરસિંહ ઉપરાંત અખાની અને કબીરની અસર સવિશેષ જણાય છે. અભ્યાસ, વૈરાગ્ય અને ગુરુભક્તિને અખાજી અને કબીરની માફક સાગરે પણ ખૂબ મહત્વ આપ્યું છે. જુઓ :

સતત અભ્યાસ પણ, પ્રેમ વૈરાગ્ય વણ –
જ્ઞાન ચૈતન્ય અમી ના પિવાનું ;
બ્રહ્મ અણલિંગીનું પૂર્ણ પ્રાકટ્ય નહીં –
લિંગના ભંગ વિણ અનુભવાતું.
તન ગુરુ ચરણમાં, મન ગુરુ વચનમાં,
જીવ ગુરુશરણમાં અર્પી રહેવું. ૫૪૫

અખા સાથે 'સાગર'નું વિચારસામ્ય સરખાવો :

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, પદારથ એક ત્રણ નામ વિભાગ;
તેને અણજાણ્યો કહે જૂજવા, પણ સમજયાને તે એક જ હુઆ
અનુભવતાં જાણી જે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ [illegible]. ૫૪૬

મુક્તિ માટે ભક્તિ–જ્ઞાનનું અદ્વૈત સાગર પણ આવશ્યક ગણાવે છે. મનનો લય થતાં પૂર્ણતાનો અનુભવ થઇ શકે. નીચેની પંક્તિઓમાં રજૂ થયેલા ભાવ સાથે અખાનું વિચાર–સામ્ય નોંધપાત્ર છે.

મન મર્યું એ જ દ્વિજ, એજ છે પૂર્ણતા –
તન મુવે મુક્તિ નથી પામવાની !
ભક્તિને જ્ઞાન અદ્વૈતમાં આચરી –
મુક્તિની મોજ લે રોજ માણી. ૫૪૭

---

૫૪૫. 'દીવાને સાગર,' દફતર ૧, પૃ. ૩૫૦
૫૪૬. 'અખાના છપ્પા,' સંપાદક શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૮૩
૫૪૭. 'દીવાને સાગર, દફતર ૧, પૃ. ૪૦૯

જ્ઞાની વિહારી ગોપી જશા, તે જ જ્ઞાની જેને ગોપીની દશા ;
ગોપી ભૂલી ઘરને બાર, ગોપી ભૂલી કુટુમ્બ પરિવાર.[૫૪૮]
પોતાની દેહ પણ ભૂલી ગઇ, અખા કામની કુળવંત થઇ
જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જયમ ચક્ષુહીણો જયાં ત્યાં
અથડાય.[૫૪૯]
મનની કીધી સર્વ ઉપાધ, મનાતીત અખા આરાધ.[૫૫૦]
મન ઉભે ઉભો સંસાર, ફોકટ કોઇ ન વહેશો ભાર.
અર્થ અખા તો થાયે ખરો, જો ઉપાય મન અમનનો કરો.[૫૫૧]
તે માટે હરિજન સ્વે હરિ, અખા રખે કો પૂછો ફરી.[૫૫૨]

... ... ...

હરિજન સ્વે હરિ, નહીં માનવી ; જયમ સરિતા ભળી જાહનવી.
હરિજન સર્વાંગે હરિ વડે, અખા વેલો તાણ્યો આવે થડે.[૫૫૩]

આ પંક્તિઓમાં હરિજન – સાચો ભકત એ શ્રી હરિનું સ્વરૂપ છે એ ભાવ અખાએ વ્યકત કર્યો છે. સાગરે પણ નીચેની પંક્તિઓ ધ્વારા આજ ભાવ રજૂ કર્યો છે.

વેદ વેદાન્ત છે, શાસ્ત્ર સિધ્ધાન્ત છે,
સન્તજન રોજ હરિમાં બિરાજે ;
બ્રહ્મ નિર્ગુણ તણાં સગુણ દર્શન ભરી,
શાન્તિમાં હૃદયનો વિલય કીજે.[૫૫૪]

---

૫૪૮. 'અખાના છપ્પા,' સંપાદક શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૧૨૬
૫૪૯. એજન, પૃ. ૬૧ : ૫૫૦. એજન, પૃ. ૫૮
૫૫૧. એજન, પૃ. ૭૬ : ૫૫૨. એજન, પૃ. ૭૬
૫૫૩. એજન, પૃ. ૧૦
૫૫૪. 'દીવાને સાગર,' દફતર ૧, પૃ. ૪૧૧

આ વિશ્વ પરબ્રહ્મનું જ સ્વરૂપ છે. બધું અદબદ છે. અખાના એ ભાવ સાથે 'સાગર'નું વિચાર-સામ્ય જુઓ :

જેમ છે તેમ કેવળ નિજાનન્દ છે !
ઉલસતી પરમ રમણીયતા છે ![૫૫૫]

.... .... ....

અખા એ તાં છે અદબદ, વચ્ચે હુંપણાની ભાગી હદ.[૫૫૬]

પૂર્ણદશાનો જીવાત્માનો અનુભવ સમજાવતાં સાગરે મનોનાશનું જ મહત્વ દર્શાવ્યું છે. અજાતવાદનું મુદ્દાનું લક્ષણ રાગ અને ત્યાગ, આશા અને નિરાશા, સુખ અને દુઃખ એ ઉભય ધ્વન્દ્વથી પર આત્માનુભવીની પૂર્ણ દશા છે. ધ્વન્દ્વાતીત થવું એ જ માનવીનો સાચો પુરુષાર્થ. અખાની માફક સાગરે પણ અજાતવાદનો આ જ સિધ્ધાન્ત સ્વીકાર્યો છે. જુઓ :

રાગને ત્યાગ બે રોગ મનના તજી,
બ્રહ્મવિદ્યા મહાધન કમાવું ;
સત્વ, રજ, તમ થકી પર થવું જીવને,
વસ્તુમાં વસ્તુરૂપે સમાવું.[૫૫૭]

અખા સાથે 'સાગર'નું વિચારસામ્ય સરખાવો :

તજવું ભજવું તે સંસાર, અખા સમજતાં આવે પાર.[૫૫૮]

ત્યમ નેરાશીથી મળે નારાણ, અખા ! પહેલે તાં એવું જાણ.[૫૫૯]

---

૫૫૫. એજન
૫૫૬. 'અખાના છપ્પા' - સંપાદક શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૪૯
૫૫૭. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૫૩
૫૫૮. 'અખાના છપ્પા' - સંપાદક શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૧૧
૫૫૯. એજન, પૃ. ૪૦

અજાતવાદના મૂળભૂત સિધ્ધાન્તોમાં રાગ અને ત્યાગથી પર સહજાવસ્થા મુદ્દાનું લક્ષણ છે. 'સાગર' કેવલાદ્વૈત મત પ્રમાણે જગતના વ્યાવહારિક અનુભવનું મૂળ અવિદ્યાને ગણાવે છે. અવિદ્યા જતાં જીવાત્માને બ્રહ્મનો સાક્ષાત્કાર થઇ શકે છે. જુઓ :

શુધ્ધ વસ્તુ છતાં પીત ભાસ્યાં કરે !
નેત્ર કમળા તણા દોષવાળું !
વામતાં વ્યાધિ તે મન અવિદ્યા તણો,
ગૂઢ ૐકાર ગુરુરૂપ ફાલ્યું ![560]

જગતનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી. નાટક, નાટકનાં પાત્રો - નાટ્ય અને એનો રચનાર જેમ વસ્તુતઃ એક જ છે તેમ આ વિશ્વનો માયાવી ખેલ, એનો રચનાર અને વિશ્વના પદાર્થો - જીવો વસ્તુતઃ એક જ - પરબ્રહ્મ જ છે. જગત જગતરૂપે શૂન્ય છે. વસ્તુતઃ જગત અને બ્રહ્મ એવું દ્વૈત છે જ નહીં. અજાતવાદનો આ સિધ્ધાન્ત સાગરે આ રીતે વ્યકત કર્યો છે.

નાટ્ય, નાટક અને નટરૂપે તું બને,
શૂન્યમાં કૃત્ય શું જાદૂવાળું ![561]

... ... ...

હરિ - હરિમય બધું વિશ્વ આ વિલસતું !
હરખતું હૈયું નિજરૂપ જાણી ![562]

જીવાત્માની મનનીવૃત્તિ જગતના વ્યાવહારિક અનુભવનું મૂળકારણ હોઇ જીવપણાના વિલય માટે સાગરે મનોનાશ - વાસનાક્ષયને ખૂબ મહત્વ આપ્યું છે. જુઓ :

---

૫૬૦. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૧૦
૫૬૧. એજન
૫૬૨. એજન, પૃ. ૪૧૨

સુખ અને દુઃખ એ મન તણાં ભ્રમણ છે,
મનઃશમન એ ખરી ઝિન્દગાની ;
સત – અસત ઉભયથી વસ્તુને પર જુવે –
સકલ સંશય ખુવે ભકતજ્ઞાની.[૫૬૩]

જયાં સુધી વાસનાબીજ બળતું નથી –
ત્યાં સુધી જીવપણું ના તજાતું ;
જેમ છે તેમ નિજરૂપ અવલોકવા –
નેત્ર નવ સ્થૂલની પાર જાતું.[૫૬૪]

જેમ છે તેમનું તેમ અખા, થયું ગયું કાંઇ નથી ;
આપે આપ આનંદઘન સ્વસ્વરૂપ જોયું મથી.[૫૬૫]

મરતાં પહેલો જાને મરી, પછી જે રહેશે તે હરિ.[૫૬૬]

સહેજે નર થાયે નિષ્કામ, તો નથી લેવા જાવો સમ.[૫૬૭]

અખા ફેરવવું છે મન, જો જાણે તો જાણે જન,
પાર કાઢતાં અહંકાર પોતે ટળયો,
વિચાર અખા વૃત્યે હરિ ભળયો.[૫૬૮]

એક જ બિંદુમાં સંક્રાન્ત થયેલા સૂર્યના અનેક કિરણો જેમ પ્રચંડ દાહક શકિત પ્રગટાવે છે તેમ એક જ પરમાત્મામાં ચિત્તવૃત્તિ કેન્દ્રાભિમુખ થતાં અહંભાવનો વિલય થાય છે અને બ્રહ્માઙિનથી સહજાવસ્થાના અનુભવરસનું જીવાત્મા પાન કરે છે. 'સાગર'ની વિચારધારા પરત્વે 'કલાપી' અને 'કાન્ત' દ્વારા સ્વીડનબોર્ગની

---

૫૬૩. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૧૨ : ૫૬૪. એજન, પૃ. ૩૫૦
૫૬૫. 'અખાની વાણી', 'અનુભવબિંદુ', પૃ. ૬૩
૫૬૬. 'અખાના છપ્પા' – સંપાદક શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૨૭
૫૬૭. એજન, પૃ. ૧૯ : ૫૬૮. એજન, પૃ. ૫૬૮

પ્રબળ અસર થયેલી નીચેની પંક્તિઓમાં જોઇ શકાય છે. જુઓ :

એક કેન્દ્રાભિમુખ થાય રવિ રશ્મિ ત્યાં –
જ્ઞાનના અનલનું બલ ગુણાતું ;
એ જ બ્રહ્માગ્નિથી દેહને બાળતાં,
સહજ બ્રહ્માંડનું પાન થાતું. ૫૬૯

'સનમના ઘરનું પ્રભાત'માં અજાતવાદના સિધ્ધાન્તોનું નિરૂપણ કરતાં સાગરે અનન્ય ગુરુભક્તિનો મહિમા પણ સમજાવ્યો છે. અખાની માફક 'સાગર' પણ અદ્વિતીય ગુરુભક્તિને આવશ્યક ગણાવે છે. ગુરુના યોગ્ય અધિષ્ઠાનને લક્ષ્ય, ઉપાસ્ય અને ધ્યેય કર્યા વિના ગુરુગમ પ્રાપ્ત થાય નહિ અને ગુરુગમ વિના અપરોક્ષાનુભવ પણ થાય નહિ એટલે આ જ પ્રભાતની નીચેની પંક્તિઓમાં સાગરે સદ્ગુરુના અધિષ્ઠાનનો મહિમા સચોટ રીતે સમજાવ્યો છે.

તન ગુરુચરણમાં, મન ગુરુવચનમાં,
જીવ ગુરુશરણમાં અર્પી રહેવું ;
ત્રિગુણ પર તારિણી સનમ સાગર તણી,
ગુરુમુખે જાણી ઘર પ્રીછી લેવું. ૫૭૦

અખાની માફક 'સાગર' પણ પ્રેમ–ભક્તિ, વૈરાગ્ય અને સતત અભ્યાસને આવશ્યક ગણાવે છે. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ત્રણ નામ માત્ર જુદાં છે વસ્તુતઃ ત્રણે એક જ છે.

સતત અભ્યાસ પણ, પ્રેમ વૈરાગ્ય પણ –
જ્ઞાન ચૈતન્ય અમી ના પિવાતું ;
બ્રહ્મ અણલિંગીનું પૂર્ણ પ્રાકટ્ય નહીં –
લિંગના ભંગ વિણ અનુભવાતું. ૫૭૧

---

૫૬૯. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૫૦
૫૭૦. એજન, પૃ. ૩૫૦ : ૫૭૧. એજન
[illegible]

જ્ઞાન ભક્તિ વૈરાગ્ય ધર, બોલે અખો વાણી અમળ ;[૫૭૨]

તું એવું જાણી રહે અખા, લિંગ ભંગ સહેજે હશે ;
અન્ય ઉપાય જંજાળ છે, તે ટાળયે પ્રૌઢું થશે.[૫૭૩]

અખા એ જ અનુભવ ખરો, જેણે મહાજન નીપના ;
લિંગભંગ થયા વિના, સૌ સાધનકાળની સેવના.[૫૭૪]

તહાં લગી જાણો અખા, ન શમી સઘળી વાસના ;
લિંગનો ભંગ થયા વિના, સર્વે મનની ઉપાસના.[૫૭૫]

લિંગભંગ અને વાસનાક્ષયને અખાની માફક 'સાગર' પણ અત્યંત આવશ્યક ગણાવે છે. અજાતવાદનો આ મૂળભૂત સિધ્ધાન્ત છે.

: ૧ : મન મર્યું એ જ વિજ એ જ છે પૂર્ણતા –
... તન મુવે મુક્તિ નથી પામવાની ![૫૭૬]

: ૨ : સુખ અને દુ:ખ એ મન તણાં ભ્રમણ છે,
... મન શમન એ ખરી જિન્દગાની.[૫૭૭]

: ૩ : આશ નૈરાશ્ય એ ઉભય ભવપાશના –
... વ્યર્થ શાને વિકલ્પો ઉઠાવું ?[૫૭૮]

: ૪ : નાટય નાટક અને નટરૂપે તું બને !
... શૂન્યમાં કૃત્ય શું જાદૂવાળું ![૫૭૯]

ભક્તિ અને જ્ઞાન એવું દ્વૈત 'સાગર' સિધ્ધાન્તમાં સ્વીકારતા જ નથી. જ્ઞાની અને ભકત ઉભયની અંતિમ દશા તો બ્રહ્માનુભવીની

---

૫૭૨. 'અખાની વાણી', પૃ. ૫૭ : ૫૭૩. એજન, પૃ. ૬૩
૫૭૪. એજન, પૃ. ૬૪ : ૫૭૫. એજન, પૃ. ૬૧
૫૭૬. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૦૯
૫૭૭. એજન, પૃ. ૪૧૨ : ૫૭૮. એજન, પૃ. ૪૫૩ : ૫૭૯. એજન, પૃ. ૪૧૦

હું ટાળી અછતો થઇ રહે, હરિ-પ્રવાહ માંહે-થો વહે,
પોતાપણેથી જે નર ટળે, એ અણ-આયાસે હરિ-સાગર ભળે.[૫૮૦]

હું નહિ ગુણ ઇન્દ્રિય દેહવાન, પ્રકૃતિ પુરુષનુ નહિ મુજ માન,
મુજમાં સહુ, હું સર્વાતીત ; હું છું ત્યાં નહિ દ્વૈતાદ્વૈત.[૫૮૧]

અખા મનાતીત ત્યમનું ત્યમ, એતો મનની વૃત્યમાં મનની ગમ.[૫૮૨]

ભક્તિ અને જ્ઞાન એવું દ્વૈત 'સાગર' સિધ્ધાન્તમાં સ્વીકારતા જ નથી. જ્ઞાની અને ભક્ત ઉભયની અંતિમ દશા તો બ્રહ્માનુભવીની જ હોઇ, ભક્તિજ્ઞાનનું ઐકય 'સાગરે' પણ સ્વીકાર્યું છે. અખાની માફક 'સાગર' પણ ભક્તિ-જ્ઞાનની એકવાકયતા 'ભક્તિ-રાણી' પ્રભાતમાં આ પ્રમાણે સમજાવે છે :

ભક્તિને બારણે જ્ઞાનને વાસણે -
મુક્તિ દાસી ભરે રોજ પાણી ![૫૮૩]

પ્રેમને જ્ઞાનની એકતા અનુભવી -
જીવવાની નવી જિન્દગાની.[૫૮૪]

જગત ભાવ રહેથી ગયો, ત્યારે તાં વૈરાગ જ થયો,
જયાં જુએ, હરિ દષ્ટે પડે, ત્યારે ભક્તિ સરાડે ચઢે,
દ્વૈત ભાત અખા જયારે ગયું, એ ત્રણ પ્રકારે જ્ઞાન જ થયું.[૫૮૫]

'સવિતાનું પ્રભાતમાં' પણ સાગરે ભક્તિ અને જ્ઞાનના અદ્વૈત ધ્વારા મુક્તિની મોજ માણવાનું ઉદબોધન કર્યું છે.

---

૫૮૦. 'અખાના છપ્પા' - સંપાદક શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૨
૫૮૧. એજન, પૃ. ૯ : ૫૮૨. એજન, પૃ. ૫
૫૮૩. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૧૨
૫૮૪. એજન, પૃ. ૪૦૯ :
૫૮૫. 'અખાના છપ્પા' - સંપાદક શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૮૪

ભક્તિને જ્ઞાન અદ્વૈતમાં આચરી -
મુક્તિની મોજ લે રોજ માણી. ૫૮૬

ભાઈ ભક્તિ જેહવી પખણી, જેહને જ્ઞાન વેરાગ્ય બેઉ પાંખ છે,
ચિદાકાશ માંહે તેજ ઉડે જેને સદગુરૂરૂપી આંખ્ય છે. ૫૮૭

ઇન્દ્રિય નિગ્રહ અને મનશમનને જ બ્રહ્માનુભવ માટે આવશ્યક ગણાવતી ઉપનિષદની 'દ દ દ' ની આખ્યાયિકામાં પણ સાગરે અજાતવાદના સિધ્ધાન્તનું જ નિરૂપણ કર્યું છે.

દમન કર ! દમન કર ! દમન કર મનતણું,
બ્રહ્મમાં જીવગમન એમ કીજીએ. ૫૮૮

'કાન્ત' અને 'કલાપી' ધ્વારા 'સાગર'ની વિચારધારા પરત્વે સ્વીડનબોર્ગની પ્રબળ અસર થઇ હતી. પરિણામે 'સવિતાનું પ્રભાત'માં સ્થૂલ રવિને બ્રહ્મના પ્રતીક તરીકે તેમ જ ઉષ્મા અને તેજને પ્રેમ અને જ્ઞાન - બ્રહ્મરવિનાં બે લક્ષણો તરીકે દર્શાવ્યા છે.

પ્રતિદિને જાગતાં, સ્થૂલ રવિ નીરખતાં -
સૂક્ષ્મ સમરૂપને લે પિછાની ;
પ્રેમ ઉષ્મા અને જ્ઞાન એ તેજ છે,
વિલસતી સૃષ્ટિ સુરભાવનાની. ૫૮૯

<u>દીવાને સાગર દફતર ૨ :-</u>

'દીવાને સાગર', દફતર ૨ના ત્રણ પ્રભાતિયાં ધ્વારા ~~સમજાવવા~~ સાગરે આત્માનુભવનો પોતાનો માર્ગ સમજાવવા માટે જ્ઞાનમાર્ગની પરંપરા દર્શાવી અક્ષય પ્રભાત - બ્રહ્માનુભવનું દર્શન કરાવ્યું છે.

---

૫૮૬. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૦૯
૫૮૭. 'અખાની વાણી', પૃ. ૧૧
૫૮૮. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૦૮
૫૮૯. એજન, પૃ. ૪૦૯

પોતાની આત્મસાધનાનો માર્ગ સમજાવવા માટે સાગરે પ્રયોજેલા નકશામાંના પ્રભાતનો નકશો : પરિશિષ્ટ બ : માં ભકિત અને જ્ઞાનના બે સમાન્તર અને સમરુપ પ્રવાહોનું સ્વાનુભવયુકત નિરૂપણ કરી મહત્વ દર્શાવ્યું છે.

બ્રહ્માનુભવ થયા પછીની જીવાત્માની પૂર્ણ અદ્વૈતની સ્થિતિ દર્શાવતું પ્રભાત 'ઓમ ભૂર્ભુવ: સ્વ: તત્સવિતૂકે' માં 'સાગર' અજાતવાદનો મૂળભૂત સિધ્ધાન્ત સમજાવવા માટે તત્વજ્ઞાનની પરિભાષા ધ્વારા વાસનાક્ષય - મનોનાશનો મહિમા દર્શાવે છે. જુઓ :

મન્ત્ર મહા મન્ત્ર - શૂન્ય હે - સમાધિકે !
સ્વયં હે સમાધિકે ![૫૯૦]

ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠી તશરીહમાં આ મહામંત્ર શૂન્ય આ પ્રમાણે સમજાવે છે. "શૂન્ય એટલે મનોનાશ, વાસનાક્ષય - મનને શૂન્ય કરવું એ જ મહામંત્ર. મનોનાશ ધ્વારા જ મોક્ષ."[૫૯૧]

બીજા બે પ્રભાતિયાં ૧. 'ઓમ ભૂર્ભુવ: સ્વ: રુપ મ્હારું' અને ૨. 'ઓમ ભૂર્ભુવ: સ્વ: નામ મ્હારું' માં સાગરે પોતાની બ્રહ્માનુભવ સ્થિતિનું દર્શન કરાવ્યું છે. મન, બુધ્ધિ અને ચિત્તની નિર્વિકલ્પતા એ આત્માનુ શુધ્ધ સ્વરૂપ છે. સતગુરુની પાદુકાનું સેવન અને પરિવ્રાજિકા વૃત્તિનું સાતત્ય આત્માના સહજ સ્વરૂપની પ્રાપ્તિના બે મુખ્ય સાધનો દર્શાવતાં 'સાગર' પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે વ્યકત કરે છે :

સેવતાં સેવતાં સતગુરુ પાદુકા,
વૃત્તિ પરિવ્રાજિકા પૂર્ણ ધારૂં,
બ્રહ્મચારી અચલ, સત્યવ્રત ભર્ગ બલ,
ઓમ ભૂર્ભુવ: સ્વ: રૂપ મ્હારૂં.[૫૯૨]

---

૫૯૦. 'દીવાને સાગર,' દફતર ૨, પૃ. ૧૩૯
૫૯૧. એજન, પૃ. ૨૪૬ : ૫૯૨. એજન, પૃ. ૧૪૦

'ઓમ ભુર્ભુવ: સ્વ: નામ મ્હારૂં' પ્રભાતિયામાં સાગરે જ્ઞાનમાર્ગની પરંપરા વિગતે સમજાવી છે. તેમાં આ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ સૌ પ્રથમ બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કય મુનિએ તેમની પત્ની મૈત્રેયીને (બૃહદારણ્યક ઉપનિષદ્ ૪: ૫: ૬-૧૪ : કપિલમુનિએ તેમની માતા દેવહુતિને : શ્રીમદ ભાગવત- તૃતીય સ્કંધ, અધ્યાય ૨૫, ૨૬, ૨૭) ભગવાન શંકરે માતા પાર્વતીને (રામગીતા - અધ્યાત્મ રામાયણ ; ઉત્તરકાણ્ડ ; સર્ગ ૫મો) અને વસિષ્ઠમુનિએ તેમની પત્ની અરુંધતીને આપ્યો હોવાનો નિર્દેશ કર્યો છે. પરમાત્મા સાથેની પોતાની અભિન્નતા વ્યકત કરતાં બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કય મૈત્રેયીને પોતાનું સ્વરૂપ આ પ્રમાણે સમજાવે છે :

> બ્રહ્મવેત્તા ઋષિ યાજ્ઞવલ્કયે કહયું :
> મિત્ર મૈત્રેયી - આ સ્વરૂપ મ્હારૂં ।
> પૃથિવી, જલ, તેજ ને વાયુને વ્યોમ આ -
> ઓમ્ ભૂર્ભુવ: સ્વ: નામ મ્હારૂં.[૫૯૩]

તુરીય પદનો સ્વાનુભવ સાગરે નીચેની પંકિતઓ ધ્વારા અભિવ્યકત કર્યો છે :

> બ્રહ્મસાગર હવે તુરીય પદ અનુભવે ।
> જગત ગુરુ બ્રહ્મનું દિવ્ય બ્હારૂં ।
> સત્યંવ્રત સેવજે સદગુરુ શબ્દને -
> ઓમ ભુર્ભુવ: સ્વ: નામ મ્હારૂં.[૫૯૪]

આ ત્રણે પ્રભાતિયામાં સાગરે પોતાનો અંગત અનુભવ વ્યકત કર્યો છે. ગાયત્રીની ઉપાસનાના મંત્ર ધ્વારા 'સાગર' વૃત્તિઓનો ક્ષય થતાં પૂર્ણતાના સ્વાનુભવની પ્રાપ્તિ થાય છે એ આ પ્રમાણે સમજાવે છે :

---

૫૯૩. એજન, પૃ. ૧૪૧
૫૯૪. એજન, પૃ. ૧૪૧

પૂર્ણ મિદં પૂર્ણ થાય સ્વસંવેદ્ય અનુભવાય,
વૃત્તિ અવૃત્તિ થવાય, ગાય સકલ દેવતાઃ સ્વધર્મકારિકે –
ભદ્ર ભદ્ર ભવતુ હે શિવંકારિકે ![૫૯૫]

જગત વસ્તુતઃ શૂન્ય છે. વાસનાક્ષય – મનોનાશ ધ્વારા પરબ્રહ્મનો સાક્ષાત્કાર અનુભવી શકાય છે. આ સિધ્ધાન્તનું નિરૂપણ સાગરે આ ત્રણે પ્રભાતિયાં ધ્વારા સચોટશૈલીમાં લાક્ષણિક રીતે કર્યું છે.

પરિશિષ્ટ બમાં આપેલા પ્રભાતના નકશામાં દર્શાવેલી જ્ઞાનમાર્ગની પરંપરાના સંદર્ભમાં 'ઓમ ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં' પ્રભાતિયાની રચના થઇ છે એ સ્પષ્ટ જ છે.

'દીવાને સાગર' દફતર ૧ના પ્રભાતિયાંની ભાષા સાદી, સ્પષ્ટ અને અસરકારક છે. પરંતુ બીજા દફતરના આ ત્રણે પ્રભાતિયાંમાં જ્ઞાનમાર્ગની પરંપરા સમજાવી હોવાને કારણે બાનીમાં સંસ્કૃત શબ્દોનો તેમ જ તત્વજ્ઞાનની પરિભાષાનો બહોળો પ્રમાણમાં વિનિયોગ કર્યો હોવાને કારણે બાનીની મનોહરતા કવિ સાધી શકયા નથી. કથચિત વ્યની સચોટ પ્રાસાદિક અભિવ્યક્તિ તેમ જ કાવ્યના આંતરિક સૌન્દર્યનો આસ્વાદ માણતાં પહેલાં સાગરે પ્રયોજેલી તાત્વિક પરિભાષા સમજવાનો અધિકાર ભાવકને પ્રાપ્ત કરવો પડે છે. થોડાક નમૂનાઓ જોઇએ :

ઓમ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતૃકે – અહા ! સત સવિતૃકે !
સદા સન્નિય તૃકે ! સ્વયં બ્રહ્મ તૃકે લ હલે ! ગુરુનિમ તૃકે !
સ્વસ્તિ ! સ્વસ્તિ ! સ્વસ્વરૂપ શારદામ્બિકે ![૫૯૬]

---

૫૯૫. એજન, પૃ. ૧૩૯
૫૯૬. એજન, પૃ. ૧૩૯

ભક્તિ-જ્ઞાનના કાવ્યો માટે ભાવકના અધિકાર-વિશેષનું મહત્ત્વ સ્વીકારીએ તો 'સાગર'નાં કાવ્યોમાં રહેલી દુર્બોધતાની ટીકાનું નિરસન થાય છે.

શ્રી અરુન્ધતી પ્રતિ મુનિ વસિષ્ઠે કહ્યું !
વેદ શ્રુતિ પ્રોક્ત સદ્ધર્મ ચારુ;
હંસપદ પ્રસ્થિતા પતિવ્રતા પ્રેમદા -
"ઓમ્" ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં. ૫૯૭

કવિએ સંસ્કૃતમય શૈલીનો આગ્રહ રાખ્યો નથી ત્યાં તાત્ત્વિક વિચારોની અભિવ્યક્તિ સરળ, સચોટ અને પ્રાસાદિક બની છે. તત્ત્વજ્ઞાન જેવા ગહન વિષયને પણ સરળ રીતે અભિવ્યક્ત કરતી 'સાગર'ની કાવ્યમય બાનીના બે નમૂના :

બ્રહ્મકુંવર, અહો ! વિજપદે સ્થાપીએ,
આપીએ સત્યવ્રત નામ સારૂં. ૫૯૮

... ... ...

અજ અજાને કહે, શિવ ઉમા પ્રતિ વહે,
ગુપ્તમાં ગુપ્ત ઉધ્ધારનારૂં :-
"હું જ પરિબ્રહ્મ છું", કહીશ ના કોયને !
"ઓમ્" ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં. ૫૯૯

બાહ્યસ્વરૂપને દૃષ્ટિએ તેમ જ વિચારભાવની દૃષ્ટિએ આ પ્રભાતિયાં પર અખિલ બ્રહ્માંડ"માં કે ની-રખને ગગનમાં જેવા નરસિંહ મહેતાના આત્માનુભવયુક્ત જ્ઞાનપ્રધાન પ્રભાતિયાંની પ્રબળ અસર વરતાયા વિના નથી રહેતી. 'ઓમ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતૂકે'માં

---

૫૯૭. એજન, પૃ. ૧૪૧
૫૯૮. એજન, પૃ. ૧૪૦
૫૯૯. એજન, પૃ. ૧૪૧

પ્રયોજાયેલા શબ્દો પુરુષહંસ, ઉલટહંસ, રાજહંસ કબીરના જ્ઞાનમાર્ગી પરંપરા સમજાવતા પદોની સીધી અસર દર્શાવે છે. 'સાગર' ની તાત્ત્વિક વિચારણાની ઇમારત પર સવિશેષ અજાતવાદના મૂળભૂત સિધ્ધાન્તો – વાસનાક્ષય-મનોનાશને સાગરે આપેલા પ્રાધાન્ય પરત્વે જ્ઞાનમાર્ગના એમના ગુરુ અખાની પ્રબળ અસર જોઇ શકાય છે. ભક્તિ-જ્ઞાનના બન્ને પ્રવાહોને એકરૂપ અનુભવી તુરીયપદના સ્વાનુભવને આત્માનુભૂતિ-સંપૃષ્ટ કાવ્યમય બાનીમાં અભિવ્યક્ત કરનાર 'સાગર' અને અખાની વિચારધારાનું સામ્ય લગભગ દરેક કૃતિમાં દર્શાવી શકાય તેમ છે. તાત્ત્વિક વિચારણાની વેધક સચોટ અભિવ્યક્તિ પાછળ સાગર ની આત્માનુભૂતિનું બળ રહેલું છે. હિમાચલ નિવાસ પછી ઇ.સ. ૧૯૧૬ થી જીવનના વીસેક વર્ષો પ્રભુભક્તિમાં વ્યતીત કરનાર આત્માનુભવી સૂફી સંતની વાણીનું – સંતબાનીનું ગૌરવ 'સાગર' ની લગભગ બધી જ કૃતિમાં આસ્વાદ્ય બની રહે છે એ જ એમની કૃતિઓની સિધ્ધિ છે.

'સાગર' ના પ્રભાતિયાંના આંતરસ્વરૂપ પરત્વે નરસિંહ મહેતા, અખાજી અને કબીરની પ્રબળ અસર હોવા છતાં તેની અભિવ્યક્તિમાં 'સાગર' ની પોતાની લાક્ષણિક શૈલીની છાપ ઉઠયા વિના રહેતી નથી. વેધક, સચોટ લાક્ષણિકનું પ્રેરક અને સંચાલક બળ કવિએ પોતે અનુભવેલી આધ્યાત્મિક જીવનની પૂર્ણતા છે. 'સાગર' ના પ્રભાતિયાંની આ લાક્ષણિકતા છે.

પ્રભાતિયાંના વિચારદેહને કલાનું રૂપ અર્પનાર બીજાં ત્રણ લાક્ષણિક તત્ત્વો ૧. શબ્દલાલિત્ય, ૨. સંગીતક્ષમતા અને ૩. અર્થ-ગાંભીર્યને પણ ગણાવવાં જોઇએ.

શબ્દોને લડાવવાની અને તે ધ્વારા અર્થની વિભિન્ન છટાઓ અભિવ્યક્ત કરવાનું કવિ કૌશલ 'સાગર'ના પ્રભાતિયાંની અનુપમ સિધ્ધિ છે. જુઓ :

ભર્ગરૂપ, ધર્મરૂપ, અલખરૂપ, અગ્નિરૂપ –
બ્રહ્મરૂપ, સ્વસ્વરૂપ હે અનાદિકે ! –
... ... ...
ભક્તિમંત્ર, મુક્તિમંત્ર – આત્મરૂપ સર્વતંત્ર
મંત્ર મહામંત્ર : શૂન્ય હે ! સમાધિકે !
સ્વયં હે સમાધિકે ![૬૦૦]

સંગીતની ધૂનમાં આપોઆપ ખેંચી જાય એવું શબ્દોનું અદ્ભુત સામર્થ્ય કવિએ સિધ્ધ કરી બતાવ્યું છે. શબ્દલાલિત્ય ધ્વારા સંગીતક્ષમતા સાધવાની અજબ યુક્તિ પ્રભાતિયાંની પરંપરામાં 'સાગર'નું લાક્ષણિક પ્રદાન છે.

બ્રહ્મસાગર હવે તુરીયપદ અનુભવે !
જગત ગુરુ બ્રહ્મનું દિવ્ય બ્હારૂં !
ચિત્ત, મન, બુધ્ધિ હું નિર્વિકલ્પે રહું[૬૦૧]

"ઓંકમ" ભૂર્ભુવઃ સ્વઃ રૂપ મ્હારૂં,
શાન્ત સાગર હવે, ઉન્મુતિ અનુભવે,
લક્ષ્યમાં વાસ્તવે અરૂપ વારૂં ![૬૦૨]

મન, બુધ્ધિ અને ચિત્તની નિર્વિકલ્પતા ધ્વારા મન ઉન્મન થતાં અપરોક્ષાનુભવ પ્રાપ્ત થાય છે. પોતાનો સ્વાનુભવ વ્યક્ત કરવા માટે તત્ત્વજ્ઞાનની પરિભાષાનો ઔચિત્યપૂર્વક વિનિયોગ 'સાગર'નાં પ્રભાતિયાંને વિશેષ ઓપ આપે છે.

---

૬૦૦. એજન, પૃ. ૧૩૯ : ૬૦૧. એજન, પૃ. ૧૪૧ : ૬૦૨. એજન, પૃ. ૧૪૦

: ૫ : ગરબા – ગરબી :–

પ્રેમલક્ષણાભક્તિના પદોમાં કે ગરબા – ગરબીઓમાં ગોપી જોડે તાદાત્મ્ય સાધીને લખનાર ભક્ત જ સચોટ અને સરળરીતે ભાવાલેખન કરી શકે. "ઊર્મિ જેટલી પ્રબળ તેટલી કાવ્યની ઉત્તમતા વિશેષ"[૬૦૩] નરસિંહ અને દયારામની માફક 'સાગર'નાં પદોનું ઉર્મિતત્ત્વ સ્વાનુભવના રસે રસાયેલું હોઇ કાવ્યદેહ ધારણ કરે છે. ઊર્મિતત્ત્વ પ્રબળ હોવાને કારણે ભાવોચિત શબ્દાવલિ એની મેળે સ્ફૂરી આવે છે. પ્રેમલક્ષણાભક્તિની શૃંગારરસપ્રધાન ગરબીઓમાં પાલગ્રેવે દર્શાવેલું ઉર્મિકાવ્યનું લક્ષણ – કોઇ એક વિચાર, લાગણી, કે પરિસ્થિતિનું આલેખન[૬૦૪] પ્રતીત થાય છે. ડૉ. મંજુલાલ મજમુદાર કહે છે તેમ : "ગરબી એ એકધારી ટૂંકી અને ભાવપ્રધાન રચના છે".[૬૦૫]

'સાગર'ની ગરબીઓમાં કાં તો કોઇપણ બનાવના ક્રમિક વિકાસનું આલેખન અથવા કોઇ પાત્રના મનોભાવનું આલેખન કથનાત્મક અથવા નાટયોચિત સ્વરૂપમાં થયું હોય છે. ડૉ. ચન્દ્રકાન્ત મહેતાએ 'મધ્યકાળના સાહિત્ય પ્રકારો'માં નાટયાત્મક ઉર્મિકાવ્ય માટે પાત્રોના સંવાદ ધ્વારા થતો ઉપાડ તેમ જ પાત્રોના વિકાસમાં વર્ણમાધુર્ય, અને તે ધ્વારા રસમયતાને આવશ્યક લક્ષણો ગણાવે છે.[૬૦૬] ઊર્મિની નિરૂપણ પધ્ધતિ માત્ર ઉક્તિઓ રૂપે અથવા પાત્રધારા વર્ણનરૂપે એમ બન્ને રીતે થઇ શકે. સાગરે આ બન્ને પધ્ધતિઓનો વિનિયોગ કર્યો છે.

---

૬૦૩. 'મધ્યકાળના સાહિત્યપ્રકારો' – ડૉ. ચન્દ્રકાન્ત મહેતા, પૃ. ૬૧
૬૦૪. એજન, પૃ. ૧૨૭
૬૦૫. 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો', ડૉ. મંજુલાલ ર. મજમુદાર, પૃ. ૫૪૩
૬૦૬. 'મધ્યકાળના સાહિત્ય પ્રકારો' – ડૉ. ચન્દ્રકાન્ત મહેતા, પૃ. ૧૨૧

ગરબાગરબીની રચના – બંધારણમાં સૌથી અગત્યનું અંગ ધ્રુવપદ કે ટેકનીપંક્તિ છે. ધ્રુવપદ ચોટદાર અને આકર્ષક હોવું અનિવાર્ય છે. વસ્તુનાને આલેખન રીતિના વૈવિધ્યનો આધાર તેના ચોટદાર ધ્રુવપદ પર છે.

આ ઉપરાંત પણ પુનરાવર્તન, વર્ણાનુપ્રાસની મધુર રચના, વર્ણ બેવડાવવાની યુક્તિ ધ્વારા માધુર્ય તેમ જ ઊર્મિતત્ત્વના પ્રબળ આલેખન અને ભાવોચિત શબ્દાવલિ પણ સાધ્ય થઇ શકે છે. રૂપક, દષ્ટાંત, અને પ્રતીકો ધ્વારા કવિ અભિવ્યક્તિમાં સચોટતા સાધી શકે છે. 'ચિત્રમય જગત'ના ગરબીના લેખાંકમાં શ્રી જયંત જોષીએ ગરબીકારની કુશળતાનાં લક્ષણો આપ્રમાણે દર્શાવ્યાં છે : "સૂરાવટના આરોહ – અવરોહને અનુસરી વર્તુલાકારે ફરતા વૃંદના ચક્રમાં થતા સંકોચ– વિકાસને ઉપકારક શબ્દ યોજના, ભાવગૂંથન ગરબીકારની કુશળતાનું લક્ષણ છે". [૬૦૭]

ભાવના ગૂંથન સાથે ભાવનું તીવ્ર સંવેદન, શબ્દયોજનામાં સંગીત – સૂઝ અને શબ્દોની સૂરાવટથી ઉત્પન્ન થતો નાદ, દેહ પણ ભાવાભિવ્યક્તિમાં સાથ પૂરાવે છે. ગરબીના બીજાં આવશ્યક લક્ષણોમાં ટેક–પંક્તિનું પ્રયોગ–વૈવિધ્ય, સમગ્રરચનાના ભાવ ઘુંટાણ તેમ જ રમતીયાળ છતાં રમણીયને કવિતાની સુરાવટને પોષક નાદ માધુર્યયુક્ત ભાષાનું પ્રયોજન પણ શ્રી જોશીએ દર્શાવ્યું છે. [૬૦૮]

શૃંગાર–રસપ્રધાન પ્રેમલક્ષણાભક્તિ વિષયક ગરબા–ગરબીઓમાં રાધાકૃષ્ણના વિરહ– મિલનના ઝઝૂમાવોનું સ્વાનુભવયુક્ત આલેખન

---

૬૦૭. 'ચિત્રમય જગત': ગરબીલેખાંક – શ્રી જયંત જોષી, પૃ. ૬૧૨

૬૦૮. એજન, પૃ. ૬૧૭

થયું છે. ભાવ પરત્વે મીરાંબાઇ અને દયારામની પ્રબળ અસર સ્પષ્ટ જોઇ શકાય છે. એમાં પ્રેમલક્ષણાભક્તિ ઉપરાંત સૂફીવાદ, અને અજાતવાદની ભાવનાઓનું પણ આલેખન થયું છે. ઇશ્કેમજાઝી તેમ જ ઇશ્કે હકીકી વચ્ચેના તાત્વિક ભેદની ચર્ચા તેમ જ આત્માનુભવ માટે અનન્ય પ્રેમભક્તિ, દઢવૈરાગ્ય, પુરુષાર્થ, અદ્વિતીય ગુરુભક્તિ અને નામસ્મરણને આવશ્યક સાધનો ગણાવે છે. રાગ-ત્યાગથી પર આત્માનુભવની દશાનું નિરૂપણ પણ 'સાગર'ની ગરબીઓના ભાવ પક્ષે જમા પાસું છે. પ્રેમલક્ષણાભક્તિ, સૂફીવાદ અને અજાતવાદની ભાવનાઓનોસુભરા સમન્વય 'સાગર'ની ગરબીઓમાં નિરૂપાયેલા વિચારભાવનું વિશિષ્ટ અંગ છે :

'દીવાને સાગર', દફતર ૧ના ગરબા :-

'દીવાને સાગર' - દફતર ૧ના બીજા તબક્કાના બે ગરબા 'પ્રેમનું નિમંત્રણ' અને 'નેપથ્યમાં' તેમ જ ત્રીજા તબક્કાના બે ગરબા 'વિજોગણ' અને 'યાદીમાં' સાગરે પોતાના સ્નેહયોગના સિધ્ધાંતોનું નિરુપણ કર્યું છે. ગરબા અને ગરબી બંનેમાં ગોપીભાવે શ્રી કૃષ્ણના વિરહ અને મિલનના નાજુક ભાવોનું ઊર્મિસ્પૃષ્ટ આલેખન વર્ણ્યવિષય હોઇ ભાવદષ્ટિએ દયારામની પ્રબળ અસર જણાઇ આવે છે. ગરબા અને ગરબીની ભાવસૃષ્ટિ અવલોકીને પછી આપણે તેની કળાદષ્ટિની સમીક્ષા કરીએ.

જગતના ભાવિક સંબંધનો ત્યાગ કરવા માટે ઉપદેશતા 'સાગર' પોતાનું સર્વસ્વ ફના કરનાર જ પ્રેમના સાચા પૂજારી બની શકે એ સિધ્ધાંત 'પ્રેમનું નિમંત્રણ'માં અભિવ્યકત કર્યો છે.

આગમાં કૂદેલાં પામેલાં પ્રભુજીને, પાલવે તો આપ ઝંપલાવજો રે !
સહુ પ્રેમનાં પૂજારી પધારજો !

... ... ...

સ્નેહનો નેહડા લાગે હૈડામાં, તો કદી ન બીજું વિચારજો રે !
સહુ પ્રેમનાં પૂજારી પધારજો ![૬૦૯]

ગોપીની ઉક્તિમાં પોતાની વિરહદશાનું ઉત્કટ આલેખન 'વિજોગણ' તેમ જ 'ચાંદી' ગરબાઓનો વર્ણ્યવિષય છે. પોતાના દેહનું ભાન પણ ગુમાવી દીધું છે અને શ્યામના મિલનને ઝંખે છે એવી ગોપીનો હૃદયભાવ સાગરે આપ્રમાણે અભિવ્યક્ત કર્યો છે.

જુદી કરી તે ત્યારથી – નથી શરીરનું ભાન –
હૈયા સૂની હું આથડું – લાગ્યું – લાગ્યું, કહાના ! તારું તાન –
સખિ ! કોઇ શ્યામ મિલાવે ?[૬૧૦]

પોતાના પ્રિયતમ શ્રી કૃષ્ણની લગની તેમ જ મોહિનીની માદક અસર અને તેની યાદનું રસસભર ચિત્ર નીચેની પંક્તિઓમાં છે :

મીઠું તારું મુખડું – : ને : મીઠડલાં તુજ વેણ :
મને બનાવી બાવરી – લાગ્યાં – લાગ્યાં, પ્રીતમ તારાં નેણ –
ભૂલકણા ! હો ! ભૂલી ન જઇયે.[૬૧૧]

'દીવાને સાગર' દફતર ૧ની ગરબીઓ તેમ જ દફતર ૨ના 'શ્રી ગીતાનો ગરબો' તેમ જ ગરબીઓમાં પણ ગોપીભાવે શ્રી કૃષ્ણના વિરહ અને મિલનના નાજુક ભાવોનું આલેખન થયું છે. 'શ્રી ગીતાનો ગરબો' માં ગીતાના તાત્વિક સિધ્ધાંતોની અભિવ્યક્તિ ખાસ ધ્યાન

---

૬૦૯. 'દીવાને સાગર,' દફતર ૧, પૃ. ૨૮૯

૬૧૦. એજન, પૃ. ૩૮૦

૬૧૧. એજન, પૃ. ૩૮૩

ખ્યે છે. શ્રીકૃષ્ણે અર્જુનને આપેલા બોધનો નિષ્કર્ષ સરળ, સચોટ બાનીમાં અભિવ્યક્ત થયો છે. ગીતાના જ્ઞાનનો નીચોડ શ્રીકૃષ્ણના મુખે અર્જુન પ્રાપ્ત કરે છે :

આ મ્હારાં આ પારકાં – એ માયા એ મોહ ;
એવો ભેદ કર્યા વિના – ધર્માધર્મ જ જોય –
જીવન્મુક્ત છતાં યે ન તજયાં રાજસ્થાન તે રે –
જેવા જનક વિદેહીને રઘુપતિ શ્રીરામ –
એવા અદ્દભુત વિધિએ ભણીએ ગીતાજ્ઞાનને રે ।[૬૧૨]

'દીવાને સાગર', દફતર ૧ના ત્રીજા તબક્કાની ગરબીઓ 'દિલદારી', 'પિછાન છે', 'સલામ છે', 'અલખ ગુરૂધામ', 'નારાયણ નામ અને 'હરિનામ માં રાધાકૃષ્ણના મિલન-વિરહના નાજુક ભાવોનું આલેખન થયું છે. સૂફીવાદના અને અદ્વૈતવાદની ભાવનાઓનો સમન્વય તેમ જ તાત્ત્વિક અર્થઘટન દ્વારા ભક્તિજ્ઞાનનું એકીકરણ ગરબીઓના વિચારદેહનું વિશિષ્ટ લક્ષણ છે. પ્રેમલક્ષણા ભક્તિ સૂફીવાદ અને અદ્વૈતવાદનો સુભગ સમન્વય સાધતી ગરબીઓના વિચારસંભારની કલાદૃષ્ટિએ કેવીક અભિવ્યક્તિ થઇ છે તે તપાસીએ.

: ૧ : <u>ઉપાડ અને આયોજન</u> :-

ગરબીનું વિશિષ્ટ લક્ષણ શબ્દ આયોજનામાં સંગીત સૂઝ, ટેકપંક્તિનું પ્રયોગ વૈવિધ્ય અને આકર્ષક ઉપાડ મુખ્ય છે. 'દિલદારી', 'પિછાન છે,' અને 'સલામ છે' ગરબીઓમાં 'દિલદારી' શબ્દના પુનરાવર્તન દ્વારા ઉપાડમાં વૈવિધ્ય લાવવાનો પ્રયત્ન જોઇ શકાય છે. મીરાંબાઇની

---

૬૧૨. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૧૫૧

જાણીતી ગરબી 'બોલ મા બોલ મા બોલ મા રે' અને 'પ્રેમની પ્રેમની પ્રેમની રે'[૬૧૩] ના ઉપાડને આયોજનાની સીધી અસર આ ત્રણે ગરબીઓની આયોજના તેમ જ ઉપાડ પરત્વે જોઇ શકાય છે. 'દિલદારી' ગરબીની પ્રથમ પંકિત આ પ્રમાણે છે – દિલદારી

દિલદારી ! દિલદારી ! દિલદારી ! રે –
હરિ ! તારે મારે ખરી દિલદારી ![૬૧૪]

ગરબીની બાકીની પંકિતઓની આયોજનામાં 'સાગર' ની પોતાની લાક્ષણિકતાનું દર્શન થાય છે. મીરાંબાઇની માફક આખી પંકિતના પાછળના ભાગ સાથે તેનો અનુપ્રાસ જાળવે છે. ત્રણે ગરબીઓની આયોજના આ પ્રકારની છે. જુઓ :

ગૌઆં પાવાને હું આવું જમુનાજી –
બંસી બજાવે તું મતવારી !
હરિ ! તારે મારે ખરી દિલદારી ![૬૧૫]

'અલખ ગુરુધામ,' 'નારાયણનામ,' 'ગુરુનામ' અને 'હરિનામ' ગરબીઓનો ઉપાડ અને આયોજના વિશિષ્ટ પ્રકારનાં છે. આ ગરબીઓ પરત્વે દયારામની પ્રબળ અસર તેમ જ ભાવપક્ષ પરત્વે અખાની અસર વર્તાય છે. પંકિતઓના ખંડના આંતરપ્રાસ મેળવી શબ્દલાલિત્ય સાધવાનો કવિપ્રયત્ન ત્રણે ગરબીઓમાં જોઇ શકાય છે. જુઓ :

---

૬૧૩. 'મીરાંબાઇના ભજનો', સંપાદક શ્રી હરસિધ્ધભાઇ દિવેટિયા, પૃ. ૧૮
૬૧૪. 'દીવાને સાગર,' દફતર ૧, પૃ. ૩૯૦
૬૧૫. એજન, પૃ. ૩૯૦

જેણે આઠ પ્રહર નામ દીધુ રે,
તેનું હુંપણું હરિએ લીધુ રે,
જીવ્યું જન્મ્યું કૃતાર્થ જ કીધું ![૬૧૬]

દશે દિશ સભર સુખસિંધુ રે !
હરિરૂપ વિરાટ લસન્તું રે !
બીજું છે જ નહીં ! કોને નિન્દું ?[૬૧૭]

'ચેતવણી' ગરબીનો ઉપાડ તેમ જ આયોજના પણ જુદા પ્રકારની છે. દોઢ પંક્તિનાં ત્રણ ચરણ પછી ટેકપંક્તિ આવે છે. ત્રણે ચરણોનો આંતરપ્રાસ પણ જાળવ્યો છે. ગરબીનો ઉપાડ આકર્ષક અને વૈવિધ્યપૂર્ણ છે. જુઓ :

પુરુષાર્થ વિના, માયામાં સુતેલું મન નહીં જાગે,
વૈરાગ્ય વિનાં, સત્સંગનો કાયમ રંગ ન લાગે.

... ... ...

માયામાંથી મન ઉંચકજે,
હરિ સન્તુ ગુરુચરણે ધરજે,
પુરુષાર્થ ખરું એ આદરજે ![૬૧૮]

આમ, ગરબીઓના ઉપાડ અને આયોજન પરત્વે મીરાંબાઇ તેમ જ દયારામના ઢાળનો તેમ જ આયોજનાપધ્ધતિનો સાગરે ઔચિત્યપૂર્ણ વિનિયોગ કર્યો છે.

---

૬૧૬. એજન, પૃ. ૪૧૮
૬૧૭. એજન, પૃ. ૪૧૭
૬૧૮. એજન, પૃ. ૪૨૭

'દીવાને સાગર' – દફતર ૨ની ગરબીઓ :–

'વ્હાલા વ્હાલા ઓ વ્રજલાલા,'
'કાના કાના કામણગારા'

'પ્રેમસ્વરૂપ પ્રભુનું ભજન,' 'સહજ સમાધિનું ભજન,' 'ત્રિપુરાનું ભજન' અને 'મીરાંના ભજનનો લયમાં ઉપાડ અને આયોજના પધ્ધતિ મીરાંબાઇ અને દયારામની રચના પ્રમાણે લીધાં છે. આંખના 'કામણ' નામક દયારામની ગરબીનો ઉપાડ જુઓ :–

કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે,
ભોળું ભાખ મા રે, કામણ દીસે છે અલબેલા,
મંદ હસીને ચિત્તડું ચોર્યું, કુટિલ કટાક્ષે કાળજ કોર્યું;
અદ્દપડિયાની આંખે ઝીણું ઝાંખમાં રે, ભોળું ભાખ.[૬૧૯]

'વ્હાલા વ્હાલા ઓ વ્રજલાલા!' અને 'કહાના ! કહાના ! કામણગારા' ગરબીઓના ઉપાડ તેમ જ આયોજનાની પધ્ધતિ આ ગરબી પરથી લીધાં હોય તેમ લાગે છે. 'શ્યામ રંગ સમીપે ન જવું' ગરબીનો રાહ 'ફેરો અમારો ફળ્યો રે' ગરબીમાં જોઇ શકાય છે. 'મૂકી દો મૂકો કર મારો કૃષ્ણજી!' ગરબીના ઉપાડ પરત્વે પણ દયારામની સીધી અસર છે. 'આંખના કામણ' તેમ જ 'મુજને અડશો મા' ગરબીઓના રચનાબંધમાં સાગરે થોડોક ફેરફાર કર્યો છે. સરખાવો :

મુજને અડશો મા, આઘા રહો અલબેલા છેલા અડશો મા,
એક ભયાંના સમ ખાવ તો, અધર તણો રસ પાઉં.[૬૨૦]

વ્હાલા વ્હાલા ઓ વ્રજલાલા! ગોકુળ આવશો...મા!
આવો આવો તો મતવાલા, બંસી લાવશો....મા!
અય બંસી! તું કામણગારી, હું માંથી હું જ વિસારી
આવા રાધાઘેલા છેક બનાવશો....મા![૬૨૧]

---

૬૧૯. 'દયારામ-રસસુધા' – સંપાદક શ્રી શંકરપ્રસાદરાવ, પૃ. ૬૧
૬૨૦. એજન, પૃ. ૭ : ૬૨૧. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૧૪૯

ટેકની પ્રથમ પંક્તિને બેવડાવી છે અને તે પછીની પંક્તિઓમાં ચાર ચરણ પછી ટેક પંક્તિ આવે છે. દયારામમાં ત્રણ પંક્તિ પછી ટેકપંક્તિ આવે છે. આમ 'સાગરે'ની ગરબીના બંધારણમાં થોડોક તફાવત છે. 'પ્રેમસ્વરૂપ પ્રભુનું ભજન', 'સહજ સમાધિનું ભજન' અને 'ત્રિપુરાનું ભજન' ગરબીઓની ટેકપંક્તિ આ પ્રમાણે છે :

નહીં રે બોલાવું – હું નહીં રે બોલાવું,
ઓ કહાના આજથી હું આપને નહીં રે બોલાવું !

... ... ...

લીધા અબોલડા પાળું !
ઓ કહાન ! આજથી હું લીધા અબોલડા પાળું.[૬૨૨]

... ... ...

'જમુના' ન્હાવાને નહીં આવું ! –
ઓ કહાન ! આજથી હું 'જમના' ન્હાવાને નહીં આવું ![૬૨૩]

'શ્યામ રંગ સમીપે ન જવું' ગરબીના ઉપાડનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ સાગરે કર્યો છે. 'મીરાંના ભજનનો લય' દીવાને સાગર – દફતર ર ની ઉત્તમ કોટિની ગરબી ગણાવી શકાય તેવી છે. આ ગરબીની આયોજના વિશિષ્ટ પ્રકારની છે. એના ઉપાડ, ટેકપંક્તિ તેમ જ રચનાબંધ પરત્વે મીરાંબાઈની 'બાઈ ! હું તો બાળકુંવારી રે' ! ગરબીની સીધી અસર છે.

: ૨ : <u>રચનાબંધની વિશેષતા</u> :–

દયારામની ગરબી 'મુજને અડશો મા' તેમ જ 'આંખના કામણ'ના રચનાબંધમાં ફેરફાર કરી સાગરે દોઢ પંક્તિને બદલે બે પંક્તિ એટલે

---

૬૨૨. એજન, પૃ. ૧૮૯
૬૨૩. એજન, પૃ. ૧૯૦

કે ચાર ચરણ પછી ટેકપંક્તિ આવે તેવી વ્યવસ્થા કરી છે. 'શ્યામ રંગ સમીપે ન જવું'ના રચનાબંધ પ્રમાણે 'ફેરો અમારો ફળ્યો રે' ગરબીની આયોજના કરી છે. મીરાંબાઇની ગરબી 'મુખડાની માયા લાગી રે'ના ઢાળ પ્રમાણે 'આ ભજનભેદ ભણી લેજો રે', 'કોઇ ચેતો હાં નરનારી રે' અને 'કોઇ પીઓ સાધુ અવધૂતા રે', તેમ જ 'નથી પાર પ્રભુ પોથાંનો', 'શી રીતે ભક્તિ કરીએ રે' અને કોઇ હરિજન હો તો આવો રે'નું બંધારણ જોઇ શકાય છે. 'શ્યામ રંગ સમીપે ન જવું'ની સીધી અસર 'પ્રેમસ્વરૂપ પ્રભુનું ભજન', 'સહજ સમાધિનું ભજન', અને 'ત્રિપુરાનું ભજન'ના રચનાબંધ પરત્વે તેમ જ 'મીરાંના ભજનનો લય' પરત્વે મીરાંબાઇની પ્રબળ અસર જોઇ શકાય છે.

: ૩ : <u>અભિવ્યક્તિ</u> –

– <u>શ્લેષ, પ્રતીક, ઉપમા અને રૂપકનો વિનિયોગ</u> :–

'સલામ છે' ગરબીમાં ઇશ્કેમજાઝી અને ઇશ્કે હકીકી વચ્ચેનો મૂળભૂત તફાવત દર્શાવવા માટે સાગરે પ્રયોજેલી રૂપક શૈલી 'અંગ્રેજી પ્યાલી' – 'વિલાયતી દારૂ' – ઇશ્કેમજાઝી તેમ જ 'અસલી ઇરાનીનું જામ' – 'ઇશ્કે હકીકીના સંદર્ભમાં પ્રયોજાયાં છે. સાગર 'સૂફીવાદમાં ઇશ્કે હકીકીને જ પ્રાધાન્ય આપતાં હોઇ રૂપકશૈલી ધ્વારા સચોટ રીતે ઇશ્કેમજાઝીના રાહનો સ્પષ્ટ ઇન્કાર કરે છે. જુઓ :–

સલામ છે – સલામ છે – સલામ છે રે –
પેલી અંગ્રેજી પ્યાલીને સલામ છે !
મારી માશુક મને પાતી દારૂડી !
અસલી ઇરાનીનું જામ છે રે ![૬૨૪]

---

૬૨૪. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૦૬

'દિલદારી' તેમ જ આ પ્રકારની બીજી પ્રેમલક્ષણા ભક્તિની ગરબીઓ તેમ જ પદોની વિશેષતા 'સાગર'નું તાત્ત્વિક અર્થઘટન છે. કૃષ્ણને હૃદયથી વરેલી અને એના પ્રેમમાં ઘેલી થઇ ગયેલી ગોપવધૂઓ તેમ જ ગાયોનો વિશિષ્ટ અર્થ શબ્દકોષમાં 'સાગર' સમજાવે છે. મનોવૃત્તિઓને ગોપીઓનું રૂપક અપાયેલું છે.[૬૨૫] જમુના અને ગંગાનો અર્થ પણ રૂપકશૈલી ધ્વારા સાગરે સમજાવ્યો છે. શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે યમુનાનો વિહાર કર્યાના તથા યમુના તટે અનેકવિધ પ્રેમક્રીડા કર્યાના ઉલ્લેખો શ્રીમદ્ ભાગવતમાં છે. આ ઉપરથી અનાદિ પરમાત્માની માયાને જમુનાનું રૂપક અપાયેલું છે. રજોગુણી પ્રકૃતિને પણ જમુનાનું રૂપક અપાયેલું છે.[૬૨૬] 'દિલદારી' ગરબીનો ભાવ રસરૂપ બ્રહ્મસ્વરૂપ શ્રી કૃષ્ણ પ્રત્યેના અનન્ય પ્રેમના સંદર્ભમાં સમજવા માટે સાગરે રૂપકશૈલી પ્રયોજી છે.

આ તાત્ત્વિક અર્થઘટન 'સાગર'ની ગરબીઓની અભિવ્યક્તિની લાક્ષણિકતા છે. જુઓ :-

ગૌઆં પાવાને હું આવું જમુનાજી,
બંસી બજાવે તું મતવારી !
હરિ ! તારે મારે ખરી દિલદારી ![૬૨૭]

દ્દષ્ટાંત ધ્વારા સિધ્ધાંતનું પ્રતિપાદન 'સાગર'ની બોધાત્મક શૈલીને ગરબીનું વિશિષ્ટ લક્ષણ છે. 'ચેતવણી'માં માયામાં સૂતેલા મનને જાગૃત કરવા માટે પુરુષાર્થની આવશ્યકતા સમજાવતાં સાગરે સચોટ દ્દષ્ટાંત-શૈલીનો વિનિયોગ કર્યો છે.

---

૬૨૫. એજન, શબ્દકોષ, પૃ. ૪૮૮
૬૨૬. એજન, પૃ. ૪૮૯
૬૨૭. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૩૯૦

રવિ સર્વ સ્થળે સરખો ઉગે,
કોઇ જાગે ને કોઇક ઉંઘે,
ઉંઘે તે સૂરજ નવ દેખે ! [૬૨૮]

વરસાદ બધે સરખો વરસે,
કોઇ બેસી રહે, કોઇ કમર કસે,
નાના હળ ઇન્દ્ર જ કર ધરશે ! [૬૨૯]

'દીવાને સાગર' - દફતર ૨ ની ગરબીઓમાં પણ તાત્વિક અર્થઘટન અને તે માટે રૂપકશૈલીનો વિનિયોગ ખાસ ધ્યાન ખેંચે છે. 'મૂકી દો મૂકો કર મારો કૃષ્ણજી' માં પાઠભેદ સુધારણા પ્રવૃત્તિ પણ ધ્યાન ખેંચે છે. આ ગરબીની નીચેની પંક્તિ જુઓ :-

પણ પણ પણ ઉલટે ધન સિંધુ અનંતનો !
મુગ્ધ વિવશ મન સરિતા ! સાગર ધોરજો !
ના - ના - ના ડૂબી - રે - ડૂબી રાધિકા -
તારો કે મારો તું નવલ કિશોર જો ! [૬૩૦]

આ પંક્તિઓનો પહેલાનો પાઠભેદ આ પ્રમાણે મળે છે :-

પણ પણ ઉલટયો સાગર જયાં પ્રેમઅનંગનો,
મુક્ત વિવશ મન અબળાનું શું જોર જો,
લૂંટયું લૂંટયું જોબનધન મારૂં સખી લૂંટારો મુજ પ્યારો
નવલ-કિશોર જો.

'પ્રેમઅનંગ' ને બદલે 'ધન સિંધુ અનંત' અને 'અબળા'ને બદલે 'સરિતા' તેમ જ તે પછીની પંક્તિઓના પાઠભેદ પરથી તાત્વિક અર્થઘટન,

---

૬૨૮. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૨૭
૬૨૯. એજન
૬૩૦. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૧૪

અર્થગાંભીર્ય તેમજ શબ્દલાલિત્ય અને ચિત્રાત્મકતાના અંગોનો અભિવ્યક્તિ માટે થયેલો ઉચિત વિનિયોગ જોઇ શકાય છે. ગોરસ લઇ જતી ગોપી પાસે દાણ માગતા કૃષ્ણને ગોપી આ પ્રમાણે જવાબ આપે છે :

ઘેલાં શાં કહાડો છો ? ઓ કહાંના ! તમે,
દઇએ તે શી રીતે જીવનદાણ જો ?[631]

શ્લેષ ધ્વારા અર્થગાંભીર્ય સાધવાની કવિની શક્તિની અહીં પ્રતીતિ થાય છે. 'વ્હાલા વ્હાલા ઓ વ્રજલાલા' અને 'કાના કાના કામણગાર', ગરબીઓમાં 'ગોકુળ', 'બંસી', 'મધુરપુરી' અને 'ગોવાળક' શબ્દો રૂપકશૈલીમાં તાત્ત્વિક અર્થઘટન માટેની વિશિષ્ટ શૈલીમાં પ્રયોજયાં છે. 'બંસીધરને'[632] કાવ્યની ટીકામાં તેમ જ શબ્દકોષમાં સાગરે આ તાત્ત્વિક અર્થઘટન દર્શાવ્યું છે. ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ 'વ્હાલા વ્હાલા ઓ વ્રજલાલા' ની ટીકામાં 'મધુપુરી' - 'મથુરા'ને ભક્તિના પ્રેમપ્રદેશનું રૂપક છે એવો નિર્દેશ કર્યો છે.[633] 'દીવાને સાગર' - દફતર ૧ ના શબ્દકોષમાં સાગર 'ગોકુળ', 'ગોપી', 'ગૌઆં' અને 'જમુના' જેવા પ્રેમલક્ષણા ભક્તિની ભાવના સમજાવતાં શબ્દોની પાછળ રૂપકાત્મક શૈલી ધ્વારા અનુસ્પૂત અર્થ સમજાવે છે.[634]

અજાતવાદની પરિભાષા અને પ્રેમલક્ષણાભક્તિની પરિભાષાના વિનિયોગ ધ્વારા ભક્તિજ્ઞાનનું એકીકરણ તેમ જ પ્રેમલક્ષણા ભક્તિ અને અજાતવાદી ભાવનાનો સમન્વય સાધતી રૂપકશૈલી સાગર ની ગરબીઓમાં અભિવ્યક્તિનું લાક્ષણિક અંગ બની રહે છે. વ્હાલા વ્હાલા

---

૬૩૧. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૧૪
૬૩૨. 'ઓમ શ્રી સાગર નું કૃષ્ણકીર્તન', પ્રસ્તાવના.
૬૩૩. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૨૪૯
૬૩૪. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૮૮-૪૮૯

'આ વ્રજલાલા' માંથી અજાતવાદની ભાવનાનું અર્થઘટન તેમ જ તે માટે પ્રયોજેલી પ્રેમલક્ષણા ભક્તિ અને અજાતવાદના સમન્વય માટેની રૂપક શૈલીના બે નમૂનાઓ જોઇએ :

> અયિ બંસી ! તું કામણગારી,
> હું માંથી દે હું જ વિસારી ! –
> આવાં રાધાઘેલાં છેક બના.... વશો.--આ!
>
> ... ... ...
>
> નાદ નવલ ' ઉન્મનિ ' ઘર આધો –
> ઠેઠ સગુણ નિર્ગુણ પર જાગ્યો –
> અગ વિહંગમ સાગર રંગ ઉડા.... વશો.--આ[635] !

'પ્રેમસ્વરૂપ પ્રભુનું ભજન' માં પ્રેમલક્ષણા ભક્તિની પરિભાષામાં આત્મજ્ઞાન સમજાવવા માટે સાગરે પ્રયોજેલી રૂપક શૈલીનું એક દષ્ટાંત જોઇએ :

> છલકે છબીલો આ મનની મટુકીમાં, હેત હુલાવું ફુલાવું ! હો,
> ચિત્ત કેરી ગોળી, ગોરસ ગુરુજ્ઞાનનું, તાવણી હું તત્વની
> તાવું ! હો.[636]

'સહજ સમાધિનું ભજન' માં પણ મનની વૃત્તિઓથી રહિત થઇને સગુણ અને નિર્ગુણ એવા સમરસ અનુભવ ધ્વારા સહજાવસ્થાનો સ્વાનુભવ પ્રાપ્ત કરતી ગોપીનો આનંદ 'સાગર' સ્વાનુભવ વડે આ ગરબીમાં અભિવ્યકત કરે છે. આખુંય કાવ્ય રૂપક શૈલીનો ઉત્તમ નમૂનો છે. 'પ્રેમસ્વરૂપ પ્રભુનું ભજન' ની ટીકામાં ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠી કહે છે તેમ "બ્રહ્માનુભવનો પ્રદેશ એવો પ્રદેશ છે જયાં વાણીનો વિલય થઇ જાય છે તો પછી કહેવું શું ?"[637] એટલે જ 'સાગર' કહે છે કે : "હેત

---

૬૩૫. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૧૪૯
૬૩૬. એજન, પૃ. ૧૮૯
૬૩૭. એજન, પૃ. ૨૭૧

શું હરિનું હું બોલી બતાવું?[૬૩૮] 'પ્રેમસ્વરૂપ પ્રભુનું ભજન', 'સહજ સમાધિનું ભજન', 'ત્રિપુરાનું ભજન' અને છેલ્લું 'મીરાંના ભજનનો લય' - આ ચાર ભજનોમાં 'સાગર' પ્રેમભક્તિના છેલ્લા સૂરો વહાવે છે, અને એની ભારતીનું બીન સમાપ્ત કરતાં કરતાં એનું હૃદયબીન પણ અહીં જ વિરમે છે. 'સહજ સમાધિનું ભજન'માંથી રૂપક શૈલીના થોડાક નમૂનાઓ જોઇએ. ગોપીની ઇચ્છા અને મછા નામની બે સખીઓ દેવ થઇ એટલે ગોપી એકાંકી જીવતર ગાળે છે. ઇચ્છા અને મછા બે સહીઓ તે દેવ થઇ. 'એકાકી જીવતર ગાળું ઓ કહાન !'

આજથી હું.[૬૩૯]

ટીકામાં ડૉ. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ કહ્યું છે તેમ : "ઇચ્છા અને મછા નામની બે સખીઓ એટલે વૃત્તિઓનું સ્ફુરણ - લય થઇ વૃત્તિઓનું સ્ફુરણ શમી ગયું - મન ઉન્મન થયું".[૬૪૦]

આ જ કાવ્યની આગળની પંક્તિ જુઓ :

ગાયો ચરાવીને ખીલે બંધાવી,
કોનું કરીશું રખવાળું ઓ કહાન ?[૬૪૧]

દશ ઇન્દ્રિયો અને અગિયારમું મન આ એકાદશ ઇન્દ્રિયો રૂપી ગાયો એવો અર્થ 'સાગર' ને અભિપ્રેત છે. વિષયોમાં લોભાયમાન થયેલી ઇન્દ્રિયોનું આત્મામાં શમન થતાં જીવાત્માને કશું જ કરવાનું રહેતું નથી. વાસનાક્ષય - મનોનાશ ધ્વારા સહજસમાધિનો સ્વાનુભવ પ્રાપ્ત થાય છે. જુઓ :

સૂતી સદાય હું સહજની સમાધિએ[૬૪૨]

---

૬૩૮. એજન, પૃ. ૧૮૯ : ૬૩૯. એજન
૬૪૦. એજન, પૃ. ૨૭૨
૬૪૧. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૧૮૯
૬૪૨. એજન

પોતાનું મૂળ સ્વરૂપ સચ્ચિદાનંદ પરબ્રહ્મસ્વરૂપ સાથેના પોતાના સંબંધનું ભાન હવે ગોપી અનુભવે છે. અને નિર્ગુણ છતાં સગુણ અને સગુણ છતાં નિર્ગુણ એવા કૃષ્ણનું રૂપ પી પીને પોતે નામરૂપથી પર – અરૂપી બની છે. પ્રેમલક્ષણા ભક્તિના સ્વાનુભવની પરાકાષ્ટાનો અનુભવ કરાવતી આ ગરબીની નીચેની પંક્તિ જુઓ :

> રૂપ તારું પીપી, અરૂપી થયેલ છું –
> રૂપમાં અરૂપ શું નિરાળું ! ઓ કહાન ! આજથી.
> સાગર આનંદનો, અવિચ્છિન્ન કાળથી –
> આવો ને આવો ઉછાળું ! ઓ કહાન. [૬૪૩]

'ત્રિપુરાનું ભજન' માં પણ પ્રેમલક્ષણા ભક્તિ ધ્વારા બ્રાહ્મી જીવનની પૂર્ણતાનો પોતાનો સ્વાનુભવ જ સાગરે અભિવ્યક્ત કર્યો છે. જુઓ : –

> કોઇ કહે રાધા, વિશાખા, લલિતા ! હું તો ત્રિપુરા કહાવું !
> ભૂમાનો ભેવ ખં બ્રહ્મ સમુલ્લાસ આ ભેદમાં અભેદ ઓળખાવું ! ઓ
> સાગર અનાદિ અનન્ત હો સનાતન ! બિન્દુ કે સિન્ધુનું શમાવું,
> ઓ કહાન ! આજથી હું. [૬૪૪]

સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણ ત્રણે પૂરમાં રહેનાર જીવાત્મા તે ત્રિપુરા. [૬૪૫] ગોપી પોતાના સ્વાનુભવનું નિરૂપણ કરતાં પોતાને ત્રિપુરા કહાવે છે. 'સાગર' ગોપીભાવે પોતાનો અનુભવ અભિવ્યકત કરતાં કહે છે કે : " પોતે જ્ઞાનથી પ્રબુધ્ધ આત્મારૂપી બિંદુમાં સમસ્ત સૃષ્ટિ રૂપી સિંધુ વિલીન થઇ જાય છે. કબીરમાં પણ આ જ ભાવ આ પ્રમાણે અભિવ્યકત થયો છે:

> બુંદ સમાના સમુદ્ર મેં, જાનત હૈ સબ કોઇ,
> સમુદ્ર સમાના બુંદમેં જાને વીરલા કોઇ. [૬૪૬]

---

૬૪૩. એજન : ૬૪૪. એજન, પૃ. ૧૯૦
૬૪૫. એજન, પૃ. ૨૭૮ : ૬૪૬. એજન, પૃ. ૨૭૩

છાંદોગ્ય ઉપનિષદમાં 'ભૂમા' શબ્દ આ પ્રમાણે સમજાવ્યો છે : "જયાં અન્યને જોતો નથી, અન્યને સાંભળતો નથી, તેમ અન્યને જાણતો નથી તે ભૂમા.

ઉપનિષદની 'ભૂમા બ્રહ્મ'ની સ્થિતિનો સ્વાનુભવ પણ ત્રિપુરાના ભજન માં વ્યક્ત થયો છે. છેલ્લી ગરબી 'મીરાંના ભજનનો લય'માં 'સાગર' ભક્તિયોગને જ્ઞાનના ઐક્યના અનુભવ પ્રદેશ માટે ત્રિવેણી એવું રૂપક આપે છે. ૬૪૭

પ્રેમલક્ષણા ભક્તિની આ ગરબીમાં 'સાગર'ના સ્વાનુભવની પરાકાષ્ઠા ચરમસીમાએ પહોંચે છે.

શ્રી હરસિધ્ધ દ્વિવેટિયા સંપાદિત મીરાંબાઇના ભજનોમાંથી મીરાંબાઇનું નીચેનું પદ : ક્રમાંક ૪૭ : જુઓ :

કાનુડે ન જાણી મારી પીડ, બાઇ હું તો બાળકુંવારી રે : ટેક :
જલ રે જમુનાનાં અમે પાણીડાં ગયાં તાં વા'લા ;
કાનુડે ઉડાડયાં આછાં નીર, નીર ઉડયાં ફરરરર રે. કાનુડે.

વૃન્દારે વનમાં વાલે રાસ રચ્યો વાલા !
સોળસેં ગોપીનાં તાણ્યાં ચીર, ચીર ફાડયાં ચરરરર રે. કાનુડે.
હું વેરાગણ કહના, તમારા રે નામની રે ;
કાનુડે માર્યાં છે અમને તીર તીર, વાગ્યાં અરરરર રે. કાનુડે.
બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વા'લા ;
કાનુડે બાળીને કીધાં ખાખ, ખાખ ઉડાડી ખરરરર રે. કાનુડે.૬૪૮

બાહ્ય તેમ જ આંતરસ્વરૂપ પરત્વે મીરાંબાઇના આ પદની પ્રબળ અસર 'મીરાંના ભજનનો લય'માં જોઇ શકાશે. પ્રેમલક્ષણા ભક્તિનું તાત્વિક અર્થઘટન, સચોટ, વેધક અને ગહન અભિવ્યક્તિ પાછળ

---

૬૪૭. એજન, પૃ. ૧૯૦
૬૪૮. 'મીરાંબાઇના ભજનો', સંપાદક – શ્રી હરસિધ્ધભાઇ દ્વિવેટિયા, પદ ૪૭, પૃ. ૩૩

આત્માનુભૂતિનું બળ, મસ્તી શબ્દલાલિત્ય તેમજ સંગીતક્ષમતાની દષ્ટિએ ઉત્તમ કહી શકાય તેવી 'સાગર'ની આ ગરબી જુઓ :

તોરી મોરી, કહાના ! કૈસી પ્રીત ?
ત્રિગુણાતીત – ત્રિભંગી – ત્રિપુરા –
કન્હૈયા ભૂમા બ્રહ્મ ખચિત :–
રસો વૈ .... ? રસ રસ રસ રસ રે !
તોરી – મોરી – કહાના ! ઐસી પ્રીત ! તોરી મોરી.
તટ રે ત્રિવેણી તાયાં – ભલી ભાત ભૂધરે રે –
જળતી જયાં શાશ્વત જયોત – જળતી જળળળળળળ રે ! તોરી.

... ... ...

છેલ્લા જનમની પ્રીતો – એની એંધાણીઓ રે –
સાગર ગરજે ગંભીર:– ગરજે ગુરુ ગુરુ ગુરુ ગુરુ રે ![૬૪૯]

આપણે વિગતે જોઇ ગયા કે 'દીવાને સાગર', દફતર ૧ તેમ જ દફતર ૨ના ગરબાઓમાં સાગરે ગોપીભાવે શ્રી કૃષ્ણના વિરહ તેમ જ મિલનના નાજુક ભાવોનું ઊર્મિયુકત આલેખન કર્યું છે. પ્રેમધર્મના તાત્ત્વિક સિધ્ધાન્તોની સચોટ અભિવ્યકિત માટે 'સાગર'ની સરળ પ્રાસાદિક વાની, શબ્દમાધુર્ય તેમ જ સંગીતક્ષમતા સહાયભૂત થયાં છે.

પ્રેમલક્ષણા ભકિતના રાધાકૃષ્ણના મિલન–વિરહના જુ ભાવોનું આલેખન તેમ જ તાત્ત્વિક અર્થઘટન 'સાગર'ની ગરબીઓની લાક્ષણિકતા છે. પોતાના સ્વાનુભવની કલાત્મક અભિવ્યકિત માટે 'સાગરે' શ્લેષ, પ્રતીક, ઉપમા, રૂપક તેમ જ સંવાદશૈલીનો વિનિયોગ કર્યો છે. અજાતવાદના સિધ્ધાન્તોની સચોટ સંવાદાત્મક અભિવ્યકિત, પ્રેમધર્મ અને અજાતવાદનો સમન્વય પ્રેમલક્ષણા ભકિતનું તાત્ત્વિક અર્થઘટન,

---

૬૪૯. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૧૯૦

પ્રાસાદિકતા, અર્થગાંભીર્ય, ઊર્મિયુકત આલેખન, ચિત્રાત્મકતા, શબ્દલાલિત્ય તેમ જ સંગીતક્ષમતા 'સાગર'ની ગરબીઓનાં વિશિષ્ટ લક્ષણો છે.

ગરબીઓના ઉપાડ તેમ જ આયોજન પરત્વે મીરાંબાઇ અને દયારામની પ્રબળ અસર જોઇ શકાય છે. પ્રાસાદિકતા, શબ્દલાલિત્ય, સંગીતક્ષમતા તેમ જ પ્રેમલક્ષણા ભકિતના ભાવોનું ૠજુ આલેખન - આ દૃષ્ટિએ 'સાગર'ની ગરબીઓ દયારામની હરોળમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે. વિષય-દૃષ્ટિએ અજાતવાદ અને પ્રેમલક્ષણા ભકિતનો સમન્વય તાત્વિક અર્થઘટન 'સાગર'ની ગરબીઓની લાક્ષણિકતા છે. ઉપમા, રૂપક, દૃષ્ટાંત, પ્રતીક તેમ જ સંવાદ ધ્વારા સચોટ અભિવ્યકિત, શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતા 'સાગર'ની ગરબીઓના કલાદેહને ઘડનારાં વિશિષ્ટ અંગો છે.

'દીવાને સાગર,' દફતર ૧ અને ૨માં પદો-ભજનોનું વિષય સ્વરૂપની દૃષ્ટિએ વર્ગીકરણ કરતાં ૧. આત્મજ્ઞાન, ૨. ભકિત-વૈરાગ્ય, ૩. પ્રેમલક્ષણા ભકિત, ૪. સૂફીવાદ, ૫. બોધાત્મક અને ૬. અવળવાણી - એમ છ વિભાગમાં વહેંચાય છે. આત્માનુભવ પ્રકરણ ૩માં આપણે પદો-ભજનોમાં નિરૂપાયેલા 'સાગર'ના વિચાર-દેહની સમીક્ષા જોઇ ગયા છીએ એટલે અહીં માત્ર પ્રત્યેક વિભાગનું કલાદૃષ્ટિએ મૂલ્યાંકન કર્યું છે.

: ૧ : <u>આત્મજ્ઞાનનાં પદો</u> :-

'દીવાને સાગર,' દફતર ૧ના ત્રીજા તબકકાના આત્મજ્ઞાનનાં પદો 'ચિંતન,' 'મનન,' 'ધ્યાન,' 'તુહિ તુહિ' 'આતમરામ,' 'ખુમારી,' અનુભવ બ્રહ્મ હમારો,' 'જય જયકાર,' 'ભૈયા હો !,' 'દિવાળી' અને 'જ્ઞાનની સપ્તભૂમિકા' સમજાવતાં પદો - 'જ્ઞાન-નિસરણી,' 'વિચારણા,'

તનુમાનસા અને સત્વાપત્તિમાં સાગરે સ્વાનુભવ વડે અજાતવાદના સિધ્ધાન્તોનું નિરૂપણ કર્યું છે.

'સાગરે' અજાતવાદના દષ્ટિકોણથી જીવ, જગત અને પરબ્રહ્મ સ્વરૂપ તેમ જ આત્મસાધનાનો માર્ગ પણ સમજાવ્યો છે. હિમાલયમાં આત્મસાધના દરમ્યાન સાગરે યોગવાસિષ્ઠ માંડૂક્ય કારિકા, ઉપનિષદો, અવધૂતગીતા, વિચારમાલા, અષ્ટાવક્ર ગીતા જેવા શાસ્ત્રીય ગ્રન્થો તેમ જ સ્વામી વિવેકાનન્દ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, શ્રી શંકરાચાર્ય, શ્રી અખાજી, કબીર તેમ જ અન્ય સંતોની વાણીનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસને પરિણામે સાગરે સ્વીકારેલા અજાતવાદના મૂળભૂત સિધ્ધાન્તોનું આ પદો ધ્વારા પ્રતિપાદન કર્યું છે.

જ્ઞાનમાર્ગના ગુરુ તરીકે સાગરે આત્માનુભવી સંત અખાનો આ પ્રમાણે નિર્દેશ કર્યો છે.

> અખ્ખા મિલ્યા ગુરુ પક્કા મિલ્યા ગુરુ, ઘાટ ઘડયે કો ઘડાવન કો
> ચિત્ત સોરંગી ચરાચર ચેતન - સદગુરુ કે ગુન ગાવન કો.[૬૫૦]

સાગરે પોતાનો સ્વાનુભવ દર્શાવતાં આ પદમાં અખાના પરમ શિષ્ય હોવાનો સ્પષ્ટ સ્વીકાર પણ કર્યો છે.

> બાવન બ્હાજ કી પાજ બની ! ગુરુ ! કયા કહું મેં ગુરુ મહાતમ કો ?
> રામ મીલ્યો જબી ભયો મન, ધન્ય હૈ ધન્ય ગુરુગમકો ![૬૫૧]

પ્રેમમાર્ગના ગુરુ 'કલાપી' ધ્વારા આત્મજ્ઞાનના માર્ગના ગુરુ અખાની સાચી ઓળખ પ્રાપ્ત કર્યાનો સ્વીકાર કરતાં તે કહે છે કે :

---

૬૫૦. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૧૩૪
૬૫૧. એજન,

સાગર ગુરુ સુરરાજ પ્રસાદે, અલખ અખા ઓળખ્યાજી,
જ વડભાગી કો છેલ્લો જનમ હો તાકે સનેહી અખાજી ।[૬૫૨]

કબીર પછી જન્મેલા 'સ્વાનુભવી મહાજન' તરીકે 'સાગરે' પોતાનો પરિચય આપતાં તેમનાં ઋણનો પણ સ્વીકાર કર્યો છે :

પૂર્વે જન્મ્યા એક કબીરા, કે બીજા સાગર રાજ,
પણ, સાચું દલ હોય આપણું તો તારે ગુરુજી જહાજ રે ।[૬૫૩]

કબીર સાહેબનું ભજન 'સાગરે' કબીરના નામથી રચ્યુ છે :

ઓહંગને દીઆ મેરા નામ –
કબીરા – વે
હમારા નામ કબીરા વે – ૫ [૬૫૪]

'પ્રજ્ઞાન ભાનુ જલ રહા' । ગઝલમાં પણ સાગરે 'કબીરનો આ પ્રમાણે નિર્દેશ કર્યો છે :

સૂણીએ : કબીરકા બાલકા । યું મિલ ગયા ગુરુ ગોરખા ।
તદ દૂર તદ્વત્ અન્તિકે । સાગર નિરંજન જલ રહા ।૬[૬૫૫]

આમ સાગરે આધ્યાત્મિક જીવનની પૂર્ણતા માટે 'કલાપી', અખાજી અને કબીર – ત્રણેના ઋણનો સ્વીકાર કર્યો છે. 'સાગર'ની કવિતાના વિચારદેહ તેમ જ બાહ્ય સ્વરૂપ પરત્વે પણ અખાજી અને કબીરની પ્રબળ અસર વરતાય છે.

જ્ઞાનીની આત્મદર્શનની પરમ ઉચ્ચ ભૂમિકામાંથી આત્મસાધના કાળ દરમ્યાન આ પદો રચાયેલાં છે. છાન્દોગ્ય ઉપનિષદના

---

૬૫૨. એજન, પૃ. ૧૨૪ : ૬૫૩. એજન, પૃ. ૧૨૬
૬૫૪. એજન, પૃ. ૧૫૯ : ૬૫૫. એજન, પૃ. ૧૩૨

મહાવાકય 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' (૩ : ૧૪ : ૧) અનુસારે બ્રહ્મથી વ્યતિરિકત કશું છે જ નહીં. જીવાત્મા પોતે શિવ સ્વરૂપ – પરબ્રહ્મ સ્વરૂપ જ છે. આત્મા પરમાત્માથી ભિન્ન છે જ નહીં તો પછી ચિન્તન કોનું કરવું ? 'ચિન્તન' પદમાં આ સિધ્ધાન્તનું સાગરે લાક્ષણિક રીતે કરેલું નિરૂપણ જુઓ :

ખુદકી છબિકો છબિલી બનાકે –
ખુદ હિ પૂજત મતવારો !
અબ તો, ચિન્તન અજબ હમારો ![૬૫૬]

હું નિર્મલ, નિશ્ચલ, શુધ્ધ અને વસ્તુત: શિવરૂપ જ છું તો પછી હું નમસ્કાર કોને કરું ? – અવધૂતગીતામાં પણ આ જ ભાવ અભિવ્યકત થયો છે.[૬૫૭] વસ્તુત: જીવાત્મા શિવસ્વરૂપ જ છે પણ એની વાસના વડે જ એ બન્ધનમાં આવી પડે છે અને સંસારચક્રમાં અટવાય છે. વાસનાનો નાશ થતાં જ એ પોતાની મૂળ મુકત સ્થિતિ અનુભવે છે. જીવાત્માને વાસનાનું જ બન્ધન છે, માટે જ મુકિતકોપનિષદમાં વાસનાક્ષય એ જ મોક્ષ[૬૫૮] એમ કહી વાસનાક્ષયનું મહત્વ દર્શાવ્યું છે. પંચદશીકારે પણ મનને જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ ગણાવ્યું છે.[૬૫૯] ઇચ્છાવાસના ધ્વારા જીવ પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. અજાતવાદના આ સિધ્ધાન્તની સાગરે પોતાની પદો ધ્વારા સચોટ અભિવ્યકિત કરી છે. 'મનન' પદમાંથી એક નમૂનો જોઇએ :

આપ નિરંજન કહત પુરંજન જબસે મૈં ઇચ્છામેં આયો ![૬૬૦]

---

૬૫૬. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૪૪
૬૫૭. 'શ્રી દત્તાત્રેય ગીતા' – 'અવધૂત ગીતા' – હીરાલાલ જાદવરાય બુચ – ૬ : ૨૫, પૃ. ૨૧૬
૬૫૮. 'મુકિતકોપનિષદ' – ૨.૮
૬૫૯. 'પંચદશી' – ૧૧–૧૧૭
૬૬૦. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૪૫

જીવાત્માએ પોતાના જીવત્વનો — ભિન્નપણાનો લય કરવાનો છે, તે માટે પોતાની મનોમુખી વૃત્તિઓ પરમાત્મામાં ઓગાળી દેવાની છે. મનની બહિર્મુખ વૃત્તિને અંતર્મુખ કરવાની છે. અજાતવાદનો આ સિધ્ધાન્ત સાગરે આત્મજ્ઞાનના પદોમાં સચોટ બાનીમાં સ્વાનુભવ વડે અભિવ્યકત કર્યો છે.

વસ્તુતઃ કશાની ઉત્પત્તિ જ થઇ નથી. ત્રણે સત્તામાં જગતના અસ્તિત્વનો ઇન્કાર કરતાં અજાતવાદનો આ સિધ્ધાન્ત સમજાવતી ગુજરાતી-હિન્દીના મનોહર મિશ્રણવાળી 'સાગર' ની ભાષા સંતબાનીનું ગૌરવ પ્રાપ્ત કરે છે :

ના કછુ ઔર કીયો હે કિસીને !
આપ ઉછાંહી તમામ !
મનુવા ! તું હિ તું હિ આતમરામ ![661]

અખાની વિચારધારા સાથે 'સાગર' નુ વિચાર-સામ્ય જુઓ :

અનુભવ એવો કીજીએ, જેણે મનની જડ જાય,
મન મુવા વિના માનવી વસ્તુરૂપ ન થાય.[662]

... ... ...

મન જગતકા ધારણહારા, મન મુવે નિપટયા સંસારા,
ચૌદ લોક સ્ચુયા હૈ મનકુ, તાતે મન પાવે બંધનકું ;
મન મુવા તબ હૈ સબ રામા, લોક પરલોક કી ભાગી કામા.[663]

... ... ...

મન ઉસે ઉસો સંસાર, ફોકટ કેમ વહે છે ભાર ?
અર્થ અખા ! હા થાયે ખરો, જો ઉપાય મન અમનનો કરો.[664]

... ... ...

૬૬૧. દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૪૭
૬૬૨. અખે ગીતા, ૫૬ ૩૯
૬૬૩. અખે ગીતા, ૫૬ ૫
૬૬૪. અખાના છપ્પા, ૪૧૦

વારક પ્રેરક કોઇ નહીં, એ સબ મનકી દોર,
મન સુને મન કહે અખા ! નહીં કો કર્તા ઓર.[૬૬૫]

અજાતવાદનો મૂળભૂત સિધ્ધાન્ત સમજાવવા માટે સાગરે તત્વજ્ઞાનની પરિભાષાનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ કર્યો છે. બ્રહ્મની વિશ્વરૂપે થતી ભ્રમાત્મક પ્રતીતિ મનની કલ્પનાને લીધે જ છે. વસ્તુત: આ સર્વ પરબ્રહ્મ જ છે. મનની વૃત્તિ સિવાય મોહ કે બન્ધનનું અન્ય કારણ છે જ નહીં. મનોમુખી વૃત્તિનું આત્મામાં શમન થતાં જ જીવાત્મા પોતાનું શુધ્ધ આત્મસ્વરૂપ અનુભવે છે અને એની દ્વૈત દષ્ટિનો વિલય થાય છે. બ્રહ્મ જ સત્ય છે. જ્ઞાનની પૂર્વે દેહાધ્યાસ વડે થતું વિશ્વનું દર્શન કેવળ ભ્રાન્તિ જ છે. વિશ્વ પૂર્વકાલમાં હતું નહીં, અત્યારે છે નહીં અને ભવિષ્યમાં હોવાનું પણ નથી. જે છે તે કેવળ પરબ્રહ્મ જ છે. અજાતવાદનું આ પરમ સત્ય શ્રી ગૌડપાદાચાર્યે 'ગૌડપાદકારિકા'માં દર્શાવ્યું છે.[૬૬૬]

આ વિશ્વ-પ્રપંચ કેવળ માયા છે. વસ્તુત: એ પરબ્રહ્મ જ છે. સંસારનું અસ્તિત્વ વન્ધ્યાપુત્ર જેવું છે. અખાની તાત્વિક વિચારણાનો પણ આ જ મૂળભૂત સિધ્ધાન્ત છે :

સંસાર સુત વન્ધ્યાતણો તમે જાણજો નિર્ધાર,
પોતે કહે, પોતે સાંભળે, એ વાણીનો વિસ્તાર.[૬૬૭]

'ધ્યાન'પદમાં સાગરે પણ સ્વાનુભવ વડે આ જ સિધ્ધાન્તનું નિરૂપણ કર્યું છે :

નાહીં હુવા કછુ ! હોત નહીં કછુ !
ના કછુ હોવણહારા !
આતમજી ! યેહિ હૈ ખેલ તુમારા !

... ... ...

---

૬૬૫. શ્રી અખાજીની સાખીઓ' – ૩૯ : ૫
૬૬૬. 'માણ્ડૂક્યકારિકા,' ૧ : ૧૭
૬૬૭. 'અખે ગીતા,' ૩૬–૩

એક હિ એક હકીકતમેં તબ –
કૈસે રહેં હમ ન્યારા ?
આતમજી ! યે હિ હૈ ખેલ તુમારા ![668]

સગુણ અને નિર્ગુણ પરબ્રહ્મ એવો ભેદ વસ્તુતાએ નથી. સગુણ વિશ્વમાં નિરાકાર વિશ્વાત્માનું 'સાગર' ને થતું દર્શન ચિન્તન પદમાં સચોટ બાનીમાં નિરૂપાયું છે.

રૂપ અરૂપકો કીનો નિરૂપિત –
નામ, રૂપ, રંગ પ્યારો !
અબ તો, ચિન્તન અજબ હમારો ![669]

આત્માનુભવી કોટિના સંતપુરુષનો સ્વાનુભવ સર્વાત્મભાવની દૃષ્ટિમાં પરિણમે છે – સર્વ પદાર્થોમાં પરમાત્માનું જ દર્શન કરે છે. રાગ-ત્યાગથી પર સહજાવસ્થા અજાતવાદનું મુદ્દાનું લક્ષણ છે. સાગરે પણ પોતાના અજાત અનુભવનું આ પ્રમાણે નિરૂપણ કર્યું છે :

જાવન આવન ના કછુ કારન –
મનુવાકો મનન કરાના.[670]

... ... ...

કિસીકો ન નિન્દુ મૈં બન્દુ કિસીકો ?
કોઉ નહીં મોસેં ન્યારો.[671]

..... .....

તજવું તજવું નહીં, સચ્ચિદાત્મન
શાન્તિ વેદાન્તી વિચારૂં.[672]

---

૬૬૮. દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૪૬
૬૬૯. એજન, પૃ. ૩૪૪
૬૭૦. એજન, પૃ. ૩૪૯
૬૭૧. એજન, પૃ. ૩૭૨
૬૭૨. એજન, પૃ. ૪૦૭

સૂફી તેમ જ પ્રેમલક્ષણા ભક્તિ ઉભયપ્રકારે 'સાગરે' પોતાની ઉપાસના કરી છે. 'સાગર' ના પદોનું આ વિશિષ્ટ લક્ષણ છે. પરમાત્મા સાથેની પોતાની એકતાના સ્વાનુભવની અભિવ્યક્તિ માટે સૂફી પ્રણાલિકા પ્રમાણે શૃંગારની પરિભાષાનો વિનિયોગ કર્યો છે.

આશક હું છું ને માશૂક હું છું ! હું જ વહું બની પ્રીતિ ! [૬૭૩]

બ્રહ્મસનમ જેવા લાક્ષણિક શબ્દપ્રયોગ ધ્વારા ઇશ્કે હકીકીની પોતાની ભાવનાનું સચોટ વાણીમાં સાગરે મસ્તીપૂર્ણ આલેખન કર્યું છે:

ના તજું શબ્દ, તજું નહીં બ્રહ્મનં
બ્રહ્મ સનમ ઘર પ્યારું,
તું હિ બ્રહ્મસનમા ! હો બલમા કે બલમા !
લગની ન જાઇ લિખાઇ. [૬૭૪]

સગુણ – નિર્ગુણના ભેદથી પર પરબ્રહ્મનું સાચું સ્વરૂપ આત્માનુભવ વડે જ સમજી શકાય તેવું છે. પોતાના સ્વાનુભવ વડે સિધ્ધાન્તનું નિરૂપણ 'સાગર' નાં પદોની લાક્ષણિકતા છે.

હાંરે ! કોઇ કહે એ સગુણ છે : કહે કોઇ નિર્ગુણ,
અનુભવ ઉભય યથાર્થ, હાં ! વસ્તુ સત સૂનમુન. [૬૭૫]

અખાની માફક સાગરે પણ બાહ્ય સાધનાની અનાવશ્યકતા દર્શાવી છે. જગતના વ્યાવહારિક અનુભવનું કારણ મન હોઇ 'સાગર' આત્મસાધના માટે મનોનાશને જ અનિવાર્ય સાધન ગણાવે છે :

---

૬૭૩. એજન, પૃ. ૪૩૯
૬૭૪. એજન, પૃ. ૪૦૭
૬૭૫. એજન, પૃ. ૪૨૨

હાં ! રે, જપ, તપ, તીરથ, કોઇ કહે: કોઇ આસન ધ્યાન,
વિધ વિધ પ્રીત પિછાન, હાં ! મન અમન નિશાન. ૬૭૬

કબીર સાથેનું 'સાગર' નું વિચાર–સામ્ય સરખાવો :

મન દાતા, મન લાલચી, મન રાજા, મન રંક,
જો યહ મન હરિશો મિલે તો, હરિભી મિલે નિ:શંક. ૬૭૭
: સાખીયો :

મન મરે, માયા મરે, મર મર જાય શરીર ;
આશા તૃષ્ણા ના મરે, કહ ગયે દાસ કબીર. ૬૭૮ : સાખીયો:

અબ મન ઉલટિ સનાતન હૂવા,
તબ હમ જાના જીવત મુવા,
કહે કબીર સુખ સહજ સમરૂં,
આપ ન ડરૌ ન ઔર ડરાઉં. ૬૭૯

... ... ...

મન માર અગમગઢ લીન્હા,
સત બત પર ડેરા દીન્હા,
જહાં બજે કબીરકા ડંકા,
તબ જીત લિયા ગઢ બંકા. ૬૮૦

... ... ...

કહત કબીર યહ ઉન્મુનિ રહની,
સો પરગટ કરી ગાઇ !
સુખ દુખસે પર હૈ વોહી પરમપદ સો પદ રહા સમાઇ. ૬૮૧

---

૬૭૬. 'દીવાને સાગર,' દફતર ૧, પૃ. ૪૨૨
૬૭૭. 'સંત કબીરકી શબ્દાવલી,' પૃ. ૩૪૫ : ૬૭૮. એજન, પૃ. ૩૫૪
૬૭૯. એજન, પૃ. ૧૧૮ : ૬૮૦. એજન, પૃ. ૪૮
૬૮૧. એજન, પૃ. ૮

મન હી ચૌદહ લોક બનાયા, પાંચ તત્વ ગુણ કીન્હે.[682]

અનન્ય પ્રેમ ધ્વારા વાસનાક્ષય – મનોનાશ વડે આત્માનુભવની પૂર્ણતા 'સાગર' ની આત્મસાધનાના માર્ગના મહત્વનાં સોપાન છે. આત્મજ્ઞાનનાં પદોનાં કાવ્ય-દેહને ઘડનારાં વિશિષ્ટ અંગો સચોટ, વેધક, અભિવ્યકિત, શબ્દલાલિત્ય, અને સ્વાનુભવનું બળ તેમ જ ગસ્તી – આટલાં છે.

<u>જ્ઞાનનિસરણીનાં પદો :-</u>

કવિ છોટમે સપ્ત-ભૂમિકા વર્ણનમાં જ્ઞાનની સપ્ત ભૂમિકાઓ આ પ્રમાણે દર્શાવી છે.[683]

૧. શુભેચ્છા, ૨. વિચારણા, ૩. તનુમાનસા, ૪. સત્વાપત્તિ, ૫. અસંસકિત, ૬. પદાર્થાભાવિની અને ૭. તુરીય.

'સાગરે' પણ જ્ઞાનનિસરણી, વિચારણા, તનુમાનસા અને સત્વાપત્તિ પદોમાં તેમ જ અસંસકિત, ગૂઢમોનિંગ, અને એકડે-એકો ગઝલોમાં જ્ઞાનની સપ્તભૂમિકાનું સ્વરૂપ સમજાવ્યું છે.

વેદાન્તના સૂક્ષ્મ સિધ્ધાન્તોની વિશદ અભિવ્યકિત માટે સાગરે તત્ત્વજ્ઞાનની પરિભાષાનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ કર્યો છે. રૂપક અને દષ્ટાન્ત શૈલી ધ્વારા અજાતવાદના સિધ્ધાન્તોની 'સાગર' ની અભિવ્યકિત સચોટતા, વેધકતા અને વિશદતાના ગુણો પ્રાપ્ત કરે છે. રૂપક શૈલીમાં જીવ–શિવની એકતાનો સ્વાનુભવ વ્યકત કરતાં 'સાગર' લાક્ષણિક રીતે કહે છે કે સત્સંગ અને હરિ-ગુરુ-પ્રીતિ ધ્વારા 'બ્રહ્મપ્રિયા' સાથે જીવાત્માનું લગ્ન થાય છે.

---

૬૮૨. એજન, પૃ. ૨૧

૬૮૩. 'છોટમની વાણી', ભાગ ૧, પૃ. ૨૨૭–૨૨૮

સત્સંગતિ રતિ, હરિ-ગુરુ-પ્રીતિ,
બ્રહ્મપ્રિયા લેવી પરણી,
ચલો ! મેરી જાન ! ચઢીએ, જી ! જ્ઞાનનિસરણી.[६८४]

વિશ્વપ્રપંચ મનની કલ્પના-માત્ર જ છે. મનની દૃષ્ટિ અન્તર્મુખ થતાં તેનો લય થાય છે અને શુધ્ધ આત્મસ્વરૂપનો અનુભવ થાય છે. જગતના વ્યાવહારિક અનુભવનું કારણ મન છે. અજાતવાદના આ સિધ્ધાન્ત-નિરૂપણ માટે સાગરે સચોટ દૃષ્ટાન્ત આપ્યું છે. દેહનો આકાર સ્ત્રીનો જ હોવા છતાં પોતાની પ્રિયા અને પુત્રી ઉભયને આલિંગન આપતાં પુરુષના મનની ભાવના બન્ને સમયે જુદી જુદી હોય છે તે પ્રમાણે મન હરિરૂપ થતાં જગતનું પરબ્રહ્મ-રૂપે દર્શન થાય છે.

સ્ત્રી લિંગી કાયા - આલિંગી પૃથક મન -
એક પ્રિયા ! દૂજી તનયા !
મુમુક્ષુ હો ! જાગ્યા - ગુરુએ જગાડયાં ![६८५]

કેવલાદ્વૈત અને અજાતવાદની ભૂમિકા વચ્ચેનો મૂળભૂત તફાવત જગત-સ્વરૂપ પરત્વેનો છે. શ્રી શંકરાચાર્ય જગતના વ્યાવહારિક અનુભવનું કારણ માયા - અવિદ્યાને ગણાવે છે. અજાતવાદમાં માયા નામની ભાવ રૂપાત્મક વસ્તુના અસ્તિત્વનો ઇન્કાર કરવામાં આવ્યો છે. મનની બહિર્મુખ વૃત્તિને કારણે જગતનું પરબ્રહ્મ-રૂપે દર્શન થતું નથી એટલે મનનો પરમાત્મામાં લય કરવો જોઇએ. અજાતવાદ પ્રમાણે મન તે જ માયા છે. વિચારણાની દ્વિતીય ભૂમિકામાં સાગર આ મૂળભૂત સિધ્ધાન્ત આ પ્રમાણે સચોટ રીતે સમજાવે છે.

---

૬૮૪. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૫૭

૬૮૫. એજન, પૃ. ૩૫૮

મૂળ તપાસ્યું તો તત્ત્વ જ પામ્યા.
મનની માનીતી તે માયા,
મુમુક્ષુ હો ! જાગ્યા – ગુરુએ જગાડયા ![686]

તનુમાનસાની તૃતીયભૂમિકા સમજાવતાં 'સાગર' કહે છે કે મનોબુધ્ધિનું આધ્યાત્મિક રીતે સૂક્ષ્મીકરણ કરીને તેના મૂળમાં એટલે કે આન્તર દ્રષ્ટિથી જગતના સંબંધો નિહાળવા જોઇએ. મન ચંચળ હોઇ જગતના અનેક પ્રકારના પ્રલોભનો – પરીક્ષણોથી જીવાત્માને બચાવવો જોઇએ. વાસનાક્ષય મનોનાશનું મહત્ત્વ દર્શાવતી 'સાગર' ની તાત્વિક પરિભાષાની ગહનતા જુઓ :

મનને પકડવું, ને વાળવું પાછું : શુધ્ધ સ્વરૂપે ઠરવવું,
અલખના ઓ જોગી ! ઝીણું ઝીણું મન કરવું.
ઓળંગી ભાત ભ્રમાત્મક ઘાંટી, પોત સળંગ ઓળખવું,
અલખના ઓ જોગી ! ઝીણું ઝીણું મન કરવું.
માયાની ઉપર મૂકવું મીંડું ! લક્ષ્યમાં અક્ષર લખવું.[687]

અખા તેમ જ કબીર સાથે સાગર નું વિચાર–સામ્ય જુઓ :

મનની કીધી સર્વ ઉપાધ્ય, મનાતીત અખા આરાધ્ય.[688]

મને ઉભે ઉભો સંસાર, ફોકટ કોઇ ન વહેશો ભાર,
અર્થ અખા કી થાયે ખરો, જો ઉપાય મન–અમનનો કરો.[689]

મન સ્વારથી આપ રસ, વિષય લહરિ ફહરાય !
મનકે ચલાયે તન ચલે ! જાતે સબરસ જાય.[690]

---

૬૮૬. એજન,
૬૮૭. એજન, પૃ. ૩૫૯
૬૮૮. 'અખાના છપ્પા', સંપાદક – શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૫૮
૬૮૯. એજન, પૃ. ૭૬
૬૯૦. 'સદગુરુ કબીર સાહેબનું બીજક', પૃ. ૬૮૮

મન માયા તો એક હૈ ! માયા મનહિ સમાય ![૬૯૧]

વેદાન્તની ચોથી સત્ત્વાપત્તિ ભૂમિકામાં જીવાત્માનુ મન પૂર્ણ શુધ્ધ થાય છે અને પોતે બ્રહ્મથી ભિન્ન નથી જ નથી એવી ભાવના દઢ થતી જાય છે. 'સાગરે' આ પદમાં જીવાત્માની નિત્ય સત્ત્વસ્થ, નિર્દ્વન્દ્વ દશાના સ્વાનુભવનું સચોટ બાનીમાં આલેખન કર્યું છે. મિથ્યાની સૃષ્ટિ ઓગળી જતાં સર્વત્ર પરબ્રહ્મની જ લીલાનો થતો સ્વાનુભવ 'સાગરે' આ પ્રમાણે નિરૂપ્યો છે:

સોહં તેજ બધેય સમાણું ! તત્ત્વ જ તત્ત્વ ત્રિકાળ !
મિથ્યાની સૃષ્ટિ ઓગાળતાં, રે ! રેલે સાગરરાજ રસાળ ![૬૯૨]

રૂપક કે દષ્ટાન્ત શૈલી ધ્વારા સચોટ, વેધક અભિવ્યક્તિ આત્માનુભવનું બળ તેમ જ કાવ્યના રસે રસાયેલા અદ્વૈતવાદના તત્ત્વજ્ઞાનના સિધ્ધાન્તોનુ વિશદ નિરૂપણ, શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતા 'સાગર'નાં પદોને કલાદેહ અર્પનારાં ઘટક તત્ત્વો છે. શબ્દલાલિત્યની સંગીતક્ષમતાના બે ઉત્તમ નમૂનાઓ 'ધ્યાન' અને 'ખુમારી' પદમાંથી જુઓ :

પ્રીત નિમિત્ત સે ચિત્ત લગાકે –
આપહિ આપ પુકારા !
આતમજી ! યે હિ હૈ ખેલ તુમારા ![૬૯૩]

ભેજી નજરિયાં કો ગગનકી ભીતર –
દરસત નાહીં દૂજાઈ !
ગુરુજી! મોહે ઔર ખુમારી ચડાઇ !
ભોર ભયો જબ સબહિ ઠૌર પર –
તબ હકીકત દિલ પાઇ ![૬૯૪]

---

૬૯૧. એજન, પૃ. ૪૩૬
૬૯૨. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૬૯૦
૬૯૩. એજન, પૃ. ૩૪૬
૬૯૪. એજન, પૃ. ૩૫૨

આ પંકિતઓમાં પણ આત્મજ્ઞાનનાં પદોનું વિશિષ્ટ લક્ષણ આત્માનુભૂતિનું બળ તેમ જ મસ્તી જોઇ શકાય છે.

'દીવાને સાગર' દફતર ૨ ના આત્મજ્ઞાનનાં પદો – પ્રલય, "સાગર સૂનકી નગરિયાં" 'બાબા બ્રહ્મબિલાસી,' 'અજબ અલખ સુલ્તાની,' 'ગુરુગમ ખાઇ કટારી,' 'જનો– બુઝો જી'! 'બિચારો,' 'પ્રજ્ઞાન માનંદબ્રહ્મ,' 'આત્મજ્ઞાનનું ભજન,' 'મરવું તો હક છે,' 'તું તો બ્રહ્મકુમાર,' 'તું તો જ્યોતિકુમાર,' 'વો ઘર સાગર મીલના,' 'હંસ ગુફાના વાસી,' 'ત્રિવેણી તીરે આ સખિ રે'!, 'અનાદિના અવધૂતા,' 'મૈં તો ચિડિયાં બના હું,' 'ધર્મધનુષ કર ધરએ,' 'ધર્મ તણે જગ ચડીએ,' 'ઠેઠ જઇને બેઠો,' 'હંસ લખાવ્યા હૈયે,' 'માંહયલે મંદિરિયે ન્હાવ,' 'ઓમ પ્રભુજી ઓમ પ્રભુજી ઓમ્મી ખપાવે,' 'છાયા કાયા વેસીમાયા,' 'સાગર સમરથ સાંઇ,' 'જુગ જુગ જીવો અખાજી,' 'આન ખડો તોરે ચરણોમેં,' 'અખ્ખા મીલ્યા ગુરુ,' 'જય સદગુરુ દાતા,' 'જય જય પૂરણ બ્રહ્મ,'માં 'સાગરે' પોતાના સ્વાનુભવની અભિવ્યકિત કરી છે.

'દીવાને સાગર' દફતર ૨ ના આત્મજ્ઞાનનાં પદોનો વિચારદેહ – પ્રેમલક્ષણા ભકિત અને અજાતવાદનો સમન્વય તેમ જ બન્ને વિચારધારાઓના અગત્યના સિધ્ધાંતો, પ્રેમની અનન્યતા, હદયની વિશુધ્ધિ, અહંતાત્યાગ, વાસનાક્ષય–મનોનાશથી ઘડાયો છે. વિચારદેહ પરત્વે અખા અને કબીરની પ્રબળ અસર સ્પષ્ટ વરતાય છે.

પોતાના સ્વાનુભવની અભિવ્યકિત માટે 'સાગરે' વેદાન્તની પરિભાષાનો વિનિયોગ કર્યો છે. શૂન્ય શિખર : પૃ. ૪ :, અવધટ ઘાટ : પૃ. ૮ :, સુરત નૂરત : પૃ. ૮ :, અદબદ : પૃ. ૧૧૩ :, ત્રિવેણી : પૃ. ૧૧૪ :, ભંવર ગુફા – હંસ ગુફા : પૃ. ૧૧૬ :, ઉન્મનિ : પૃ. ૧૩૬ :,

( પૃ. ૧૩૭ ), ના હંમ ( પૃ. ૧૩૭ ), તુરિયાતીત ( પૃ. ૧૩૭ ), અલખ નિરંજન ( પૃ. ૧૬૬ ), જેવા પરિભાષાના શબ્દોનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ થયો છે. પ્રલયાગ્નિ ( પૃ. ૪ ), અગમરસ ( પૃ. ૫ ), અકાસી ( પૃ. ૬ ), પંચમવેદ ( પૃ. ૮ ), અલખ કી કટારી ( પૃ. ૧૩ ), બિનમુખ ( પૃ. ૫ ) જેવા લાક્ષણિક પ્રયોગો પણ ખાસ ધ્યાન ખેંચે છે.

વર્ણાનુપ્રાસ અને વર્ણ પુનરાવર્તન ધ્વારા શબ્દલાલિત્ય સાધવાની કવિની યુક્તિ, ભાષાશૈલીનું વિશિષ્ટ લક્ષણ બની રહે છે. શબ્દમાધુર્ય, લાડ લડાવવાની શક્તિ, માદકતા – મોહકતા, પ્રાસાદિકતા, 'સાગરના' પદોની બાનીના' વિશિષ્ટ ગુણો છે.

શૂન્યનગર માં પ્રવેશ કરવા માટે અગમરસ એટલે બ્રહ્માનંદનો અનુભવ પ્રાપ્ત કરવો જોઇએ. તેને માણવા સ્થૂલ ભૂમિકા – દેહ – ઇન્દ્રિયોની ભૂમિકા અને સૂક્ષ્મ એટલે મનની ભૂમિકાથી પર થઇને, આત્માની ભૂમિકા પર ચડવું પડે અને એટલે જ આ અગમ રસ બિન મુખ પીવાનુ કહયુ છે. શૂન્યનગર એટલે ચિત્તની નિર્વિકલ્પ સ્થિતિ – બ્રાહ્મીદશા – સહજાવસ્થા. સાગરે શબ્દલાલિત્ય ધ્વારા અર્થનુ ગાંભીર્ય પણ સાધ્યુ છે. જુઓ :

"છાંડિ કે તન મન પીના અગમરસ –
બિન મુખ ગૈબી ગગરિયાં !" ૬૯૫

"લાજ તજિકે ખેલાવત ખેલત –
સાગર સૂનકી નગરિયાં !" ૬૯૬

ધિરસ્થી, બજરિયા, મ્હડૈયા, જેવા લાક્ષણિક શબ્દ પ્રયોગો પ્રયોજીને પણ શબ્દલાલિત્ય સાધવાનુ કવિકૌશલ નીચેની પંક્તિઓમાં પ્રતીત થાય છે.

---

૬૯૫. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૫
૬૯૬. એજન, પૃ. ૫

"મોરી ઝુંપરિયાંકો ધર ન ધિરસ્થી,
પતિયાંકી મોરી મ્હડૈયાં !
ચિકના સલોના ન મેવા મિઠાઇ,
લૂખી હમારી બજરિયાં !"[697]

'બાબા બ્રહ્મબિલાસી' પદમાં સર્વાત્મભાવની દષ્ટિ પ્રાપ્ત કરતાં 'સાગર'નાં સ્વાનુભવની ઔચિત્યપૂર્ણ અભિવ્યક્તિને શબ્દમાધુર્ય જુઓ :-

જિત જિત નઝર ઠરે તિત સાંઇયા -
નિત મથુરા ! નિત કાસી !
ભોગ અભોગસેં અલગ નિબાલા !
અબધૂત રૂપ અકાસી !

વર્ણપુનરાવર્તન ધ્વારા શબ્દલાલિત્ય અને ચિત્રાત્મક અભિવ્યક્તિનો એક નમૂનો 'અજબ અલખ સુલતાની' માંથી જુઓ :

ચરરર ચિલ્વન તડતડ તૂટે -
આપે લૂટાતી દીવાની ![698]

... ... ...

"ભાન અભાન ! દિસે ન દિસે દૂઇ -
ધન ! ધન ! હાં ! ઝિન્દગાની !"[699]

'ગુરુગમ ખાઇ કટારી' પદની પ્રારંભની પંક્તિઓ પણ શબ્દમાધુર્ય માટે નોંધવી જોઇએ :

"ખેલ અખેલા ખેલારી ! -
જોગીરાજ ખેલ અખેલા ખેલારી !"[700]

---

૬૯૭. એજન,
૬૯૮. એજન, પૃ. ૭ : ૬૯૯. એજન : ૭૦૦. એજન, પૃ. ૮

ક્વચિત્ સંસ્કૃતમય શૈલી અભિવ્યક્તિમાં ઉપકારક બનતી નથી. જુઓ :

અરુણ પ્રભાને શું ઉલ્લૂક જાણે ?
અબુજ સૂરજ પિછાણે.[૭૦૧]

કેટલીકવાર આખી પંક્તિમાં માત્ર એકાદ શબ્દ બદલીને પંક્તિના પુનરાવર્તન ધ્વારા પણ અર્થગાંભીર્ય સાધવાની યુક્તિ 'સાગર'ની લાક્ષણિકતા છે.

"તું તો જ્યોતિકુમાર – બચ્ચાં ! તું તો જ્યોતિકુમાર,
સ્વયંભૂ તું તો જ્યોતિકુમાર !" [૭૦૨]

"આન ખડો તોરે ચરણોમેં,
ગુરુ ! આન ખડો તોરે ચરણોમેં,
ગુરુ ચરણોમેં – પ્રભુ શરણોમેં ! ગુરુ આન".[૭૦૩]

અખાજીને આપેલી અંજલિનું પદ પણ શબ્દલાલિત્ય ધ્વારા અર્થગાંભીર્ય તેમ જ સંગીતક્ષમતાનો સુંદર નમૂનો છે.

'મૈં તો ચિડિયાં બના હું પદની નીચેની પંક્તિઓ પણ શબ્દ-લાલિત્યના સુંદર નમૂના લેખે નોંધવી જોઇએ.

મૈં તો ચિડિયાં બના હું મહેરી માયાકો –
મહેરી માયાકો – જીવ જયાકો –
મૈં તો ચિડિયાં બના હું હું ![૭૦૪]

'ઠેઠ જઇને બેઠો' અને 'સાગર સમરથ સાંઇ' પદોમાં પરમાત્માં સાથેની પોતાની એકતાના સ્વાનુભવની અભિવ્યક્તિમાં શબ્દલાલિત્ય સહયોગના બે નમૂના જુઓ :

---

૭૦૧. એજન, પૃ. ૬૬ : ૭૦૨. એજન, પૃ. ૧૧૩
૭૦૩. એજન, પૃ. ૧૨૫ : ૭૦૪. એજન, પૃ. ૧૪૮

"કલા કારમી સબ સંપૂરન !
હરિથી જરી ન હેઠો !
બાવા ! ઠેઠ જઇને બેઠો !" ૭૦૫

"મૈં મોહે દેખું તો પ્રભુજી કો નિરખું !
બ્રહ્મ કી યહી બ્રહ્માઇ !"૭૦૬

મનની નિર્વિકલ્પદશાનો સ્વાનુભવ અભિવ્યક્ત કરતો પ્રલય પદમાં બાહ્ય જગતનો અંતદૃષ્ટિથી થતો લય – પ્રલયની ભૂમિકા સમજાવવા માટે 'સાગર' રૂપક શૈલીમાં કહે છે કે :

પ્રલયાગ્નિન[૬૫] પ્રબળ જાગે ત્યાં –
બચવા બ્હારૂં કેવું રે ?
આતમપણ ઉલસે એવું એવું.૭૦૭

રૂઢિપ્રયોગ તેમ જ બોલચાલની ભાષા ધ્વારા અભિવ્યક્તિ સાધવાની કુશળતા આ પદની નીચેની પંક્તિઓમાં પણ જોઇ શકાય છે.

પ્રલય થતો દશ દિશ પૃથિવીનો –
થનાર થાવા દેવું રે.૭૦૮

શૂન્ય શિખર પર મ્હાલે પોતે –
સાગર લેવું ન દેવું રે !૭૦૯

---

૭૦૫. એજન, પૃ. ૧૫૭
૭૦૬. એજન, પૃ. ૧૬૬
૭૦૭. એજન, પૃ. ૪
૭૦૮. એજન
૭૦૯. એજન, પૃ. ૪

'સાગરે' જ્ઞાનમાર્ગની તુરીયાવસ્થા માટે તત્વજ્ઞાનની પરિભાષાનો શબ્દ – શૂન્ય શિખર પ્રયોજયો છે. અખો પણ કહે છે કે :

"જયાં રહી જોતાં જગત ન દિસે, સ્વે સર્વ ગગનાકાર".[૭૧૦]

ટીકામાં બ્રહ્મલીન દશાના સ્વાનુભવનું વર્ણન કરતાં કબીરનું અવતરણ આ પ્રમાણે છે :

"નાભિ કમલસે લગી મેરી દોર, શૂન્ય શિખર ગઢ
બેઠી કામ ઠોર, દોરી લગ રહી રે".

આશા નિરાશા સુખ દુઃખના ધ્વંદથી પર સહજાવસ્થાના સ્વાનુભવનું વર્ણન કરતાં 'સાગર' કહે છે કે :–

આશ, નિરાશ અતીત ઉભયસે –
નાહીં ઉપાસ્ય ઉપાસી.[૭૧૧]

તત્ત્વજ્ઞાનની પરિભાષામાં 'સાગરે' પોતાનો સ્વાનુભવ અભિવ્યકત કર્યો છે. નિર્ગુણની ભૂમિકા માટે 'અવઘટ ઘાટ', 'અજપા જાપ' માટે 'અમુખી ભવર' મનની બ્રહ્માકાર વૃત્તિ માટે 'સુરત નૂરત' અને પ્રેમયોગ માટે પચમવેદ શબ્દો પ્રયોજયા છે. અખાને કબીરે પણ આ પરિભાષા ધ્વારા પોતાનો સ્વાનુભવ નિરૂપ્યો છે.

"ગુંજે અમુખી ભવર કોઉ દમદમ ! –
સુરત નૂરત જાઠી ન્યારી ![૭૧૨]

સુરત નૂરતની સીડી ધ્વારા બ્રહ્માનુભવ પ્રાપ્ત કરવા માટે કબીરે પણ ઉદબોધન કર્યું છે. જુઓ :–

"નૂરત સુરત કી સીડી પકડકર, ચઢ જાવ, સંતો –
ચટક ચટક ચટક".

---

૭૧૦. અપ્રસિધ્ધ અક્ષયવાણી – સંપાદક – સાગર , પૃ. ૧૪
૭૧૧. 'દીવાને સાગર,' દફતર ૨, પૃ. ૬
૭૧૨. એજન, પૃ. ૮

'પ્રેમવેદ' એટલે પ્રેમયોગ અને 'અસંગત' યારી એટલે વાસનાત્યાગ 'ગુરુગમ રૂપી કટારી મારીને રૂપક શૈલીમાં સાગરે વાસનાક્ષય – મનોનાશ ધ્વારા આત્માનુભવ પ્રાપ્ત કરવા માટે જીવાત્માને ઉદ્બોધન કર્યું છે.

ગત સાગરગત મૈયત જાને,
ગુરુગમં ખાઇ કટારી.[૭૧૩]

'સાગરે' જ્ઞાનની સપ્તભૂમિકા માટે 'સાત સમંદર', જ્ઞાન ભક્તિ અને યોગના ત્રણ પ્રવાહોની એકતા સાધતી અંતિમ ભૂમિકા – ત્રિવેણી અને સ્વાનુભવ માટે જીવન મૃત્યુથી પારનો પ્રદેશ – પ્રતીકો પ્રયોજયાં છે.

સાત સમંદર પાર, ગુરુઘર, ઉસ પર સત ગુરુ મેલા ।
... ... ...
ત્રિવેણી કે પાર નગરમે અલખ લિખ્યા નિર્વાણી ।[૭૧૪]

'સિંહબાલ' – સાચો મુમુક્ષુ ગુરુગમ ધ્વારા જીવનમુક્તિનો સ્વાનુભવ – અમૃતત્વની દશા પ્રાપ્ત કરી શકે છે. રૂપક શૈલીમાં 'સાગર'ની સચોટ અભિવ્યક્તિ જુઓ :-

'સિંહબાલ' સમઝત ગુરુગમકો । પલ પલ અમરત ઝીલના ।–
જીવણા મરણા કોઉ ન બૂઝે । વો ઘર 'સાગર' મીલના ।[૭૧૫]

આત્માનુભવના પ્રદેશ માટે હંસગુફા – ભવરગુફાના પરંપરાગત પ્રતીકો ધ્વારા સાગરે પોતાના અનુભવનું કરેલું નિરૂપણ જુઓ :-

ભવર ગુફામાં બાજે તાલ મૃદંગ જો ।'–
રેલી રે રેલી હો ચિદઘન ચેતના । –
ગાજે છે ઘટ ઘટમાં ગુરુ સોહંગ જો ।[૭૧૬]

---

૭૧૩. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૮ : ૭૧૪. એજન, પૃ. ૧૧૪
૭૧૫. એજન, પૃ. ૭૧ : ૭૧૬. એજન, પૃ. ૧૧૬

કબીરે પણ યોગમાર્ગમાં દર્શાવેલી આ બ્રહ્મરંધ્ર – પરબ્રહ્મ સાથેના ઐક્યની ભૂમિકા – દશમ ધ્વાર – ભ્રમરગુફાનો પોતાનાં પદોમાં નિર્દેશ કર્યો છે. કબીરે આત્મજ્ઞાન માટે અને 'સાગરે' પ્રેમયોગ માટે 'પંચમવેદ' શબ્દ પ્રયોજ્યો છે. 'ગંગા જમુનાને સરસ્વતી' એટલે ભક્તિ, જ્ઞાનને યોગ – ત્રિવેણી પ્રેમયોગ ધ્વારા સ્વાનુભવ થઇ શકે. એ સમજાવતાં 'સાગર' કહે છે કે :

ગંગાને જમુના ન્હાતાં સરસ્વતી ઓ સખિ !
પંચમવેદ વિહાર ![૭૧૭]

બાહ્ય દષ્ટિનો લય થતાં આસક્તિ દશા પ્રાપ્ત થઇ શકે. આ માટે પ્રતીક શૈલીમાં 'સાગર'ની લાક્ષણિક અભિવ્યક્તિ જુઓ :

આંખો ફૂટીને મ્હારી પાંખો ફૂટી રે સખિ !
ખેલું ગગન ને પાતાળ ![૭૧૮]

બાહ્ય દષ્ટિના લય માટે "આંખો ફૂટીને મ્હારી પાંખો ફૂટી" તેમ જ આસક્તિઓનો લય થતાં – વાસનાક્ષય થતાં મહાકારણ – [illegible] કૈવલ્ય મોક્ષ પ્રાપ્ત થયો. તે માટે "ખેલું ગગન ને પાતાળ" પ્રતીકો ધ્વારા અભિવ્યક્તિ સચોટ બની છે.

આઠે પહોર ઉદાસ ! ઉન્મનિના વાસી –
ગુરુ ઉન્મનિના વાસી –
અલખ પુરુષ અવતારી – અલખ પુરુષ અવતારી –
જય કાયા કાશી ! જયદેવ જયદેવ ![૭૧૯]

ઉન્મનિ બનિકે ઉલસત બાબા – – !
ગુરુ અવધૂ અડભંગ ! બાબા ![૭૨૦]

---

૭૧૭. એજન, પૃ. ૧૧૮ : ૭૧૮. એજન
૭૧૯. એજન, પૃ. ૧૩૬ : ૭૨૦. એજન, પૃ. ૧૩૭

મન પરબ્રહ્મમય થતાં – મનની બહિર્મુખવૃત્તિ અંતર્મુખ થતાં બાહય જગતના વિવિધ પદાર્થોમાં – વિષયોમાં ભ્રમણ કરતું મન ઉલટું થતાં – ઉન્મન થતાં જગતમાંથી પાછું ફરીને પરબ્રહ્મમાં સ્થિત થાય ત્યારે જ સ્વસ્વરૂપનો સ્વાનુભવ થાય. 'ઉન્મનિ' અને 'ઉલટા મારગ' જેવા વેદાન્ત પરિભાષાના શબ્દો ધ્વારા 'સાગરે' અજાતવાદના સિધ્ધાંતનું સચોટ નિરૂપણ કર્યું છે.[૭૨૧] બે નમૂનાઓ જોઇએ :

મુંડક ઉપનિષદમાં એક જ વૃક્ષ ઉપર રહેતાં જીવ અને આત્મારૂપી બે પંખીઓનું વર્ણન છે. સૂક્ષ્મ શરીરરૂપી ઉપાધિને કારણે જીવપંખી કર્મ જન્ય સુખ–દુઃખરૂપી ફળને અવિવેકથી ભોગવે છે. આત્મા જે નિત્ય શુધ્ધ, બુધ્ધ અને મુકત સ્વભાવવાળો સર્વજ્ઞ છે તે તો માત્ર ભોકતા અને ભોગ્યનો જ દ્રષ્ટા છે. આ ઔપનિષદિક ભાવનાનું સાગરે આ પ્રમાણે નિરૂપણ કર્યું છે:

> દો દો પંખીકી જોડ ઝાડપે રે –
> ઉડે ઉડે ઉડાં આસમાન ;
> મન, બુધ્ધિ, ચિત્ત છૂટી પડયાં રે –
> સાધ્યું સાધ્યું નકલંકી નિશાન રે – રે –[૭૨૨]

મન, બુધ્ધિ, ચિત્ત ખાલી થતાં આત્મા નકલંકી નિશાન સાધે છે – સ્વાનુભવ પ્રાપ્ત કરે છે. નિર્ગુણ બ્રહ્મની ઉપાસના બાહ્યાચાર ત્યાગ અને સગુણ નિર્ગુણથી પર સહજાવસ્થાના સિધ્ધાંત નિરૂપણ માટે કબીરના નામે 'સાગરે' 'કબીર સાહેબનું ભજન રચ્યું છે. જેમાં કબીરની પ્રબળ અસર જોઇ શકાય છે. 'કબીરની વાણી' માંથી આ સિધ્ધાંતના સમાનાર્થક અવતરણો મોટાભાગનાં પદોમાંથી મળી રહે છે.

---

૭૨૧. યૌગિક ક્રિયાઓનાં સ્થાન વર્ણન માટે જુઓ : 'આત્મવિજ્ઞાન રૌજ યોગાચાર્ય ઉપોદઘાત,' પૃ. ૧ થી ૬ તેમ જ પૃ. ૨૯૦–૯૧

૭૨૨. 'દીવાને સાગર,' દફતર ૨, પૃ. ૧૪૮

દેવ ન માન્યા – દેવી ન માની –
આકુ અલખ ઓહંકારા.....વે !

... ... ...

કાઝી મુલ્લાં સબ છોડી મસીદાં –
છોડયાં પંડિત ઠાકુરધ્વારા....વે !

ઓહંગ નાહીં સોહંગ ભી નાહીં !
વો હિ વિહંગમ ન્યારા.....વે !

હમારા નામ કબીરા.....વે !
ઓહંગને દીઆ મેરા નામ.[૭૨૩]

બ્રહ્મ-નિરુપણ માં કબીર સાહેબે મૂલ મન્ત્ર આ પ્રમાણે વર્ણવ્યો છે :

ઓઽહમ, સોઽહમ, જોઽહમ, કોઽહમ, પોઽહમ !
આદિ પોઽહમ, અન્તપોઽહમ, મધ્યપોઽહમ ભયા પ્રકાશ ।।
કહૈ કબીર સુનો ધર્મદાસ, યહ પાંચ નામ સદગુરુ સેં પાવે ।।
સુમિરત હંસ સત્યલોક સિધાવે ।।[૭૨૪]

સિધ્ધાંત-નિરૂપણ માટે સાગરે રૂપક, ઉપમા, દષ્ટાંત અને પ્રતીકોનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ કર્યો છે. પોતાની લાક્ષણિક રૂપક શૈલીમાં સાગર પ્રજ્ઞાન-આનંદબ્રહ્મ પદમાં પ્રેમની અનન્યતા, સ્નેહયોગ સંતોષવૃત્તિ શમ, દમ વગેરેનુ મહત્વ આ પ્રમાણે દર્શાવે છે :

સ્નેહનો સુલ્ફોને સાફી સંતોષની !
અગ્નિ અજબ શમ, દમ !

... ... ...

૭૨૩. એજન, પૃ. ૧૫૯
૭૨૪. 'અર્થ-બ્રહ્મ-નિરૂપણ ગ્રન્થ' કબીર, પૃ. ૪૮

આરત ચિત્તની ચિલમ કરી, ભાઇ !
ચેતાવી લઇ ગુરુગમ ![૭૨૫]

ગુરુગમ દ્વારા સંસારની મારી આસક્તિ ચાલી ગઇ. મારે માટે જગતનું અસ્તિત્વ લય પામ્યું સાગરે પોતાનો સ્વાનુભવ અભિવ્યકત કરવા માટે પ્રયોજેલું પ્રતીક જુઓ :

પહેલો રે દમ મ્હારા ગુરુજીએ માર્યો !
સબ જળી ગઇ આલમ ![૭૨૬]

ગુરુએ આપેલી જ્ઞાનદષ્ટિ માટે 'ચલમનો દમ' અને તે દ્વારા જગત પ્રત્યેની આસક્તિનો નાશ એવો અર્થ પ્રતીક સમજતાં સ્પષ્ટ થાય છે. 'આત્મજ્ઞાનનું ભજન'માં ગુરુરૂપી નૌકા દ્વારા પોતે સહેલાઇથી ભવસાગર પાર કર્યો છે. એ સ્વાનુભવ આ પ્રમાણે રૂપક શૈલીમાં વ્યકત થયો છે.

સાગરરાજ સુગમ ગુરુ નૌકા !
પલ્લે પાર ઉતરણી ![૭૨૭]

ભક્તિ જ્ઞાનની એકતા દ્વારા અહંતાનો લય કરનાર સાધુજન 'સતી રમણી' - 'બ્રહ્મ રતિ' સાથે સમાગમ પ્રાપ્ત કરી શકે. શૃંગારની પરિભાષામાં 'સાગરે' પોતાના સ્વાનુભવની અભિવ્યક્તિ માટે પ્રયોજેલું રૂપક જુઓ :

બ્રહ્મરતિકો યતિ કોઉ ભોકતા,
અજર અમર સતી રમણી.[૭૨૮]

માયા - 'આપ ઉછાહીં' જેવી માયા વસ્તુતઃ પોતાના મનનું જ પરિણામ છે. 'અગોચરી ધામ' બેસી જવાથી મન નિષ્કામ થવાથી માયાનો લય થાય છે. કારણકે તેનું અધિષ્ઠાન મનનું અસ્તિત્વ જ રહેતું નથી. આ સ્વાનુભવની 'સાગરે' કરેલી સચોટ અભિવ્યક્તિ જુઓ :

---

૭૨૫. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૫૨ : ૭૨૬. એજન, ૭૨૭. એજન, પૃ. ૫૩ : ૭૨૮. એજન.

આપ ઉછાં હિ મેં દિલકા ન લગના ।
બૈઠા અગોચરી ધામ ।
બિન ચંદા । બિન સૂરજ જ્યોતિ ।
વો હિ તુમ્હારા મુકામ ।[૭૨૯]

કબીર સાથેનું વિચાર–સામ્ય સરખાવો :

સંતો વહ ઘર સબને ન્યારા, જહાં પૂરન પુરુષ હમારા ।
ના દિન રૈન ચંદ ના સૂરજ, વિના જ્યોતિ ઉજિયારા ।[૭૩૦]

કઠોપનિષદ્‌માં પણ આ ભૂમિકાનું વર્ણન કરવામાં આવ્યું છે.[૭૩૧]

ના તોહે આવન । ના તોહે જાવન –
અદબદ ઘર અનુસાર ।
સ્વયંભૂ તું તો જ્યોતિ કુમાર ।[૭૩૨]

આ પંક્તિઓમાં 'સાગરે' પોતાની સહજાવસ્થાનો સ્વાનુભવ વર્ણવ્યો છે. અખાએ પણ પોતાની સહજાવસ્થાનું આ પ્રમાણે નિરૂપણ કર્યું છે.

અખા અણલિંગી પદ, અનુપ જયાં ધ્યે ધ્યાતાનું ન રહે રૂપ.[૭૩૩]

કબીર અને અખા સાથે પોતાની વાણીનું અનુસંધાન કરી લેતા 'સાગર' આત્માનુભવી કોટિના સંતકવિ છે. દીવાને સાગર દફતર ૨ ના આત્મજ્ઞાનનો પદોમાં નિરૂપાયેલો 'સાગર' નો સ્વાનુભવ આની પ્રતીતિ કરાવે છે. થોડાંક નમૂનાઓ જોઇએ :

---

૭૨૯. એજન, પૃ. ૭૬
૭૩૦. 'સંત કબીરકી શબ્દાવલી', પૃ. ૨
૭૩૧. 'કઠોપનિષદ' ૨ : ૨ : ૧૫
૭૩૨. 'દીવાને સાગર,' દફતર ૨, પૃ. ૧૧૩
૭૩૩. 'અખાના છપ્પા' – શ્રી ઉમાશંકર જોષી, પૃ. ૩૧

જીવતાને ભય મરવાનો, ભાઇ ! પળ પળ રામ સુમરવું ;
સાગર મુવો ગુરુને હાથે ! ફરી ફરી નથી મરવું.[૭૩૪]

ગુરુકૃપા દ્વારા વાસનાક્ષય-મનોનાશની ભૂમિકા દ્વારા પોતે પ્રાપ્ત કરેલા સ્વાનુભવનું નિરૂપણ નીચેની પંક્તિઓમાં પણ જોઇ શકાશે.

ત્રિગુણાતીત સ્વયં પરમેશ્વર – જો ગુરુ ગુરુ ગવાય ;
સત્ય સ્વરૂપ હૈ સાગર તેરો – સોઙહં હંસ સદાય ![૭૩૫]

સાગરે પોતાના પ્રેમમાર્ગના ગુરુ તરીકે 'કલાપી' નો અને જ્ઞાનમાર્ગના ગુરુ તરીકે અણા નો ઋણ-સ્વીકાર કર્યો છે. ગુરુકૃપા દ્વારા ગુરુએ આપેલી જ્ઞાનદષ્ટિ દ્વારા મન નિર્મળ થતાં પોતાને પ્રાપ્ત થયેલા સ્વાનુભવ આ પ્રમાણે વર્ણવ્યો છે :

બાવન બ્હાજકી પાજ બની ! ગુરુ ! –
કયા કહું મૈં ગુરુ મહાતકો ?
રામ મીલ્યો જબી રામ ભયો મન –
ધન્ય હૈ ધન્ય ગુરુગમકો ![૭૩૬]

મન – માયા અદશ્ય થતાં 'સાગરે' પ્રાપ્ત કરેલી અવધૂત દશાના સ્વાનુભવની અભિવ્યક્તિ જુઓ :

આ અલખ અલિંગી અવધૂત આરે –
નીતમ નીતમ નાચ સુહાય ;
ગુરુ સદગુરુ પરમેશ્વર મ્હારા –
જયાં જયાં દેખો વ્હાં સાગરરાય રે –
મૈં તો ચિડિયાં બના હું – હું ![૭૩૭]

---

૭૩૪. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૮૨
૭૩૫. એજન, પૃ. ૧૩૩ : ૭૩૬. એજન, પૃ. ૧૩૪
૭૩૭. એજન, પૃ. ૧૪૮

'સાગર' આકર્ષક ચોટદાર ઉપાડ ધ્વારા ધ્રુવપંકિતમાં જ કથયિતવ્યનો નિષ્કર્ષ રજૂ કરી દે છે. પ્રેમલક્ષણા અને સૂફી ભકિતનો સમન્વય સાધતા 'નહીંરે ચૂકું' પદમાંથી એક દષ્ટાન્ત જુઓ :

નહીં રે ચૂકું – હું તો નહીં રે ચૂકું –
મારી શ્રધ્ધાને ભકિતમાં નહીં રે ચૂકું.[૭૪૭]

લેશો શરીર તો એ છે શ્રી કૃષ્ણાર્પણ !
ભકિતની ભાવનાને નહીં રે રોકું,
વાતો વહેવારની તો મારે હરામ છે !
ૐ સનમ વિના દમ નહીં રે ફૂંકું.[૭૪૮]

પ્રેમની અનન્યતા ધ્વારા વાસનાક્ષય–મનોનાશ 'સાગર'ની આત્મસાધનાના ક્રમિક સોપાન છે. પોતાની મુકિતનો માર્ગ દર્શાવતાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે :

"સ્ત્રીપણું પુરુષપણું પરહરવું, મનના વિકારોને દમવું"
ગોપીની પેઠે જગતલાજ લોપી, તુંહિ તુંહિ હરિનામ જપવું હો![૭૪૯]

અખાની સાથે 'સાગર'નું વિચારસામ્ય જુઓ :

લિંગ લગ્ન થયા વિના સૌ સાધનકાળની સેવના,
અખા અણલિંગીની વાત અગાધ, લિંગી નરને નહિ તે સાધ્ય.[૭૫૦]

અણલિંગી મોટો ઉપદેશ, જે ઇચ્છે અજ, વિષ્ણુ, મહેશ ;
લિંગ ચતુષ્ટયથી પર અખા! જયાં ન મળે જગત સંબંધી કથા.[૭૫૧]

... ... ...

જ્ઞાની વિહારી ગોપી જશા, તે જ જ્ઞાની જેને
ગોપીની દશા.[૭૫૨]

---

૭૪૭. એજન, પૃ. ૩૭૮ : ૭૪૮. એજન
૭૪૯. એજન, પૃ. ૪૪૬ : ૭૫૦. અખાના છપ્પા, પૃ. ૧૧૪
૭૫૧. એજન, પૃ. ૬૦ : ૭૫૨. એજન, પૃ. ૧૨૬

શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતા, ચિત્રાત્મકતા, ભાષાપ્રભુત્વ મસ્તી અને શૃંગારની પરિભાષા ધ્વારા સનમ સાથેના અદ્દવૈતાનુભવની સચોટ અભિવ્યક્તિ તેમ જ ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનના એકીકરણ ભક્તિ–વૈરાગ્ય અને જ્ઞાનની એકતા સાધતાં આ પદોનાં લાક્ષણિક ગુણો છે.

'દીવાને સાગર' દફતર ૨ ના ભક્તિ–વૈરાગ્યનાં પદો–ભજનો – 'નમીએ વારંવાર', 'સાધુતા સાધુકો' અને, 'એ રસ કોણ પીએ', 'રામધૂન લગી લગી મેરી દિલ', 'રામમંત્ર હૈ પ્યારા', 'રાતડી રહું મધુવનમાં', 'અજબ ખુમારી ચડી', 'કોઇ શું બૂઝે જડી બૂટી', 'જેણે ગગન ઉપર ઘર બાંધ્યું', 'બનકે સરિત મિલ જાઉં', 'જખમ જિન લગ્યા – લગ્યા હો ! જી !', 'અરજી', 'ભરથરીનું ભજન', 'પ્રભુ ભૂખ્યા છે કેવળ ભાવનાં', 'મીરાં હો ગઇ ભગત', 'અનાદિના અવધૂતાં', 'ધર્મ ધનુષ કર ધરીએ', 'ધર્મ તણે જંગ ચડીએ', 'આપ સહારા હમારા', 'એવી તે કેફો શી કરી રે'? તોળલનું ભજન માં, – 'સાગરે' પોતાના તાત્વિક સિધ્ધાંતોનું નિરૂપણ તેમ જ સ્વાનુભવની અભિવ્યક્તિ કરી છે.

ભક્તિ – વૈરાગ્યનાં આ પદોમાં 'સાગરે' પોતાના આધ્યાત્મિક જીવનની પૂર્ણતાનો સ્વાનુભવ વ્યક્ત કર્યો છે. એમના આ સ્વાનુભવની અભિવ્યક્તિ પરત્વે કબીર તેમ જ અખાની સ્પષ્ટ અસર વર્તાય છે. તાત્વિક પરિભાષાના શબ્દો – સૂન (પૂ. ૭૯) ઉન્મનિ (પૂ. ૧૮૧) ભંવર ગુફા (પૂ. ૧૪૭) અલખ નિરંજન (પૂ. ૧૧૭, ૧૩૮) સોહં હંસ, સત (પૂ. ૧૩૮) નો કબીર તેમ જ અખાએ પણ વિનિયોગ કર્યો છે. અજાતવાદના સ્વાનુભવની 'સાગર' ની અભિવ્યક્તિની વિભિન્ન છટાઓ જોઇએ :

ગુરુકૃપા ધ્વારા ગુરુગમ પ્રાપ્ત થતાં પોતે સ્વાનુભવ પ્રાપ્ત કર્યો – 'અજવાળુમારી ચડી' પદમાં 'સાગર' પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે નિરૂપે છે :

સાગર-રાજ ગુરુગમ પામ્યા ! –
ગડગડી નૌબત બડી ! ૭૫૩

'બનકે સરિત મિલ જાઉં' પદમાં સાગરે પરમાત્મ-પ્રેમ ધ્વારા પોતે પ્રાપ્ત કરેલી સહજાવસ્થાનો સ્વાનુભવ અભિવ્યકત કરવા માટે પ્રયોજેલી તાત્ત્વિક પરિભાષા જુઓ :

આપ ગુણાતીત ગોવિન્દ ! પ્યારે !
સૂન પર ધૂન મૈં લગાઉં,
ગુરુજી! તુમ પૈ બલિહારી મૈં વારી જાઉં ! ૭૫૪

લોકભોગ્ય બાનીમાં સચોટ અભિવ્યકિતનો એક નમૂનો 'જેણે ગગન ઉપર ઘર બાંધ્યું' પદમાંથી જુઓ :

કર્યું અધવારૂં બાવન બ્હારૂં !
અહીંનું સરભર ખાતું રે !
જેણે ગગન ઉપર ઘર બાંધ્યું ! ૭૫૫

કબીર અને અખાએ મનોનાશ માટે પ્રયોજેલી પરિભાષાનો 'સાગરે' પણ ઔચિત્યપૂર્ણ ઉપયોગ કર્યો છે. પરમાત્મપ્રેમ ધ્વારા મન ઉન્મુન કરતાં પોતે પૂર્ણતા પ્રાપ્ત કરી. આપ સહારા હમારા પદમાં પરમાત્મ-કૃપા ધ્વારા પરબ્રહ્મમાં હમેશને માટે પ્રાપ્ત થયેલી લીનતાનો સ્વાનુભવ 'સાગર' આ પ્રમાણે અભિવ્યકત કરે છે :

---

૭૫૩. 'દીવાને સાગર,' દફતર ૨, પૃ. ૬૪
૭૫૪. એજન, પૃ. ૭૯
૭૫૫. એજન, પૃ. ૬૪

પ્રશ્ન
પ્રસિથતિ, ઉન્મનિ પદપે –

પ્રેમસે પાર ઉતાર ।

હરિ । હરિ । આપ સહારા હમારા । [૭૫૬]

રાગ અને ત્યાગથી પર થવું એ જ અંતિમ સાધ્ય છે. ભગવદગીતાનો નિષ્કર્ષ રજૂ કરતાં 'ધર્મ ધનુષ કર ધરીયે' પદમાં 'સાગરે' પોતાનો અજાતવાદનો સ્વાનુભવ વ્યક્ત કર્યો છે :

ત્યાગીને રાગી ઉભય છે અધુરા –

રગ રગ ભર્ગ એ ભરીએ –

ઓ અર્જુન । ધર્મ ધનુષ કર ધરીએ. [૭૫૭]

સાધુ-જનનું સાચું લક્ષણ દર્શાવતાં કબીરની માફક 'સાગર' પણ કહે છે કે :

સો હિ સાધુ સાધુ સાધુ રે –

જેણે ગગન ઉપર ઘર બાંધ્યું । [૭૫૮]

કબીરે સાધુની સહજાવસ્થાનું આ પ્રમાણે વર્ણન કર્યું છે :

સાધુ-જન સબમેં રમે, દુઃખ ન કાહૂ દેહિ ।

અપને મત ગાઢા રહે, સાધુન કા મત યેહિ ॥ ૮૬ ॥ [૭૫૯]

પ્રેમ-રસાયન ધ્વારા ગુરુગમ પ્રાપ્ત થતાં પોતે પ્રાપ્ત કરેલો સ્વાનુભવ 'સાગર' આપ્રમાણે નિરૂપે છે :

બાવન હર્ફી પૂરા ન જાણું ।

ભણ્યો હું અક્ષર અઢી ।

પ્રેમ-રસાયન પીતાં પીતાં,

ખબર અગમની પડી । [૭૬૦]

---

૭૫૬. એજન, પૃ. ૧૮૧ : ૭૫૭. એજન, પૃ. ૧૫૩ : ૭૫૮. એજન, પૃ. ૭૨
૭૫૯. કબીર સાહેબનો સાખી ગ્રન્થ, ભાગ ૨, પૃ. ૨૧૮
૭૬૦. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૬૪

સતકો ધ્યાવે, મીરાં સતકો ગાવે –
સોઽહં હંસ પ્રતીત ! –
સચ્ચિત્તિ સુખ મીરાં આપે સ્વયંભૂ અનભે ત્રિગુણાતીત રે –
ફટ્ટે ફટ્ટે ચોરાસી કે લખત લખત –
મીરાં જીવત જીવત – ફિરે મુગત મુગત ![૭૮૮]

'સાગર'નાં ભક્તિ વૈરાગ્યનાં આ પદોમાં લક્ષ્યવેધી ભાષા શબ્દલાલિત્ય તેમ જ સંગીતક્ષમતા ધ્વારા સ્વાનુભવની સચોટ અભિવ્યક્તિ થયેલી જોઇ શકાય છે. આ પદોના ઉપાડ તેમ જ ઢાળ પરત્વે મીરાંબાઇની તેમ જ વિચારદેહ પરત્વે કબીર તેમ જ અખાની સ્પષ્ટ અસર પડી છે.

: ૩ : પ્રેમલક્ષણા ભક્તિનાં પદો–ભજનો :–

'દીવાને સાગર' દફતર ૧ના 'ઘેલું ગોકુળ', 'ના છૂવો શ્યામ', 'મારી ગૈઆં', 'નાહીં પીવુંગી', 'દોડ ! દોડ'!, 'રંગે રમે', 'નાચ', 'ગોવાળ', 'ગોવાળનું ગીત', 'મહિયારી', 'મહિયારીનું ગીત', 'લે ! લે ! પરસ્પર કોલ'!, 'ખૂબ મચી'! અને 'કાળો નથી'! જેવાં પ્રેમલક્ષણા ભક્તિનાં પદોમાં સ્વેષ્ટ પ્રત્યેની ભક્તિના નાજુક ભાવોનું આલેખન થયું છે. શૃંગારની પરિભાષામાં રાધાભાવે શ્રી કૃષ્ણ સાથેના ઐક્યની અનુભૂતિની અભિવ્યક્તિ જુઓ :

રંગે રમે – હાં ! હાં ! કહાનો !
મારી સંગે રંગે રમે હાં ! હાં !
ઘરમાં જતાં જ રસિલે આલિંગી ! ક્યારે આવ્યો
છાનો માનો ?[૭૮૯]

---

૭૮૮. એજન, પૃ. ૧૩૮
૭૮૯. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૧૩

આ પદમાં શ્રીકૃષ્ણની સાથેની એકતાના સ્વાનુભવની અભિવ્યકિતમાં અમર્યાદ શૃંગાર ખાસ ધ્યાન ખેંચે છે.

ચપાટતું બસ સર્વાંગ પરસ્પર, ધન્ય હો મારો દીવાનો ![૭૯૦]

નરસિંહ અને દયારામના ઉઘાડા શૃંગાર સાથે સરખાવી શકાય તેવો શૃંગાર 'સાગર' નાં પદોમાં પણ છે. પ્રેમલક્ષણા ભકિતના નાજુક ભાવનું આલેખન સચોટતા અને લાક્ષણિક રૂપ ધારણ કરે છે. બીજા એક પદમાંથી એક નમૂનો જોઇએ :

ના છૂવો – ના છૂવો, શ્યામ !
બાલમ ! મોરે અંગિયાકો ના છૂવો, શ્યામ ![૭૯૧]

વર્ણાનુપ્રાસ ધ્વારા શબ્દલાલિત્ય સાધતી સાગર ના પદોની બાનીનો ઉત્તમ આવિષ્કાર નીચેના પદમાં પણ પ્રતીત થાય છે.

દરસપરસ બિન મસ્ત ઉદાસી !
મૈં દાસી હું તપસી અનામ ![૭૯૨]

કબીરે પોતાના જાણીતા પદમાં પ્રેમલક્ષણા ભકિતને પરમાત્મ પ્રાપ્તિ માટેનું અનન્ય સાધન ગણાવે છે :

ભકિત નારદી મગન શરીરા,
ઇસી બિધ ભવ તરીએ.

'સાગર' ની અભિવ્યકિત કયાંક ચોંકી ઉઠે તેવી લાક્ષણિક મસ્તી પણ પ્રાપ્ત કરે છે. જુઓ :

આદિ અનાદિ કી મૈં બ્રહ્મચારી !
મન મેં પિયાકા મુકામ ![૭૯૩]

---

૭૯૦. એજન, : ૭૯૧. એજન, પૃ. ૩૭૭
૭૯૨. એજન : ૭૯૩. એજન, પૃ. ૩૭૭

નાહીં પીવુંગી ! નાહીં પીવુંગી !
ભગા ! તોરે બિના નાહીં પીવુંગી ![૭૯૪]

પ્રેમલક્ષણા ભક્તિના પદોના લાક્ષણિક ગુણો શબ્દમાધુર્ય અને જુતા પણ અહીં જોઇ શકાય છે : 'મ્હારી ગૌઆં' પદની નીચેની પંક્તિઓ જુઓ :

ભીંતો, કહાના ! તારા ઘર તણી, ઉપર ચિત્રિત
જમુનાના નાગ ;
દેખી ભડકી મારી ગાવડી ! જાણે ખાવા ધાયો કોઇ વાઘ !
રે ભર ગોકુળિયે ઘેરાણી – ઓ ગોપાલા ![૭૯૫]

'ગૌઆં' તે મનની વૃત્તિઓનું અને 'ભીંત' પર ચિત્રિત જમુનાના નાગ' જગતના મિથ્યા દર્શનનું રૂપક છે. પ્રેમલક્ષણા ભક્તિની ભાવનાની અભિવ્યક્તિમાં તાત્વિક અર્થઘટન ધ્વારા અર્થગાંભીર્ય પ્રગટે છે. 'સાગર' ના પ્રેમલક્ષણા ભક્તિના પદોની આ વિશેષતા છે. શ્રી કૃષ્ણની બંસીનો અનાહત નાદ કોટિ બ્રહ્માંડ ગજાવી મૂકે છે. એ ભાવ નીચેની પંક્તિ ધ્વારા આલેખાયો છે.

નાદ અનાહત બંસી બજૈયાં કોટિ બ્રહ્માંડ ગજૈયાં.[૭૯૬]

તાત્વિક પરિભાષાના અનાહત નાદ શબ્દ ધ્વારા વેદાન્ત અને પ્રેમલક્ષણા ભક્તિનો સમન્વય સધાયો છે. અન્ત્યાનુપ્રાસ ધ્વારા શબ્દલાલિત્ય, સંગીતક્ષમતા અને સાગર ની લાક્ષણિક મસ્તીનો બીજો એક નમૂનો શ્રીકૃષ્ણની ભવ્ય રાસ–નૃત્યનાં સચોટ ચિત્રાત્મક શૈલીનાં નાચ પદમાંથી જોઇએ :

---

૭૯૪. એજન, પૃ. ૩૮૯
૭૯૫. એજન, પૃ. ૩૭૮
૭૯૬. એજન, પૃ. ૪૧૬

હું યે નાચુંને તું યે નાચે ।
નાચત સારી ઘરૈયાં ।

સોળ હજાર કુંવારીઓ નાચે । સમઝુમ રાસ રમૈયાં.[૭૯૭]

'ગોવાળ', 'ગોવાળનું ગીત', 'મહિયારી' અને 'મહિયારીનું ગીત' – આ ચાર પદો 'સાગર'ની સંવાદાત્મક અભિવ્યક્તિ માટે સવિશેષ નોંધપાત્ર છે. 'લે । લે । પરસ્પર કોલ' તેમ જ 'કાળો નથી' પદો અભિનયક્ષમતા, સંવાદાત્મક અભિવ્યક્તિ અને નાટયાત્મક ઉપાડને લીધે પ્રેમલક્ષણા ભક્તિના નાજુક ભાવનું આલેખન કરતાં ઉત્તમ કોટિનાં પદો છે.

'લે ! લે ! પરસ્પર કોલ'નો નાટયાત્મક ઉપાડ જુઓ :

શ્રી કૃષ્ણ રાધાને કહે છે :

મહી મટૂકી તારી ખોલ !

પોતાના મનમોહન પ્રત્યેના પ્રેમનું તાદશ નિરૂપણ રાધાના જવાબમાં છે. જુઓ :

ના ! ના ! જવા દે ને, કહાનાં !

સંવાદ, નાટયાત્મકતા, અને મધુર શબ્દ પદાવલી દ્વારા ભાવનું સચોટ આલેખન આ પછીની પંક્તિઓમાં પ્રતીત થાય છે :

આઘેરો જા ! મારું ઓઢણ ફાટયું – ચીરાયું ચીર અમોલ !

ગોપીની આ ઉક્તિનો ઉત્તર બીજી પંક્તિમાં છે :

ના ના છે મુખમાં ને મનમાં છે હાં । હાં ।
હૈડું ચડયું છે હીંદોલ ।

---

૭૯૭. એજન.

ગોપીની હૃદયદશા તેમ જ તેને અનુરૂપ લજ્જાનો ભાવ આ પ્રમાણે નિરૂપોયો છે :

શેરડા મોઢા પરે છે શરમના ! ઘેલા અધૂરા શા બોલ !

પદની અંતિમ પંક્તિમાં રાધા-કૃષ્ણનો પરસ્પર પ્રેમ સચોટ બાનીમાં અભિવ્યક્તિ થયો છે :

તું રસગોપીને હું રસ-સાગર ! લે ! લે ! પરસ્પર કોલ ![૭૯૮]

'સાગર'ની ઉત્તમ કોટિની અભિનેય સંગીતક્ષમ રચના લેખે આ પદ ચિર સ્મરણીય રહે તેવું છે.

કાળો નથી ! પદ પણ નાજુક ભાવનો સચોટ આલેખન તેમ જ સંવાદાત્મક અભિવ્યક્તિ અને સંગીતક્ષમતાને લીધે કલાદેહ પ્રાપ્ત કરે છે. ઉત્કૃષ્ટ કોટિના ઊર્મિગીત લેખે આ પદ પણ નોંધવું જોઇએ :

રાધાનો તેની માતા સાથેનો રસિક સંવાદ આ પદમાં નિરૂપાયો છે. નાટયાત્મક ઉપાડ ધ્વારા પદનો પ્રારંભ થાય છે.

ના'- ના ! નથી કહાન કાળો !
માડી મારી ! ના - ના ! નથી કહાન કાળો ![૭૯૯]

કૃષ્ણનાં શ્યામ રંગનું કારણ જણાવતાં રાધા કહે છે :

કીકીઓ કાળીને કાળય જગની ! તેણે તમે શ્યામ ભાળો !

અને એ પછીની પંક્તિ પણ સચોટ અભિવ્યક્તિ માટે નોંધવી જોઇએ.

લ્યો તો તમે, માડી ! આપુ આ નેણાં !
આંખોએ મારી નિહાળો ![૮૦૦]

---

૭૯૮. એજન, પૃ. ૪૪૪
૭૯૯. એજન, પૃ. ૪૫૦
૮૦૦. એજન

પ્રેમલક્ષણા ભક્તિના પદોમાં લે ! લે ! પરસ્પર કોલ ! અને 'કાળો નથી' પદો લાક્ષણિક અભિવ્યક્તિ, નાટયાત્મક ઉપાડ અને સંગીતક્ષમતા લેખે નોંધપાત્ર બની રહે છે. નાટયાત્મકતા, સંગીતક્ષમતા, શબ્દલાલિત્ય, તેમ જ શૃંગારની પરિભાષામાં સંવાદાત્મક સચોટ અભિવ્યક્તિને લીધે 'સાગર' ના પ્રેમલક્ષણા ભક્તિનાં પદો અન્ય પ્રકારનાં પદો કરતાં કાવ્યત્વની દષ્ટિએ ચડિયાતાં છે.

'દીવાને સાગર' દફતર બેના પ્રેમલક્ષણા ભક્તિના પદો – ભજનો, 'પ્રેમકલહ', 'સહજ સોહંગ', 'સોહંગ', 'આવી દયા ન્હોતી જાણી', 'ચાલો વૃંદાવન વસીએ', 'ત્હારે ઘરે એ મહેમાન છે રે', 'ભાગ્યની રેખાઓ રુડી', 'ભક્તિ અમારે તો જોઇએ', 'લેખણે મેખ મરાવી', 'ભાગત કવિતા'! કલારી'!, 'રાધે ! મ્હારે ગોટું થયું છે,' અને 'અમે વેગે વૃંદાવન આવશું' – માં પ્રેમલક્ષણા ભક્તિ સાથે સૂફી ભક્તિ તેમ જ અદ્વૈતવાદનો સુભગ સમન્વય થયો છે.

'સાગર'ની આત્મસાધનાનો પ્રારંભ પ્રેમની અનન્યતા ધ્વારા (નારદ ભક્તિસુત્રનું નવમું સુત્ર) ધ્વારા થાય છે. નરસિંહ, મીરાં, અખો અને દયારામની માફક 'સાગર' પણ પ્રેમલક્ષણા ભક્તિનો ગાયક છે. આ પદોમાં સાગરે મુખ્યત્વે પરમાત્મા સાથેની પોતાની એકતાનો સ્વાનુભવ અભિવ્યક્ત કર્યો છે. કેટલાંક પદોમાં તેમણે રાધાભાવે પોતાના આરાધ્ય દેવ શ્રીકૃષ્ણ પ્રત્યેનો અનન્ય પ્રેમ તેમ જ મિલનનો આનંદ વ્યક્ત કર્યો છે. રાધાકૃષ્ણ – ઉભયના સ્નેહપૂર્ણ જીવનના કેટલાંક મનોરમ પ્રસંગોનું તેમ જ નાજુક ભાવોનું આલેખન પણ કર્યું છે. 'સાગર'ની પ્રેમલક્ષણા ભક્તિ સાથે સૂફી ભક્તિ તેમ જ અદ્વૈતવાદનો સુભગ સમન્વય પણ સધાયો છે. નિર્ગુણ છતાં સગુણ અને સગુણ છતાં નિર્ગુણ એમ બંનેનું

એકીકરણ 'સાગર' ની પ્રેમલક્ષણા ભક્તિનું લાક્ષણિક તત્ત્વ છે. ભક્તિ અને જ્ઞાન ઉભયનું અદ્વૈત સાગરે આ પદો ધ્વારા સ્વીકાર્યું છે. દયારામની માફક એમનાં પદોમાં પ્રેમલક્ષણાભક્તિના આરાધ્ય દેવ શ્રીકૃષ્ણની સગુણ ઉપાસના નથી. સાગરે શ્રી કૃષ્ણનો પ્રેમ બ્રહ્મ – પરબ્રહ્મ – 'કહાન કુંવર, ઓમકાર' તરીકે સૂચક રીતે નિર્દેશ કર્યો છે. 'સાગર'ની ઉપાસના નિર્ગુણ પરબ્રહ્મની છે, સગુણ દેહધારી શ્રીકૃષ્ણની નથી.

સાગરે પોતાનાં ધનચક્રના નકશા માં પરમાત્મ પ્રાપ્તિ માટે ભક્તિ, જ્ઞાન, યોગ અને સૂફીઇશ્ક – ચાર ભિન્ન માર્ગો દર્શાવ્યાં છે. આ ચારે માર્ગોને ચીરીને જતો સાગર નો પોતાનો માર્ગ – સાગરરાહ – પણ બતાવવામાં આવ્યો છે. આ બધા માર્ગોનું ધ્યેય આત્માનુભવ હોઇ જીવાત્માને માટે તો બ્રાહ્મીદશાનો આ સ્વાનુભવ પ્રાપ્ત થતાં – ધ્યેય પ્રાપ્તિ પછી માર્ગનું મહત્ત્વ રહેતું નથી, એટલે ભક્તિ, જ્ઞાન, કર્મ બધાંની એકતા આત્માનુભવની સ્થિતિમાં અનુભવાય છે. સૂફીવાદ અને પ્રેમલક્ષણા ભક્તિનો સમન્વય અખા અને કાજી અન્વર જ્ઞાનીની માફક 'સાગર'માં પણ જોઇ શકાય છે.

'સાગર'ની આત્મસાધનાનો માર્ગ એટલે પ્રેમની અનન્યતા – (Concentrated love)– પ્રેમયોગ ધ્વારા અંત:કરણ – શુદ્ધિ – સવિશેષ હૃદયશુદ્ધિ – તે ધ્વારા વાસનાક્ષય મનોનાશ અને સ્વાનુભવ ધનચક્રના નકશામાં દર્શાવેલા સાગરરાહ પરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે પ્રેમલક્ષણાભક્તિ અને અજાતવાદનો સુભગ સમન્વય 'સાગર' માં સધાયો છે. 'સાગર'નાં પ્રેમલક્ષણાભક્તિનાં પદોની આ લાક્ષણિકતા છે.

શબ્દલાલિત્ય, અર્થગાંભીર્ય, સંગીતક્ષમતા, અભિનયક્ષમતા, ચિત્રાત્મકતા તેમ જ પ્રેમલક્ષણાભક્તિનું તાત્વિક અર્થઘટન 'સાગર'નાં આ પ્રકારનાં પદોનાં લાક્ષણિક અંગો છે.

'દીવાને સાગર,' દફતર રનાં પદોમાં રાધાભાવે શ્રીકૃષ્ણ સાથેના મિલનનો આનંદ સ્વાનુભવયુક્ત કાવ્યમય બાનીમાં અભિવ્યક્ત કરતાં પ્રેમલક્ષણાભક્તિનાં પદો વિશિષ્ટ ભાત પાડે છે. શૃંગારની પરિભાષામાં પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણ સાથેની એકતાનો આનંદ માણતી રાધાના નાજુક ભાવોનું આલેખન આ પદોનો વર્ણ્ય વિષય છે. રાધા અને કૃષ્ણ વચ્ચેનો પ્રેમકલહ પરબ્રહ્મ સ્વરૂપ પ્રિયતમ સાથેની એકતાનો સ્વાનુભવ તેમ જ બીજા કેટલાક નાજુક ભાવો આ પદોમાં નિરૂપાયાં છે. રાધાભાવે પરમાત્મા સાથેની પોતાની એકતાનો સ્વાનુભવ તેમ જ મિલનનો આનંદ અભિવ્યક્ત કરવા માટે સાગરે પણ શૃંગારની પરિભાષા પ્રયોજી છે. નરસિંહ અને મીરાંની માફક કદીક ક્યાંક ભાવની અભિવ્યક્તિ સ્થૂળ શૃંગારમાં પરિણમે છે. પરંતુ દયારામની માફક તેમણે મર્યાદા લોપી નથી. 'પ્રેમકલહ' પદમાં રાધા અને કૃષ્ણ વચ્ચેનો મધુરો સંવાદ છે. મોડી રાતે પાછા ફરેલા પોતાના પ્રિયતમ પર રાધા આ પ્રમાણે આક્ષેપ મૂકે છે :

> આધી સી રૈનાં ગુમાઇ કહાં પર ?
> ના ના મૈં ઐસી ઠગૂંગી.[૮૦૧]

આ આક્ષેપનો જવાબ આપતી શ્રી કૃષ્ણની પંક્તિઓ કવિએ દોરેલું ચિત્ર જુઓ :

> ચુપ ! રે ઓ જૂઠી ! લગાતી ક્યું ટાને !
> તોપે મૈં બિખ ના પીવૂંગી ![૮૦૨]

---

૮૦૧. 'દીવાને સાગર,' દફતર ૨, પૃ. ૨
૮૦૨. એજન, પૃ. ૨

આ પંક્તિઓની વ્રજ ભાષાની છાંટવાળી કાવ્યમય બાની, સૂક્ષ્મ શૃંગાર, ચિત્રાત્મકતા અને સંવાદાત્મક શૈલી દષ્ટિગોચર થાય છે. "ભાગ્યની રેખાઓ રૂડી !" પદમાં અભિવ્યક્ત થયેલી અનુભૂતિમાં ભવ્યતાનું દર્શન થાય છે. રાધાભાવે સાગરે પોતાના મનમોહન સાથે અનુભવેલા ઐક્યના આનંદનું શૃંગારની પરિભાષામાં કરેલું નિરૂપણ કદાચ આ પ્રકારનાં બીજા કોઇનાં પદોમાં નહિ થયું હોય.

બાથે મ્હને લીધી નાથે અનન્તે
પ્રેઠી પતાલે હું ઉંડી ! –
ઉંડી – ઉંડી ઉં....ડી ! હે....જી !
ચાળે ચડાવી મ્હને મનમોહન !
મીઠી સમાધિમાં સૂતી ! –
સૂતી – સૂતી – સૂ....તી ! હે....જી !
અધરે અધર અલબેલોજી ગૂંથે !
ઉંચે ઉડે – હું તો ઉડી ! –
ઉડી – ઉડી – ઉ....ડી ! હે....જી !
કેલિ કરે રસશેષ સ્વયંભૂ !
ભાગી ભાગી ભવચૂડી !
ચૂડી – ચૂડી – ચૂ....ડી ! હે....જી ![૮૦૩]

અર્વાચીન કવિતામાં શ્રી સુંદરમે સાગર ના પદો–ભજનોની લાક્ષણિકતા – સંગીતક્ષમતા, શબ્દલાલિત્ય તેમ જ અર્થગાંભીર્ય માટે આ પ્રમાણે પોતાનું મંતવ્ય દર્શાવ્યું છે : "એકાદ મધુર શબ્દને લઇને તેને બેવડાવવાની, તેવડાવવાની કવિની સુંદર યુક્તિ કેવળ શબ્દનું

---

૮૦૩. એજન, પૃ. ૧૬

જ નહિ પણ અર્થનું પણ સંગીત સાધવામાં ખૂબ કામ આવે છે.....
અનુપ્રાસ તથા યમક વગેરેનો ખૂબીપૂર્વક ઉપયોગ કરીને પણ 'સાગર' અનેરું ચારૂત્ય તથા અર્થવાહકતા સાધે છે".[૮૦૪] શબ્દો બેવડાવવાની - ત્રેવડાવવાની, યુકિત ધ્વારા અર્થગાંભીર્ય અને સંગીતક્ષમતા સાધવાની કવિ કુશળતા તેમ જ રસબ્રહ્મ શ્રીકૃષ્ણ – પરબ્રહ્મ સાથેની સહજસમાધિની આત્માનુભવની દશા અભિવ્યકત કરવા માટે પ્રયોજાયેલી શૃંગારની પરિભાષાનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ આ પંકિતઓમાં થયો છે. તાત્વિક અર્થઘટન માટે શૃંગારની પરિભાષાની આવી આયોજના નરસિંહ કે દયારામમાં નથી. 'સાગર'ની આ લાક્ષણિકતા છે. આ પંકિતઓમાં પ્રયોજાયેલા શબ્દો અનંત, મીઠી સમાધિ, અને રસશેષ સ્વયંભૂ આની પ્રતીતિ કરાવે છે.

'સહજ ઓહંગ સોહંગ', 'આવી દયા ન્હોતી જાણી', 'અમે વેગે વૃન્દાવન આવશું,' 'ત્હારે ઘરે એ મ્હેમાન છે રે', 'રાધે મ્હારે ગોરું થવું છે,' અને 'ભકિત અમારે તો જોઇએ' જેવાં પદોમાં પ્રેમલક્ષણા ભકિતનાં નાજુક ભાવોના આલેખન માટે સાગરે શૃંગારની પરિભાષા પ્રયોજી છે.

આ પદોની મૂળ હસ્તપ્રત તપાસતાં કેટલાક પદોમાં પાઠભેદ પણ મળે છે. પાછળથી સાગરે કેટલાક પદોની પંકિતઓ તેમ જ શીર્ષકોના નામ હેતુપુરઃસર સુધાર્યાં છે. સગુણ ભકિતમાંથી નિર્ગુણ ભકિત તરફ વળતાં સાગરે નિર્ગુણ ભકિત દર્શાવવા મૂળ શીર્ષક આ પ્રમાણે છે.

---

૮૦૪. 'અર્વાચીન કવિતા', સુંદરમ, પૃ. ૨૦૧

અનંગનું ગીત – સહજ ઓહંગ સોહંગ-૨૪ ડીસે. '૧૬.
એમનું ગીત – ત્હારે ઘરે એ મ્હેમાન છે રે-૪ ફેબ્રુ. '૧૭.
લૂંટાયલીનું ગીત– ભાગ્યની રેખાઓ રુડી-૫ ફેબ્રુ. '૧૭.
કપટીનું ગીત – લેખપે મેખ મરાવી -૭ ફેબ્રુ. '૧૭.

ભાગ્યની રેખાઓ રુડી ! પદ મૂળમાં આ પ્રમાણે છે :

લૂંટી – લૂંટી – મ્હને લૂંટી !
સખિ ! મધુવનમાં મ્હને એણે લૂંટી
લૂંટો મીઠી મીઠી હો.....જી !

નાથે મ્હને બાથે લીધી એકાન્તે,
નાના શકી હૂં તો છૂટી –
બાથો મીઠી મી....ઠી હો.....જી !

ચાળે ચડાવી મ્હને મનમોહન !
સૂતી રતિ જાગી ઉઠી –
રતિ મીઠી મી....ઠી હો....જી !

અધરે અધર અલબેલોજી ગૂંથે !
પીતાં અમે રસબૂટી –
બૂટી મીઠી મી....ઠી હો.....જી !

કેલિ કરે રસચટકું ચતુરવર,
હળવે ખણે છાની ચૂંટી –
ચૂંટી મીઠી મી....ઠી હો.....જી !

ધન્ય હો સાગર ઉર વૃજવાસી ! –
ભાગ્યની રેખાઓ મીઠી !
એ તો મીઠી મી.....ઠી હો.....જી !

આ પદમાં પ્રયોજેલી સ્થૂલ શૃંગારની પરિભાષામાં તાત્ત્વિક અનુભૂતિ, મસ્તી તેમ જ ઔચિત્યપૂર્ણ શબ્દ પદાવલી ધ્વારા અર્થગાંભીર્ય, સધાયું નથી.

સાગરે કરેલા લાક્ષણિક ફેરફારો પરથી જોઇ શકાય છે કે ઇ.સ. ૧૯૧૬-૧૭ ના વર્ષ દરમ્યાન રચાયેલા 'સાગર' ના પદોમાં અભિવ્યકિત થયેલી સગુણ ભકિત નિર્ગુણ - સગુણના એકરસ સ્વાનુભવમાં પરિણમે છેઅ એટલે દફતર બીજાનાં પ્રકાશન સમયે - ઇ.સ. ૧૯૩૬માં સ્થૂલ શૃંગારની પરિભાષામાં રચાયેલા આવા પદોમાં ઔચિત્યપૂર્ણ લાક્ષણિક ફેરફારો ધ્વારા પ્રેમલક્ષણા ભકિત અને અજાતવાદના સ્વાનુભવનો આ ફેરફારો ધ્વારા સમન્વય સાંધ્યો છે. આ ફેરફારો ધ્વારો પ્રેમલક્ષણા ભકિતનું તાત્ત્વિક અર્થઘટન 'સાગર' ને અભિપ્રેત છે તે જોઇ શકાશે. જુઓ :

સૂતી રતિ જાગી ઉઠી - મીઠી સમાધિમાં સૂતી !
રસચટકું ચતુર વર - રસશેષ સ્વયંભૂ !
હળવે બણે છાની ચૂંટી - ભાગી ભાગી ભવ ચૂડી ![805]

લેખપે મેખ મરાવી ! પદમાં કરેલા ફેરફારો જુઓ :

| | |
|---|---|
| બ્હાનું બતાવી એકાન્તે બોલાવી, | બ્હાનું બતાવી, એકાન્તે વહાવી ! |
| ઉભા મ્હને અટકાવી ! | બસી શી બ્રાહ્મી બજાવી ? |
| નિર્લજ્જ પિયુડા - હો મન્મથ સાગર ! | સગુણ નગુણ પર મનમથી સાગર - |
| લે - લે - ત્હેં લજ્જા તજાવી ! | લેખપે મેખ મરાવી ! |
| ઓ કપટી ! ન્હોતી કળા જાણી આવી ! | ઓ પ્રભુજી ! ન્હોતી કળા જાણી આવી ![806] |

૮૦૫. એજન, પૃ. ૧૬
૮૦૬. એજન, પૃ. ૧૮

આ પદોમાં નિરૂપાયેલા પ્રેમલક્ષણા ભક્તિના ભાવોની શૃંગારપૂર્ણ અભિવ્યક્તિ પાછળ રહેલો તાત્ત્વિક અર્થ સાગર ની વિશેષતા છે. 'સહજ ઓહંગ સોહંગ' પદના વિચારદેહ પર ત્વે કબીરની અસર જોઇ શકાય છે. રાધાભાવે પોતાના પ્રિયતમ સાથેની એકતાના સ્વાનુભવની 'સાગર' ની અભિવ્યક્તિમાં રહેલી ખુમારી જુઓ :

મીલનો ભયો મોરે પ્યારે પિયુસેં ! –
દોનો બને એક અગ !
... ... ...
મૈં પિયુજીમેં ! મુઝીમેં પિયુજી !
આઠોં પહર પિયુસંગ !
સજની ! સુનો ! પિયુ સાગર ગુંજત ! –
સહજ ઓહંગ સોહંગ ![૮૦૭]

શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતા ધ્વારા અર્થગાંભીર્ય સાધતી 'સાગર' ની લાક્ષણિક અભિવ્યક્તિના થોડાક નમૂના જુઓ :

રંગ અનંગ રગે રગ ધૂમે –
રસબસ રહી પ્રભુ માણી ![૮૦૮]

ઉલટ ઉલટ રતિ પતિ રસ લૂટત !
જોબન તન ફૂલવારી ![૮૦૯]

ગુરુદેવ દત્ત પ્રભુ જ્ઞાન સાગર –
ઉર્મિપે ઉર્મિ રેલાવશું રે !
અમે વેગે વૃન્દાવન આવશું ![૮૧૦]

---

૮૦૭. એજન, પૃ. ૯
૮૦૮. એજન, પૃ. ૧૦
૮૦૯. એજન, પૃ. ૮૯
૮૧૦. એજન, પૃ. ૧૬૪

'સાગર' ના પદોનો ચોટદાર તેમ જ આકર્ષક ઉપાડ અને ધ્રુવપંક્તિ ધ્વારા કથયિતવ્યનો નિષ્કર્ષ રજૂ કરી દેવાની કુશળતા પણ ખાસ ધ્યાન ખેંચે છે.

મીરાંબાઇના 'બોલમાં બોલમાં બોલમાં રે !'[૮૧૧] પદની સીધી અસર અમે વેગે વૃન્દાવન આવશું, અને 'ત્હારે ઘરે એ મ્હેમાન છે રે', ઉપાડ તેમ જ ધ્રુવપંક્તિ પરત્વે જોઇ શકાય છે. ઉપાડ પરત્વે મીરાંબાઇનાં પદની સીધી અસર ભાગત કવિતા કલા ! રી ! પદમાં પણ જોઇ શકાય છે. સરખાવો :

નાથ તુમ જાનત હો સબ ઘટકી, મીરાં ભક્તિ કરે છે પ્રકટકી.[૮૧૨]

ખેલત મોરી છતિયનપે ગિરધારી !
મોહે હંસ હંસ કહત "દુલ્હારી !"[૮૧૩]

અજાતવાદ અને પ્રેમલક્ષણા ભક્તિનો સમન્વય સાધતી 'સાગર' ની અભિવ્યક્તિનો એક નમૂનો આ જ પદમાંથી જુઓ :

ઉન્મનિ બનિકે બદન ભાન ભૂલત !
ડૂબત ખેલ ખેલારી ![૮૧૪]

સંવાદ શૈલી, ચિત્રાત્મકતા અને સંગીતક્ષમતા ધ્વારા આત્માનુભવની સચોટ અભિવ્યક્તિ સાગર ના પદોની લાક્ષણિકતા છે. જુઓ :

ના ! ના ! ઓ સાગર ! શું હિરદો છુપાવે ?
ત્હારે ઘરે એ મ્હેમાન છે રે !
મ્હારા હૈયામાં પ્રેમનું ગાન છે.[૮૧૫]

---

૮૧૧. 'મીરાંબાઇનાં ભજનો' – પદ ૩, પૃ. ૧૮
૮૧૨. એજન, પૃ. ૩૬ : ૮૧૩. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૮૯
૮૧૪. એજન : ૮૧૫. એજન, પૃ. ૧૨

ઘેલાં – છકેલાં છીએ, હાં ! હાં ! છબિલાં !
પાયો અગમ રસ રસી એ !
ઉધ્ધવજી ! ભક્તિ અમારે તો જોઇયે.

... ... ...

ગુરુજી અમારે સ્વયં પ્રેમ સાગર –
મૂવાં તે નવ અવતરીએ.
ઉધ્ધવજી ! ભક્તિ અમારે તો જોઇયે.[૮૧૬]

શૃંગારની પરિભાષા ધ્વારા સચોટ અભિવ્યક્તિ અને પ્રેમલક્ષણા ભક્તિ, અને અદ્વૈતવાદનો સ્વાનુભવયુક્ત સુભગ સમન્વય આ પદોની લાક્ષણિકતા છે. ચિત્રાત્મકતા, સંવાદ શૈલી, નાટયાત્મક ઉપાડ, શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતા ધ્વારા અર્થગાંભીર્ય – આ પદોના કલાદેહને ઘડનારાં લાક્ષણિક અંગો છે.

: ૪ : સૂફીવાદનાં પદો :–

'દીવાને સાગર' દફતર ૧ ના 'સનમનું નામ', 'રટણ', 'જોગનિયાં', 'રાજકુમાર', 'ખેરસલ્લા', 'માયાવી ક્ચુકી', 'આવો જી !' 'ઘરવાળીનું ગીત', 'રંગમીનાં', 'ઠગણી' અને 'અડવાણે પાયે ન ચાલો !' જેવા સૂફીવાદની ભાવના વ્યક્ત કરતાં પદોમાં સાગરે ફના – આત્મસમર્પણ, હૃદયની વિશુધ્ધિ અને પ્રેમની અનન્યતા ધ્વારા વાસનાક્ષય – મનોનાશની ભૂમિકા પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થનું મહત્ત્વ સમજાવ્યું છે. સૂફીવાદ, પ્રેમલક્ષણા ભક્તિ તેમ જ અદ્વૈતવાદનો ત્રિવેણી સંગમ સાધતા આ પદોમાં સાગરે પોતાના સ્વાનુભવની અભિવ્યક્તિ માટે શૃંગારની પરિભાષાનો વિનિયોગ કર્યો છે. આત્માનુભવનું બળ અભિવ્યક્તિ પાછળ અનુસ્યૂત

---

૮૧૬. એજન, પૃ. ૧૭

હોઇ કવિ સચોટતા સાધી શકયા છે. સૂફી પ્રણાલિકા પ્રમાણે શૃંગારની પરિભાષા ધ્વારા સનમ સાથેના મિલનનો આનંદ તેમ જ ઐકયનાં સ્વાનુભવની સંવાદાત્મક અભિવ્યકિતમાં સચોટતા, શબ્દ-લાલિત્ય, ભાષા પ્રભુત્વ, મસ્તી કલ્પનાની ચમત્કૃતિ ધ્વારા અર્થગાંભીર્ય અને સંગીતક્ષમતા 'સાગર'ના સૂફીવાદના પદોની લાક્ષણિકતા છે.

સૂફીવાદ અને વેદાન્તનો સમન્વય સાધતા સનમનું નામ પદના ઉપાડમાં મીરાંબાઇના 'બોલમા ! બોલમા ! બોલમા રે !' પદની સીધી અસર દેખાય છે. 'સાગર' પોતાની સનમનો પરિચય આપતાં કહે છે કે :

> નામ છે – નામ છે – નામ છે રે !
> મારી સનમનું ૐકા ૐમ નામ છે.[૮૧૭]

પ્રેમલક્ષણા ભકિત અને સૂફીવાદનો સમન્વય સાધતાં જોગનિયાં પદમાં સાગર નું ભાષા પ્રભુત્વ તેમ જ મસ્તી પ્રતીત થાય છે :

> જોગનિયાં – મૈં તો જોગનિયાં !
> અજી ! મોરે સનમકી મૈં જોગનિયાં ! –
> હરિ – હરિ ! ગાવત ખીલત હિરદા !
> મોહે આવત નવ જોબનિયાં !
> અજી ! મોહે આવત નવ જોબનિયાં ![૮૧૮]

... ... ...

અણલિંગી પરબ્રહ્મની પ્રાપ્તિ માટે લીંગ – લીંગ – વાસનાક્ષયનું મહત્વ સમજાવતા 'રટણ' પદમાં પ્રેમલક્ષણા, સૂફીવાદ અને વેદાન્તનો

---

૮૧૭. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૭૯
૮૧૮. એજન, પૃ. ૩૮૬

ત્રિવેણી સંગમ જોઇ શકાય છે.

લિંગ ઉલ્લેખકો ગુરુને ઉવેખ્યો –
દીયો અલિંગી બિચાર –
હેમન ! તુંહિ તુંહિ રટ દિલદાર !
... ... ...
ફિરત ફિરત તોહે પાયા પિયાકો –
કહાનકુંવર ૐમકાર ![819]

શબ્દલાલિત્ય ધ્વારા સંગીતક્ષમતા સાધતી આ પદની નીચેની પંક્તિઓ જુઓ :

તન વૃન્દાવન – મન વ્રજવાસી –
નાચત થેઇ થેઇકાર ![820]

સૂફી સાગર ની સનમ પ્રત્યેના અનન્ય પ્રેમની ભાવનાની સચોટ અભિવ્યક્તિ નીચેની પંક્તિઓમાં છે :

તુંહિ તુંહિ રટતાં તલ્લીન થાઉં પ્રેમમાં !
બીજા પ્રભુનું શું કામ છે રે ?[821]

સૂફીવાદ અને અજાતવાદના સમન્વયકાર 'સાગર' ની કલ્પનાની ચમત્કૃતિ ધ્વારા અર્થગાંભીર્ય સાધતી અભિવ્યક્તિની લાક્ષણિક છટાના બે નમૂનાઓ 'રાજકુમાર' અને 'આવો ! જી !' પદોમાંથી જોઇએ :

નગરી હમારી ફનાકી અજાયબ !
ગેબ હમારો બસી લો !
સૈયાં મૈં તો રાજકુમાર રસીલો ![822]

૮૧૯. એજન, પૃ. ૩૮૫ : ૮૨૦. એજન
૮૨૧. એજન, પૃ. ૩૭૯ : ૮૨૨. એજન, પૃ. ૩૫૧

ગુંથૂ અલકલા તારક મોતી ।
મુગટ ગગનથી મઢાવું ।
સિવડાવું ચાંદા સુરજ ભરી ચોળી ।
પૃથિવીનો ચણિયો બનાવું ।[૮૨૩]

સ્થૂલ – સૂક્ષ્મ ઉભય પ્રકારની શૃંગારની પરિભાષામાં સનમ ની વિરાટ કલ્પનાનું ચિત્ર સચોટ કાવ્યમય બાનીમાં નીચેની પંક્તિઓમાં પણ નિરૂપાયું છે :

કંચૂકી કયાં સિવડાવી ?
સૈયાં મોરે । કંચૂકી કયાં સિવડાવી ?
સતાડી રાખ્યા શશી, રવિ ભીતર ।
કોણે કળા એ ભણાવી ?
કંચૂકી ઓઠે ત્રિલોકની શોભા । સાગર માંજી ઉડાવી ।[૮૨૪]

શૃંગારની પરિભાષા ધ્વારા સનમ સાથેના ઐકયની અભિવ્યકિત સાધતી સાગર ની મસ્તીપૂર્ણ બાનીનો એક ઉત્તમ નમૂનો 'આવો । છ ।' પદમાંથી લઇએ :

સોરંગી સાળુ વસન્તી પહેરાવું । ચુમ્બન ફૂલડે વધાવું ।
બિસ્તર ઉરપે વિરાટ બિછાવું ।
રંગે રમાડું । રીઝાવું ।[૮૨૫]

વિલક્ષણ પ્રયોગો ધ્વારા ભાષાનું સામર્થ્ય – પ્રભુત્વ અને મસ્તી સાધતી સાગર ની બાની વેધકતા અને સચોટતાનું લાક્ષણિક રૂપ ધારણ કરે છે. 'ખેરસલ્લા' અને 'ધરબાળાનું ગીત'માંથી થોડાક નમૂનાઓ જોઇએ :

---

૮૨૩. એજન, પૃ. ૪૩૨ : ૮૨૪. એજન
૮૨૫. એજન

પ્રેમ રસાયન પાવે જવલ્લા ! જીરવે વિરલ કોઉ ભલ્લા ! [૮૨૬]

દારૂ પીએ મારી બલ્લા !

હાં ! હાં ! મેરે યારો ! દારૂ પીએ મ્હારી બલ્લા !

તું મારે સૈયાં ને હું તારે શું ! હાં–લે – લે, હલે ! રંગતાળી,

સાગર શાહ સૂફી ઘર વ્હોણા ! મારે તો તું ઘરવાળી ! [૮૨૭]

આ પંકિતપરથી સ્પષ્ટ પ્રતીત થશે કે સચોટ અભિવ્યકિત માટે સાગરે સંવાદના તત્ત્વનો પણ ઔચિત્યપૂર્વક વિનિયોગ કર્યો છે.

સનમ સાથેના અદ્વૈતભાવની મસ્તી તેમ જ અભિવ્યકિતની લાક્ષણિક છટા 'ખેરસલ્લા' પદની નીચેની પંકિતઓમાં પણ જોઇ શકાય છે.

હું જ શરાબ અજાયબ જાતે ! નહીં દૂલહન ! નહીં દૂલ્હાં ! [૮૨૮]

આત્માનુભવની સહજાવસ્થાનો અનુભવ વ્યકત કરતી નીચેની પંકિત જુઓ :

અદ્બદ હાલ ! અલખ લખ મૌલા ! નાહીં સ્તુતિ !
નહીં ગિલ્લા ! [૮૨૯]

'સાગર'ના પદોમાં મુખ્યત્વે શૃંગારરસ જ નિરૂપાયો છે. પરંતુ 'ઠેગણી' પદમાં લાક્ષણિક અભિવ્યકિત ધ્વારા હાસ્યરસનું થયેલું નિરૂપણ પણ ખાસ ધ્યાન ખેંચે છે :

બળતું હતું ઘર ! વા ખૂબ વાયો ! ત્યાં જઇ હું ગોઠવાયો !
હાં ! હાં ! હસી મારી હસી કહે – હાં ! સૌથી
સાગરિયો સવાયો ! [૮૩૦]

---

૮૨૬. એજન, પૃ. ૪૧૬
૮૨૭. એજન, પૃ. ૪૪૪
૮૨૮. એજન, પૃ. ૪૧૬
૮૨૯. એજન
૮૩૦. એજન, પૃ. ૪૪૭

'રંગભીનાં' અને 'અડવાણે પાયે ન ચાલો' પદમાંથી કવિતાના વિચારદેહને કલાધાટ અર્પતા બે ઘટક તત્ત્વો શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતાના ઉત્તમ નમૂનાઓ જોઇએ :

જાદૂ ઝરે જોઇ પેરે તમારે,
ખોશે કો આંખો બિચારો !
ધરીએ જી ! બાલાજોબન પર પર્દો –
મ્હોશે કો ભગત રસાળો ![831]

શૃંગારની પરિભાષા ધ્વારા સંવાદ અને ચિત્રાત્મકતાના તત્વોના વિનિયોગ ધ્વારા સચોટ અભિવ્યકિતનો ઉત્તમ નમૂનો છે :

પુલકે છે છાતી શી અસમાની,
ધૂઘટે ઘેઘટ બન્યાં છે શુ નેનાં.

... ... ...

બોલો, સલૂણાં ! શી રીતે છૂપાવશો ;
કાયમ નિશાનો ચૂમીનાં ?

... ... ...

ઠીક ઠીક ! સાગર ! બોલ્યાં ગોરી મેનાં,
જમો ઇજાર કયાં સૂફીનાં ?[832]

: ૫ : 'દીવાને સાગર' દફતર ૧ બોધાત્મક પદો :–

'સાગર'નાં બોધાત્મક પદોની અભિવ્યકિત વિભિન્ન પ્રકારની છે. પ્રેમલક્ષણા ભકિત આત્મજ્ઞાનના પદોમાં અભિવ્યકિત થયેલા શૃંગારરસને બદલે કેટલાંક પદોમાં સાગરે વીરરસના સચોટ આલેખન માટે યુધ્ધની પરિભાષા પ્રયોજી છે :

---

૮૩૧. એજન
૮૩૨. એજન, પૃ. ૪૪૬

લડવું તો મન સામે લડવું,

હો દેશી ! લડવું તો મન સામે લડવું.

આખું કાવ્ય રૂપક શૈલીમાં હોઇ, ભક્તિ વૈરાગ્યને બખતરનું અને પ્રેમને બ્રહ્માસ્ત્રનું રૂપક આપી તે ધ્વારા જ્ઞાન ઘોડે બેસીને હું તું – દુશ્મનોને મારીને મરવાનું જીવાત્મારૂપી યોધ્ધાને ઉદબોધન કર્યું છે. અજાતવાદના સિધ્ધાંત નિરૂપણ માટે પ્રયોજેલી યુધ્ધની પરિભાષા આ પદોની લાક્ષણિકતા છે. લડવું તો પદમાંથી એક નમૂનો જુઓ :

ભક્તિ વૈરાગ્યનું પહેરવું બખ્તર, જ્ઞાનને ઘોડે ચડવું.

પ્રેમ બ્રહ્માસ્ત્ર સજીને બરાબર, હું – તને મારીને મરવું.[८३३]

પ્રીતમનું : १ : 'હરિનો મારગ છે શૂરાનો'[८३४] ; અને ધીરાનું : २ : 'ખબરદાર મનસુબાજી ખાંડાની ધારે ચડવું છે.'[८३५] અને બ્રહ્માનંદનું : ३ : 'રે શિર સાટે નટવર વરને વરીએ રે'[८३६] પદો સાથે આ પદની વીરસોચિત જોમદાર શૈલી અને યુધ્ધની પરિભાષા સરખાવી શકાય તેમ છે. 'અખાડો' પદની લાક્ષણિક રૂપક શૈલી ધ્વારા સચોટ અભિવ્યક્તિ માટે જુઓ :

શૂરાનો આતો અખાડો !

ઓ હરિજન ! શૂરાનો બ્રહ્મ અખાડો !

કામી મનને શ્વાનનું અને મનની અસ્થિરતાને તેમ જ ચંચળતાને કાયર કુત્તાનું રૂપક આપી આત્માનુભવ માટે પ્રબળ પુરૂષાર્થની આવશ્યકતા સાગરે સચોટ રીતે દર્શાવી છે. આખું કાવ્ય રૂપક શૈલીમાં છે. જુઓ :

ઘરમાં છે આતમ સિંહનો વાઠો, કાયર કૂત્તાને કાઢો,

શ્વાન સમાન મહીં મન કામી, હરિ ! એને હઠાડો.[८३७]

---

८३३. 'દીવાને સાગર', દફતર १, પૃ. ३५३ : ८३४. કાવ્ય દોહન, ભાગ १, પદ ७, પૃ. ७३०

८३५. એજન, પદ ६, પૃ. ८८८

८३६. 'કાવ્યદોહન', ભાગ १, પૃ. ७६५

८३७. 'દીવાને સાગર', દફતર १, પૃ. ३५४

ભક્તિ, જ્ઞાન અને યોગ – ત્રિવેણીની ભૂમિકામાં પહોંચવા માટે સતત પુરુષાર્થ વિના અન્યમાર્ગ નથી. વેદાન્તની પરિભાષામાં બોધાત્મક શૈલીમાં સાગરે કાવ્યનું રૂપક આ પ્રમાણે યોજ્યું છે :

"ગૂગળાવી પ્રાણ ત્રિવેણીમાં આધે, ઉંડેરા જળમાં ડૂબાડો,
અનુભવ સાગર રાજ વિધાનો પુરુષાર્થથી ઉઘાડો". ૮૩૮

કબીર અને અખાની સંતવાણી સાથે પોતાનું અનુસંધાન કરતી 'સાગર' ની ભાષા શૈલી મસ્તીયુક્ત લાક્ષણિક છટા ધારણ કરે છે. બેફિકર પદની પ્રારંભની પંક્તિઓ જુઓ :

કલકી ફિકર મત કરો !
સાધુ ! તુમ પલકી ફિકર મત કરો ! ૮૩૯

ગગનમાં ઉડતાં મુક્ત પંખીની માફક જીવાત્માએ પોતાની વાસનાઓનો ક્ષય કરીને મુક્તાવસ્થાનો સ્વાનુભવ પ્રાપ્ત કરવો જોઇએ. સાગરે દષ્ટાંત શૈલી ધ્વારા સિધ્ધાંતનું કરેલું સચોટ નિરૂપણ જુઓ :

જયું હિ પછી સબ ઉડત ગગનમેં –
ત્યું હિ મસ્ત બસ ફિરો ! ૮૪૦

હૃદયનું ભાવૈકય સાધતી સાદી સરળ અને સચોટ તેમ જ લોકભોગ્ય બાનીમાં 'સાગર' પ્રભુભક્તિમાં લીન થવાનો જીવાત્માને ઉપદેશ આપતાં યથાર્થ જ કહે છે કે :

નહીં રે ટકે તારું માહીનું ખોરડું ! ચેતી લે – હાં એકદમ !
પળ પળ ભજ પરિબ્રહ્મ:
જનુવા ! પળ પળ ભજ પરિબ્રહ્મ. ૮૪૧

---

૮૩૮. એજન
૮૩૯. એજન, પૃ. ૩૭૩ : ૮૪૦. એજન, પૃ. : ૮૪૧. એજન, પૃ. ૪૨૮

લોકભાષા ધ્વારા સચોટ અભિવ્યકિતનો બીજો એક નમૂનો જીવન વિનંતી પદમાંથી જોઇએ :

ખાતું ચડી ગયું ! ચેતી લ્યો, ભૈયા ! કયાં સુધી
નિભશે ઉધારો ?[૮૪૨]

પરમાત્મ પ્રેમ ધ્વારા અહમ નાશ – મનોનાશ અને તે ધ્વારા સ્વાનુભવની પ્રાપ્તિ કરવા માટે સાગરનું ઉદબોધન કવચિત ગધાળું લાગે છે. વેધક લોકભોગ્ય શૈલી સાથે કયાંક આવી ગધાળુતા પણ કેટલાંક પદોમાં જોઇ શકાય છે. એક નમૂનો જોઇએ :

હું – હુને થાનક થાપો હરિને: પ્રકટ થશે પ્યારો પ્યારો !
કીજે નહીં, બાપ ! જૂઠા વેપારો: તજીએ એ મનના વિકારો ![૮૪૩]

અજાતવાદનો મન – માયા નો સિધ્ધાંત સચોટ બાનીમાં અભિવ્યકત કરતી નીચેની પકિતઓ જુઓ :

મન એ જ માયા, ને માયા એ મન છે, રગરગ મંત્ર એ ભરશો.

આખો તેમ જ કબીર સાથે સાગર નું વિચાર સામ્ય સરખાવો :

કબીરના મત પ્રમાણે મન – માયા બંને એક જ છે ;
મન માયા તો એક હૈ ! માયા મનહિ સમાયા
તીન લોક સંશય પરી ! કાહિ કહૌં સમુઝાય.[૮૪૪]

મન સ્વારથી આપરસા બિષય લહરિ ફહરાયા,
મનકે ચલાયે તન ચલે, જાતે સબરસ જાય.[૮૪૫]

આખો પણ કહે છે કે ચિત્તની સ્થિરતા – મનો નિગ્રહ થતાં સ્વાનુભવ પ્રાપ્ત થાય :

---

૮૪૨. એજન : ૮૪૩. એજન, પૃ. ૪૨૮
૮૪૪. કબીર સાહેબનું બીજક, પૃ. ૪૩૬
૮૪૫. એજન, પૃ. ૫૦૩

ચિત્ત શમતે નિશ્ચલ મન થાય, નિશ્ચલ મન તે શિવ સદાય.[૮૪૬]

... ... ...

દષ્ટ પદારથ ચિત્તનો ઘડયો, ચિત્તવત એને ચિત્ત શું જડયો,
ચિત્ત રૂપી રોગ મનને થયો, અખા આપોયું ભૂલી ગયો ![૮૪૭]

મરતાં પહેલો જાને મરી, પછી જે રહેશે તે હરિ.[૮૪૮]

પોતાના સ્વાનુભવની – સર્વોત્મભાવની શબ્દલાલિત્ય યુકત અભિવ્યકિત સાગર નાં પદોની લાક્ષણિકતા છે. ધૂન પદમાંથી એક નમૂનો જોઇએ :

ચલચર, થલચર, ખેચર સબમેં,
આપ હી આપ ફેલાવો,
જગાવોજી ! ૐ ! ધૂન પ્રણયની જગાવો.[૮૪૯]

અનન્ય પ્રેમ ધ્વારા વાસનાક્ષય મનોનાશ – 'સાગર' ની આત્મસાધનાનાં માર્ગની આ ભૂમિકા બોધાત્મક શૈલીમાં સાગરે સમજાવી છે. અજાતવાદની પ્રબળ અસર વિચારદેહ પરત્વે સાગરનાં પદોની લાક્ષણિકતા છે. 'બેફિકર' પદમાં મન મારણ વિધા ધ્વારા પોતાનું દૈહિક મૃત્યું થાય તે પૂર્વે સ્વાનુભવ પ્રાપ્ત કરવા માટે સાગર કહે છે કે :

માયાવી મન, બુધ્ધિ, ચિત્તને, અહંકાર – અંતઃકરણ ચતુષ્ટયને ખાલી બનાવવાં જોઇએ. સહજાવસ્થાના સ્વાનુભવ માટે 'સાગર' મનોનિગ્રહ માટે પરમાત્મ પ્રત્યેના અનન્ય પ્રેમની આવશ્યકતા સ્વીકારે છે :

---

૮૪૬. અખાના છપ્પા, પૃ. ૮૧
૮૪૭. એજન
૮૪૮. એજન, પૃ. ૨૭
૮૪૯. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૩૫૬

બહાનાં બધાં મનવાને રીઝવવા ! માયિક મનની ઠગાઇ
સાચી તો પ્રભુની સગાઇ,
સુણીએ જી ! સાચી તો પ્રભુની સગાઇ. [૮૫૦]

મનની બહિર્મુખ દષ્ટિ ધ્વારા જગતના થતાં વ્યાવહારિક અનુભવ - ભ્રામક દેખાવ દૂર કરવા માટે એટલે કે જગતનું તેના મૂળ સ્વરૂપે - પરબ્રહ્મ સ્વરૂપે દર્શન થાય - સ્વાનુભવ થાય, તે માટે - મન - ભ્રમને ભસ્મ કરવા માટે વિષયીમનને પરમાત્માં એકરૂપ કરવું જોઇએ. મનની અંતર્મુખ દષ્ટિથી જ સ્વાનુભવની ભૂમિકા પ્રાપ્ત થઇ શકે. સાગર ની તાત્ત્વિક વિચારણાનો આ નિષ્કર્ષ સાગર નાં પદોમાં નિરૂપાયો છે. અદ્વૈતવાદના આ સિધ્ધાંતની અભિવ્યકિત પાછળ આત્માનુભૂતિનું બળ અનુસ્યૂત રહેલું હોઇ, ભાષા શૈલી સંતવાનીનું ગૌરવ તેમ જ સચોટતા - વેધકતાનો ગુણ પ્રાપ્ત કરે છે. જુઓ :

અન્તર્દષ્ટિથી લય કર જગનો, મન ભ્રમ કરીલે ભસ્મ. [૮૫૧]

મનની અંતર્મુખ દષ્ટિથી નિહાળતાં જગતનું પરબ્રહ્મ સ્વરૂપે થતું દર્શન સાગરે આ પ્રમાણે અભિવ્યકત કર્યું છે :

જીવન્મુકત જગત હકીકતમાં, વિલસત કેવળ બ્રહ્મ. [૮૫૨]

`દીવાને સાગર', દફતર ૨ નાં બોધાત્મક શૈલીમાં લખાયેલાં પદો `છોટાસા મતર રહિલા', `નામ સહારા હમારાં', આ ભજન ભેદ ભણી લેજો રે, `કોઇ ચેતો ! હાં ! નરનારી રે !, `કોઇ પીઓ સાધુ અવધૂતા રે !, `નથી પાર, પ્રભુ પોથાનો !,

---

૮૫૦. એજન, પૃ. ૩૫૪
૮૫૧. એજન, પૃ. ૩૫૬
૮૫૨. એજન, પૃ. ૩૫૬

'શી રીતે ભક્તિ કરીએ રે !,' 'કોઇ હરિજન હો તો આવો રે,' જેવાં પદો તેમ જ 'રામનામનું નાણું,' અને 'મન ! હરિ ભજ રે !,' જેવાં ભજનોમાં સાગરે પરમાત્માપ્રાપ્તિ માટે જીવાત્માને ભક્તિ, વૈરાગ્ય, તેમ જ આત્મજ્ઞાનનું મહત્ત્વ દર્શાવ્યું છે. શબ્દલાલિત્ય, જૂનાં લોકપ્રિય પદોનાં ઢાળનો વિનિયોગ વર્ણ પુનરાવર્તન અને વર્ણાનુપ્રાસ ધ્વારા સંગીતક્ષમતા અને સ્વાનુભવયુક્ત અભિવ્યક્તિ, આ પદોની લાક્ષણિકતા છે.

જગતને સ્વપ્ન સમાન જાણીને જગત પ્રત્યે વૈરાગ્ય ભાવના પળેપળ દિલમાં જાગૃત રાખીને પરમાત્માનાં નામમાં ઘેલા થઇ જવાનો બોધ આપતાં 'સાગર' લાક્ષણિક બાનીમાં કહે છે કે :

> જગત સરાહી સમજ લે જાદૂઇ ! –
> જૈસા કિ સુપનેકા મેલા !
> મુસાફિર ! હો જા તું ઘેલા ! ઘેલા ![૮૫૩]

'સાગર' ની મસ્તીયુક્ત લાક્ષણિક બાની પાછળ આત્માનુભૂતિનું બળ રહેલુ છે. પરમાત્મ પ્રેમની 'સાગર' ની મસ્તી નીચેની પંક્તિઓમાં જોઇ શકાય છે :

> રામદીવાના તો દેવોંસે બ્હડીઆ !
> ખેલત ખેલ અખેલા,
> મુસાફિર ! હો જા તું ઘેલા ! ઘેલા ![૮૫૪]

પરમાત્મ પ્રત્યેની દ્દઢ શ્રધ્ધા અને અનન્ય પ્રેમ ધ્વારા સ્વાનુભવની મસ્તી 'નામ સહારા હમારા' પદમાં પણ જોઇ શકાય છે.

---

૮૫૩. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૭૮
૮૫૪. એજન

સાગર હિરદા હરિગુરુરંગી ! –
નામ સહારા હમારા,
તું તો પ્યારા ! હો જ નામ આધારા ![૮૫૫]

'મન ! હરિ ભજ રે !' પદમાં સાગરે પોતાની આધ્યાત્મ સાધનાનો માર્મ આ પ્રમાણે દર્શાવ્યો છે. પદનો ઉપાડ આકર્ષક તેમ જ ચોટદાર છે. જુઓ :

મન ! હરિ ભજ રે ! મન ! હરિ ભજ રે ! –
બેટા ! હો જ નગન !
ગુરુ હરિ ભજ રે ! ગુરુ હરિ ભજ રે !
તારી લાગી લગન ![૮૫૬]

'સાગર' પદના લાક્ષણિક ઉપાડ ધ્વારા તેમ જ પંકિતના પુનરાવર્તન ધ્વારા સંગીતક્ષમતા પણ સાધી શકયા છે. પ્રેમના માર્ગમાં કશાં બાહય ઉપકરણોની આવશ્યકતા નથી. અનન્ય પરમાત્મા પ્રેમ ધ્વારા સ્વાનુભવ પ્રાપ્ત કરતાં સાગર ની મસ્તીયુકત બાની જુઓ :

કોઇક વાંચે વેદ પુરાણો ! કોઇક ગીતાપાઠ ;
આશક જોગી કશું ન વાંચે ! હસતો દેખે ઠાઠ ![૮૫૭]

મીરાંબાઇના જાણીતા પદ 'મુખડાની માયા લાગી રે, મોહનો પ્યારા'[૮૫૮] ના ઢાળ પરથી રચાયેલાં પદો શબ્દલાલિત્ય તેમ જ સંગીતક્ષમતાની દ્રષ્ટિએ ખાસ ધ્યાન ખેંચે તેવાં છે. આ પદોમાં પ્રથમ બે પંકિતઓનો અનુપ્રાસ તેમ જ ત્રીજી પંકિતના બન્ને ચરણનો આંતરપ્રાસ તેમ જ ચોથી પંકિતનો પ્રથમ બે પંકિતઓ સાથે અનુપ્રાસ

---

૮૫૫. એજન, પૃ. ૮૦
૮૫૬. એજન, પૃ. ૮૬
૮૫૭. એજન, પૃ. ૮૬
૮૫૮. મીરાંબાઇનાં ભજનો, પદ ૭૯, પૃ. ૪૪

મેળવ્યો છે. આ યુક્તિ ધ્વારા શબ્દલાલિત્ય તેમ જ સંગીતક્ષમતા સાધવાનો કવિનો પ્રયત્ન સફળ થયો છે. જુઓ :

આ ભજન ભેદ ભણી લેજો રે – ભક્તો પ્યારા !
લ્યો – અમીરસ પ્યાલો પીજો રે ! પ્રેમી મારા.[૮૫૯]

... ... ...

કોઇ ચેતો – હાં નરનારી રે – ઓ..... સંસારી !
ચલી આવે મોત સવારી રે – ઓ..... વેપારી.[૮૬૦]

... ... ...

કોઇ પીઓ સાધુ અવધૂતા રે ---- સં.....તો શૂરા !
લ્યો સબરસ લૂટમલૂટા રે --- પ્રે....મી પુરા ![૮૬૧]

... ... ...

પોપટીઆ શાં બહુ વાંચ્યો રે ? વી....રા મ્હારા !
હરિગુરુ સંતોને સ્હાજો રે ! પ્રે.....મી પ્યારા ![૮૬૨]

.... .... ....

શી રીતે ભક્તિ કરીએ રે ? સા....ચી પ્રીતે ;
રસબૂટી એ જીરવીએ રે ! સા...ચી પ્રીતે.[૮૬૩]

... ... ...

કોઇ હરિજન હો તો આવો રે ! ઓ....પખીડાં !
હરિહરિ અમને ગવરાવો રે ! ઓ......પખીડાં ![૮૬૪]

વર્ણાનુપ્રાસ, વર્ણપુનરાવર્તન તેમ જ આકર્ષક ઉપાડ ધ્વારા શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતા સાધવાની કવિની કુશળતા આ પદોમાં જોઇ શકાય છે.

---

૮૫૯. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૯૧
૮૬૦. એજન, પૃ. ૯૫ : ૮૬૧. એજન, પૃ. ૯૬
૮૬૨. એજન, પૃ. ૧૦૪ : ૮૬૩. એજન, પૃ. ૧૦૫ : ૮૬૪. એજન, પૃ. ૧૦૬

સાગરે પોતાના સિધ્ધાંતોનું વિશદ નિરૂપણ કર્યું છે. આ પદો ધ્વારા અજાતવાદની ભાવના તેમ જ પ્રેમયોગનું મહત્વ સાગરે દર્શાવ્યું છે. ચિત્તના નિગ્રહ માટે પરમાત્મે પ્રેમ: માટે અનન્ય લગનીની આવશ્યકતા સાગરે આ પ્રમાણે દર્શાવી છે :

ઇત ! ઉત ફેલત ચિત્તકો રુક લે –
લગનીકી ધૂનમેં ! દુલ્હારા !
તું તો પ્યારા હો જા નામ આધારા.[૮૬૫]

શ્રી ગૌડપાદાચાર્યની ગૌડપાદકારિકા, અવધૂતગીતા તેમ જ યોગવાસિષ્ઠમાં આત્મસાધના માટે આવશ્યક ગણાયેલા વાસનાક્ષય – મનોનાશનું મહત્ત્વ સમજાવતાં સાગર મનને હરિ રંગે રંગી દેવાનું ઉદબોધન કર્યું છે. અજાતવાદના સિધ્ધાંતની સચોટ અભિવ્યક્તિનો એક નમૂનો જુઓ :

ના શોક મોહમાં મરવું
મનને નિર્વાસન કરવું
પછી ભલે ગમે ત્યાં ફરવું રે ! – ભક્તો પ્યારા ![૮૬૬]

જગતનું જગત રૂપે થતું દર્શન વસ્તુતઃ મિથ્યા છે. વંધ્યાસુતના ખેલ જેવું છે. એટલે જગતને જોવાની પોતાની દૃષ્ટિનો પરમાત્મામાં લય કરવાનું ઉદબોધન કરતાં સાગર કહે છે કે :

જગ નાટક સ્વપ્ના જેવું –
વંધ્યાસુત ખેલે એવું !
એ પાકુ મહીં લખી લેવું રે – ભક્તો પ્યારા ![૮૬૭]

---

૮૬૫. એજન, પૃ. ૮૦
૮૬૬. એજન, પૃ. ૮૧
૮૬૭. એજન

અણલિંગ બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે લિંગભાવ વિવર્જિત દૃષ્ટિ જોઇએ. તે માટે અનન્યભક્તિ તેમ જ ગુરુકૃપાનો મહિમા સમજાવતાં સાગર કહે છે કે :

ના પુરુષ અને ના નારી, તે એ રસના અધિકારી ;
સાગર સદ્ગુરુ બલિહારી રે – પ્રે.....મી પુરા.[૮૬૮]

લૂખી ફિલ્સુફી પરત્વે કટાક્ષ કરતાં સાગર સ્વાનુભવ પ્રાપ્તિ માટે ગુરુગમ અને ગુરુભક્તિનું મહત્ત્વ આ પ્રમાણે દર્શાવે છે :

ગુરુમુખ વાણી નિર્વાણી, ગોળી ફરી ફરી ઘૂટવાની !
પોપટીઆં પર મૂક પાણી રે ! વી.....રા મ્હારા ![૮૬૯]

જીવનકાલ દરમિયાન મનનું પૂર્ણ સંયમન કરીને પ્રભુ પ્રાપ્તિ કરી લેવાનો જીવાત્માને ઉપદેશ આપતી સાગરની બાનીમાં સિધ્ધાંત નિરુપણમાં સચોટતા, તેમ જ શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતા પણ જોઇ શકાય છે. જુઓ :

દિન રેન હારે હરિ કરીએ, મન મુવા વિના ના મરીએ –
ના ડરીએ, હરિવર હઇએ રે ! સા... ચી પ્રીતે ![૮૭૦]

વિશ્વની પ્રતીતિ અને પ્રલોભન એ મનના સંકલ્પ વિકલ્પને કારણે જ છે. વસિષ્ઠ સાર ગીતામાં કહ્યું છે તેમ :

સંકલ્પે કીધો સંસાર,
સંકલ્પે હોયે નિસ્તાર.[૮૭૧]

અજાતવાદ પ્રમાણે સાગર પણ જગતમાં આપણી મનની વૃત્તિને પ્રભુભક્તિમાં લીન કરી દેવાનું ઉદ્બોધન કરતાં આ પ્રમાણે કહે છે :

---

૮૬૮. એજન, પૃ. ૯૬
૮૬૯. એજન, પૃ. ૧૦૪
૮૭૦. એજન, પૃ. ૧૦૫
૮૭૧. 'વસિષ્ઠ સારગીતા', ૪ : ૧૧

અસ્થિર મનથી છે દુનિયા એ મન રસિયાજી વસીઆ –
સાગર હરિના કાસદિયા રે । ઓ.... પછીડાં.[872]

કબીરે ધ્યાન – શબ્દયોગ તેમ જ અજપાજાપનું મહત્વ દર્શાવ્યું છે.

... ... ...

શુન્ય મરે અજપા મરે,
અનહદ હૂં મરિ જાય,
રામ સનેહી ના મરે, કહ કબીર સમુઝાય.[873]

... ... ...

શબ્દ સાધના કીજૈ,
જેહી શબ્દને પ્રગટ ભયે સબ,
સોઇ શબ્દ ગહિ લીજૈ.[874]

... ... ...

પરખો ધ્વારા શબ્દકો, જો ગુરુ કહે બિચાર ;
બિના શબ્દ કછુ ના મિલે, સાધો, દેખો નૈન ઉધાર ![875]

આત્મસાધના માટે સાગરે પરમાત્મા પ્રત્યેની દઢ શ્રધ્ધા – ભક્તિ તેમ જ ધ્યાન – શબ્દયોગ, અજપાજાપનું મહત્વ પણ દર્શાવ્યું છે. જુઓ :

શબ્દે ટેકી, અચલ વીરાસન,
સાગર ભવસાગર તરીએ,
બસ ! હરિ ભજનમાં લગ રહીએ.[876]

પદનો ઉપાડ તેમ જ ધ્રુવપંક્તિ આકર્ષક અને ચોટદાર છે. પદના સમગ્ર કથયિતવ્યનો નિષ્કર્ષ રજૂ કરતી પ્રારંભની પંક્તિ જુઓ :

---

૮૭૨. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૧૦૬
૮૭૩. 'કબીર સાહેબનો સાખી ગ્રન્થ' ભાગ ૨, પૃ. ૩૬૨
૮૭૪. એજન, પૃ. ૨૬૮
૮૭૫. 'કબીર સાહેબનું તીસાજંત્ર', પૃ. ૫
૮૭૬. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૧૦૮

લગ રહીએ – લગ રહીએ –

બસ ! હરિભજનમાં લગ રહીએ ![877]

કબીરની માફક સાગર પણ આત્માનુભવ માટે ગુરુરામનો જ મહિમા ગાય છે. જુઓ :

જોગ જગન તપ તીરથ સૌમાં, નહીં કોઇ નામ સમાણું,
રામગુરુ ગુરુગમ મન્ત્રને, અનભે કરી વખાણું.[878]

તીન નામ હૈ બ્રહ્મ કે ઓમ, સોઽહમ, અરુ રામ,
ઇષ્ટ ભેદ સે જપત હૈ, ન્યારે ન્યારે રામ.[879]

અખો પણ કહે છે કે :

રામનામ પ્રીછયે ગુણ ઘણો, જયમ અમૃતમાં ગુણ પીધા તણો.[880]

અવધૂત ગીતામાં ગુરુ દત્તાત્રેયે સાચા જ્ઞાનીને સંસારનો ત્યાગ તેમ જ ત્યાગનો પણ ત્યાગ કરવાનું ઉદબોધન કર્યું છે.[881] રાગ અને ત્યાગ મનના વિકારને લીધે જ છે. સાચો હરિજનનો રાગ-ત્યાગ, સુખ દુઃખના દ્વન્દ્વથી પર છે. પોતાનો સ્વાનુભવ વ્યકત કરતાં સાગર સચોટ બાનીમાં કહે છે કે :

કોઇક તજતા, કોઇક ભજતા ! વિધ વિધ માયા વેષ,
સાધુને તજવું ભજવું ના, સર્વોપરિ સ્વદેશ.[882]

બોધાત્મક શૈલીનાં પદો-ભજનોના બાહ્ય સ્વરૂપ પરત્વે તેમ જ આયોજના પરત્વે મીરાંબાઇની તેમ જ વિચારદેહ પરત્વે કબીરની પ્રબળ અસર જોઇ શકાય છે. આકર્ષક ઉપાડ, શબ્દલાલિત્ય તેમ જ સંગીતક્ષમતા આ પદોનાં વિશિષ્ટ લક્ષણો છે.

---

૮૭૭. એજન, પૃ. ૧૦૮ : ૮૭૮. એજન, પૃ. ૮૧
૮૭૯. 'બ્રહ્મનિરુપણમ' – કબીર, પૃ. ૩૦
૮૮૦. 'અખાના છપ્પા', પૃ. ૬૨ : ૮૮૧. અવધૂત ગીતા, પૃ. ૩ : ૪૬
૮૮૨. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૮૬

: ૬ : અવળવાણીનાં પદો-ભજનો :-

'દીવાને સાગર' દફતર રના 'મૂકયો ન મારો કેડો', 'કરી કમાણી એવી', 'ઉસ ઘર પર ઠરના', 'પ્રશ્ન પૂછું એક સહેલું', 'અધા જીત રે લે લંકા', જેવાં અવળવાણીનાં પદો તેમ જ 'અકર ચકર ગુરુ ધન ચક્કર', 'સ્વદેશીનું ભજન', 'એમને એવા જ ગુરુજી મળિયા', 'હમ કાસી કે રહેવાસી', 'પાંડેતો ! પોથાં છોડો રે !', જેવાં ભજનોમાં જીવાત્મા અને પરમાત્મા વચ્ચેના અગમ્ય સંબંધને સમજાવવા માટે - ગૂઢ રહસ્યને અભિ-વ્યક્ત કરવા માટે જગતના સામાન્ય વ્યાવહારિક અનુભવથી પર આત્માનુભવની દશા હોઇ અવળવાણીથી : વ્યાવહારિક અનુભવથી વિરુધ્ધ : સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

'મધ્યકાળના સાહિત્ય પ્રકારો'માં ડો. ચન્દ્રકાન્ત મહેતા, ધીરાના તરણા ઓથે ડુંગરરે, પદનો નિર્દેશ કરતાં અવળવાણીનાં પદોનું રહસ્ય આ પ્રમાણે સમજાવે છે : "આ પદમાં વસ્તુ કરતાં વસ્તુની રજૂઆતમાં જ વિસ્મય પમાડવાની શક્તિ રહેલી છે. ... ... ... જીવ, ઇશ્વર અને માયાનો સંબંધ એટલો વિલક્ષણ છે, કે તેના વિલક્ષણ નિરૂપણથી અવળવાણી નિષ્પન્ન થાય છે".[૮૮૩]

જીવાત્માને પરમાત્માનો ગૂઢ સંબંધ સમજવા માટે પ્રત્યક્ષ જ્ઞાન-અનુભવ આવશ્યક માત્ર પરોક્ષજ્ઞાન હોય છતાં જીવનમાં સિધ્ધાંતના આચરણની બાબતમાં શૂન્ય હોય એવા સાકૂટ - ખેલજ્ઞાની પર સખ્ત પ્રહારો કરતાં 'સાગર' રૂપક શૈલીમાં મનોનાશ ધ્વારા સ્વાનુભવ પ્રાપ્ત કરવા માટે ઉદબોધન કરે છે. ભાવ પરત્વે આ પદમાં કબીરની નોંધપાત્ર અસર જોઇ શકાય છે. પુરુષ અને વિકારી પ્રકૃતિ

---

૮૮૩. 'મધ્યકાળના સાહિત્ય પ્રકારો', ડો. ચન્દ્રકાન્ત મહેતા, પૃ. ૬૦

ધ્વારા અજ્ઞાન વડે પ્રગટેલા જીવાત્માના જીવપણા માટે – અહંકાર માટે સાગરે હંસ હંસી અને હાથી એવાં રૂપકો પ્રયોજયાં છે. જુઓ :

> હંસને હંસીએ હાથી જણ્યો ભાઇ !
> પોથાંમાં કહાડો પગેરૂં ![૮૮૪]

આત્માનુભવ પ્રાપ્તિનું મહત્ત્વ દર્શાવતાં સાગર બાવનથી પર અનિર્વાચ્ય ગુરુધર – સહજાવસ્થાનો સ્વાનુભવ અંધ કેવીરીતે કરી શકે ? એવો પ્રશ્ન પૂછે છે, બાહય સૃષ્ટિમાંથી મનની આંખ જેણે ઉઠાવી લીધી છે – મીંચી દીધી છે એટલે કે જેને માટે જગતનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી રહયું એવા પુરુષ માટે – બાહય દૃષ્ટિનો લય કરનાર માટે, અંધનું પ્રતીક યોજયું છે. જુઓ :

> સાગર ગુરુધર પર બાવનથી !
> અંધાથી શે ઉધડેલું ?[૮૮૫]

પંડિતો ! પોથાં છોડો રે ભજનમાં તેમ જ અંધા જીત લે લંકા પદમાં પણ સાગરે આ જ પ્રતીકનો વિનિયોગ કર્યો છે. પર્વત ઉપર ચઢનાર પગુને અંધે બતાવેલો માર્ગ અને જળ વગરનાં સરોવરના ધાટ પર એણે કરેલું સ્નાન – આ દૃષ્ટાંત ધ્વારા પણ જગતના વ્યાવહારિક અનુભવથી ઉલટો મારગ આત્માનુભવીનો છે – જગતના વિષયોમાં રમમાણ મન તેમાંથી પાછું ફરે અને પ્રભુમાં એકરૂપ થાય એટલે કે મન ઉન્મન થાય તે દર્શાવ્યું છે :

> પર્વત ઉપર પગુ ચડયો, ભાઇ ! અંધે દેખાડી વાટ !
> જળ રે વગર ત્યાં સરોવર દીઠું ! સ્નાન કર્યું એણે ધાટ ![૮૮૬]

---

૮૮૪. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૫૭
૮૮૫. એજન
૮૮૬. એજન, પૃ. ૫૮

આ જ દૃષ્ટાંતના સંદર્ભમાં વારુણી પીને : પ્રેમરૂપી મધ : ઠૂંઠાએ અપૂર્વ પંચમવેદ રચ્યો, અને મૂંગાએ તેની પર ટીકા લખી. વારુણી એટલે પ્રેમરૂપી મધ અને પંચમવેદ એટલે સાગરનો પ્રેમયોગ. આ પ્રતીકો ધ્વારા સાગર ની અભિવ્યક્તિ જુઓ :

વારુણી પી પી લખ્યો, ભાઇ ! ઠૂંઠે, અપૂર્વ જ પંચમવેદ !
પૂરવણીમાં લખી ય વેદુડી ! મુંગાએ ભાખ્યો પ્રભેદ ![૮૮૭]

કબીરના અવળવાણીનાં પદો ‘પાનીમેં મીન પિયાસી, મોહિ સુન સુન આવે હાંસી !’[૮૮૮] તેમ જ ‘રે તુમ દેખો લોગો, નાવમેં નદિયાં ડૂબી જાય’-[૮૮૯] માં પણ આત્માનુભવનો માર્ગ જગતના વ્યાવહારિક અનુભવથી પર છે તે દર્શાવવા માટે જ પ્રતીકો પ્રયોજાયાં છે. હરિ ગુરુ સન્તના આધારે - કૃપા ધ્વારા ‘સેવક સાગર’ ગરદન પર ગિરિ ગહ્વર લાદીને : અહંકારથી પર થઇને : ભવસાગર તરી ગયા. હરિ ગુરુ અને સંતની કૃપાનું મહત્ત્વ સ્વીકારતા સાગર સાથે અખાનું વિચાર સામ્ય પણ જોઇ શકાશે. જુઓ :

સેવક સાગર ઝાઝું ન જાણે ! હરિ-ગુરુ સન્ત આધાર !
ગિરિગવહર ગરદન પર લાદી, ઉતરી ગયો ભવ પાર ![૮૯૦]

‘હમ કાસી કે રહેવાસી ભાઇ !’ ભજનના પાઠભેદમાં મૂળ શીર્ષક ‘પાંચધામનું ભજન’ એવું હેતુપૂર્વક રાખ્યું હતું કાસી, મક્કા, જેરુસેલમ, બુધ્ધગયા અને પ્રયાગ આ પાંચ ધામના સંદર્ભમાં આત્માનુભવનો માર્ગ બાહય જગત કરતાં વિરૂધ્ધ છે - ઉલટો માર્ગ છે એ દર્શાવવા

---

૮૮૭. એજન, ‘કબીર’, સંપાદક - હજારીપ્રસાદ દ્વિવેદી
૮૮૮. ‘કબીરવાણી’, પૃ. ૨૬૪
૮૮૯. ‘સંત કબીરકી શબ્દાવલી’, પૃ. ૯૮
૮૯૦. ‘દીવાને સાગર’, દફતર ૨, પૃ. ૫૮

માટે વિરુધ્ધ પ્રતીકો પ્રયોજયાં છે. પ્રતીકો ધ્વારા અર્થ ચમત્કૃતિ સાધતી કવિની અભિવ્યકિત લાક્ષણિક છે. કાસીમાં જુમામસીદના વિરુધ્ધ પ્રતીક ધ્વારા તેમ જ બામણ ની હાથીઇદ ના પ્રતીક ધ્વારા અભિવ્યકિતમાં કવિએ સાધેલી સચોટતા, વેધકતા તેમ જ પ્રતીકોનું ઔચિત્ય જોઇ શકાય છે. હાથીઇદ – જીવાત્માના જીવપણાનો – અહંતાનો લય કરવા માટે તેમ જ પ્રેમરૂપી અમૃત ધ્વારા પોતાની વાસનાઓને મારી નાખનાર – મનોનાશ કરનાર માટે અમૃત પીને મરી જતાં અવિચલ જોધ્ધાનાં પ્રતીકો સાગરે ઔચિત્યપૂર્વક પ્રયોજયાં છે. જુઓ :

હમ કાસી કે રહેવાસી ! ભાઇ ! બડી ભારી જહાં જુમા મસીદ !
બકરી ઇદ વ્હાં કોઇ નહીં કરતા ! બામણ કરતાં હાથી ઇદ ![૮૯૧]

ઇલાહાબાદકે હમ રહેવાસી ! પ્રયાગ જિસ્કો સબ કહેતા !
જંગી જુધ્ધ જહાં અવિચલ જોધ્ધા, અમૃત પીકે મરજાતા ![૮૯૨]

અમને એવા ગુરુજી મળિયા ભજનમાં પણ સાગરે ગુરૂકૃપા ધ્વારા વાસનાક્ષય – મનોનાશ માટે ભિન્ન ભિન્ન પ્રતીકો પ્રયોજયાં છે. ધણીઆણીને વ્યસની કરી, ભાન ભૂલાવી શરમ તજાવી દીધી અને ગુરૂએ દીકરીને મારી નાખી – ધણીઆણી અને દીકરી બન્ને પ્રતીકો જીવાત્માના અહંકાર માટે પ્રયોજયાં છે. જુઓ :

દીકરી મ્હારી ઘરમાં ઘાલી ! ગુરુએ નાંખી મારી !
ધરમાધરમ કશું ના જોયું ! એ ગત, સંતો ! ન્યારી ![૮૯૩]

સાગર પોતાનો સ્વાનુભવ વ્યકત કરતાં કહે છે કે પોતાના સંગનો રંગ લાગતાં ખરાબી થશે અને 'વણમોતે મરવું પડશે' – દૈહિક મૃત્યુ થાય તે પૂર્વે મનોનાશ ધ્વારા આત્માનુભવ પ્રાપ્ત થશે એ

---

૮૯૧. એજન, પૃ. ૬૩ : ૮૯૨. એજન, પૃ. ૬૩
૮૯૩. એજન, પૃ. ૬૯

ભાવાર્થ સમજી શકાય તેમ છે. જુઓ :

ચેતો ! ધરમ, કરમ થી જશો, જો ગુરુજીને મળશો !
થશે ખરાબી સાગર સંગે ! વણમોતે, ભાઇ ! મરશો ![૮૯૪]

કરી કમાણી એવી ભજનમાં ગુરુગમથી કમાણી કરી લેવા માટે સાગરે ઉદબોધન કર્યું છે. પરમાત્મકૃપા ધ્વારા પ્રાપ્ત થતો પરમાત્મા પ્રત્યેનો અનન્યપ્રેમ અને તે ધ્વારા ભક્તિનો વિશુધ્ધ આનંદ સ્વાનુભવ વડે સાગરે લાક્ષણિક રીતે નિરૂપ્યો છે. જુઓ :

એક વસ્તુ આપે ચલી આવી ! ઝરમર વરસે ગેબી !
નહીં માધવને દેવા જેવી ! નહીં ઉધ્ધવને લેવી ![૮૯૫]

પોતાના સ્વાનુભવનું વર્ણન કરતાં સાગર કહે છે કે જગતના વ્યાવહારિક અનુભવથી પર આ અનુભૂતિ હોઇ તેનું રહસ્ય સામાન્ય માનવીથી સમજી શકાય તેવું નથી. તે માટે તો પરમાત્મા પ્રત્યેની સાચી લગની હ્રદયમાં લાગવી જોઇએ. 'લંકાપુરીમાં લાહ્ય લગાડી' એ પ્રતીક જગત પ્રત્યે વિરાગ અને પરમાત્મા પ્રત્યે રાગની અનિવાર્યતા માટે પ્રયોજ્યું છે. જુઓ :

લાહ્ય લગાડી લંકાપુરીમાં ! હસતાં સીતાદેવી !
શહેર વસાવ્યું સાગર નીચે ! ગુરુગમ ઉકલી એવી ![૮૯૬]

'મૂક્યો ન મારો કેડો' પદમાં સંવાદાત્મક અભિવ્યક્તિ ધ્વારા 'રથે' 'ઘોડો' 'પૂરી' 'તન' 'સાતમાળ' 'એકાંતે' 'છેડો' વગેરે શબ્દો લાક્ષણિક અર્થમાં પ્રયોજી પોતાના સ્વાનુભવનું વર્ણન કર્યું છે. જુઓ :

---

૮૯૪. એજન
૮૯૫. એજન, પૃ. ૭૧
૮૯૬. એજન, પૃ. ૭૧

"રથે" ચડીને ! આવ્યા, ગુરુજી ! પકડી રાખો ધોડો !
"પૂરી" કરવી હોય મુનેતો, "તન" પર રથડો ખેડો ![૮૯૭]

'રથ', - આત્મજ્ઞાન, 'ધોડો' - મન, 'સાતમાળ' - જ્ઞાનની સપ્તભૂમિકા' - આ શબ્દોનો અર્થ સમજાતાં અજાતવાદનો સાગર નો સિધ્ધાંત પણ સ્પષ્ટ થશે. ગુરૂ ધ્વારા જ્ઞાનદષ્ટિ પ્રાપ્ત થતાં સાગર કહે છે તેમ તુરીયાવસ્થાનો સ્વાનુભવ પ્રાપ્ત થયો. જુઓ :

"સાતમાળ" ની બડી હવેલી ! ઉપર છેલ્લો મેડો !
"એકાન્તે" ત્યાં તેડી ગુરુએ ! પકડયો મ્હારો "છેડો" ![૮૯૮]

ગુરુ પ્રત્યેની ભકિત અનન્ય થતાં ગુરુકૃપા વડે ઠેઠ સુધીનો માર્ગ સરળ થઇ જાય છે. પોતાના સ્વાનુભવનું નિરૂપણ કરતાં સાગર આ જ પદમાં કહે છે કે :

કહેશો તેમ, કરીશું, ગુરુજી ! રામદુહાઇ ના દો ;
હાજર સાગરરાજ ચરણમાં ! મૂકયો ન મ્હારો કેડો ![૮૯૯]

સાંખ્યયોગ પ્રમાણે પુરુષ નો અવિકારી પ્રકૃતિ સાથેનો - સત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણ સમેત સંબંધનું નિરૂપણ કરતાં સાગર ગુરૂને તેની ત્રણ ગુણો રૂપી ત્રણ પત્નીઓ - લુગાઇ સાથેનો સંબંધ દર્શાવ્યો છે. - આ ગુરુને શિવ, બ્રહ્માને વિષ્ણુના એ આદિ - પરબ્રહ્મ તરીકે ગણાવે છે. ગુરૂ-બ્રહ્મની એકતા દર્શાવતાં આ પદમાં હરિગુરુસન્તની કૃપા ધ્વારા પોતાને થયેલા સ્વાનુભવનો પણ ઉલ્લેખ કર્યો છે. જુઓ :

ગુરુ હમારે બાલે ભોલે ! તિન તિન રખે લુગાઇ !
શિવ, બ્રહ્મા, વિષ્ણુ જબ નહીં થે, તબસે લગન લગાઇ ![૯૦૦]

---

૮૯૭. એજન, પૃ. ૭૪
૮૯૮. એજન
૮૯૯. એજન
૯૦૦. એજન, પૃ. ૯૮

પોતાના સ્વાનુભવની અભિવ્યકિત માટે સાગરે પ્રયોજેલી રૂપક તેમ જ પ્રતીક શૈલીના સંદર્ભમાં 'પણી' – 'જીવાત્મા', 'નજીવાબાદ' – આત્મસૃષ્ટિ, 'જૂનાગઢ' – મનનીવૃત્તિ, 'નવાનગર' – આત્મપ્રદેશ, ઉંટ – વિરાટમાયાની સૃષ્ટિ અને 'બિલ્લી' – અનુભવ. આ સંદર્ભમાં રૂપકો અને પ્રતીકો પ્રયોજાયાં છે. કબીર અને બીજા સાથે આ પદોનું વિચાર સામ્ય સરખાવી શકાય તેમ છે. જુઓ :

આગ લગી ! જૂનાગઢ જલતાં ! તામેં પણી બચાવ્યા !
નવાનગર કે અસલ રાજમેં, નજીવાબાદ બસાયાં ![૯૦૧]

... ... ...

કબીરનું નીચેનું પદ જુઓ :

એક અંજબા હમને દેખા, મછલી ચાવે પાન !
કીચડ પાની જલ ગયા, મછલી ન લાગી આંચ ![૯૦૨]

આ પ્રકારના પદોમાં સાગર ની અભિવ્યકિત જુઓ :

બિલ્લી જહાં લે ચલે ઉંટ કો, વહી જાદૂઈ ઘર દેખા !
ભોગ સબી દે દિયા બિષ્ણુ કો ! શિવજી કો બસ ભેખા ![૯૦૩]

સન્તો ! ઉસ ઘર પર ઠરના : કે : જિસ્કા ગગન ભીતર પા..યા !
બ્રહ્મા, વિષ્ણુ, શેષ, મહેશા, ભેદ નહીં પાયા ![૯૦૪]

સંતો વહ ઘર સબતે ન્યારા અને સંતો વહ ઘર ઐસા જાના.[૯૦૫]

જેવાં કબીરનાં પદો સાથે આ પદનું વિચાર સામ્ય જોઇ શકાય છે. બાહ્યત્યાગ પરત્વે સૂક્ષ્મ કટાક્ષ કર્યો છે. સાગર કહે છે કે અહંવૃત્તિથી પર રહી બધારસનો તું ભોકતા બનજે – સહજાવસ્થાનો સ્વાનુભવી બનજે.

---

૯૦૧. એજન : ૯૦૨. સત કબીરકી શબ્દાવલી, પૃ. ૯૮
૯૦૩. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૯૮ : ૯૦૪. એજન
૯૦૫. 'સત કબીરકી શબ્દાવલી', પૃ. ૨ – ૩

આજ ભજનકી મજલિસમેં, ભાઇ !
આયે પુરી, તીરથ, સબ ગિર ! –
ના હમ તીરથ ! ના પુરી, પર્વત !
ગુરુ હમારા ધન ચક્કર ! –
ભાઇ ! અકર ચકર ગુરુ ધનચક્કર ![૬૦૬]

કબીરે પણ જાણીતા પદમાં આ જ ભાવ જુદીરીતે દર્શાવ્યો છે.

મનમેં ધ્યાન, મનમેં મુદ્રા, મનમેં મૌન ધરે ?
હમારી તિરથ કૌન કરે ?

સૂરત(Concentration) ધ્યાન ધ્વારા પરમાત્મા સાથેની એકતાના સ્વાનુભવનું વર્ણન કરતાં 'સાગર' ને સ્થૂલ દર્શનની અપેક્ષા નથી. આસક્તિ વિહીન વૃત્તિ – સચ્ચિદાનન્દ આત્માનો સ્વાનુભવ વ્યક્ત કરતાં કહે છે કે પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ – ધનચક્કરની પ્રાપ્તિ માટે બાહ્ય સાધનોની આવશ્યકતા નથી. પોતાની સૂરતા ને પ્રભુમાં એકાગ્ર કરવી જોઇએ જુઓ :

ભૂલા ચૂકા ભજન કરે ના ?
ભોજન અચ્છી તરહ કરતા !
ના જપ, તપ, ના જોગ સમાધિ !
અમન ચમન સબ રસભોક્તા !
ભાઇ ! અકર ચકર ગુરુ ધન ચક્કર ![૬૦૭]

ચિત્તની એકાગ્રતા ધ્વારા પોતાની અહંતા – મનની વૃત્તિનો લય કર્યો 'સાગર' પ્રતીક શૈલીમાં પોતાનો સ્વાનુભવ વ્યક્ત કરતાં કહે છે કે :

---

૬૦૬. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૬૯
૬૦૭. એજન, પૃ. ૬૯

જૂનાગઢ કો જલા દિયા જી !
લૂટ લિયા ઘર સૂરત કા !
અધ્ધર તખત બિરાજત ગુરુજી !
બદન બના કુલ નૂરતકા !
ભાઇ ! અકરચકર ગુરુ ધનચક્કર ![૯૦૮]

નિર્ગુણ પરબ્રહ્મનું સાકારરૂપે દર્શન કરવાની 'સાગર' ને અપેક્ષા નથી. પોતાના સ્વાનુભવની મસ્તીમાં જ લીન રહેવાનો દઢ નિર્ણય મસ્તીયુક્ત વાનીમાં 'સાગર' આ પ્રમાણે વ્યક્ત કરે છે:

અય પરમેસર ! કસમ હૈ તુમકો,
હમારી મ્હડીઆં ના આના !
ભૂલા ચૂકા આય ચડો તો,
નગન નગન દિલ બહલાના ![૯૦૯]

'બધા જીત લે લંકા' ભજનમાં 'સાગર' પોતાના ગુરુની કૃપા ધ્વારા વાસનાક્ષય – મનોનાશની ભૂમિકા ધ્વારા સ્વાનુભવ પ્રાપ્ત કરી શકયા એનો સ્વીકાર કરતાં પોતાને માટે કહે છે કે : "અમે તો માટીના પંચમહાભૂત જીવાત્માને પ્રભુમય હીરો ગુરુગમ વડે બનાવીએ છીએ". 'સાગર' ના સ્વાનુભવની લાક્ષણિક અભિવ્યક્તિ જુઓ :

તાંબેકા હમ કનક કરે ના ! કરે હીરા મિટ્ટીકા....જી !
જીવતેંકો હમ ઝબેહ કરાવેં ! બડા નામ ગુરુજી કા.[૯૧૦]

વાસનાક્ષય – મનોનાશ માટે પ્રેમયોગને 'સાગર' એકમાત્ર આવશ્યક સાધન ગણાવે છે. પોતાના સિધ્ધાંતના નિરૂપણ માટે કેફ – પ્રીતિ ધ્વારા મનની વૃત્તિઓના નાશ માટે સાગરે 'જીવતે કો હમ ઝબેહ

---

૯૦૮. એજન. : ૯૦૯. એજન
૯૧૦. એજન, પૃ. ૧૦૦

કરાવે ભાવપ્રતીક પ્રયોજ્યું છે. 'અમરગઢ જીતવા માટે 'સાગર' રાગ વિરાગથી પર – દ્વંદ્વાતીત – મનની બહિર્મુખ દૃષ્ટિનો લય કરવાનો – અંધ બનવાનો ઉપદેશ લાક્ષણિક શૈલીમાં આપે છે. જુઓ :

તું રાગી હો, યા હો બેરાગી, ગઢ જીતે સો હિંમતબંકા...જી !
સેતુબંધ સાગર સદ્ગુરુજી ! અંધા જીત લે લંકા ![611]

'સંત કબીરકી શબ્દાવલી' માંથી આ પદનું કબીર સાહેબની વાણી સાથેનું વિચારસામ્ય જુઓ :

મન માર અગમગઢ લીન્હા, સત્ બત પર ડેરા દીન્હા,
જહાં બજે કબીરકા ડંકા તબ જીત લિયા ગઢ બંકા ![612]

'સાગર' નાં અવળવાણીનાં પદો–ભજનોમાં અદ્ભુત રસનું નિરૂપણ થયું છે. રૂપક, દૃષ્ટાંત તેમ જ પ્રતીક શૈલી ધ્વારા 'સાગર' ના વિચારદેહની સચોટ, વેધક અને ગહન અભિવ્યક્તિ આત્માનુભવના રસે રસાયેલી છે. 'સાગર' નાં પદોની વાણી લક્ષ્યવેધી મસ્તીની વિભિન્ન રૂપ ધારણ કરે છે. કબીર અને અખાનાં આ પ્રકારનાં પદો સાથે અનુસંધાન સાધતી 'સાગર' ની શૈલીની આ વિશેષતા છે.

વસ્તુ તેમ જ નિરૂપણરીતિની દૃષ્ટિએ આત્મજ્ઞાન, ભક્તિ–વૈરાગ્ય, પ્રેમલક્ષણા ભક્તિ, સૂફીવાદ, બોધાત્મક અને અવળવાણી એમ છ વિભાગોમાં 'સાગર' નાં પદો–ભજનોનું વર્ગીકરણ કરી કલાદૃષ્ટિએ મૂલ્યાંકન કરતાં નીચેની લાક્ષણિકતાઓ જોઇ શકાય છે.

: ૧ : સચોટ, વેધક અને ગહન અભિવ્યક્તિ પાછળ અનુસ્મૂત આત્માનુભૂતિનું બળ.

---

૬૧૧. એજન.
૬૧૨. સંત કબીરકી શબ્દાવલી, પૃ. ૪૮

: ૨ : શબ્દલાલિત્ય, સંગીતક્ષમતા, અર્થગાંભીર્ય, નાટયાત્મકતા.

: ૩ : અજાત અનુભવની અભિવ્યકિતમાં ઉપમા, રૂપક દષ્ટાંત શૈલી તેમ જ પ્રતીકોનો વિનિયોગ.

: ૪ : હિન્દી – ગુજરાતી, સંસ્કૃત તેમ જ અંગ્રેજી ભાષાઓનું વિચિત્ર છતાં મનોહારી મિશ્રણ – જૂની સંતપ્રણાલિકા સાથે અનુસંધાન સાધતી 'સાગર' ની સંતબાની – મસ્તી.

: ૫ : અજાતવાદ – સૂફીવાદની પરિભાષાનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ.

: ૬ : સૂફીવાદ – પ્રેમલક્ષણા ભકિતનો સમન્વય.

: ૭ : અજાતવાદ અને સૂફીવાદનું અજબ મિશ્રણ.

: ૮ : શૃંગારની પરિભાષામાં પ્રેમલક્ષણા તેમ જ સૂફી ભકિત – ઉભય પ્રકારે બ્રહ્મ સનમ સાથેના મિલન – ઐકયના આનંદની વિભિન્ન ભાવદશાઓની અભિવ્યકિત. ભાવ તેમ જ કલાદૃષ્ટિએ 'સાગર' ની લાક્ષણિકતા.

: ૯ : કબીર, મીરાંબાઇ, અખાજી તેમ જ દયારામની પ્રબળ અસર.

: ૫ : <u>ગઝલો</u> :–

'દીવાને સાગર' દફતર ૧–૨ માં સંગ્રહાયેલી ગઝલો ઉદ્ગાર : ઇ.સ. ૧૯૦૧ : થી બદન વગરની બદલી (ઇ.સ. ૧૯૩૨) માં ત્રણ દાયકા સુધીની 'સાગર' ની વિભિન્નશૈલીયુકત ગઝલો સમાવિષ્ટ છે. 'સાગર' ના હૃદયમાં પ્રગટેલો વૈરાગ્ય અને પ્રણયની નિષ્ફળતા 'દીવાને સાગર' દફતર ૧ના પ્રથમ તબક્કાની ઇ.સ. ૧૯૦૧ – ૦૮ સુધી રચાયેલી ગઝલોનું પ્રેરક બળ છે.

કવિની પ્રથમ રચના 'ઉદ્ગાર' ગઝલ મફાઇલુનના ચાર આવર્તન વાળા હઝજ છંદમાં રચાયેલી છે. ગુજરાતી કહેવતો, રૂઢિપ્રયોગો

અને સંસ્કૃત પ્રચુર શૈલી 'સાગર' ની પ્રારંભકાલની ગઝલોની ધ્યાન ખેંચે તેવી મર્યાદા છે. આને કારણે તે ગઝલોમાં ફારસી વાતાવરણ જમાવી શક્યા નથી. પરિણામે ગઝલનું પોત ફીક્કું લાગે છે. આ જ છંદમાં રચાયેલી બીજી ગઝલ 'ખરેખર ભૂલ એ મારી' ની માત્ર પ્રારંભની બે પંક્તિઓ જ ચોટદાર છે. જુઓ :

ગયો ઉત્સુક હીનભાગી ચમનમાં ઢૂંઢવાને ગુલ,
હશે ત્યાં ખાર ના જાણ્યું ! ખરેખર ભૂલ એ મારી ![૬૧૩]

'હમારી પરેશાની', 'હું શું લખું ?', તેમ જ 'પંડધર્મ' ગઝલોમાં પહેલી બેમાં હઝજ અને ત્રીજીમાં રઝજ છંદ પ્રયોજાયેલો છે. ત્રણે ગઝલોમાં કજોડાંની કુરૂઢિ પરત્વેનો તીવ્ર કટાક્ષ છે. ત્રણેમાં સંસ્કૃત, ગુજરાતી અને ફારસી શબ્દોનું મિશ્રણ છે. પરંતુ લોકબોલીના શબ્દોને કારણે આ ગઝલોમાં ચમક, મસ્તી કે જુસ્સો આવ્યાં નથી. અપવાદ રૂપે કવચિત ભાવની અસરકારક રીતે થયેલી રજૂઆતનું આશકનો એકરાર ગઝલમાંથી એક દૃષ્ટાંત જુઓ :

"જયાં રુચતું આવે તેમે ત્યાં શાસ્ત્રને બાઝી પડો !
જયાં ફાવતું આવે નહીં ત્યાં ચક્ષહીન થતા તમે !"[૬૧૪]

ઇ.સ. ૧૯૦૬માં રચાયેલી 'આશકનો એકરાર' ગઝલમાં સાગરે ઇશ્કે હકીકીની ભાવનાનું પ્રથમવાર નિરૂપણ કર્યું છે. આ ગઝલમાં ઇશ્કની મસ્તી સ્પષ્ટ અનુભવાય છે. આશક 'સાગર' સ્પષ્ટ એકરાર કરે છે કે :

"હક્ક તો અનલહક્ક એક છે, ખુલ્લી સનમ ખેલે જહીં".[૬૧૫]

---

૬૧૩. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૫
૬૧૪. એજન, પૃ. ૩૧
૬૧૫. એજન, પૃ. ૪૬

'દિલ્બરને,' 'અવાઝની લૂંટ', 'સ્નેહનુ સંગી' જેવી ગઝલોમાં સનમના વિરહનુ દર્દ આલેખાયેલુ છે. 'સાગર' ની મસ્તીનુ સૌપ્રથમ દર્શન અહીં થાય છે. જુઓ :

અયે ! દિલબર ! દીવાનાને દીલે કૈં દાગ લાગ્યો છે,
ખફા થાકે સફા કર તુ ! હવે ઇતબાર રાખ્યો છે.

...            ...            ...

કહીં છે ? આવશે કયારે ? બતાવી દે ? બતાવી દે ?
અગર મારૂં કફન કે આ બદન માશુક જલાવી દે ![૬૧૬]

મણિલાલ અને 'કલાપીની' માફક સાગરે પણ રદીફ કાફીયા જાળવ્યા નથી. આ ગઝલોમાં માત્ર અન્ત્યાનુપ્રાસ જ જાળવ્યો છે. 'સાગરે' અન્ત્યાનુપ્રાસ ધ્વારા ગઝલોમાં જુસ્સો સચોટતા સાધી શકયા છે. 'સ્નેહનુ સંગી' ગઝલમાંથી એક દષ્ટાંત જોઇએ:

પ્રેમની પર્વા કરે, દિલમાં ન કૈં તંગી,
દગો ઉઠાવે હકકનો ! અહાલેકનું દંગી ![૬૧૭]

'હમારા ખ્યાલ' ગઝલમાં બે ચોટદાર પંકિતઓ જુઓ :

"પીધો રસ સ્નેહવલ્લીનો ! નશો કૈં ઓર કીધો છે !
જિગરને રંગ નવરંગી, અસલ ખુબીદાર કીધો છે !"[૬૧૮]

'મુએલા ઢોરના ચર્મો' પછી 'તોટો નફો શાનો' ? 'અરે આ તો બધા કજિયા' જેવા શબ્દ સમૂહો ગઝલના ફારસી વાતાવરણની મસ્તી સચોટતામાં અવરોધક બને છે. 'સાગર' ની પ્રારંભકાલની ગઝલોની આ એક મર્યાદા છે.

---

૬૧૬. એજન, પૃ. ૫૧
૬૧૭. એજન, પૃ. ૬૭
૬૧૮. એજન, પૃ. ૭૪

## બીજો તબક્કો ઇ.સ. ૧૯૦૮ – ૧૯૧૩

### ગઝલોનું વિષયસ્વરૂપ

બીજા તબક્કાની ગઝલોમાં સાગરે જગતભરના પ્રેમ ચિંતકોના કરેલા અભ્યાસનો નિષ્કર્ષ – પ્રેમધર્મ – સ્નેહયોગની તાત્વિક ચર્ચા – વિચારણાનો નીચોડ રજૂ કર્યો છે. સ્નેહયોગનાં ગહનસૂત્રો ઉચ્ચારતા સાગરે ક્યાંક સનમ નાં પ્રેમની મસ્તી, ક્યાંક સનમના વિરહનું દર્દ આલેખ્યું છે. સાધક સાગરની પ્રણય તપશ્ચર્યા, હૃદયમંથન અને આંતર વિગ્રહનું ચિત્ર આલેખતી ગઝલો ધ્વારા રજૂ કરાયું છે. જુઓ :

અગર લખું લોહીથી ઉલ્ફત ! નિગાહકર લાલ રંગતપર !
અગર લખું લોહીથી ઉલ્ફત ![૯૧૯]

પોતાના જીવનમાં સૂફીવાદના સિધ્ધાંતોનો સ્વીકાર કર્યો હોઇ. સાગરે પ્રેમધર્મ – સ્નેહયોગના લાક્ષણિક તત્વોની ચર્ચા કરી છે; અને સ્નેહયોગનું મહત્વનું લક્ષણ – આત્મસમર્પણ – ફનાનું મહત્વ પણ તેમણે વિગતે સમજાવ્યું છે. જુઓ :

સહેવું કે થવું પુરું; બીજો રસ્તો ન સસ્તો છે !
હમારા પથમાં એ તો, હંમેશાંનો શિરસ્તો છે ![૯૨૦]

બધી ઇચ્છા બધી આશા સમાશે એકમાં જયારે,
પ્રભુ પોતે પ્રગટ થાશે, અને એ ભેટશે ત્યારે ![૯૨૧]

સાગરે પોતાની બ્રહ્મ સનમનો પરિચય પણ વિસ્તારથી કરાવ્યો છે :

તુજ પાદને કદલી તણું, ઉપમાન આપે કો વિદો !
દિલ્બર ! જિગર મારું ગણે, જૂઠા જ આલંકારિકો ![૯૨૨]

---

૯૧૯. એજન, પૃ. ૨૩૮
૯૨૦. એજન, પૃ. ૮૪
૯૨૧. એજન, પૃ. ૮૭
૯૨૨. એજન, પૃ. ૨૩૮

સૂલી ઉપર હસતો સૂતો,
મન્સૂર અનલહક્ક બોલતો !
દાવો ખુદાઇ કરી શક્યો,
તારી લૂફે મારી સનમ ! ૬૨૩

'પધારો પાદરી બાવા' ગઝલમાં પ્રેમધર્મમાં સર્વધર્મ સમન્વય થયો છે એ સમજાવતાં 'સાગર' સ્પષ્ટ કહે છે :

ઇરાની યા કુરાની યા રિકાબી હો કિરસ્તાની,
જુદી પ્યાલી, મગર અન્દર બધે યે દારૂનીવાની ! ૬૨૪

સાગરે 'દિલને રજા' ગઝલમાં વાસનાક્ષય - મનોનાશનું મહત્વ સમજાવી - સૂફીવાદ - અજાતવાદનો સમન્વય કર્યો છે. જુઓ :

મૂવા વગર માશૂકના બોસા મળે ના ના,
... ... ...
મારી સનમ ખુદ છે ખુદા, કાં બે સબબ ડરવું ? ૬૨૫

'સાગર' ની આ તબક્કાની ગઝલોમાં મુખ્યત્વે 'સાગર'ના હૃદયની દશાનું - આંતર વિગ્રહનું ચિત્ર રજૂ કરાયું છે. જુઓ :

અગર દિલ્બર ! નજર પામી શક્યો નાના મટી કામી ! ૬૨૬

મગર પીતાં મગઝ દિલ આ ગયું ફટકી અરે ! સાકી !
- સાકીને ઇજન ! ૬૨૭

સૂફીવાદના - સ્નેહયોગના સિધ્ધાંતોની સમીક્ષા અથવા હૃદયની દશાનું - આંતર વિગ્રહનું ચિત્ર - વિષય પરત્વે આ તબક્કાની 'સાગર' ની ગઝલોની લાક્ષણિકતા છે.

---

૬૨૩. એજન, પૃ. ૨૮૧ : ૬૨૪. એજન, પૃ. ૨૬૮
૬૨૫. એજન, પૃ. ૨૯૮-૨૯૯ : ૬૨૬. એજન, પૃ. ૨૭૧
૬૨૭. એજન, પૃ. ૨૪૦

## -: ભાષા શૈલી :-

'જૂઠા જ આલંકારિકો' ગઝલમાં સાગરે સંસ્કૃત પ્રચુર ગુજરાતી બાનીનો ઉપયોગ કર્યો છે. જુઓ :

સુંદર સુકોમલ કંજ શા કોઇ કહે તારા કરો !
મૌક્તિક પરવાળા સમા કોઇ કહે બિમ્બાધરો ![૬૨૮]

'પધારો પાદરી બાવા' ગઝલમાં ફારસી, ઘરગથ્થુ બોલીના ગુજરાતી અને સંસ્કૃત શબ્દોનું મિશ્રણ કર્યું છે. જુઓ :

પધારો પાદરી બાવા ! પ્રભુની ભાખરી ખાવા,
શરાબો પી ભરી પાવા, નવી બે તો ગઝલ ગાવા !
નવા યજ્ઞે નવી વેદિ ! નવું નવું જાગતું જ્યોતિ !
ફરી ફરી ડૂબવું દરિયે ! નવું નવું લાધતું મોતી ![૬૨૯]

આમ, 'સાગર'ની ગઝલોની ભાષા અમર્યાદરૂપ ધારણ કરે છે.
'હું બીમાર' ગઝલની નીચેની પંક્તિઓ પણ 'સાગર'ની અમર્યાદ ભાષાનું દષ્ટાંત છે. જુઓ :

ખાલી દવાની પ્યાલી મોં આગળ કદી ભરશો નહીં !
કાવા ઉકાળા યે બળયા ! તસ્દી કશી સહસો નહીં ![૬૩૦]

ભાવની અભિવ્યક્તિ સચોટ રીતે થતી નથી ત્યાં 'સાગર'ની ભાષા શૈલી ગદ્યાળુ બની જાય છે. પરિણામે લાગણી કે ભાવની અભિવ્યક્તિ શિથિલ બને છે ; અને ગઝલનું પોત ફીક્કું પડે છે.
પહેલાં અને બીજા તબક્કાની 'સાગર'ની ગઝલોની આ મર્યાદા છે. થોડાંક દષ્ટાંત જોઇએ :

---

૬૨૮. એજન, પૃ. ૨૩૮
૬૨૯. એજન, પૃ. ૨૧૫
૬૩૦. એજન, પૃ. ૨૩૫

ભલે ! ભૂલા ! પડયા, બાવા ! મગર, શી આ બલા લાવ્યા ?[૯૩૧]

કૌમારવ્રત ધાર્યું સરસ્વતી, એ હવે ભૂલવું નથી !
તે સ્નેહ નથી ત્યાં લગ્ન નથી, એ સૂત્ર વિસરવું નથી ![૯૩૨]

હવે જગને જણાવું છું, હું પાપી છું, હું પાપી છું –
શરાબી આ ગુલાબીમાં, કહો ! કયાંથી નડે મખ્ખી ?[૯૩૩]

... ... ...

જિગર ભૂંજાય જાતે ત્યાં, કમી ગરમી થતી કયાંથી ?[૯૩૪]

ચડે ઉધેઇ અગ્નિને, બિચારી બેવકૂફીથી ![૯૩૫]

## –: સૂફી પરિભાષા :–

સાગરે સૂફીવાદની ભાવનાઓનો તેમ જ સૂફીવાદની પરિભાષાના શબ્દોનો ગઝલોમાં બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. પારિભાષિક શબ્દોના અર્થ તેમ જ સૂફીવાદની ભાવનાઓ સમજાવવા માટે ખાસ શબ્દકોશ પણ આપ્યો છે. એ દર્શાવે છે કે સાગરે સૂફીવાદનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. સૂફીવાદની પ્રબળ અસર એમની કવિતા પર થયેલી જોઇ શકાય છે.

સનમ (પૃ. ૨૩૩), ફના (પૃ. ૨૩૯), સૂફી (પૃ. ૨૩૫), આબેહયાતી (પૃ. ૧૨૪), ઇરાની અને અંગ્રેજી દારૂની પ્યાલી (પૃ. ૧૮૧), હકીકત – તરીકત (પૃ. ૧૨૪), અનલહક્ક (પૃ. ૨૧૮), મિનોઇ ઇશ્ક (પૃ. ૯૯), અનલ મહબૂબ (પૃ. ૧૯૩), સાકી (પૃ. ૨૧૨), મિનોરનૂર (પૃ. ૨૫૪), ફના ફિલ્લાહ (પૃ. ૨૧૨). સૂફી

---

૯૩૧. એજન, પૃ. ૧૮૦ : ૯૩૨. એજન, પૃ. ૯૯
૯૩૩. એજન, પૃ. ૨૭૧ : ૯૩૪. એજન, પૃ. ૧૮૬
૯૩૫. એજન, પૃ. ૨૨૯

પરિભાષાના આ શબ્દો તેની પ્રણાલિકા પ્રમાણે યોગ્ય અર્થના સંદર્ભમાં સાગરે પ્રયોજ્યાં છે. શિરીન, ફરહાદ, લયલા, લોટ, વર્થૂર, એઇન, મનસૂર (પૃ. ૮૪), તબ્રીઝ (પૃ. ૧૯૧), લુકમાનજી (પૃ. ૧૮૧), ઇઝરાયલ (પૃ. ૨૫૨) સૂફીવાદને અનુસરનારાંનો પણ નિર્દેશ કર્યો છે. કુરાનની છબ્બીસીમાં ચાંદની, કયામતની (પૃ. ૨૩૨), લેલ તુલ કાદર (પૃ. ૧૨૪), જન્નત (પૃ. ૨૩૮) ની ભાવનાઓનો પણ એમણે યોગ્ય સંદર્ભમાં નિર્દેશ કર્યો છે.

### -: જુસ્સો-મસ્તી :-

સૂફી 'સાગર' ની ગઝલોમાં જુસ્સો-મસ્તી પ્રવેશ્યાં છે. 'સાગર' ની ગઝલોનું આ લાક્ષણિક તત્ત્વ છે. પોતાના જીવનના સિધ્ધાંતોનું નિરૂપણ, સનમના વિરહનું દર્દ, કે સ્વાનુભવયુક્ત ભાવની અભિવ્યક્તિ થઇ હોય તેવી ગઝલોને જુસ્સાનું બળ અનાયાસે પ્રાપ્ત થાય છે. સર્વ સમર્પણનો ભાવ સાગરે 'સનમ સરકાર છે મારે' ગઝલમાં જુસ્સાપૂર્વક રજૂ કર્યો છે. જુઓ :

> મળ્યું છે મોત મૂઠીમાં; નફામાં જિંદગી આખી;
> દીવાના ઇશ્ક દર્વેશે નથી અક્કલ સિલક રાખી.[૯૩૬]

સનમના અનન્ય પ્રેમની કે દઢ શ્રધ્ધાની મસ્તી 'સાગર'ને જગત પ્રત્યે લાપરવાહ બનાવે છે. સૂફી 'સાગર' ના સ્વભાવનો આ લાક્ષણિક ગુણ એમના જીવનની માફક ગઝલોમાં વણાઇ ગયેલો - એકરસ થઇ ગયેલો જણાય છે. જુઓ :

> ખપી જવું છે પૂરેપુરું ? બધી અક્કલ ગુમાવી છે ?
> ભલે તો આવજો આંહી, જિગર હરદમ ઝુકાવીને ![૯૩૭]

---

૯૩૬. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૨૩૧
૯૩૭. એજન, પૃ. ૧૮૩

ધર્યું છે સર ઉપર કરવત, નથી હિમ્મત મગર ખુદ પર ;
રહું મક્કમ ચકી નિયત પર ! ફક્ત તારી રહેમત પર ![૬૩૮]

## -: સંગીતક્ષમતા :-

વર્ણ પુનરાવર્તન, અન્ત્યાનુપ્રાસ અને શબ્દલાલિત્ય ધ્વારા સંગીતક્ષમતા 'સાગર' ની ગઝલોની લાક્ષણિકતા છે. સંગીતક્ષમતાના સચોટ દષ્ટાંત માટે 'ફુલ ગઝલ મુશ્કિલ' ગઝલની નીચેની પંકિતઓ જુઓ :

ફિલસૂફી સૂફી પ્હડે, - ગુમ અક્કલે આકિલ ;
મુલ્કે મહોબ્બતનો મુસાફિર મૌજમાં મુશ્કિલ ![૬૩૯]

'અગર લખું લોહીથી ઉલ્ફત' ની આ પંકિતઓમાં પણ વર્ણાનુપ્રાસ ધ્વારા કવિ સંગીતક્ષમતા સાધી શક્યા છે.

ઝુરૂરત છે ન જન્નતની ! ન હાજત યા મરામતની !
ફનાની ફાંસીએ મરવું મહોબ્બતની મુરવ્વત પર ![૬૪૦]

અંત્યાનુપ્રાસ ધ્વારા સંગીતક્ષમ રચના કરવાના પ્રયત્ન લેખે 'રુસ્તમ પહેલવાનને' ગઝલનું દષ્ટાંત જોઇએ.

હમારા દેશમાં, રુસ્તમ ! ભલા ! હથિયાર બન્દી છે !
કટારે ઇશ્કના ખેલે ફક્ત દાનેશમંદી છે ![૬૪૧]

વર્ણાનુપ્રાસ અને વર્ણ પુનરાવર્તન ધ્વારા સંગીતક્ષમતા 'સાગર' ની ગઝલોનું લાક્ષણિક તત્ત્વ છે.

---

૬૩૮. એજન, પૃ. ૨૩૮
૬૩૯. એજન, પૃ. ૨૩૫
૬૪૦. એજન, પૃ. ૨૩૯
૬૪૧. એજન, પૃ. ૧૯૩

-: સચોટ અભિવ્યક્તિ :-

સચોટ અભિવ્યક્તિ 'સાગર' ની ગઝલોનું મહત્વનું અંગ છે. 'કુલ ગઝલ મુશ્કિલ' માં ફારસી ભાષા પરનું સાગરનું પ્રભુત્વ સ્પષ્ટ જોઇ શકાય છે.

દિલ્લગી લગી યારથી ! રોવું થયું હાસિલ;
હુશ્ન ! નારા હિજ્રમાં હસવું હવે મુશ્કિલ ![૬૪૨]

'ઇઝરાઇલ ફિરિશ્તાને' ગઝલમાં સચોટતાનું બીજું એક દષ્ટાંત જુઓ :

જપ્ત કરવો પરાયો માલ ? અગર બે કાયદે મંઝિલ ?
તુમાખી શે ? તું જો, બુલ્બુલ ! કરે બદફેલ ઇજરાઇલ ![૬૪૩]

'સાગર' ની સચોટ અભિવ્યક્તિનું નોંધપાત્ર દૃષ્ટાંત 'સનમ ને સવાલ' ગઝલમાંથી જોઇએ :

જિગર જપે એક યાર ;
ઇશ્ક-યારનો પુકાર ;
તો કટાર યા દીદાર ?
યાર ! શું ચખાડશે ?[૬૪૪]

'સાગરે' પોતાની ગઝલોમાં શબ્દલાલિત્ય, ભાવને ઉચિત શબ્દોની ગોઠવણી અને વર્ણાનુપ્રાસ કે વર્ણપુનરાવર્તન ધ્વારા સચોટતા પણ સાધી શકયા છે. સચોટ અભિવ્યક્તિની દષ્ટિએ પણ બયાલે ઇશ્ક હિંદી ગઝલોમાં ઉત્તમ છે. આત્માનુભવના પીઠબળને કારણે અભિવ્યક્તિમાં કવિ સચોટતા સાધી શકયા છે. જુઓ :

---

૬૪૨. એજન, પૃ. ૨૩૫
૬૪૩. એજન, પૃ. ૨૫૨
૬૪૪. એજન, પૃ. ૨૭૩

હૈ તો હમ સારી જહાંમે ! હૈ કહાં નહીં હમ ?
અસ્માં, ઝમીં, બેહિશ્તમેં, દરિયાવમેં હૈ હમ ![૯૪૫]

તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતના નિરૂપણમાં પણ સચોટ અભિવ્યક્તિ થઇ છે, એનું દૃષ્ટાંત પણ ખયાલે ઇશ્ક માંથી જોઇએ.

પાનીમેં પૂતલી લૂનકી ! કોઇ કહે ક્યૌં બ્રહ્ન ?
જીવજી ! સુનો તુમ દમબદમ બોલે ભીતર હમ ! હમ ![૯૪૬]

'ઝુલ્મીને અર્ઝી' ગઝલમાં આત્મસમર્પણના સિધ્ધાંત નિરૂપણમાં પણ સચોટ અભિવ્યક્તિ છે. જુઓ :

હમારા ખુનનું શરબત, ખુશાલીથીભલે પીજો !
અને દિલ ચહાય તે હરદમ, અહીં પૂરું કરી લેજો ![૯૪૭]

'હલેસું છોડ ! બિસ્મિલ્લાહ' ! ગઝલમાં પણ સાગરે પોતાના હૃદયની ક્રમિક દશાનું ચિત્ર રજૂ કરતાં ફનાનું મહત્ત્વ સચોટરીતે સમજાવ્યું છે.

જલદ બૂરો નશો પીને, અજબ મુરદું થવું લાઝિમ,
પડે પડે ચીરતાં વધવું, ફના થવું ! એ અસલ તાલીમ.[૯૪૮]

'દરગાહ બસ મુજ કત્લગાહ' ગઝલમાં પણ નાટયાત્મક ઉપાડ ધ્વારા સચોટ અભિવ્યક્તિ થઇ છે. જુઓ :

યારો ! કોઇ છે દર પર અહીં ? હાઝર બિરાદર યા નહીં ?
યારો ! કત્લગાહ કૂચ ઠરી ; ના ! ના ! અહીં સોહી કહીં ![૯૪૯]

---

૯૪૫. એજન, પૃ. ૨૮૫
૯૪૬. એજન.
૯૪૭. એજન, પૃ. ૮૫
૯૪૮. એજન, પૃ. ૨૧૨
૯૪૯. એજન, પૃ. ૨૭૫

અસ્બાબ અમીરી આપના ;
ગુલ્શન અનાર ગુલાબના ;
સીસા સુરેખ શરાબના,
સૌ આપ ભોગવજો અહીં.[૬૫૦]

—: 'સાગર' ની ગઝલોની લાક્ષણિકતા :—

ફારસી, ગુજરાતી અને સંસ્કૃત શબ્દોના ઉચિત મિશ્રણયુક્ત — અમર્યાદ ભાષાશૈલી, સૂફી પરિભાષાનો તેના યોગ્ય સંદર્ભમાં ઉપયોગ, જુસ્સો-મસ્તી, સંગીતક્ષમતા, ફારસી ભાષા પરનું પ્રભુત્વ અને સચોટ અભિવ્યક્તિ 'સાગર' ની ગઝલોની લાક્ષણિકતા છે.

ક્વચિત ભાવ કે લાગણીની અભિવ્યક્તિ શિથિલ બનતાં 'સાગર' ની ભાષાશૈલી ગંધાળું બની જાય છે. 'સાગર' ની આ મર્યાદા છે.

આ તબક્કાની ઉત્તમ ગઝલો — 'સનમ સરકાર છે મારે', 'ઇઝરાઇલ ફિરિશ્તાને', 'સનમને સવાલ', 'દરગાહ બસ મુજ કત્લગાહ', 'જોગીની ગઝલ', 'ફકીરી બાદશાહની' ગઝલ, 'મારી સનમ', 'ખયાલે ઇશ્ક' અને 'દિલને રજા'— આટલી છે.

'સનમ સરકાર છે મારે' ગઝલમાં પોતાની સનમ પ્રત્યેના અનન્ય પ્રેમની મસ્તી-જુસ્સો, સનમના નામ માટે ફના થઇ જવાની ભાવનાનું નિરૂપણ છે.

'ઇઝરાઇલ ફિરશ્તાને' ગઝલમાં ઇઝરાઇલ ફિરિશ્તા સાથેનો સંવાદ રજૂ થયો છે. આ સંવાદપ્રધાન ગઝલમાં 'સાગર' ના શરાબી જામ ની મસ્તીનું નિરૂપણ છે.

---

૬૫૦. એજન.

'સનમને સવાલ' ગઝલ તેના બાહ્ય સ્વરૂપની રચના પરત્વે સીમાચિહ્ન છે. ગઝલના આ પ્રકારના નવા પદબંધ ધ્વારા સાગરે તેના બાહ્ય સ્વરૂપ પરત્વે પણ લાક્ષણિક પ્રદાન આપ્યું છે. જુઓ :

શબ્દ સનમ ! આપશે ? પૂછું સનમ ! જિવાડશે ?
દિલથી દિલ દબાવશે ? તું ગોદમાં સુવાડશે ?

અગર છું હું તુજ શિકાર ;
કત્લનો ય તલબગાર ;
યારની અમર કટાર !
ઘા પૂરો લગાવશે ? ૯૫૧

પહેલી બે પંક્તિઓમાં અંત્યાનુપ્રાસ મેળવ્યા છે. ત્રીજી અને ચોથી પંક્તિનું બબ્બે ચરણમાં વિભાજન કરી ત્રણ ચરણના પ્રાસ મેળવ્યા છે. અને ચોથી પંક્તિના છેલ્લા ચરણનો પ્રાસ પહેલી બે પંક્તિઓ સાથે મેળવ્યો છે. ગઝલનો આ રચનાબંધ સાગરે સૌ પ્રથમ આપ્યો છે. 'સાગર'નું ગઝલોના બાહ્ય સ્વરૂપ પરત્વેનું આ મહત્વનું પ્રદાન છે. 'દીવાને સાગર' દફતર ૧, અને ૨ ની લગભગ બધી ગઝલોનો રચનાબંધી આ પ્રકારનો છે. આ દૃષ્ટિએ 'સનમને સવાલ' ગઝલ અગત્યનું સીમાચિહ્ન બની રહે છે. આ પછીની મોટાભાગની ગઝલોનો બાહ્ય રચનાબંધ આ પ્રકારનો છે.

'દરગાહ બસ મુજ કત્લગાહ', 'જોગીની ગઝલ' અને 'ફકીરી બાદશાહ'ની ગઝલમાં સનમના નામ માટે ફના થઇ જવાની 'સાગર'ની સૂફી ભાવનાનું મસ્તીયુક્ત નિરૂપણ છે.

---

૯૫૧. એજન, પૃ. ૨૭૩

ફના – આત્મસમર્પણ ધ્વારા સનમની કૃપા પ્રાપ્ત કરતાં સાગરે સનમ સાથેની એકતાની ઝાંખીના સ્વાનુભવનું 'મારી સનમ' ગઝલમાં સૌ પ્રથમ નિરૂપણ કર્યું છે. 'મારી સનમ' ગઝલ 'સાગર'ની સનમ સાથેની એકતાના સ્વાનુભવનું નિરૂપણ કરતી ગઝલોમાં પ્રથમ હોઇ આ તબક્કાની ગઝલોમાં મહત્વનું સોપાન છે.

ઉત્તમ હિન્દી ગઝલના નમૂના તરીકે 'ખયાલે ઇશ્ક' ગઝલ નોંધપાત્ર છે.

'દિલને રજા' ગઝલમાં સૌ પ્રથમ મનોનાશ – વાસનાક્ષયના સિધ્ધાંતનું નિરૂપણ કર્યું છે. – સૂફીવાદ અને અજાતવાદનો સમન્વય કરતી ગઝલોમાં 'દિલને રજા' મહત્વનું સીમાચિહ્ન બની રહે છે. 'સાગર' પોતાનો દૃઢ નિર્ણય રજૂ કરતાં સ્પષ્ટ જ કહે છે.

અલ્લાહના ફરમાનથી, દિલને જલાવી દઉં,
ગુમ દિલ બની બ્રહ્માંડમાં બસ બેફિકર ફરવું.[૯૫૨]

<u>ત્રીજો તબક્કો – ઇ.સ. ૧૯૧૩ – ૧૯૧૬</u>

'દીવાને સાગર' દફતર ૧ ના ત્રીજા તબક્કાની : ઇ.સ. ૧૯૧૩–૧૬ : જી ! હાં ! લ્યો – ચલવી લ્યો કાતિલ ગઝલમાં સાગરે પોતાની આત્મદશાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે.

ત્હને, સાગર ! કરે શું મોત ?
નથી જેને હતું, ને હોત –
સનમની જાગતી છે જ્યોત – જહાંને, હાં ! જલાવા દો.[૯૫૩]

૯૫૨. એજન, પૃ. ૨૯૯
૯૫૩. એજન, પૃ. ૩૮૨

હિમાલયમાં આત્મસાધના દરમ્યાન પોતાની દૈહિક વાસનાઓના ક્ષય ધ્વારા સનમ સાથેનો અદ્વૈતાનુભવ પ્રાપ્ત કરનાર સૂફી 'સાગરે' પોતાની સનમ પ્રત્યેના ઉત્કટ પ્રેમની મસ્તીનું આલેખન 'દીવાને સાગર' દફતર ૧ ની ત્રીજા તબક્કાની ગઝલોમાં કર્યું છે. સનમ સાથેના મિલન માટેની ઉત્કટ તાલાવેલીનું અને તે પછીની પૂર્ણદશાની – સનમ સાથેના મિલનનો આનંદ મસ્તી તેમ જ અદ્વૈતાનુભવની લાક્ષણિક અભિવ્યક્તિ પણ આ ગઝલો ધ્વારા કરી છે.

આપણે વિગતે જોઇ ગયા કે બીજા તબક્કાની ગઝલોમાં મુખ્યત્વે મોહદશામાં પોતે કરેલી ભૂલો – સ્ખલનો માટેનો પશ્ચાતાપ, હરિ વિરહનું દર્દ – રુદન અને પ્રણય તપશ્ચર્યા માટેનો દઢ નિર્ણય આલેખાયાં છે. આ ઉપરાંત સાગરે (૧) હૃદયની વિશુધ્ધિ (૨) ફના – આત્મસમર્પણ અને (૩) પરમાત્મા પ્રત્યેનો અનન્યપ્રેમ – સ્નેહયોગ – પ્રેમધર્મના આ વિશિષ્ટ લક્ષણો ધ્વારા સનમની પ્રાપ્તિ માટેની પોતાની સાધનાનો ચિતાર પણ 'સનમને સવાલ', 'દરગાહ બસ મુજ કત્લગાહ', 'જોગીની ગઝલ', 'ફકીરી બાદશાહની ગઝલ' અને 'મારી સનમ' ગઝલો ધ્વારા રજૂ કર્યો છે.

હિમાલયમાં પ્રણય–તપશ્ચર્યા ધ્વારા પોતાના હૃદયની વાસનાઓનો ક્ષય કરી – મનોનાશ ધ્વારા – દિલને જલાવી દઇને – ગુમ દિલબનીને સનમ સાથેની એકતાનો સ્વાનુભવ પ્રાપ્ત કરવાનો 'સાગરે' નિર્ણય કરે છે. આમ 'દિલને રજ' માં અજાતવાદ સૂફીવાદનો સૌપ્રથમ સમન્વય કર્યો હોઇ બીજા તબક્કાની ગઝલોમાં દિલને રજ સીમાચિહ્ન બની રહે છે.

બીજા તબક્કાની અંતિમ ગઝલો 'અફસોસ' અને 'રડવું આમીન' માં પણ સનમના વિરહનું દર્દ નિરૂપાયું છે.

આત્મસાધના માટેના હિમાલયનિવાસ દરમ્યાન 'દીવાને સાગર' દફતર ૧ની ત્રીજા તબક્કાની ગઝલો (ઇ.સ. ૧૯૧૩-૧૬) રચાયેલી છે. ત્રીજા તબક્કાની સૌપ્રથમ ગઝલ 'સનમ કાયમ સમર્પણ છે,' સાગરે કરેલા ગુજરાતી ગઝલિસ્તાન ના સંપાદનમાં ગઝલની દેવીને ગ્રંથ સમર્પણ કરતાં રચેલી ગઝલ છે. 'સાગર' પોતાની સનમ - પરબ્રહ્મને ગઝલનો આ સ્નેહસાગર સમર્પણ કરતાં કહે છે :

અગર દિલબર ! પરાત્પર તું, નિરંજન ને સનાતન તું,
પ્રિયે ! ૐકાર મૂર્તિ, તું સૃજનનું આદિ કારણ છે.[૯૫૪]

સનમનું વિરાટ સ્વરૂપ વાણીથી વર્ણવી શકાય તેમ નથી. 'સાગર' પોતાની લાક્ષણિક ઢબમાં સનમ નો પરિચય આ પ્રમાણે આપે છે.

કરોડો કૃષ્ણનો આત્મા, હવે દિલદાર ! તારામાં,
અહાહા ! ભગવતિ ! તારું અનિર્વચનીય વર્ણન છે.[૯૫૫]

પોતાની સનમ ૐકાર મૂર્તિ - નિરંજન નિર્ગુણ પરાત્પર પરબ્રહ્મ સાથેના અદ્વૈતાનુભવ માટે 'સાગર' સગુણ ભક્તિમાંથી નિર્ગુણ ભક્તિ તરફ વળે છે. પોતાના હૃદયની દશા આમ, અચાનક બદલાય છે. નિર્ગુણ પરબ્રહ્મની માનસિક પૂજાનું ચિત્ર 'મૂર્તિ ખસેડાતાં' ગઝલ દ્વારા 'સાગર' રજૂ કરે છે. જુઓ :

હવે ના મૂર્તિપૂજા કર ! ખુદા ભેટે તું ને સાગર ![૯૫૬]

---

૯૫૪. એજન, પૃ. ૩૩૦
૯૫૫. એજન.
૯૫૬. એજન, પૃ. ૩૩૧

'સાગર'ની આત્મસાધનાની દશામાં રચાયેલી ગઝલોમાં મુખ્યત્વે (૧) સનમનાં પ્રેમની ઉત્કટ મસ્તી - ઇશ્કની ખુમારી, (૨) સ્નેહયોગ - પ્રેમધર્મના સિદ્ધાંતો (૧) - આત્મસમર્પણ - ફના (૨) હૃદયની વિશુદ્ધિ (૩) પ્રેમની અનન્યતા - સૂફીવાદના સિદ્ધાંતોનું નિરૂપણ અને (૩) સનમ - પરબ્રહ્મ સાથેના અદ્વૈતાનુભવની વિભિન્ન પ્રકારે અભિવ્યક્તિ થઇ છે.

'સાગર'ની આત્મસાધનાનો માર્ગ સ્નેહયોગ - પ્રેમધર્મનો માર્ગ છે. સનમ પ્રત્યેના ઉત્કટ પ્રેમની સંવેદના ઇશ્કની ખુમારી - નિજાનંદની મસ્તીમાં પરિણમે છે. 'શરાબ છૂટે નહીં', 'અટકચાળી માશુક', 'હાં ! જી ! હાં !, હાં ! હાં !' 'કર્યો ભરપૂર નશો', 'બોધ' અને 'જી ! હાં ! લ્યો ચલવી લ્યો કાતિલમાં' પરમાત્મ-પ્રેમની આ મસ્તીનું નિરુપણ છે. શૃંગારની પરિભાષા દ્વારા સાગરે સનમ સાથેની પોતાની એકતાની અભિવ્યક્તિ 'હમારો ચિતારો', 'ગૂઢ મોહિની', 'ચિદ્ઘન', 'ચૂપાચૂપ', 'તોફાન', 'હઠીલી માશુક' ગઝલો દ્વારા કરી છે.

'સનમ ! કાયમ સમર્પણ છે', 'મૂર્તિ ખસેડાતાં', 'એકડેએકો', 'ઉઠો પ્રભુજી', ગઝલ આ 'રંક નોકરનું', 'અલખપુર' અને 'સૂફી' - ગઝલો દ્વારા સાગરે પોતાના જીવનસિદ્ધાંતોનું લાક્ષણિક રીતે નિરૂપણ કર્યું છે.

આ તબક્કાની ગઝલોનો મુખ્ય વિષય સૂફીવાદના સિદ્ધાંતો હોઇ સાગરે સ્નેહયોગ - પ્રેમધર્મનાં વિશિષ્ટ લક્ષણો સમજાવ્યાં છે.

પોતાની સનમ માટે જાન સોંપીને સૂફી જિગર માર્ગમાં આગળ વધી શકે છે. ફના - આત્મસમર્પણ કર્યા વિના સૂફીવાદ

માટે અધિકાર પ્રાપ્ત થતો નથી. આત્મસમર્પણનું મહત્વ સમજાવતી 'સૂફી'ની પંક્તિઓ જુઓ :

જિગરની પાસ જઇ વસવું – સનમને જાન સોંપીને –
અગર બસ દમબદમ હસવું – અસલ એ મુલ્ક સૂફી છે. [૯૫૭]

વાસનાક્ષય દ્વારા, હૃદયની વિશુધ્ધિ કર્યા વિના અદ્વૈતાનુભવનં થઇ શકે નહિ. હૃદય વાસનાઓનું સ્થાન હોઇ વાસનાઓનો ક્ષય કર્યા વિના – હૃદયની પૂર્ણ વિશુધ્ધિ કર્યા વિના – મોહમાયાના પ્રદેશનો સદંતર ત્યાગ કર્યા વિના માર્ગમાં આગળ વધી શકાતું નથી. હૃદયની પૂર્ણ વિશુધ્ધિની આવશ્યકતા સાગરે ગઝલ 'આ રંક નોકરનું' અને 'અલખપુર' ગઝલો દ્વારા સમજાવી છે. જુઓ :

"હૃદયને દમબદમ કસવું,
ખસે મેરું ન પણ ખસવું –
સફા દિલથી વતન વસવું – હજમ કરવું જ અજવાળું." [૯૫૮]

દુન્યવી પદાર્થો સાથેનો પોતાનો સંબંધ પતાવીને જ – અહંતા – હું પણાનો નાશ કરીને જ સૂફી આત્મસાધનાના માર્ગે પ્રયાણ કરી શકે.

હૃદય ફૂટી ઘૂંટી ભૂકો –
પીતાં લૂખો – અહા – સૂકો –
હું – તું ને પર મૂકયો પૂળો – ન કો પ્યારી –
ન કો પ્યારા. [૯૫૯]

---

૯૫૭. એજન, પૃ. ૪૦૧
૯૫૮. એજન, પૃ. ૩૬૮
૯૫૯. એજન, પૃ. ૩૬૯

સનમના નામ માટે ફના થઇ જવાની વૃત્તિ હૃદયની વિશુધ્ધિ અને પરમાત્મા પ્રત્યેનો અનન્ય પ્રેમ – સ્નેહયોગનાં ત્રણ લાક્ષણિક તત્ત્વોનું મહત્ત્વ સાગરે આ તબક્કાની ગઝલો ધ્વારા પણ વિગતે સમજાવ્યું છે. આશકના સનમ પ્રત્યેના અનન્ય પ્રેમ ધ્વારા – પ્રેમયોગ ધ્વારા આશકને પરમાત્માના પ્રત્યેક અંગમાં – વિશ્વના અણુએ અણુમાં – વ્યક્તિમાત્રમાં સનમના અસ્તિત્વનો અનુભવ થાય છે. આશક – માશૂકનો આવો અદ્વૈતાનુભવ 'ચિદ્ઘન' ગઝલ ધ્વારા સાગરે વ્યક્ત કર્યો છે :

બન્યું હર નેનમાં બિસ્તર –
બિછાવી ઇશ્કની ચાદર –
હું છું દિલદારને દિલ્બર – અમર હો રાજ સેજલડી.[૯૬૦]

વિશ્વના અણુએ અણુમાં પ્રણવસ્વરૂપ પરબ્રહ્મ વ્યાપ્ત છે. પરબ્રહ્મ સિવાય બીજા કશાનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી. આ મહામંત્ર 'સાગરે 'એકડેએકો' ગઝલ ધ્વારા આ રીતે રજૂ કરે છે.

નિરંજન તત્ત્વ સો હિ રામ –
ત્રિભુવન વ્યાપી તારક રામ –
અદ્વિતીય ૐકારા અનામી નામ – લખો હાં એકડેએકો.[૯૬૧]

અને એટલે જ ૐ પ્રભુજીનો મંત્ર પરમાત્માની સર્વ વ્યાપકતાનો સૂચક હોઇ 'સાગર'ના પ્રત્યક્ષ જીવનમાં વણાઇ ગયેલો. સાગરે 'ૐ પ્રભુજી' ગઝલ ધ્વારા આ મંત્રનો મહિમા સમજાવે છે :

પ્રભુ પોતે વિશુધ્ધાત્મા –
અહા ! સરખો રમે સૌમાં –
અહો ! હું એ જ એ જ હૈયામાં – હું નાચું ! ૐ પ્રભુજી છે ![૯૬૨]

---

૯૬૦. એજન, પૃ. ૩૬૪
૯૬૧. એજન, પૃ. ૩૬૨
૯૬૨. એજન, પૃ. ૩૬૩

સનમના પ્રેમમાં ખોવાઇ ગયેલા આશકને જગતના માયિક સંબંધોની કશી જ પરવા હોતી નથી. જગત અને જગતના સંબંધો તેમને મન તુચ્છ હોઇ તેની ફૂટલી કોડી જેટલી કીમત પણ તે ગણતા નથી. પરિણામે જગત પ્રત્યેની લાપરવાહી તેમના સ્વભાવનું લાક્ષણિક અંગ બની જાય છે. નિજાનંદની મસ્તી અને જગત પ્રત્યેની આવી ઉદાસીનતા 'એક જાહેર ખબર', 'બોધ', 'ગુનેહગારી' અને 'લકૃત' ગઝલો ધ્વારા વ્યક્ત થઇ છે.

પ્રેમમાર્ગના મુસાફિર 'સાગર' ને કર્મકાંડની જડ બાહ્ય વિધિ-આચાર નિઃસાર અને અર્થ વગરનાં - શુષ્ક લાગે એ સ્વાભાવિક છે. એટલે માત્ર બાહ્યાડંબર પરત્વે - જડ કર્મકાંડ પરત્વે તીવ્ર પ્રહારો કરવાનું પણ 'સાગર' ચૂકયા નથી.

સનમ સાથેના અદ્વૈતાનુભવની અભિવ્યકિત સાગરે ગઝલોમાં શૃંગારની સ્થૂલ-સૂક્ષ્મ ઉભય પ્રકારની પરિભાષા ધ્વારા કરી છે.

'હમારો ચિતારો' ગઝલ ધ્વારા સનમ સાથેના આત્મૈકયની ભાવનાનું સૂક્ષ્મ નિરૂપણ જુઓ :

> બોલો અગર ના બોલશો -
> પણ આંખ જયાં જયાં ખોલશો -
> ત્યાં ત્યાં જ સાગર દેખશો -
> હાઝર ચિતારો હઇશ હું.[૬૬૩]

સૂફીવાદની વિભિન્ન ભાવનાઓ - સ્નેહયોગ - પ્રેમધર્મનાં લક્ષણો, સનમનું સ્વરૂપ, નિર્ગુણ ભકિતનું મહત્ત્વ, પરમાત્માની સર્વ-વ્યાપકતાનું ગાન, પ્રણવમંત્રનો મહિમા, જગત પ્રત્યેની લાપરવાહી

---

૬૬૩. એજન, પૃ. ૩૩૬

અને જડ બાહ્યાડંબર પરત્વે પ્રહારો, સનમના પ્રેમની મસ્તી, સનમ સાથેની એકતાનો ઉલ્લાસ – 'સાગરની' ગઝલોના વિષય – સ્વરૂપનું ક્ષેત્ર બની રહે છે. આમ, 'દીવાને સાગર' દફતર ૧ની ત્રીજી તબક્કાની ગઝલો ધ્વારા સાગરે સૂફીવાદના પોતાના જીવનસિધ્ધાંતોનું નિરૂપણ કર્યું છે. એટલું જ નહીં પણ સનમ – પરબ્રહ્મ પ્રત્યેના પોતાનો ઉત્કટ પ્રેમ અને તેમાંથી પ્રગટતી મસ્તી તેમ જ સનમ સાથેની એકતાનો આનંદ – અદ્વૈતાનુભવ – આ અને આવી બીજી પોતાની ભાવદશાઓની અભિવ્યક્તિ કરી છે.

ગઝલના કાવ્યસ્વરૂપ ધ્વારા આ અભિવ્યક્તિના નિરૂપણમાં સાગરે કેટલાક લાક્ષણિક તત્ત્વોનો વિનિયોગ કર્યો છે. લક્ષણા અને વ્યંજના ધ્વારા પોતાની માનસદશાની તેમ જ શૃંગારની સૂફી તત્વજ્ઞાનની પરિભાષા ધ્વારા સનમ સાથેની એકતાના સ્વાનુભવની અભિવ્યક્તિ કરી છે.

પ્રતિરૂપો, કલ્પનાશક્તિ, પ્રતીકો, નાટયાત્મકતા, ચિત્રાત્મકતા, સંગીતક્ષમતા, શબ્દલાલિત્ય, ઉપમા, રૂપક કે દષ્ટાંત શૈલીના વિનિયોગ ધ્વારા પોતાની ભાવદશાઓની અભિવ્યક્તિ માટે સાગરે ગઝલના કાવ્યદેહનું બંધારણ કઇરીતે અને કેવુંક ઘડયું છે તે વિગતે તપાસીએ.

### –: ગઝલોનું બાહ્ય સ્વરૂપ :–

શ્રી રણછોડભાઇ ઉદયરામના 'રણપિંગળ' ભાગ ૩, ના ફારસી કવિતા રચના ના વિભાગમાં ગઝલના ૧૯ છંદો અને તેના ઉપભેદોની વિગતે ચર્ચા કરી છે.

'સાગર' ની આ તબક્કાની ગઝલોનું બાહ્ય સ્વરૂપ તપાસતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે સાગરે મુખ્યત્વે હઝજ, રજઝ, અને તવીલ છંદોમાં ગઝલો રચી છે. આ ઉપરાંત સાગરે હઝજ, રમલ, મુતદારિક, અને વાફિર છંદોના નવા ઉપભેદોની પણ રચના કરી છે. સાગરે પ્રયોજેલા આ નવા ઉપભેદોની રચના માટે એક અથવા બે ઉપભેદનું સંમિશ્રણ – અથવા બે નિયત બીજ સંખ્યાની લઘુગુરુ વર્ણ વ્યવસ્થાના સ્વરૂપમાં થોડોક ફેરફાર કર્યો છે.

ગઝલના છંદના સ્વરૂપ પરત્વે 'સાગર' નું આ મૌલિક પ્રદાન છે. આપણે વિગતે જોઈએ. ત્રીજા તબક્કાની ૪૨ ગઝલોમાં સાગરે બહરે હઝજ મુસમ્મન સાલિમ છંદ પ્રયોજ્યો છે. મફાઈલુન – લગાગાગાની નિયમ બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના ચાર આવર્તન ૨૮ માત્રાવાળા આ છંદ પરનું સાગરનું પ્રભુત્વ અદ્વિતીય છે.

'સનમ ! કાયમ સમર્પણ છે', 'થાઉં ખૂબસૂરત', 'અસ્સલ કિત', 'ગૂડ મોર્નિંગ', 'એકડેએકો', 'ઉંઉં પ્રભુજી', 'ચિદ્ઘન', 'ચૂપાચૂપ', 'ગઝલ આ રાંક નોકરનું', 'અલખપુરી', 'હું બસી', 'બબાજી', 'એક જાહેર ખબર', 'બોધ', 'સિલકમાં શૂન્ય', 'જી ! હાં ! લ્યો ચલવી લ્યો કાતીલ', 'યુસૂફ ઝુલેખા', 'પ્રલાપો પ્રેમીના દિલના', 'નંબર હાં ! દારૂ અંગ્રેજી', 'ગુન્હેગારી', 'સનમને ઇજન', 'તમે તો છો સનમ સરકાર', 'હૃદયવેલી', 'હઠીલી માશુક', 'સૂફી', 'ઈજનમેં યારનું કીધું', 'ગુલાબી ગઝલ', 'લજ્જત', 'અધર પ્યાલે ચડાડીને', 'સુતો છું કેફમાં પીને', 'અગર શો વાંક સાગરનો ?' 'ડિયર ! ઓ યસ કમોન', 'ઝહરની નદી', 'કુદરતના મહેમાન', 'અહો ! કિસ્મત' !, 'ઝિયાફત', 'મુબારક', 'જાળી ગઈ હાં' ! જહાં આખી', 'આ શું છે ? હાં ! હાં ! હાં !', દિલદારનો દિલબર', અને 'સનમનો રાહ' – ૪૨ ગઝલો હઝજ છંદમાં રચાયેલી છે.

'બચ્ચાંની ગઝલ', 'તુરત જવાબ', 'હાં હાં કર્યો ભરપુર નશો', 'દો વદી હાં !', 'હાં ! જી ! હાં !', 'હમારો ચિતારો', 'અટકચાળી માશૂક', 'શરાબ છૂટે નહીં', 'મૂર્તિ ખસેડાતાં', 'અલ્હક્ક, વાહ ! વાહ !', 'સૂરત', 'પ્રેમનું ટમ્બલર', 'તારી દિલબરી', 'રોશની', 'સૌભાગ્યવતીની ગઝલ', 'ગેરુ સિલક રાખે નહીં', 'બેત્તોનો બગીચો', 'તોફાન' – ૧૮ ગઝલો રજઝ છંદમાં રચાયેલી છે. આત્માનુભૂતિની અભિવ્યકિત સચોટ રીતે થઇ છે ત્યાં અનાયાસે જ છંદના શુધ્ધ સ્વરૂપમાં ગઝલ રચાઇ છે.

'તજતાં તજતાં' અને 'જતાં જતાં' – બે ગઝલો તવીલ છંદમાં રચાયેલી છે.

ત્રીજા તબક્કાની ૧૮ ગઝલોમાં મુસતફઇલુન – ગાગાલગાની નિયત બીજ સંખ્યાની લઘુગુરુ વર્ણ વ્યવસ્થાના ચાર આવર્તનને ૨૮ માત્રાવાળો આ છંદ – બહરે રજઝ મુસમ્મન સાલિમ પ્રયોજ્યો છે. આ છંદમાં પણ સાગરે કેટલીક ઉત્તમ ગઝલો રચી છે.

ત્રીજા તબક્કાની આ બે ગઝલોમાં લગાગાગા, લગાગા – મફાઇલુન ફઉલુનની નિયત બીજ સંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના બે આવર્તનને ૨૪ માત્રાવાળો – બહરે તવીલ મકલૂબ મસમ્મન સાલિમ છંદ પ્રયોજ્યો છે. દષ્ટાંતો જોઇએ :

'દિલજાનને ઝનાને' ગઝલમાં લગાલગા લગાગા – મુફાઇલુન ફઉલુનની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના બે આવર્તનને ૨૨ માત્રા-વાળા વાફિર છંદનો નવો ઉપભેદ પ્રયોજ્યો છે. વાફિર ના ૬૦ માં ઉપભેદ બહરે વાફિર મુસદ્દસ મશકૂલ છંદ મુફાઇલુન, મુફાઇલુન, ફઉલુન – લગાલગા લગાલગા લગાગાની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થા છે તેના સ્વરૂપમાં ઉપર પ્રમાણે

થોડોક ફેરફાર કરીને વાફિરના આ નવા ઉપભેદની રચના કરી છે. 'દિલજાનને ઝનાને' માંથી એક દષ્ટાંત જોઇએ.

સફા બધું બનાવું, હું વાંકમાં ન આવું,
સનમ તને રિઝાવું – તું તો બહુ ભલી છે.[૯૬૪]

'પધરામણી' ગઝલમાં ગાલગાગા ફાઇલાતુનની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના ત્રણ આવર્તન અને અંતે ગુરુ ઉમેરી ૨૩ માત્રાવાળો રમલ નો નવો ઉપભેદ પ્રયોજ્યો છે. રમલ ના ૧૩૬ માં ઉપભેદ બહરે રમલ મુસહસ સાલિમ છંદ – ફાઇલાતુન ગાલગાગાની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના સ્વરૂપમાં છેલ્લે વધારાનો ગુરુ ઉમેરી રમલ ના આ ઉપભેદ પરથી નવા ઉપભેદની રચના કરી છે. પધરામણી માંથી એક દષ્ટાંત જોઇએ.

હાથમાં દઇ હાથને, લબથી લબો ગૂથી –
ઘૂટડા આબેહયાતીના ભરાવે છે ![૯૬૫]

'સોદાગર' ગઝલમાં ગાગા ફઅલુનની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના ૮ આવર્તનવાળો મુતદારિક છંદનો નવો ઉપભેદ પ્રયોજ્યો છે. મુતદારિક છંદના ૩૨૪ માં ઉપભેદ બહરે મુતદારિક મુસમ્મન મકતુઅ – ગાગા – ફઅલુનની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના ૪ આવર્તન – ૧૬ માત્રાના સ્વરૂપમાં ફેરફાર કરી ૪ આવર્તન ૧૬ માત્રાને બદલે આઠ આવર્તન ૩૨ માત્રાની પંક્તિ બનાવી નવા ઉપભેદની રચના કરી છે. 'સોદાગર' ગઝલમાંથી એક દષ્ટાંત જોઇએ.

અગમ નગરસે આયો સોદાગર ! કયાં કયાં જિન્સે લાયો રે ?[૯૬૬]

---

૯૬૪. એજન, પૃ. ૩૬૭
૯૬૫. એજન, પૃ. ૪૧૩
૯૬૬. એજન, પૃ. ૪૨૬

'સાકીને તાકીદ' અને 'કબરમાં સ્વપ્નમાં' લગાગાગા – મફાઇલુનની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના ત્રણ આવર્તન અને છેલ્લે ફઉલુન – લગાગાની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થા – ૨૮ માત્રાવાળો હઝજ છંદનો નવો ઉપભેદ પ્રયોજ્યો છે. હઝજ છંદનો ૮૪મો ઉપભેદ બહરે હઝજ મુસદ્દસ મહ્ઝૂફ – મફાઈલુન મફાઇલુન, ફઉલુન – લગાગાગા, લગાગાગા, લગાગાગાની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વાળા ૧૮ માત્રાના છંદ પરથી મફાઇલુનના બે આવર્તનને બદલે ત્રણ આવર્તન પછી ફઉલુન – લગાગાની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થા યોજી છે; અને તે દ્વારા હઝજ છંદના નવા ઉપભેદની રચના કરી છે. બન્ને ગઝલોમાંથી દૃષ્ટાંતો જોઇએ.

કહું ના ના મગર, સાકી ! કલમ આવું લખે છે.[૯૬૭]

કબરમાં હું સૂતેલો ત્યાં – મને, હાં ! ખ્વાબ આવ્યું ![૯૬૮]

હઝજ, રજઝ અને તવીલ છંદમાં સાગરે પોતાની ગઝલો વિશેષ પ્રમાણમાં લખી છે. હઝજ છંદ પરનું 'સાગર'નું પ્રભુત્વ અદ્વિતીય છે. જુઓ :

'સનમ કાયમ સમર્પણ છે' ગઝલની નીચેની પંક્તિઓનો ભાવ છંદના લય સાથે કેવું ઐક્ય સાધે છે.

બધાં બ્રહ્માંડ ઝબકોળી, હૃદયરસ તરબતર ધોળી,
મને તેં પાઇ એ પ્યાલી ! તું તો એવી કલાલણ છે.[૯૬૯]

'એક જાહેર ખબર' ગઝલની પ્રારંભની પંક્તિઓ પણ ચોટદાર છે.

---

૯૬૭. એજન, પૃ. ૪૦૨
૯૬૮. એજન, પૃ.
૯૬૯. એજન, પૃ. ૩૩૦

અગર જો હોય કો આલમ – સુણી લ્યો ઢોલ ચોગાને ;
ગયો સાગર ગયો કાયમ – ન આશો કોઇ મળવાને.[૯૭૦]

'બોધ' ગઝલમાં પણ હઝજ ના ચારે આવર્તન ધ્વારા ભાવની સચોટ અભિવ્યક્તિ થયેલી જોઇ શકાય છે. હઝજ છંદ પરના કવિના પ્રભુત્વનું દૃષ્ટાંત –

નથી કાયા, નથી માયા ;
બધી મારી જ છે છાયા ;
છતાં દસ લાખ સાગરિયા – હિમાચલમાં ગયા હારી.[૯૭૧]

રજઝ છંદ પરનું 'સાગર' નું પ્રભુત્વ પણ નોંધપાત્ર છે.

'હમારો ચિતારો' ગઝલની પ્રથમ પંક્તિઓ ધ્વારા સાગરે કરેલું ભાવ નિરુપણ રજઝ છંદ પરની 'સાગરની' પકડને કારણે સચોટ બન્યું છે.

દિલબરનું ફરમાન તો, બસ લાખ બેત લખીશ હું ;
હરબેતમાં બારીક છબિ બસ એ જ આલેખીશ હું.[૯૭૨]

'મૂર્તિ ખસેડાતાં' ગઝલની પ્રથમ પંક્તિઓમાં પણ રજઝ છંદની રચના ભાવ અભિવ્યક્તિમાં કેવી ઉપકારક નીવડી છે તે જોઇ શકાય છે.

મૂર્તિ મગર પૂછયા વગર, બસ ! કાં ખસેડી કોઇએ ?
હાં ! હાં ! જિગર ! ખામોશ કર ! ખફગી અગર
ના જોઇએ.[૯૭૩]

---

૯૭૦. એજન, પૃ. ૩૭૪
૯૭૧. એજન, પૃ. ૩૭૫
૯૭૨. એજન, પૃ. ૩૩૫
૯૭૩. એજન, પૃ. ૩૩૧

સાગરે 'તજતાં તજતાં' અને 'જતાં જતાં' ગઝલોમાં તવીલ છંદ પ્રયોજ્યો છે. 'સાગર' ની માનસિક દશાનું સચોટરીતે નિરૂપણ કરતી આ બે ગઝલોમાં પણ ભાવની અભિવ્યક્તિ માટે છંદ ઉપકારક બન્યો છે. તેની પ્રતીતિ થાય છે. જુઓ : 'તજતાં તજતાં' ગઝલમાંથી એક દૃષ્ટાંત :

> ટપોટપ કયાંથી, દિલબર ! અહીં મોતી પડે છે ?
> અગર કાં તું જ, સાગર ! ફરી પાછો રડે છે ?[૯૭૪]

'જતાં જતાં' ગઝલમાં પણ હૈયાની વેદનાને વાચા આપવામાં છંદની સુશ્લિષ્ટ રચના ખાસ ધ્યાન ખેંચે છે. અહીં પણ લગાગાગા લગાગા ની નિયત બીજસંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાનો - પંક્તિના પ્રથમ અને દ્વિતીય ચરણમાં ભાવના સંદર્ભમાં ઔચિત્યપૂર્વક કરેલો ઉપયોગ 'સાગર' ની છંદ પ્રભુત્વશક્તિનું દર્શન કરાવે છે. જુઓ :

> અને બસ જાય સાગર ? ન ઉમે કંઇ જુદાઇ ?
> ન કાં ? આ આંખ આગળ - ખડો ગમગીન ભાઇ ![૯૭૫]

ઉપર્યુક્ત દૃષ્ટાંતો પરથી સ્પષ્ટ થાય છે કે સાગરે હઝજ, રજઝ અને તવીલ - છંદો ભાવની અભિવ્યક્તિને ઉપકારક થાય તે રીતે ગઝલોમાં પ્રયોજ્યાં છે. ભાવ નિરૂપણમાં છંદ પ્રભુત્વને કારણે 'સાગર' સચોટતા સાધી શકયા છે. તેમાંયે હઝજ અને રજઝ છંદનો ઔચિત્ય-પૂર્વક બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. 'સાગર' ની મોટા ભાગની ગઝલો હઝજ અને રજઝ છંદમાં જ રચાયેલી છે.

વિવિધ પ્રકારના ભાવની અભિવ્યક્તિ માટે આ ઉપરાંત રમલ, મુતદારિક, વાફિર અને હઝજ છંદના નવા ઉપભેદોની પણ મૌલિક રચના કરી છે. આ નવા ઉપભેદો પણ ગઝલના ભાવ

---

૯૭૪. એજન, પૃ. ૩૩૭
૯૭૫. એજન, પૃ. ૩૩૮

નિરુપણમાં ઉપકારક બન્યાં છે. આ છંદોના નવા ઉપભેદોની રચના કરનાર 'સાગર' સર્વપ્રથમ ગઝલકાર હોઇ, ગુજરાતી ગઝલના છંદઃસ્વરૂપ પરત્વે 'સાગર' નું આ મૌલિક પ્રદાન નોંધપાત્ર છે.

### -: ગઝલોની ભાષા-શૈલી :-

'સાગર' ની ગઝલોનો ભાષા શૈલીની દૃષ્ટિએ અભ્યાસ કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે ફારસી ભાષાના 'સાગર' ના અધ્યયન - પ્રભુત્વને કારણે ગઝલોમાં ફારસી વાતાવરણ તે ખડું કરી શકયા છે. પરિણામે ભાવ - અર્થને ધોતક શબ્દો પ્રયોજવાની પધ્ધતિમાં કયાંય કચાશ દેખાતી નથી. એટલું જ નહિ પણ ગઝલો ધ્વારા વ્યકત કરવા ધારેલી ભાવદશાઓ કે ભાવનાઓને અનાયાસે જ ભાવને ઉચિત શબ્દપદાવલી પ્રાપ્ત થતાં અભિવ્યકિતમાં સચોટતા આવે છે. થોડાંક દૃષ્ટાંતો જોઇએ :

'શરાબ છૂટે નહીં'! માં રજૂ કરેલું એક ચિત્ર -

દર પર ખડી ભિંદી પૂછે, મયખાનું ખુલશે કે નહીં ?
અલી ! ઓ છકેલી ! સમાલ જે - ઘર બે ઇમાન લૂટે નહીં ! ૯૭૬

પ્રથમ પંકિતના બે શબ્દસમૂહો ધ્વારા વ્યકત થયેલ બે ચિત્રો - પહેલું મયખાના પાસે જમા થયેલી આશકો ની ભિંદીં, બીજું મયખાનું ખુલશે કે નહીં ? પ્રશ્ન ધ્વારા મયખાનું ખોલવા માટે અનેક પ્રકારના આશકોની સાકીને આગ્રહપૂર્વકની આજીજી - રજૂ થઇ છે. આવી પરિસ્થિતિમાં સૂફી આશક 'સાગરની' સલાહ - માર્ગમાં આગળ વધનાર દરેકને માટે પગલે પગલે સ્ખલન થવાની રહેલી

---

૯૭૬. એજન, પૃ. ૩૩૨

શકયતાનું નિદર્શક – બીજા માર્ગોથી ઇશ્કના રાહનું વ્યાવર્તક લક્ષણ – 'અલી ! ઓ છકેલી ! સમાલજે ! બીજી પંક્તિના પ્રથમ ખંડક દ્વારા સૂચક રીતે – અને તે પછીના ખંડકમાં 'ઘર ને ઇમાન લૂટે નહીં' દ્વારા સૂક્ષ્મ અધિકાર ભેદની લાક્ષણિક રજૂઆત – 'ગુનેહગારી' ગઝલ દ્વારા રજૂ થયેલાં બે વિરોધી ચિત્રો :

અમી પીને અમર થાવું – અસુરલોકે ગુનેહગારી,
અને દિલદારને ચહાવું – જહાંને એ ગુનેહગારી ![૯૭૭]

ફારસી શબ્દોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થયો નથી તેવી ગઝલોમાંની એકમાંથી – સાદી ભાષામાં પણ અસરકારક રીતે થયેલી ભાવની અભિવ્યક્તિનું આ દૃષ્ટાંત રજૂ કર્યું છે.

અધિકાર વગરનાઓને સ્નેહની ઉદાત્ત ભાવનાની કદર હોતી નથી. અમી પીને અમર થવાની ભાવનાને અસુરલોકમાં ગુનેહગારી ગણવામાં આવે છે. એ ભાવ પ્રથમ પંક્તિમાં રજૂ કરી સચોટરીતે બીજી પંક્તિ દ્વારા જગત ઇશ્કે હકીકી ની – સનમના સાચા પ્રેમીની કદર કરી શકતું નથી. દિલબરને ચાહવું – એ જહાંને આશક ની ગુનેહગારી લાગે છે. એ ભાવ રજૂ કર્યો છે. અહીં પણ ભાવને ઉચિત શબ્દપદાવલી પ્રયોજાઇ છે. વિરહનું દર્દ આશક માટે અસહ્ય બનતું જાય છે. અને જાણે આશકને રીબાવવાની – વિહ્‌વળ બનાવવાની અને એ રીતે તેના પ્રેમની કસોટી કરવાની જ સનમની આદત હોય છે. પણ આશકની વિહવળતાની એ ક્ષણો પ્રત્યક્ષ નિહાળતાં જ સનમ પોતે તેના પર ફીદા થઇ જાય છે. – એ ભાવ વ્યકત કરતી ગઝલ 'તમે તો છો સનમ સરકાર' – ની પ્રથમ બેતમાં પણ ભાવની અભિવ્યક્તિમાં ભાષા વશવર્તીને ચાલતી

૯૭૭. એજન, પૃ. ૩૯૨

હોય તેમ લાગે છે. જુઓ :

તમે તો છો સનમ સરકાર – હમારી હોય શી દરકાર ?
પવન પર છો બન્યાં અસવાર – ગગન પદે વસી હસનાર ![૯૭૮]

હકીકતની સ્થિતિનું બયાન કરતી ગઝલ 'રોશની'માં પ્રેમની અનન્યતા ધ્વારા હુંપણાનો – મનની વાસનાઓનો લય થતાં આત્માનુભવની દશાનો અનુભવ કરતાં 'સાગર' આલમની કે બેહિસ્તની પણ પરવા કરતાં નથી. એમ જાહેર કરે છે. અદ્વૈતાનુભવનું દર્શન કરાવતી આ ગઝલની પ્રથમ બેતમાં પણ ભાવની અભિવ્યક્તિમાં ભાષાશૈલી કેવી ઉપકારક નીવડી છે તે સ્પષ્ટ જોઇ શકાય છે. જુઓ :

બેખુદ શરાબી રોશની ! પીને બન્યાં હાં ! ખુશનુમા !
આલમ અને બેહિસ્તની, પરવાથી બિલકુલ બેતમા ![૯૭૯]

'બે–ખુદ', 'રોશની', 'શરાબી', 'ખુશનુમા' અને 'બેતમા' શબ્દો આધ્યાત્મિક અર્થના ધોતક હોઇ અર્થને ઉપકારક રીતે પ્રયોજાયા છે.

અદ્વૈતાનુભવની સચોટ અભિવ્યક્તિ માટે સાગરે ગઝલોમાં પણ ભાષાનું બંધન સ્વીકાર્યું નથી. ભાષા–શૈલીનું સાધન અર્થને વહન કરવામાં ઉપકારક નીવડે તે રીતે ફારસી, ગુજરાતી ઉપરાંત સંસ્કૃત અને અંગ્રેજી શબ્દોનો પણ તેના યોગ્ય સંદર્ભમાં સાગરે સમુચિત ઉપયોગ કર્યો છે. ભાષાના આવા વિચિત્ર છતાં મનોહારી મિશ્રણવાળી 'સાગર'ની બાની અદ્વૈતાનુભવની અભિવ્યક્તિમાં, પોતાની માનસદશા સમજાવવામાં કે તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતોના નિરુપણમાં ઉપકારક નીવડી છે. અંગ્રેજી કે સંસ્કૃત ભાષાના શબ્દો

---

૯૭૮. એજન, પૃ. ૪૦૪
૯૭૯. એજન, પૃ. ૪૨૦

પણ ઔચિત્યપૂર્વક પ્રયોજાયા હોઇ, ભાષા લક્ષ્યવેધીને સચોટ બને છે. તેમ જ ચમત્કૃતિ ધારણ કરે છે. થોડાંક દૃષ્ટાંતો જોઇએ.

બીજા તબક્કાની એક ગઝલ 'આજીજી' માં સંસ્કૃતમય શૈલી ધ્વારા ફારસી છાંટ વગર લાક્ષણિક સનમને વિનવણી કરાઇ છે. તેમાં ભાવની અભિવ્યકિત નોંધપાત્ર છે. જુઓ :

બ્રહ્માંડ રસ બસ રેલજે, જગમાં લિકા ઉર ધારજે,
કર ક્રૂર દૂર કરાવજે, ઉપવન નવીન સુહાવજે.
સુરબાલની આજીજી છે, આમીન એ.[૯૮૦]

'આજીજી' ગઝલ સંસ્કૃતમય શૈલીનું સુંદર દૃષ્ટાંત છે. તેવું જ ફારસી શબ્દોના ઉપયોગ વિના ગુજરાતી શૈલીમાં સરળ બાનીમાં ભાવની સચોટ અભિવ્યકિત માટે આ તબક્કાની બચ્ચાંની ગઝલ પણ નોંધપાત્ર છે. જુઓ :

ચાંદા સૂરજ, પશુપંખીને –
કોણે કર્યાં સહુ જીવને ?
જેણે બનાવ્યો છે તને, તે પ્રભુજી મમ્મ આપશે.[૯૮૧]

'હું બંસી' ગઝલની બાની પણ સરળ અને પ્રાસાદિક હોઇ, ગઝલકાર અભિવ્યક્તિમાં સચોટતા લાવી શકયા છે. જુઓ :

હું બંસી ! હું જ બંસીધર ! બજવું ને બજું અધ્ધર –
સુણું ઓમકારની મહુવર – ઝીણું ઝીણું વાય ગેબી સ્વર.[૯૮૨]

'મુબારક' ગઝલમાં ભકતને પરમાત્માનું દર્શન થાય છે તે શામિલ લયલત – ઉલ – કાદર'નો ઉલ્લેખ કરતાં 'સાગર' પોતાના –

---

૯૮૦. એજન, પૃ. ૨૯૩
૯૮૧. એજન, પૃ. ૩૪૩
૯૮૨. એજન, પૃ. ૩૭૦

વ્યષ્ટિનાં પાંચતત્ત્વો સાથે – સમષ્ટિનાં પાંચતત્ત્વોની એકતાનો અનુભવ વ્યક્ત કરે છે. આ આનંદમંગળના પ્રસંગની રજૂઆત પ્રથમ પંક્તિમાં જ સચોટરીતે થઇ છે. 'સાગરે' લાક્ષણિક બાનીમાં પોતાને મુબારક બાદી આપે છે. જુઓ :

બજાવો ઢોલ ! ભમભમ ! મુબારક સૂર સોહમ !
ભૂમિ, જલ, તેજ, વાયુ વ્યોમ ! મુબારક હો !
મુબારક હો ![૯૮૩]

અહો ! હો ! હો ! 'નથિંગ્ બટ્ વન' !
નથી સાગર મગર આત્મન !
સુમન સોરંગી નિર્વાસન સનાતન હું જ ગૂડમોર્નિંગ ![૯૮૪]

'ગૂડમોર્નિંગ' ગઝલ ધ્વારા સનમ સાથેની અદ્વૈતાનુભૂતિ પ્રાપ્ત કરતાં 'સાગરે' આ અક્ષય પ્રભાત ની પોતાની અનુભૂતિ વ્યક્ત કરવા માટે અંગ્રેજી અને સંસ્કૃત ભાષાનો સુભગ સમન્વય કરે છે. 'નથિંગ બટવન' ! 'ગૂડમોર્નિંગ' – અને 'સુમન સોરંગી નિર્વાસન' શબ્દો સિધ્ધાંત નિરૂપણ માટે પ્રતીકાત્મક રીતે ઔચિત્યપૂર્વક પ્રયોજાયા હોઇ ભાષાનું આ વિચિત્ર છતાં મનોહારી મિશ્રણ ચમત્કૃતિ, સચોટતા અને વેધકતાના ગુણો પ્રાપ્ત કરે છે. 'સાગર' ની ગઝલોની ભાષાશૈલીનો વિશિષ્ટ ગુણ અદ્વૈતાનુભવની અભિવ્યક્તિમાં મસ્તી ધ્વારા સચોટતા સાધવાનો છે. 'સાગર' ની નિજાનંદની મસ્તી યુક્ત બાનીનું એક દૃષ્ટાંત જુઓ :

---

૯૮૩. એજન, પૃ. ૪૨૩
૯૮૪. એજન, પૃ. ૩૬૧

પીધાં છે પીધ ભર પટ્ટે –
મળયો માલેક શિર સટ્ટે –
અગર હાથે જ તે સાથે – પીવા દો ! હાં ! જી ! પાવા દો.[૯૮૫]

ભાષા પરત્વે લાક્ષણિક પ્રયોગવાળી ગઝલ – 'ડિયર ! ઓયસ – કમોન' ની પ્રથમ પંકિતઓમાં શૃંગારની પરિભાષા ધ્વારા સનમ સાથેની એકતાનો સ્વાનુભવ વ્યકત કર્યો છે. આ ગઝલમાં પણ સ્થૂલ શૃંગારની પરિભાષા ધ્વારા સનમ – પરબ્રહ્મ સાથેની ઐકયની મસ્તીનું જ નિરૂપણ કર્યું છે. જુઓ :

ડિયર ! ઓયસ્ – કમોન ! યસ – યસ !
સનમ હસતી શું ખડ ખડ ખડ !
લગામો દિલની તૂટે બસ – તને જોતાં જ તડ તડ તડ ![૯૮૬]

'હઠીલી માશુક' ગઝલમાં પણ સનમ સાથે દેહભાવ રહિત ઐકયનું નિરૂપણ મસ્તીપૂર્ણ ભાષા ધ્વારા સાગરે કર્યું છે. જુઓ :

સનમને બસ નગન જોવા – દીવાનું દોડતું આ મન –
હઠે ચડયું – લાગ્યું શરમાવા – રસિકડું ફાંકડું જોબન ![૯૮૭]

'પ્રેમનું ટમ્લર' ગઝલમાં પણ સાગરે હિમાલય નિવાસ દરમ્યાનની સનમ સાથેની પ્રેમ–મસ્તીનું અનુભવગાન લાક્ષણિક બાની ધ્વારા કર્યું છે. જુઓ :

પી પ્રેમનું ટમ્લર સરસ – માખણ ભરી દીધ દિલભરે –
ઉડી એ નશે બસ રસબરસ – અવિચલ ધવલ ગિરિ ઉપરે ![૯૮૮]

---

૯૮૫. એજન, પૃ. ૩૮૨
૯૮૬. એજન, પૃ. ૩૯૯
૯૮૭. એજન, પૃ. ૪૦૦
૯૮૮. એજન, પૃ. ૪૩૮

-: ભાષાશૈલીની મર્યાદા :-

બીજા તબક્કાની ગઝલોમાં આપણે જોઇ ગયા છીએ કે 'સાગર' ની ગઝલોમાં ગદ્યાળુતા પ્રવેશ કરતાં કવચિત્ ભાષાનું પોત ફીક્કું પડી જાય છે. પરિણામે ભાષાનું ઔચિત્ય જળવાતું નથી. ભાવની સચોટ અભિવ્યકિત - વિચારસાતત્ય અને ભાષા શૈલીના અખંડ સૌંદર્યમાં સાગર ની આમર્યાદા વિક્ષેપકર નીવડે છે.

બીજા તબક્કાની ગઝલોમાં 'સાગર' ની આ મર્યાદાનાં દર્શન સવિશેષ થાય છે. 'મારી સનમ' ગઝલમાંથી એક દ્દષ્ટાંત -

વહાલા ન કો અળખામણાં,
પણ આપણાં શમણાં ફૂલ્યાં.
દિલ દિલ સનમ ! આપણા જડયાં -
રહેજો નિકટ, મારી સનમ ! [૯૮૯]

'મસ્ત ગમગીની' ગઝલની નીચેની પંકિત જુઓ :

મુજ પ્રેમની બસી નહીં, રે ! એક સૂર બસૂર છે. [૯૯૦]

પ્રથમ પંકિતના ભાવની મધુરતા બીજી પંકિત ધ્વારા લુપ્ત થઇ જાય છે. જુઓ :

બરબાદ છે મજલિસ બધી, ગાણું ગઝલનું ધૂળ છે ! [૯૯૧]

ત્રીજા તબક્કાની ગઝલોમાંથી 'ઝહરની નદી' માંથી એક દ્દષ્ટાંત -

નદી બસ ઝેરની નારી ! જહાંમાં ભૂલ ભૂલામણી છે !
ફસાવી ભોગ લેનારી ! અગર વિકરાલ ડાકિણી છે ! [૯૯૨]

---

૯૮૯. એજન, પૃ. ૨૮૩
૯૯૦. એજન, પૃ. ૩૦૫
૯૯૧. એજન
૯૯૨. એજન, પૃ. ૪૩૭

## -: સૂફી પરિભાષા :-

સાગરે પોતાની ગઝલો ધ્વારા સૂફીવાદની ભાવનાઓનું નિરૂપણ કર્યું હોઇ સૂફી પરિભાષાનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. બ્રહ્મથી હું અભિન્ન છું - અનલહક્ક - વેદાન્તના 'અહં બ્રહ્માસ્મિ' નો સમાનાર્થી મંત્ર - સૂફી મંત્ર (પૃ. ૨૭૭, પૃ. ૩૩૦, પૃ. ૪૧૩) - પ્રેમરૂપી મદ્ય પ્રાપ્તિનું સ્થાન - મયખાનું (પૃ. ૩૪૨) પ્રેમયોગનું અગત્યનું લક્ષણ - ફના - આત્મસમર્પણનો મંત્ર - જીવાત્માના અહંકારનો - નાના હું નો લય (પૃ. ૨૭૮) અહંતાનો લય થયાં પછી જીવાત્માની દશા - બ્રહ્મ જન્મ - બકા બાદ ઉલ-ફના (પૃ. ૨૭૮), સૂફીવાદના ક્રમિક પગથિયાં - શરીઅત (પૃ. ૩૯૨), હકીકત (પૃ. ૨૭૮), કુરાનમાં નિર્દેશાયેલી પરમાત્માની રાત્રી - પરમાત્મા સાથેની સનાતન એકતાની રાત્રી - સૂફી (પૃ. ૪૦૧) - સૂફીવાદના આ નિર્દેશો ઉપરાંત સૂફીવાદના માર્ગમાં - ઇશ્કેમજાઝી કે ઇશ્કે હકીકીમાં આગળ વધેલી વ્યક્તિઓનો પણ પ્રસંગોપાત સાગરે નિર્દેશ કર્યો છે.

હઝરત મુસા (પૃ. ૨૭૯), રાબિયા (પૃ. ૪૬૨), શમ્સ તબ્રીઝ (પૃ. ૨૮૧), મન્સૂર, લૈલાં, મજનું, શીરીન, ફરહાદ, યુસૂફ, ઝુલેખા (પૃ. ૨૮૧) - આ યાદી વિસ્તૃત થઇ શકે. આ પરથી 'સાગર' ની કવિતા પર સૂફીવાદની વ્યાપક પ્રમાણમાં થયેલી અસર સ્પષ્ટ જોઇ શકાય છે.

ડો. છોટુભાઇ ર. નાયકે પણ 'ગુજરાત પર અરબી-ફારસીની અસર', પુસ્તકમાં સૂફીવાદની ભાવનાઓનું નિરૂપણ તેમજ પરિભાષાનો વિનિયોગ કરનારાઓમાંના એક તરીકે 'સાગર' નો વિગતે પરિચય કરાવ્યો છે.[૯૯૩]

---

૯૯૩. 'ગુજરાત પર અરબી, ફારસીની અસર' - ડો. છોટુભાઇ નાયક, પૃ. ૫૫૮-૫૫૯

-: અભિવ્યક્તિ :-

ભાવની અભિવ્યક્તિ સચોટરીતે સાધવામાં ભાષા પરનું કવિનું પ્રભુત્વ ખૂબ ઉપકારક નીવડે છે. 'પધરામણી ગઝલનું' એક દૃષ્ટાંત જોઇએ :

હમ શરીફના દર ભીતર દિલદાર આવે છે ;
ગુફતેગોમાં એક બસ ઓમકાર લાવે છે ! [૯૯૪]

ભાષા પ્રભુત્વનું 'રોશની' ગઝલમાંથી બીજું એક દષ્ટાંત –

બે ખુદ શરાબી રોશની ! પીને બન્યાં – હાં ખુશ્નુમાં !
આલમ અને બેહિશ્તની પરવાથી બિલકુલ બે તમા ! [૯૯૫]

'બેખુદ શરાબી રોશની' – અને પરવાથી બિલકુલ બે તમા ! શબ્દસમૂહો ધ્વારા ભાવની અભિવ્યક્તિ સચોટરીતે સધાઇ છે. આશક જિગરની મસ્તહાલતનું નિરૂપણ નીચેની પંક્તિઓ ધ્વારા ઔચિત્યપૂર્વક થયું છે. એમાં પણ ભાષા પરનું કવિનું પ્રભુત્વ નોંધપાત્ર બની રહે છે.

અહો કિસ્મત ! કયામતમાં શિરફતારી સગાઇ છે !
મગર ખુદ મસ્ત કિસ્મતમાં મઝા હરદમ લખાઇ છે ! [૯૯૬]

વિકટ જંગલને સાફ કરી અસલ સોનેરી ઘાટ આપવાનો મઝાનો કિમિયો 'કુદરતના મહેમાન'ની નીચેની પંક્તિઓ ધ્વારા 'સાગર' રજૂ કરે છે. હૃદયની મલિન ભાવનાઓની વિશુધ્ધિ માટેનું ભાવપ્રતીક ભાષાના ઔચિત્યપૂર્ણ વિનિયોગ ધ્વારા હૃદયની સૂક્ષ્મભાવના જ અભિવ્યકત કરે છે.

---

૯૯૪. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૧૩
૯૯૫. એજન, પૃ. ૪૨૦
૯૯૬. એજન, પૃ. ૪૩૩

વિકટ કાંટી – કૂટી જંગલ, બનાવી ચાંદી શી અવ્વલ !

ઘડયા સોનેરી ઘાટ અસલ ! અહાં ! કિમિયો મઝાનો છે ![૯૯૭]

સૂફી સાગર હૃદયની વિશુધ્ધિને આત્મસાધના માટે અત્યંત મહત્ત્વનું સોપાન ગણાવે છે :

'સૂફા દિલ'થી અસલ વતન પામી શકાય છે. પ્રતિક્ષણ અન્તરાવલોકન (Self Analysis) ધ્વારા હૃદયની વિશુધ્ધિ કરી શકાય છે. આ જ્ઞાન પૂરેપૂરું પચાવ્યા વિના અન્ય માર્ગ નથી.

પોતાના આ જીવનસિધ્ધાંતનું નિરૂપણ કરતી ગઝલ 'આ રાંક નોકરનું'ની નીચેની પંકિતઓમાં પણ કવિના શબ્દરચના-કૌશલની પ્રતીતિ થાય છે.

હૃદયને દમ બ દમ કસવું –

ખરે મેરુ ન પણ ખસવું –

સફા દિલથી વતન વસવું – હજમ કરવું જ અજવાળું.[૯૯૮]

અલખપુરનો ટૂંકો રાહ દર્શાવતી નીચેની પંકિતઓમાં પણ આ જ સિધ્ધાંતની સચોટ અભિવ્યકિત ખાસ ધ્યાન ખેંચે છે.

હૃદય કૂટી ધૂટી ભૂકો –

પીતાં લૂખો – અહા – સૂકો –

હું – તું – તે પર મૂકયો પૂળો – ન કો પ્યારી ન કો પ્યારા![૯૯૯]

સિધ્ધાન્ત-નિરૂપણમાં સચોટ અભિવ્યકિતનું લાક્ષણિક દૃષ્ટાંત જુઓ :

---

૯૯૭. એજન, પૃ. ૪૩૪

૯૯૮. એજન, પૃ. ૩૬૮

૯૯૯. એજન, પૃ. ૩૬૯

અહો! હો ! હો ! નથિંગ બટ વન !
નથી સાગર મગર આલમ !
સુમન સોરંગી નિવાસિન સનાતન હું જ ગુડમોનિંગ.[૧૦૦૦]

બાહ્યદૃષ્ટિ પ્રાપ્ત કરતાં પરમાત્માની સર્વવ્યાપકતાનો કવિનો અનુભવ પણ લાક્ષણિક રીતે અભિવ્યક્ત થયો છે.

બધી બે આંખની લીલા –
છતે છે રામ એકીલા –
ત્રીજી આંખે દીઠા ફેલ્યા – તું હિ સત ૐ પ્રભુજી છે.[૧૦૦૧]

સાકીને તાકીદ ગઝલમાં લગાગાગાના ત્રણ આવર્તન પછી લગાગાની વર્ણવ્યવસ્થાવાળા હઝજ છંદની નવા ઉપભેદની રચના કરી લગાગાના છેલ્લા આવર્તન અને બીજી પંક્તિના અંત્યાનુપ્રાસ ધ્વારા કવિ છંદની પ્રવાહિતા સાધી શક્યા છે. છંદની પ્રવાહિતા સાધતાં સહજ રીતે ગઝલના ઉપાડમાં નાટયાત્મક વેગ પણ આવે છે. આ નાટયાત્મક શૈલી ધ્વારા ભાવની અભિવ્યક્તિમાં કવિ સચોટતા લાવી શકે છે. એનું એક દૃષ્ટાંત સાકીને તાકીદ માંથી જોઇએ :

કહું ના ના મગર સાકી ! કલમ આવું લખે છે ;
તુંને તાકીદ, મને માફી ! રહમ એને ઘટે છે.[૧૦૦૨]

આ ગઝલ 'Dramatic Lyric' ના નાટયોર્મિકાવ્ય પ્રકારમાં ગણાવી શકાય તેવી છે. હૃદયની વિરહવેદનાનું ચિત્ર પણ મર્મભેદી છે.

ખતમ થઇ ઝિન્દગી મારી ! ખબર ના લે દુલ્હારી !
જશે ! સાકી ! ઇઝત તારી – સબૂરી દિલ ખુવે છે.[૧૦૦૩]

---

૧૦૦૦. એજન, પૃ. ૩૬૧
૧૦૦૧. એજન, પૃ. ૩૬૩
૧૦૦૨. એજન, પૃ. ૪૦૨
૧૦૦૩. એજન, [illegible]

કવિની સૂફીરંગી મસ્તદશા અને કવિની ભાવ સમૃધ્ધિનું દર્શન કરાવતી ગઝલ શરાબ છૂટે નહીં ગઝલનો નાટયાત્મક ઉપાડ અને મયખાના પાસે જમા થયેલી આશકોની મેદનીનું ચિત્ર રજૂ કરતી કવિની ભાવસમૃધ્ધિ અને સચોટ અભિવ્યકિતનું નિદર્શન કરાવતી નીચેની પંકિતઓ જુઓ :

> દર પર ખડી ગિર્દી પૂછે, મયખાનું ખૂલશે કે નહીં ?
> અલી ! ઓ છકેલી ! સમાલજે – ધર બેઇમાન લૂંટે નહીં ! [૧૦૦૪]

સૂફીવાદની નવજીવનની – આબેહયાતીની ભાવનાની શૃંગારની પરિભાષા ધ્વારા – સનમ સાથેની એકતાના સ્વાનુભવની કવિની અભિવ્યકિત આશક અને માશૂકના મિલનના સુભગ ચિત્ર ધ્વારા થઇ છે. જુઓ :

> હાથમાં દઇ હાથને, લબથી લબો ગૂંથી –
> ઘૂંટડા આબેહયાતીના ભરાવે છે ! [૧૦૦૫]

ઇશ્કેમજાઝીની ઉચ્ચ ભૂમિકા દર્શાવતાં સાગર પ્રણયીઓનો દૈહિક સંબંધ એ સાચો સ્નેહ નહીં – સાચો પ્રેમ દુન્યવી ભાવનાથી પર છે. એ સિધ્ધાન્તનું નિરૂપણ યુસૂફ અને ઝુલેખા વચ્ચે સંવાદ યોજીને કર્યું છે. ઝુલેખાની વિરહ વેદનાને સંવાદ ધ્વારા ચિત્રનો ઉઠાવ આપીને કવિએ મૂર્ત કરી છે. ચિત્રાત્મકતા ધ્વારા અભિવ્યકિતમાં સચોટતા આણવાનું કવિ કૌશલ સાગર ની લાક્ષણિકતા છે.

> ન વેઠાતું – યુસૂફ પ્યારા !
> ઝુલેખા ! બાપુ ! રોના – ના !
> અસત સૌ ખેલ માટીના – ન ધરીએ મોહ – ના મરીએ. [૧૦૦૬]

---

૧૦૦૪. એજન, પૃ. ૩૩૨
૧૦૦૫. એજન, પૃ. ૪૧૩
૧૦૦૬. એજન, પૃ. ૩૮૪

ભાવને ઉચિત શબ્દ રચના ધ્વારા ચિત્ર રજૂ કરવાની કુશળતા 'સાગર' ની ગઝલોનું લાક્ષણિક તત્ત્વ છે.

"હમારો ચિતારો" માંથી 'સાગર' ની આ "લાક્ષણિક" શૈલીનાં દષ્ટાંતો જોઇએ :

આ કોચ પર ધરશો કદમ,
ઓ નાજનીં ! છોડો શરમ,
તસવીર લે ઇશ્કી કલમ – અચ્છી તરહ ખેંચીશ હું. [૧૦૦૭]

કલ્પનાશક્તિ ધ્વારા સ્થૂલ શૃંગારની પરિભાષા પ્રયોજી સાગરે રજૂ કરેલું સનમનું મનોહર ચિત્ર ભાવના અંતરંગને યથાર્થ રીતે અભિવ્યક્ત કરે છે.

ના ના નઝર ઉપાડશો,
પાલવ જરીક ખસેડશો,
બસ ! અંતરંગ ઉઘાડશો –
હસશો નહીં – ન અડીશ હું. [૧૦૦૮]

હિમાલયના પ્રકૃતિસૌંદર્યનું આકર્ષક અને મનોહારી ચિત્ર પણ શબ્દચિત્રો ધ્વારા ભાવની સચોટ અભિવ્યક્તિ સાધવાની 'સાગર' ની આ વિશિષ્ટ શૈલીનો સુંદર નમૂનો છે.

ગૌરાંગ પર પ્રિય સુન્દરી ! સાડી લીલુડી શી ધરી !
જુઇ ! થઇ યા ગુલ્દાવરી ગૂંથી અહો ! ગર્દન ઉપર ! [૧૦૦૯]

'સાગર' ની ગઝલોમાં રચનાબંધ – ઇબારતમાં પણ લાક્ષણિકતાનું દર્શન થાય છે. આપણે જોઇ ગયા કે બીજા તબક્કાની ગઝલોમાં

---

૧૦૦૭. એજન, પૃ. ૩૦૬
૧૦૦૮. એજન
૧૦૦૯. એજન, પૃ. ૪૪૦

સનમને સવાલ ગઝલ બાહ્ય સ્વરૂપની રચના પરત્વે ગઝલની ઇબારત રચનાબંધ માટે સીમાચિહ્ન બની રહે છે. પહેલી બેતની બે પંક્તિઓમાં 'સાગર' અંત્યાનુપ્રાસ મેળવે છે. એ પછીની બેતોનાં ત્રણ ચરણનો આંતંપ્રાસ મેળવ્યા છે, અને ચોથા ચરણનો અનુપ્રાસ પહેલી બેત પ્રમાણે મેળવ્યો છે. 'સાગર'ની ગઝલોનો બાહ્યરચનાબંધ આ પ્રકારનો છે એ એની લાક્ષણિકતા છે.

'તજતાં તજતાં' ગઝલમાંથી આ રચનાબંધનું દૃષ્ટાંત જુઓ :

> સનમને શોધનારું –
> હકીકત બોધનારું
> અનલહક્કમાં જનારું
> ફરી રહેતા રહે છે.[૧૦૧૦]

'સાગરે' સ્થૂલ અને સૂક્ષ્મ શૃંગારની પરિભાષા ધ્વારા સૂફી મસ્તી રાગ પરમાત્મા સાથેના મિલનનો તનમનાટ ઉત્કટ રીતે નિરૂપ્યો છે.

અટકચાળી માશૂક ગઝલમાં પોતાની વિરહવેદનાની સંવાદાત્મક રીતે આશક માશૂકની ગુફતેગોના ઉભયના ઉદગારો ધ્વારા સાગરે અભિવ્યક્ત કરી છે. સંવાદાત્મક અભિવ્યક્તિનું આ લાક્ષણિક દૃષ્ટાંત જોઇએ :

> મળી ત્યાં મગર નઝરે નઝર !
> દિલજાન ! હુશ્ન ! સબૂર કર !
> કહી દોડું, ભેટું, ચૂમું અગર –
> દિલબર બને બેબાકળી ! –

---

૧૦૧૦. એજન, પૃ. ૩૩૭

સાગર સનમની ગુફતેગો ;
હો મસ્ત દિલ ! બુઝુરગ થયો ;
બહેરો બન્યો ? તેં તેં કર્યો –
હસી અટકચાળી સાંભળી ! [1011]

સંવાદાત્મક અભિવ્યક્તિનું બીજું એક દૃષ્ટાંત યુસૂફ ઝુલેખામાંથી જુઓ :

ન વેઠાતું – યુસૂફ પ્યારા !
ઝુલેખા ! બાપુ ! રોના – ના !
અસત સૌ ખેલ માટીના – ન ધરીએ મોહ – ના મરીએ.

... ... ...

દુલ્હારી ! ધન્ય હો યારી !
સુવાડયો છાતી પર તારી !
ચૂમું બસ દમ બદમ પ્યારી ! રમુને ગાઉં – 'ગૂઢમોનિંગ' ! [1012]

'ગૂઢમોનિંગ'ની આ પંકિતઓમાં સ્થૂલ શૃંગાર દ્વારા સનમ સાથેના આત્મૈકયનું નિરૂપણ થયું છે. સ્થૂલ શૃંગારની પરિભાષા પ્રયોજી હોવાથી ઇશ્કેમજાઝીનો અર્થ ઘટાવવાનો પ્રયત્ન કરવામાં આવે નહીં એ દૃષ્ટિ 'સાગરે' જાણે ધ્યાનમાં રાખી ન હોય એવું ઇશ્કે હકીકીની સૂક્ષ્મ ભાવનાનું જ અર્થઘટન સાગરને અભિપ્રેત છે એ દર્શાવતું 'અબાજી' ગઝલનું દૃષ્ટાંત જોઇએ. સનમ સાથે આશકની દેહભાવરહિત એકતાનો સૂચક 'શબ્દ અલિંગીલીલા' દ્વારા 'સાગર' 'આદ્યશકિત' સાથેની આત્મૈકયની આત્માનુભૂતિની અભિવ્યકિત આ પ્રમાણે કરે છે:

---

૧૦૧૧. એજન, પૃ. ૩૩૩–૩૩૪
૧૦૧૨. એજન, પૃ. ૩૮૪, ૩૬૧

હું મહારાજ ! તું મહારાણી !
અલિંગી લીલા રહ્યાં માણી –
અહા ! વાણી શી નિર્વાણી – સદાશિવ હું – તું અંબાજી ![૧૦૧૩]

'સાગર'ની વાણી પાછળ આત્માનુભૂતિનું બળ રહેલું હોવાને કારણે જ આ ભાવની અભિવ્યક્તિ કરી શક્યા છે – આવી નૈતિક હિંમત એમના કોઇ પુરોગામીએ કરી નથી – 'સાગરે' દાસ્યભક્તિ દ્વારા ઇષ્ટ દર્શનનો ભાવ પણ દિલજાનને છાને ગઝલ દ્વારા રજૂ કર્યો છે :

અસલ લગાવું છાકું –
છૂપાઇ જોઉં મુખડું –
અહા ! વદન ઉઘાડું – શી જ્યોત ઝળહળી છે ![૧૦૧૪]

સનમ સાથેના ઐક્યનું સ્થૂલ શૃંગારની પરિભાષા દ્વારા રજૂ કરેલું એક દૃષ્ટાંત અધર પ્યાલે અડાડીને ગઝલમાંથી જોઇએ :

સલૂણાં હાંસી જવા દો,
સનમ ગોદે લપાવા દો,
દિલે દિલ બસ દબાવા દો – સબૂરી ના રહે મારી.[૧૦૧૫]

જીવાત્માની પરમાત્મા સાથેની એકતાનું ભાવમય દશાનું શૃંગારપૂર્ણ આલેખન કરતી જળી ગઇ હાં ! જહાં આખી ગઝલની નીચેની પંક્તિઓ દ્વારા સાગરે હું જગત અને જગતના વ્યવહારો સાથેનો પોતાનો સંબંધ જણાવી દીધા પછીનો બાકીનો અહેવાલ – સનમ સાથેની એકતાની મસ્તદશાનું નિરૂપણ કર્યું છે :

---

૧૦૧૩. એજન, પૃ. ૩૭૧
૧૦૧૪. એજન, પૃ. ૩૬૭
૧૦૧૫. એજન, પૃ. ૩૬૯

અહા ! લવલીન બનાવીને, ઘુમાવી દિલ દબાવીને –
મને, હાં ! હાં ! થકાવીને, દુલારી ! તું ય ગઇ થાકી ! ૧૦૧૬

આશક જિગર પોતાની સનમ સાથેનું ઐક્ય પ્રાપ્ત કરતાં સમસ્ત વિશ્વમાં પોતાની થયેલી વ્યાપ્તિનો અનુભવ કરે છે. પરિણામે આશક ને પોતાના વિરાટરૂપનું દર્શન થાય છે. શૃંગારની પરિભાષામાં અદ્દવૈતાનુભવ પ્રાપ્ત થયાં પછીની સાગર ની ભાવદશાનું આલેખન કરતી રોશની નું એક દ્દષ્ટાંત જુઓ :

જોતાં પરસ્પરને અસલ – અખિયાં લળે ગેબી ગઝલ !
ગૂથ્યાં, જી હાં ! બસ દિલ બ દિલ ! બ્રહ્માંડ આવ્યું બાથમાં ! ૧૦૧૭

સ્થૂલ – સૂક્ષ્મ ઉભય પ્રકારે શૃંગારની પરિભાષા ધ્વારા 'સાગરે' સનમ સાથેની એકતા – આનંદ મસ્તીની લાક્ષણિક અભિવ્યક્તિનું દર્શન લાક્ષણિક રીતે કર્યું છે :

:૧: 'અટકચાળી માશૂક' :૨: 'હાં ! જી ! હાં !'
:૩: 'ગૂઢમો નિંગ' :૪: 'ચૂપાચૂપ' :૫: 'અબાજી' :૬: 'સનમને ઇજન'
:૭: 'અધર પ્યાલે અડાડીને' :૮: 'સૂતો છું કેફમાં પીને'
:૯: 'ડિયર ! ઓ, યસ ! કમોન' :૧૦: 'હેઠીલી માશૂક'
:૧૧: 'જાળી ગઇ હાં ! જહાં આખી ! –' ગઝલો ધ્વારા કર્યું છે.

અશારીર પ્રેમ – પ્રેમયોગની સૂક્ષ્મભાવના સમજાવતી હઠીલી-માશૂક ગઝલ ધ્વારા સાગરે શૃંગારની પરિભાષા ધ્વારા સમજાવી છે. જુઓ :

---

૧૦૧૬. એજન, પૃ. ૪૧૪
૧૦૧૭. એજન, પૃ. ૪૨૦

સનમ ! તે દિન હિમાચલમાં –
ગુલાબી ચીર ગૂથાયાં –
બદન બદને જ ગૂથાયાં – પરસ્પર શાં થયાં પાવન ! [૧૦૧૮]

પ્રેમલક્ષણા ભકિતનો સખીભાવ ભકત મૂની સૌભાગ્યવન્તીની ગઝલમાં પણ શૃંગારની પરિભાષા ધ્વારા શ્રીકૃષ્ણ પ્રત્યેના અનન્ય પ્રેમ – મિલનનાં આનંદમાં જ નિરૂપણ કર્યું છે :

રમુ મસ્ત શી ! અમૂઝાઉ ના –
રસરેલથી હું ધરાઉં ના –
રતિ પ્રીતિમાં શરમાઉં ના ! ઉઘડી ગયો ઉર આગળો ! [૧૦૧૯]

સાગરે રૂપક કે દષ્ટાંત શૈલી ધ્વારા સનમ સાથેના મિલનનો આનંદ વ્યકત કર્યો છે. પોતાની આત્માનુભૂતિ રૂપકાત્મક શૈલી ધ્વારા વ્યકત કરી છે. સૂફીવાદની પરિભાષામાં જીવાત્માનું પરમાત્મા સાથેનું ઐકય સાધતાં આ અદ્વૈતાનુભવ પ્રાપ્ત થતાં પ્રેમને પ્રજ્ઞાનરૂપી સૂર્ય – આફતાબનું તેજ પ્રગટયું. [૧૦૨૦]

લપાયાં પરસ્પર તન બદન ! પાળ્યું વચન થઇ મન ગમન !
ચપાય દિલબર ખુશબદન ! આફતાબ દિલ પર ઝળહળયો ! [૧૦૨૧]

દેહના બાહય આવરણ અદશ્ય થતાં, સ્થૂલ અર્થમાં પ્રયોજાતાં નગન શબ્દનો રૂપકાત્મક શૈલી માટે સાગરે કરેલો સમુચિત પ્રયોગ અજાતવાદની વાસનાક્ષય – મનોનાશની ભાવના સમજાવવા માટે સાગરે દેહના સૂક્ષ્મ આવરણ – દૈહિક વાસનાઓના ક્ષય માટે સૂક્ષ્મ અર્થમાં પ્રયોજયો છે. જુઓ :

---

૧૦૧૮. એજન, પૃ. ૪૦૦ : ૧૦૧૯. એજન, પૃ. ૪૪૫
૧૦૨૦. એજન, શબ્દકોષ, પૃ. ૪૮૨
૧૦૨૧. એજન, પૃ. ૪૩૮

અલી ! ઓ છકેલી ! ક્યોં નગન !
નહીં નામ કહ્યું, ન કહ્યું વતન !
ગાયન કરે હસતાં નયન,
અણનામીનું ઘર આંખડી ![૧૦૨૨]

સાગરે સ્થૂલ શૃંગારની પરિભાષા દ્વારા પણ સૂફીવાદ – અદ્વૈતવાદની સૂક્ષ્મ ભાવનાની જ અભિવ્યક્તિ કરી છે. સૂફીવાદી મસ્તીરાગની ગઝલોમાં સૂફી ફકીર સાગરે પોતાની સનમ સાથેની અદ્વૈતાનુભૂતિની ભાવદશાનું જ લાક્ષણિક નિરૂપણ કર્યું છે.

આ લાક્ષણિક અર્થનું પ્રતિપાદન કરતી તોફાન ગઝલમાં સનમ ની કૃપા પ્રાપ્ત કરતાં આશક સાગર ની દૈહિક વાસનાઓનો ક્ષય થાય છે.

આશક – જીવાત્માની વાસનાઓનો ક્ષય થતાં જીવાત્માને તેના મૂળસ્વરૂપ પરબ્રહ્મ સ્વરૂપની અનુભૂતિ થાય છે. સૂફી 'સાગર'ની આત્મતૃપ્તિના ઉદગારો સૂફીવાદની ભાવનાને રજૂ કરતી લાક્ષણિક ગઝલ "ડિયર ! ઓ્યસ કમોન"માં પ્રેમમાર્ગનો સાધક હૃદય રાખે છે એટલે સૂફીઓના 'શરાબી ધરમ'– પ્રેમમાર્ગે પ્રયાણ કરતાં પહેલા હૃદયની વિશુધ્ધિ કરવાની આવશ્યકતા પર ખૂબ ભાર મૂકાયો છે. વાસનાઓનું સ્થાન હૃદય હોઇ તેનો નાશ કર્યા વિના – મોહમાયાનો પ્રદેશ ઓળંગ્યા વિના – આશક આત્મસાધનાના માર્ગે આગળ વધી શકતો નથી. એટલે 'સાગર' પોતાની સનમ ને વિનંતી કરતાં કહે છે કે મારા હૃદયની વાસનાઓનો ક્ષય કર અથવા મને તારામાં જ શમાવી લે. શરીરનો સ્થૂલ દેહ તજીને પણ 'સાગર' સનમ સાથે ઐક્ય

---

૧૦૨૨. એજન, પૃ. ૩૬૬

માગે છે. પરમાત્મા – સનમ સાથેના તાદાત્મ્યની ભવ્યતા વ્યક્ત કરવા માટે સનમ ના સ્થૂલ સૌન્દર્યના અર્થવિકાસ ધ્વારા રૂપકાત્મક શૈલીમાં સનમ નું : સત ચિત, અને પરમ આનંદ સ્વરૂપ : – આંતરિક સૌન્દર્ય – કિલ્મિષ–વાસનારૂપી ડાઘથી રહિત પરમ સૌન્દર્ય પોતાને પ્રાપ્ત થાય એવી અભિલાષા હું યે બસ થાઉં ખૂબસૂરત ધ્વારા વ્યકત કરે છે. જુઓ :

સનમ ! આમીન ! ખતમ કરી લે –
હવે તું જ મસ્ત સાગરને –
સરાસર યા સમાવી લે –
હું યે બસ થાઉં ખૂબસૂરત ![૧૦૨૩]

સાગરે રૂપક શૈલી ધ્વારા સનમ સાથેની એકતાની અભિવ્યકિત ચિદઘન ગઝલમાં આ પ્રમાણે કરી છે :

અનન્ય પ્રેમ – પ્રેમયોગ સર્વોપરિ સ્નેહ ધ્વારા આશક માશૂકનું પ્રેમૈકય સધાય છે. સનમ સાથેની આ અદ્વૈતાનુભૂતિ સચરાચરમાં વ્યાપ્ત પરમાત્માનું – સનમ નું સાગર વ્યકિતમાત્રમાં દર્શન કરે છે. પોતાની સનમના આ દર્શનનું અદ્ભુત ચિત્ર રજૂ થયું છે. વિશ્વની પ્રત્યેક વ્યકિતમાં સનમના અસ્તિત્વનો પોતાને થયેલો (existance ---નો) અનુભવ રૂપકાત્મક શૈલી ધ્વારા વ્યકત કરતાં સાગર કહે છે કે :

ઇશ્કની ચાદર – પ્રેમયોગ, નેનમાં બિસ્તર – પ્રત્યેક જીવાત્મામાં સનમ નું અસ્તિત્વ એ આ પકિતઓમાં અભિવ્યકત થયેલી સૂક્ષ્મ ભાવનાનો અર્થ રૂપક સમજાતાં સ્પષ્ટ થશે :

---

૧૦૨૩. એજન, પૃ. ૩૯૯

બન્યું હરનેનમાં બિસ્તર –
બિછાવી ઇશ્કની ચાદર –
હું છું દિલદારને દિલબર – અમર હો રાજ સેજલડી.[૧૦૨૪]

સાગર ના આત્માનુભવની અભિવ્યક્તિમાં કલ્પનાની ચમત્કૃતિ ખાસ ધ્યાન ખેંચે છે. સાગરે પોતાની અનુભૂતિ વ્યકત કરવા માટે રૂપકાત્મક કે દૃષ્ટાંત શૈલી ઉપરાંત કલ્પનાશક્તિ ધ્વારા મનોહર શબ્દચિત્રો ઉપજાવી ચમત્કૃતિ સાધી છે. સનમના પરમ ચૈતન્યના ભવ્ય વિરાટ સ્વરૂપના પરમ સૌન્દર્યનું કવિના માનસચક્ષુએ કરાવેલું દર્શન પધરામણી ગઝલમાં આ પ્રમાણે નિરૂપાયું છે :

પાયજામો પૃથ્વીનો આસમાની ચૂદડિયાં !
ચાંદને આફતાબ, હાં ! છતિયાં સુહાવે છે ![૧૦૨૫]

પોતાની સૂક્ષ્મ ભાવદશાઓની અભિવ્યક્તિ માટે સાગરે ઔચિત્યપૂર્વક ભાવપ્રતીકો (Symbols) પ્રયોજયાં છે.

શ્રી ઉમાશંકર જોશીએ કવિની સાધના માં અભિવ્યક્તિ માટે ભાવપ્રતીકની અનિવાર્યતા આ પ્રમાણે દર્શાવી છે.

લાગણીઓ, સંવેદનો, વૃત્તિઓ (Sensation) તો દરેક ચિત્તમાં ઉઠતાં હોય છે. પણ જયારે તેઓ કોઇ આકૃતિરૂપે આવિર્ભાવ પામે ત્યારે આપણને અભિવ્યક્તિ અથવા કળા મળે છે. કોચે કળાને અંતર્જ્ઞાન – સહજજ્ઞાનની અભિવ્યક્તિ (Intutional Expression) તરીકે ઓળખાવે છે. જ્ઞાનના બે પ્રકાર છે. તે કાં તો સહજોપલબ્ધિરૂપ (Intutive) જ્ઞાન હોય અથવા બુધ્ધિ ધ્વારા મેળવેલું હોય,

---

૧૦૨૪. એજન, પૃ. ૩૬૪
૧૦૨૫. એજન, પૃ. ૪૧૩

વિશેષનું જ્ઞાન હોય અથવા સામાન્યનું હોય. હકીકતમાં તે કાં તો ભાવપ્રતીકો (Images) નિપજાવનારું અથવા ખ્યાલો (concepts) નિપજાવનારું હોય. સ્વયંસ્ફુરણા – અંતર્જ્ઞાન – સહજજ્ઞાન (Intuition) એ કલ્પનાની મદદથી ભાવપ્રતીકો ધ્વારા વિશેષ સૃષ્ટિ નિપજાવે છે અને એની આ જાતની અભિવ્યક્તિ એ જ કળા. ... ... ... કવિચિત્તમાં સંચિત સંવેદનોમાંથી સ્વયં સ્ફૂરણાત્મક સહજજ્ઞાન ભાવપ્રતીકો ધ્વારા અભિવ્યક્તિ રૂપે પ્રગટતું હોઇ ભાવપ્રતીકો કવિની સાધનામાં ઘણું મહત્વ ધારણ કરે છે. ઉચિત ભાવપ્રતીકો સૂઝવાં – ન સૂઝવાં એની ઉપર કાવ્યકળાની સફળતા – નિષ્ફળતાનો આધાર છે.[૧૦૨૬]

"શૈલી અને સ્વરૂપ"માં પણ એમણે સચોટ અભિવ્યક્તિ માટે ભાવપ્રતીકોની મહત્તા દર્શાવી છે. પ્રત્યેક લલિતકળા પોતાનું કામ પ્રતીકોની મદદથી કાઢી લે છે. અભિવ્યક્તિ પામવાને માટે કળાકાર ભાવપ્રતીકોનો ઉપયોગ કરે છે.[૧૦૨૭]

કલ્પનાની મદદથી ભાવપ્રતીકો ધ્વારા કવિ સાગરે પોતાની ગઝલોને અર્પેલા કલાદેહનાં કેટલાંક દૃષ્ટાંતો જોઇએ :

કોહી ધરાખ અને કાતિલ આંખ ના ભાવપ્રતીકો ધ્વારા કલ્પનાની ચમત્કૃતિ સાધીને કરેલી સચોટ અભિવ્યક્તિનું એક દૃષ્ટાંત હાં ! હાં ! કર્યો ભરપૂર નશો ! ગઝલમાંથી જોઇએ :

> હાં ! કોઇ કોહી ધરાખમાં,
> કાતિલ અગર તું જ આંખમાં,
> પરીઝાદી ! યા તું જ પાંખમાં –
> ગૂપચૂપ લપાઇ જઇશ હું ![૧૦૨૮]

---

૧૦૨૬. કવિની સાધના – ઉમાશંકર જોષી, પૃ. ૨૩
૧૦૨૭. શૈલી અને સ્વરૂપ – ઉમાશંકર જોષી, પૃ. ૨૨૬
૧૦૨૮. દીવાને સાગર, દફતર ૧, પૃ. ૩૪૧

કોહી ધરાખને પરમાત્માના – સનમના પરમસૌન્દર્ય – અમૃત દશા માટે તેના લાક્ષણિક અર્થમાં – સનમની કાતિલ આંખ – આશક પર કૃપાદષ્ટિયુક્ત દુનિયાના અનેક પ્રકારના પ્રલોભનો જુલમમાં યે આશકને કૃપા હોવાને કારણે રક્ષનારી – દુશ્મનોનો નાશ કરનારી – કાતિલ – પ્રયોજયાં છે. પાંખ શબ્દ શરણના અર્થમાં પ્રયોજ્યો છે.

સૂફી પરંપરાગત પ્રતીકોનો પણ અભિવ્યક્તિ માટે સાગરે ઉપયોગ કર્યો છે. ઇશ્કે હકીકીનું મહત્વ સમજાવતાં સનમ ને ઇજન ગઝલ ધ્વારા ઇશ્કેમજાઝીનો સાગરે સ્પષ્ટ ઇન્કાર કર્યો છે. સાંસારિક સ્થૂલ સૌન્દર્યના પ્રતીક ગુલ અને પ્યાલી નો – ઇશ્કેમજાઝીનો ઇન્કાર કરીને સાગર પોતાની સનમને આજીજી કરતાં કહે છે : જગતના સ્થૂલ સૌન્દર્યનો જગતના બાહ્ય સંબંધનો ત્યાગ કરીને આવેલા તારા આશકનો સ્વીકાર કરવાનો તું ઇન્કાર નહીં કરી શકે. જુઓ :

જૂઠાં ગુલને જૂઠી પ્યાલી –
ગરૂરી શી ધરી ખાલી !
લબે લબ ચુમ્બતાં, વ્હાલી ! તમે ખુશ્બો વહાવોજી ![૧૦૨૯]

તોફાન ગઝલની નીચેની પંક્તિઓમાં પણ વિશ્વના અણુએ અણુમાં પ્રત્યેક અંગમાં સૂફી સાગર નો પોતાની સનમ પરમાત્માના થતાં અદભુત દર્શનની અભિવ્યક્તિ માટે ઉચિત પ્રતીક (Symbol) પ્રયોજ્યું છે – પરમાત્માની સર્વવ્યાપકતાની પોતાની આત્માનુભૂતિની અભિવ્યક્તિ માટે સાગરે વિશ્વના પ્રત્યેક અંગને આયનાનું પ્રતીક આપ્યું છે અને સૂફી સાગર ને પોતાની સનમ નું થતું દર્શન જુઓ :

---

૧૦૨૯. ઐજન, પૃ. ૩૯૩

તારે ઝનાઝે શા જડયા –
હરતૈફ જદૂઈ આયના !
તું પણ બીજું જોવાય ના !
અય નાઝની ! ખૂબી શી ઘડી ?[1030]

અખાની માફક કર્મકાંડના વિધિનિષેધની પરંપરા પ્રાપ્ત જડ રૂઢિ બાહ્ય આચારની વિધિમાં જ માનતા દંભી સાકૂટો પ્રત્યે તિરસ્કાર દર્શાવતાં પોતાના મયખાનામાં – પ્રેમયોગીઓની મિજલસમાં અધિકાર વગરના આવા જડ બાહ્યાચારીઓ ધૂસી જાય નહિ એવી ચેતવણી આપી છે. આ પંક્તિઓમાં ભાવની સાગરે (૧) 'મયખાનું'– અનન્ય પ્રેમમાર્ગના ઉપાસકોની મિજલસ – (૨) કર્મકાંડની બાહ્યવિધિ માટે આવશ્યક સાધન –'તરભાણા' દ્વારા – જડ બાહ્યાચારીઓ (૩) 'સીસાનું જલદ જલ'– અનન્ય પ્રેમયોગ – પ્રતીકો પ્રયોજયાં છે.

અગર સંભાળ મયખાનું,
ન પેસી જાય તરભાણું,
જલદ જલ છાંટ સીસાનું ! કરમ નાના ધૂસે અન્દર ![1031]

'ડિયર ઓ યસ કમોન' ગઝલની નીચેની પંક્તિઓમાં પણ સાગરે ચાદર જિવાત્માની સૂક્ષ્મવાસનાઓના ક્ષય માટે ચાદર ચીરી નાખવાનું પ્રતીક પ્રયોજ્યું છે :

હતું તે સૌ કર્યું હાઝર,
દિલે ખુલ્લો ફરે સાગર !
અગર, આ શું ખૂંચે ચાદર ! ચીરી દઉં તે ચ ચડ ચડ ચડ.[1032]

---

૧૦૩૦. એજન, પૃ. ૩૬૬
૧૦૩૧. એજન, પૃ. ૩૯૫
૧૦૩૨. એજન, પૃ. ૩૯૯

અજાતવાદના સિધ્ધાંતનું નિરૂપણ કરતાં સાગર તુરત જવાબ ગઝલમાં પોતાના માટે સ્પષ્ટ જ કહે છે કે : પોતાનું મૃત્યુ થાય તે પહેલાં પોતાની વાસનાઓનો ક્ષય કરશે – મન – અમન કરશે અને વાસનાઓનું મૃત્યુ થતાં મૃત્યુ પર પોતે વિજય પ્રાપ્ત કરશે. તે પછીની પંક્તિઓમાં આ મૃત્યુ પરના વિજયનો આનંદ સુભગ ભાવપ્રતીક (Image) ધ્વારા કવિએ અભિવ્યકત કર્યો છે. જુઓ :

હસવું જનાઝા પર ચડી,
છે ચાવી સાગરને જડી,
તકદીર ઘડી લે અબઘડી,
હસવું જનાઝા પર ચડી –
હાં ! મોત આવે તે અવલ. [૧૦૩૩]

પોતાના મનની દશા નિર્વાસન – નિર્વિકાર બની હોઇ દુનિયા સાથેના સંબંધોથી પોતે બિલકુલ બે પરવા બનેલા છે. મન – અમન થતાં પોતાને માટે જગતનું અસ્તિત્વ જ રહેતું નથી. જગતનું દર્શન પરબ્રહ્મરૂપે જ અનુભવાય છે. આ અદ્વૈતાનુભવની દશામાં સાગર કહે છે કે દ્વૈતભાવનો લય થતાં જગતનું જગતરૂપે થતું દર્શન પણ લય પામે છે. નિર્વાસન મનના ઔચિત્યપૂર્ણ પ્રતીક 'સિલકમાં શૂન્ય ધ્વારા' પ્રગટતું અર્થગાંભીર્ય જુઓ :

સિલકમાં શૂન્ય છે બસ જ્યાં તહાં શી ખોટ પડવાની ?
અગર નથી દ્વૈત જો દિલમાં પછી દુનિયા શી નડવાની ? [૧૦૩૪]

... ... ...

---

૧૦૩૩. એજન, પૃ. ૩૪૨
૧૦૩૪. એજન, પૃ. ૩૭૬

દરપર ખડી ગિર્દી પૂછે, મયખાનું ખૂલશે કે નહીં ?[૧૦૩૫]

આ પંક્તિઓમાં પણ કવિએ પ્રયોજેલા શબ્દ મયખાનું : પ્રેમરૂપી મધ-પ્રાપ્તિનું સ્થાન : ના પ્રણાલિકાગત પ્રતીક ધ્વારા કવિ અર્થગાંભીર્ય સાધી શકયાં છે.

અજાતવાદનો મનોનાશનો સિધ્ધાંત ઉચિત ભાવપ્રતીક ધ્વારા સાગરે અભિવ્યક્ત કર્યો છે. મન - અમન થતાં જીવાત્માને થતો જગતનો વ્યાવહારિક અનુભવ પણ લય પામે છે. અને જગતનું મૂળ-પરબ્રહ્મરૂપે જ દર્શન થાય છે. આમ થતાં, જગતનું અસ્તિત્વ જ રહેતું નથી. આ સૂક્ષ્મભાવની અભિવ્યક્તિ કવિએ આ રીતે કરી છે. જુઓ :

જળી ગઇ હાં જહાં આખી ! ચિલમ ભર ઔર સુલ્ફાકી !
અગર અહવાલ કહું બાકી ! દિલાવર યાર ! અય સાબી ![૧૦૩૬]

સાગર અજાતવાદી હોઇ જગતના બાહ્યત્યાગનો સિધ્ધાંત સ્વીકારતાં નથી. "સાગર ની પત્રરેષા"માં સ્વામી અદ્વૈતાનંદજીને લખેલા પત્રોમાં જગતના બાહ્યત્યાગનો ઇન્કાર કરવા માટે પોતાની દલીલો સાગરે વિગતે સમજાવી છે.

સાગર માને છે કે જગતનો વ્યાવહારિક અનુભવ મનની બાહ્યવૃત્તિઓએ કરીને થતો હોવાથી મનની આ વૃત્તિઓનો લય થતાં - અંતર્મુખ થતાં - મન અમન થતાં જગત જગત રહેતું નથી, એટલે જગતના બાહ્યત્યાગની કશી આવશ્યકતા નથી. પોતાને જગતનો બાહ્યત્યાગ કરવાની - સંન્યાસ લેવાની આવશ્યકતા લાગી નથી એ ભાવ કટાક્ષ

---

૧૦૩૫. એજન
૧૦૩૬. એજન, પૃ. ૪૧૪

યુકત બાની ધ્વારા વ્યકત કર્યો છે. હિન્દના નવજવાનો પોતાની પાસે સિલકમાં ગેરુનો રંગ રાખતા નથી. સંન્યાસનો સંબંધ ભગવાં વસ્ત્રો સાથે હોઇ ઉચિત રીતે ભાવપ્રતીક ધ્વારા અભિવ્યકત કર્યો છે :

સાગર ! સિરફ સાગર રહયાં ?
પુરી, તીર્થ, ગિરિ, કાં ના બન્યાં ?
આ નવજવાનો હિન્દના ગેરુ સિલક રાખે નહીં ![૧૦૩૭]

સાગર ની ગઝલોનું બીજું લાક્ષણિક અંગ છે – શબ્દલાલિત્ય વર્ણ પુનરાવર્તન, શબ્દાનુપ્રાસ અને અન્ત્યાનુપ્રાસ ધ્વારા શબ્દ ચમત્કૃતિ સાધવાની કુશળતા અભિવ્યકિતમાં ઉપકારક બને છે. અન્ત્યાનુપ્રાસ ધ્વારા શબ્દલાલિત્ય સાધવામાં કવિ એક્કા છે. ચૂપાચૂપ ગઝલનું એક દષ્ટાંત જોઇએ :

ઠરી છે આંખડી મારી – પ્રિયાના પ્રેમીનૈનન પર –
છબિ મારી, અહો ! મારી – દુલારી ! તારી અખિયન પર.[૧૦૩૮]

ત્રેવડો પ્રાસ મેળવી રચનાબંધ પરત્વે નવી શૈલી ધ્વારા પણ શબ્દલાલિત્ય આણવાની સાગર ની રીતિ પુરોગામી ગઝલકારોમાં નથી. શબ્દ-લાલિત્ય ધ્વારા સાગર સંગીતક્ષમતા પણ સાધી શકે છે. સાગર ની ગઝલોની આ લાક્ષણિકતાનું ડિયર ! ઓ ચસ – કમોન ! માંથી દર્શન કરીએ :

મળયાં જુગ જુગ ભમી આખર –
બિછાણું એકઠું બિસ્તર !
છતાં યે ક્રૂર શું દિલબર ! જલાવે આગ ભઠ ભઠ ભઠ ![૧૦૩૯]

---

૧૦૩૭. એજન, પૃ. ૪૪૮
૧૦૩૮. એજન, પૃ. ૩૬૫
૧૦૩૯. એજન, પૃ. ૩૯૯

ભાવની સચોટ અભિવ્યક્તિ માટે શબ્દની ઔચિત્યપૂર્વક કરેલી આયોજના પણ ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ :

હલે ! તુ તો અમરવેલી !
અધરરસ પાય બસ ઘેલી !
અહો ! આનન્દ સુખ કેલિ ! – છબિલી તારી
છતિયન પર ![1040]

ડિયર ! ઓ યસ કમોન ! ગઝલ સંગીતક્ષમતા દ્વારા સચોટ અભિવ્યક્તિનું ઉત્તમ દૃષ્ટાંત બની રહે છે.

શૃંગારની પરિભાષા દ્વારા સનમ સાથેની પોતાની એકતાની સચોટ અભિવ્યક્તિ અને સંગીતક્ષમતા સાગર ની ગઝલોની લાક્ષણિકતા છે. જુઓ :

હતું તે સૌ કર્યું હાઝર –
દિલે ખુલ્લો ફરે સાગર !
અગર, શું આ ખૂચે ચાદર ? ચીરી દઉં તે ય ચડ ! ચડ ! ચડ ![1041]

આ જ ગઝલમાંથી સંગીતક્ષમ રચનાનું બીજું એક દૃષ્ટાંત :

સનમ આ બે કદરદાની –
જશે જો આશકો જાણી –
ન કરશે કોઇ દિલજાની – તને કહેશે ન ફટ ! ફટ ! ફટ ![1042]

ઉપમા, રૂપક કે દૃષ્ટાંત શૈલી દ્વારા સિધ્ધાન્તનું સચોટ નિરૂપણ કલાદેહ આપવામાં ઉપકારક થાય છે. સ્નેહનોમાર્ગ આત્મ-સમર્પણનો માર્ગ છે. અધિકાર વિના આ માર્ગમાં આગળ વધી શકાતું

---

૧૦૪૦. એજન, પૃ. ૩૬૫
૧૦૪૧. એજન
૧૦૪૨. એજન, પૃ. ૩૬૬

નથી. સનમ વિના સૂફી આશકનું દિલ અન્ય કોઇ પિછાની શકતું નથી. સૂફીવાદના આ સિધ્ધાન્ત નિરૂપણ માટે દષ્ટાંતશૈલીનો સાગરે ઔચિત્યપૂર્વક કરેલો ઉપયોગ ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ :

પ્રલાયો પ્રેમીના દિલના – સનમ જાણે – ધણી જાણે ;
તું હિ તું હિ નાદ ઘાયલના – ઘવાયાં હોય તે જાણે.

મીરાંના પ્રેમ આંસુને –
કઠિન રાણાજી શું જાણે ?

બનેલું ઘેલું એ જાણે – ખરું શ્રી કૃષ્ણજી જાણે.[૧૦૪૩]

દષ્ટાંત ધ્વારા સિધ્ધાન્તનું નિરૂપણ કરવાની સાગર ની શૈલી માર્મિક, વેધક અને ઔચિત્યપૂર્ણ બની રહે છે તેનો બીજો નમૂનો જોઇએ :

સિલકમાં શૂન્ય છે બસ જયાં, તહાં શી ખોટ પડવાની ?
અગર નથી દ્વૈત જો દિલમાં – પછી દુનિયા શી નડવાની ?[૧૦૪૪]

કલ્પનાશક્તિ ધ્વારા સચોટ અભિવ્યક્તિએ સાગર ની ગઝલોનું વિશિષ્ટ લક્ષણ છે. અટકચાળી માશૂક ગઝલમાં સાગરે વિરાટ ચૈતન્ય સ્વરૂપ સાથેની પોતાની એકતાનો સ્વાનુભવ વ્યકત કર્યો છે. ગીતાના વિશ્વરૂપદર્શન જેવું કવિનું દર્શન – વ્યક્તિની વિરાટમયતાની ભવ્ય કલ્પનાનું દર્શન કરીએ :

સામે જ આ જોગી ખડો –
સરતાઝ ધરી અસમાનનો –
પાતાલ પેર નચાવતો –
લવ તો અનલહક્ક હું વળી ![૧૦૪૫]

---

૧૦૪૩. એજન, પૃ. ૩૮૭
૧૦૪૪. એજન, પૃ. ૩૭૬
૧૦૪૫. એજન, પૃ. ૩૩૩

પરમતત્ત્વની માફક પોતે પણ વિશ્વના અણુએ અણુમાં પોતાની વ્યાપ્તિ અનુભવે છે. આત્માનુભવ સભર ભવ્ય કલ્પના ધ્વારા આ સૂક્ષ્મભાવને રજૂ કરતું મનોરમ ચિત્ર નીચેની પંક્તિઓમાં છે :

અગર મારી કબર ઉપર –
ન કોઇ મારશો ઠોકર –
ઇજા ના હક્ક થશે પગ પર – હું પથ્થરમાં છૂપેલો છું ![૧૦૪૬]

પરમ ચૈતન્ય સાથે જીવાત્માની એકરૂપતાનું અનુભવ ગાન રજૂ કરતી 'અટકચાળી' માશૂક ગઝલમાં શરાબી મહેફિલની ભવ્યકલ્પના અભિવ્યક્તિ થઇ છે. જુઓ :

ચાંદા સૂરજ ! અહીં આવજો !
બ્રહ્માંડને ફરમાવજો –
નવી મહફિલે શામિલ થજો –
ભરજો શરાબી મંડળી ![૧૦૪૭]

અખાની માફક સાગરે પણ જડ કર્મકાંડની બાહ્ય વિધિઓની ઠેકડી ઉડાવી છે. 'સાગર' સ્નેહયોગી છે એટલે કર્મકાંડીઓના શુષ્ક બાહ્યાચાર પરનો તીવ્ર કટાક્ષ અને ભારોભાર તિરસ્કાર અને ઘૃણા ગુનેહગારી ગઝલની નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ જોઇ શકાય છે.

ધર્યું તન શરીઅતે હિન્દુ –
ટીલે ટપકે ન ચીતરવું –
જી ! હાં ! જી ! હાં ! ન ઉચ્ચરવું – મહા મોટી ગુનેહગારી ![૧૦૪૮]

---

૧૦૪૬. એજન, પૃ. ૪૦૩
૧૦૪૭. એજન, પૃ. ૩૩૩
૧૦૪૮. એજન, પૃ. ૩૯૨

આ જ ગઝલમાં પોતાની ગુનેહગારીનું વર્ણન કરતાં પણ કવિએ બાહ્યાડંબર પરત્વે સૂક્ષ્મ કટાક્ષ જ કર્યો છે. જુઓ :

અગર છે લોક બહુ ડાહ્યા –
બધાયે શુધ્ધ બામણિયા –
શરાબી તું જ, સાગરિયા ! જીવે છે એ ગુનેહગારી ! ૧૦૪૯

'સાગર'ની ગઝલોમાં કવચિત સૂક્ષ્મ વિનોદવૃત્તિનાં પણ દર્શન થાય છે. 'બોધ ગઝલમાં' પોતાની આત્મસાધનાનો માર્ગ સમજાવી પોતે પ્રાપ્ત કરેલી આત્મસ્થ દશાનું નિરૂપણ કરતાં લાક્ષણિક બાનીમાં જગત પ્રત્યેની પોતાની લાપરવાહીનું સાગરે દર્શન કરાવ્યું છે.

જહાં વેચી ! ખુદા વેચ્યા !
સનમના મહેલમાં પહોંચ્યા !
હવે, હાં ! હાં ! કહો, બચ્ચા ! હરાજીની કોની છે વારી ? ૧૦૫૦

સૂફી 'સાગર'ની ગઝલોમાં સનમ પ્રત્યેના અનન્ય પ્રેમમાંથી પ્રગટતી નિજાનંદની મસ્તી સાથે જગત પ્રત્યેની લાપરવાહીનું પણ દર્શન થાય છે. મસ્તરંગના કવિઓમાં 'સાગર'ની આ લાક્ષણિકતા છે. 'સાગર'ની મસ્તીનો સ્ત્રોત આત્માનુભવમાંથી સ્વાભાવિકરીતે પ્રગટતો હોઇ આહ્લાદક બની રહે છે. જગત પ્રત્યેની લાપરવાહી સચોટ અભિવ્યક્તિમાં બે દ્રષ્ટાંતો જુઓ :

ઇજ્જત મિલ્કત લગાવી લાત !
બન્યો બુરાઇમાં પ્રખ્યાત !
અગર હાં કોની છે તાકાત – કટોરી મારી પીવાને ?

... ... ...

---

૧૦૪૯. એજન
૧૦૫૦. એજન, પૃ. ૩૭૫

ન કરશો યાદ, ઓ દુનિયા !
હું જેવા લાખ સાગરિયા –
થયા બહુને થશે અહીંઆ – ગઝલ આવી જ ગાવાને ![૧૦૫૧]

સૂફી સાગરે સનમ સાથેની એકતાની અનુભૂતિની અભિવ્યકિત ભિન્ન ભિન્ન પ્રકારે કરી છે.

પ્રેમલક્ષણા ભકિત અને સૂફીભકિત પ્રમાણે પરમાત્મા – સનમ પ્રત્યેના પ્રેમની – નિજાનંદની અને સનમ સાથેની એકતાની અભિવ્યકિત માટે સ્થૂલ – સૂક્ષ્મ શૃંગારની પરિભાષા ધ્વારા સનમ સાથેની એકતાનું અનુભવગાન ગઝલો ધ્વારા ગાયું છે. સ્થૂલ શૃંગારની પરિભાષા ધ્વારા સાગર સનમ સાથેનું આત્મૈકય આ રીતે અભિવ્યકત કરે છે.

લાઝિમ અગર બસ નાચવું,
ભરપૂર પાવું – પીવાડવું,
તારે ઝનાને મહાલવું –
લૂંટવું જ જોબન ! હાં ! જી ! હાં ![૧૦૫૨]

ચૂપાચૂપ ગઝલમાં પણ નિજાનંદની મસ્તી – સનમ સાથેની એકતાના આનંદનું સ્થૂલ શૃંગારયુકત નિરૂપણ છે.

હલે ! તું તો અમરવેલી !
અધરરસ પાય બસ ઘેલી !
અહો ! આનન્દ સુખ કેલિ – છબિલી ! તારી છતિયન પર ![૧૦૫૩]

---

૧૦૫૧. એજન, પૃ. ૩૭૪
૧૦૫૨. એજન, પૃ. ૩૩૫
૧૦૫૩. એજન, પૃ. ૩૬૫

'દીવાને સાગર' દફતર ૧ની ગઝલોની તલસ્પર્શી સમીક્ષા પરથી જોઇ શકાય છે કે સનમ પરબ્રહ્મ સાથેના અદ્વૈતાનુભવની અભિવ્યકિત 'સાગર'ની ગઝલોનું લાક્ષણિક તત્ત્વ છે. આધ્યાત્મિક ઐકતા (Spiritual Unity) અંગેની 'સાગર'ની અનુભૂતિની અભિવ્યકિત એમની ગઝલોની લાક્ષણિકતા હોઇ, મસ્તરંગના કવિઓ – બાલ, મણિલાલ કે 'કલાપી' કરતાં 'સાગર'ની ગઝલો જુદી તરી આવે છે. અદ્વૈતાનુભવની મસ્તી ઇશ્કની ખુમારી – અનુભૂતિના ઉત્કટ બળને કારણે તેમ જ રૂપક, દષ્ટાંત, પ્રતીકો અને ભાવરૂપોના વિનિયોગ ધ્વારા ભિન્ન ભિન્ન પ્રકારની અભિવ્યકિતમાં સચોટતા, વેધકતા અને ગહનતા બાહ્યાડંબર પરત્વે કટાક્ષ, જગત પ્રત્યેની લાપરવાહી, સનમ સાથેની એકતાની ભાવદશાઓની શૃંગાર કે સૂફી પારિભાષા ધ્વારા લાક્ષણિક અભિવ્યકિત – આટલાં 'સાગર'ની ગઝલોનાં લાક્ષણિક તત્ત્વો હોઇ આ દષ્ટિએ 'સાગર'ની ગઝલો તેમના પુરોગામીઓ – બાલ – મણિલાલ અને 'કલાપી'ની સરખામણીમાં વિશિષ્ટ પ્રકારની છે.

ગુજરાતી ગઝલસાહિત્ય ઇતિહાસમાં બાલ, મણિલાલ અને 'કલાપી' પછી મસ્તરંગના કવિઓમાં 'સાગર'ની ગણના થાય છે. પરંતુ આજીવન ફકીરી ભેખ ધારણ કરીને રગે રગમાં સૂફીવાદની ભાવના અનુભવીને સૂફીઓની મસ્તી–રાગ પૂર્ણ અનુભૂતિને વ્યકત કરનારાઓમાં સૂફી ફકીર 'સાગર'નું સ્થાન પ્રથમ છે.

'દીવાને સાગર' દફતર ૧ની ગઝલોમાં અદ્વૈતાનુભવની મસ્તી વિવિધરૂપ ધારણ કરે છે. અદ્વૈતાનુભવની મસ્તી સૂફીઓનું વિશિષ્ટ

---

૧૦૫૪. 'ગઝલ લિખના બાલાશંકરને આરંભ કિયા થા ફિર 'કલાપી', મણિલાલ ઔર 'સાગર' ને ઉનકા સંસ્કરણ કિયા : 'ગુજરાતી સાહિત્યકા ઇતિહાસ', શ્રી જયકૃષ્ણ હ. દવે, પૃ. ૩૩૨

લક્ષણ છે. જગત પ્રત્યેની લાપરવાહી એ જ મસ્તી શ્રી ઉમાશંકર જોષી કહે છે તેમ : "મસ્તી એટલે જગતને વ્યવહારને સાપ કાંચળી ઉતારીને ફેંકી દે છે એમ ફેંકી દેવાની શકિત – મસ્તી વગર કવિતાની યોગ્ય ભૂમિકા જ સંભવતી નથી".[૧૦૫૫]

મસ્તરંગના સૂફી કવિઓમાં 'સાગર' ની લાક્ષણિક અભિવ્યકિત નોંધપાત્ર છે. શ્રી ઉમાશંકર જોષી કહે છે તેમ : "તત્કાલીન અને અનુગામી બધા ગઝલ કવિઓ – મણિલાલ, 'કલાપી', હરગોવિંદભાઇ, 'સાગર' બધા જ મસ્તકોટિના કવિઓ છે. તે ઉપરાંત તે તે કવિની બીજી આગવી વિશેષતા પણ ખીલેલી દેખાય છે ?[૧૦૫૬]

'સાગર' ની ત્રીજા તબક્કાની ગઝલોના અભ્યાસ દ્વારા સ્પષ્ટ દ્વારા પ્રતીત થાય છે કે સાગરે ગઝલો દ્વારા સૂફીવાદની ઇશ્કે હકીકીની ભાવના તેમ જ ભાવદશાઓનું નિરૂપણ કર્યું છે. પોતાની સનમ સાથેના મિલનનો આનંદ – એકતાનો સ્વાનુભવના નિરૂપણમાં ઇશ્કની ખુમારી અને સૂફી મસ્તીરાગનું દર્શન થાય છે. 'સાગર' ની અદ્વૈતાનુભવની મસ્તી લાક્ષણિક છે.

અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ફારસી અને ગુજરાતી ભાષાઓનાં વિચિત્ર છતાં મનોહારી મિશ્રણયુકત 'સાગર' ની ગઝલોની ભાષાશૈલી ઔચિત્યપૂર્ણ હોઇ અભિવ્યકિતમાં ઉપકારક નીવડી છે. સચોટતા, વેધકતા અને માર્મિકતા, ભાવને ઉચિત શબ્દ પદાવલી, વર્ણપુનરાવર્તન, વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ અને અન્ત્યાનુપ્રાસ દ્વારા શબ્દલાલિત્ય

---

૧૦૫૫. 'અર્ધી સદીનો દેશવટો' – કલાન્ત કવિ, પૃ.
૧૦૫૬. 'સમસંવેદન' – રુબાઇયાત અને બીજા કાવ્યોની પ્રસ્તાવના', પૃ. ૧૨૦
'અર્વાચીન કવિતા', 'સુન્દરમ', પૃ. ૧૯૮

અને શબ્દચમત્કૃતિ સાધવાનો ગુણ 'સાગર'ની ભાષાશૈલીની વિશેષતા છે.

ગઝલોના રચનાબંધ પરત્વે 'સાગર'નું મૌલિક પ્રદાન નોંધપાત્ર છે. હઝજ, રજઝ અને તવીલ છંદો પર 'સાગર'નું પ્રભુત્વ હોઇ મુખ્યત્વે આ છંદોમાં જ એમણે ગઝલો રચી છે. તેમ છતાં હઝજ, મુનદારિક, વાફિર, રજઝ અને તવીલ છંદોના નવા ઉપભેદોમાં પણ સાગરે રચના કરી છે. ગુજરાતી ગઝલના ઇતિહાસમાં છંદોવિધાન પરત્વે 'સાગર'નું આ મૌલિક પ્રદાન નોંધપાત્ર છે.

ગઝલોનો નાટયાત્મક કે પ્રશ્નાર્થક ઉપાડ, સંગીતક્ષમતા, નાટયાત્મકતા, ચિત્રાત્મકતા અને વેગ – 'સાગર'ની ગઝલોના કાવ્યદેહને ઘડવામાં ઉપકારક આનુષંગિક તત્ત્વો – સાગરની ગઝલોની લાક્ષણિકતા છે. 'સાગર'ની ગઝલોમાં ભિન્ન ભિન્ન પ્રકારે સચોટ રીતે થયેલી ભાવાભિવ્યકિત 'સાગર'ની ગઝલોને કલાદેહ અર્પે છે. કલ્પનાની ચમત્કૃતિ, ભાવપ્રતીકો (images) પ્રતીકો (Symbols) તેમ જ શૃંગારની સ્થૂલ સૂક્ષ્મ તેમ જ સૂફી કે પ્રેમલક્ષણા ભકિતની પરિભાષા ધ્વારા સચોટ રજૂઆત મસ્તકોટિના કવિ 'સાગર'ની કવિત્વશકિતનો યથાર્થ પરિચય કરાવે છે.

સૂફીવાદ અને અજાતવાદના સમન્વયકાર સાગરે પોતાનું જીવન સૂફી ફકીર તરીકે ગુજાર્યું હતું. 'સાગર'ની ગઝલોમાં પણ સૂફીવાદ અજાતવાદના એમણે સાધેલા સમન્વય પાછળ આત્માનુભૂતિનું બળ અનુસ્પૂત રહેલું પ્રત્યક્ષ થાય છે.

'સાગર'ની કવિતા અર્વાચીનયુગના મસ્તરંગના કવિઓ બાલાશંકર – મણિલાલ અને 'કલાપી' સાથે જ પોતાનું અનુસંધાન મેળવી લે છે. તે સાથે જૂની કવિતાની પ્રણાલિકાના પ્રવાહ સાથે પણ

પોતાની એકરૂપતા સાધી છે. 'સાગર'ની કવિતાનું આ વિશિષ્ટ લક્ષણ છે. સાહિત્યનિકષમાં અર્વાચીન કવિતામાં ધર્મભાવનાના લેખમાં જાણીતા વિવેચક શ્રી અનંતરાય રાવળે પણ જૂની કવિતાની પ્રણાલિકા ચાલુ રાખનાર કવિઓમાંના એક તરીકે સાગર ને ગણાવ્યા છે : "જૂની કવિતાની પ્રણાલિકાનો પ્રવાહ નવજીવન અને નવી કવિતાને ગાંઠ્યા વિના વર્તમાન સમયમાં પણ આ જ સુધી ચાલુ રહ્યો છે. દયારામ ગયા તો દેવાનંદ સ્વામીએ, છોટમે, અરજુને, ઋષિરાયે, નૃસિંહાચાર્યે અને એમના સત્પુત્રે, ત્રિભુવન પ્રેમશંકરે, કેશવ કૃતિવાળા કેશવરામ ભટ્ટે, સાગરે અને આજના ઉનાવાવાળા શંકર મહારાજ સુધીના અનેક ભજનિક કીર્તનકારોએ એને ચાલુ રાખ્યો છે". [૧૦૫૭]

"અર્વાચીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપોનો ઉદ્ભવ અને વિકાસ"માં ડો.'અનામી' પંડ્યાએ 'સાગર'નું ગઝલકાર તરીકે મૂલ્યાંકન કરતાં યથાર્થ જ કહ્યું છે કે : "સાગર'ની વાણી અહીં સંતવાણીનું ગૌરવ અનુભવે છે. ઉત્તરકાળની કૃતિઓ મનોહારી ચમક અને મસ્તી રજૂ કરે છે. એ બાબતમાં 'સાગર' અજોડ છે. સાગર મસ્તરંગના અંતિમ કવિ છે". [૧૦૫૮]

શ્રી રા. વિ. પાઠકે અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણોમાં ગુજરાતી ગઝલ-સાહિત્યની પરંપરામાં 'બાલ', અને 'કલાપી' પછી સાગર નો પણ નિર્દેશ કર્યો છે : "ગઝલની વ્યવહારને તિરસ્કારતી

---

૧૦૫૭. 'સાહિત્યનિકષ' - શ્રી અનંતરાય રાવળ, પૃ. ૧૩૫
૧૦૫૮. 'અર્વાચીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપોનો વિકાસ' -
ડો. રણજિત એમ. પટેલ - અનામી ; પ્રો. રામચન્દ્ર એન. પંડ્યા,

મસ્તી તેની ઇતિહાસ પરંપરામાં છે અને ગુજરાતમાં એ પરંપરા ઉતારનાર આપણા પહેલા કવિ બાલાશંકર. ... ... આ પરંપરા 'કલાપી'એ આગળ ચલાવી અને 'કલાપી'ના શિષ્ય સાગરે પણ આ જ ઢબે બીજી કવિતાઓ લખી".[૧૦૫૯]

'દીવાને સાગર' દફતર રની ગઝલો :-

ઇ.સ. ૧૯૧૬-૩૬ના ૨૦ વર્ષના સમય દરમ્યાન રચાયેલી ૪૧ ગઝલો 'દીવાને સાગર' દફતર રમાં સંગ્રહાયેલી છે. 'સાગર'ની લાક્ષણિક ગઝલોનો પ્રારંભ તો 'દીવાને સાગર' દફતર પહેલાના ત્રીજા તબક્કાથી જ થાય છે.

'સાગર'ના ચિત્રાલ, તા. પાદરાના આશ્રમજીવનનો ઇ.સ. ૧૯૧૬ પછીનો ૨૦ વર્ષનો સમય સૂફી ફકીર સંત સાગરની આત્માનુભવી દશાનો છે. 'સાગર'ના આત્માનુભવી લાક્ષણિક અભિવ્યક્તિની છટાઓનું સુભગ દર્શન 'દીવાને સાગર' દફતર પહેલાની ત્રીજા તબક્કાની કેટલીક ગઝલોમાં પણ થાય છે. પરંતુ બીજા દફતરની ગઝલોનું વિષયસ્વરૂપ સાવ બદલાઇ જાય છે. હવેની ગઝલોમાં સનમનો વિરહ અને તેનો આનંદ જ વ્યક્ત થયાં છે. "અગર- હાં ! હું હતો દાનો" -, "તું એ છે યા બીજો સાગર ?", "જો જે મ્હને એ જાણતી ?", "ખૂબખૂબ !", "નાના ગઝલ લલકારજો !", "કોણ છે ?","હેક વહી જવું !" જેવી લગભગ બધી જ ગઝલોમાં સાગર સનમ સાથેના મિલનનો આનંદ તેમ જ પોતાની સાધનાનો માર્ગ - "સાગરરાહ"ના વિશિષ્ટ

---

૧૦૫૯. 'અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો' - શ્રી રા. વિ. પાઠક, પૃ. ૨૦૩

લક્ષણોની અભિવ્યક્તિ કરી છે. દફતર પહેલાની ત્રીજા તબક્કાની કેટલીક ગઝલોમાં તેમ જ 'દીવાને સાગર' દફતર ૨ની ગઝલોમાં પણ અજાતવાદ અને સૂફીવાદની ભાવનાનો સમન્વય 'સાગર'ની ગઝલોની અનુપમ સિદ્ધિ છે.

'સાગર ધરાધર હો ગયે,' 'નિરંજન વાણી નિર્વાણી,' ~~[illegible]~~, 'અનલહક જલ રહા', 'અગર એ કયાં ગયો સાગર', 'સાગર શિવોહં જલ રહા', 'મધ્યાહ્ન રવિ જ્યું જલ રહા', 'પ્રજ્ઞાનત્માનું જલ રહા' જેવી ગઝલોમાં અજાતવાદ અને સૂફીવાદની આત્માનુભવના રસે રસાન્વિત સચોટ અભિવ્યક્તિના ત્રિવેણી સંગમમાં મુમુક્ષુઓને સ્નાન કરાવે છે. વિષયસ્વરૂપની દષ્ટિએ સાગરની ગઝલો મસ્તરંગના કવિઓમાં અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે એમાં કશી શંકા નથી. 'કલાપી'ની ૧૮૮૩ પછીની કેટલીક ગઝલોમાં આત્માનુભવની અભિવ્યક્તિ થયેલી જોઈ શકાય છે. પરંતુ અજાતવાદ, સૂફીવાદ અને આત્માનુભવનો ત્રિભેટો તો 'સાગર'ની જ ગઝલોમાં થયેલો હોઈ તેને બાલ, મણિલાલ, કે 'કલાપી'ની ગઝલોથી ભિન્ન વ્યાવર્તક લક્ષણ ગણાવી શકાય. ગઝલો દ્વારા ગુજરાતી સાહિત્યમાં સૂફીવાદની થયેલા અવતરણમાં 'સાગર'ની ગઝલોનું મહત્ત્વનું પ્રદાન છે. વેદાંતની – અજાતવાદની તેમ જ સૂફીવાદની વિચારપ્રણાલિકાના સુભગ સમન્વય માટે સવિશેષ પોતાના મનના સંકલ્પોનો લય કરવો એ ઇશ્કરાહનું અગત્યનું લક્ષણ છે. 'સાગર' પ્રેમ દ્વારા વાસનાક્ષય અને મનોનાશ કરવાનું જીવાત્માને ઉદ્બોધન કરે છે. 'ગમખાય સાગર બાદશાહ' ગઝલની નીચેની પંક્તિ જુઓ :

જીવતો છતો થા અણછતો ! છે એ જ અલબત્ત ઇશ્કરાહ. ૧૦૬૦

---

૧૦૬૦. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૩૬

દૈહિક મૃત્યુ થાય તે પૂર્વે મનની વૃત્તિઓનો પરમાત્મામાં લય કરી નથી દષ્ટિ પ્રાપ્ત કરવી અને તે દ્વારા સનાતન સુખ અને આનંદની દશા – મૌજ અનુભવવી. પ્રેમ બ્રહ્માગ્નિ હું – મ્હારૂં અને તેની વિભક્તિઓને તમામને બાળીને ભસ્મસાત કરે છે – અને ભક્ત જીવન્મુક્તદશાનો અનુભવ કરે છે. 'બ્રહ્માગ્નિની ભડભડ અગન' ગઝલમાં સાગરે પોતાનો અનુભવ આ પ્રમાણે અભિવ્યક્ત કર્યો છે :

"મરતાં અવદા ગયું જે મરી,
આંખો અસલ તેને મળી –
આશા નિરાશા થઇ પૂરી ! છે મૌજ હ્સારામને !
... ... ...
'બ્રહ્માગ્નિની ભડભડ અગન દે બાળી, હું તું – તમામને". [૧૦૬૧]

શૃંગારની પરિભાષામાં સનમ સાથેની એકતાનો સ્વાનુભવ વ્યક્ત કરતી ગઝલ 'થઇ કબર કૈં રોજ પર'ની છેલ્લી પંક્તિઓમાં 'સાગર' દૈહિક મૃત્યુ પૂર્વે જ પોતાની વૃત્તિઓની કબર થતી અનુભવે છે. અને આ પ્રેમસમાધિ દ્વારા પોતાનો અહભાવ ઓગળી જાય છે. પોતાનુ મન નિર્વાસિન બને છે. તેની અભિવ્યક્તિ કરતાં 'સાગર' સ્પષ્ટ જ કહે છે કે :

"સાગર નથી મરતો દીઠો, પણ, થઇ કબર કૈં રોજ પર !" [૧૦૬૨]

મનની વિકારી વૃત્તિઓનો પરમાત્મામાં લય કરવો આવશ્યક છે. સાગરે પોતાના સ્વાનુભવ 'સાગર શિવોઽહમ્ જલ રહા' ગઝલમાં આ પ્રમાણે વ્યક્ત કર્યો છે :

---

૧૦૬૧. એજન, પૃ. ૪૨

૧૦૬૨. એજન, પૃ. ૮૫

ઉલટા ચલા જબી મન પવન, સોઽહં શબ્દસે લે ચલા,
બેઠા મીલા ગુરુ રામસેં, 'સાગર' શિવોઽહં જલરહા. [૧૦૬૩]

શ્રધ્ધા અને અનન્ય પ્રેમવૃત્તિ – બંનેના સમન્વય ધ્વારા પરમાત્મા-જ્યોતિનો દીપ અંતરમાં પ્રગટાવી શકાય. પોતાનો સ્વાનુભવ વ્યક્ત કરતાં સાગરે "મધ્યાહ્ન રવિ જ્યું જલ રહા" ગઝલમાં કહે છે કે :

નિશ્ચલ મતિ ગુરુભક્તિ કી, વૃત્તિ કી યે હિ અનન્યતા,
દોનોં કી સન્ધિ સાધલે, દીવા ગુફામેં જલ રહા ! [૧૦૬૪]

હૃદયની વિશુધ્ધિ અને ગુરુના નામનો જપ ધ્વારા તેમ જ ગુરુને પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને જીવાત્મા બ્રહ્માનુભવ પ્રાપ્ત કરી શકે. "પ્રજ્ઞાન ભાનુ જલ રહા" ગઝલમાં પણ સાગરે પોતાનો સાધનમાર્ગ નીચેની પંક્તિઓ ધ્વારા સમજાવ્યો છે :

દિલ પાટી ખૂબ સફા કિયા, ઇસ પર ગુરુગુરુ લિખ દિયા,
ગુરુસે સફા, ગુરુસે વફા, પ્રજ્ઞાન ચેતન જલ રહા ! [૧૦૬૫]

આમ સાગરરાહનાં વિશિષ્ટ લક્ષણોમાં – સૂફીભક્તિ, પ્રેમધર્મ, પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ, દઢશ્રધ્ધા, જગતનો આંતરત્યાગ, ફના, આત્મસમર્પણની તમન્ના તેમ જ અબતવાદના વિશિષ્ટ લક્ષણો ગદ્વિતીય ગુરુભક્તિ, વાસનાક્ષય અને મનોનાશનો સમાવેશ થાય છે. 'સાગર'ના આત્માનુભવની લાક્ષણિક અભિવ્યક્તિ "અગર એ કયાં ગયો સાગર ?", "અલહક અનલહક્ક જલ રહા", "સાગર શિવોઽહં જલ રહા", મધ્યાહ્ન "રવિ જ્યું જલ રહા" અને "પ્રજ્ઞાન ભાનુ જલ રહા" તેમ જ "રબસે લિપટ

---

૧૦૬૩. એજન, પૃ. ૧૨૯
૧૦૬૪. એજન, પૃ. ૧૩૧
૧૦૬૫. એજન, પૃ. ૧૩૨

લિપટકે' ગઝલોમાં થયેલી જોઇ શકાય છે. થોડાંક નમૂનાઓ જોઇએ :

અજાતિ જાતિકુલ કુલ ગોત –
મળી રહી જ્યોત માંહે જ્યોત ! –
અગર સાગર જીવ્યો જો હોત – સનમને શું થયો તો તે ? [૧૦૬૬]

ના હમ રહા, ના તુમ રહા ! ગાતે હૈ સાહબ સુન શિગર !
અજી ! આપ ધનચક્કર ગુરુ સાગર અનલહક્ક જલ રહા ! [૧૦૬૭]

કોઇ નામે સાગર જલ રહા ! મધ્યાહન રવિ જ્યુ જલ રહા !
છાયા સમાયા આપમેં અદ્વૈત સોઽહમ્ જલ રહા ! [૧૦૬૮]

'સાગર' અજાતવાદી હોઇ જગતનો બાહ્યત્યાગ તેમને સ્વીકાર્ય નથી. પરમાત્મા પ્રત્યેની પ્રેમની અનન્યવૃત્તિ દ્વારા વાસનાક્ષય અને મનોનાશ દ્વારા આત્માનુભવનો 'સાગર' નો માર્ગ કર્મકાંડના જડ બાહ્યાચારને પણ કશું મહત્ત્વ ન આપે એ પણ સ્વાભાવિક છે. એટલે એમની કેટલીક ગઝલોમાં કર્મકાંડના જડ બાહ્યાચાર પ્રત્યે કટાક્ષો પણ છે. અખાની માફક બાહ્યાચાર પરત્વેના 'સાગર' ના કટાક્ષો પણ આત્માનુભવના રસે રસાયેલા હોઇ સચોટ અને વેધક છે :

કાઝી કુરાન બધું જાણે !
બામણ ભલે મણકા ગણે ! [૧૦૬૯]

કર્યું ટીલું પણ ઢીલું જમન !
ચંદન ઉપર ! મહીં ધન અગન !
તુંહી તુંહીની લાગી લગન ! બામણ બન્યા અભિમાન શો ? [૧૦૭૦]

---

૧૦૬૬. એજન, પૃ. ૧૨૭
૧૦૬૭. એજન, પૃ. ૧૨૯
૧૦૬૮. એજન, પૃ. ૧૩૧
૧૦૬૯. એજન, પૃ. ૨૫
૧૦૭૦. એજન, પૃ. ૩૫

કબીરની માફક 'સાગર' પણ પ્રેમધર્મ માટે જાતિ, વર્ણ કે કોમના ભેદભાવ સ્વીકાર્યો નથી. પ્રેમધર્મમાં સર્વધર્મનો સમન્વય અને હિંદુ મુસલમાનની એકતા 'સાગર' પણ સ્વીકારે છે. ઇશ્કનો માર્ગ ફનાનો માર્ગ છે. અને પોતાનું સર્વસ્વ ફના કરનાર પ્રેમમાર્ગમાં આગળ વધી શકે છે. એને મન હિંદુ કે મુસલમાન એવા ભેદભાવ નથી જુઓ :

નહીં મુસ્લીમ ! નહીં હિન્દુ, અજાતિને અનામી હું !
ખલકના ખેલ સહુ જુદુ ! અસલ તો બસ ફના થવું.[1071]

હઝજ છંદમાં રચાયેલી ગઝલોમાંથી છંદપ્રભુત્વના કેટલાંક દૃષ્ટાંતો જોઇએ :

સનમનો સોડનો સાથી ! રીસાવું તો તમારાથી !
ખસું નાના પથારીથી – કહું હાં ! હાં ! જરી ચાળો ![1072]

એમની જાણીતી ગઝલ 'ઝબકતી વીજ અજવાળે'માં પણ હઝજ છંદ પરનું એમનું પ્રભુત્વ જુઓ :

ઝબકતી વીજ અજવાળે ! પરોવી મોતી લે – લે – લે ![1073]

'અગર એ ક્યાં ગયો સાગર ?' ગઝલમાં પણ હઝજ છંદપરનું પ્રભુત્વ ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ :

અગર એ ક્યાં ગયો સાગર ? સનમને માંગતો તો તે ?
ખુદાઇ ઇશ્કની ખાતર – જહાં ને ત્યાગતો તો તે ?[1074]

---

૧૦૭૧. એજન, પૃ. ૨૬
૧૦૭૨. એજન, પૃ. ૧૫
૧૦૭૩. એજન, પૃ. ૮૭
૧૦૭૪. એજન, પૃ. ૧૨૭

હઝજ છંદમાં સાગરે ભાગ્યે જ છૂટ લીધી છે. છંદનાં બંધારણ પરત્વેની પકડ ખાસ નોંધપાત્ર છે. રજઝ છંદમાં રચાયેલી ગઝલોમાં 'સાગર'નું છંદપ્રભુત્વ ઉત્તમ પ્રકારનું છે. ભાવને અનુકૂળ છંદરચના 'સાગર'ની લાક્ષણિકતા છે. એમને લોકપ્રિય ગઝલો મોટેભાગે આ છંદમાં રચાયેલી છે. આ છંદ પરનો એમનો કાબૂ દર્શાવતી કેટલીક ગઝલોનાં દૃષ્ટાંતો જોઈએ:

'મ્હારા કસમ' ગઝલમાંથી એક દૃષ્ટાંત જુઓ :

દામન હું ના ના નહીં મૂકું, રીસાય તો મ્હારા કસમ ![1075]

'કોણ છે ?' ગઝલમાંથી બીજું એક દૃષ્ટાંત જોઈએ :

લાગી લગન ! બસ ! હાં ! લગન, છોડાવનારૂં કોણ છે ?[1076]

'ઝડપી લીધી ઝીણી વાતડી' ગઝલમાં અર્થને અનુકૂળ છંદની પ્રવાહિતા ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ :

હાં ! હાં ! જડી બુટી જડી ! એક જ મતિ એક જ ગતિ !
ગુરુ શબ્દ તરુવર પર ચડી – ચડી તે ચડી દિલવેલડી ![1077]

'દીવાને સાગર' દફતર. રની ગઝલોનું છંદસ્વરૂપ તપાસતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે મુખ્યત્વે હઝજ અને રજઝ છંદમાં જ સાગરે મોટાભાગની ગઝલો રચી છે. નવ ગઝલો લગાગાગા – મફાઈલુનની નિયત બીજ સંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના ચાર આવર્તન – અઠ્ઠાવીસ માત્રાવાળા બહરે હઝજ મુસમ્મન સમલિમ છંદમાં રચાયેલી છે. દીવાને સાગર દફતર પહેલાંની ૪૨ ગઝલો આ છંદમાં રચાયેલી છે. એટલે 'દીવાને સાગર' દફતર એક અને બેમાંની ગઝલોમાં હઝજ

૧૦૭૫. એજન, પૃ. ૨૭
૧૦૭૬. એજન, પૃ. ૨૪
૧૦૭૭. એજન, પૃ. ૩૭

છંદનો સૌથી વધારે પ્રમાણમાં ઉપયોગ થયો છે.

દફતર બેની સોળ ગઝલો મુસ્તફ ફઈલુન – ગાગાલગાની નિયત બીજી સંખ્યાની લઘુગુરુ વર્ણવ્યવસ્થાના ચાર આવર્તન અઠ્ઠાવીસ માત્રાવાળા બહરે રજઝ મુસમ્મન સાલિમ છંદમાં રચાયેલી છે.

(૩) રચનાબંધ-ઉપાડ :-

'સાગર' ની ગઝલોની અભિવ્યક્તિની લાક્ષણિકતા તેની પ્રથમ બેતના ઉપાડમાં રહેલી છે. ક્યાંક પ્રશ્નાર્થ ધ્વારા, ક્યાંક ઉપદેશાત્મક કથન રજૂ કરીને અને ક્યાંક નાટયાત્મક વેગ અથવા ભાવની નાટકીય ઢબે રજૂઆત ધ્વારા ગઝલનો પ્રારંભ થાય છે. પરિણામે ભાવની અભિવ્યક્તિ સરળતા, પ્રવાહિતા અને સચોટતાના લાક્ષણિક ગુણો પ્રાપ્ત કરે છે. 'સાગર' ની ગઝલોના રચનાબંધની આ લાક્ષણિકતા છે. ઉપાડનું વૈવિધ્ય 'સાગર' ની ગઝલોમાં ખાસ ધ્યાન ખેંચે છે.

સાગરે સૂફીવાદની ભાવનાઓનું નિરૂપણ શૃંગારની પરિભાષા ધ્વારા કર્યું છે. એટલે 'સાગર' ની ગઝલનો ઉપાડ નાટકીય ઢબે થયો છે :

જો જે મ્હને એ જાણતી ! ગઝલનો ઉપાડ જુઓ :

અયિ ! ઓ ! જરા બાજુ બદલ, બદલાવ દિલ !
દિલ દાબતી ![૧૦૭૮]

'તું એ છે યા બીજો સાગર ?' અને 'મ્હારા કસમ' ગઝલમાં નાટયાત્મક વેગ, સંવાદ અને પ્રશ્નાર્થક ઉપાડનો સુભગ સમન્વય થયેલો જોઈ શકાય છે.

---

૧૦૭૮. એજન, પૃ. ૨૧

'શતરંજ બસ જીવન્ત હા ! ' ગઝલનો ઉપાડ નાટયાત્મક વેગની દષ્ટિએ ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ :

દિલ્દારના દર્શન પછી, દિલની દશા બદલાઈ ગઈ !
કારી કટારી તીરછી, દિલ પર બસ ચાલી ગઈ ![૧૦૭૯]

સાગરે કેટલીક ગઝલોનો ઉપાડ પ્રશ્ન રજૂ કરીને કર્યો છે.

અગર પરદેશમાં ભ્રમતો, વતનની વાત શું જાણે ?
પ્રીતમના પ્રેમની વાતો, કુંવારી કોઇ શું જાણે ?[૧૦૮૦]

કેટલીક ગઝલોમાં પંક્તિના પ્રથમ ખંડકમાં અથવા પ્રથમ પંક્તિમાં 'સાગર' પ્રશ્ન રજૂ કરે છે. અને તે પછીના ખંડકમાં કે પંક્તિમાં તેનો જવાબ આપે છે. 'સાગર' ની ગઝલોના પ્રશ્નાર્થક ઉપાડની આ વિશેષતા છે. જુઓ :

દાયણ બિચારી શું કરે ? મુદ્દે હમેલ રહયાં નથી !
જ્ઞાની ગુરુજી શું કરે ? છતમાં ઝખમ લાગ્યા નથી ![૧૦૮૧]

દષ્ટાંત ધ્વારા સિધ્ધાંતનું નિરૂપણ આ પ્રકારની પ્રશ્નાર્થક ઉપાડવાળી ગઝલોની ત્રીજી વિશેષતા છે. સાગરે કેટલીક ગઝલોમાં મુમુક્ષુને પરમાત્માપ્રાપ્તિ માટે ઉપદેશ આપ્યો છે. આવી ઉપદેશપ્રધાન ગઝલોનો ઉપાડ કાં તો કથનાત્મક અથવા ઉપદેશાત્મક હોય છે.

( ૪ ) સંગીતક્ષમતા :--

'સાગર' ની ગઝલોનું બીજું લાક્ષણિક તત્ત્વ છે, સંગીતક્ષમતા, વર્ણાનુપ્રાસ, વર્ણ પુનરાવર્તન કે શબ્દપુનરાવર્તન ધ્વારા સંગીતક્ષમતા

---

૧૦૭૯. એજન, પૃ. ૩૦
૧૦૮૦. એજન, પૃ. ૨૮
૧૦૮૧. એજન, પૃ. ૩૯

સાધવાની કવિની યુક્તિ 'દીવાને સાગર' દફતર બીજાની ગઝલોમાં પણ ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ :

ઘૂંઘટ હાલ શું જાણે ? ની નીચેની પંક્તિઓ જુઓ :

ન કર નાહક અગર ટક ! ટક !
લખ્યાં કર જા કવિત–નાટક !
કલા નથી ઇશ્ક, અય મૂરખ ! હકીકત હાં ! તું શું જાણે ? [1082]

વર્ણાનુપ્રાસને વર્ણપુનરાવર્તનનું બીજું એક દષ્ટાંત –
લબ પર લખેલ અલખ ધરમ ગઝલમાંથી જુઓ :
બસ ઇશ્ક ઇશ્ક પુકારવું ન ઇતર ધરમ ન ઇતર કરમ !
પૂરેપૂરા પાગલ થવું – બનવું બરાબર બે શરમ ! [1083]

નીચેનાં બે દષ્ટાંતો ઉપરથી 'સાગર' ની સંગીતસૂઝ તેમ જ સંગીતક્ષમતા માટેની વિભિન્ન યુક્તિપ્રયુક્તિનો ખ્યાલ આવે છે. વર્ણાનુપ્રાસ અને વર્ણપુનરાવર્તન ધ્વારા સંગીતક્ષમતા સાથે અર્થનુગાંભીર્ય પણ સાધી શકાય છે. એની પ્રતીતિ કરાવતી 'ઝડપી લીધી ઝીણી વાતડી' ગઝલની નીચેની પંક્તિઓ જુઓ :

હાં ! હાં ! જડી બૂટી જડી ! એક જ મતિ એક જ ગતિ ;
ગુરુ શબ્દ તરુવર પર ચડી – ચડી તે ચડી દિલવેલડી ! [1084]

આ જ ગઝલની પંક્તિઓમાં શબ્દપુનરાવર્તન ધ્વારા અર્થની લાક્ષણિક છટા અને સંગીતક્ષમતા સચોટરીતે સધાયાં છે. જુઓ :

---

૧૦૮૨. એજન, પૃ. ૨૮
૧૦૮૩. એજન, પૃ. ૩૪
૧૦૮૪. એજન, પૃ. ૩૭

મુર્શીદનો વાગ્યો શબ્દ,
વેઠયાં મીઠાં દિલનાં દરદ –
રદ – રદ ! અજી ! ઓરત મરદ ! ઉઘડી અનયન આંખડી ![૧૦૮૫]

શબ્દને ખેવડાવવા તેવડાવવાની યુક્તિ 'સાગર' ની લાક્ષણિકતા છે. શબ્દલાલિત્ય સાથે અર્થનું ગાંભીર્ય સાધવામાં પણ 'સાગર' ની આ યુક્તિ સફળ પુરવાર થઇ છે. થોડાંક દષ્ટાંતો જોઇએ :

'ઝળકતી વીજ અજવાળે' માં લે અને ચલી શબ્દોને સાગરે તેવડાવ્યાં છે અને એ રીતે બન્ને ક્રિયાઓનો એકસામટો વેગ પણ દર્શાવીને અર્થનું ગાંભીર્ય પણ સાધી શકાય અને ભાવને અનુકૂળ શબ્દોની આયોજના પણ થઇ શકે એવો બેવડો લાભ મેળવ્યો છે. જુઓ :

ઝળંકતી વીજ અજવાળે : પરોવી મોતી લે – લે – લે !
ચલી–ચલી – ઓ ચલી જશે ! પછી તું વ્યર્થ પસ્તાશે ![૧૦૮૬]

સંગીતક્ષમતા માટેનું પણ આ ઉત્તમ દષ્ટાંત છે. સંગીતક્ષમતા માટેના નમૂનાઓમાંથી 'રણસે લિપટ લિપટકે' ગઝલમાંથી છેલ્લો ઉત્તમ નૂમનો :

હંસ હંસે ખૂબખૂબ ! ખુદકો પકડ પકડકે..... !
અબતો હંસે ખૂબખૂબ ! દિલકો જકડ જકડકે.... ![૧૦૮૭]

આ આખી ગઝલ સંગીતક્ષમ રચનાના ઉત્તમ નમૂના લેખે ગુજરાતી ગઝલસાહિત્યમાં ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કરે તેવી છે.

---

૧૦૮૫. ગેજન
૧૦૮૬. ગેજન, પૃ. ૮૭
૧૦૮૭. ગેજન, પૃ. ૧૬૧

"દીવાને સાગર" દફતર રુની ગઝલોમાં સૂફી પરિભાષા દ્વારા સાગરે સનમ સાથેની એકતાના ઉલ્લાસનું સચોટ કાવ્યમય બાનીમાં નિરૂપણ કર્યું છે. કબીર તેમ જ અખાની માફક સાગરે પણ જગત પ્રત્યેની લાપરવાહીનું દર્શન કરાવતી એમની ગઝલો દ્વારા બાહ્યાડંબર તેમ જ કર્મકાંડની જડ ક્રિયાઓ ઉપર પણ તીવ્ર કટાક્ષો કર્યા છે.

સંગીતક્ષમતા, નાટ્યાત્મકતા, અર્થપ્રવાહિતા અને ગાંભીર્ય, ચિત્રાત્મકતા તેમ જ ઉપમાં, રૂપક, દૃષ્ટાંત કે પ્રતીકો દ્વારા કરેલું આત્માનુભવના ઉલ્લાસનું સચોટ નિરૂપણ સાગર ની "દીવાને સાગર" દફતર રુની ગઝલોમાં વિશિષ્ટ લક્ષણો છે. સૂફીવાદ તેમ જ અજ્ઞતવાદની સાગરે પ્રયોજેલી પરિભાષા સ્થૂલ, સૂક્ષ્મ ઉભય પ્રકારના શૃંગારનું આલંબન તેમ જ ભાષાઓનું વિચિત્ર છતાં મનોહારી મિશ્રણ અભિવ્યક્તિમાં સચોટતા સહાયભૂત નીવડે છે. સૂફી સાગર ની ગઝલોમાં સનમ સાથેની એકતાના ઉલ્લાસના નિરૂપણ અંગેની સમીક્ષા આત્માનુભવ પ્રકરણ ૩માં વિગતે કરી છે.

'સાગર' ની સૂફી મસ્તી રાગપૂર્ણ ગઝલોનું વિશિષ્ટ લક્ષણ સનમ સાથેના મિલનનો આનંદ – મસ્તી તેમ જ તેની સાથેની એકતાની વિભિન્ન ભાવદશાઓની સચોટ અભિવ્યક્તિ ગણાવી શકાય તેમ છે. "શતરંજ બસ જીવંત હાં", "ઝડપી લીધી જૂની વાતડી", "ગમ ખાય સાગર બાદશાહ", "શી મૂર્ખતા એ ઉંઘની ?", "સબરસ વરસતા ધામમાં", "થઇ કબર કંઇ રોજ પર", "સાગર ધરોધર હો ગયે", "અગર એ કયાં ગયો સાગર ?", "અલહક્ક ! અનલ્હક્ક જલ રહા", "સાગર શિવોહમ્ જલ રહા", "મધ્યાહન રવિ જૂપું જલ રહા," "પ્રજ્ઞાનઃ ભાનુ જલ રહા", જેવી ગઝલો સાગર ના આત્માનુભવની સચોટ અભિવ્યક્તિના ઉત્તમ નમૂનાઓ છે.

શૃંગારની પરિભાષા દ્વારા આત્માનુભવની અભિવ્યક્તિ :-

સાગરે સનમ સાથેની પોતાની એકતા – હકીકતની સ્થિતિના સ્વાનુભવની ગઝલો દ્વારા શૃંગારની પરિભાષાના વિનિયોગ દ્વારા સચોટ રીતે અભિવ્યક્તિ કરી છે. નરસિંહ અને દયારામની માફક 'સાગર'ની સ્થૂલ શૃંગાર દ્વારા સનમ સાથેની એકતાની અભિવ્યક્તિ ક્યાંક મર્યાદા ઉલ્લંઘે છે. પ્રેમલક્ષણા ભક્તિની માફક સૂફીવાદમાં પણ ઇશ્કે હકીકીની પરમાત્મપ્રેમની ભાવનાનું નિરૂપણ થતું હોઇ ઇશ્કે મિજાઝી અને ઇશ્કે હકીકી વચ્ચેનો તાત્વિક ભેદ દર્શાવતી રેખા કવિના સ્થૂલ જીવનની ભૂમિકાના ચિત્ર વગર દોરી શકાય નહિ. ઇશ્કે હકીકીની ભાવનાનું સ્થૂલ શૃંગાર દ્વારા સાગરે કરેલું નિરૂપણ 'અગર – હાં ! હું હતો દાનો' – ગઝલમાં સચોટ રીતે સધાયું છે. સનમ સાથેની એકતાની અભિવ્યક્તિના લાક્ષણિક ગુણો – મસ્તી અને સચોટતાના થોડાંક નમૂનાઓ જોઇએ :

દીધી ચૂમી અને લીધી !
સનમ ! તનમન ગયાં લૂટી !
મઝા શી લૂટમાં મીઠી ? પૂછે – હાં – હાં લૂટનારો !

... ... ...

ચૂમે યા ગોદમાં ચાંપે,
ફકીરી ત્યાં જ તું આપે –
અગર, ઠગણી ઝબાં કાપે – હસે, હાં ! હાં ! ઠગનારો ![૧૦૮૮]

---

૧૦૮૮. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૧૫

સાગરે પ્રયોજેલી શૃંગારની પરિભાષા સ્થૂલ ભૂમિકાની લાગે છે, પરંતુ તે તો માત્ર સાધન છે. 'સાગર'નો સ્વાનુભવ દુન્યવી ભૂમિકા પરનો નહિ, પણ આધ્યાત્મિક છે, અને એટલે આ સ્થૂલ શૃંગારની પરિભાષા પરમાત્મપ્રેમના સનમ પરબ્રહ્મ સાથેની એકતાના સ્વાનુભવના સંદર્ભમાં પ્રયોજાઇ છે. અજાતવાદ અને સૂફીવાદના સમન્વયકાર 'સાગર' ઇશ્કેમિજાજીની ભૂમિકાને આત્માનુભવ માટે સહેજ પણ આવશ્યક ગણતા નથી. ઋતુધ્વજ, મજનૂ અને ફરહાદ જેવાનાં અધિષ્ઠાન દુન્યવી પ્રેમના હતા અને એટલે પરમાત્મપ્રેમ માટે એ ભૂમિકા છોડયા વગર આગળ વધી શકાય નહિ એવું સ્પષ્ટ મંતવ્ય એમણે પદ્યરેખામાં દર્શાવ્યું છે.

દુન્યવી પ્રેમની સ્થૂલ ભૂમિકા પર તીવ્રપ્રહાર કરીને 'સાગર' એકમાત્ર પરમાત્મા પ્રત્યેના અનન્ય પ્રેમને જ આવશ્યક ગણે છે. અખાની માફક 'સાગર' પણ મનની વૃત્તિઓનો પરમાત્મપ્રેમમાં લય કરવો એને જ આત્મસાધના માટેનું આવશ્યક સાધન ગણાવે છે. પુરુષ અને સ્ત્રીનો ભેદ જોનારી દેહદૃષ્ટિ દૂર થાય – સર્વત્ર આત્મ-તત્ત્વ જ જોઇ શકાય એવી નિર્લેપ જીવનદૃષ્ટિ થાય ત્યારે જ જીવાત્મા પરમાત્મૈક્ય અનુભવી શકે. દિલના વિકારો જીતવા માટેનો આબાદ માર્ગ – પ્રભુપ્રેમનો નશો – મસ્તી હૃદયમાં પૂર્ણ ભરી દેવી જોઇએ. લિંગભંગ કર્યા વિના સનમ સાથેની એકતાનો સ્વાનુભવ થઇ શકે નહિ એટલે 'સાગર' 'ખૂબ ખૂબ' ગઝલમાં સાચા આશકને માટે કહે છે કે :

ના જોવું ઓરતનું બદન –
બસ જાણવું જળતી અગન –
જો જોવી તો સૂરત નગન – કરવી ખરાબી ખૂબ ! ખૂબ ![૧૦૮૯]

---

૧૦૮૯. એજન, પૃ. ૨૨

આગાએ પણ આ જ ભાવ જુદીરીતે વ્યકત કર્યો છે :

આગા ! એ જ અનુભવ ખરો, જેણે મહાજન નીપજયા,
લિંગભંગ થયા વિના સૌ સાધન કાળની સેવના. [૧૦૯૦]

'અગર — હાં ! હું હતો દાનો' — ગઝલની ટીકામાં 'સાગર' ની ઇશ્કે હકીકીની મસ્તી તેમ જ શૃંગારની પરિભાષા પાછળ રહેલો ગૂઢ અર્થ આ પ્રમાણે સમજાવ્યો છે : "'સાગર' ની આ અને આ પછીની અનેક ગઝલો ઇશ્કની મસ્તી — બ્રહ્માનંદના અદ્‌ભુત આનંદથી સભર ભરી છે. સનમનું મિલન પરમાત્મૈકય એ જ આ પ્રકારની ગઝલોનું પ્રતિપાદક તત્ત્વ છે, એટલું સમજાતાં પ્રણયની પરિભાષામાં લખાયલી અને રંગાયલી આ ગઝલોમાંથી નીતરતો બ્રહ્મૈકયનો આનંદ નિજાનંદ — અભ્યાસી વાચક લેખકના જેટલી જ ઉત્કટતાથી માણી શકશે.

આ ગઝલોમાં આવતા સૂફીવાદની પરિભાષાના શબ્દોમાં સનમ એટલે પરબ્રહ્મ, ચૂમી એટલે પ્રભુ મિલન અને દારૂ એટલે પ્રભુપ્રેમ — એવો અર્થ થાય છે. અને સનમના પર્યાય શબ્દો માશૂક, દિલદાર અને પ્યારી શબ્દો પણ પરબ્રહ્મ માટે જ વપરાયા છે. ... ... ... આ ગઝલો સૂફીવાદની મસ્તીથી ભરપૂર છે. અને ભકતનો ભગવાનની સાથેના મિલનનો આનંદ, જ્ઞાનીનો પરમ બ્રહ્માનંદ યોગીના નિજાનંદની મસ્તી છેક ગુરુધર સુધી પહોંચી ગયેલા અનુભવી સંતના પૂર્ણત્વના હૃદયોદ્‌ગારો જ છે, એ પણ વાચક અભ્યાસીને સ્પષ્ટ થશે જ". [૧૦૯૧]

સનમ સાથેની એકતાના આનંદની 'સાગર' ની અભિવ્યકિતનું સૂક્ષ્મ શૃંગારની પરિભાષામાં થયેલું નિરૂપણ પણ વેધક, પ્રતીકાત્મક, સચોટ અને મસ્તીયુકત છે. જુઓ :

---

૧૦૯૦. 'અનુભવબિન્દુ', પૃ. ૩૪
૧૦૯૧. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૨૦૭

"પરસ્પર દિલ અસલ બિસ્તર –

કફનમાં બસ બદન સુન્દર –

હસે – હાં ! હાં ! જનાઝા પર ! તું એ છે યા બીજો સાગર !"[1062]

'સાગર'ની ગઝલોનું બીજું લાક્ષણિક અંગ શૃંગારની પરિભાષા માટે બે પાત્રો વચ્ચેના સંવાદની આયોજના પણ વિશિષ્ટ ધ્યાન ખેંચે છે. 'જોજે મને એ જાણતી' ગઝલમાંથી સંવાદાત્મક અભિવ્યક્તિનો એક નમૂનો જુઓ :

ગૂંથી લબે લબ શી હસે !

દિલબર ! તું તો વટલી જશે !

હાં ! હાં ! કસમ છે જો ખસે – બસ પા જ પા !

અય ! હાંફતી ![1063]

સનમ સાથેની એકતાના આનંદનું આવું નિરૂપણ 'સાગર'ની ગઝલોની લાક્ષણિકતા છે. 'સાગર'ના સ્વાનુભવની અભિવ્યક્તિમાં ચિત્રાત્મકતા દ્વારા સચોટતા સધાઇ છે. પરિણામે શૃંગારની પરિભાષાના આલંબનનો વિનિયોગ ઔચિત્યપૂર્ણ કળાનું રૂપ ધારણ કરે છે. કવિની સર્જકશક્તિનો આ વિશેષ લાક્ષણિક ઉન્મેષ દર્શાવતા બે નમૂનાઓ જોઇએ :

ખૂબ તંગ સીના બંદથી,

કુમળે બદન ભાતો પડી !

કર ખુલ્લી જો જો છાતડી ! સાચું કહું ! મ્હારા કસમ ![1064]

... ... ...

---

૧૦૬૨. એજન, પૃ. ૨૦

૧૦૬૩. એજન, પૃ. ૨૧

૧૦૬૪. એજન, પૃ. ૨૭

સનમ તમારી સાગર,
લગાવી કર ગળા પર,
ચડી પલાંઠી ઉપર ! તજી શું લાજ લીધી ?[૧૦૯૫]

પોતાની કેટલીક ગઝલોમાં સાગરે વિચારપૂર્વક ચોક્કસ અર્થના સંદર્ભમાં કેટલાક ફેરફારો પણ કર્યા છે. બ. ક. ઠાકોરની માફક 'સાગર' ને પણ પોતાની રચનાની છેલ્લી આવૃત્તિ સુધી ફેરફાર કરવાનો શોખ હતો. લબ પર લખેલ અલખ ધરમ ગઝલની અંતિમ પંક્તિમાં બીજો પાઠભેદ આ પ્રમાણે મળે છે. જેના પરથી કદાચ કવિની કવિત્વશક્તિનો પણ નિર્ણય થઇ શકે. પાઠભેદની પંક્તિ આ પ્રમાણે છે: "સાગર જીગર દિલજાનને લઇ એક ચૂમી નરમ નરમ".

ઇશ્કે હકીકીનો ભાવ અભિપ્રેત હોઇ સાગરે આ પ્રમાણે ફેરફાર કર્યો છે : '"શીખવે શું કાજી કુરાનને?" લબ પર લખેલ અલખ ધરમ.'[૧૦૯૬] મૂળ પંક્તિમાં સ્થૂલ શૃંગારની પરિભાષા દ્વારા કવિ સચોટ અભિવ્યક્તિ સાધી શક્યા છે.

સનમ સાથેના ઐક્યની ભાવનાના નિરૂપણ માટે 'હતો પણ ખામી અક્કલની' ગઝલ નોંધપાત્ર છે. સ્વાનુભવની અભિવ્યક્તિમાં ચિત્રાત્મકતાનો એક નમૂનો 'બોલ્યાનું કૈં કારણ નથી !' ગઝલમાંથી જોઇએ. ઉઘાડો શૃંગાર, ચિત્રાત્મકતા અને સંવાદશૈલી દ્વારા થયેલું સચોટ નિરૂપણ 'સાગર' ની સ્વાનુભવયુક્ત ગઝલોનું લાક્ષણિક અંગ છે. જુઓ :

---

૧૦૯૫. એજન, પૃ. ૩૨
૧૦૯૬. એજન, પૃ. ૩૪

ચલ ! આવ ! લે ! લે ! લે ! સનમ !
ઘેલી! હવે શેની શરમ ? ફુલ બેશરમ બન એકદમ !
બસ ! બેલી લે મ્હેમાન થી ![૧૦૯૭]

સનમ સાથેની એકતાના સ્વાનુભવની અભિવ્યક્તિ માટે સાગરે પ્રયોજેલી શૃંગારની પરિભાષાની પરાકાષ્ઠા 'થઇ કબર કંઇ રોજ પર' માં જોઇ શકાય છે. 'સાગર' ની સૂફી મસ્તી રાગપૂર્ણ અભિવ્યક્તિનો ઉત્તમ આવિષ્કાર નીચેની પંક્તિઓમાં થયો છે :

પૂર્ણ બ્રહ્માનુભવની રસબસ મસ્તી સૂફીવાદની લાક્ષણિક ઢબે 'સાગર' આ પ્રમાણે નિરૂપે છે :

અજી ! કયાં બજી આ ટોકરી ? કરી મ્હેં નજર નીચે ઉપર –
છકી છેક ! અલ્લક છોકરી ! "ચલિયે ! જી ! રંગ પલંગ પર !"
"જી ! હાં ! કહો ! પછી શું થયું ?"
યારો ! અજબ ! કૈં કૈં બન્યું !
ના જાય વાણીથી કહ્યું ! બેનાં બન્યાં એક જ અગર ![૧૦૯૮]

આત્માનુભવનો પ્રદેશ વાણીથી પર હોઇ ભક્તિ, યોગને જ્ઞાન જયાં એકરૂપ અનુભવાય છે તે પ્રજ્ઞાનની – ત્રિવેણીની ભૂમિકામાં જ એનો સ્વાનુભવ થઇ શકે. જુઓ :

"બસ ! તન બદન બાંધી દીધો –
રગ રગ ભીતર ગૂંથી દીધો" –
તોફાની હું સીધો ! આવ્યો ત્રિવેણી ઘાટ પર ![૧૦૯૯]

---

૧૦૯૭. એજન, પૃ. ૮૩
૧૦૯૮. એજન, પૃ. ૮૫
૧૦૯૯. એજન

તૈત્તિરીય ઉપનિષદ્‌માં પણ સ્વાનુભવની આ ભૂમિકા માટે કહ્યું છે કે : "શબ્દો અને મન બ્રહ્મને પ્રાપ્ત કર્યા વિના જ જ્યાંથી પાછા ફરે છે તે બ્રહ્મનો પ્રદેશ છે". [૧૧૦૦]

શૃંગારની પરિભાષા માટે સંવાદ અને ચિત્રાત્મક નિરૂપણના તત્ત્વોનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ કવિ સાધી શક્યા છે. 'મારા કસમ' અને 'જો જે મને એ જાણતી!' ગઝલોમાં સનમ સાથેના સંવાદ ધ્વારા શૃંગારની પરિભાષાનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ પ્રતીત થાય છે. જુઓ :

"મ્હેં સાંભળ્યું – પ્યારા જિગર ! –
સાગર સૂફી છે નામવર" –
હાં – હોય – કોઇ હશે – અગર જોજે મ્હને એ જાણતી ! [૧૧૦૧]

દૃષ્ટાંત ધ્વારા સિધ્ધાન્ત નિરૂપણમાં સચોટતા સાધવાનો ગુણ 'સાગર'ની ગઝલોની લાક્ષણિકતા છે. જુઓ :

અગર પરદેશમાં ભમતો, વતનની વાત શું જાણે ?
પ્રીતમના પ્રેમની વાતો, કુંવારી કોઇ શું જાણે ? [૧૧૦૨]

... ... ...

દાયણ બિચારી શું કરે ? મુદ્દે હમેલ રહયા નથી !
જ્ઞાની ગુરુજી શું કરે ? છાતમાં ઝખમ લાગ્યાં નથી ! [૧૧૦૩]

"ઝબકતી વીજ અજવાળે" અને "નિરંજન વાણી નિર્વાણી" જેવી બોધાત્મક શૈલીની ગઝલોનો ઉપાડ ઉપદેશાત્મક કથન ધ્વારા પણ થયો છે.

૧૧૦૦. એજન, પૃ. ૨૩૦
૧૧૦૧. એજન, પૃ. ૨૧
૧૧૦૨. એજન, પૃ. ૨૮
૧૧૦૩. એજન, પૃ. ૩૯

: ૫ : ભાષા-શૈલી :-

'દીવાને સાગર' દફતર રની 'સાગર'ની ગઝલોની બાની આત્માનુભવના રસે રસાયેલી છે. સૂફીવાદ અને તત્ત્વજ્ઞાનની પરિભાષાનો વિનિયોગ 'સાગર'ની બાનીનું વિશિષ્ટ લક્ષણ છે. એમની ગઝલોની ભાષાશૈલી લક્ષ્યવેધિતા, હિન્દીનું મનોહર મિશ્રણ તેમ જ અનુભૂતિની લાક્ષણિક મસ્તીયુક્ત અભિવ્યક્તિ સાધે છે. "અર્વાચીન કવિતા"માં સુંદરમે કહ્યું છે તેમ : "લગભગ દરેક કૃતિમાં કંઇક નવા દર્શનની, સાચી અનુભૂતિની અને આનંદની કે મસ્તીની ચમક આવ્યા જ કરે છે. ભાષા લક્ષ્યવેધી બને છે, તેમાં નવું ચાક્ષુત્વ પ્રગટે છે તેમાં નવી જ જાતનાં સૌન્દર્ય, મોહકતા, લાડ અને માદકતા પણ આવે છે. ... ... ... ... કાવ્યની રજૂઆત, તેની ભાષા, તેની લઢણ એ દરેકમાં 'સાગર'નાં પોતાનાં જ કહેવાય તેવાં લાક્ષણિક લાલિત્ય, સામર્થ્ય અને મસ્તી આવ્યાં છે".[૧૧૦૪]

"દીવાને સાગર" દફતર રની ગઝલોની બાનીમાં વ્યકત થતી લાક્ષણિક મસ્તી, તેમ જ સૌન્દર્ય એમની આત્માનુંભૂતિના બળને કારણે જ છે. સૂફીવાદ અને તત્વજ્ઞાનની પરિભાષાનો વિનિયોગ સાગર ની બાનીનું વિશિષ્ટ લક્ષણ છે.

સાગરે પોતાના સ્વાનુભવની અભિવ્યક્તિ માટે અદ્વૈત તત્ત્વજ્ઞાનની પરિભાષાના શબ્દો 'ત્રિવેણી', 'સૂન', 'સૂન શિખર', 'શિવોહમ્', 'હંસ', 'સૂરતનગન', 'અણછતો', 'બ્રહ્મા ગ્નિ', 'હંસારામ', 'ગુરુધર', 'અલિંગી', 'બ્રહ્મ', 'ઉલટો મારગ', 'ધનચક્કર', 'નાહમ', 'અનન્તાદ્વૈત'નો ઔચિત્યપૂર્ણ

---

૧૧૦૪. 'અર્વાચીન કવિતા', 'સુંદરમ્', પૃ. ૧૯૮-૨૦૧

વિનિયોગ કર્યો છે. એમણે પ્રયોજેલા 'અસબાબ', 'ગુસ્તાખ', 'અવ્વલ મંઝિલ', 'શતરંજ', 'જનાઝો', 'ઇમાન' જેવા શબ્દો ફારસી ભાષાની એમના પર પડેલી અસર દર્શાવે છે.

**(૬) અભિવ્યક્તિ :-**

અખા અને કબીરની બાની સાથે અનુસંધાન સાધતી 'સાગર'ની ભાષા શૈલી તાત્ત્વિક સિધ્ધાન્તોના સચોટ નિરૂપણને લીધે સંતવાણીનું ગૌરવ પ્રાપ્ત કરે છે.

ઉર્દૂ ગુજરાતી ગઝલની ઉત્પત્તિ અને વિકાસ માં "ગુજરાતીમાં ગઝલનો વિકાસ બીજો દૌર"માં (અપ્રસિધ્ધ) માં શ્રી જમિયત પંડયા" પોતાનો અભિપ્રાય આ પ્રમાણે દર્શાવ્યો છે : "'સાગર'ને ગઝલકાર કહેવા કરતાં સૂફી સંતકવિ કહેવા યોગ્ય અને વધારે ન્યાયપુરઃસર ગણાશે. ગુજરાતના અર્વાચીન સૂફી કવિઓમાં તેમનું સ્થાન આગલી હરોળમાં છે."

સનમ સાથેની એકતાના સ્વાનુભવની અનિર્વાચ્યતા 'સાગર' આ પ્રમાણે વર્ણવે છે :

ચૂમે યા ગોદમાં ચાંપે -
ફકીરી ત્યાં જ તું આપે -
અગર, ઠગણી ! ઝબાં કાપે - હસે, હાં ! હાં ! ઠગનારો ! ૧૧૦૫

'સાગર'ના સ્વાનુભવની લાક્ષણિક અભિવ્યક્તિના થોડાંક નમૂનાઓ જુઓ :

---

૧૧૦૫. દીવાને સાગર, દફતર ૨, પૃ. ૧૫

સાગર અગમ ચાહે ભજન !
જનવાસમાં વસવું વિજન !
બ્રહ્માગ્નિની ભડ ભડ અગન ! દે બાળી હું તું તમામને ![1106]

... ... ...

સાગર પિલાદૂં મુફત મૈં બસ એક સચ્ચી બાત હૈ !
જૂઠી જહાંમેં જો ફંસા, ઉસ્કા જીના બરબાદ હૈ.[1107]

જલતા અનલ જ્યું આભમેં, ઉડતા નિકલતા ગાભસેં !
ઉલટા ચલે અસમાનમેં ! આંખોંમેં અલ્લાહ જલ રહા ![1108]

ઉલટા ચલા જબી મન પવન, સોઽહમ શબ્દ સે લે ચલા ;
બૈઠા મિલા ગુરુરામસેં, સાગર શિવોઽહમ જલ રહા ![1109]

સૂફી પરિભાષા દ્વારા સાગરે સનમ સાથેની એકતાના ઉલ્લાસનું નિરૂપણ કર્યું છે. સૂફી તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તોનું આવિષ્કરણ 'સાગર'ની ગઝલોમાં જોઇ શકાય છે. જગત પ્રત્યેની લાપરવાહીનું દર્શન કરાવતી એમની ગઝલોમાં બાહ્યાડંબર પરત્વે તીવ્ર કટાક્ષો પણ છે. સંગીતક્ષમતા, નાટયાત્મકતા, અર્થપ્રવાહિતા અને ગાંભીર્ય, ચિત્રાત્મકતા ભાષાઓનું મનોહારી મિશ્રણ તેમ જ સિદ્ધાન્ત નિરૂપણની અભિવ્યક્તિ માટે ઉપમા, રૂપક, દૃષ્ટાંત કે પ્રતીકોનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ 'સાગર'ની ગઝલોના વિચારદેહને કલાઘાટ અર્પનારાં લાક્ષણિક અંગો છે.

---

૧૧૦૬. એજન, પૃ. ૪૨
૧૧૦૭. એજન, પૃ. ૪૬
૧૧૦૮. એજન, પૃ. ૧૩૧
૧૧૦૯. એજન, પૃ. ૧૨૯

'સાગર'ની બાનીમાં આત્માનુભવની લાક્ષણિક મસ્તી તેમ જ સચોટ અભિવ્યક્તિ જોઈ શકાય છે. બે નમૂનાઓ જુઓ :

ચલ ! આવ, પી ! લે ! લાલ જલ !
જો મોતની પલ છે ચપલ !
પણ, ગાન, સાગરની ગઝલ, દિલપર ખરી મહોબ્બત વગર ![૧૧૧૦]

... ... ...

સાગર ફકીરી બાદશાહ –
ખાણું ન મંજુર હર જગાહ –
જનાક છે ખાહુક ચાહ – લકડી ધૂણીની ખૂબ ! ખૂબ ![૧૧૧૧]

મનની નિર્વિકાર વૃત્તિ માટે પ્રયોજેલી પ્રતીકાત્મક શૈલીનો નમૂનો જુઓ :

ના જોવું ઓરતનું બદન –
બસ જાણવું જળતી અગન –
જો જોવી તો સૂરત નગન – કરવી ખરાબી ખૂબ ! ખૂબ ![૧૧૧૨]

હાં ! આગના ભડકા મહીં –
જેથી જહાં ભડકી રહી –
તહીં નાહીને નાગાં થઈ – મયખાનું ઢૂંઢી આવજો.

'સાગર'ની ભાષાશૈલીનો ઉત્તમ આવિષ્કાર તેમના કેટલાંક લાક્ષણિક પ્રયોગોમાં પણ જોઈ શકાય છે.

થા મર્દ ! પી ! હાં ! બે ફીકર !
ભમતી નઝર બસ કેદ કર !
નથી કાગળો અલ્લાહ અગર, ચાલે જહાં ત્હારા વગર ![૧૧૧૩]

---

૧૧૧૦. એજન, પૃ. ૨૫ : ૧૧૧૧. એજન, પૃ. ૨૨
૧૧૧૨. એજન : ૧૧૧૩. એજન, પૃ. ૨૫

લીધી દિલ્દાર ઉચ્છંગે –
કટોરી તર ભરી રંગે !
બજે "તાધિન – તધિન" સંગે ! અહાહા ! ઠાઠ અદ્ભુત શો ! ૧૧૧૪

મુર્શિદનો વાગ્યો શબ્દ –
વેઠયાં મીઠાં દિલનાં દરદ –
રદ – રદ – અજી ! ઓરત મરદ ! ઉઘડી ગભરાયણ આંખડી ! ૧૧૧૫

સૂફીવાદ અને અદ્વૈતવાદનો સુભગ સમન્વય 'સાગર'ની ગઝલોની અનુપમ સિદ્ધિ છે.

પ્રેમની અનન્યતા ધ્વારા વાસનાક્ષય – મનોનાશ અને પરિણામે એમને પ્રાપ્ત થયેલા આત્માનુભવની અભિવ્યકિત નીચેની પંકિતઓમાં પણ જોઇ શકાય છે :

મરતાં અવલ ગયું જે મરી,
આંખો અસલ તેને મળી –
આશા નિરાશા થઇ પરી ! છે મૌજ ઉશારાગને ! ૧૧૧૬

મનની અંર્તમુખ વૃત્તિ – નિષ્કામ વૃત્તિ માટે – અસલ આંખોનું પ્રતીક ખાસ ધ્યાન ખેંચે છે. પોતાની વૃત્તિઓનો લય થતાં – અહંભાવ ઓગળી જતાં સાગર સનમ સાથેની એકતાની દશા – સમાધિનો સ્વાનુભવ પ્રાપ્ત કરે છે. આ સંદર્ભમાં સાગરે પ્રયોજેલા પ્રતીક – 'વૃત્તિઓની કબર' ધ્વારા સાધેલી સ્વાનુભવની સ્ફોટ અભિવ્યકિત જુઓ :

મીઠી સમાધિમાં સૂતો –
ત્યાં તો હતો ન હતો થતો !
સાગર નથી મરતો દીઠો, પણ થઇ કબર હું રોજ પર ! ૧૧૧૭

---

૧૧૧૪. એજન, પૃ. ૩૧ : ૧૧૧૫. એજન, પૃ. ૩૭
૧૧૧૬. એજન, પૃ. ૪૨ : ૧૧૧૭. એજન, પૃ. ૮૫

પરમાત્મસ્વરૂપ દ્વારા પરમાત્મા સાથેની એકતાનું 'સાગર'નું નિરૂપણ જુઓ :

બસ ! ક્યા અસલ ઉસ્તાદજી !
ગાતે બજાવે ભૈરવી !
જબ, અંગુરી તેરી લગી, ખુદ બસી તેરી હો ગયે ! [૧૧૧૮]

સાગરે પોતાની પૂર્ણ બ્રાહ્મી સ્થિતિના સ્વાનુભવનું નિરૂપણ "નિરંજન વાણી નિર્વાણી" ગઝલમાં આ પ્રમાણે કર્યું છે :

સગુણ, નિર્ગુણ પરાથી પર –
અલિંગી બ્રહ્મ અન્તર ભર –
અગર ! હાં સૂન્યશિખર ઉપર, અલખની ઔર સુલ્તાની ! [૧૧૧૯]

"અગર એ ક્યાં ગયો સાગર ?", "અલહક્ક અનલહક જલ રહા !", "સાગર શિવોહમ જલ રહા !", "મધ્યાહ્ન રવિ જશું જલ રહા !" અને "પ્રજ્ઞાન ભાનું જલ રહા !" ગઝલોમાં પરમાત્મા – સનમ સાથેની એકતાના સ્વાનુભવનું સચોટ નિરૂપણ છે.

સ્વાનુભવની સચોટ અભિવ્યક્તિ સાધતી આ પાંચ ગઝલો ભવ્ય ગઝલો છે. આ ગઝલો બાલ, મણિલાલ, 'કલાપી' કે તે પછીના મસ્તરંગના કવિઓમાં 'સાગર'ને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરાવી આપે તેવી ઉત્કૃષ્ટ કોટિની છે.

સ્વાનુભવની સચોટ અભિવ્યક્તિ સૂફી સંતકવિનું ગૌરવ ભર્યું સ્થાન પ્રાપ્ત કરાવી આપતી 'સાગર'ની ગઝલોનું વિશિષ્ટ લક્ષણ સ્વાનુભવની સચોટ અભિવ્યક્તિ છે. બાલ, મણિલાલ કે 'કલાપી'ની

---

૧૧૧૮. એજન, પૃ. ૧૦૭
૧૧૧૯. એજન, પૃ. ૧૧૧

ગઝલો કરતાં 'સાગર' ની ગઝલોનું આ વ્યાવર્તક લક્ષણ છે.

સૂફીવાદની છેલ્લી દશા - સનમ સાથેના અદ્વૈતાનુભવ પોતાનો સ્વાનુભવ સચોટરીતે વ્યક્ત કરતી આ ભવ્ય ગઝલોના નીચેનાં અવતરણો સાથે જ સૂફી ગઝલકાર 'સાગર' નું દર્શન પૂર્ણ કરીએ.

અજાતિ જાતિ - કુલ - કુલ - ગોત -
મળી રહી જયોત માંહે જયોત !
અગર સાગર જીવ્યો જો હોત - સનમને શું થતો ! તો તે ? [૧૧૨૦]

કોઇ મારિફત સૂફી ફકીર ! આગે યહાં રહેતા સુના !
ના હિન્દુ ! ના મુસ્લિમ ! અહા ! હસતા મિનારા
જલ રહા !
તાકિયા કિયા ગુરુનામકા ! ઘર જલ રહા આઠોં પહર !
જબ દે દિયા અપની ખુદી, ના હમ શિવોહમ જલ રહા ! [૧૧૨૧]

નિશ્ચલ મતિ ગુરુભકિત કી વૃત્તિકી યે હિ અનન્યતા ;
દોનોંકી સન્ધિ સાધલી, દીવા ગુફામેં જલ રહા ! [૧૧૨૨]

"દીવાને સાગર" દફતર ૧-૨ની ગઝલોની તલસ્પર્શી સમીક્ષા પરથી 'સાગર' ની ગઝલોની નીચેના લાક્ષણિકતાઓ જોઇ શકાશે.

: ૧ : અર્થગાંભીર્ય, શબ્દમાધુર્ય, સંગીતક્ષમતા.
: ૨ : વિભિન્ન પ્રકારના ઉપાડ.
: ૩ : ઉપમા, રૂપક, દૃષ્ટાન્ત કે પ્રતીક શૈલી ધ્વારા સચોટ અભિવ્યકિતની વિભિન્ન છટાઓ.

---

૧૧૨૦. એજન, પૃ. ૧૨૭
૧૧૨૧. એજન, પૃ. ૧૨૮
૧૧૨૨. એજન, પૃ. ૧૩૧

: ૪ : સનમ – પરબ્રહ્મ સાથેની એકતાના આનંદની સ્વાનુભવની અભિવ્યક્તિ.

: ૫ : વિભિન્ન છંદોપરનું પ્રભુત્વ, ભાવની સચોટ અભિવ્યક્તિ માટે છંદની સુશ્લિષ્ટ રચના – ઔચિત્યપૂર્વક ઉપયોગ, હઝજ, રમલ, મુતદારિક અને વાફિર છંદોના નવા ઉપભેદોની રચના – પ્રાસયોજના તેમ જ રચનાબંધ પરત્વે મૌલિક પ્રદાન.

: ૬ : અનલહક – સૂફીવાદના સિધ્ધાન્તોની શૃંગારની પરિભાષા ધ્વારા અભિવ્યક્તિ.

: ૭ : જડ બાહ્યાચાર તેમ જ શુષ્ક કર્મકાંડ પ્રત્યે કટાક્ષો.

: ૮ : સચોટ, વેધક અભિવ્યક્તિ પાછળ અનુસ્યૂત આત્માનુભૂતિનું બળ – મસ્તી અને ખુમારી – 'સાગર' ની ગઝલોનું વ્યાવર્તક લક્ષણ.

: ૯ : <u>અન્ય કાવ્યપ્રકારો – સાખી, કાફી, તિથિ, કક્કા, મહિના અને વાર :–</u>

ઊર્મિકાવ્યના ઇતર પ્રકારો સાખી, કાફી, તિથિ, કક્કા, મહિના અને વારમાં પણ સાગરે પોતાની કૃતિઓ રચી છે. જૂની સંતપરંપરા સાથે પોતાનું અનુસંધાન ટકાવી રાખનાર અર્વાચીનયુગના કવિઓમાં 'સાગર' નું વિશિષ્ટ સ્થાન છે. પોતાના સ્વાનુભવને શબ્દદેહ વડે મૂર્તરૂપ આપનાર કવિઓ અનવરજ્ઞાની, ઋષિરાજ, અર્જુનભગત તેમ જ રંગ–અવધૂત સાથે આત્માનુભવી સંતકવિની હરોળમાં 'સાગર' નું આસન છે, એની પ્રતીતિ કરાવતી આ રચનાઓ જોઇએ.

"આરામની સાખીઓ", "ગુરુધરની સાખીઓ" અને "રાકૂટની સાખીઓ"ની બાની, શૈલી તેમ જ અભિવ્યક્તિ પરત્વે કબીર અને અખા સાથેનું 'સાગર' નું સામ્ય જોઇ શકાશે.

જગત પ્રત્યે અંદરથી ત્યાગ અને પરમાત્મા પ્રત્યે રાગ – અનન્ય પ્રેમયોગ વિના પૂર્ણતા પ્રાપ્ત થઇ શકે નહિ. 'સાગર' ની લાક્ષણિક અભિવ્યકિત ધ્વારા "આરામની સાખીઓ"માં આ ભાવ વ્યકત થયો છે :

સાગર ! જાદૂની જહાં ! જૂઠા પર શો રાગ ?
નામ, રૂપ, ગુણ, સબ ગલત ! જાગ ! જાગ ! મન ! જાગ ![૧૧૨૩]

'સાગર' જગતના બાહયત્યાગમાં માનતા નથી. તે તો અંદરના સાચા ત્યાગની જ હિમાયત કરે છે. મન ઉપર વિજય પ્રાપ્ત કરતાં પોતે માયાને પોતાની અર્ધાંગના બનાવી, એ સ્વાનુભવનું લાક્ષણિક નિરૂપણ જુઓ :

માયા તજવી સૌ કહે, કરે ન કોઇ ત્યાગ !
સાગર ઘર માંડી રહયો, માયા મુજ અર્ધાંગ ![૧૧૨૪]

આ "ગુરુઘરની સાખી"ઓમાં સાગર મનને નિર્ગુણી બનાવનાર બડભાગી અલખ પુરુષના ધામનો સ્વાનુભવ – રાગ અને ત્યાગથી પર સહજાવસ્થા આ પ્રમાણે અભિવ્યકત કરે છે :

સગુણી તન, મન નિર્ગુણી, અલખપુરુષ બડભાગ !
'સાગર' સદ્ગુરુ ધામમાં, નહીં રાગ નહીં ત્યાગ ![૧૧૨૫]

મનનો આત્મામાં લય કરીને સાગરે – માયાને – પ્રકૃતિને આત્મરૂપ અનુભવી, સંસારી જીવાત્માને માયા પ્રલોભનરૂપ છે ; જયારે જીવાત્માને પરમાત્મામાં અભેદ જામી જતાં એ જ માયા – એ જ

---

૧૧૨૩. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૪૨
૧૧૨૪. એજન, પૃ. ૪૪
૧૧૨૫. એજન

વિશ્વ એ પરમાત્મારૂપ અનુભવે છે. શંકરાચાર્યના કેવલાદ્વૈત મત સત્વ રજસ અને તમસ એ ત્રણ ગુણોની સામ્યાવસ્થા એ પ્રકૃતિનું – માયાનું મૂળ સ્વરૂપ સાગરે પ્રકૃતિના આ સ્વરૂપને માટે સગુણી તન અને તેથી પર પરબ્રહ્મમાં શૂન્ય સ્વરૂપે વિરાજતી પ્રકૃતિ માટે નિર્ગુણ પોત એવી પરિભાષા પ્રયોજી છે. જુઓ :

સાગર ! તું જ અર્ધાંગના ! કહે વેદ : ત્રણ ગુણ ;
દો–રંગી સાડી સજે ! સગુણ પોત નિર્ગુણ. [૧૧૨૬]

આણાએ પણ ત્રિગુણી પ્રકૃતિને તેના મૂળ સ્વરૂપ રૂપે શૂન્ય-સ્વામિની તરીકે ઓળખાવી છે. જુઓ :

ત્રિગુણ પહેલી શૂન્ય – સ્વામિની. [૧૧૨૭]

'સાગર' નો માર્ગ સર્વસમર્પણનો – ફનાનો – નાહમ્‌નો માર્ગ છે. અજાતવાદી 'સાગર' લાક્ષણિક રીતે પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે દર્શાવે છે :

સોઙહં સોઙહમ સૌ જપે ! ભજે સામને દામ !
નાહં નાહમ્ મન્ત્રથી, 'સાગર' ઉર આરામ !
ગુરુ ગુરુ ગુરુદેવકી જય – જય જય ગુરુદેવકી જય ! [૧૧૨૮]

સાચો જ્ઞાની મન, વચન અને કર્મ ત્રણેને સ્વાનુભવ વડે એકરૂપ અનુભવે છે. પરંતુ માત્ર બાહ્ય આચરણ જ જ્ઞાનીનાં હોય અને વર્તન બિલકુલ વિરુધ્ધ હોય એવા દંભી – ખલજ્ઞાની પર "સાકૂટની સાખીઓ" ધ્વારા સાગરે સખ્ત પ્રહારો કર્યા છે. સાકૂટના સંગથી હંમેશ દૂર રહેવું જોઇએ. એવો બોધ આપતી 'સાગર' ની લાક્ષણિક શૈલીમાં સચોટ અભિવ્યક્તિ જુઓ :

---

૧૧૨૬. એજન
૧૧૨૭. 'અખેગીતા' – ૭ : ૩
૧૧૨૮. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૪૩

"સૌ હરિમય" કહી ભોગવે ! જાણે જીવન્મુકત !
સાગર ! મનને ના દમે, એ સાકૂટ કપૂત.

... ... ...

ભૂખે મરવું પણ ભલું, ભલી નીચઘર ભીખ ;
પણ, સાકૂટના સંગની, સાગર ! ધરવી બીક.[૧૧૨૯]

અખાએ પણ ખલજ્ઞાની – સાકૂટ માટે ઉચિત દૃષ્ટાંત પ્રયોજ્યું છે :

તન ધન હીણા બી ભલા અખા ! હરિકા જાણ,
સાકૂટ હરિ જાણે નહીં તો કહાં ગયો બહોત શયાણ.[૧૧૩૦]

સાકૂટને તો અની તિસાર, જેમ કાગને અશુભનો આહાર.[૧૧૩૧]

કબીર પણ "નિગુરા કો અંગ"માં સાકૂટની સાખીમાં પોતાનું વકતવ્ય આ પ્રમાણે રજૂ કરે છે:

સાકટ સંગ ન બૈઠિયે, કરણ કુબેર સમાન ।
તાકે સંગ ન ચાલિયે, પડી હૈ નરક નિદાન ॥

... ... ...

સાકટ સે સૂકર ભલા સૂચૌ રાખૈ ગાંવ,
બૂડૌ સાકટ બાપુરા, બાઈસ ભરમી નાંવ.

... ... ...

સાકટ સંગ ન જાઈયે દે માગ મોહિ દાન ।
પ્રીત સંગાતી ના મિલૈ છાડૈ નહિ અભિમાન ॥[૧૧૩૨]

---

૧૧૨૯. એજન, પૃ. ૪૫
૧૧૩૦. 'શ્રી અખાજીની સાખીઓ' – ૧૫ : ૧૨ – સંપાદક ડો. કેશવલાલ ઠક્કર
૧૧૩૧. 'અખાના છપ્પા': ૧૫૦
૧૧૩૨. "સદ્ગુરુ કબીર સાહેબકા સાખી ગ્રંથ" – સાખીઓ ૩૩, ૩૬, ૩૯, પૃ. ૪૬

ધીરાની કાફીના રાગમાં રચાયેલી 'પ્રભુની કાફીમાં' પણ સાગરે સાકૂટ પર સખ્ત પ્રહારો કર્યા છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પરમાત્માએ પોતાના ભક્તોને આપેલું વચન કાફીની પ્રારંભની પંક્તિઓમાં છે :

પ્રભુ પોતે કહે છે રે : સંતો મ્હારા સાચ્ચા સનેહી !
"અનન્યે ભજે છે રે તેને રાખું હૈરદા મહીં". ૧૧૩૩

સાકૂટ માટે 'સાગર' લાક્ષણિક શબ્દ પ્રયોગો-"ઉપર ભક્તિને અંદર દુનિયા", "બાહર ભીતર બેરંગી તરેના", - દ્વારા સ્વાનુભવ માટે અનન્ય પ્રભુભક્તિ તેમ જ જીવનમાં પણ દઢતાપૂર્વક આચરણનું મહત્ત્વ સમજાવે છે :

વિષયી, વિજોગી વિરાગી તારૂં ! પાપીઓને કરૂં સંત ;
પણ ઉપર ભક્તિને અંદર દુનિયા ! તે જો ન આવે અંત !
દમ્ભી એ પાખંડી રે એને ને મ્હારે કૈયે નહીં. ૧૧૩૪

નીચ અધમ અતિદ્રોહી તારૂં ! : પણ : મેલું દિલ મુશ્કેલ !
બહાર ભીતર બે રંગી તરે ના ! સાકૂટ એવા સહેલ !
સ્હેલું નથી મળવું રે સાગર ખેલ ખેલે જહીં. ૧૧૩૫

"દીવાને સાગર" દફતર ૧માં સાગરે 'તિથિઓ' અને 'આરતી' દ્વારા પોતાના પ્રણયયોગના સિદ્ધાંતનું નિરૂપણ કર્યું છે. જૂની ભજન પ્રણાલિકા પ્રમાણે એમણે પ્રેમ તિથિઓ નો પ્રારંભ આ પ્રમાણે કર્યો છે :

સખિ ! પઠવે પ્રેમ સ્વરૂપ, પળ પળ જપીએ રે ;
અન્તર વૃત્તિ તદ્રૂપ હરિવર વરીએ રે. ૧૧૩૬

---

૧૧૩૩. 'દીવાને સાગર', દફતર ૨, પૃ. ૮૪
૧૧૩૪. એજન, પૃ. ૮૪ : ૧૧૩૬. 'દીવાને સાગર', દફતર ૧, પૃ. ૪૨૫
૧૧૩૫. એજન

લાક્ષણિક રીતે કૃતિનું સમાપન કરતાં "સાગર" પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે વ્યક્ત કરે છે :

> પૂનમે પૂર્ણ થઇ આશ, આત્મા ઉલસે રે,
> હરિ ગુરુ સન્તાનો દાસ સાગર વિલસે રે.[૧૧૩૭]

પ્રેમમૂર્ત શ્રીકૃષ્ણની "પ્રેમની આરતી"માં પણ સાગર ના સ્વાનુભવની અભિવ્યક્તિ લાક્ષણિક છટા ધારણ કરે છે :

> શૂન્ય શિખર પર ઓર અલખ તખત સોહમ,
> : પ્રભુ !: અલખ તખત સોહમ !
> અધ્ધર બંસી બજાવે – અધ્ધર બંસી બજાવે –
> અદ્ભુત પ્રેમ સ્વયમ ! જય પ્રેમ ! જય પ્રેમ ![૧૧૩૮]

અખા ભગતનો જ્ઞાનકક્કો તેમ જ પ્રીતમદાસના કક્કા ની માફક સાગરે પણ "ઓમ્ પ્રભુજીના કક્કા" ધ્વારા વેદાન્ત તત્વજ્ઞાનના સિધ્ધાંતોનું વિશદ નિરૂપણ કર્યું છે. અખાની માફક સાગરે પણ પ્રારંભમાં ઓમ્કારને જ વંદના કરી છે. જુઓ :

> કક્કા સૌ જેમાંથી થાય, તે ઓમ્કાર પ્રથમ વંદાય,
> જયાં જન્મે સૌ જયાં વિલાય, કક્કા સૌ જેમાંથી થાય.[૧૧૩૯]

અખાની માફક સાગરે પણ દષ્ટાંતશૈલી ધ્વારા સિધ્ધાંતનું નિરૂપણ કરે છે. તત્વજ્ઞાનની પારિભાષામાં સાગર નું લાક્ષણિક નિરૂપણ જુઓ :

> છઉં ! છે બસ એક જ વાત, પ્રેમ પિતાને શ્રધ્ધા માત ;
> જન્મ્યો ચેતન જાત અજાત છઉં ! છે બસ એક જ વાત.
> ... ... ...

---

૧૧૩૭. એજન : ૧૧૩૮. એજન, પૃ. ૪૬૦
૧૧૩૯. 'દીવાને સાગર,' દફતર ૨, પૃ. ૧૬૭

જજ્ઞા ! જગ ઢૂંઢે જગદીશ, ભમે સગુણ નિર્ગુણની દિશા,
શ્રીફળ વણછોલ્યું કયમ ખઇશ ? જજ્ઞા ! જગ ઢૂંઢે જગદીશ.[૧૧૪૦]

અખાની માફક 'સાગર' પણ જીવ અને આત્મા વચ્ચે રહેલો અવસ્થાંતર ભેદ સમજાવી જીવની પરમદશા – પરમાત્મદશા માટે ઢોલનજીનું સંબોધન કરે છે. જુઓ :

મેરા ઢોલન ઢલકર આયાજી હું દૂધે ધોવૂંગી પાયા રે ![૧૧૪૧]

. . .   . . .   . . .

ઢઢ્ઢા ! ઢોલનજી કહેવાય, અઢી દહાડા લાડી લાડાય !
જીવ અવસ્થાંતર આત્માય ! ઢઢ્ઢા ! ગેલનજી કહેવાય.[૧૧૪૨]

નીચેની પંક્તિઓમાં પણ અખાની સ્પષ્ટ અસર જોઇ શકાય છે :

ઠઠ્ઠા ! ઠેઠ ગયો શી રીત ? હારે ગુરુ સન્ત શરણમાં ચિત્ત –
પ્રીત રીત મનબુદ્ધિ જીત, ઠઠ્ઠા ! ઠેઠ ગયો એ રીત.[૧૧૪૩]

ગગ્ગા ! ગુરુ થા તારો તું જ કર્તા – તુજ ભાવિછુ જ –
ગળે ધાલ સદગુરુની ગુંજ, ગગ્ગા ગુરુ થા તારો તું જ.[૧૧૪૪]

ઢઢ્ઢા ! ઢીમર જીવ પ્રવીણ – જ્ઞાન ભયંકાર – ભક્તિ વિહીન !
મારે જલમાં તરસે મીન ! – ઢઢ્ઢા ! ઢીમર જીવ પ્રવીણ ![૧૧૪૫]

અખા અને પ્રીતમના કક્કાની માફક 'સાગર'ના કક્કામાં છ ચરણને બદલે ચાર જ ચરણ છે, અને પહેલા ચરણનું જ ચોથા ચરણ તરીકે પુનરાવર્તન થાય છે.

---

૧૧૪૦. એજન : ૧૧૪૧. "અપ્રસિધ્ધ અક્ષયવાણી", પૃ. ૬૨, ૨૬૮.
૧૧૪૨. "દીવાને સાગર", દફતર ૨, પૃ. ૧૭૧
૧૧૪૩. એજન : ૧૧૪૪. એજન, પૃ. ૧૭૩ : ૧૧૪૫. એજન, પૃ. ૧૭૪

'સાગર' નીચેની સાખી ત્રણ કક્કાની આ પ્રમાણે પૂર્ણાહુતિ કરે છે :

કક્કા ત્રણ ત્રિમુખે ભણ્યા, ત્રિપદા રૂપ અરૂપ –
સાગર જય જયકાર હો – હરિગુરુ સન્તસ્વરૂપ. [૧૧૪૬]

ઓમ્ પ્રભુજી ના ત્રણ કક્કા સાથે સાગરે ઓમ્ પ્રભુજીના મહિના તેમ જ ઓમ્ પ્રભુજીના સાતવાર પણ લખ્યાં છે. શ્રાવણમાસમાં ગુરુધરની ઠેઠની દશાના સ્વાનુભવનું નિરૂપણ જુઓ :

સખિ ! શ્રાવણ માસ મહાન – ગુરુધર લીધુ રે ! –
ભૂતભાવિ ભૂલી વર્તમાન – સ્મૃતિએ સિધ્યું રે ! [૧૧૪૭]

ઓમ્ પ્રભુજીના મહિનાની પૂર્ણાહુતિ કરતાં પણ 'સાગર' સદ્ગુરુ કૃપાનું માહાત્મ્ય જ ગાય છે.

સખે ! આ ત્રિવનમાં સ્વયમેવ – જ્યોતિ ઉજાગર રે ! –
કર્તા ભર્તા ગુરુદેવ – સેવક 'સાગર' રે ! સખિ. [૧૧૪૮]

સાતવારનો પ્રારંભ પણ 'સાગર' ગુરુવારથી જ આ પ્રમાણે કરે છે :

સખિ ! ગુરુ ! ગુરુ ! કિરતાર – ભણતર ભણીએ રે ! –
છે સહુ વ્હેલાં ગુરુવાર – ગુરુ ગુરુ ભણીએ રે ! [૧૧૪૯]

આમ, સાગરે આ કાવ્ય પ્રકારોમાં પણ પોતાની કૃતિઓ રચી છે. અને એ રીતે જુની ભક્તિ-કવિતાની પરંપરા સાથે પોતાનું અનુસંધાન જાળવી રાખ્યું છે.

---

૧૧૪૬. એજન, પૃ. ૧૭૬ : ૧૧૪૭. એજન, પૃ. ૧૭૭
૧૧૪૮. એજન : ૧૧૪૯. એજન, પૃ. ૧૭૮

'સાગર' ની કવિતાના મૂલ્યાંકન દ્વારા સ્પષ્ટ પ્રતીત થાય છે કે 'સાગર' સ્વાનુભવી કોટિના સંતકવિ છે. 'સાગર' નાં પદો-ભજનો તેમ જ ગઝલોમાં સનમ - પરમાત્મા સાથેના અદ્વૈતાનુભવની અભિવ્યક્તિ આત્માનુભૂતિના બળને કારણે સચોટતા, વેધકતા તેમ જ ગહનતા પ્રાપ્ત કરે છે. 'સાગર' ની કવિતાનું આ વિશિષ્ટ લક્ષણ છે. ગણા અને કબીર સાથે પોતાનું અનુસંધાન સાધતી 'સાગર' ની કવિતામાં અજાતવાદ, સૂફીવાદ અને પ્રેમલક્ષણા ભક્તિનો સ્વાનુભવ વડે સમન્વય સધાયો છે. અર્વાચીન યુગના સૂફી સંતકવિ 'સાગર' ની આ વિશેષતા છે.

---ooo---